Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પં. મણિવિજયજી ક્રમાંક ૪

# શ્રી સેન પ્રશ્ન

## સાર સંગ્રહ

શ્રી વિજય કુમુદસૂરિ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પં. મણિવિજયજી ગ્રંથમાળા નં. ૪.

શ્રી "તપા" ગચ્છાધિપતિ પરમગુરુ-ભટ્ટારક
શ્રીવિજયસેનસૂરીશ્વર-પ્રસાદીકૃત-

પં. શુભવિજયગણિ વિરચિત-

# સેનપ્રશ્ન-

પં. મણિવિજયજીગણિના શિષ્યાગ્રણી પરમ-પૂજ્ય આચાર્ય
મહારાજ શ્રી શ્રી શ્રી ૧૦૦૮ વિજયકુમુદસૂરીશ્વરજી મહારાજ-
કૃત-ગુર્જરભાષા-પર્યાયાત્મક-

## સાર-સંગ્રહ :

: પ્રકાશક :
માસ્તર ન્હાલચંદ ઠાકરશી :
વ્યવસ્થાપક:—જૈન જ્ઞાન-મંદિર :
લીંચ :

પ્રત ૧૦૦૦ : આવૃત્તિ : ૧ લી :
વીરસંવત્ ૨૪૬૬ : વિક્રમસંવત્ ૧૯૯૬ : સને ૧૯૪૦ :

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મુદ્રક :
:: શા. મણિલાલ છગનલાલ ::
: નવપ્રભાત પ્રીન્ટીંગ પ્રેસ :
: ઠે. નોવેલ્ટી સીનેમા પાસે. :
: અ મ દા વા દ :

For Private and Personal Use Only

શાન્ત-મૂર્તિ મહા મુનિરાજ શ્રી નિત્યવિજયજી મહારાજના પ્રશિષ્ય:

અને

પન્યાસજી મહારાજ શ્રી વિનય વિજયજી ગણિવરના શિષ્ય :

પરમોપકારી : શાસ્ત્ર-વિશારદ : પ્રખર-તત્ત્વવિવેચક :

પન્યાસજી મહારાજ શ્રી મણિવિજયજી ગણિવર :

દીક્ષા : ૧૯૪૫ : કાસીંદ્રા : વડી દીક્ષા : ૧૯૪૬ : માહ સુદ ૫ : રાજનગર :



જન્મ : ૧૯૨૯ : કપડવંજ : : સ્વર્ગવાસ : ૧૯૭૮ : કારતક સુદ ૩ : ત્રાપજ :

કપડવંજ નિવાસી:-

શેઠ મંગળદાસ ભાઇચંદ તરફથી ગુરુભક્તિ નિમિત્તે સમર્પણ

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ॐ अर्हम्

# પરમ-ગુણિ-ગુરુ-ગુણ-ગણ-માલા-સ્મરણ-

પૂજ્યપાદ: પ્રાતઃ સ્મરણીય: વિદ્વજ્જનમાન્ય: નિર્મળજ્ઞાન-ચારિત્રાડડરાધક: બત્રીશ વર્ષ સુધી સુદીર્ઘ ચારિત્ર પર્યાયના પાલક:તેમાં શાસન સેવાના અનેક શુભ કાર્યોના યોજક: પ્રસિદ્ધકીર્તિ: તત્ત્વમય દેશના શક્તિથી અનેક ભવ્યજીવોને શ્રીવીતરાગ પ્રભુના ધર્મમાર્ગમાં સુપ્રવર્તક:શ્રી જિનાગમની વાચના પ્રદાયક અને શ્રીજિનાગમના સંશોધક: પુનિત નામધેય: પરમગુરુ: અનુયોગાચાર્ય: પન્યાસજી મહારાજ: શ્રી શ્રીશ્રી૧૦૦૮ શ્રીમણિવિજયજી ગણિવર મહોદય શ્રીના હૃદયંગમોપદેશથી આકર્ષાઇ, આ સંસાર સાગરથી નિસ્તાર પામવા અનિર્વચનીય અને સદા અબાધિત પરમ પવિત્ર સમ્યગ્ ચારિત્રરૂપી ઉત્કૃષ્ટ પ્રવહણ મને પ્રાપ્ત થયું છે, તે ઉપકારને ક્ષણેક્ષણે યાદ કરી, અનેક ગુણગણાલંકૃત-તે પરમપવિત્ર ગુરુ મહારાજનું ભક્તિભર હૃદયથી વારંવાર નામસ્મરણ કરી, તેઓશ્રીના ચરણ-કમલમાં-ગંભીરાર્થ શ્રી સેન-પ્રશ્નનો આ ગૂર્જરભાષા પર્યાયરૂપ સાર-સંગ્રહ તૈયાર કરવાના પ્રારંભમાં અનેકશ: ભાવ-વંદનાકરી જીવનભરની કૃતજ્ઞતા વ્યક્ત કરું છું.

હું છું:-તેઓશ્રીના પાદપદ્મની સેવાનો અતિતૃષ્ણાળુ સેવક-લવ:
**કુમુદવિજય.**

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રસ્તાવના

આ **સેનપ્રશ્ન ગ્રંથનો ગુજરાતી ભાષા પર્યાય** પૂજ્યપાદ આચાર્ય મહારાજ **શ્રી વિજયકુમુદસૂરીશ્વરજી** મહારાજે સં. ૧૯૯૫ ના કાર્તિક વદી ૧૩ ને દિવસે મૂલગ્રંથ ઉપરથી લખવાની શરુઆત કરી હતી. અને માહ સુદ ૫ મે ટુંક વખતમાં જ સતત પરિશ્રમ લઈ સમાપ્તિ કરી હતી.

સં. ૧૯૯૪ ની ગ્રીષ્મ ઋતુમાં એક ભાવિક શ્રાવકની આ ગ્રંથ સાંભળવાની પૂર્ણ ઇચ્છા થવાથી તેની સંપૂર્ણ વાચના **મ્હેસાણામાં** કરવામાં આવી. તે વખતે તેઓશ્રીને એ વિચાર સ્ફુર્યો કે–"આવા અત્યુત્તમ ગ્રંથની વાચનામાં અલ્પ શ્રાવકો લાભ લઇ શકયા. પરંતુ જો આ ગ્રંથનો ગુજરાતી ભાષા પર્યાય લખી તેનું પ્રકાશન કરવામાં આવ્યું હોય, તો ઘણા શ્રદ્ધાળુ જનોને લાભ થાય."

તેથી **શ્રી દેવચંદ લાલભાઇ પુસ્તકોદ્ધાર** ફંડ તરફથી છપાયેલા **સેનપ્રશ્નના** મૂળગ્રંથ ઉપરથી લખવાની શરૂઆત કરવામાં આવી. **અને પૂ. આચાર્ય મહારાજ શ્રી વિજયવીરસૂરીશ્વરજી મહારાજના ભંડારની** સુશ્રાવક વકીલ **પ્રભુલાલ મંચ્છારામદ્વારા રાધનપુરથી** બે હસ્તલિખિત પ્રતો મંગાવવામાં આવી. આ ત્રણ પ્રતની મદદથી ગ્રન્થ પૂરો કર્યો.

ત્યારબાદ **શ્રીમદ્ મહોપાધ્યાય શ્રી યશોવિજયજી જૈન સંસ્કૃત પાઠશાલાના** વિદ્વાન્ મેનેજર **પ્રભુદાસ બેચરદાસભાઇને** જણાવવામાં આવ્યું કે—"આ ગ્રંથ તમે શોધો અને ભાષાશુદ્ધિ વિગેરે જે કરવા જેવું લાગે, તે કરો." તેઓએ આ વાત સહર્ષ સ્વીકારી. અને સંસ્થાના સંચાલકોએ સમ્મતિ આપી. તેઓ જૈન શાસનની ઉન્નતિઅર્થે વારંવાર વર્તમાનપત્રોમાં પોતાના ગંભીર વિચારો પ્રગટ કરે છે, અને શ્રી વીતરાગ ધર્મની નિર્મળ શુદ્ધ પ્રણાલિકા કેમ વહેતી રહે? તે માટે પરિશ્રમ વેઠીને પણ યુક્તિપૂર્ણ સત્ય બાબતોમાં જૈન સંઘને જાગ્રત્ રાખવામાં ધર્મધગશથી પ્રયાસ કરી રહ્યા છે. જૈન શાસનની સેવા એ એમનો મંત્ર છે. શ્રી જિનેશ્વર પ્રભુએ પ્રગટ કરેલા જીવાજીવાદિક તત્ત્વજ્ઞાનનો શુદ્ધ લાભ સુધારક યા શ્રદ્ધાલુજનો કેવી રીતે સંપાદન કરે? અને ક્રિયામાર્ગ સાથે જ્ઞાનની ખીલવણી કે જે પરમ કલ્યાણકારી છે, તેમાં જૈન ભાઇઓ રુચિ-વાળા અને પ્રવૃત્તિવાળા કેમ બને? યા બન્યા રહે? તે માટે અનેક યોજનાઓ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પોતાના અમૂલ્ય વખતની પરવા કર્યા સિવાય ઘડી રહ્યા છે. "પ્રખર સાધુઓ સંગીન અને તલસ્પર્શી અભ્યાસ કરે, તો જ હાલના વાતાવરણ સામે જૈનસત્યનો અને એકંદર આર્યસંસ્કૃતિનો તથા આર્યપ્રજાનો સારો ટકાવ થઈ શકે તેમ છે." વિગેરે તેમના હિતકર વિચારો ઘણા ઉપયોગી છે. **અમદાવાદ** પ્રેસમાં કામ તેઓ મારફત અપાયું અને પ્રુફો સુધારવા વિગેરેનો અમૂલ્ય વખત આપી સહકાર આપ્યો છે. તેથી તેઓશ્રીના સહકારની નોંધ લેવાનું ઉપકાર અમો આ પ્રસંગે ભૂલી શકીએ નહિ.

**છપાવવા માટેની મદદ બાબત** પ્રથમ દ્રવ્ય સહાયક તરીકે **રાધનપુરવાળા** ધર્મપ્રેમી વકીલ **પ્રભુલાલ મંછાલાલ** છે. તેઓએ પૂ. આચાર્ય મહારાજશ્રીને વિનંતી કરી કે "મારા હસ્તકના રૂપીઆ ૨૦૦) વાપરવાનું સ્થાન બતાવો." તેથી આચાર્ય મહારાજશ્રીએ કહ્યું કે—"અત્યારે તો **સેનપ્રશ્ન** ગ્રન્થનો ગુજરાતી પર્યાય લખી રહ્યો છું, તે છપાવવાનું કાર્ય મારી સામે છે. જો પસંદ પડે, તો તેમાં વાપરો." તેમણે તે વાત કબૂલ કરી, એટલે છપાવવાની શરૂઆત થઇ. પછી નીચે પ્રમાણે વધુ સહાયકો મળવાથી આ ગ્રંથ છપાયો છે.

| નામ | રૂા. | ગામ |
|---|---|---|
| સુશ્રાવિકા મોતીબ્હેન બુલાખીદાસ<br>,, બબુબ્હેન લીલાચંદ | ૭૫ | **મ્હેસાણા** |
| મેસાણા જૈન પાઠશાળાના ઓ૦ સેક્રેટરી ડૉ. મગનલાલભાઇ લીલાચંદની હાર્દિક પ્રેરણાથી સુશ્રાવક શેઠ કંકુચંદ તથા હરગોવન ઝુમખરામ | ૧૦૦ | **સાલડી** |
| શ્રી જૈનસંઘનું જ્ઞાન ખાતું<br>શેઠ તલકચંદ પુંજીરામ હસ્તક. | ૨૦૦ | **ખેરવા** |
| શ્રી મીઠાભાઇ કલ્યાણચંદની પેઢી | ૨૫૦ | **કપડવંજ** |
| સુશ્રાવક શેઠ માણેકલાલ પુંજીરામ<br>અને<br>,, શેઠ મંગળદાસ ભાઇચંદ | ૧૦૧ | **મ્હેસાણા** |

આ મોંઘવારીના વખતમાં પણ લગભગ ૫૫–૬૦ ફાર્મનો દળદાર : ઊંચા કાગળો ઉપર : સુંદર છપાઇવાળો : ગ્રંથ અમે રૂા. ૧૨૦૦ ઉપરાંતના ખર્ચે બહાર પાડી શકયા છીએ, તેથી તે સર્વ દ્રવ્ય સહાયકોની પણ અમે આ સ્થળે અનુમોદના કરીયે છીએ.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



" શ્રી મણિવિજયજી જૈન ગ્રંથમાળા "નું આ ચોથું મૌક્તિક ઘણુાજ ટુંક સમયમાં બહાર પાડી શકયા છીએ, તે માટે અમો અમોને ભાગ્યશાળી સમજીએ છીએ. આશા રાખીએ છીએ કે-દરેક શ્રી. શ્વે. મૂ. જૈન સંઘના દરેક સભ્યો આ ગ્રંથથી પોતાના આત્માની ઉન્નતિનો લાભ ઉઠાવશે, જેથી પ્રશ્નકારઃ ઉત્તરકારઃ ગ્રંથકારઃ સગ્રહકારઃ સંશોધકઃ પ્રકાશકઃ વિગેરેના પ્રયાસોની સફળતા થશે.

લી. જૈન સંઘનો સેવકઃ—

**માસ્તર ન્હાલચંદ ઠાકરશી.**

માન્યમન્ત્રી જૈન જ્ઞાનમંદીરઃ લીંચ.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# લેખકનું વક્તવ્ય

**આ** જગતમાં સર્વ જીવો સુખ ચાહે છે, અને દુઃખો દૂર કરવા ઇચ્છે છે. પારમાર્થિક સુખના કારણો મહાપરોપકારી તારક શ્રી જિનેશ્વર દેવોએ પ્રકાશિત કરેલી **દ્વાંદશાંગીના** અધ્યયન સિવાય જાણી શકાતા નથી. કેમકે તે દ્વાંદશાંગીમાં જગત્‌નું સંપૂર્ણ વર્ણન દ્રવ્યઃ ગુણઃ પર્યાયેઃ કરી સ્પષ્ટપણે બતાવેલ છે. શા કારણથી જીવો અનાદિકાલથી રખડયા? અને રખડે છે? કેવા કેવા દુઃખો સહન કર્યા? અને કરે છે? અને તે દુઃખોથી મુક્ત થવાનો શો ઉપાય છે? તેના ઉપાય તરીકે **સમ્યગ્ દર્શનજ્ઞાન અને ચારિત્ર સમુદિત મોક્ષમાર્ગ** બતાવેલ છે. તે મોક્ષમાર્ગની આરાધના ભવ્ય જીવો ત્યારે જ કરી શકે, કે વિશ્વના અનેક પદાર્થો સંબંધી સંશય રહેવા ન પામે, અને યથાર્થ તત્ત્વ શ્રદ્ધાન થાય. માટે આ ગ્રંથમાં પૂજ્યપાદ **શ્રી તપાગચ્છાધિપતિ ભટ્ટારક શ્રીમાન્ વિજયસેનસૂરીશ્વરજી** મહારાજે અનેક ઉપાધ્યાયોઃ પંન્યાસોઃ ગણિવરોઃ તથા શ્રી શ્રાવક સંઘોઃ એ પૂછેલા પ્રશ્નોના જવાબો—આગમોઃ તદનુસારી–પૂર્વાચાર્યો વિરચિત પ્રૌઢ ગ્રન્થોઃ યુક્તિઃ અનુભવઃ અને પરંપરા અનુસારઃ આપ્યા છે. જેથી મોક્ષમાર્ગની આરાધના તથા તેમાં સ્થિરતા ભવ્ય પ્રાણીઓ સુખેથી કરી શકે તેમ છે. પ્રશ્નો મુખ્યપણે દ્રવ્યાનુયોગ–ચરણકરણાનુયોગ–ગણિતાનુયોગ અને ધર્મકથાનુયોગને લગતા છે. પણ તેના પેટાવિભાગમાં પૃથક્કરણ કરીએ ત્યારે અમારી દૃષ્ટિએ અનેક પ્રકારે વહેંચી શકાય છે. સારાંશ કે વિવિધ પ્રકારના વિવિધ દૃષ્ટિબિંદુઓથી પ્રશ્નો પૂછાયેલા છે. અને ઉત્તરો પણ તેવા જ છે. તે પરિશિષ્ટ ૧ લા માં તેની વિષયવાર વહેંચણી ચાલુ સળંગ પ્રશ્ન નંબરો સહિત બતાવેલ છે. તેથી જેઓને જે પ્રશ્નોત્તરો જોવા હોય, તે સુલભતાથી જોઇ શકશે. આ ગ્રન્થના સંગ્રહકાર શ્રીમાન્ પં. શુભવિજયજી ગણિવરે ગ્રંથના ચાર વિભાગો પાડેલા છે. જેની ઉલ્લાસ સંજ્ઞા રાખી છે. પ્રથમ ઉલ્લાસમાં પ્રશ્નોત્તર ૧૩૬ છે. પ્રશ્નકારો ૯ છે. દરેક પ્રશ્નને–પહેલો આંકડો ઉલ્લાસનો, બીજો પ્રશ્નકારનો, ત્રીજો પ્રશ્નકારના પ્રશ્નોનો, અને ચોથો પ્રશ્નોત્તરના ચાલુ સળંગ ક્રમનો છે. બીજા ત્રીજા અને ચોથા ઉલ્લાસમાં પણ તેજ પ્રમાણે છે. પરંતુ તેમાં એ વિશેષતા છે કે–એક આંકનો વધારો કરવામાં આવેલ છે. એટલે પહેલો આંક ઉલ્લાસનો, બીજો પ્રશ્નકારનો, ત્રીજો દરેક પ્રશ્નકારના પ્રશ્નની સંખ્યાનો, ચોથો ઉલ્લાસના ચાલુ સળંગ આંકનો, અને પાંચમો આખા ગ્રન્થના ચાલુ ક્રમનો છે, બીજા

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉલ્લાસમાં પ્રશ્નકારો ૧૭ છે, પ્રશ્નો સંખ્યા ૨૧૩ છે; ત્રીજામાં પ્રશ્નકારો ૪૫ છે, પ્રશ્નોની સંખ્યા ૪૯૭ છે. ચોથા ઉલ્લાસમાં પ્રશ્નકારો ૨૮ છે, પ્રશ્ન-સંખ્યા ૧૭૧ છે.

કુલ પ્રશ્નકારોની સંખ્યા ૯૯ અને પ્રશ્નોની સંખ્યા ૧૦૧૭ છે. સળંગ અનુક્રમણિકાથી પ્રશ્નોની વિશેષતા સ્પષ્ટ જોઇ શકાશે.

આ ગ્રન્થમાં પ્રશ્નકારો પણ વિદ્વાનો છે, અને ઉત્તરદાતા પણ જૈન પ્રવચનના અસાધારણ જ્ઞાતા છે. તેની જૈનાગમો: પૂર્વાચાર્યકૃત ગ્રન્થો: વ્યાકરણ: ન્યાય તથા ગચ્છમર્યાદા: ને લગતા પ્રશ્નોના ઉત્તરો સાક્ષી પુરે છે કે-કેટલાક ગંભીર પ્રશ્નોના સચોટ રદીયા ઘણીજ ગંભીરતાપૂર્વક સમતોલપણે આપવામાં આચાર્ય મહારાજનું ગચ્છાધિપતિ તરીકેનું અસાધાર સામર્થ્ય અને વિદ્વત્તા બતાવી આપે છે. અને તેથીજ આ ગ્રન્થ જૈન સંઘમાં પ્રથમથીજ માન્ય ગણાતો આવ્યો છે. વળી ગચ્છમાર્યાદા જાણવા માટે પણ ખજાના-રૂપ આ ગ્રન્થ એક માર્ગદર્શક દીપક છે. તથા ચાલી આવતી પરંપરાઓ પણ ઘણા ચોક્કસ રૂપમાં વ્યક્ત કરે છે. જો ગ્રાહ્યબુદ્ધિથી વિચારવામાં આવે, તો તિથિ વિષયક શી પરંપરા ચાલતી હતી? તે પણ આ ગ્રંથમાંથી સ્પષ્ટ સમજાય તેમ છે. પૃષ્ઠ ૩૨૫ તથા ૩૨૮ પ્રશ્ન ૮૮૮ અને ૮૯૪ માં **શ્રાવક પડિમા વહેનાર** શ્રાવક શ્રાવિકાને ચોથી પડિમાથી ચાર પર્વી પોષધ કરવા પડે છે, તેમાં "ચૌદશ–પુનમ તથા ચૌદશ અમાસ જોડલે છઠ્ઠ કરી પોસહ કરવાનું" બતાવ્યું છે. "શક્તિના અભાવે તે બે પોસહમાં ચૌદશનો ઉપવાસ અને પુનમે આયંબિલ અથવા નિવી કરવા **સામાચારી** ગ્રન્થ અનુસાર બતાવ્યું છે." તેથી ચોક્કસ થાય છે, કે-**ચૌદશ-પુનમ યા ચૌદશ-અમાસની જોડલે આરાધના પ્રથમથી જ ચાલી આવે છે.** અને તે અવિચ્છિન્ન પરંપરા અદ્યાવધિ ચાલતી છે. છતાં ચૌદશ-પુનમ: અને ચૌદશ-અમાસને જોડલે આરાધવાનું છોડી દેવાથી પરંપરા અને સામાચારી સાથે શી રીતે બંધ બેસતું થશે? તે ભવભિરુઓએ અને ગચ્છમર્યાદાને માન આપવાની ઇચ્છાવાળાઓએ ખાસ વિચારવા જેવું તો છે.

આવા અમૂલ્ય ગ્રંથનો સંગ્રહ: સંગ્રહકાર શ્રીમાન્ **પં. શુભવિજયજી** ગણિવરે કરેલો ન હોત, તો શ્રી જૈન સંઘ આ ગ્રન્થના લાભથી વંચિત જ રહેત. માટે સંગ્રહકારે પણ મહાન્ ઉપકાર કરેલો છે. તે ભૂલી ન જ શકાય. ખરેખર, પૂર્વના મહાપુરુષો અપ્રમત્તભાવે સદા યોગ્ય કર્તવ્યો કરવામાં અચૂક સાવધાન રહેતા આવ્યા છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ ગ્રન્થનો ગુજરાતી ભાષા પર્યાય લખ્યા બાદ પ્રેસકોપી શોધી પ્રુફો તપાસવા તથા ઉપોદ્‌ઘાત લખવા વિગેરે બાબતોમાં **શ્રીમદ્ મહોપાધ્યાય શ્રી યશોવિજયજી જૈન સંસ્કૃત પાઠશાલાના** વિદ્વાન્ મેનેજર **પ્રભુદાસ બેચરદાસ ભાઇએ** અમૂલ્ય સેવા અર્પણ કરી છે. આ સ્થળે તેની નોંધ લેવાનું અસ્થાને ગણી શકાશે નહીં.


છેવટ આ ગ્રંથનો ગુજરાતી અનુવાદ જે મુદ્દાથી કરવામાં આવ્યો છે, તે મુજબ આ ગ્રન્થને વાંચી, વિચારી, મોક્ષમાર્ગની આરાધનામાં ભવ્ય પ્રાણીઓ સ્થિર થાઓ. એજ મહેચ્છા. **વિજયકુમુદસૂરિ**

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




# સાર–સંગ્રહકારની ગુરુ વંશપરંપરા




For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પૂજ્યપાદ આચાર્યદેવ શ્રી વિજયકુમુદસૂરીશ્વરજી મહારાજ.



જન્મ ૧૯૩૭ ફાગણ સુદી ૫ ખડસલીયા–દીક્ષા ૧૯૫૮ કાર્તિક વદી ૨ અમદાવાદ
ગણિપદ. ૧૯૭૬ સુરત–પન્યાસપદ. ૧૯૭૮ વૈશાખ સુદી ૩ પાલીતાણા.

ઉપાધ્યાય. ૧૯૯૧ ચૈત્ર વદી ૫ કદંબગિરિ
આચાર્યપદ પાલીતાણા. ૧૯૯૨ વૈશાખ સુદી ૪

लोर्डकीन प्रीन्टरी :: अमदावाद.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ઉપોદ્‌ઘાત.

મુસલમાની રાજ્યકાળમાં થયેલી રાજ્યક્રાન્તિઓની અસરને લીધે જૈન સંઘમાં કોઈ કોઈ સ્થળે અને કોઈ કોઇ વ્યક્તિઓના મનમાં જે કાંઇ અવ્યવસ્થા: અસંગતિઃ ઉત્પન્ન થયેલી હતી, તે સર્વ–**શ્રી હીરપ્રશ્નઃ** અને **શ્રી સેનપ્રશ્નઃ** એ બે ગ્રન્થોથી બરાબર વ્યવસ્થામાં અને સંગતિમાં આવી જતું **શ્રી સંઘનું સર્વતન્ત્ર** આપણે જોઇ શકીયે છીએ.

**સેનપ્રશ્ન**–એ **હીરપ્રશ્નની** પૂર્તિ રૂપેજ જણાય છે.

**શિવાજી** મહારાજાએ **સમર્થ સ્વામી રામદાસ** સ્વામિનો શુભ આશીર્વાદ પામીને સંપૂર્ણ સ્પર્ધા કરે તેવો **હિંદુઓનો**–વાવટો આકાશમાં ફરકાવ્યો. પરંતુ તેના બીજ તો **શ્રી હીરવિજય સૂરીશ્વરજી** મહારાજની પ્રતિભાથી રોપાઈ ચૂકયા હતા. **શ્રી હીરવિજય સૂરીશ્વરજી** મહારાજની **અકબરશાહ** સાથેની મુલાકાત અને તેના ઉપર પડેલી અસરકારક છાપ, આખા **ભારત** વર્ષના આર્ય રાજા મહારાજાઓને અને આખી આર્ય પ્રજાને તે કાળે એક પરમ આશ્વાસન રૂપ બનેલ છે. હિંદુઓ ને કાફર કહેનારા બાદશાહોના હૃદય ઉપર આર્યત્વની ભવ્ય છાપ પાડીને એક પ્રકારની લાગવગ ઉભી કરી હતી, અને તેઓના હૃદયો આર્દ્ર બનાવી વિજય પ્રાપ્ત કર્યો હતો. તે તેનો સાર તે વખતના આપણે–હિંદવા સૂર્ય **મહારાણા પ્રતાપના** ઉકત **સૂરીશ્વરજી** ઉપરના ભક્તિ ભર્યા પત્રમાંથી મેળવી શકીએ છીએ. આખા દેશની ઇસ્લામ પ્રજા ઉપર પણ આવા સંતોની ભવ્ય છાયા પથરાઇ ગઈ હતી.રાજ્યદ્વારિ હેતુ સરની લડાઈઓ શિવાય કેટલેક અંશે પ્રજાએ પ્રજાનો વિરોધ શમી આર્ય પ્રજાની ભવ્યતાની છાયામાં તેઓ અંજાય છે. પરિણામે પાછળના બાદશાહો વધુને વધુ આર્યભાવના અને સંસ્કારની અસર નીચે આવતા જાય છે, તેની ઇતિહાસ સાક્ષી પૂરે છે. મૂર્તિવિરોધિ લુમ્પાક મત છોડીને **મેઘજી ઋષિ શ્વે. મૂર્તિપૂજક** સંઘમાં **શ્રી હીરવિજયજી સૂરીશ્વરજી** પાસે દીક્ષા લે છે, ત્યારે મૂર્તિ તોડનાર ઇસ્લામનો અનુયાયી **અકબ્બરશાહ** તે મહોત્સવમાં પોતાની વાજીંત્રાદિ સર્વ સામગ્રી આપી ખુશીથી સહકાર આપે છે. મુસલમાનોએ કોઇ પ્રકારના આવેશમાં આવીને **અમદાવાદ** પાસેના **અસારવામાં** પાડી નાંખેલું **શ્રી ચિંતામણિ પાર્શ્વનાથનું મંદિર**–

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**શાન્તિદાસ શેઠની** ફર્યાદથી **ઓરંગઝેબ** બાદશાહ જેવો ચુસ્ત ઈસ્લામી ગણાતો બાદશાહ પણ ફરીથી બંધાવી આપ્યાનું આપણે ઈતિહાસમાં જોઈ શકીએ છીએ.

**શ્રી વિજયહીરસૂરીશ્વરજી** મહારાજ શ્રી જૈન સંઘ માટેજ નહીં, પરંતુ આખા **ભારતવર્ષ** માટે એક યુગાવતારી વ્યક્તિ તરીકે–તે વખતના વાતાવરણની ભૂમિકા ઉપર સ્પષ્ટ અલગ તરી આવે તેવી પોતાની વિજય પ્રશસ્તિ છાપે છે. પરિણામે તે વખતના જન સમાજની તમામ વિશિષ્ટ વ્યક્તિઓમાં સૌથી મોખરે તે પવિત્રતમ આત્માનું વ્યક્તિત્વ આગળને આગળ તરી આવે છે, અને ઈસ્લામ સંસ્કૃતિની પ્રાથમિક ભભક આર્ય સંસ્કૃતિના તાપમાં ધીમે ધીમે ઓગળવા માંડે છે. મરાઠી સત્તાના ઉદય પછી તો કાયમી નબળીજ પડી જાય છે. **પાણીપતના** ૧૭૫૭ના **પેશ્વા** સાથેના યુદ્ધમાં મુસલમાનો બહારથી વિજયી થાય છે, પરંતુ ખરી રીતે તે વિજય બ્રીટીશ સત્તાનોજ ગણાવો જોઈએ. કેમકે–પછી તરતજ તે સત્તા પોતાની સર્વોપરિ સત્તા તરીકેનો કાર્યક્રમ અમલમાં લાવવાની શરૂઆત કરે છે. પેશ્વાઃ અને મુસલમાનઃ એ બન્નેય સત્તાઓ બાજુએ જ રહી જાય છે.

આખી આર્ય પ્રજામાં શ્વે. મૂ. જૈન સંઘના આગેવાન શ્રાવકો ભારતની સમસ્ત પ્રજાકીય ખરી કોન્ગ્રેસ રૂપ–મહાજન સંસ્થાના પણ મુખ્ય અને આખી પ્રજાના વિશ્વાસપાત્ર કાર્યવાહકો અને સંચાલકો હતા. ભારતમાં પ્રથમથીજ પ્રજાસત્તાજ ચાલી આવે છે. અને તે તે સ્થળોની પ્રજાની સત્તા નીચેના પ્રદેશના એક અંગભૂત રાજ્ય સંસ્થાનુંજ તંત્ર માત્ર રાજાઓના હાથમાં હતું. કેન્દ્રસ્થ રાજ્યસંસ્થા પણ પેટા રાજ્યસંસ્થાનીજ ઉપરિ સત્તા હતી, નહીં કે આખી પ્રજાના તમામ તત્ત્વોની. તેવી સત્તાધીશ સંસ્થા કદી હતી નહીં. પ્રજા સ્વતંત્ર છતાં રાજ્યસંસ્થા પૂરતી તેના સત્તાધીશના તાબામાં રહેતી હતી, પ્રજાકીય શિસ્ત પાલનની દૃષ્ટિથી તેમ રહેવું પણ જોઈએ. પરંતુ રાજ્યસંસ્થાને લગતા તંત્રશિવાની બાબતમાં પ્રજા ઉપર રાજ્યની સત્તા બિલકુલ નહોતીજ. આ ખરી વાતને આજના લેખકોએ ગુંચવી નાંખીને એક પ્રકારનો ગુંચવાડો અને ભ્રમ ઉભો કર્યો છે. ધાર્મિક સત્તા ધર્મગુરુઓના હાથમાં હતી. સામાજિક સત્તા જ્ઞાતિના નેતાઓના હાથમાં હતી, પ્રજાની સત્તા મહાજનના હાથમાં હતી. પરંતુ એ દરેક સંસ્થાઓ ઉપર એક એવી સમસ્ત ભારતની શાસનસંસ્થા રહેતી હતી કે જેના આગેવાનો આચાર્યો હતા. અંતિમ સત્તા મુખ્ય મુખ્ય

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આચાર્યો રૂપ મહાપુરુષોના હાથમાં હતી, રાજાઓને, જ્ઞાતિના આગેવાનોને-મહાજનના આગેવાનોને-ધાર્મિક સંઘોના આગેવાનોને તેઓશ્રીની આધીનતામાં રહેવાનું હતું. કેમકે-તેઓ પ્રજાના ખરા હિતચિંતક અને શાસક હતા.

તેઓમાં પણ પ્રધાનતા શ્વે. મૂ. જૈન આચાર્યોની રહ્યા કરી છે, કેમકે-દરેક તેને અનુસરતા હતા. ગચ્છોમાં પણ બંધારણીય દૃષ્ટિથી તપાગચ્છ, અગ્રેસર રહે તો આવ્યો છે. કેમકે-સર્વ ગચ્છોના સામુદાયિક કાર્ય પ્રસંગે તેનું પ્રાધાન્ય જળવાતું આવ્યું છે.

એ ઉપરથી, આખા જગત્‌માં આર્ય પ્રજાજ જ્યારે વિશિષ્ટ પ્રજા છે, અને તેની વિશિષ્ટ વ્યકિતઓમાં પણ આચાર્યો: અને તેમાંય જૈનાચાર્યો : અગ્રેસર હોય છે, અને શાસન ધુરંધર આચાર્ય તો આખા દેશમાં કે જગત્‌માં સર્વોપરિ વ્યકિત હોય તેજ મહા પુણ્ય-પ્રભાવીજ એ ગાદી ઉપર આવી શકતા હતા. એટલે આખા જગત્‌ના તાત્કાલીન સમસ્ત માનવ સમૂહમાં તે શાસન ધુરંધર આચાર્ય મહારાજજ સર્વોપરિ અને અજોડ જગત્‌માન્ય વ્યકિત તરીકે તરી આવતા હતા. માટે તાત્કાલીન સમસ્ત જગત્‌ના તેઓજ સર્વોપરિ સત્તાધીશ અને માન્યનેતા હતા, અને મનાતા હતા. આ ઉપરથી કોઈ રાજા કે શેઠ શાહુકારનું વ્યકિતત્વ વધારે પડતું જળકયું હોય, તેટલા ઉપરથી તેનું સર્વોપરિપણું સ્થાપિત થઇ શકતું નથી. અલબત્ત વ્યકિતગત તેટલો પ્રભાવ તો તેમનો પડ્યો ગણાયજ.

આજે પણ બહુજ સૂક્ષ્મ તપાસ કરવામાં આવે, તો પણ જગત્‌માં જગત્‌નું કલ્યાણચિંતક સર્વોપરિ વ્યક્તિ જૈનાચાર્યજ મળી શકે તેમ છે, પરંતુ અજ્ઞાનાધીન જગત્ આજે તે જોઇ શકે તેમ નથી. આજની પ્રજાકીય કચડાકચડીમાં હિંદની પ્રજા હજુ પોતાનું વ્યકિતત્વ જાળવી રહી છે, તેમાં તે સૂરિપુંગવોની દીર્ઘદૃષ્ટિ અને તપોબળજ કામ કરી રહ્યું છે, નહીંતર આ દેશની પ્રજા પણ સંસ્થાનિક સ્વરાજ્ય સ્થાપવાથી અમેરિકા: ઓસ્ટ્રેલિયા: વિગેરેની મૂળ પ્રજાની જેમ કયારની લગભગ નાબુદ-આજની સ્થિતિ કરતાં વધુ પડતી નાબુદ-થઇ ચૂકી હોત. કોઈ કહેશે કે-“ પ્રજાના જીવનમાં વણાયેલી આર્ય સંસ્કૃતિ એ રક્ષણ કરી રહી છે.” પરંતુ, આર્ય સંસ્કૃતિનું રક્ષણ કોણ કરી રહ્યું છે? તેના રક્ષણના પ્રતિકો ધર્માચાર્યો અને તેમાં અગ્રેસર જૈનાચાર્યો છે. એ કબુલ કરવુંજ પડશે. માટે જ તેમની સામે આજના જમાનાને નામે તમામ મોરચા મંડાયેલા છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સર્વોપરિ પુણ્યવંત આત્માઓ હોય, તેજ એ સ્થાન ઉપર આવી શકે છે, તેઓની કલ્યાણભાવના જેમ ઉચ્ચ હોય છે, તેજ પ્રમાણે તેઓની જવાબદારી પણ ઘણીજ ઉચ્ચ હોય છે, તેઓને સમતોલપણું અને દૂરંદેશીપણું પણ એટલુંજ ઉચ્ચ રાખવું પડે છે, ત્યારેજ દરેક પ્રકારના લોકો ઉપર એક સરખો પ્રભાવ તેઓનો પડે છે. તે પણ તેઓનું ઉચ્ચ કક્ષાના આત્મા હોવાનું સાબિત કરી આપે છે.

**વિજયહીર સૂરીશ્વરજીનો** જગતના ઇતિહાસના પૃષ્ઠ પરનો યશઃ કેવો નિર્મળ વિશુદ્ધ ચાંદની જેવો ચમકે છે? કેવા નિખાલસ અને બાલક જેવા વિશુદ્ધ પવિત્ર પુરુષ તરીકે ઉપર તરી આવે છે ? અને તેમના ઉત્તરાધિકારી **વિજયસેનસૂરીશ્વરજી** અને **વિજયદેવસૂરિજી** મહારાજ પણ બરાબર જોડાજોડ પોતાનું વ્યકિતત્વ નોંધાવે છે. એ ગુરુ શિષ્યની જોડી તાત્કાલીન ભારતના ઇતિહાસ–સમુદ્રમાં એક સ્વચ્છ રાજહંસ અને તેના બાળ મરાલ જેવા ઉપર તરતાં નજરે પડે છે. ખરેખર તેઓ તે વખતની પ્રજાને સન્માર્ગમાં સ્થિર રાખવા માટે પ્રજારક્ષક દિવ્ય પુરુષો તરીકે પોતાનું દિવ્ય જીવન વીતાવીને ચાલ્યા ગયા છે. પરંતુ તેના સુફળ પ્રજા હજુ સુધી ભોગવે છે. તદ્દન બાલ્યાવસ્થામાં દીક્ષા ગ્રહણ કરી પ્રૌઢ ઉમ્મર સુધી નિર્મળ ચારિત્ર પાળી જગત્ ઉપર કેવળ ઉપકાર ખાતરજ જીવ્યા છે, તેમાં લેશ માત્ર પણ કોને શંકાને સ્થાન છે? તેવા પુરુષોને મૃત્યુ બાદ જો કાંઇ પણ ફળ મળતું ન હોય, અને આ જન્મમાંજ સુકૃત–દુષ્કૃતના ફળ ભોગવવાના હોય, તો આ પુરુષોના અત્યન્ત ઉચ્ચ અને પરોપકારી જીવનો અંગત લાભની બાબતમાં લગભગ નિષ્ફળ ગયા ગણાય, પરંતુ ખરી વાત એ છે કે–આવા ઉચ્ચ જીવનનું ફળ સ્વર્ગાપવર્ગ પણ અવશ્ય છેજ.

**વિજયસેન** સૂરીશ્વરજી મહારાજનું દૂધ જેવું નિર્મળ જીવનચરિત્ર ટુંકમાં નીચે આપીએ છીએઃ—

" **શ્રી વિજયસેનસૂરિજી તપાગચ્છની ઓગણસાઠમી પાટે થયા છે.**
" સં. ૧૬૦૪ માં ફાગણ સુદ ૧૫ ના દિવસે **ભારતીય** ખમીરના
" કેન્દ્ર જેવી **મેવાડ** ભૂમિમાં **નારદીપુર** ગામમાં **વીશાઓશવાલ** કુટુંબમાં
" તેઓશ્રીનો જન્મ થયો છે.

" તેમના પીતાનુ નામ **કર્માશાહ** હતું અને તેમની માતાનું નામ
" **કોડિમદેવી** હતું. પુત્રનું નામ **જયસિંહ** રાખવામાં આવ્યું હતું.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



"કર્મશેઠે સં. ૧૬૧૧ માં વિજયદાનસૂરીશ્વરજી મહારાજ પાસે
"ખંભાતમાં દીક્ષા લીધી હતી. ત્યાર બાદ જયસિંહ અને તેની માતા
"મોસાળમાં રહેતા હતા. જયસિંહની ઇચ્છા દીક્ષા લેવાની હતી અને
"માતાને સમજાવવા પ્રયત્ન કર્યો, પહેલાં તો માતાએ ઘણી આનાકાની
"કરી, પરંતુ ભાવિ મહા પુરુષ થવા સર્જાયેલ પુત્રની
"પ્રબળ ઇચ્છાશક્તિની અસર માતા ઉપર થઇ, અને
"તે પણ દીક્ષા લેવા તૈયાર થયા. બંન્ને મા દિકરો મેવાડ જેવા દૂરના
"પ્રદેશમાંથી તે વખતના મુસાફરીના સાધનોની મદદથી ઠામઠામ જિનમં-
"દિરોના દર્શન કરતા કરતા સુરત જઇ પહોંચ્યા. જ્યાં શ્રી વિજયદાન-
"સૂરિજીમહારાજ ચાતુર્માસ બિરાજ્યા હતા. ત્યાં તેઓશ્રીએ સં. ૧૬૧૩માં જેઠ
"સુદ ૧૧ના દિવસે પોતાના શિષ્ય તરીકે જયસિંહ કુમારને ૯ વર્ષની ઉમ-
"રમાંજ દીક્ષા આપી અને નામ જયવિમળ રાખવામાં આવ્યું હતું.
"જયવિમળ મુનિએ બાળપણમાં ઘણો સારો અભ્યાસ કર્યો હતો. કાવ્ય,
"વ્યાકરણ, કોષ, સાહિત્ય, છંદોનુ શાસન, સંમતિતર્ક, સ્યાદ્વાદ રત્નાકર,
"અનેકાન્ત જયપતાકા, પ્રમાણ મીમાંસા, સ્યાદ્વાદ કલિકા વિગેરે
"જૈન ન્યાયના ગ્રન્થો, તથા તત્ત્વચિંતામણિ, કીરણાવલી, પ્રશસ્તપાદ
"ભાષ્ય, વિગેરે જૈનેતર ન્યાય ગ્રન્થો, ત્રિશતી વિગેરે ગણિતના ગ્રન્થો,
"અનેક પ્રકારના શકુન શાસ્ત્રો અને જ્યોતિષ શાસ્ત્રોનું જ્ઞાન મેળવ્યું
"હતું, અને પંચાંગી સહિત ૧૧ અંગ, ૧૨ ઉપાંગ વિગેરે જૈન આગ-
"મોનું સારૂં જ્ઞાન મેળવ્યું હતું.

"મુનિ જયવિમળને વિજયહીરસૂરિ પાસે આચાર અને શાસ્ત્ર-
"અનુભવ માટે પાટણ રાખવામાં આવ્યા.

"વિજયદાનસૂરિ મહારાજ વડાવલીમાં સં. ૧૬૨૧ વૈસાક સુદ ૧૨
"ના દિવસે કાળધર્મ પામ્યા, અને ત્યાંના સંઘે ત્યાં સ્તૂપ કરાવ્યો.
"તેમની પાટે વિજયહીરસૂરિજી બિરાજ્યા. હીરસૂરીશ્વરજી મહારાજ જય-
"વિમળ સાથે ડીસા ગયા, ત્યાં જઇ વ્યાખ્યાન, ઉપધાન, યોગોદ્વહન
"વિગેરે પોતાના સર્વ કાર્યો જયવિમળ મુનિને ભળાવીને ત્રણ મહીના
"સુધી સૂરિમંત્રના ધ્યાનમાં બેઠા. સૂરિમંત્રના અધિષ્ઠાયિક દેવ યક્ષરાજે
"પ્રગટ થઇને કહ્યું કે "જયવિમળમુનિ આપના પટ્ટધર થવાને લાયક છે."

"ત્યાંથી વિહાર કરી જયવિમળમુનિ સાથે ખંભાત ગયા, ત્યાં
"પુની નામના શ્રાવિકાએ પ્રતિષ્ઠા કરાવી, અને જયવિમળ મુનિને પંડિતપદ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



" આપના આચાર્ય મહારાજને વિજ્ઞપ્તિ કરી. તેથી સં. ૧૬૨૬ ના ફાગણ
" સુદ ૧૦ ના દિવસે તેમને **પંડિતપદ** આપવામાં આવ્યું, તે વખતે **પુની**
" શ્રાવિકાએ મ્હોટો ઉત્સવ કર્યો, અને ગુરુ અંગપૂજા: શિષ્ય અંગપૂજા:
" શ્રી સંઘપૂજા, અને રૂપીયાની પ્રભાવના વિગેરે કાર્યો કર્યાં.

" ત્યાંથી **કુબેરની અલકાનગરી** જેવી ધર્મપૂરી **અમદાવાદમાં**
" પધાર્યા અને **શાખાપુરમાં** ( શાહપુરમાં ) ચાતુર્માસ રહ્યા. ત્યાં પણ રાતમાં
" **સૂરિમંત્રના** અધિષ્ઠાયિક દેવ **યક્ષરાજે** " **પંડિત જયવિમળ પ્રભુ**
" **મહાવીરના** શાસનમાં **મહા પ્રભાવક થશે**, માટે તેમને **પટ્ટધર** બનાવવા
" માટેની ખાસ તૈયારી કરો." એમ કહ્યું, તથા બીજા પણ ઉપાધ્યાય અને
" પંડિતો વિગેરે ગીતાર્થ મુનિઓએ આવીને **જયવિમળ** મુનિને **પટ્ટધર**
" બનાવવાને વિનંતિ કરી, પછી ચોમાસું પૂરું થયે **અમદાવાદ શહેરમાં પ્રવેશ**
" કર્યો, ત્યાં **મૂળા** નામના શેઠે મોટો ઉત્સવ કર્યો, અને **જયવિમળ મુનિને**
" સં. ૧૬૨૮ ફાગણ સુ. ૭ ને સોમવારે **ઉપાધ્યાયપદ** આપીને તરતજ
" **આચાર્ય** પદવી આપી અને નામ **વિજયસેનસૂરિ** રાખવામાં આવ્યું.
" **મૂળ** શેઠે **શત્રુંજય** પર્વતના મુખ્ય શિખર ઉપર **આદીશ્વર ભગવાનના**
" મૂળ દેરાસરના વાયવ્ય ખૂણામાં જિનમંદિર બંધાવે છે. તેજ વખતે **વિમળહર્ષ**
" પંડિતને **ઉપાધ્યાયપદ** આપવામાં આવ્યું અને **પદ્મસાગરગણિ લબ્ધિ-**
" **સાગર** વિગેરે ૭ **ગણિઓને પંડિતપદ** આપવામાં આવ્યાં. **મૂળ**
" શેઠે રૂપીયાની પ્રભાવના કરી અને યાચકોને ઘણું દાન આપ્યું.

" હવે ત્યાંથી **ગુજરાતમાં** વિહાર કરતા **મેઘજી ઋષિ નામના**
" **લુંપાકના** અગ્રેસર મુનિને પ્રતિબોધ પમાડી **અમદાવાદમાં** એકી
" સાથે લગભગ ૨૬-૨૭ મુનિઓને સાથે **દીક્ષા આપી** અને ત્યાંથી આચાર્ય
" મહારાજ **પાટણ** તરફ પધાર્યા અને ચાતુર્માસ પણ ત્યાંજ કર્યું. ચાતુર્માસ
" ઉતર્યા પછી સં. ૧૬૩૦ ના પોસ સુદ ૪ ના દિવસે **નવીનાચાર્યના**
" વંદનનો મોટો ઉત્સવ **થયો**, અને તે વખતે **દેશોદેશના સંઘો** વંદન કરવા
" આવ્યા હતા. તે વખતે આચાર્ય મહારાજે નવીનાચાર્ય મહારાજ **શ્રી**
" **વિજયસેનસૂરિજી** મહારાજને ગચ્છની સર્વ અનુજ્ઞાઓ આપી વિહાર
" કરવાની આજ્ઞા આપી.

" વિહાર કરીને તેઓ **ચાંપનેર** ગયા, ત્યાં **જયવંત શેઠે** વૈશાખ
" સુ. ૧૩ ના દિવસે સૂરિજી મહારાજ પાસે પ્રતિષ્ઠા કરાવી. ત્યાંથી વિહાર
" કરી **સુરત** ચોમાસું કર્યું, તે વખતે **શ્રી ભૂષણ નામના દિગંબરાચાર્ય**

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



" સાથેના વાદમાં **શ્રી ચિંતામણિ ભટ્ટ** વિગેરે સભ્યોની હાજરીમાં વિજય
" મેળવ્યો. ત્યાંથી **કોંકણ** દેશમાં થઈને પુનઃ **પાટણ** આવ્યા, અને **હીર-**
" **વિજયસૂરિજી** તે વખતે **ગંધારમાં** ચાતુર્માસ રહ્યા હતા.

" **અતિમેતખાન** નામના સુબાએ **વિજયહીરસૂરિની અકબ્બર** બાદશાહ
" પાસે ઘણી પ્રશંસા કરી, એટલે **અકબ્બરે** આચાર્ય મહારાજને પોતાની પાસે
" બોલાવ્યા. એટલે ગંધારથી ૧૬૩૯ના માગસર સુ. ૭ ના દિવસે વિહાર કર્યો,
" અને **ફતેહપુરસિક્રી** પહોંચ્યા. તે વખતે તેમની સાથે, **વિમળહર્ષગણિ**
" વિગેરે સિદ્ધાંતના પારગામી, શતાવધાની **શાંતિચંદ્રગણિ, પં. સહજસાગર,**
" **પં. સિંહવિમળગણિ,** મહાકવિ **હેમવિજયગણિ,** વ્યાકરણ ચૂડામણિ
" **પં. લાભવિજયગણિ,** ગુરુના પ્રધાન **ધનવિજયગણિ** વિગેરે મુનિઓઃ અને
" **શાહ થાનસિંહ, શાહ માનસિંહ, શાહ કલ્યાણજી** વિગેરે મોટા મોટા
" સદ્‌ગૃહસ્થો પણ હતા, ને **અકબ્બરના** રાજમહેલમાં મળવા ગયા. **અકબ્બર**
" બાદશાહ થોડા પગલાં સામા આવ્યા. આચાર્ય મહારાજના ચરણકમળમાં
" વંદન કર્યું. આચાર્ય મહારાજે **ધર્મલાભ** આપ્યો. **શેખુજીઃ પહાડીઃ** અને
" **દાનીઆરઃ** વિગેરે રાજકુમારોએ પણ આચાર્ય મહારાજને વંદન કર્યું.
" ત્યાં **અકબ્બરને** પ્રતિબોધ આપી અનેક પ્રકારની હિંસા છોડાવી
" દયામાં એનું ચિત્ત સ્થિર કર્યું. **વિજયહીરસૂરિજી** મહારાજ ત્રણ ચાર
" ચોમાસાં **આગ્રા** અને **ફતેહપુર સિક્રીની** બાજુમાં કરી **બાદશાહને**
" વારંવાર બોધ આપી **ગુજરાતમાં** પાછા ફર્યા, તે વખતે **શ્રી નેમિનાથ**
" **ભગવાનની** જન્મભૂમિ **શૌરિપુરીમાં ચિંતામણિ પાર્શ્વનાથ** પ્રભુની
" પ્રતિષ્ઠા કરી, ત્યાંથી મથુરા વિગેરે થઇ ફરતા ફરતા **નાગોર** જઈ **શિરોહી**
" આવ્યા. તે વખતે **પાટણમાં** રહેલા **વિજયસેનસૂરિ** મહારાજ ગુરુમહારાજને
" મળવા માટે સામે આવતા હતા, તે **શિરોહીમાં** મળ્યા. જે વખતે **હીરસૂરિજી**
" **ફતેહપુર સિક્રી** ગયા, ત્યારે આ તરફ **પાટણથી** વિહાર કરીને **વિજય-**
" **સેનસૂરિ** એ ચોમાસાં કરીને ફરીથી ૧૬૪૨માં **પાટણમાં** ચોમાસું કર્યું.
" અને ત્યાં **ધર્મસાગર** ઉપાધ્યાયે રચેલા **પ્રવચન પરીક્ષા ગ્રન્થ** વિષે
" **ખરતર ગચ્છવાળાઓની** સાથેના વાદમાં વિજય મેળવ્યો. ફરી **કલ્યા-**
" **ણરાજ** અને **વત્સ** એ બે નામ ધારણ કરનાર રાજ્યના અધિકારી શ્રાવકની
" મદદથી તેઓએ વાદ માગ્યો, ત્યારે પણ **અમદાવાદમાં ખરતરગચ્છી-**
" **ઓની** સાથેના વાદમાં વિજય મેળવ્યો, અને **ખાનખાનાની** મદદથી
" **સંઘે** તેનો મોટો ઉત્સવ કર્યો. **ખાનખાના** સુબાએ તેમાં સારો સહકાર

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



"આપ્યો. ત્યાંથી આજુબાજુ વિહાર કરી પુનઃ **અમદાવાદ** આવ્યા.
"ત્યારે સંઘે પ્રવેશોત્સવ કર્યો અને **ખાનખાનાએ** દરેક જાતના **બાધનો**
"આપ્યા. તે ચોમાસુ ત્યાંજ કર્યું. તે વખતે **ખાનખાના** વારંવાર
"મળવા આવતા હતા અને ગુરુનો ઉપદેશ શ્રવણ કરતા હતા. કોઈ
"કોઈ વાર ઉપદેશ શ્રવણ કરવા પોતાના મહેલમાંયે બોલાવી જતા હતા.

"**ઇડરના સ્થિર શેઠની રૂપાઈ** નામની પત્નીથી સંવત ૧૬૩૪ પોસ
"સુદ ૧૩ ના દિવસે જન્મેલા **વાસાક** કુમારને ૧૬૪૩ માં આચાર્ય મહારાજે
"દીક્ષા આપી અને **વિદ્યાવિજય** નામ રાખ્યું. ફાગણ સુ. ૧૧ ના દિવસે
"**અહિવદે** નામની શ્રાવિકાએ આચાર્ય મહારાજ પાસે જિન, મંદિરમાં
"પ્રતિષ્ઠા કરાવી, તે વખતે **ગાંધારના ઇંદ્રજી** નામના **શેઠ મહાવીર**
"**સ્વામીની** પ્રતિષ્ઠા કરાવવા માટે **અમદાવાદમાં** વિનંતિ કરવા આવ્યા.
"ત્યાં જઈ ૧૬૪૩ જેઠ સુદ ૧૦ **મહાવીર સ્વામીની** પ્રતિમાની
"પ્રતિષ્ઠા કરી. તેજ વર્ષમાં જેઠ વદ ૧૧ ના દિવસે **ખંભાતમાં**
"**ધનાઈ** શ્રાવિકાના મંદિરમાં પ્રતિષ્ઠા કરાવી અને ત્યાં ચોમાસુ રહ્યા.

"**શિરોહીમાં શ્રીહીરસૂરિજી** મહારાજને મળ્યા પછી ત્યાંથી તેમની આજ્ઞા
"લઈને **વજીયારાજી પારેખની** વિનંતિથી પ્રતિષ્ઠા કરવા **વિજયસેનસૂરિ**
"પાછા **ખંભાત** આવ્યા. અને ૧૬૪૫ જેઠ સુદ ૧૨ ના દિવસે
"**ચિંતામણિ પાર્શ્વનાથ** તથા **મહાવીર પ્રભુની** પ્રતિષ્ઠા કરી, અને
"ત્યાંથી વિહાર કરી **ગાંધારમાં** ચોમાસુ કર્યું. ત્યાંથી વિહાર કરી આચાર્ય
"મહારાજશ્રી **વિજયહીરસૂરિજી મહારાજને** ફરીથી મળ્યા, અને ૧૬૪૯માં
"બન્નેયે સાથે **રાધનપુરમાં** ચોમાસું કર્યું. તેવામાં **લાહોરથી અકબ્બર**
"**બાદશાહનો સૂરીશ્વરજીને બોલાવવાનો પત્ર આવ્યો.** પરંતુ વૃદ્ધાવસ્થાના
"કારણે પોતે ન જતાં-**હીરવિજયસૂરિજીએ વિજયસેનસૂરીશ્વરજીને પાદશાહ**
"પાસે જવાની આજ્ઞા આપી, એટલે માગસર સુદ-૩ ના દિવસે વિહાર
"કર્યો. **પાટણ** આવ્યા, ત્યાં **શ્રી પંચાસરા પાર્શ્વનાથની** જાત્રા કરીને
"**આબૂ** ગયા, ત્યાં **દેલવાડાઃ અચલગઢઃ** અને તલાટીમાં રહેલ **કુમાર વિહાર**
"વિગેરેની યાત્રા કરી, **શિરોહી** પ્હોંચ્યા, ત્યાંના રાજાએ તથા સંઘે
"ભવ્ય સામૈયું કર્યું. થોડા દિવસ રહી **રાણકપુરજીની** યાત્રા કરી,
"પોતાની **જન્મભૂમિ નારદીપુરમાં** થોડા દિવસ રહી **મેડતા**
"ગયા, **મેડતીયા રાજા** અને સરદારોએ ગુરુની સારી ભક્તિ કરી,
"ત્યાંથી વિહાર કરી **વૈરાટનગર મહીમ** નગર ગયા, અને ત્યાંથી
"અનુક્રમે વિહાર કરતા, **લાહોરથી** ૬૦ ગાઉ આ તરફ **લોધીયાણા**

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



" પ્હોંચ્યા. ત્યાં શેખ **અબુલફજલનો ભાઇ** શેખ ફૈજી–વિગેરે સૂરીશ્વરને
" વંદન કરવા આવ્યા. **નંદિવિજય** નામના મુનિએ અવધાન કરી
" બતાવ્યા. તે અને ગુરુનો પ્રભાવ જોઈ હૃદયમાં આનંદ પામી **લાહોર**
" જઇ **અકબ્બર બાદશાહને** બધી વાત કરી. તે સાંભળી બાદશાહ ગુરુ-
" મહારાજને મળવા ઘણા ઉત્સુક થયા. તેવામાં ગુરુમહારાજ પણ રસ્તામાં
" બાદશાહી મહેલમાં આવીને ઉતર્યા. **ભાનુચંદ્ર ઉપાધ્યાય** પણ આવીને
" મળ્યા અને શ્રી સંઘ પણ તમામ રાજસેના સાથે સામે આવ્યો. ત્યાંથી
" આચાર્ય મહારાજ **લાહોર** પાસેના **ગંજીપુરા**માં આવી પહોંચ્યા. **ઉપાધ્યાય**
" **ભાનુચંદ્રગણિ** બાદશાહ પાસે ગયા અને આચાર્ય મહારાજ પધાર્યાની વાત
" કરી. એટલે **અકબ્બરે નંદિવિજય મુનિને** પોતાની સભામાં અવધાન કરવા
" બોલાવ્યા, તે વખતે **મારવાડના મંડાવરના રાજાશ્રી મલ્લદેવના પુત્ર**
" **ઉદયસિંહઃ સાઠહજાર સૈન્યના નેતા માનસિંહઃ ખાનખાના શેખ અબુ-**
" **લફજલઃ આઝમખાનઃ જાલોરના ગજનીખાનઃ** તથા બીજા પણ કેટલાક
" બાદશાહને માનનીય હિંદુ રાજાઓ અનેમોગલ સરદારો, મોટામોટા ન્યાય
" અને વેદોને જાણનારા બ્રાહ્મણો, પંડિતો, કાજીઓ, કાયસ્થો, તથા કાવ્યો અને
" સાહિત્યની પંડિતોની હાજરીમાં **નંદિવિજય મુનિએ** અવધાન સાધી બતાવ્યા.
" પછી જેઠ સુદ ૧૨ના દિવસે આચાર્ય મહારાજે **લાહોરમાં** પ્રવેશ કર્યો, તેજ
" દિવસે શેખજીઃ **દરબારી રામદાસ** વિગેરે મોટા પુરુષોની સાથે **કાશ્મિરી**
" મહેલમાં **અકબ્બર** બાદશાહને સૂરિજી મળ્યા. **અકબ્બર** બાદશાહે **વિજય-**
" **હીરસૂરિજીના** સમાચાર પૂછ્યા, અને આચાર્ય મહારાજે **હીરસૂરિજી** મહારાજ
" તરફનો **ધર્મલાભ** કહ્યો. ફરીથી પણ બાદશાહની અવધાન જોવાની
" ઇચ્છાથી આચાર્ય મહારાજની આજ્ઞા મેળવી **નંદિવિજય** મહારાજે
" અવધાન કરી બતાવ્યા. તે વખતે બાદશાહે તેમને **ખુશફેમ**નું બિરુદ આપ્યું.
" શ્રાવકો તરફથી રૂપીયાની પ્રભાવના વિગેરે અનેક પ્રકારે ધર્મની પ્રભાવના
" થઈ હતી.

" તે વખતે બાદશાહને કોઇએ સમજાવ્યું હતું કે—

" આ જૈનો **સૂર્યને**, ઇશ્વરને, અને ગંગાને માનતા નથી."

" ત્યારે આચાર્ય મહારાજે સમજાવ્યું કે અમે જેવી રીતે ઇશ્વર
" વિગેરેને માનીએ છીએ, તેવી રીતે કોઇ પણ માનતું નથી.

" **यं शैवाः समुपासते०**

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



"ઈત્યાદિ **હનુમાન** નાટકનો શ્લોક બતાવીને જૈનો "અર્હન્
"અર્હન્" એમ કહીને પરમેશ્વરને પૂજે છે." એવા બ્રાહ્મણોના બનાવેલા
"તે શ્લોકમાંજ "જૈનો ઇશ્વરને માને છે" તેવી તેમની કબુલાત બતાવી.

"અને તીર્થંકરપણે વિચરતા દેવાધિદેવ અને સિદ્ધોનુંસ્વરૂપ સમજાવ્યું.
"જૈનોની પરમેશ્વર સંબંધી માન્યતા કેટલી ઉચ્ચ છે?" તે સાંભળી
"બાદશાહને ઘણો જ આનંદ થયો. સૂર્યને માનવા વિશે આચાર્ય મહા-
"રાજાએ સમજાવ્યું કે:–"સૂર્યને પણ અમે બહુ માન આપીએ છીએ, કેમકે
"સૂર્યનો ઉદય થયા વિના અને સૂર્યનો અસ્ત થયા પછી એટલે તેના
"વિયોગમાં અમે અન્નપાણી જ લેતા નથી. ગંગાજળ વિના
"અમારા દેવની પ્રતિષ્ઠા થઇ શકતી નથી." એ રીતે બાદશાહના મનનું
"સમાધાન કરવાથી જે લોકોએ બાદશાહને ખોટો ખ્યાલ આપ્યો હતો, તે
"લોકો પણ શરમાઇ ગયા. અને ગુજરાતમાંથી આવેલા જૈન આચાર્યના
"તેજનો પરિચય થતાં તેનાથી અંજાઈ ગયા.

"ત્યાર પછી બાદશાહના આગ્રહથી આચાર્ય મહારાજે **લાહોરમાં**
"બે ચોમાસાં કર્યાં "દુધ આપવા અને ભાર ઉપાડવામાં તથા ખેતીમાં ઉપયોગી
"હોવાથી **ગોસંતાન**, તથા **ભેંસ અને પાડાને** મારવા નહીં. **મરેલાનું**
"ધન લેવું નહી. **ગુલામ** પકડવા નહી. જકાત અને **જીજીઆવેરો** ન
"લેવા." એ ૭ મુદ્દા ઉપરનાં શાહી ફરમાનો આચાર્ય મહારાજના નામથીજ
"બાદશાહે દેશોદેશમાં ફેલાવ્યા. આ અરસામાં **ભાનુચંદ્ર ઉપાધ્યાયના** નંદી
"મહોત્સવનો તમામ ખર્ચ **બાદ શાહના મુખ્યમંત્રી શેખ અબુલફજલ-**
"**ફૈજીએ** કર્યો હતો.

"આ તરફ **હીરવિજયસૂરિજી** મહારાજ **પાટણથી** વિહાર કરી
"**શત્રૂંજયની** યાત્રા કરી **ઉના** ગયા. ત્યાં તેમનું શરીર લથડયું અને પોતાના
"કાળધર્મનો સમય જાણી અનશન સ્વીકાર્યું. સંવત્ ૧૬૫૨ ના ભાદરવા
"સુદ ૧૧ ના દિવસે કાળધર્મ પામ્યા. આ અનશન સ્વીકાર્યાના સમાચાર
"**લાહોરથી** વિહાર કર્યા બાદ **મહીમ** નગરમાં **વિજય સેનસૂરીશ્વરજીને**
"મળ્યા. તેથી ત્યાંથી વિહાર કરી ગુજરાતમાં **પાટણ** પહોંચ્યા. અને ત્યાં
"ગુરુ મહારાજના કાળધર્મના સમાચાર મળ્યા. તેમને આઘાત તો થયો,
"પરંતુ મનનું સમાધાન કરી પોતાના કર્તવ્યમાં વધારે સાવધાન થયા.

"પછી **પાટણથી** વિહાર કરી **ખંભાત** જઈ ચોમાસું રહ્યા. ત્યાંથી
"વિહાર કરી **અમદાવાદ** આવ્યા, ત્યાં **ભોટક** નામના શ્રાવકે મોટો ખર્ચ
"કરી પ્રતિષ્ઠા કરાવી, તે વખતે **લબ્ધિસાગરગણિને ઉપાધ્યાય** પદ
"આપવામાં આવ્યું. **વચ્છા** નામના ઝવેરીએ પણ મોટો ખર્ચ કરી પ્રતિષ્ઠા

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



" કરાવી. ત્યાં ચોમાસુ કરી **કાળુપુરમાં** ગયા, ત્યાં **ઢીંકવાના પાડામાં**
" **શ્રી વિજય ચિંતામણિ પાર્શ્વનાથની** પ્રતિમા છુપી હતી, પરંતુ
" આચાર્ય મહારાજના કહેવાથી અને **હુસેન કાજીની** મદદથી તે પ્રતિમાજી
" શ્રાવકોએ બહાર પ્રગટ કર્યા. તેની **સિકંદરપુરમાં** શ્રી સંઘે પ્રતિષ્ઠા કરી.
" ને ત્યાં **હીરસૂરિજીની** પાદુકાથી પવિત્ર થયેલા **સિકંદરપુરમાં** ચોમાસું
" કર્યુ. **સિકંદરપુરમાં લહૂઆ** (લવજી) **શેઠે પાર્શ્વનાથ ભગવાનની** પ્રતિમા
" નવી કરાવી આચાર્ય મહારાજ પાસે પ્રતિષ્ઠા કરાવી. તે વખતે **નંદિવિજય**
" મહારાજને વાચક પદ અને **વિદ્યા વિજય** મુનિને **પંડિત** પદ આપ્યું.
" ત્યાંથી વિહાર કરી આચાર્ય શ્રી **લાડોલ** ગયા. ત્યાં ત્રણ માસ સુધી
" આયંબિલ અને છઠ્ઠ અઠ્ઠમની તપશ્ચર્યા કરી **સૂરિમંત્રનું** ધ્યાન કર્યું.
" યક્ષરાજે પ્રગટ થઈ પોતાના પટ્ટ ઉપર **વિદ્યાવિજય** ગણિને સ્થાપન
" કરવાની સૂચના આપી, અંતર્ધ્યાન થયા. ધ્યાન પૂર્ણ થયું, ત્યારે સંઘે
" સારો મહોત્સવ કર્યો. ત્યાંથી ઇડર આવ્યા, ત્યાં તેના અમાત્ય તથા રાજાએ
" સારૂં સન્માન આપ્યું. ત્યાંથી **તારંગા** પધાર્યા. **તારંગાની** યાત્રા કરી
" **સૌરાષ્ટ્ર** દેશ તરફ વિહાર કરી તેમાં પ્રવેશ કર્યો. પવિત્ર તીર્થ શ્રી **શત્રુંજય**
" ગિરિરાજની યાત્રા કરી **ઉના** ગયા. **ઉને** જઇને આચાર્ય મહારાજની
" પાદુકાને પ્રણામ કર્યા, અને ત્યાં પ્રતિષ્ઠા કરાવી. પુનઃ શ્રી **શત્રુંજયગિરિએ**
" આવ્યા. ત્યાંથી **ખંભાત** તરફ ગયા અને ત્યાં મહાન્ પ્રવેશોત્સવ પૂર્વક પ્રવેશ
" કર્યો. **અર્હત્ બિંબ પ્રતિષ્ઠાઃ તીર્થયાત્રાઃ અને ગચ્છાચાર્ય સ્થાપનાને**
" પ્રસંગે પ્રસંગે ઉપદેશ આપવામાં આવ્યો. **મલ્લ** નામના ગૃહસ્થે મોટી
" કંકોત્રી લખી તમામ દેશદેશાવરના સંઘોને બોલાવી આચાર્યપદ પ્રતિષ્ઠાનો
" મહોત્સવ કર્યો. **પંડિત** વિદ્યાવિજયને ૧૬૫૬ ના વૈશાખ સુદ ૪ ના
" દિવસે **ઉપાધ્યાય** પદવી અને **આચાર્ય પદવી** આપી. નામ **વિજયદેવ**
" સૂરિ રાખવામાં આવ્યું. તે વખતે **મેઘવિજયજી** તથા **વિજયરાજ**
" પંડિતને ઉપાધ્યાય પદવી આપવામાં આવી.

" તે વખતે **તપાગચ્છના** સાતસો મુનિઓ એકઠા થયા હતા. તેજ
" દિવસે **મલ્લશેઠે** દશહજાર રૂપીયાનો ખર્ચ કર્યો હતો, અને આગલે દિવસે
" **ઠક્કર કિકાશેઠે** આઠ હજારનો ખર્ચ કરી પ્રતિષ્ઠા કરાવી હતી. એકંદર
" વિજય **દેવસૂરિના** આચાર્ય પદ વખતે પચાસ હજાર **મહમદી સિક્કા-**
" **ઓનો** ખર્ચ થયો હતો. ચોમાસુ ત્યાં કર્યું. પછી **પાટણ** ગયા.
" ૧૬૫૭માં પાટણમાં **પારેખ સહસ્રવીરે** ૫૦ હજાર **મહમુદિકા** ખરચીને

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



" **ગચ્છાનુજ્ઞાની નંદીમંડાવી આચાર્ય વંદનાનો** મોટો મહોત્સવ કર્યો. તે
" મહોત્સવમાં **વિજયદેવ સૂરિજીને વિજયયસેનસૂરિજીએ** ૭ લાખ છત્રીસ
" હજાર ગ્રંથપ્રમાણ આગમની વાચનાની આમ્નાય આપી.

" **નંદીસૂત્રની** વાચના આપી. અને પહેલાં **ગૌતમસ્વામીના** વખતમાં
" એકવીશસો અક્ષરનો **સૂરિમંત્ર** હતો, જે હાલ માત્ર અગ્યાર શ્લોક
" પ્રમાણ જ છે, જે ગચ્છાધિપતિને જ ગણવાનો હોય છે, તે આપ્યો. ત્યાંથી
" **શ્રી શંખેશ્વરજી**ની યાત્રાએ ગયા. ત્યાં લુંપા મત છોડીને આવેલા
" **મુનિનયવિજયને ઉપાધ્યાય** પદ આપ્યું. તેવામાં **મારવાડમાંથી**
" બારસો ગાડા, સાતસો સુભટ, પાંચશો ઉંટ સાથે સંઘપતિ **હેમરાજ**
" **શેઠનો સંઘ શ્રી શત્રુંજયની** યાત્રાએ જતો હતો તેણે **શંખેશ્વરમાં**
" આવીને આચાર્યશ્રીને વંદના કરવાનો લાભ લીધો. ત્યાંથી વિહાર કરી
" **ગુરુ** મહારાજ **અમદાવાદ** આવ્યા. ત્યાં **પુણ્યપાળના** ભાઈ **ઠાકરસીએ**
" ૭૫ અંગુળ **પ્રમાણુની શ્રી સંભવનાથ** પ્રભુની પ્રતિમા કરાવી અને
" **પુણ્યપાળશેઠે** એકાવન અંગુળની **શીતળનાથ** ભગવાનની પ્રતિમા કરાવી.
" તેના ત્રીજા ભાઈ **નાકરશેઠે** ૫૧ અંગુળની **સંભવનાથ પ્રભુની**
" પ્રતિમા કરાવી. એ ત્રણે પ્રતિમાની આચાર્ય મહારાજે પ્રતિષ્ઠા કરાવી.
" તે વખતે **ખંભાતના તેવજીઆ પારેખે** પણ ૬૩ અંગુળની **સ્તંભન**
" **પાર્શ્વનાથની** પ્રતિમા કરાવી. તેની પ્રાણ પ્રતિષ્ઠા **પુણ્યપાળશેઠના**
" મહોત્સવ વખતે આચાર્ય મહારાજ પાસે કરાવી હતી. જે પ્રતિમા
" **ખંભાતમાં સાગોટાના પાડામાં ચિંતામણિ પાર્શ્વનાથના** મંદિરના
" ભોંયરામાં છે. ચોમાસું સૂરિજીએ **અમદાવાદમાં** જ કર્યું. અને સંઘજીશેઠે
" ઘણી પ્રતિમાઓની સાથે **અજીતનાથ** ભગવાનની મોટી પ્રતિમાની
" પ્રતિષ્ઠા કરાવી. ત્યાર પછી **શ્રીપાળ નામના ઝવેરીએ** ૬૭ આંગળની
" મોટા ફણાવાળી **શ્રી જગવલ્લભ પાર્શ્વનાથ**ની પ્રતિમા કરાવી. તેજ
" વખતે **ખંભાતના સોની તેજપાળ** જેમણે **શત્રુંજયના મુખ્ય ચૈત્યનો**
" ઉદ્ધાર કરાવ્યો હતો, તેણે **આદિનાથ** ભગવાનની ૭૧ **અંગુળની** પ્રતિમા
" કરાવી, **પાટણના** બીજા **તેજપાળ સોનીએ** ૪૭ અંગુળની **સુપાર્શ્વનાથ**
" ભગવાનની પ્રતિમા કરાવી. તે વખતે **સૂરશેઠે આબુનો** મોટો સંઘ કાઢયો.
" અને રસ્તામાં દરેક શ્રાવકને ઘેર ઘેર એક એક **મહમુદિકાની** પ્રભાવના કરતા
" ગયા. **આબુતીર્થને મોતીઃ શ્રીફળઃ સોનામહોરોઃ રૂપીયાઃ** અને **ફુલોઃ**
" વડે વધાવી યાત્રા કરી. ત્યાંથી **શિરોહી નારદીપુર વરકાણા** વિગેરેની અને
" **રાણકપુરજીની** યાત્રા કરી, પાછા સ્વદેશ આવ્યા. તે ૧૬૫૯ માં **એકંદર**
" **૧ લાખ મહમુદિકાનો** ખર્ચ કર્યો હતો.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત્યાંથી વિહાર કરી સૂરિજી **રાધનપુર** ગયા, ત્યાંના **પહાડખાન** રાજા
" સામે આવ્યા. તે વખતો વખત ઉપદેશ સાંભળવા સૂરિજી પાસે આવતા
" હતા. ત્યાં ઉપધાનઃ બાર વ્રતોઃ ઉચ્ચારવા વિગેરેના મોટા મોટા ઉત્સવો
" થયા ને ચોમાસુ પૂર્ણ કર્યું. ૧૬૫૯ માં **ડીસાની** બાજુમાં **રામસેણ**
" ગામમાં મંદિર ખંડિત થવાથી તેની અંદરની **આદીશ્વર ભગવાનની**
" **તેજસ્વી** પ્રતિમાને ભોંયરામાં મૂકાવી હતી. તેની યાત્રાએ **રાધનપુરથી**
" સંઘ લઇને **અહેમદાવાદ નગર પારકર પારપાર** વિગેરેમાં **પાર્શ્વનાથ**
" ભગવાનની અને **દ્વિપદ્રમાં શાન્તિનાથ** ભગવાનની યાત્રા કરી **રામસેણ**
" પહોંચ્યા. યાત્રા કરી પાછા **રાધનપુર** આવ્યા. ત્યાં **વાસણ જોડાએ** મોટો
" પ્રતિષ્ઠા મહોત્સવ કર્યો અને આચાર્ય મહારાજે નવા જિન મંદિરમાં
" પ્રતિષ્ઠા કરાવી. ત્યાંથી વિહારકરી **વડાવળી** આવ્યા. ત્યાં **વિજય દાનસૂરિજી**
" અને **વિજય હીરસૂરિજીની** મૂર્તિઓ ભરાવી, બે સ્તૂપ કરાવ્યા. સંઘે
" મોટો ઉત્સવ કર્યો. અને આચાર્ય મહારાજે **હીરસૂરિની** પાદુકાની સ્તુતિ
" કરી. ત્યાંથી **પાટણ** ગયા. ત્યાં **વિજય સૂરિએ** પહેલા **વિજય**
" **હીરસૂરિજીએ મેઘજી** ઋષિને પ્રતિબોધ આપીને દીક્ષા આપી હતી, તેના
" **લુંપાક** મતના પ્રશિષ્ય **મેઘરાજ મુનિને** પ્રતિબોધ આપી **વિજયસેન**
" **સૂરીશ્વર** મહારાજનો પરીચય કરાવ્યો. અને જ્યારે તેનું મન સંપૂર્ણ
" **સંતુષ્ટ** થયું, ત્યારે તેણે **વિજયદેવસૂરિજીએ** પાસે દીક્ષા
" લીધી. પછી **કુણગરના** સંઘની વિનંતિથી ત્યાં જઇ ચોમાસું
" કર્યું. તે દરમ્યાન **પાટણનો** સંઘ પણ ત્યાં વંદન કરવા
" આવ્યો હતો. ચોમાસું પૂર્ણ થયે **શ્રી શંખેશ્વરજીની** યાત્રા કરી **પાટણ**
" આવી ફાગણ ચોમાસું કર્યું. પછી **ખંભાત** તરફ વિહાર કર્યો.
" રસ્તામાં **ચાણસ્મા** ગામે **ભટેવા પાર્શ્વનાથની** યાત્રા કરી. **અમદાવાદ**
" થઇ **ખંભાત** ચોમાસું કર્યું અને ત્યાંથી **અકબર** નામના **પરામાં**
" પ્રતિષ્ઠા કરી. ત્યાંથી **ગંધારમાં** ચોમાસું રહ્યા અને ત્યાંથી **સુરત** તરફ
" ગયા. રસ્તામાં **ભરૂચ** અને **રાંદેર** થઈ નાવડાથી **તાપી** નદી ઉતરી
" **સુરત** પહોંચ્યા. ત્યાં જિનપ્રતિમાઓના પ્રતિષ્ઠા મહોત્સવો શ્રીસંઘે કર્યા અને
" ચોમાસું કર્યું. ત્યાંથી **શત્રુંજય** આવ્યા. **ખંભાત, અમદાવાદ, પાટણ,**
" **દીવ, જામનગર** વિગેરેના સંઘો પણ ત્યાં આવેલા હતા. ત્યાંથી **દીવના**
" સંઘના આગ્રહથી **ઉના** પધાર્યા. **ગુજરાતના** સંઘના આગ્રહથી **વિજય-**
" **દેવસૂરિજીને ગુજરાત** તરફ વિહારની આજ્ઞા આપી. **ઉનામાં શ્રી વિજય-**
" **હીરસૂરિજીની** પાદુકાને ત્રણ પ્રદક્ષિણા દઈ પ્રણામ કર્યા. **દીવમાં મેઘજી**

For Private and Personal Use Only

"પારેખ બહુ પ્રસિદ્ધ અને ત્યાંના રાજાના માન્ય મિત્ર મોટા શેઠ હતા,
"અને તેની સ્ત્રી લાડકી નામે હતા, ત્યાંના યવન રાજા પણ તેને
"બહુ માન આપતા હતા. બન્નેએ દીવના સંઘ સાથે ઉનામાં આવીને
"પ્રતિષ્ઠા કરાવી. ઉનામાં અમુલાં શેઠાણીએ પણ પ્રતિષ્ઠા કરાવી. દીવના
"કાળા શેઠે ઉનામાં આવી પ્રતિષ્ઠા કરાવી. એ ચોમાસું ત્યાં થયું. ત્યાંથી
"પ્રતિષ્ઠા કરવા માટે દેવ પાટણ ગયા કે જ્યાં પૂર્વે ચંદ્રપ્રભ પ્રભુના
"વખતમાં ચંદ્રશેખર રાજાના પુત્ર ચંદ્રયશાએ સમોવસરણમાં બીરાજમાન
"દોઢસો ધનુષની ઉંચી ચંદ્રકાન્ત રત્નમય જીવિત સ્વામી શ્રી ચંદ્રપ્રભ
"પ્રભુની પ્રતિમા કરાવી અને મોટું મન્દિર બંધાવી ચંદ્રપ્રભાસ નામનું
"નગર પ્રસિદ્ધ થયું હતું. જેનું નામ પાછળથી પ્રભાસ તીર્થ તરીકે
"પ્રસિદ્ધ થયું હતું અને હાલ દેવ પાટણ કહેવાય છે. ત્યાંના અમરદત્ત,
"વિષ્ણુ, અને લાલજી નામના શેઠોએ આચાર્ય મહારાજ પાસે પ્રતિષ્ઠા
"કરાવી. ત્યાંથી વિહાર કરી દીવની પાસેના દેલવાડામાં આવ્યા. ત્યાં પણ
"હીરજી શેઠ અને શોભાં શ્રાવિકાએ પ્રતિષ્ઠા કરાવી. ફીરંગી (પોર્ટુ-
"ગીઝ) લોકોએ કાજી (જજ્જ), કેપ્ટન, કલાસ, પાદરી વિગેરેએ મળીને
"દેલવાડા આવી "આપને કોઈ પણ જાતની હરકત નહી આવે"
"એવું વચન આપીને દીવ આવવા વિનંતી કરી. અને "જો આપ ન
"આવી શકો તો આપના શિષ્યને મોકલો" એટલે નંદિવિજય વાચકને
"ત્યાં મોકલ્યા. તેમના ઉપદેશથી તેઓ ખુશ થયા. ત્રણ દિવસ રહીને નંદિ-
"વિજય વાચક પુનઃ દેલવાડા પાછા આવ્યા. ત્યાંથી દીવના સંઘ સાથે
"જુનાગઢની યાત્રા કરવા ગયા. ભરત ચક્રવર્તીના પુત્ર સુરાષ્ટ્ર
"કુમારે વસાવેલા જુનાગઢમાં આવ્યા, ત્યાં અકબર બાદશાહના માન્ય
"ઉમરાવ આજમખાનનો પુત્ર ખૂરમ નામનો સુબો હતો. તે જુલ્મી
"હતો, તો પણ આચાર્ય મહારાજના ઉપદેશથી શાન્ત થયો. સુબાએ
"આચાર્ય મહારાજનું બહુમાન કર્યું. પછી ગિરનાર ઉપર ચડીને સિદ્ધ-
"રાજ જયસિંહે અને સજ્જન મંત્રિએ કરાવેલા પૃથવીજય નામના
"મંદિરમાં નેમિનાથ ભગવાનની યાત્રા કરી. જુનાગઢમાં આવી
"ખુરમની સાથે ખુબ ધર્મ ગોષ્ટી કરી. પછી દેવ પટ્ટણમાં આવીને આચાર્ય
"મહારાજ ચોમાસા માટે રહ્યા. દીવનો સંઘ ક્ષેમકુશળ ઘેર પ્હોંચી ગયો.
"દેવ પાટણમાં બે પ્રતિષ્ઠાઓ કરાવી અને ત્યાંથી દેલવાડા ગયા. ફરીથી
"પણ ફીરંગી લોકોને ગુરુને મળવાની ઈચ્છા થઇ, કેમકે ગયે વર્ષે પોતાના
"શહેરનો સંઘ જુનાગઢ ગયો હતો અને તે ક્ષેમકુશળ પાછો આવ્યો,

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



"ગુરુના પ્રભાવથી સુબા **ખુરમ** તરફથી કોઈ પણ જાતની અડચણ ન
"આવી, માટે અમારે પણ તેવા ગુરુને મળવું જ જોઇએ." એમ વિચારી
"ત્યાંના મુખ્ય ગવર્નરે **પાદરી** મારફત વિનંતિપત્ર લખાવ્યો. પરંતુ
"**મેઘજી** શેઠની સંમતિ વિના ગુરુ ગયા નહીં. છેવટે મેઘજી શેઠે ગવ-
"ર્નરના હાથનો પત્ર લખાવી આચાર્ય મહારાજને વિનંતિ કરાવી. અને
"આચાર્ય મહારાજ પણ "સંઘની પ્રભાવના થશે તથા સંઘ ઉપર **ફીરંગી**
"લોકોનો જુલ્મ ઓછો થશે, અને ધર્મની પ્રભાવના થશે" એમ જાણી
"**દીવ** તરફ ગયા. તેના અધિકારીએ ખાસ પોતાના કિંમતી **મછવા**
"મોકલ્યા તેમાં બેસી સમુદ્ર ઉતરી તેઓ દીવમાં જાહેર મહોત્સવ પૂર્વક
"પ્રવેશ્યા, ત્યાં ઘણીજ જૈન ધર્મની પ્રભાવના થઈ, ત્યાંના લોકોએ રત્નોથી
"ગુરુને વધાવ્યા. તેના અધિકારીને જૈનશાસનની સત્યતા સમજાવી, તેથી
"તે લોકો પણ ગુરુને વશ થઈ ગયા. કેટલાક દિવસ રહી ધર્મપ્રભાવના
"કરી તમામ નગર લોકો અને ફીરંગી લોકો વળાવવા આવ્યા. ગુરુ મહારાજે
"**દેલવાડામાં** આવી ચોમાસું કર્યું. ચોમાસું ઉતર્યે **જામનગરના રાવલજામે**
"ગુરુ મહારાજને વિનંતિ કરવા શ્રાવકોને મોકલ્યા હતા, તે વિનંતિને માન
"આપી **જામનગર** તરફ જતાં કેટલાક દિવસ **ભાણવડ** રહ્યા, ત્યાંના સંઘે
"મોટો ઉત્સવ કર્યો. ત્યાંથી **હાલારમાં** થઈ **જામનગર** પહોંચ્યા, અને
"ચોમાસું કર્યું. ત્યાં **રાવળજામ** પણ ગુરુ મહારાજનો ધર્મોપદેશ સાંભળવા
"વારંવાર આવતા હતા. ચોમાસું પૂર્ણ થયે—**અમદાવાદ, પાટણ, ખંભાત,**
"**રાધનપુર** વિગેરે સંઘોના આગ્રહથી તે દરેકના શહેરના સંઘો સાથે શ્રી
"**શંખેશ્વરની** યાત્રા કરી, **અમદાવાદ** ગયા. સંઘમાં બાર વરસનો મોટો
"વિરોધ હતો, જે કોઈ કાઢી શકતું ન હતું, તે વિરોધ દૂર કરી તે ચોમાસું
"પૂર્ણ કરી બે પ્રતિષ્ઠા માઘ મહિનામાં અને બે પ્રતિષ્ઠા વૈશાખમાં કરાવી.

"આ પ્રમાણે અનેક સુકૃત્યોથી જૈન શાસનની પ્રભાવના કરી, પચાસ
"પ્રતિષ્ઠાઓમાં અનેક જિનપ્રતિમાઓની પ્રતિષ્ઠા કરાવી, **શત્રુંજય તારંગા**
"**નારંગપુર, શંખેશ્વર, પંચાસર, રાણપુર, આરાસણ, વિદ્યાનગર**
"વિગેરે સ્થાને જીર્ણોદ્ધાર કરાવ્યા. આઠ ઉપાધ્યાય પદવી, દોઢસો પંડિત-
"પદવી આપી અને બે હજાર સાધુ સાધ્વીની પરિષદ્ યુક્ત **અકબર**
"બાદશાહે આપેલું **સવાઇ હીરવિજયસૂરિનું** પદ ધારણ કરતા, વીશ વરસ
"સુધી ગચ્છની બરાબર વ્યવસ્થા સાચવી ૫૮ વર્ષ ચારિત્ર પાળી ૧૬૭૧ ના
"જેઠ વદ ૧૧ ના દિવસે ખંભાત પાસેના **અકબરપરામાં** ૬૭ વર્ષની
"ઉમરે **કાળધર્મ પામ્યા.** પરંતુ તે વખતથીજ શ્રી **વિજયદેવસૂરીશ્વરજી**

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



"મહારાજનો પ્રતાપી સૂર્ય શાસન ગગનાઙ્ગણના મધ્ય ભાગમાં "આરૂઢ થઈ ચૂકયો હતો."

આ પ્રમાણે અતિ સંક્ષેપમાં **શ્રી વિજયસેનસૂરીશ્વરજી** મહારાજના જીવનની રેખા અત્રે બતાવવામાં આવી છે. ૯ વર્ષની નાની ઉમ્મરમાં દીક્ષા લઈ ૬૭ વર્ષ લગભગની વૃદ્ધ ઉંમર સુધી ચારિત્રપાળી જે પવિત્રતા અને પ્રભુત્વ સંપાદન કરેલ હશે, તેનું મૂલ્ય આંકવાને કોણ સમર્થ છે? ૧૬૦૪ માં તેઓશ્રીનો જન્મ હતોઃ **વિજયપ્રશસ્તિ** કાવ્યની સમાપ્તિ વખતે તેઓશ્રી વિદ્યમાન છે. એમ કવિ **जयति** પદ મૂકીને સૂચન કરે છે. તે વખતના જન સમાજમાં કલ્યાણકર અને હિતચિંતક અગ્રેસરનેતા અને સર્વ પ્રાણીઓના શરણભૂત તેઓ હતા. એ વાત અમેજ કહીએ છીએ, તેમ નથી પરંતુ તેમનું ચરિત્ર લખનાર **શ્રી ગુણવિજય ગણિ** મહારાજ પણ સાક્ષાત્ નજરે જોયેલો અને અનુભવેલો પોતાનો અનુભવ વર્ણવે છે કે—

**श्रीभारतं खण्डमखण्डमेतत् प्रोल्लासयन्पङ्कजिनीश इव ।**
**तमो हरन् विश्वगतं समन्ताच्चिरं जयत्येष गुरुर्गरीयान् ॥सर्ग २१-६७.**

"ચારેય તરફથી આખા વિશ્વનું અંધારું-અને અજ્ઞાન દૂર કરનારા સૂર્ય જેવા આ મહાન્ ગુરુશ્રી આ અખિલ ભારત વર્ષને આનંદ પમાડતા અત્યારે ખૂબ વિજય પામે છે."

**૨૧-૬૭ વિજયપ્રશસ્તિ કાવ્ય.**

આવા મહાપુરુષો ખરેખર તે વખતે ભારત વર્ષની અપૂર્વ પ્રતિષ્ઠા રૂપ હતા. તેઓનો પ્રતાપ અને પ્રભાવ અપૂર્વ હતો. જનસમાજ ઉપર સર્વોપરિ અસર હતી. તે વખતના દેશી વિદેશી રાજાઓ અને તેના કર્મચારિઓ તેઓ તરફ અપૂર્વ માન ધરાવતા હતા. તેમાં શંકાને લેશ માત્ર સ્થાન નથી. તેનો લાભ એકલા જૈનોનેજ મળ્યો છે, એમ માનવાને કારણ નથી, પરંતુ તેનો લાભ હિંદની સમસ્ત પ્રજાને અને અનેક પ્રાણીઓને મળેલો છે. મુસલમાન બાદશાહીની ચૂડમાંથી તેઓના પ્રભાવે ઘણી રીતે પ્રજાનો બચાવ થઈ શકયો છે. અને આર્ય પ્રજાની મહાન્ રચનાને અનેક રીતે લાગવાના ફટકામાંથી પ્રજાનો બચાવ થઈ શકયો છે. પ્રજાનું આખું તંત્ર મહાજનના હાથમાં હોવાથી મહાજનોના પૂજ્ય આવા આચાર્યોએ મહાજનોના વહીવટ માટે ઘણા સરળ માર્ગો કરી આપ્યા છે, અને હિંદુ રાજાઓના બળમાં પણ તેથી વધારો થવા પામ્યો હતો. **અકબ્બર બાદશાહ** જેવા મુત્સદ્દી બાદશાહોએ ભલે હિંદુ પ્રજાનો ચાહ મેળવી પોતાની સત્તા મજબૂત બનાવવાની યુક્તિ માટે કદાચ આવા મહાત્માઓનો પરિચય કર્યો હોય, એમ **"તુષ્યતુ દુર્જનઃ"**

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ન્યાયે ઘડીભર કલ્પી લઈએ; પરંતુ આ મહાત્માએ પણ તેના ઉપર પોતાનો અપૂર્વ પ્રભાવ પાડયોજ છે, અને જીવદયાની બાબતમાં જે અસર તેના દિલ ઉપર પાડી છે, તેમાં **અકબ્બરની મુત્સદ્દીગિરી** ચાલી શકી નથી. તે વખતનો જન સમાજતો આચાર્યશ્રીનોજ પ્રભાવ મુખ્યપણે અનુભવી શકયો છે. પોતાની પ્રજામાં આવા મહાપુરુષો હોવાને માટે મગરૂર થયો છે. ત્યારે પાછળના વખતમાં ભેદનીતિના ભોગ બનેલા અને દેશની ખરી આંતરસ્થિતિના અજ્ઞાત કેટલાક સુંઠને ગાંઠીયે ગાંધી બનેલા પરદેશીઓના હથિયારરૂપ કેટલાક ઓચ્છા પાત્રોએ **વનરાજ ચાવડો : વીરમતી નાટક : પાટણની પ્રભુતા : ગુજરાતનો નાથ** : વિગેરે લખી ભારતના રત્નોની નિંદા કરી ખરેખર સ્વદેશ બાંધવોનો દ્રોહજ કર્યો કહી શકાય :

પૂર્વે પોતપોતાની માન્યતામાં કટ્ટર ચુસ્ત છતાં પ્રજામાં પણ તેવો ભેદ ન્હોતો કે "પ્રજાનું ભલું જૈન કરે છે, કે બ્રાહ્મણ ?" સૌ એકી અવાજે એકંદર પરસ્પરના સહકારમાં રહેતા હતા.

એ પણ સમજાય છે, કે–" મુસલમાની બાદશાહોનું દુસ્સહ તેજ આમ પ્રજાના જીવનમાં એટલું ઉંડું અને સ્થાયિ ન્હોતું ઘુસ્યું કે જેટલું આજની યુરોપીય પ્રજાનું તત્વ યુક્તિથી ઘુસ્યે જાય છે. દેશની સંપત્તિ ઉપર માઠી અસર આટલી ન્હોતી થઈ, કેમકે સંપત્તિને બહાર જવાનું ન્હોતું. બ્હારથી અહીં આવવાનું હતું, તેમજ યાંત્રિક બળની અજમાયેશ ન્હોતી. જેથી દેશીઓના ધંધા સામે સ્થાયિ નુકશાનકારક કોઇ પણ તત્ત્વો ન્હોતા. ધરતીકંપના આંચકા જેવા આંચકા આવીને શાંતિ થઈ જાય ને થોડું ઘણું જે કાંઈ તત્કાળ નુકશાન થવું હોય, તે થઈ જાય. પાછું પૂરાઈ જાય, એટલુંજ હતું, કારણુ એકજ હતું કે–રાજાઓની નબળાઇને લીધે રાજ્યતંત્રનો વહીવટ મુસલમાન બાદશાહોના હાથમાં જવા છતાં પ્રજાના હિતસ્વી નેતાઓ પોતાની શક્તિ–સામર્થ્ય અને પ્રભાવ વધારવા પ્રયત્નો કરી રહ્યા હતા. ઈસ્લામ પ્રજા ઉપર આર્ય પ્રજાની સરસાઇની છાપ પડે તેને માટે અનેક પ્રયાસો પ્રજામાં ચાલુ હતા. આજના કરતાં અનેક ગણું વધારે ત્યારે પ્રજામાં ખમીરય હતું. પ્રજામાં ટકી રહેવાની તાકાત હતી, એવા સમયમાં જૈનમંદિરો તથા દેવસ્થાનો તુટયા છે. તેજ પ્રમાણે ઘણા બચી ગયા છે, ટકી રહ્યા છે. તેમાં પ્રજાનું ખમીર પણ ખાસ કારણભૂત બન્યું છે. આજની ખુબી તો એવી છે કે–પ્રજાનો અમુક ભાગજ પોતાના

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિનાશના ખત ઉપર પોતાનેજ હાથે પ્રગતિને નામે બડી રાજીખુશીથી સહી કરે છે.

પરદેશીઓએ શરૂઆતમાં ઠામઠામ પોતાના **નેટીવ એજન્ટો** ગોઠવ્યા હતા, ત્યાર પછી **દેશી અમલદારો** અને ત્યાર પછી દેશી કેળવાયેલા **દેશનેતાઓ અને કોન્ગ્રેસ** વિગેરે તેઓની બનાવેલી સંસ્થાઓ મારફત પોતાના હેતુઓની અજબ સિદ્ધિ કરી છે.

લગભગ હિંદના તમામ રાજ્યોનું તંત્ર **પાર્લામેન્ટની સીસ્ટમ** ઉપર ચાલે છે. આર્ય રાજ્યપદ્ધતિ કોઈ કોઈ સામાન્ય અપવાદ શિવાય લગભગ નામ શેષ રૂપમાંજ જણાય છે, ત્યારે મુસલમાની બાદશાહોના વખતમાં રાજવહીવટમાં કેટલાક પારિભાષિક શબ્દો **ફારસી** વપરાતા હતા. છતાં પદ્ધતિ લગભગ એકજ હતી. આથી કરીને, ધર્મસંસ્થાઓને સર્વોપરિ માન આપવામાં આવતું હતું, અને તેનું સર્વોપરિત્વ સર્વ કોઈને કબુલમંજુર હતું.

આજે વેપાર પણ લગભગ દેશીઓના હાથમાંથી ચાલ્યો ગયો છે. ખેતી અને પશુ ઉછેર જવાની શરૂઆત થઇ ચૂકી છે. ખેડુતોને અને રબારી વિગેરે લોકોને ફરજીઆત ભણાવવા લઈ જઇ તેઓને અનાયાસે મળતું તેતે ધંધાનું જ્ઞાન બંધ પડવાની તૈયારીમાં છે, અને મોટા પાયા ઉપર **પરદેશી હળો અને ડેરી કંપનીઓ મારફત** ખેતી અને પશુ ઉછેર પરદેશીઓના હાથમાં જવાની તૈયાર થઈ રહ્યો છે.

જ્ઞાતિઓ અને સમાજો તથા ધાર્મિક સંસ્થા એની સામે **જ્ઞાતિસંમ્મેલનો-કોન્ફરન્સો-એસોશીએશનો-મંડળો** વિગેરે મારફત મૂળ સંસ્થાઓ ઉપર ધાપડી ગયો છે, તે સંસ્થાઓનો પાર્લામેન્ટ સાથે સીધો સંબંધ ગોઠવવાના સંજોગો નજીક આવતા જાય છે. ને હવે તેના મુખ્ય મતથકો હાથ કરવાને યુવકોને આજથી ઉશ્કેરાટ મળ્યા કરે છે, તેઓ પ્રૌઢ અને વૃદ્ધ થતાં સુધીમાં અનેજુના વૃદ્ધો રીટાયર થતાં સુધીમાં ઘણીખરી મુદ્દાની સંસ્થાઓ ઉપર કાબુ મેળવી શકશે-આજના કાયદાનો તેઓને ટેકો છે.

મ્યુનિસીપાલીટીઓ, મહાજનો અને સ્થાનિક પ્રજાની મૂળ સંસ્થાઓની સત્તાઓ ઉપર કાપ મૂકે છે, તેના પ્રમુખો વિગેરે પણ તેનું બળ જમાવવા પ્રયાસ કરે છે, ત્યારે તેઓના ધ્યાનમાં નથી રહેતું કે-"આમ કરવામાં આપણી પ્રજાનુંજ મૂળબળ તુટે છે."

જૈન **મેયરોની** બહારના પ્રદેશોમાં નિમણોક થાય, તેની ખુશાલી જાહેર કરીને આપણે એ પદ્ધતિને ટેકો આપી કાયમી વંશ વારસાના નગરશેઠો અને પટેલોની સત્તા અને એમની પદ્ધતિને તોડવામાં ટેકો આપીએ છીએ, તે આપણા ભાઇઓ જોઈ શકતા નથી.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શ્રી હીરસૂરિજી મહારાજ અને વિજય સેનસૂરિજી મહારાજ શ્રીએ મેળવેલા અનેક બાદશાહી ફરમાનોને પુરાતત્ત્વની જાળ મારફત અપ્રામાણિક ઠરાવી દઇ આપણને કોર્ટોમાં લડવાનું આપણી જ કોન્ફરન્સો મારફત ઉશ્કેરાવીને શીખવ્યું છે. આપણી તે તે જ્ઞાતિઓ પોતાની જ્ઞાતિમાં ગમે ત્યાં કન્યાઓ આપી શકતી હતી. તેના ગોળો બંધાવવાનું પણ આપણને એ સંસ્થાઓ મારફત શીખવ્યું. અને હવે "લડોમા, જે હોય તે આપીને પણ સમાધાન કરો. અને ગમે ત્યાં ગમે તે ન્યાતમાં ગમે તે પ્રજામાં કન્યા આપવામાં હરકત નથી." એવા ઉપદેશો પણ એ સંસ્થાના માર્ગના જ ધ્યેયમાં છે. સબબ કે પ્રથમ આપણને એ સંસ્થાઓએ આપણા રૂઢ વિચારોને વધારે પડતું ઉત્તેજન આપીને આપણને છાપરે ચડાવ્યા. અને હવે એવી સંકડામણમાં મૂકયા કે–આપણે આપણો રૂઢ સિદ્ધાંત મૂળથીજ છોડવાની જરૂર ઉભી થાય. એટલે હવે આપણને પટકવા પણ એ સંસ્થાઓ જ તૈયાર છે. એમ કેટલીયે બાબતોમાં બન્યું છે.

વેપાર આપણા હાથમાં રહ્યા નથી. બીજા ધંધા હતા તે પણ રહ્યા નથી. ગામડાના ધંધા છુટી ગયા છે. શહેરમાં પણ હવે આપણે માટે જગ્યા નથી. ત્યાંથી પણ કરો–ઇન્કમટેક્ષ વિગેરે વિવિધ કરો–અને ખર્ચાળપણાને લીધે વેપારી લાઇસન્સના કાયદાઓના અમલની શરૂઆત, આપણી મૂડીની અચ્છત વિગેરે કારણોથી ખસવું પડે છે. "વેપાર ખીલે છે, એવી બૂમો મારી અદ્ધર ચડાવીને તદ્દન વેપાર ઝુંટવાઇ ગયો છે. નોકરી પણ મળે તેમ નથી. પાછળની કોમનાઓને મળ્યા પછી કદાચ પાછળના ખાતાંની મળે. મજુર-મહાજન, સ્ત્રી સંઘ, વિગેરેને આગળ લાવીને એવો ઘોંઘાટ થાય છે કે આપણે આપણો અવાજ જ કાઢી શકતા નથી. જો કે આપણા અવાજમાં દરેક વર્ગોનું હિત છે. પણ તે અજ્ઞાન વર્ગ તે સમજી શકતો નથી. ગામડાઓમાં પણ રાજ્ય સત્તા સહકારી મંડળીઓ મારફત ધીરધાર શરૂ કરવાની તૈયારીમાં છે. એટલે ત્યાંથી પણ થોડા જ વખતમાં મોટી જૈનયુવકોની સંખ્યાને છુટા થઇ બહાર આવવું પડશે. નિશાળોમાં ભણી નવા પરદેશી ધંધાઓના કારખાના અને યોજનાઓમાં નોકરી મળે તો મળે. કેમકે બીજી પ્રજાને મળતા જગ્યાઓ વધે તે આપણને મળે. જેમ જેમ આપણા હાથમાંથી મૂળ ધંધા જતા જાય છે. તેમ તેમ બોર્ડીંગો વિગેરેમાં ભણનારની સંખ્યા વધતી જાય છે, એજ બેકારીનો પ્રત્યક્ષ પુરાવો છે. પ્રથમ આપણા શેઠીયાઓને મોટું માન આપવામાં આવતું હતું, તેનું કારણ એ હતું કે–આપણા હાથમાં પ્રજાની સત્તા જ હતી. હવે તે બીજી કોમોને ભણાવીને તેમને દેશનાયકો બનાવી

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેમને સત્તામાં લાવી સામાન્ય પ્રજાને તેના આધાર ઉપર મૂકવામાં આવતો જાય છે. અને પ્રજા મંડળો વિગેરે મારફત વચ્ચે ફાંસ પડે તેવા કાયદાઓની માંગણી કરાવી પ્રજાને જ નામે તેવા કાયદા કરવામાં આવે છે, કે પછી એ ફાંસ નીકળે જ નહી. લાંબોકાળ ટકીને બન્નેય વર્ગોને કાયમ જુદા જ રાખ્યા કરે. આમ સંગઠન કરવા જતાં પ્રજાનું સંગઠન મજબૂત રીતે તૂટે છે.

સીવિલમૅરેજ વિગેરે કાયદાઓથી જ્ઞાતિઓની સત્તા ઉપર ફટકો પડે છે. દીક્ષાના કાયદાથી ધર્મ સંસ્થાઓ ઉપર ફટકો છે. ટ્રસ્ટ રજીસ્ટ્રેશનના કાયદાઓથી આપણું ટ્રસ્ટપણું કે આપણા આચાર્યોનું સહજ ટ્રસ્ટપણું અને આખરે આપણી કોઇ પણ સંસ્થા ઉપર આપણી સત્તા ટકવા પામતી નથી.

બેકારી ઉત્પન્ન થવાના સાધનોને કોન્ગ્રેસ ટેકો આપે છે. એટલે તેઓની ઉપરની અંધ શ્રદ્ધાએ કોમી કોન્ફરન્સો વિગેરે પણ એજ રસ્તો લે છે. કોઇ કહેવા જાય કે "ભાઇઓ હાલના કેટલાક કાયદાઓથી આપણી કોમોને ગામડામાં નુકશાન થાય તેમ છે." તો આપણા જ ભાઇઓ કહેશે કે "એવી નજીવી બાબતમાં અમે કોન્ગ્રેસની વચ્ચે આવવા માંગતા નથી. આપણે ખેડુતોને બહુ લુંટયા છે. તો તેના ફળ ભોગવવા પડે જ ને?" પરંતુ એ લુંટના દાખલા પણ જેટલા હાલની કોર્ટો પછી મળશે, તેટલા પહેલાં મળે તેમ નથી જ. અને ખરી રીતે તો લુંટ ન થાય, તેવો માર્ગ લેવો જોઇએ. પરંતુ આખી કોમના હાથમાંથી ધંધો જ ચાલ્યો જાય અને આખી કોમ કાયમ બેકાર પડે. તેવા માર્ગને શી રીતે ઉપેક્ષિત કરી શકાય? પરંતુ આ બાબત તેમના આગેવાનોનું અજ્ઞાન જ હોય છે. ખરી રીતે આજની સંસ્થાઓમાં પ્રજાના સેવાને નામે ઘણાજ બિન અનુભવી અને પરિસ્થિતિના અજ્ઞાન મારફત જ પરદેશી લોકો પોતાની ઇચ્છાસિદ્ધિ કરી શકે છે. એવા કૃત્રિમ આગેવાનો છેતરાય એટલે પ્રજા છેતરાય, એમ ભૂલાવો ખવડાવવા માટે તેઓને આગેવાન તરીકે માન આપવામાં આવે છે. "અમુક પ્રદેશમાં અમુક દેશનેતા ગયા. અને ત્યાંના સ્થાનિક આગેવાનો મળ્યા અને બધી પરિસ્થિતિ સમજાવી." આવું છાપામાં વાંચીએ, એટલે હસવા સાથે દીલગીરી થાય કે-" વાહ! વાહ! જેને કશી પ્રજાની પરિસ્થિતિની ખબર નથી, માત્ર ધોળી ટોપી પહેરીને અને લગભગ મુચ્છો મુંડાવેલી થોડી વ્યક્તિઓમાં બેચાર વકીલો અને બેચાર નવજુવાનો હોય. અને તે બધાંના

For Private and Personal Use Only

આગેવાનો બની ગયા. જેનો કોઇ ભાવ પણ ન પૂછતું હોય. ખરા આગેવાનો તો દરેક ઠેકાણે જુદાજ હોય છે. આમ તૂતેતૂત ચાલ્યા કરે છે. ખોટી રીતે છાપાંઓ નવા આગેવાનો ઉભા કરી બેસે છે. બિહાર વિગેરેમાં ધર્મસ્થાનોના વહીવટ માટે સરકારી કાયદો થયો છે. જ્યાં આપણા મુખ્યમાં મુખ્ય ધર્મ સ્થાનો છે. આ તરફ સંઘના પરંપરાના વહીવટના બિન અનુભવી જૈન આગેવાનોની કમીટી વહીવટ શરૂ કરે. અને તે ગોઠવણથી સરકારીતંત્ર સંતોષ જાહેર કરે. તેનો અર્થ એ થયો, કે " જુના અનુભવી વહીવટદારો વચ્ચેથી ખસી ગયા. એટલે હવેથી તેઓ બહુ જુની વાતને પકડી જુના હક્કો રક્ષવા આગળ આવી શકે નહી, કેમકે-નવી કમીટી જ કામ કરે, તે પણ ધીમે ધીમે નવી સીસ્ટમ ઉપર આવતી જાય. અને જેમ જેમ તે કામ કરતી જાય, તેમ તેમ સત્તા તેને સહાનુભૂતિ આપતી જાય. તેમ તેમ નવી કમીટી સત્તાના હાથ નીચે વધુને વધુ જતી જાય. અને આપણી સત્તાના મૂળ તત્ત્વો નબળા પડતા જાય. આમ બહારથી સત્તા દેખાય, પરંતુ અંદરના તંત્રમાં એવી ગોઠવણ ગોઠવાતી જાય કે આપણે માત્ર મુનિમો જેવા જ વહીવટદારો હોઇએ. હવે આ તરફ ખેતી સુધારણાના અંગે મશીનરી હળ હાંકવાની અનુકૂળતા માટે નાના ખેતરના મોટા ખેતરો કરવાની સ્કીમનો સ્થાનિક અમલ કરવાનો વખત આવ્યે જાય છે. ત્યારે વચ્ચે આવતા **દેવસ્થાનો, સંતોના પગલાં** વિગેરે રહેવા દેવા કે કાઢી નાખવા ? આ પ્રશ્નનો નિકાલ સરકારી અમલદારોની કમીટી તેની પાછળના બળનો ખ્યાલ કરીને કરે. જો પાછળ પ્રજાની નબળાઈ દેખાય તો કાઢી નાંખવાનું કહે, નહીતર પણ મુશ્કેલીઓથી ટકાવી શકાય.

બીજી તરફ કોન્ગ્રેસના નેતાઓના મનમાં એવું આર્થિક ભૂત ભરાયું હોય છે. કે- દેશહિતને માટે સરખી નજરથી દરેકને જોવાની એવી મગજમાં પીચકારી મારી હોય છે કે- " દેશની ખેતીની ઉન્નતિના સર્વના લાભના પ્રશ્ન ખાતર આવા કામી ધર્મસ્થાનો દેશે જતા કરવા જોઈએ." પરંતુ સ્થાનો ટકાવમાં દેશનું અને પ્રજાનું ક્યાં ભલું છે ? તેની તેઓને માલુમ નથી હોતી, અને કમીટીમાં તેવાજ માણસો લગભગ હોય, એટલે કાયદેસર કર્યું ગણાય અને આ મહત્ત્વના સ્થાનોને ભવિષ્યમાં ફટકો પડી જવાના સંજોગો ઘેરાતા જાય. ખરી રીતે આપણે એવી લાગવગ લગાડીને પાર્લામેન્ટ મારફત સ્પેશ્યલ કાયદો કરાવી લેવો જોઇએ કે " ખેતી, વેપાર, શહેરરચના ગ્રામ્યરચના કારખાનાનો વિકાસ, કે એવા કોઈ પણ કાયદાને લગતી ગમે તે કલમ એવી

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હાય છતાં આપણા કલ્યાણક સ્થાનો તીર્થથાનો કે કોઇપણ પવિત્ર ભૂમિઓને અસર ન કરે." નહીંતર કાળાન્તરે તે સ્થાનો ઉપર મોટા ફટકો પડવાના સંજોગો ઘેરાતા જાય છે. આજે કેટલાક ત્યાંની દુરસ્તી કરાવવાને વિચાર કરી રહ્યા છે. પરંતુ તેમાં ત્યાંની સત્તાની મંજુરી માંગવી પડે. કદાચ મંજુરી મળે પણ ધર્મસ્થાનોની રક્ષા માટે નહીં. માત્ર આજની આપણી શરમને લીધે મંજુરી મળે. પરંતુ આજે મંજુરી માંગવાનું આપણે સ્વીકાર્યા પછી આપણી ભાવિ સંતતિને મંજુરી આપવામાં કેટલાં ગલ્લાં તલ્લાં કરવાની રીત અખત્યાર થશે, તે આપણને ભયરૂપ નિવાડવા મોટા સંભવ છે. જ્યારે પ્રથમ આવી મંજુરી લેવાની આવશ્યકતા જ નહોતી, મંજુરી લેવા સામે કદાચ વાંધો ન લઇએ. પરંતુ તે મંજુરી પૂરતો જ અંકુશ નથી. ભાવિમાં "જેની મંજુરી માંગવી પડે છે તે વાસ્તવિક રીતે આપણું નથી." એવો તેનો ગર્ભિત અર્થ થવાનો છે. ધારો કે ભવિષ્યમાં રાજ્યક્રાંતિ થાય, પરંતુ તે દરમ્યાન આવા મુખ્ય સ્થાનો ઉચ્છિન્ન થઇ જાય, તો તેનું શું થાય? માટે ઉપેક્ષા કરવા જેવું નથી.

આપણે આજે આપણી અંદરોઅંદર એવા ગુંચવાઇ ગયા છીએ કે આપણી આજુબાજુ શું ચાલી રહ્યું છે? અને તેનું અમૂક શું પરિણામ આવવાની તૈયારીમાં છે? કેટલુંક આવી ચૂકયું છે? અને કેટલુંક આવવાની તૈયારીમાં છે? તેનો ખ્યાલ રહેતો નથી. અરે આજે આપણા કેટલાક સ્થાને સ્થાનના આગેવાનોના કેટલાક યુવાન પુત્રો જ વિચારથી આ વાતો સમજતા નથી. અને તેનાથી વિરોધી વિચારો ધરાવી જુદાજ વિચારો કરતા હોય છે, જે સાંભળતાં જ આપણી મિલ્કતો અને પવિત્ર સ્થાનો માટે ખરેખર આપણને ભય લાગે.

સંઘોમાં લગભગ ઠામઠામ કુસંપ, ઉચ્છરતી પ્રજાની ધર્મ વિમુખ વૃત્તિ, પરાશ્રિત ધંધા, પરાશ્રિત બુદ્ધિ: શારીરિક નબળાઇ, અનારોગ્યકર ખાન-પાન: અવ્યવસ્થિત જીવન ચર્યા. આર્ય જીવનમાં બુદ્ધિભેદ કરનારા સાહિત્યનો પ્રચાર. લાયબ્રેરીઓ વિગેરમાં એવોજ પ્રચાર. પ્રાચીન પઠન પાઠન લેખન લખાવન પદ્ધતિનો હ્રાસઃ નવા જમાનાના વિજ્ઞાનને પ્રજામાં આગળ લાવવા, પ્રાચીન સાહિત્ય અને તેના ભંડારોને કબજે કરી ધીમે ધીમે પ્રજામાંથી અદશ્ય કરવા અથવા તેની પ્રસ્તાવનાઓ મારફત ભળતા જ વિચારો રજુ કરી પ્રજાને ભૂલાવામાં નાંખવાની રીતો આ બધું ભય ઉપજાવનારૂં નથી કે?

સર્વ ધર્મ સમભાવની વાતો કરી ચુસ્તતા ઢીલી કરાવી ખ્રીસ્તી

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધર્મ તરફ આકર્ષવાની મોટી મોટી યોજનાઓ, તેમાં આપણા મોટા આગેવાનોનો સહકાર લેવાજ **વિશ્વધર્મ પરિષદ** અને **સર્વ ધર્મ પરિષદો** મારફતની સજ્જડ યોજનાઓ ચાલે છે.

દેશી રાજાઓને માત્ર પેલેસ ખર્ચ આપી એક સદ્‌ગૃહસ્થ જેવા આપણામાંના જ ભાઇઓ બનાવી રહ્યા છે, અને મહાજનો મારફતની પ્રજાકીય સત્તાઓ વચ્ચે પડીને, ઘણા લોકોનો મતાધિકાર રદ કરનાર ખોટા પ્રતિનિધિત્વથી રચાયેલી નવી **પ્રજા પરિષદો** મારફત જે સત્તા મળે, તે માંગીને જુની સત્તા જે કાંઇ છે, તે ગર્ભિત રીતે ગુમાવવાની ઘટનાના અંગભૂત બનીને આપણા જ ભાઇઓને હાથે આપણા પગમાં કુહાડો મારવા દઇએ છીએ. પ્રજાને બાજુએ રાખીને દેશી રાજાઓએ ગમે તેવી કરી આપેલી સંધિઓને વગર વિચાર્યે પ્રજાને નામે કબુલાત આપણા ભાઇઓ જ આપી બેસે છે. તે સર્વનો આપણે કેમ વિચાર નથી કરતા ? પ્રજાને બાજુએ રાખીને કરેલી સંધિઓમાં તે વખતે પ્રજા કબુલ થઇ શકે તેમ નહોતી. માટેજ તેને બાજુમાં રાખવામાં આવી હતી, અને તેવા કરારો આજ સુધી ગુપ્ત રાખવામાં આવ્યા હતા. તે વગર વિચારની કબુલાતો ઉપર પોતાનું મત્તું મારી આપવા પ્રજાનો એક ભાગ તૈયાર થયો છે, તેથી આપણે કેમ ચેતતા નથી ?

કોન્ગ્રેસ ભારત બહારની પ્રજાઓને અહીંના વતની તરીકે સ્વીકારવાનું ત્રિરંગી વાવટાને વંદન કરાવવા મારફત પ્રજામાં મોટા પાયા ઉપર પ્રચાર કાર્ય કરે છે. અને અહીંના લોકોને બેકાર થઇને ધંધા માટે બહાર જવું પડે, તેવી સ્થિતિ ઉત્પન્ન કરી છે. પરદેશીઓની સંતતિ વધે તેવી સ્થિતિ અહીં ઉત્પન્ન કરવામાં આવે છે, અને અહીંના વતનીઓના સંતતિનું નિયમન કરાવી અંકુશમાં રાખવા કોન્ગ્રેસના આગેવાનોની મદદથી કાયદાઓ થવાની હિલચાલો ચાલી રહી છે.

સરકાર સીધી રીતે હાથ ન નાંખી શકે તેવા ધાર્મિક, સામાજિક, કૌટુંબિક અને સ્ત્રી પુરુષના વ્યક્તિગત જીવનની તેમજ પ્રજાકીય અને સાંસ્કૃતિક તત્ત્વોમાં ડખલ કરનારા કાયદાઓ કદાચ **ઇંડિયા ઓફીસે** ખરડા રૂપે તૈયાર કરેલા હોય, તે કોન્ગ્રેસના પ્રધાનોને સત્તા ઉપર લાવવાથી પસાર થઈ ગયા છે. અને પ્રજા તેની સામે ચૂં કે ચાં ન બોલી શકે તેવી સર્વ ઉપર ઉપરથી વિધિસરની ઘટના બની ગઈ છે.

તેટલા માટેજ કોંગ્રેસવાદીઓને પ્રધાનો નિમવામાં આવ્યા હતા. તેમજ શ્રી વૉઇસરૉય ગવર્નરો જેવા મોટા અમલદારો તેમના કામની પ્રશંસા કરતા હતા. તેથી તો તે પ્રધાનો ખૂબ ફૂલાતા હતા. અને વારંવાર રાજીનામાની ધમકીઓ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બ્હાર પાડતા હતા. કેમકે-તેમને થોડા વખત પછી ખસેડવાના હતા તો જ. વારંવાર ધમકીઓ દેવરાવીને એક વાર સાચું પાડી દેવાનું હતું. એટલે છેવટે પ્રધાનો ખસી ગયા છતાં, એક સેંકડનો પણ વિલંબ થયા વિના સરકારી તંત્ર જેમનું તેમ ચાલતું રહ્યું. જરાય તેમાં ખટકારો ન થયો. દેશ સેવાને નામે ટુંકા પગારોથી નવા હોદ્દાઓ કાઢી તેમાં રોકી લઇ એટલા થોડા ખર્ચથી સેંકડો યોજનાઓ તેમના મારફત પસાર કરાવી લીધી છે. હાલ તો એ યોજનાઓ માત્ર કાયદા પોથીઓમાં દાખલ જ થઈ છે, પરંતુ તેના અમલ થતી વખતે આપણી પ્રજાના અને સંસ્કૃતિના મૂળ તત્ત્વો ઉપર ખુબી પૂર્વક શાંત પણ તિક્ષ્ણ કાતરો આપોઆપ ફરી વળશે. જેની કોઇને કલ્પના યે આવશે નહીં, અને આ દેશ સાથેનું હાલની પ્રજાનું હિતસ્વી તંત્ર છુટું પડી જઇ, બીજી પ્રજાઓનું હિત સંકળાઇ જશે. આપણી પ્રજાની પવિત્રતા, સત્તા, ધર્મ સંસ્કારઃ ઘણા જોખમમાં આવી ગયા હશે. **વિજયહીર સૂરીશ્વરજી** મહારાજ અને **શ્રી વિજયસેન સૂરીશ્વર** મહારાજના સમય કરતાં આજનો સમય વધારે ભય ભરેલો જણાય છે. છતાં આજે આપણે છુટા છુટા વર્ગમાં છુટી છુટી સંસ્થાઓને નામે વ્હેંચાઇને આપણા પગમાં જ કુહાડા મારી રહ્યા છીએ, જે પરમ આશ્ચર્ય છે. સૌ પોતપોતાની જ ધૂનમાં ચકચૂર છે. આજની આપણી સામેની તમામ સ્થિતિનો પ્રજાકીય સંરક્ષણની દૃષ્ટિથી આપણે સ્વતંત્ર વિચાર કરવાની જરૂર છે. અને તેને માટે યોગ્ય અને ધોરણસરના શક્ય અને પરમ હિતાવહ જે માર્ગ હોય, તે લેવાને ક્ષણવારનો વિલંબ કરવો જરાપણ યોગ્ય નથી. આજે આપણે દિવસે દિવસે વિષમ વિટંબણામાં ઉતરતા જઇએ છીએ. આપણી અને આપણી સંસ્કૃતિની આજુ બાજુ ઘેરો ઘલાતો જાય છે. તેમાંથી આજની કોઈ પણ કોન્ગ્રેસ વિગેરે સંસ્થા, ધારાસભાઓ, પ્રજાપરિષદો, કોમી કોન્ફરન્સો, એસોશીએશનો, સોસાઈટીઓ, મંડળો, પત્રો, વર્તમાનપત્રો, શિક્ષણ સંસ્થાઓ, વિગેરે કોઈપણ બચાવી શકે તેમ નથીજ. પરંતુ એ સર્વ ઉલટા આપણને વધુ ગુંચવે તેમ છે. આપણને થતું નુકશાન આપણી નજરે ચડવા દેતા નથી, તેમજ તેમાંથી બચવાનો માર્ગ પણ સૂજવા દેતા નથી. ઉલટા ભળતેજ રસ્તે આપણી બુદ્ધિને દોરી જાય છે. આવો બુદ્ધિ ભેદ થાય, માટેજ આ જમાનાના પરદેશી ધુરંધરોએ એવા સાધનો લોકસમાજમાં લોકપ્રિય બનાવ્યા છે. માટે તેવા લાક્ષાગૃહ જેવા આશ્રય સ્થાનોથી સો ગાઉ દૂર ન્હાસીને, પચ્ચાસ વર્ષ પહેલાના ભૂતકાળ અને પચ્ચાસ વર્ષ પછીના ભવિષ્ય કાળનો બુદ્ધિથી અનુસંધાન કરીને બચાવના સંગીન માર્ગો શોધી કાઢવા જોઈએ. આજની સભાઓ ફસાવવાની જાળો છે, અને આપણી

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મૂળ સંસ્થાઓને તોડવા માટે લોકોને આકર્ષિ બુદ્ધિભેદ કરવાનું સાધન છે. આપણી મૂળ સંસ્થાઓમાં બંધાયેલા આપણને એવી સભાઓમાં જવાને કાયદેસર હક્ક નથી, છતાં જેઓ જાય છે, તેઓ સ્વદ્રોહ કરે છે. એ ઝેરી જાળો છે.

હવે પછીના ભવિષ્યમાં આર્યપ્રજાએ અને તેના ધુરંધરોએ કઇ દિશાએ પ્રજાની દોરવણી કરવી તેને માટે કંઇક કર્તવ્ય દિશા જણાવીએ છીએ. જો કે હવે પછીના વખતમાં કેટલાક પરદેશી લોકો બહારથી આવીને આપણી સંસ્કૃતિના વખાણ કરતા અને તેના વિકાસમાં મદદ કરતા તથા તેના ઉંડા રહસ્યો સમજાવતા આપણને માલૂમ પડવાના છે. પરંતુ તે કોઇનો વિશ્વાસ કરવાનો નથી. કેમકે—આપણું હિત આપણે જેટલું સમજી શકીયે તેટલું બીજા ન સમજી શકે. કદાચ તેનો પ્રતિકાર ન કરી શકાય, તો પણ વિશ્વાસ તો નજ કરવો. આપણા જ કેટલાક ભાઈઓને એજંટ બનવાનો પ્રસંગ આવ્યો હોય, તો તેનો પણ વિશ્વાસ કરવો નકામો પડશે. માટે પૂરા સાવચેત રહેવું પડશે. કેમકે—આપણી સંસ્કૃતિ આપણા જીવનમાંથી ખસી જાય, અને બીજા તે ધારણ કરે, તેથી આપણો આર્ય પ્રજાનો તો નાશજ થાય. આપણી સંસ્કૃતિ આપણો જીવન પ્રાણ છે. આપણને આપણા જીવનમાં રહેવા દઇને બીજા સ્વીકારે તો વાંધો નહીં, પરંતુ સ્વાર્થી પ્રજાઓ તેમ કરી શકે નહીં.

## આ જમાનામાં આપણી રક્ષક કર્તવ્ય દિશા

આર્ય સંસ્કૃતિને ટકાવી રાખવા માટે: આર્યસંસ્કૃતિ અને પૂર્વાપરના પવિત્ર સંસ્કારની વારસદાર આર્યપ્રજાને જગતમાં ટકાવી રાખવા માટે: આર્ય સંસ્કારોને-વળગી રહેલી: આદર્શ માનતી: અને જીવનમાં સાક્ષાત્ જીવતી: ભારતીય આર્ય લોહીવાળી: પ્રજાનો ભારતવર્ષ સાથેનો સંબંધ કાયમ ટકાવી રાખવા માટે: અને સર્વના અતિમહત્વના કેન્દ્રભૂત જૈનશાસન: તેના તત્ત્વો: તેનો પૂર્વાપરનો વહીવટ: અને તેના મુખ્ય મુખ્ય પ્રતિકો ટકાવી રાખવા માટે: મુનિ મહારાજાઓએ પણ દર્શનશુદ્ધિના કર્તવ્યની દૃષ્ટિથી હાલના જમાનામાં હવે પછી કઇ જાતના ઉપદેશો આપવા તરફ વલણ ધરાવવું જોઇએ? અને આર્ય પ્રજાનું તદનુકુળમાનસ ઘડવા માટે કયા પ્રયત્નોને સમ્મત થવું જોઇએ? તે વિષે અત્યન્ત ટુંકાણમાં નિર્દેશ કરી આ ઉપોદ્ઘાત સંપૂર્ણ કરીશું.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ૧. ધર્મ:

**૧. પોતપોતાના ધર્મને વળગી રહેવું**—દરેકે પોતપોતાના ચાલુ ધર્મમાં સ્થિર રહેવું. ધર્મ પરિવર્તન કરવું કે કરાવવું નહીં. વિશ્વધર્મ પરિષદ્ઃ સર્વધર્મ પરિષદ્ઃ સંપ્રદાયોની એકતાઃ વિગેરે પ્રવૃત્તિને ટેકો ન આપવો. પરંતુ તે તે ધર્મવાળાઓની સમગ્ર પ્રતિનિધિભૂત જે જે મુખ્ય સંસ્થા હોય તેની સાથેની એકસંપી સંધિથી જાળવી રાખવી. તેમાં પ્રથમ આર્યધર્મો અને પછી અનાર્ય ધર્મોવાળાઓ સાથે, સર્વ આર્યધર્મોની નીતિને અનુસરીને તેમાંની મર્યાદાપ્રમાણે એકસંપી જાળવવા ગોઠવણ કરવી. શ્રીસંઘની પૂર્વાપરની નીતિ અને મર્યાદાઓ ધ્યાનમાં લઇ તેના સિદ્ધાંત અનુસાર જ તાત્કાલિન સંજોગોમાં વર્તવું.

**૨. ધર્મોની ક્રિયામાં રત**—દરેક ધર્મવાળાઓ પોતપોતાની ધાર્મિક માન્યતામાં રહીને પોતપોતાના ધર્મની ક્રિયા કરશે, તોજ તે તે ધર્મો ટકી શકશે. ક્રિયા–આચાર છોડશે, કે પ્રજાના જીવનમાં બીજા ભળતાજ આચારો–વર્તનો દાખલ થઈ જશે ને પોતાના મૂળ ધર્મોનો પોતામાંથી લોપ થઇ જશે. કોઇપણ ભાવનાને જીવવાનો આધાર પ્રજાના રોજના જીવનમાં વણાયેલી તેની ક્રિયા ઉપર છે.

**૩. ધર્મના ચાલુ પર્વો–અને આચારો**—ધર્મના ચાલુ પર્વો–અને આચારો વિગેરે હોય, તે મૂળ પદ્ધતિ પ્રમાણે ચાલુ રાખવા, નવા ઉમેરવા નહીં. જયંતી માત્રનો ત્યાગ થવો જોઈએ.

**૪. નવામત–પંથ ન પાડવા.**—નવા નવા મત–પંથ–જમાવવા નહીં. અને જમાવવાનું વાતાવરણ કોઇ ઉત્પન્ન કરે, તો ખુબીથી ઉત્પન્ન ન થવા દેવું. ગમે તે મૂળ વર્ગમાં રહીને તેની મર્યાદાને અનુસરીને ભલે પોતાને ગમે તે બીજા કોઈપણ મૂળ વર્ગની ક્રિયા બીજાની ટીકા કર્યા વગર કરે. તેની સામે વાંધો લેવાનો ન હોય. જીવનમાં ધર્મ જોઇતો હોય, તેણે, પોતાની જેના ઉપર શ્રદ્ધા હોય, તેનીજ ક્રિયા તો કરવીજ જોઈએ.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**૫. જૈનધર્મના અંગો-ટકાવવાના મુખ્ય પ્રતિકો**-કરેમિ ભંતે સૂત્રઃ પંચાંગીની માન્યતાઃ શત્રુંજય તીર્થઃ ચોવીશેય તીર્થંકરોને પૂજ્યદેવ માનવાની ભાવનાઃ પાંચ પ્રતિક્રમણુઃ પર્યુષણા પર્વઃ સંવત્સરી પર્વઃ ક્ષમાપનાની પત્રિકાઓઃ કલ્પસૂત્રઃ સાંવત્સરિક જાહેર પ્રતિક્રમણુઃ આયંબીલની ઓળીઃ અયાન્ત્રિક તીર્થયાત્રાના સંઘ કાઢવાઃ કાયમી બચાવ માટે આગમો લખાવવાઃ નવા પ્રતિમા અને મંદિરો ભરાવવાઃ તે તરફ પૂજ્યબુદ્ધિઃ સાધુ-સાધ્વી વર્ગ તરફ પૂજ્યતાઃ કલ્યાણુક ભૂમિઓની વાસ્તવિક રક્ષાઃ સામાયિક વિગેરે ક્રિયાઓની ચાલુ પ્રવૃત્તિઃ ધાર્મિક સાત ક્ષેત્રોની રક્ષા અને ઉપદેશઃ સાધર્મિક વાત્સલ્યોના જમણુઃ દેશી ચોપડાની સાંગોપાંગ પદ્ધતિઃ સંઘના પૂર્વાપરના બંધારણુઃ સકળ સંઘના એક આચાર્ય પ્રતિનિધિઃ પ્રાચીન શાસ્ત્રો ગોખીને મોઢે કરીને ભણુવાઃ ચાલતી આવતી પરંપરા પ્રમાણેજ તેના અર્થ સમજવાઃ મેંબરોને બદલે કાર્યવાહકો નીમીને કામ કરવાની પદ્ધતિ ટકાવી રાખવીઃ ગુરુઓ મારફતજ ખાસ ધર્મોપદેશ સાંભળવોઃ મુખ્યપણે ઉપાશ્રયમાં જ વ્યાખ્યાન ચાલુ રાખવાઃ સંયમી-ક્રિયાપાત્રો અને તપસ્વીઓની ભક્તિઃ શ્રાવકોમાં અનુકમ્પ્યતાની ભાવનાનો અભાવઃ ચતુર્વિધ સંઘની અપૂર્વ સંસ્થા તરફ સંપૂર્ણ વફાદારીઃ જ્ઞાતિઓની પવિત્રતા અને પરંપરાના વહીવટોનો ટકાવઃ અને તેના તરફ વફાદારીઃ જ્ઞાન ભંડારો ઉપર તદ્દન સ્વતંત્ર શ્રી ચતુર્વિધ સંઘનો જ કબજોઃ કમીટીઓ અને ટ્રસ્ટીઓને બદલે કાર્યવાહકોની નિમણુંકથી તીર્થોનો વહીવટ કરવોઃ વિગેરે.

**૬. નુકશાનકારક પ્રતિકો**—પ્રગતિઃ ઉન્નતિઃ આગળ વધવુંઃ વિગેરે વિચારોઃ આધુનિક કેળવણીઃ જૈન શૈલીને અનનુસરતા ગમે તેવા સાહિત્ય તરફ પ્રેમ ઢળવોઃ યાત્રાને બદલે ટુર-મુસાફરીની ભાવનાઃ આર્યપ્રજાના પૂજ્ય પુરુષોને બદલે સીવીલાઈઝ નેતાઓને માન આપવુંઃ ધાર્મિક ક્રિયાને બ્હાને અવિહિત પ્રવૃત્તિઓ કરવીઃ જયંતી વિગેરે નવા પર્વોઃ એસોશીયેશનઃ કોન્ફરન્સઃ મંડળોઃ વિગેરે નવી સંસ્થાઓઃ બહુ મતવાદઃ પત્રકોનો ખાસ વહીવટઃ પર્વોની આરાધનામાં અંતરાય પાડનારી જુદીજુદી પ્રવૃત્તિઓઃ પરંપરાથી ચાલ્યા આવતા કૌટું-

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભિક, સામુદાયિક, અને જાહેર ધાર્મિક રીત રીવાજોનો ત્યાગ કરી નવાનવાનો અમલ કરવો: આગમો છપાવવા: ગીતાર્થ શિવાયના મુનિ મહારાજાઓમાં છાપા વાંચવા-છપાવવાની પ્રવૃત્તિ: પ્રાચીન શોધખોળને નામે શીલ્પ અને કળાને નામે જ પ્રાચીન વસ્તુઓ શોધવી: સાધુ— સાધ્વીની નિંદા અને તેમને સુધારવા સાધુ થયા વિના બહાર પડવું: કલ્યાણક ભૂમિઓના વહીવટો કમીટીને સોંપવા: સામાયિકાદિને બદલે ધ્યાન ધરવાની પ્રવૃત્તિ: નગર મંદિરમાં જવાની આળસે ઘરમાં પ્રતિમાજીની સગવડ રાખવી: ફોટા અને અપ્રતિષ્ઠિત પ્રતિમાઓના દર્શનથી સંતોષ માનવો: સાત ક્ષેત્રો શિવાય બીજા કામોમાં તેમજ મનમાં આવે તેવા ખાતાઓ ઉભા કરવા તથા તેમાં નાણા ધર્મબુદ્ધિથી આપવા: સંસ્થાઓના ફંડમાં પૈસા આપવામાં જ સાધર્મિક વાત્સલ્ય માની લેવું: ક્રિયાના વિરોધ તરીકે જ્ઞાનનો પ્રચાર: નજીવા કારણે સંઘોના વંશવારસાના આગેવાનોને રદ્દ કરવાના વિચારો અને પ્રવૃત્તિઓ: સંઘના બંધારણના સૂક્ષ્મતત્ત્વોનો સ્વીકાર ન કરવો: અને બહુમતીના ધોરણે બંધારણો અમલમાં લાવવા: નાની મોટી નવી નવી સામુદાયિક મંડળાદિ સંસ્થાઓ સ્થાનિક ગામડાઓમાં પણ સ્થાપવી: સાતક્ષેત્રના વિપરીત અર્થ: દ્રવ્ય ક્ષેત્ર કાળ ભાવના વિપરીત અર્થ: અલગ અલગ સંઘાડાના અલગ અલગ પ્રતિનિધિઓના યે પ્રતિનિધિનો અભાવ: ગોખવાની પદ્ધતિ સામે ટીકા અને વિરોધી પ્રચાર:-"ગોખણપટ્ટી" શબ્દમાં નિન્દાનો ધ્વનિ છે. યુરોપીય શૈલી, દૃષ્ટિ અને તેની તુલનાને મુખ્ય રાખીને પ્રાચીન શાસ્ત્રોના અર્થ વિચારવા: આજની ખોટે રસ્તે દોરનારી શોધખોળને ઉત્તેજન અને તેના ઉપર અંધશ્રદ્ધા: કોઇ પણ નાના મોટા કામમાં સમિતિ—કમીટી નિમવાની હાનિકારક ટેવ: ગમે તેના ભાષણો સાંભળવા: ઉપાશ્રયમાં ગમે તેને ભાષણ કરવા દેવું: મુનિ મહારાજાઓએ જાહેર ભાષણ આપવાની પ્રવૃતિને પોષવી: ધર્મ કરતાં આધુનિક વિજ્ઞાનને ચડીયાતું, અને વધુ હાનિકારક માનવાને બદલે હિતકારક માનવું: લાઉડસ્પીકરાદિનો ઉપયોગ: ભક્તિને બદલે સેવાના નામ નીચે ધંધાદારી પદ્ધતિને ઉત્તેજન: શ્રાવ-

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કોને ધાર્મિક અને ધર્માદા ખાતામાં નોકરી રાખવા અને શ્રાવકોએ રહેવું: દહેરાઓમાં પૂજારી તરીકે પગારદાર શ્રાવકો: આશ્રિત ખાતાઓ અને ફંડો ઉપર વધતો જતો શ્રાવકોની આજીવિકાઓનો આધાર: અનાથાશ્રમો બાળાશ્રમો સીદાતાઓ માટે સ્થાયિ ફંડો ઉભા કરવા: ચતુર્વિધ સંઘની સંસ્થાનું અસ્તિત્વ છે? કે નહીં? તે વિષે ઉછરતી પ્રજાની ઉપેક્ષા વધે તેવા પ્રયાસો: જ્ઞાતિઓ તોડવાના પ્રયાસો: અને તોડનાર કાયદાને ટેકા: રોટી બેટી વ્યવહારમાં સેળભેળપણું: જ્ઞાતિના મૂળ બંધારણ ફેરવી કમીટીના રૂપમાં લઇ જઈ બહુમત ઉપર બંધારણો રચવા: જ્ઞાતિના હાલની પદ્ધતિના સમ્મેલનો: જ્ઞાતિઓના બંધારણો તોડવા માટે પ્રથમ ભળતા બંધારણ ઉપર ચડાવી દઇ મૂળ બંધારણ તોડી જ્ઞાતિઓ જ તોડી નાખવાના રસ્તે ચડી જવું: જ્ઞાતિઓ સામે કેસ માંડવા: તેમાં અખેડા થાય તેવા પ્રસંગો ઉભા કરવા: જ્ઞાતિના નિયમો: હુકમો; ઠરાવોને અમાન્ય ગણવા: પોતાની જ્ઞાતિ શિવાય બીજે કન્યા વ્યવહાર કરવા લલચાવું: જ્ઞાન ભંડારોને સાર્વજનિક જાહેર લાઇબ્રેરી તરીકેનું રૂપ ધીમે ધીમે લે, તેવા સ્વરૂપમાં મૂકવા: સકળ સંઘના જ્ઞાન ભંડારોછતાં ખાસ ટ્રસ્ટી તરીકે રક્ષણ કરતા અમુક ગામના જ માનવા: અને ગમે તેમ કરવાની તેની સત્તા માનીને પરંપરાની રીત શિવાય બીજી રીતે સંઘની મર્યાદા [બહારની રીતે] તેનો ઉપયોગ થવા દેવો: પ્રજાનો બુદ્ધિભેદ કરનારી ફરતી કે સ્થાયિ લાઇબ્રેરીઓને ટેકો: નવાપ્રતિમા નવા, મંદિરો, નવા દીક્ષિતો, પરંપરા અનુસાર નવા ગ્રંથોની રચના, વિગેરે સામે વિરોધ: નાશ કરનારી આજની પરિવર્તનની ભાવનાને ટેકો: જમાનાને નામે ચાલતી કોઇપણ વાતને ટેકો:

આમાંના કેટલાક સીધી રીતે નુકશાનકારક છે. ત્યારે કેટલાક બહારથીલાભકારક જણાય છે, છતાં મૂળસ્થિતિથી એક બે પગથિયા ઉતારીને ભળતે જ માર્ગે લઇ જઇ આગળ નુકશાનના રાજમાર્ગ ઉપર ચડાવી દેવાના પ્રાથમિક પ્રયાસ રૂપે હોવાથી પરિણામે નુકશાનકારક છે, તેથી અમે નુકશાનકારક પ્રતિકોનો ટીપમાં એવા કેટલાક મુદ્દાઓ પણ સામેલ રાખ્યા છે. મુનિઓ, ત્યાગીઓ,

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સાધુ, સંતો, બાવાઓ, બ્રાહ્મણો, ફકીરો તરફ તે તે વર્ગમાંના સુધારકોના અભાવનો, અને આર્ય સંસ્કૃતિના રીતરીવાજો, માન્ય દેવો, સામાજિક સ્થિતિ, વિગેરે ઉપર સીધી કે આડકતરી ટીકા કરનારા સાહિત્યનો, પણ આ નુકશાનકારક પ્રતિકોમાં સમાવેશ થાય છે. તે સર્વથી જેમ બને તેમ દૂર ભાગવું. ગમે તેવા લાભોથી લલચાવું નહીં. કેમકે–તેથી પરિણામે અહિત થાય, એ પણ એક જાતનું અસત્ય છે.

## ૨. અર્થ

૧. **ધંધા**—દરેકે પોતપોતાના પરંપરાના મૂળ ધંધાને વળગી રહેવું જોઇએ.

૨. **અર્થશાસ્ત્રના સિદ્ધાંતો**—કોલેજમાં ચાલતા અર્થશાસ્ત્રના સિદ્ધાંતોનો અમલ આ દેશની આખી પ્રજાને મૂળધનથી બેકાર બનાવે છે. છતાં કેટલુંક બાહ્ય ધન ને ધંધા દેખાય છે, તે ક્ષણિક હોઈ ભ્રમણામાં નાંખે છે. કેમકે-તે પરદેશીઓએ ધંધા માટે પોતાનું ધન અહીં રોકેલું છેઃ

૩. **ખરા સિદ્ધાંતોની શોધ**—આર્યપ્રજાના ખેતીઃ વેપારઃ વિગેરે ધંધાઓમાં હજારો વર્ષથી ગુંથાયેલા અર્થશાસ્ત્રના સાધક અને સર્વ પ્રજાને હિતકર અજબ સિદ્ધાંતોની પાકે પાયે શોધ કરી અમલ કરવો જોઇએ.

૪. **આ દેશમાં પાકે પાયે બેકારી ઉત્પન્ન થવાના પ્રતિકો**—બેંકોઃ રોકડાનો વ્યવહારઃ ઉધાર વ્યવહારની ઘટતી જતી પદ્ધતિઃ રાજ્યોને સંસ્થાન કે સ્ટેઈટ ગણવાઃ કેટલાક જકાતી તત્ત્વોઃ વિઘોટીની પદ્ધતિઃ ઘરોના આજના લેખોઃ પરદેશી માલની વપરાશઃ પરદેશી કળાઓને ઉત્તેજનઃ દેશી મિલોના માલનો વપરાશઃ કોન્ગ્રેસ સાથે સંબંધ ધરાવતા ચરખાસંઘ વિગેરે સંસ્થાઓ મારફત વેચાતા શુદ્ધ સ્વદેશી ગણાતા માલનો વપરાશઃ યાંત્રિક ધંધાઓની કેળવણીઃ યાંત્રિક ધંધાઓનો વિકાસઃ યાંત્રિક ખેતીઃ દુધાળા ઢોરને બચાવવા, અને બીજાને ન બચાવવા કે તેને માટે તટસ્થ રહેવુંઃ આજની પશુઉછેરની સંસ્થાઓ કે કેટલ કેમ્પની સંસ્થાઓને ઉત્તેજનાઃ પાંજરાપોળોનો વિરોધઃ ખેડુત અને પશુપાલક પ્રજાને ભણવા માટે કરજ પાડી તેઓને ચાલુ ધંધાથી ચૂકવવાની ગોઠવણનો પ્રચારઃ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વકીલાત, ડૅાકટરી, ઇજનેરી, એગ્રીકલ્ચર, વિગેરે ધંધાના શિક્ષણ આપનારી સંસ્થાઓમાં આપણી દરવર્ષે વધુ ભરતી થવી: સહકારી મંડળીઓનો પ્રચાર: વેઠ તરફ વિરોધ: કંપની સીસ્ટમના ધંધા: પ્રથમની, અને વર્ધાસ્કીમની હાલની કેળવણી: વ્યક્તિગત શાખ અને ધંધાઓને અનુત્તેજન: દરેક ધંધા માટે પરવાના પદ્ધતિ: મુખ્ય પ્રજાને બદલે બહારના યાહુદી: યુરોપીય: વિગેરે લોકોને ધંધાની સગવડો કરી આપવી: હાલના પ્રદર્શનો: વિગેરે આર્યપ્રજામાં હજુ વધુ ને વધુ બેકારી ફેલાવવાના મુખ્ય મત્થકો છે.

**ફેલાતી બેકારીને માત્ર ઢાંકવાના [ અટકાવવાના નહીં જ ]** ઉપાયો—બોર્ડિંગો: અનાથાશ્રમો: બાળાશ્રમો: સસ્તા ભાડાની ચાલીઓ: દવાખાનાઓ: ચેરીટેબલ ફંડો: વિગેરેને બદલે કુરૂઢિઓ: કુરીવાજો: અંધશ્રદ્ધા: અજ્ઞાન: સ્થિતિ ચુસ્તતા: ધર્મગુરુઓ: વિગેરે બેકારીની ઉત્પત્તિના કારણો ન છતાં, તેને ગણવા–ગણાવવા: પટેલોને બદલે તલાટીઓને સીધા યા આડકતરા ગામડાના પ્રમુખો બનાવવા: પ્રાચીન ગ્રામ્ય પંચાયતોને બદલે નવી ગ્રામ્ય પંચાયતો વિગેરે: ધંધામાં ઉત્થલપાત્થલો–એક ધંધામાંથી બીજામાં, બીજામાંથી ત્રીજામાં પ્રવેશ: મહેનત સાથેના ધંધા છુટી જવા: યોગ્ય ખાનપાનની સગવડોનો અભાવ થતો જવો: અને ચિંતાવધતી જવી: શહેરી અને અસ્વાભાવિક જીવન થવા: તેથી ઘતી જતી શારીરિક નબળાઇનો ટોપલો વ્યાયામશાળાઓના અભાવ ઉપર નાંખવો: ખર્ચાળ વ્યાયામશાળાઓ ઉપર આખી પ્રજાના શારીરિક વિકાસનો આધાર રાખતા થવું.

યુરોપની ગોરી પ્રજાઓના આર્થિક હિતો તથા પરદેશી વ્યાપારીઓના આર્થિક હિતો તેમજ ખુદ ઈંગ્લાંડના અને તેની પ્રજાના આર્થિક હિતોના પ્રચારમાં આપણી પ્રજાના હિતો માનીને ભોળા થઇને સહકાર આપવો: હવે પછીના તેઓના સ્વાર્થો માટે ગોઠવાતી એવાજ પ્રકારની આજની પ્રજાકીય અને રાજ્યકીય સત્તાઓના નામ નીચે ચાલતી કોંગ્રેસ વિગેરેની પ્રવૃત્તિઓમાં રસ લેવો: આ દેશમાંના ગોરી પ્રજાના વ્યાપક વસવાટના માર્ગોને ઉત્તેજન આપવાની દૃષ્ટિથી ઈંડિયા ઑફીસ મારફત ઘડાયેલા કાયદાઓને દેશી રાજ્યોની

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને બ્રીટીશ રાજ્યોની કોર્ટો, વકીલો, અમલદારો વિગેરે મારફત આપવામાં આવતો મજબુત ટેકોઃ કે જે કેટલાક ધીમેધીમે આ દેશની હિંદુ શબ્દની વ્યાખ્યામાં સમાતી ભારતીય આર્યપ્રજાના જીવનના અનેક અંગોમાં અને હિતના માર્ગોમાં પ્રવેશ કરી વિઘ્નભૂત બની શકયા હોય છે, અને બનશે દેશી રાજાઓ સામેનો કેટલોક ખોટો પ્રચારઃ લઘુમતી અને યુરોપીય પ્રજાના સ્પેશ્યલ હકકો વિષેના, અને મૂળ એક સંપી તોડી હિંદુ મુસલમાનની આજની કૃત્રિમ એકસંપીના પ્રયાસોઃ સંપૂર્ણ કે સંસ્થાનિક સ્વરાજ્યની સ્થાપનાના પ્રયાસોઃ પ્રથમની કે વર્ધા સ્કીમની કેળવણી બેકારી ઉત્પન્ન કરનાર અને બેકારીથી ઉત્પન્ન થયેલ છે, તેને ટેકોઃ "હિંદુઓએ મસ્જીદ આગળ વાજાં ન વગાડવા, અને મુસલમાનોએ ગોવધના સંબંધમાં હિંદુઓની લાગણીને માન આપવું." એ જાતની મહાજનની એકસંપીની સંધિમાં સ્વતંત્રતાને નામે પાડવામાં આવતા ગાબડાઓની હિલચાલને સારી માનવી : હિંદુઓની સત્તા અને મર્યાદાઓ તોડવા મુસલમાનોને આડે ધરવા ધંધાના તથા સામાજિક કાયદાઓને ટેકોઃ વિગેરે

**આપણી બેકારી ટાળવાના ખરા ઉપાયો**—બેકારી ફેલાવનારા અને ફેલાતી બેકારીને ખોટી રીતે ઢાંકવાના માર્ગો ન હોવા, તેને ઉત્તેજન ન આપવું, એ જ આપણી બેકારી ઓચ્છી થવાના ઉપાય છે. નાનામોટા યંત્રોની મદદથી ખીલતા ધંધા અને હુન્નર ઉદ્યોગો વધુ બેકારી લાવશે. પરદેશગમન આર્યપ્રજાનો આ દેશ સાથેનો વસવાટનો હક નાબુદ કરશે. વિઘોટિની પદ્ધતિ રાજ્ય સંસ્થાને ઉત્પન્નમાં ભાગીદારને બદલે માલિક બનાવે છે. " ખેડે તેની જમીન " એ કામચલાઉ સિદ્ધાંત પરદેશી ખેડુતોને અહીંની જમીન અપાવવા માટે થશે. સહકારીમંડળીયો અને લેણાદેણાના આજના કાયદા પરદેશી મૂડી ખેતીમાં રોકી, દેશી વેપારીઓને નિંદી તે ધંધામાંથી છુટા કરવા માટે જણાય છે.

## ૩. કામ

૧. સંયમ ધર્મ, પૂર્વના મહા પુરુષો, પૂર્વજો, ધર્મગુરુઓ, આર્યભાવનાવાળા માબાપો, પ્રાચીન સંસ્કૃતિ તરફ પ્રેમ, જીવનની

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સાદાઇ, આર્યસંસ્કૃતિને અનુસરતા દરેક પ્રકારના રીતરીવાજો, આર્ય કુટુંબની લજ્જા, શરમ, મર્યાદાઓ પાળવા, વિગેરે તરફ પ્રજાનો આદર ટકાવી રાખવો જોઇએ.

૨. પહેરવેશ, ઘર, શહેર, ગામડાં, વિગેરેની રચનામાં સાદાઈ અને આર્ય રીતભાત અને શિલ્પના નિયમો વિગેરે ટકી રહેવા જોઈએ.

૩. પૂર્વકાળથી ચાલ્યા આવતા લગ્નાદિ વ્યવહારો અને તેના ઉત્સવો ચાલ્યા આવતા રીતરીવાજ પ્રમાણે જ ચાલુ રહેવા જોઈએ.

૪. પુરોહિતોઃ ગોરોઃ ધર્મસંસ્થાઓઃ વિગેરેના જે સંબંધો અને લેવડદેવડ, કર વિગેરે હોય તે ચાલુ રહેવા દેવા જોઇએ. તોડવા નહીં, ને નવી રીત દાખલ થવા ન દેવી. અમલદારોની જાળ ઓછી કરી, પ્રજાનો આર્થિક શોષણનો ભાર ઓચ્છો કરી, વેઠ વિગેરે ચાલુ રહે, તેમાં એટલું નુકશાન નથી. અમલદારોના પગાર પૂરા પાડવા, અને વેઠ બન્નેય બોજા ઉપડી ન શકે. વેઠ શબ્દમાં સહકાર સહાનુભૂતિ સેવા અને મદદનો ભાવ છે, છતાં તેને હાલમાં ખોટા રૂપમાં ગોઠવી નિંદવામાં આવ્યો છે.

૫. જૈન લગ્નવિધિ, ઓછા ખર્ચના લગ્ન, સીવિલ મેરેજ, લગ્ન કરાર, આંતરજાતિય-આંતરરાષ્ટ્રીય લગ્ન, મુક્ત વિહાર વિગેરે, તત્ત્વોને સિદ્ધાન્ત તરીકે ઉત્તેજન આપવા જેવું છેજ નહીં.

૬. આજના-એક પત્નીત્વઃ વિધવા પુનર્લગ્નઃ છુટાછેડાઃ સ્ત્રીઓની આર્થિક સ્વતંત્રતાઃ સ્ત્રીઓના વારસા હક્કઃ લલિત કળાઓની ખીલવણીઃ સ્ત્રીકેળવણીઃ સંતતિનિયમનઃ સ્ત્રીઓના હક્કોઃ બાળલગ્ન નિષેધઃ વૃદ્ધવિવાહ અટકાયતઃ બાળસંરક્ષણઃ મરણપાછળ રડવું કુટવાનો નિષેધઃ આધુનિક અક્ષરજ્ઞાન યોજના અને દારુ નિષધની હીલચાલઃ એ વિગેરે વિચારો તરફ પ્રજા ન દોરાય, તેનો ખ્યાલ રાખવો જોઇએ. અને તેના વાસ્તવિક દોષો અને તેથી પરિણામે આપણી પ્રજાનો નાશ સાબિત કરી આપવો જોઇએ. પરંતુ ચાલતા રીવાજો અને વ્યવહારો ટકી રહે તેમાં કેવી રીતે હિત છે? તે સમજાવવું જોઇએ.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૭. હૉટેલોઃ નાટક-સીનેમાઃ જુગારખાનાઃ પાનસોપારી, અને બીડીની દુકાનોઃ ચાની હૉટેલોઃ શરબત વિગેરે પીણાની દુકાનોઃ આધુનિક યાંત્રિક વાહનોઃ દેશી વિલાયતી દારુઓ-સોડા-લેમન-આઇસક્રીમ-સીગાર-બીસ્કીટો-ડબલરોટી-ડબ્બાના શાક ને દુધોઃ ઇલેક્ટ્રીક સાધનોઃ આધુનિક કપડાઃ કપડાની આધુનિક શિલાઇઃ આજના વેશના મુખ્ય પ્રતિક રૂપ માથે આગળ પડતા વાળ રાખવાઃ તેના આધુનિક વિવિધ સંસ્કારોઃ જાહેર ખબરીયા દવાઓઃ ખુરશી ટેબલ, નૉવેલો, જરૂર વિના લાગણી ઉશ્કેરનારા પુસ્તકો, વ્યવહારમાં પ્રાંતિક માતૃભાષા શિવાયની હીંદી વિગેરે ભાષાઃ આધુનિક ખેલ તમાસાઃ ખોરાકમાં વિટામીનની જ દષ્ટિઃ વિગેરેનો ઉપયોગ પ્રજા ન કરે તેવો ઉપદેશ ચાલુ રહેવો જોઇએ.

૮. ક્ષુધા, પીપાસા, મોજશોખ, રમતગમત વિગેરેની, તથા શૃંગાર, હાસ્ય, કરુણ, અદ્ભુત, ભયાનક, બિભત્સ, વીર, રૌદ્ર, શાંત, એ નવ રસોની, લાગણીઓને વગર જરૂરીઆતે તેમજ જરૂરીઆત ઉપરાંત અને અકાળે ઉશ્કેરણી મળે તેવા કોઇપણ તત્ત્વોથી પ્રજાને દૂર રહેવા ઉપદેશ આપી શકાય, કેમકે-એ બાબત સાવચેત રહેવામાં નહીં આવે, તો પ્રજાની શક્તિમાં હ્રાસ થાય છે, અને લાંબે કાળે પ્રજાનો નાશ થાય છે. કેમકે-તે અનર્થ દંડ છે. પરંતુ યોગ્ય વખતે, જરૂરીયાત પૂરતીજ અને ખરી જરૂરીઆત હોય ત્યારે જ, લાગણી ઉશ્કેરાય તો જ પ્રજા જીવનને વિકાસ મળે છે. લાગણી ઉશ્કેરનાર નૉવેલો વાંચવા, નાટક-સીનેમા જોવા, મશાલાવાળા ખોરાક ખાવા, વિગેરેનો નિષેધ આટલા માટે છે.

૯. લજ્જા, શરમ, મર્યાદા, દાક્ષિણ્યતા, ઉદારતા, અક્ષુદ્ર સ્વભાવ, પરોપકારવૃત્તિ, ધર્મસેવા, ધર્માનુસારી દેશસેવા, તદનુસારી જ્ઞાતિસેવા, તદનુસારી કુટુંબસેવા, તદનુસારી વ્યક્તિગત જીવન, તદનુસારી પ્રતિષ્ઠિત જીવનમાં ટકી રહેવા, પ્રજાને ઉપદેશદ્વારા માર્ગ બતાવવા જોઇએ. કેમકે-સંસ્કૃતિની રક્ષામાં ધર્મની રક્ષા છે. ધર્મ રક્ષામાં પ્રજાની દેશ વિગેરેની રક્ષા છે. અને દેશ રક્ષામાં બીજી અવાંતર રક્ષા એ છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૧૦. કુટુંબની—આબરુ, નાણા પ્રકરણીય શાખ–આંટ, નાત-જાતમાં કુટુંબનો મોભો, ધર્મ, સંસ્કાર, સ્થાવર જંગમ મિલકતો, ધન-સંપત્તિ,ઘર વિગેરે જે વારસાથી મળ્યા હોય,તે ન વાપરતાં દરેક આર્ય વ્યક્તિએ ટ્રસ્ટી તરીકે તેનું સંપૂર્ણ રક્ષણ કરી, ઉત્તરોત્તર વારસામાં સુરક્ષિત રીતે જાય, અને આગળ પણ સુરક્ષિત રહે, તેને માટે સંપૂર્ણ ખબરદારી રાખી આગળ લંબાવવા. અને તેમાંનુ પોતે જે જે વિશેષ ઉપાર્જન કર્યું હોય, તેમાંથી અમુક સ્થાયિ અંશ વારસામાં જાય તેમ કરવું. સંતાનોને શિક્ષણ પણ વારસો સંભાળવાનું અને સંભાળી શકે તેવું આપવું.-શિવાયના સ્વોપાર્જિત વધારામાંથી પોતાના જીવન વિકાસ માટે બીજાઓના જીવન વિકાસમાં, મહત્વના ધાર્મિક સાત ક્ષેત્રોમાં ઉપયોગ કરીને સ્વપર કલ્યાણ સાધી શકાય છે. માટે એ તત્ત્વ તરફ આર્યસંતાનોનું લક્ષ્ય રહેવું જોઇએ.

૧૧. આહાર–ખાન–પાન ભક્ષ્ય ભોજ્ય વિગેરે ચીજોનો ઉપયોગ અને ત્યાગ જૈન ભક્ષ્યાભક્ષ્ય વ્યવસ્થાની દૃષ્ટિથી પ્રજાને શીખવવો જોઇએ. વીટામીનના તત્ત્વોના ખ્યાલથી ન શીખવા દેવો જોઇએ.

પ્રાણિજન્ય પદાર્થોથી મોટે ભાગે બનતા ચુનાની કે પરદેશી ઔષધો પ્રજા ન વાપરે તો સારૂં. તેવો ઉપદેશ આપવો એ કર્તવ્ય છે.

બ્રહ્મચર્યના ફાયદા સમજાવવા કરતાં તેની પ્રતિજ્ઞાઓ લેવડાવવી વધારે ઉત્તમ છે, કેટલીકવાર ફાયદા સમજાવવા જતાં તેનું વિવેચન કરવું પડે, તે બ્રહ્મચર્યની બાબતમાં યોગ્ય નથી.

૧૨. યાન્ત્રિક ધંધાઓના પ્રચારથી, પ્રથમના ધંધામાં જ આખો દિવસ પ્રજાને યોગ્ય વ્યાયામ મળતો હતો, તે મળતો બંધ પડતો જાય છે, બેકારીને અંગે પૌષ્ટિક ખાનપાન અને નિશ્ચિંત જીવન ઘટતા જાય છે, ત્યારે કારખાનાઓમાં વધુ પડતો વ્યાયામ અને ગુંગળામણ ભરેલા જીવનને લીધે લાખો વર્ષથી સંગઠિત થયેલું પ્રજાના મોટા ભાગનું આરોગ્ય નદીના પૂરની માફક વહી જઇ દિવસે ને દિવસે હીનકોટિ ઉપર પહોંચી રહ્યું છે, તેને આજના અખાડાઓ અને વ્યાયામ શાળાઓ ટકાવી શકે તેમ છેજ નહીં. ઉલટા આજે તે નાશ પામતા

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રજાના આરોગ્ય તરફ પ્રજાનું ધ્યાન જવા ન દેતાં પ્રજાને ભૂલાવામાં પાડી આશામાં ને આશામાં ગફલતમાં રાખે છે. અને અમુક સંખ્યાને જ લાભ આપી શકે છે. આ બેકાર દેશ તેના ખર્ચને પૂરો પહોંચી વળી શકે તેમ નથી, વ્યાયામના વિદેશી સાધનોના વકરાની અખાડા પણ એક નાની છતાં ધીમે ધીમે વિકાસ પામતી એજન્સી છે.

પ્રજાની સ્વાભાવિક સ્થિતિમાં અખાડા અને વ્યાયામશાળાઓ પોષક થાય, ત્યારે અત્યારે નુકશાનકારક થાય છે, અને તે આખી પ્રજાના નાશ પામતા આરોગ્યને સાંધવાનો સર્વગ્રાહી ઉકેલ પણ નથી. આ તત્ત્વ માર્મિકજ માણસો સમજી શકશે. માટે જેમ બને તેમ પ્રજાનું સ્વાભાવિક જીવન ન તુટે, તે ખ્યાલમાં રાખવાનું છે. અને તેટલા આરોગ્યથી સંતોષ માનવો. નહીંતર કઢી લેવા જતાં પાટણ ખોવાનો વારો આવશે. માટે તેમાં પ્રજા ન દોરાય, અને "વ્યાયામના અખાડામાં ન જવાથી એકંદર નુકશાન" માનવાની ભ્રમણા દૂર કરવા જેવી છે. આજના અખાડાઓ અને વ્યાયામ શાળાઓની મદદ વિના ઉભતજાત મહેનતના કામથી જો પ્રજા જેટલો વ્યાયામ મેળવે, તો તેની સામે વાંધો લેવા જેવું નથી.

## મોક્ષ.

૧. તત્ત્વજ્ઞાની, પરમતપસ્વી, ક્રિયાપાત્ર, વ્યાખ્યાની, શાસ્ત્રજ્ઞ, લોકજ્ઞ, વિવિધ વિદ્યાવારિધિ, આચારશીળ, વિધિનાખપી, સંસ્કૃતિજ્ઞ, સંસ્કૃતિના રક્ષકઃ વિગેરે જુદી જુદી શક્તિ ધરાવતા મુનિમહાત્માઓ-બાળ, મધ્યમ અને બુધ પાત્રોને મોક્ષમાર્ગની અભિમુખ રાખી શકે, તેવા દરેક સંઘાડાઓમાં હોવા ઇષ્ટ છે.

૨. ઉપાશ્રયના ભૂષણભૂત પ્રતિક્રમણ અને વ્યાખ્યાનમાં, મંદિરના ભૂષણભૂત મહાપૂજાઓ અને ઉત્સવોમાં, જૈનશાસનના ભૂષણભૂત વરઘોડાઓ અને ઉદ્યાપનાઓ વિગેરેમાં, અને જૈન ધર્મની આરાધનાના ભૂષણભૂતપર્યુષણાપર્વ તથા આયંબિલની ઓળીઓ વિગેરેમાં જેમ બને તેમ વધારે જીવો લાભ લે, તેવા દરેક પ્રકારો શાસ્ત્રમર્યાદા અને સંઘમર્યાદાને અનુસરતા તાત્કાલીન સાધનો અનુસાર આકર્ષક બનાવવા જોઇએ. તેના દરેક અંગો બળવત્તર આકર્ષક અને

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વ્યવસ્થિત બનાવવા પ્રથમથીજ એવા પ્રયાસો ચાલુ રહેવા જોઇએ કે જેથી કરીને ઉપર જણાવેલા ભૂષણો દરેક વખતે વધારેમાં વધારે સારી રીતે શોભી ઉઠે. આગ લાગે ત્યારે કુવો ખોદવા ન બેસાય. ખોટી, કૃત્રિમ, અને અમુક વખત પૂરતી કામચલાઉ દેખાવ થાય, તેવો વેગ ન આપતાં ચાલતી સ્થીતિ સ્થાયિ ટકી રહે, તેવી વ્યવસ્થા કરવી.

૩. સામાયિક, પ્રતિક્રમણ, પોસહ, બ્રહ્મચર્યવ્રત, પૂજાઓ, પ્રતિષ્ઠાઓ, અંજન શલાકાઓ, મહાપૂજાઓ, ઉપધાન વહન, તપોનુષ્ઠાનો, ગુરુ સામૈયા, સાધર્મિક વાત્સલ્યો, વિવિધ ધર્મારાધકોની ભક્તિ કરનારા ભોજન પ્રસંગો, કિંમતી પ્રભાવનાઓ, વિગેરેથી શાસનનું વાત્સલ્ય ચાલુ રહે, તેમાંજ દરેક પોતાના ધનનો સર્વોત્તમ ઉપયોગ માને, અને તેને માટે સારી રકમો કાઢે, તેવી સાચી અને હિતકારક સમજ આપવાના સાથે સાથે પ્રયાસો થવા જ જોઇએ.

૪. પૂર્વર્ષિ પ્રણીત શાસ્ત્રોના યોગ્યતાનુસાર પઠન—પાઠન અર્થચિંતન અને તત્ત્વવિચારણા ભર્યા સંવાદો–તત્ત્વવાદો પ્રશ્નોતર વિગેરે નિરંતર ચાલુ રહેવા જોઇએ.

૫. આત્મા, આત્માનું નિત્યત્વ, કર્મ વશ્યતા, તેનો કર્મોથી મોક્ષ, તેના ઉપાયો, વિગેરે વિષે એવા સચોટ અનુભવો અને આભાસ પ્રજામાં ઉત્પન્ન કરવા જોઈએ કે–ભવ નૈર્ગુણ્ય અને સમ્યક્ત્વના શમ સંવેગાદિ લક્ષણો સરસ રીતે પોતાનામાં કેળવવા પ્રજા તૈયાર રહે. આધુનિક વિજ્ઞાન તરફ તેનું મન જરા પણ ન લલચાય, ઉલટું ધર્મ અને આત્મકલ્યાણકર તત્ત્વો તરફ સહજ સિદ્ધ વલણ રહ્યાજ કરે, એવા હસ્તામલકવત્ અનુભવ કરાવી દેવા જોઈએ. ચિત્તમાં એક મોક્ષની જ અભિલાષા રમતી થવી જોઇએ. એજ જીવનનો આદર્શ, તેજ સિદ્ધિ, તેજ સર્વસ્વ, અને તેજ પ્રગતિ સમજાઇ જવી જોઇએ.

૬. હાલની કેળવણી, હાલનું વિજ્ઞાન, હાલની પ્રાચીન શોધખોળ, હાલના કેટલેક અંશે ખોટા ઇતિહાસ ભૂગોળ, હાલનું અર્થશાસ્ત્ર ન્યાયશાસ્ત્ર વિગેરે મોક્ષમાર્ગથી અવળે રસ્તે લઇ જનારા તત્ત્વો

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રજાને તુચ્છ અને અહિતકર લાગે, તેવી રીતે વાસ્તવિક સત્ય છે, તે સમજાવવું જોઇએ.

૭. સર્વધર્મ સમભાવ અને સર્વના તત્ત્વ સમજવાની વાતો, તેવા પુસ્તકો, તેવા ઉપદેશો પ્રજા ન સાંભળે, ન વાંચે, તે ઇચ્છવા જેવું છે. કેમકે-તેમાં પરિણામે કશો વાસ્તવિક સાર નથી, હાલની સાહિત્ય સંસ્થાઓ, ફરતી લાયબ્રેરી, ટાઉનહોલના ભાષણો, વિગેરેને ઉત્તેજન આપવું એટલે આર્ય પ્રજાની બુદ્ધિને ડહોળનારા સાધનો ઉભા કરવા, એ અર્થ થાય છે. પ્રજાનો બુદ્ધિભેદ પણ પ્રજાના નાશનું મોટું કારણ થાય છે.

## ૫. પ્રકીર્ણ

૧ **સીવીલાઈઝેની સંસ્કૃતિ**—એટલે હાલનો જમાનાવાદ. જે નવો ઉત્પન્ન કરવામાં આવેલ છે, તે કુદરતી નથી. જો તે જગત્માં વ્યાપક કરવો હોય, તો આર્ય સંસ્કૃતિ ટકી શકે જ નહીં ? આર્ય સંસ્કૃતિએ ટકવું હોય, તો સિદ્ધાન્ત તરીકે જમાનાવાદને ટેકો આપી શકાય નહીં.

૨ **ઐતિહાસિક શોધખોળ**—આજની ઐતિહાસિક શોધ ખોળ અને પુરાતત્ત્વ આપણને અવળે માર્ગે દોરનાર છે: તેની સાથે આપણા શાસ્ત્રના સત્યો તોળી જોવાની જરૂર નથી. પરંતુ આપણા સત્ય વિધાનોને મદદ મળે તેવી અતિહાસિક શોધખોળો અને પ્રાચીન અવશેષોની શોધખોળ સ્વતંત્ર પણે કરવી જોઇએ. યુરોપીયનોએ શોધેલી ઐતિહાસિક શોધોને સાચી માની તેની સાથે આપણા શાસ્ત્રો ઘટાવીશું, તો તે લગભગ ખોટા માલૂમ પડવાના. આપણા શાસ્ત્રોની બિનાઓ ઉપર દૃઢ શ્રદ્ધા રાખી તેની સાથે સંવાદક શોધ ખોળો શોધી તેની સાથે ઘટાવીશું, તો-આપણા શાસ્ત્રો ખરા લાગશે, અને શાસ્ત્રો ઉપર દૃઢ શ્રદ્ધા ટકી રહેશે. બુદ્ધિભેદ થવાના કારણનો આ સૂક્ષ્મ માનસિક પ્રકાર છે. આપણે એક લખાણ લખીને સામાને સુધારવા આપીયે, તે ગમે તે સુધારો કરે, છતાં મોટે ભાગે આપણી ગોઠવણમાં તે આવી જાય છે. અને તેમના

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લખાણુમાં આપણે ગમે તેટલા ફેરફાર કરીયે, તો પણ આપણે મોટે ભાગે તેની ગોઠવણુમાં આવી જઈએ છીએ. એવા કેટલાક દસ્તાવેજી લખાણો થાય છે. તેવી બારીક ગોઠવણુ આ પુરાતત્ત્વની આજની ગોઠવાયેલી શોધખોળમાં છે. એની એ વાત એવી ખુબીથી મૂકાય, કે તેમાંથી અનુકૂળ કે વિપરીત જેવી અસર ઉપજાવવી હોય, તેવી ઉપજાવી શકાય છે.

૩ **જીવદયા**—આપણી જીવદયા સર્વ પ્રાણીઓને બચાવવાની છે. મનુષ્યોને પણ. પરંતુ મનુષ્ય પ્રાણી બુદ્ધિશાળી હોવાથી પોતાની જાતે પોતાનો બચાવ કરી શકે છે. વળી, સમાજ વ્યવસ્થા, કુટુંબ વ્યવસ્થા, રાજ્ય વ્યવસ્થા, વિગેરે મનુષ્ય જાતે મનુષ્યોના બચાવ માટે ગોઠવેલ છે. માત્ર મુંગા પ્રાણીઓનું કોઈ બેલી ન હોવાથી તેને માટે આપણે અનેક પ્રકારે દયા પળાવીએ છીએ.

ધંધામાં ઉપયોગમાં આવતા ગાય બળદ વિગેરે પાળેલા પ્રાણીઓ જન સમાજના ધંધાનું અંગ હોવાથી લોકો તેનું રક્ષણુ કરે છે. એટલે એ પણુ બોજો આપણે માથે ન રાખતાં માત્ર લુલા લંગડા પૂરતી પાંજરાપોળો મારફત જીવદયાનો પ્રશ્ન ઉકેલીયે છીએ.

ત્યારે આજે યાંત્રિક વાહનો થતાં અને લોકોમાં બેકારી ફેલાતાં પાંજરાપોળના ખર્ચને ન પહોંચી વળવાના કેટલાક દાખલા બનતાં તેને ઈરાદાપૂર્વક "કસાઈખાનાની ઉપમા આપી, ખેતરો રાખી, ઘાસ ઉગાડી, દૂધ વેચી નિભાવ કરવો." વિગેરેથી ધંધાદારીને રસ્તે ચડાવી દઈ તેની દયામયતા ફેરવી નાંખવાના પ્રયાસ થાય છે. પશુ ઉચ્છેર પ્રજાએ ધંધાની દૃષ્ટિથી કરવો જોઈએ. નહીં કે દયાની દૃષ્ટિથી. અને નબળાની રક્ષા દયાની દૃષ્ટિથી થવી જોઈએ. પાંજરાપોળો ખર્ચને ન પહોંચી શકતી હોય, તો તેમો મૂળ રોગ યાન્ત્રિક ધંધા છે. પાંજરાપોળોને

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દૂધાળા ઢોર ઉચ્છેરની ધંધાદારી પશુ શાળાઓ બનાવવા માટે તેને સાર્વજનિક બનાવરાવી હાથમાં રાખવાની ગોઠવણ કરવામાં આવી છે. દયાનું સાચું ઝરણું રુંધાવાનો ભય ઉત્પન્ન થયો છે.

તેમજ મહાજનની અસરથી આખા દેશમાં જીવદયા જુદા જુદા સ્વરૂપમાં પળતી હતી, અને આજે પળે છે. આખા દેશના હિંદુ રાજાઓનો મોટો ભાગ મહિના મહિના સુધી લગભગ પર્યુષણા જેવા પર્વોની આસપાસ જીવદયા પળાવે છે. એટલી મહાજનની [ પ્રજાની ] અસર છે. અર્થાત્ મહાજનની અસર આડે જીવદયાની બાબતમાં રાજ્યના કાયદાઓ આવી શકતા નથી. કેમકે-પ્રજાને માન આપવાની રાજ્યસંસ્થાની ફરજ છે.

ત્યારે-મુંબઇની-જીવદયા મંડળી-અને તેને અનુસરતી સંસ્થાઓ:—

(૧) સમસ્ત મહાજનની પરવાનગી વિના જીવદયાની બાબતમાં રાજ્યના હિંસા પોષક કાયદા આડે આવે, તો આવવા દેવાનું ગર્ભિત રીતે કબુલી લે છે.

(૨) લંડનમાં સ્થપાયેલી હ્યુમીનીટી લોજ નામની સંસ્થાની પેટા શાખા જેવી એ સંસ્થા છે.

(૩) તેણે આપણી પાંજરાપોળો ઉપર ટીકા કરનારો ઠરાવ કર્યો છે.

(૪) માનવદયાને ઉત્તેજન આપવાની નીતિ સ્વીકારીને બીજા પ્રાણીઓની દયા પાળવાનો સિદ્ધાન્ત ગર્ભિત રીતે ઢીલો કર્યો છે.

(૫) મનુષ્યોની સગવડ માટે કુતરા-રખડતાં ગધેડાં-ગાયો કે બીજા ઢોરો પક્ષિઓ-વાંદરા-હરણ-રોજ-માકડ-ચાંચડ-મચ્છર તીડ-કાતરા વિગેરે જંતુઓનો નાશ કરવાના ઠરાવોને અનુકૂળ વાતાવરણ ફેલાઇ રહ્યું છે, તેવા આજના

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જમાનાના આદર્શને લગતા રાજ્યના કાયદાની દેશ ઉપર થતી અસર એ મંડળી અટકાવી શકતી નથી. અને તેનાથી વિશ્વાસમાં રહીને મહાજન પણ કાંઇ કરી શકે નહીં.

(૬) ખેતીવાડી કૉલેજોમાં અને ખાસ ઉઘાડવામાં આવેલા તાલીમ વર્ગોમાં ખેતીને નુકશાન કરનારા ગણાતા તીડ, કાતરા, ઉંદર, વિગેરેને મારી નાંખવાનો યુકિતઓ અને શિક્ષણો મોટા પાયા ઉપર અપાઇ રહ્યા છે. અને તે સંસ્થા સાર્વજનિક કે સરકારી હોય છે. એટલે તેમાં આપણો જીવદયાના ખાસ હિમાયતી જૈનોનો અવાજ જ ખાસ ન આવે.

(૭) આપણુને અને આપણી અહિંસાને અવ્યવહારુ ગણીને હસી કાઢે છે. એટલે પત્યું. સવાલ જવાબ જ ન રહે. તે કેમ હસી કાઢવામાં આવી ? તેના ખરા કારણો હવે બહાર આવતા જાય છે.

(૮) આપણા જૈન ભાઇઓ આવી સંસ્થાના કાર્યવાહકો હોય છે. પરંતુ તેઓને પણ તે કામમાં સાર્વજનિક સિદ્ધાન્તને અનુસરીને જીવદયાની દોરવણી કરવાની હોય છે, એટલે ઉલટા તેઓ તો તેમ કરવાને બંધાઇ જાય છે. સાર્વજનિક આજના આદર્શની જીવદયા: અને જૈન આદર્શની જીવદયા એ બેની વચ્ચેથી પસંદગી કરવાની હોય, ત્યારે જૈન આદર્શની દયાને તેમણે પોતાની હાલની ફરજની રૂએ બાજુએ મૂકવી પડેજ છે. જો કે એટલું તેઓનું અજ્ઞાન છે.

(૯) વળી આજે આપણા જૈન ભાઈ ઓ તેના કાર્યવાહકો છે, તેનું મુખ્ય કારણ તો એ છે કે-શરૂઆતમાં એવી જીવદાયાની સંસ્થાની પ્રતિષ્ઠા માટે એમ થવું જરૂરી હતું. તેનો સ્ટાફ તો નવા વિચારની અહિંસાના વિચારનોજ મોટે ભાગે હોય છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(૧૦) જેમ જેમ વખત જશે, તેમ તેમ તેની જીવદયાના મૂળ આદર્શો બહાર આવતા જાય છે, ને જશે, તેમ તેમ તેમાં અને જૈન આદર્શની જીવદયામાં આકાશ પાતાળનું અંતર દેખાશે. અને વાસ્તવિક અહિંસાથી તે સંસ્થાઓ એટલી દૂર માલુમ પડશે કે-પછી સાચા દૃષ્ટાંતે હિંસામય લાગ્યા વિના નહીં રહે.

(૧૧) માત્ર આપણી અહિંસાને પલટો આપવા માટે, અહિંસાની વ્યાખ્યા બદલવા માટે, અહિંસાનું સુકાન જૈનોના હાથમાંથી સેરવી લેવા માટે, એ સંસ્થાનું અસ્તિત્વ થયું હોય, એમ જાણી શકાય તેમ છે.

(૧૨) દુધાળા પશુઓના ઉચ્છેર માટે તે સંસ્થા પ્રયાસો કરે છે. તેમાં ધંધાનું તત્ત્વ છે, પણ જીવદયાનું તત્ત્વ ગૌણ છે, યા નથી. પરદેશી ડેરી કંપનીઓ મોટા પાયા ઉપર થવાની છે, તેની એ પ્રાથમિક ભૂમિકા રચી આપે છે, અને આ દેશના રબારી ભરવાડો ગવળી વિગેરેના હાથમાંથી પશુધન છોડાવી લેવાનું છે, તેની પણ એ સંસ્થા તૈયારી કરી આપે છે. એમ કરીને તે-પશુ ઉચ્છેર કરવાની હિમાયત કરતાં છતાં, લાખો વર્ષની ચાલી આવતી પશુ ઉચ્છેરક અને તે બાબતમાં નિષ્ણાત કોમોના લાખો માણસોની હિંસા નોતરી લે છે. આજના કેટલ કેમ્પો, પશુ ઉચ્છેરની સંસ્થાઓ, પરદેશી પદ્ધતિની ડેરીઓ, આજના દુધની તપાસણી ખાતાનું પણ છેવટે પરિણામ એજ છે. દુધાળાને જ બચાવવાની હિલચાલમાં, ખેતી અને વાહન વ્યવહાર માટે ગર્ભિત રીતે મશીનોનો સ્વીકાર છે.

(૧૩) વધતી જતી બેકારી અને વિષમ જીવન સંજોગોને લીધે માનવોની આપઘાત વિગેરેથી હિંસાનો સંભવ ઉત્પન્ન થયો છે, તેવા પ્રસંગોમાં માનવોને બચાવનાર સરકારી અમલદારો કે જાહેર સજ્જનોને ચાંદ આપવાના મેળાવડા કરી માનવદયા કરવાનો યશ એ સંસ્થા

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લઇ શકશે. પરંતુ માનવ હિંસા થવાના બેકારી વિગેરે સંજોગોની ગર્ભિત રીતે એ સંસ્થાએ બરદાસ કરી ગણાય જ. જો કે નામદાર વાયસરોય સાહેબ દ્વારા અમેરિકન બાઇના મળેલા ડોલરમાંથી ઇનામ અપાતું હોવાથી, આ-દેશના આદર્શને બદલે એ દેશના આદર્શની અહિંસા તે સંસ્થા મારફતે મુખ્યપણે સચવાય, એ પણ દેખીતું જ છે.

(૧૪) પરમાત્મા મહાવીરદેવના જન્મ દિવસને જીવદયાનો દિન રાખવામાં પોતાની સંસ્થા તરફ જૈનોની સહાનુભૂતિ ખેંચવાની યોજના માત્ર છે. અને જીવદયાને નામે પરમાત્મા મહાવીર દેવની વધુ જાહેરાત કરીને એ દિ-વસ પબ્લીકનો બનાવી તેનો પબ્લીક ઉપયોગ કરવા માટે છે. એટલે-પરમાત્મા મહાવીર અને તેનું શાસન પબ્લીકનું બનાવવાનો એ માર્ગ છે. અર્થાત્ જૈનો સ્વતંત્રપણે તેની વ્યવસ્થા કરે છે, તેમાં પબ્લીકને ડખલ કરવાનો માર્ગ કરી આપવામાં આવે છે. સુધારા વધારાને નામે "પબ્લીક તેનો અને તેની મિલ્કતનો" પછી ગમે તે ઉપયોગ કરી શકે. એમ કહીને મૂળ સંસ્થાને બગાડવાનો માર્ગ મોકળો કરવામાં આવ્યો છે. શાસનના ખાસ ટ્રસ્ટી જૈનોના હાથમાંથી જૈન ધર્મની મિલ્કતો અને સત્તાઓ સેરવી લેવાની એ એક જાતની પેરવી છે.

(૧૫) મ્યુનિ૦ તે દિવસે કતલખાના બંધ રાખે તેનો સંતોષ આજના જીવદયા પ્રેમીઓ અનુભવે, તેનો બીજો અર્થ એ થાય છે, કે-મ્યુ૦ ના કતલખાના ૩૬૪ દિવસ ચાલે, તેમાં પબ્લીકનો સાથ છે, કેમકે--મ્યુ૦ પબ્લીક સંસ્થાઓ ગણાવી છે, અને તેમાં જૈનો પણ મતદાર અને પ્રતિનિધિઓ હવે થતા જોવાય છે. એવી સંસ્થાઓ હિંદમાં આ મ્યુ૦ પહેલાં જાહેરની નહોતી, એટલે છુપા ચાલતા કસાઇ-ખાનાઓમાં પબ્લીક હિંદુઓનો અને જૈનોનો સહકાર નહોતો. પરંતુ આજે ૩૬૪ દિવસની હિંસામાં સહકાર

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થાય છે. ૧ દિવસ દયા પળે છે. તેની ખુશી આપણી પાસે મનાવીને બાકીના દિવસોમાં આપણો સહકાર જીવદયા મંડળી આપણી પાસેથી મ્યુ૦ ને અપાવે છે.

(૧૬) દુધાળા ઢોરોનેજ બચાવવાના તાર કરાવીને બીજાઓની હિંસા કરવાનું આપણી પાસે જ સરકાર આગળ એ સંસ્થાએ કબૂલ કરાવરાવ્યું છે.

(૧૭) આજે એ સંસ્થા શાળા કોલેજોમાં અહિંસા વિષે વિદ્યાર્થીઓ પાસે નિબંધો લખાવીને દયાનું જ્ઞાન પ્રચારતી હોવાનું આપણને કહે છે. પરંતુ એ નિબંધોમાં પ્રાય: કરીને આપણી દયાની સીધી કે ગર્ભિત ટીકા હોય છે. પરંતુ ખેતીની મ્યુ૦ ની જનસુખાકારી વિગેરેને નામે કેટલી બધી હિંસા પ્રચાર પામે, તેવી યોજનાઓ ઘડાઇ રહી છે: ખેતી: પશુ ઉચ્છેર: વ્યાપાર: ઉન્નર: ઉદ્યોગ: કળા: વિગેરે પરદેશીઓના હાથમાં જઇ રહ્યા છે, અને જાયછે. તેને માટે મોટી મોટી યોજનાઓ ઘડાઇ રહી છે, જેને લીધે લાખો કરોડો હિંદુ ધંધારથીઓની બેકારી ઉત્પન્ન થવાની તૈયારી થઇ રહી છે. અને તેમાં જે મોટી માનવ હિંસા પડી છે. તેના નિબંધ કોઇ લખાવતું નથી, ને કોઇ લખતું યે નથી. તે વાત પરોક્ષ હિંસાની બાજુએ મુકીએ, તો પણ પ્રત્યક્ષ હિંસા પણ ઘણી વધી છે.

ઉલટા દેશનેતાઓ તેવી વાતોને ટેકો આપે છે, ત્યારે તેમની સલાહ પ્રમાણે એ જીવદયાની સંસ્થાઓ ચાલે છે.

(૧૮) કોંગ્રેસના અહિંસાની વાતોમાં અહિંસાની તરફેણમાં શબ્દો શિવાય કાંઇપણ પરિણામ આવ્યું નથી. ઉલટી અહિંસા વિષે જનસમાજમાં ગેરસમજ ઉભી કરીને સાચી અહિંસાને ગુંગળાવવા પ્રયાસ થયો છે. સારાંશ કે–હિંસા વધી છે; પણ ઘટી નથી. માત્ર અમુક વખત પૂરતી જ એ હિલચાલ હતી. તેમાં કોઇ સ્થાયિ સુંદર તત્ત્વ નથી. એ જણાતું આવે છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(૧૯) આ શિવાય પણ બીજા અનેક એવા કારણો ગોઠવાયા છે, કે એ સંસ્થાઓથી જીવદયા કરતાં જીવ હિંસાનો પરિણામે લાંબે કાળે વધારે સંભવ લાગે છે. જો કે સૂક્ષ્મ અભ્યાસ વિના એ સમજી શકાય તેમ નથી.

સબબ કે--આવી સંસ્થાઓને ટેકો આપતાં પહેલાં પૂર્વા પરનો ખૂબ વિચાર કરીને, જીવદયાના શુભ અને શુદ્ધ હેતુઓ સીધા અને પરંપરાએ જે રીતે સચવાય તે રીતે હિંસાષ્ટકાદિ શાસ્ત્રોનો પુર્વાપર વિચાર કરીને જીવદયાનો ઉપદેશ આપવો જોઈએ. નહીંતર લાભને બદલે હાનિ પણ થવાનો સંભવ ગણાય.

૪ **સ્ત્રી કેળવણી**—આજની સ્ત્રી કેળવણી—અને તેની સંસ્થાઓ આપણી સ્ત્રીઓમાં જે ખરા સંસ્કાર છે, તે ક્રમસર યોજના પૂર્વક તોડવામાં ઉપયોગમાં આવી રહ્યાનું જણાઈ આવેલ છે, અને સ્ત્રીઓને બિન જરૂરી, આપણી આર્ય બાળાઓને બિન જરૂરી, આજે આપણી જરૂરીઆતને બિન જરૂરી, સંસ્કારો પાડવામાં આવે છે.

આપણા ઘરોમાં આર્ય સંસ્કારો અને ખાનદાનીનો ટકાવ એ જ સંપૂર્ણ સ્ત્રી કેળવણી અને બાળ કેળવણીનું સાધન છે. ખરી રીતે એવા લખાણો, પુસ્તકો, છાપાંઓ, ચર્ચાઓ, વાતચીત, આપણા સારા કુટુંબોમાં અને ધર્મ સ્થાનોમાં થવાજ ન દેવા જોઈએ, એવી વાતો થવા દેવી, એ પણ એક જાતનો આપણા મત મેળવવાનો પ્રચાર છે. આજની સ્ત્રી ઉન્નતિ સ્ત્રીઓની માનસિક અવનતિ કરે છે.

## ૫. કેટલીક હીલચાલો વિષે સાચી સમજ

૧. ધર્મ સેવામાં દેશ સેવા વિગેરે સેવાઓ સમાય છે. દેશ સેવામાં પ્રજા સેવા વિગેરે સમાય છે. પ્રજા સેવામાં જ્ઞાતિ વિગેરેની સેવા સમાય છે. જ્ઞાતિ સેવામાં કુટુંબ વિગેરેની, કુટુંબ સેવામાં ઘરની, અને ઘરની સેવામાં કુટુંબની વ્યક્તિયોની, અને પોતાની વ્યક્તિની સેવામાં દરેકની સેવા સમાય છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કોઇ પણુની સેવા તે તે વ્યાપક તત્ત્વની અવિરોધિ રીતે સેવા કરી શકાય. વિરોધિ રીતે ન કરી શકાય. બધી સેવાઓની વ્યવસ્થા અને ઉપદેશ ધર્મ આપે છે. એટલે ધર્મથી વિરુદ્ધ હોય, તે રીતે કોઇ પણ સેવા ન કરી શકાય. દેશની સેવા કરવાનું પણ ધર્મજ શિખવે છે. માટે ધર્મને હાનિકર થાય, તેવી દેશ સેવા વિગેરે સેવાઓ ન કહી શકાય.

૨. આજના રાષ્ટ્રવાદમાં--ખરી દેશ સેવા, ધર્મ સેવા, પ્રજા સેવા કે એવી કોઇ પણું સેવા છે જ નહીં. માટે જ કેટલાક સમજુ મહાનુભાવો તેનાથી દૂર રહે છે, નહીં કે–નબળાઇઃ કે--દેશ સેવાની લાગણીનો અભાવઃ સમજવાના છે. પણ તેમ કરવામાં મહાપાપ સમજીને તેવી પ્રવૃત્તિઓથી દૂર રહેવામાં આવેલું છે. જો કે ધર્મ દેશ કે પ્રજાની ખરી સેવા કરવાનું કર્તવ્ય દરેકે બજાવવું જોઇએ.

૩. આજની દેશોન્નતિ એટલે "ગોરી પ્રજાઓની આ દેશમાં ઉન્નતિ" એ અર્થ સમજવાનો છે.

૪. એજ પ્રમાણે આજની પ્રજા ઉન્નતિમાં પણ ગોરી પ્રજાની ઉન્નતિ ગોઠવાઇ છે. અને તે કાર્યમાં આજના આગેવાનો અને દેશનેતાઓ પ્રયાસ કરી રહ્યા છે. એજ પ્રમાણે--આર્થિક, સામાજીક, રાજકીય, શારીરિક, વિગેરે આધુનિક ઉન્નતિઓના એ પ્રમાણે જ અર્થ સમજવાના છે.

૫. સ્વરાજ્યનો અર્થ સંસ્થાનિક સ્વરાજ્ય છે, એટલે કે ગોરી પ્રજાઓના વસવાટ માટેનું સ્વતંત્ર--કોઇની પણ દરમ્યાનગીરી વિનાનું–સ્થાન. તે સંસ્થાતિક સ્વરાજ્ય. જેથી ભારતીય આર્ય પ્રજાના આ દેશ સાથેના વતન હક્કને ઘણું નુકશાન થાય તેમ છે. આ દેશમાં સંસ્થાનિક સ્વરાજ્ય એટલે ગોરી પ્રજાની વસાહત બનવું.

૬ **ત્રિરંગી વાવટો**—દુનિયાની દરેક પ્રજાના આ દેશમાં વતન હક્ક કબુલ કરાવવાની હિલચાલનું પ્રતીક છે પરંતુ ભારતીય આર્ય પ્રજાને વતન હક્ક બીજે બધે મળવા જોઇએ ને ? બધેય

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કદાચ વતન હક્ક મળે. એટલે આ આખી પ્રજા દેશો દેશમાં વ્હેંચાઇ જાય. એટલે તેનું સંગઠન તુટી જ પડે. એટલે એક પ્રજા તરીકેની તેની આજની એકતા નાબુદ થાય, અને આ દેશ સાથેનો સંબંધ છુટતાં તેની સંસ્કૃતિનો પણ નાશ થાય. માટે ગામમાં અરધો મળે તો આખો લેવા બહાર ન નીકળવાનો, અને દેશમાં અરધો મળે તો આખો લેવા પરદેશ ન જવાનો, ઉપદેશ પરિણામે આર્ય પ્રજાને હિતાવહ છે.

૭. હિંદુ અવિભકત કુટુંબ ટકાવવું.

૮. દરેક વ્યક્તિએ નિત્ય ધાર્મિક કૃત્યોમાં અપ્રમાદી રહેવું.

૯. જ્ઞાતિ, મહાજન, સંઘ વિગેરે કામમાં યથાશક્તિ આગળ પડતો ભાગ લેવો અને ફાળો આપવો. તેઓની પ્રતિષ્ઠા ટકાવવા યથાશકિત મદદ અને ભોગ આપવા.

૧૦. આરોગ્યના દરેક નિયમ જાળવવા. પણ અખાડામાં જવું નહીં તેને ઉત્તેજન ન આપવું, બીજી રીતે વ્યાયામ લેવો: વ્યાયામ શાળાના પડદા પાછળ પ્રજાના પોષક ખાનપાન, અને નિશ્ચિંત જીવનનો નાશ ન થાય, તે માટે સાવચેત રહેવું.

૧૧. આહારમાં બે ત્રણ પેઢી સુધી દાળભાત, માલ મશાલા ખાવા મળે, તેના કરતાં હજારો પેઢી સુધી રોટલો ને મીઠું ને જાડા કપડાં મળે, તે વધારે ઇચ્છવા યોગ્ય છે.

૧૨. ભોજકો, ગોરો, બારોટો, માત્માઓ, સેવકો, ખેડુતો, વિગેરે ઉચ્ચ કોમોથી જુદા ન પાડી દેવાય, તેની સાવચેતી રાખવી.

૧૩. **ખેડુત ને વેપારી**–બ્રાહ્મણો ભિક્ષુકો છે. કારીગરો વસવાયા છે. શૂદ્ર કોમો મજુરો છે. રાજાઓ ચોકીયાતો છે. એટલે--વેપારી: અને ખેડુત: એ બે જ દાનેશ્વરી અને ઉત્પાદક તથા જવાબદાર પ્રજા છે, તે આર્યપ્રજાનો પ્રાણ છે. તે બેની વચ્ચે ભેદ પાડનારા પ્રયાસોને અટકાવવા પ્રયાસો થાય, તે પ્રજાના પ્રાણ બચાવવા તુલ્ય છે, કેમકે--લાખો વર્ષોનો સંબંધ ચાલ્યો આવે છે, તે તુટયા પછી કયાંય સાંધો મળશે નહીં.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૧૪. સોળ સંસ્કાર—જે જ્ઞાતિમાં, સમાજમાં, કે વર્ગમાં પૂર્વ પરાંથી જે પ્રમાણે ચાલતા હોય, તે પ્રમાણે ચાલુ રાખવા તેમાં સુધારા વધારાની જરૂર નથી.

૧૫ શ્રાવકો—જન્મતાંની સાથે હવે સુવાવડખાનાઓના પરિચયથી માંડીને, નર્સોથી ઉચ્છેર મેળવીને, બાલમંદિરોમાં થઇને નિશાળમાં દાખલ થતાં જ ભણીને તૈયાર થયા બાદ પણ આધુનિક લાઇબ્રેરીઓ, પુસ્તકો, દેશ નેતાઓના ભાષણો, કૉલેજોમાં પ્રોફેસરોના ભાષણો, શહેરી જીવનો, છાપાઓમાંની જાહેરાતો, નાટકો, સીનેમાઓ, અને હોટેલો, ચિત્રો, અને મુસાફરીઓ, પરદેશી સંસ્કૃતિ પોષકધંધા, મિત્રો અને ક્લબો, પરદેશી મિત્રો અને ક્લબો, પત્રમિત્રપરિષદ્ વિગેરે આધુનિક સાધનોના પરિચયથી દિવસેને દિવસે વધુને વધુ વિચારથી અને આચારથી પરદેશી ટાઇપના નમુના બનતા જાય છે. જેટલો એ અંધકારનો તેઓમાં પ્રવેશ થાય છે; તેટલોજ શ્રાવકત્વનો વારસાથી મળેલો પ્રકાશ ઓસરતો જાય છે. માનવપણું, તેમાં આર્યપણું, તેમાં સભ્ય પ્રજાજનપણુ. સંસ્કારી પ્રજાજનપણું; સદ્‌ગૃહસ્થપણું, માર્ગાનુસરિતા, શ્રાદ્ધપણું, અને પછી શ્રાવકપણું, તેમાંયે પરિણુત શ્રાવકપણું. આટલી ઉચ્ચહદ શ્રાવકપણાની છે. તેને બદલે આર્ય સંસ્કારનો પ્રકાશ જીવનમાંથી ઉડતો જાય, પછી માનવપણું પણ નહીં જોખમાય તેની શી ખાતરી? આશ્રિતપણું વધતું જાય, તો માનવપણું પણ જોખમાય. માટે આવા સંજોગોમાં હજુ બહુ જ આછો અંધકાર પ્રવેશ પામતો આવે છે, તેમાંથી બચી જઇને, શ્રાવકો શ્રાવકપણું બચાવી શકે, તેવા માર્ગો અને પ્રયાસો થવા જોઇએ.

સંઘના કે નાનજાતના કે સાર્વજનિક પ્રકારના ફંડ ઉપર શ્રાવક નભવાનો વિચાર સરખોયે ન કરે, પોતાની નાતજાતની પવિત્રતા જાળવીને આખી દુનિયામાં કોઇપણથી સ્વતંત્ર શક્તિથી ધંધો કરી ખાય, જેમ બને તેમ ઉચ્ચ ધંધા પસંદ કરે, તે ન

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મળે તો ઉતરતા ક્રમનો ધંધો કરીને પણ આશ્રિત, અનુકંપ્ય કે દયાપાત્ર ન બને, ગમે તેવો કેળવાયો હોય છતાં ભિક્ષુક જેવું અને માંગણ તેનું મન ન થવું જોઇએ. તેનું મન ધનપ્રાપ્તિમાં અને અંગત અર્થમાં લોભી-કરકસરીયું, અને ધનના સદુપયોગમાં દાતાર દાનવૃત્તિ-વાળું હોવું જોઇએ. કેમ આપું ? કેમ ભલું કરૂં ? તેનું મન સદા જાગ્રત્ આજની દુનીયાને પીઈ ગયેલું, અને સ્વધર્મ કર્મનિષ્ઠ રાખવું જોઈએ. શ્રાવકો મૂળથી જે ધંધા કરતા હોય, તે છોડાવવા નહીં. મૂળથી ખેતીના ધંધા કરતા હોય, તો પણ તે છોડાવવા નહીં. ને નવા લોકોને તેમાં દાખલ થવા દેવાનહીં. જેમ બને તેમ ચાલુ ધંધો ચાલુ રહે, તેને માટે સાવચેત રહેવું. ધાર્મિક સંસ્થાઓમાં આગેવાન તરીકે આર્ય સંસ્કૃતિના પક્ષપાતી ગૃહસ્થોને ગોઠવી દેવા જોઇએ.

**શ્રાવિકાએ**—આજના સ્ત્રી સ્વાતંત્ર્યને લગતા કાયદાઓનો આશ્રય લેવાનો મનથી તો વિચાર ન રાખે, પરંતુ "તેવા આર્યત્વ અને પ્રજાત્વ વિધ્વંસક કાયદાઓ ન હોય, તો સારૂં" એમ મનથી ઇચ્છે. અને પોતાના આદર્શ ચારિત્રથી અને ઉંડી સમજશક્તિથી બીજીઓને પણ તે જાળમાંથી બચાવે. શ્રાવિકાને છાજતા વિચાર અને આચારનો દૃઢ આગ્રહ રાખે. તે ખાતર સુખદુઃખની પરવા ન કરે. દુઃખને ફુલની માળા સમજે. હજુ વધુ કસોટી ઉપર પોતાના આર્ય સ્ત્રીત્વને ચડાવે, ને તેમાં કંચનની માફક વધુ ચમકી ઉઠે. મહેનત મજુરીના ઘરકામથી કંટાળવું નહીં. કુટુંબનિષ્ઠ રહેવામાં દેશ સેવા અને સર્વ સેવા છે. પતિને દેવ માનવામાં દુન્યવી સર્વ નીતિ રીતિ સમાયેલી છે. તે વાકયમાં આર્યસ્ત્રીના દુન્યવી સર્વ આદર્શો કેન્દ્રિત કરવામાં આવ્યા છે. દેવગુરુ ધર્મનું શરણ સર્વ દુઃખોમાં દિલાસો છે. અને પરમ શાંતિનો એજ માર્ગ છે. એ ભૂલવું નહીં. આર્ય સંસ્કારવાળું એક ઘરજ સેંકડો કૉલેજોનો સરવાળો છે. તેની રક્ષા કરવી. આજની બૉર્ડીંગો, હૉટેલો, નિશાળો તેનો નાશ નોતરી આપે છે.

**પૂજ્ય સાધ્વીજી મહારાજાઓ**-માનસિક ઉન્નતિ ભોગવતી આર્ય સ્ત્રીજાતિનો એ જગતમાં અપૂર્વ નમુનો છે. તે પદ જળવાઇ રહે

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને શ્રાવિકાવર્ગ શ્રાવિકા બની રહે, પરદેશનો અને પરપ્રજાને પરસંસ્કારનો ચેપ શ્રાવિકા વર્ગમાં પ્રવેશવા ન પામે, તેની ખુબ ખબરદારી રાખે, અને તે ખાતર પોતાના જીવનને વધુ ક્રિયામય, વધુ સમજદાર રાખે. આર્ય સંસ્કૃતિની ભવ્યતાનું વિગતવાર જ્ઞાન, પાલન, અને સમજવાની શક્તિ કેળવે. પોતાનું બાહ્ય જીવન આજની ઉચ્છરતી શ્રાવક બાળાઓને ટીકા કરવા જેવું ન લાગે, તેવું રાખે. કેમકે સાધ્વીજીઓના આંતર જીવન તો પવિત્ર જ હોય જ છે. પરંતુ સ્ત્રીસ્વભાવ સુલભ કોઇ કોઈ વ્યક્તિમાં કોઈ કોઇ બાબતમાં ક્યાંક ક્યાંક પરસ્પર વૈમનસ્ય વિગેરે તત્ત્વો હોય, તે પણ ઓચ્છા થાય, તે હવે પછીના વખત માટે જરૂરી છે. કેમકે, આર્યત્વ અને આર્ય સંસ્કૃતિ ઉપર એક જાતનો મોટો હલ્લો ચાલ્યો આવે છે. એવા સમયમાં દરેકે ખુબ જાગ્રત્ રહી, પોતપોતાના કર્તવ્યમાં એટલા બધા નિષ્ઠ રહેવાની જરૂર છે કે, એ ઝેરી તત્વ કોઇપણ ઠેકાણેથી પેસવા ન પામે. તેને માટે દરેકે સંપૂર્ણ ભોગ આપવાની અને સાવચેત રહેવાની જરૂર છે, જેમ બને તેમ કષાયો ( ક્રોધ માન માયા લોભ ) અને નોકષાયો ( હસવું, રોવું, ખુશી, આનંદ, નાખુશી, ગમગીની, કંટાળો, બીકણુપણું, અને દુગંચ્છાવૃત્તિ વેદકામવાસના ) ને અલ્પ પણ સ્થાન ન આપવામાં આપણી વિશેષ વિશુદ્ધિ છે. અને જેમ વિશેષ વિશુદ્ધિનો દીવો સળગશે, તેમ તેમ અંધકાર નાશ પામશે. હજુ આપણી આંતરવિશુદ્ધિનું માપ આજના પરદેશીઓને નથી આવ્યું. ગોચરી વિગેરે પ્રસંગોએ વિદ્વાન્ અને ચારિત્રપાત્ર તથા કુશળ સાધ્વીજી મહારાજાઓએ આજની નિશાળોમાં ભણુતી શ્રાવક બાળાઓના પરિચયમાં આવવું, તેને ઉપાશ્રયે આવવાના આકર્ષણભૂત બનવું, અને શ્રાવક કુટુંબોમાં જૈન ધર્મના સંસ્કાર ટકાવવાના પાયા ન ડગી ઉઠે તેની સાવચેતીના પગલાં અવશ્ય ભરવા.

**મુનિમહારાજાઓ**—ચાલુ વ્યવહાર ક્રિયામાં બરાબર નિષ્ઠા: નિત્ય ક્રિયાઓ, પર્વની ક્રિયાઓ વિગેરેમાં રસપૂર્વક જાહેરમાં ભાગ લેવો અને એકાંતમાં પણ રસ પૂર્વક દરેક ક્રિયાઓ કરવી: શાસ્ત્ર

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જ્ઞાન ઉંડા રહસ્યો પ્રાપ્ત થાય તેવી રીતે સંગીન અને પરિણત થાય તેવી રીતે કરવું: યોગોદ્વહન વિગેરે પરિપાટી ચાલુ રાખવી: તેનો આદર અને જાતે પાલન કરવું: વચન પાલન: વખતસર કામ કરવામાં ચોક્કસ કાર્ય વિભાગોમાં મક્કમતા: અપૂર્વ શાંતિ: અલ્પ ભાષિત્વ: સચોટવ્યાખ્યાન શક્તિ: પ્રિય ભાષિત્વ: ખરે અવસરે સત્ય ખાતર અપ્રોય ભાષિત્વ: સદાજાગ્રત્‌ભાવ: અનાલસ્ય: અંતરન્યારા: છતાં મળતાવડાપણું: બ્રહ્મચર્યની રક્ષા માટે આરોગ્યના નિયમો જાળવવા: આરોગ્યના નિયનોનો મુખ્ય આધાર યોગ્ય આહાર ઉપર છે. અને આહારપાણીનો ઉપયોગ, જૈન આચાર વિચાર અને મુનિ જીવનને અનુસરીને બરાબર કડકપણે પળાય તેવી રીતે, અને આરોગ્ય સાધક થાય તેવી રીતે, કરવો: મધ્યાન્હ અને સાયં આહારકાળમાં અલ્પ અંતર રહેતું હોવાથી, સાયં આહારમાં બનતા સુધી આટાની બનાવટો ઓચ્છી લેવાનું રાખવું અથવા ન રાખવું: મુનિમહારાજાઓમાં પણ હાલ જે દાંતના રોગો, મસા, આંખના રોગો, સ્વપ્નદોષ, ફીકાશ, પીળાશ, ચશ્માની જરૂરિઆત, ક્ષય, વિગેરે કવચિત્‌ કવચિત્‌ જોવામાં આવે છે, તે પણ તેથી રહેવા પામશે નહીં.

## आहार-निद्रा-ब्रह्मचर्याणि त्रीणि उपष्टम्भानि

"**આહાર, આરામ** અને **બ્રહ્મચર્ય** એ ત્રણ શરીર મહેલને ટકવાના મુખ્ય **થાંભલા** છે, અથવા મુખ્ય પ્રાણ છે." એમ કહીએ તો ચાલે. તેમાં પણ દ્વન્દ્વ સમાસમાં પૂર્વપદમાં **આહાર** શબ્દ મૂકેલો હોવાથી "નિદ્રા અને બ્રહ્મચર્યનો આધાર પણ આહાર ઉપર જ છે." એમ **આરોગ્ય શાસ્ત્રકારનું** સૂચન જણાય છે. આહાર પોત પોતાના શરીરની પ્રકૃતિ અનુસાર સમ હશે, તો બ્રહ્મચર્ય એક સહેલામાં સહેલી વસ્તુ થશે. અને તેથી જરૂર પૂરતી જ અલ્પ અને સુખપ્રતિબોધા નિદ્રા આપોઆપ થઇ જાય છે. અત્યશન, અધ્યશન વિષમાશન, અલ્પાશન, અનશન, આટલા તત્ત્વો આહારની વિષમતા જન્ય દોષો ઉત્પન્ન કરે છે. સમાશન સર્વ રોગોના નાશનું અને આરોગ્યનું અમોઘ કારણ છે.

બ્રહ્મચર્ય, તપશ્ચર્યા, વિહાર, અગુરુકુળવાસ અને રોજની

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વખતોવખતની ક્રિયામાં સમ્યગ્ વ્યાયામ, આટલા તત્ત્વો શરીરને તથા આત્માને દિવ્ય બનાવવાને પૂરતાં છે: પર્વ દિવસોએ ચૈત્ય પરિવાટી વિગેરેના નિયમોથી જગજાહેર જૈન મંદિર સંસ્થાનું જાહેરમાં બહુ માન કરવાથી બાલજીવો તેમાં દોરાય છે: ગુરુભક્તિ, સમુદાયનિષ્ઠા: ઉગ્રવિહાર: વિગેરે સાધુ જીવનના પ્રાણ છે. પોતાના મુનિ જીવનમાં "ગણિપન્યાસ, પ્રવર્તક, ઉપાધ્યાય, આચાર્ય વિગેરે પદવીઓ પ્રાપ્ત થાય, તો સારૂં." એમ ઇચ્છવું: એવી મહત્વાકાંક્ષા રાખવી: એવી સુંદર જીવનની તૈયારી કરવી: એવી પદવીઓ પ્રાપ્ત થાય, તો પોતાને ભાગ્યશાળી માનવા: અનન્ત પુણ્ય રાશિઓ હોય, ત્યારે એ પદવીઓ પ્રાપ્ત થાય છે. એ પદવીઓને લાયક થવા જીવન ઘડાય, તેવી જાતની તૈયારીઓ કરવી. પરંતુ તે સર્વ શાસ્ત્રોક્ત-સંઘ, ગચ્છ, અને શાસનની મર્યાદાને અનુસરીને પદવીઓ મેળવવા મથવું જોઇએ. બીજી રીતે લેવા નજ મથવું પદવીઓ મળ્યા બાદ પરમ નમ્રતા-જાણે તે પદવી નથી જ, એવી રીતે વર્તન રાખવાથી પદવીઓ ઓર શોભે એ સ્વાભાવિક છે. વ્યવહારમાં પણ આવા મોટા પદનું બહુ માન અને ભક્તિ જન સમાજમાં જળવાઇ રહે, અને તેના પ્રત્યે સમુચિત આચાર વ્યવહાર જનસમાજ જાળવતો રહે, તેને માટે યોગ્ય પ્રયાસો ચાલુ રહેવા જોઇએ: જૈન શાસનની ઉજળામણ તાજી ને તાજી રહે માટે-બાળજીવોને આકર્ષક થાય તેવા સામૈયા, વરઘોડા, ઉદ્યાપન, મંદિર તથા પ્રતિમા નિર્માણ, પ્રતિષ્ઠાઓ, મોટી પૂજાઓ, સ્નાત્રો, ઉત્સવો યાત્રાસંઘો, સાધર્મિક વાત્સલ્યના જમણો, ઉપધાન ક્રિયાઓ, વિગેરે કાર્યો ચાલુ રહેવા જોઈએ. અને તેમાં શાસન તરફની ભક્તિથી મુનિમહારાજાઓ યથાયોગ્ય સહકાર રસપૂર્વક આપે, તે ઇષ્ટ છે.

સર્વ વ્યવહાર ક્રિયા ચાલુ રાખવા સાથે આત્મનિરીક્ષણ અને ઉત્તરોત્તર વધતો જતો સ્વવિકાસ ધ્યાનમાં રાખ્યેજ જવો જોઇએ. દીક્ષા લીધી કે તુરત આખી જીંદગીનો સામાન્ય કાર્યક્રમ નિશ્ચિત કરી લેવો જોઇએ. પઠન, પાઠન, વિહાર, શાસ્ત્રજ્ઞાન, યોગોદ્વહન, પદવી પ્રાપ્તિ, અને શાસનસેવાના કાર્યો, આત્મચિંતન, શાન્તિ વિગેરે કાર્યોમાં અમુક અમુક વર્ષો સુધી કામ કરવું એમ સામા-

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ન્યતઃ નિશ્ચત કર્યું હોય, તો ઠીક. રોજના કાર્યક્રમમાં-રોજની ક્રિયાઓ, અભ્યાસ, ગુરુભકિત, સમુદાયનું વૈયાવૃત્ય, શાસન સેવાના કાર્યમાં સહકર, દર્શનશુદ્ધિ-જ્ઞાનશુદ્ધિ-ચારિત્રશુદ્ધિ-માટે જાગ્રતી વ્યાખ્યાન, વિગેરેને લગતો દૈનિક કાર્યક્રમ પણ ચાલુ સંજોગ અનુસાર ગોઠવી રાખેલો હોય, તો ઠીક.

પર્વ તિથિઓના-તપશ્ચર્યા, વિશિષ્ટ ક્રિયા, અધિક ચૈત્ય દર્શન, સકળ સંઘ સાથે કરવાના અનુષ્ઠાનોમાં સહકાર વિગેરેને ઉદ્દેશીને અલગ કાર્યક્રમો ગોઠવાયેલા હોવા જોઇએ.

મુનિ જીવનમાં જરૂરી ઉપકરણ બનાવી લેવાની કળા અને જ્ઞાન, શીખી લીધેલા હોય, તો ઠીક.

વિહાર, વૈયાવૃત્ય, ઉપધિ જાતે ઉપાડી લેવી, વિગેરે કષ્ટ સાધ્ય પ્રવૃત્તિઓના આરોગ્ય-સેવા ભાવના-સ્વાશ્રયિત્વ અને પરિણામે નિર્જરા રૂપ હેતુઓ સમજીને તે કરવાથી આનંદદાયક લાગશે. અને તેમાં વધુ વધુ આગળ વધવાનું મન રહ્યા કરશે.

આખી જીંદગીમાં બીજું કાંઈ પણ કરવાનું ન હોવાથી આ જ સાધના નિશ્ચિત ધોરણથી, શાંત મનથી, એકાગ્રતા પૂર્વક, કેમ થાય ? તેની જ ગોઠવણ સહેલાઈથી કરી શકાય તેવી છે.

**પદસ્થો**—શ્રી આચાર્ય ભગવંતો, શ્રી ઉપાધ્યાયો, પ્રવર્તકો, પન્યાસો, મહારાજાઓ, ગણિ મહારાજાઓ, વિગેરે પદસ્થ પુરુષો રાજયતંત્ર કરતાં પણ વધારે સૂક્ષ્મ તત્ત્વોવાળું અને આંટી ઘુંટીથી ભરપૂર શાસન રૂપ રાજયતંત્રના મુખ્યમાં મુખ્ય અમલદારો જેવા હોવાથી, જૈન શાસન મારફત આખા જગત્‌ના ધાર્મિક જીવન તત્ત્વના મહાન્ રક્ષક, વ્યવસ્થાપક, સંચાલક, અને પ્રેરક વર્ગ છે.

વ્યવસ્થિત ગોઠવાયેલી શ્રી સંઘની આંતર સ્થિતિ ઉપર બરાબર કાબુ મેળવવા સાથે, શ્રી શાસનના હિતને માટે—એક અદના મુનિ તરીકેની સર્વ ફરજોમાં સંતોષકારક રીતે સિદ્ધ થઇ ચૂકવા ઉપરાંત બાહ્ય સંજોગો તરફ નજર રાખી પોતાની દર્શન શુદ્ધિ કરવામાં તત્પર રહી શકે.

તીર્થોઃ મંદિરોઃ આગમોઃ નીરક્ષાઃ અને પ્રતિષ્ઠાઃ માં વધારો થાય

For Private and Personal Use Only

તેવા પ્રયાસો કરી શકે: શ્રી સંઘની પ્રતિષ્ઠા અને સકળ જગત્‌માં માનબુદ્ધિ ઉત્પન્ન કરી શકે-વધરાવી શકેઃ ઇતર ધર્મોવાળા સાથેનો મર્યાદિત સંબંધ કેળવી શકેઃ કોઈની વિરુદ્ધ પ્રચાર કાર્ય ન કરે, પણ દરેકનો સહકાર ઉચિત મર્યાદામાં જાળવી રાખે. પરંતુ કોઈપણની તરફથી આક્ષેપોની પહેલ થાય, તો જરૂરીઆત વિચારીને યોગ્ય પ્રસંગ હોય, તો તેના સચોટ પ્રતિકાર કરેઃ શાસન ઉપર આવી પડતી કોઇ પણ આફત સામે સંપૂર્ણ બચાવ કરી શકવાની તમામ સામગ્રી શાસનમાં ગોઠવી રાખે: શાસનના કાર્યમાં ગમે તેવા મત-ભેદ વચ્ચે પણ અટુટ એકતા કેળવવામાં પાછી પાની ન જ કરેઃ રાજયસત્તા જે સ્થળે જે જાતની હોય, તે તે સ્થળની રાજ્ય સત્તાઓ સાથે વિરોધ ન કેળવેઃ પરંતુ સહકાર કેળવે: અને ઉપદેશ શક્તિ, –તપોબળ, પ્રભાવ, કાર્યકુશળતાઃ વિગેરેની મદદથી શાસનના હિતના કાર્યો કરાવી લેવા, અને અહિતના પ્રસંગો દૂર કરાવી લેવા, ગામે ગામના સ્થાનિક સંઘો અને તેમાંની ધાર્મિક–મંદિર, ઉપા-શ્રય વિગેરે સંસ્થાઓની વ્યવસ્થા અને બંધારણો ચાલુ છે, તેવા વ્યવસ્થિત કરી આપવા. નવા કરવાની જરૂર છે જ નહીં. તેના ઉપર વિહારના ક્રમે મુનિ મહારાજાઓની દેખરેખ રહેઃ અને દરેકની એક વાકયતાથી તેમાં પ્રગતિ કરાવે, તેવી ગોઠવણ કરવી જોઇએઃ કલ્યાણક અને તીર્થ સ્થાનોને કોઇ પણ કાયદાની ચુંગાલમાં આવી જઈ નુકશાન ન થાય, તેને માટે કોઇ પણ ભોગે પ્રયાસો કરવાઃ

**[ગામડાઓ નવા બાંધવા અને ખેતીની સુધારણા માટે નાના ખેતરના મોટા ખેતર કરવાના કાયદામાં વચ્ચે આવતા દેવસ્થાનો કાઢી નાખવાનું કાયદામાં ધોરણ ઠર્યાનું ખ્યાલમાં આવ્યું છે. તે વખતે કલ્યાણક સ્થાનોનું શું ?]**

દુનિયામાં ચાલતી દરેક હીલચાલો ઉપર તેઓની નજર રહેવી જોઇએ. અને ધર્મઘાતક, પુણ્યશોષક, પાપ પ્રચારક જવાળા કયાંથી ઉઠે છે ? તે જાણીને તેનો બુદ્ધિ પૂર્વક એવો પ્રતિકાર ગોઠવવો જોઇએ કે--જે છેવટે જૈન શાસનને દઝાડી શકે નહીં. જગત્‌નો એ અભેદ્ય પવિત્ર કિલ્લો જ્યાં સુધી સુરક્ષિત હશે, ત્યાં સુધી જગત્‌માં ગમે

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેટલી અવળી સવળી ઉથલ પાથલ થાય, પરંતુ પરિણામે એ બધું શાંત થતાં-શ્રી જૈન શાસન હમ્મેશના નિયમ પ્રમાણે પોતાનું વિશ્વ રક્ષણ કાર્ય શરૂ રાખ્યે જ જવાનું છે. પરંતુ તેને કોઇ સળગતી આગની જાળ ન અડી જાય, તેની સંપૂર્ણ ખબરદારી રાખ્યા વિના એ આશા સંપૂર્ણ સફળ ન થાય, એ સ્વાભાવિક છે.

ઉપરથી લાભના જણાતાં છતાં કેટલાક એવા તત્ત્વો હોય છે, કે જે ઘુસી ગયા પછી કાઢવા મુશ્કેલ પડેછે, અને પાછળથી ઝેરી કીડાની માફક વધીને સારાં તત્ત્વોને ય ધક્કો લગાડે છે. કેટલીક રચનાઓજ એવી હોય છે કે, બહારથી રચનાત્મક જણાય, છતાં પરિણામે ખંડાનાત્મક હોય છે. આ બધા વિચિત્ર કોયડાઓ સૂક્ષ્મ વિચારથી પદસ્થ મહાત્માઓ વિચારી શકે, અને શ્રી સંઘને દોરી શકે.

**શ્રી સકળ ચતુર્વિધ સંઘ--**

પરસ્પરના અધિકાર પ્રમાણે અને પૂર્વાપરના બંધારણ પ્રમાણે શ્રી સકળ સંઘનું સંગઠન રહેવું જોઇએ. દહેરા, ઉપાશ્રય, તીર્થો, વિગેરે મિલ્કતો ચતુર્વિધ સંઘની ગણાવી જોઇએ. અને તેના મુખ્ય ઉત્પાદકો પૂર્વના અને હાલના મુનિ મહારાજાઓ છે. તેથી સર્વ મુનિઓ અને એકંદર સકળ સંઘના મુખ્ય પ્રતિનિધિ તેના મુખ્ય સંચાલક અને પ્રતિનિધિ ગણાવા જોઇએ. સ્થાનિક શ્રાવકોથી જે વસ્તુ સાચવી ન શકાય, તે ચતુર્વિધ સંઘને સોંપવી જોઇએ. બનતા સુધી જો કે એક સંઘે બીજા સંઘોની સત્તામાં માથું મારવું નહીં જોઇએ. તેમજ દરેક સંઘે પોતે પોતાની જવાબદારી ઉપાડવી જોઇએ. તેમજ સર્વને લાગુ પડતી સૂચનાઓ કે ફરજો બજાવવાની સૂચનાઓ પણ યોગ્ય કેન્દ્ર મારફત જ ફેલાવી જોઇએ. ગમે તે સંસ્થા નવી ઉભી થઇને પોતાના પ્રચારકો ફેરવીને મનફાવતો પ્રચાર કરે, તે અટકવું જોઇએ. તથા બીજી કોઇ પણ સંસ્થા કે સત્તાને સોંપી શકાય નહીં. તેમજ રાજ્ય સંસ્થાને વચ્ચે હાથ ઘાલવાનો ન્યાયને ધોરણે અધિકાર નથી, તે સ્પષ્ટ કરવું જોઇએ.

શ્રી સંઘના સર્વ સામાન્ય કાર્યોમાં આગેવાન આચાર્યો અને ગૃહસ્થોને અનુસરવાની શિસ્તનું પાલન થાય, તો જ શાસનમાં

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એકવાક્યતા રહી શકે. દરેક સભ્યને આ ફરજ બરાબર સમજાવવી જોઈએ. શિસ્તનું પાલન ન કરે, તે ગમે તેવો મોટો માણસ હોય, છતાં શ્રી સંઘે તેની પરવા ન કરવી જોઇએ.

દરેક સ્થાનિક સંઘોની મર્યાદામાં આવેલા શ્રાવકની વસ્તિવાળા ગામડા, ધર્મસ્થાનો, તીર્થો મુનિ મહારાજાઓ કે સાધ્વીજી મહારાજાઓ કે શ્રાવક-શ્રાવિકાઓની ધાર્મિક પ્રતિષ્ઠા, માનમરતબો બરાબર સાચવવા જોઇએ. અને દરેક શાસનની મિલ્કતોનું દરેક રીતે રક્ષણ કરવું જોઇએ. સ્વાશ્રયીપણે બીજાની મદદ વિના રક્ષણ કરી શકાય, તેવી દરેક સંઘે અને વ્યક્તિએ શક્તિ કેળવવી જોઇએ. પૂર્વાપરનો તે રીવાજ જાગવાથી બધા ઉપરની એક સામટી આફત- માંથી સૌ રક્ષણ કરી શકે.

વળી, લિખિત શાસ્ત્રોના ગુપ્ત ભંડારો કરાવવા જોઈએ. અથવા શ્રાવકોના ઘરમાં તેવા લિખિત શાસ્ત્રો રખાવવા જોઈએ. જેથી ભવિષ્યમાં કોઇને કોઇના ઘરમાંથી મળી આવે.

ઉપરાંત, શ્રી સંઘે મુનિમહાત્માઓની સંગીન તૈયારી પાછળ સંગીન સાધનોવાળી યોજના યોજવાની જરૂર છે. કેમકે-એ વર્ગ તૈયાર હશે, તોજ બુદ્ધિપૂર્વક પ્રજાનું અને શાસનનું રક્ષણ કરી શકશે. આજે એ વર્ગને તૈયાર કરવાને પૂરા સાધનોનો ઉપયોગ થતો નથી. ભૂતકાળમાં શ્રાવકોના ધનનો ઘણો મુખ્ય ભાગ એ વર્ગના અભ્યાસ અને માન પ્રતિષ્ઠા ખાતર ખર્ચાતો હતો. આજે તો શ્રાવકોના ધાર્મિક અભ્યાસ માટે મોટી મોટી રકમો કાઢવામાં આવે છે, તે પણ અંગ્રેજી કેળવણી લેનારાઓને અંગ્રેજી કેળવણી લેવા માટે મદદમાં અપાયાના દાખલા મળશે, અને બહુ તો કૉલેજમાં અર્ધ માગધી ભાષા ભણતા વિદ્યાર્થી-કેજે વર્ગ પાછળથી પૂજ્ય આગમો ઉપર ચુંથણા ચુંથવાનો છે, અને પરંપરા પ્રમાણે ચાલ્યા આવતા પઠન, પાઠન, અર્થની આમ્નાય, ભાક્ત, ક્રમ વિગેરેને નષ્ટ કરી, જુઠી ઐતિહાસિક ગવેષણાઓને નામે પ્રસ્તાવનાઓ અને લેખો મારફત આગમો ઉપરથી ઉચ્છરતી ભાવિ પ્રજાની શ્રદ્ધા ચલિત કરી અશ્રદ્ધા ઉત્પન્ન કરનાર છે—તેઓને મદદ આપવા ખર્ચાય છે. આ એક કેવી વિચિત્ર ખુબી ગોઠવાયેલી છે ?

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ખરી રીતે મુનિ મહાત્માઓને દુનિયાનું અને સકળ શાસ્ત્રોનું સાંગોપાંગ જ્ઞાન મળે, તેવી ગોઠવણ શ્રી સંઘે કરવી જોઈએ.

આનો અર્થ એ નથી કે, "શ્રાવકોને ધાર્મિક જ્ઞાન વિનાના બુડથલ રાખવા" પરંતુ મુનિમહાત્માઓ સમર્થ હશે, તો તેઓના જ્ઞાનનો પ્રવાહ અવશ્ય શ્રાવકોને મળશે. અને યોગ્ય માર્ગે દોરવણી પણ મળશે, કુવામાં હશે તો હવાડામાં આવશે. જોકે જરૂર પૂરતું શ્રાવકોને માટે ખર્ચવામાં પણ વાંધો નથી, તે પણ ઈષ્ટ છે. પરંપરાની આમ્નાય અનુસાર ધર્મ પ્રભાવના કરે તેવા અમુક સંખ્યામાં શ્રાવકો વિદ્વાનો થાય, તેની સામે કોને વાંધો હોય?

પરંતુ, અમુક રકમમાંથી અમુક સંખ્યાના શ્રાવક બાળકો અમુક હદ સુધીનું મધ્યમ જ્ઞાન મેળવી શકે. કેમકે--બધી સંખ્યા ઉચ્ચ જ્ઞાન તો ન જ મેળવી શકે.

ત્યારે તેટલી જ રકમમાં થોડી સંખ્યા ઉંડા જ્ઞાનના ખજાના સુધી પહોંચી શકે. શાસનને જરૂર પડે, ત્યારે બધાય મધ્યમ જ્ઞાનવાળા ખરે વખતે મદદ ન આપી શકે, પરંતુ એકાદ બે વિશિષ્ટ વ્યક્તિ હોય, તો જ તે ખરે વખતે સંઘને માર્ગદર્શક થઇ શકે છે. **एकश्चन्द्रस्तमो हन्ति न च तारागणैरपि ।** "એક ચંદ્ર અંધકારનો નાશ કરી શકે છે, પરંતુ સેંકડો તારાઓ પણ અંધકારનો નાશ કરી શકતા નથી." માટે જ વિશિષ્ટ વ્યક્તિઓ ઉત્પન્ન કરવી જોઇએ,

પરમાત્મા મહાવીરદેવ એકજ થયા, પરંતુ શું તે વખતે બીજા સેંકડો વિદ્વાનો નહીં હોય? હશે જ. પરંતુ અજ્ઞાન અંધકારનો જેટલી પ્રબળતાથી તેમણે નાશ કર્યો, તેટલો કોણ કરી શક્યું?

સારાંશ કે—આપણા શ્રી સંઘની પૂર્વાપરથી આ જ નીતિ ચાલી આવે છે, કે—આપણી પાસે જેટલા સાધનો હોય, તેટલાથી પ્રખર મુનિ મહાત્માઓ ઉત્પન્ન કરવા, અને તેમ કરતાં સાધનો વધે તો મધ્યમ, ને જઘન્ય ઉત્પન્ન કરવા. અને તેથી વધે તો પછી શ્રાવકો માટે ઉપયોગ કરવાને હરકત નથી. પરંતુ ખરી ગુંચવણ વખતે પ્રખર મુનિ મહારાજાઓ જેટલા શાસનને માટે ભોગ આપી બુદ્ધિ પૂર્વક દોરવણી કરી શકે, તે રીતે બીજા પાસેથી આશા રાખવી

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વધારે પડતી છે. અને શાસનનું રક્ષણ થયું કે-તેમાં દુન્યવી સર્વ રક્ષણો પણ સમાયેલા જ છે. એટલે શ્રાવકોનું પણ ખરું હિત તેમાંજ છે. ધન ધાન્યની સંપત્તિની ચાવી પણ એજ છે. શ્રાવકો વ્યવહારમાં આગળ પડતા થાય ને ધર્મના ભકત ટકી રહે તેવા જ તૈયાર થવા જોઇએ.

માટે મુનિ મહાત્માઓને તૈયાર કરવા માટે જગત્માં જે જે સાધનો બીજા માટે વપરાતા હોય, તે સર્વ કરતાં ખાસ વિશિષ્ટ પ્રકારના સાધનોની યોજનાઓ શ્રી સંઘે કરવી જ જોઇએ. એજ સર્વનું શરણ છે. દરેક જમાનામાં દેવ અને ધર્મની ઓળખાણ પણ એને જ આધીન છે. અને દ્રવ્ય: ક્ષેત્ર: કાળ: અને ભાવ: ના સંજોગોમાં માર્ગ કાઢવાનું પણ એનું જ કામ છે. બીજાનું નથી.

નજીકના ભવિષ્યમાં એવા સંજોગો ગોઠવાઇ રહ્યા છે, કે જેમાંથી શાસનનો યોગ્ય માર્ગે બચાવ કરવાની ઘણાજ મહત્ત્વની પરિસ્થિતિ ઉભી થાય, તેવા સંજોગો લાગે છે. તો સારા કુટુંબના યુવકોએ અને કિશોરોએ "શાસન સેવામાં-જગત્ની, પ્રાણીમાત્રની-અને પોતાના આત્માની સેવા છે, દેશની, કુટુંબની, અને જ્ઞાતિની સેવા છે. આર્ય સંસ્કૃતિ અને આર્ય પ્રજાની સેવા છે." એમ સમજીને સ્વેચ્છાથી મુનિવર્ગમાં ભરતી થઇ મુનિવર્ગની જગત્માં શોભા ઉત્પન્ન કરવી જોઇએ. અથવા કટોકટીના સમયમાં શાસન નાવને ભર દરીયામાંથી પસાર કરાવીને કૃતકૃત્ય થવું જોઇએ.

આજે મુનિમહાત્માઓ અને સાધ્વીજીઓ માટે અભ્યાસના કશા સંગીન સાધનો છેજ નહીં. કોઈ કોઇ ઠેકાણે પાઠશાળાઓમાં એકાદ પંડિતની ગોઠવણ હોય છે. પરંતુ આ પદ્ધતિ શ્રી સંઘના હિતની નથી, આવી પદ્ધતિથી મુનિ મહાત્માઓ પાઠશાલાઓના નિશાળીયાઓ બની જશે. પરંતુ જગત્ની સર્વ સંસ્થાઓ કરતાં "મુનિઓ તદ્દન સ્વતંત્ર છે." એ ભાવ ઉડી જશે. આપણે મુનિમહાત્મા તરીકેનું ઉદ્ધારક ખમીર ગુંગળાવીને નિશાળીયા કે સુપ્રીન્ટેન્ડેન્ટ બનાવવા નથી ઇચ્છતા, પણ સ્વતંત્ર અને નિરપેક્ષ, ત્યાગી, તપસ્વી, જ્ઞાની, પ્રભાવક, મહાત્માઓ તરીકે ટકાવી રાખવા ઇચ્છીએ છીએ.

મુનિઓને **શાસ્ત્રાજ્ઞાયુક્ત ગુર્વાજ્ઞા** શિવાય કશુ બંધન જ આ જગત્નું હોઇ શકે નહીં, ને છે પણ નહીં.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પરંતુ, ખરી રીતે એવી ગોઠવણુ કરવી જોઇએ-કે-જે મુનિ મહારાજ જે વિષયમાં તૈયાર થઇ શકે તેમ હોય, તેના સાંગોપાંગ સંગીન સાધનો અને અધ્યાપકો તેમની પાસે તેઓ જ્યાં હોય, ત્યાં ગોઠવી આપવા જોઇએ, કે-જેથી એક એક મુનિરાજ તે તે એક એક વિષયમાં પારંગત થઈ શકે. દાખલા તરીકે. કોઇ ધર્મશાસ્ત્રમાં-કોઈ કર્મગ્રંથમાં, કોઇ ન્યાયમાં, કોઇ વ્યાકરણમાં, કોઈ શિલ્પમાં, કોઇ જ્યોતિષમાં, કોઇ વૈદ્યકમાં, કોઇ સંગીતમાં, કોઈ પ્રતિમા નિર્માણના શાસ્ત્રમાં, કોઇ પ્રતિષ્ઠા--શાંતિસ્નાત્રાદિમાં-કોઈ મંત્રશક્તિ, વ્યાખ્યાન કળા, ઉપદેશશૈલિ, શાસ્ત્રનિર્માણ, પ્રતિબોધ શક્તિ, કાયદા, બંધારણ, સંઘ વ્યવસ્થા, સ્થાનિક સંઘોમાં વ્યવસ્થા, આચાર, ક્રિયાઓ, ગણિતાનુયોગ, વિધિઓના હેતુઓ, સંઘની મિલ્કતો, દ્રવ્યાનુયોગ, કથાનુયોગ, સત્ય ઇતિહાસ, પ્રાચીન સત્ય સંશોધન, વિગેરે વિવિધ વિષયોમાં જેની જે શક્તિ હોય, તેમાં આગળ વધારવા સંપૂર્ણ સાધનો તેમની પાસે જ પહોંચાડવા જોઇએ, જેથી થોડા ખર્ચે એક એક વિષયમાં સારા નિષ્ણાત મુનિરાજો તૈયાર થઇ શકે. અને તેઓ શાસનનું તમામ ચાલુ કામ સંભાળી શકે.

આ વ્યવસ્થા વિના થતો ખર્ચ સંગીન પરીણામ નિપજાવી શકતો નથી, નિપજાવી શકશે નહીં. આ આપણી પ્રાચીન શૈલિ પણ છે.

આ ઉપરાંત-શ્રી સંઘે એક એવો વર્ગ તૈયાર કરવો જોઇએ કે-જેમ **મલ્લવાદી** મહારાજ ભોંયરામાં ભણીને તૈયાર થયા અને પછી **વલ્લભીપુરમાં બૌદ્ધવાદીને** હરાવીને-ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્ર-માંથી કાઢી મૂકાયેલા શ્વે. મૂ. જૈનોને-પાછા લાવી શકયા હતા. તેવી રીતે-સર્વ ધર્મ પરિષદ્-અને વિશ્વધર્મ પરિષદ્ના ધાંધારો બંધ પડે, તેઓના પ્રયાસોના પરિણામો ન છુટકે જે આવવાના હોય તે આવી જાય, ત્યાર પછી પણ નીચે પ્રમાણે તૈયાર થયેલા મુનિ મહાત્માઓ-જૈન ધર્મનો પ્રતાપ જગત્માં ફેલાવી શકે, તેવા તૈયાર કરવા જોઇએ, અને તેનો ક્રમ નીચે પ્રમાણેઃ—

૧. નાની ઉમ્મરના બાળ અને કુળવાન શ્રાવક પુત્રોને વૈરાગ્ય વાસી કરી દીક્ષિત બનાવવા જોઇએ, અને તે માટે સારા સારા કુટુંબોએ પોતાના પુત્રો સોંપવા જોઇએ. સેવાભાવના વાળા ઐચ્છિક રીતે સમર્પિત થવા જોઇએ.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૨. તેઓને એવા શાંત અને એકાંત વાતાવરણમાં રાખવા જોઇએ, કે જેથી–તેઓ ઉપર દુનિયાના ઝેરી વાતાવરણની અસર ન થાય.

૩. તેમના ખાનપાન અને જાળવણીની એવી ગોઠવણ થવી જોઇએ કે–તેઓને રોગ તો ન થાય, પરંતુ શરીર એવા સુદૃઢ અને શાંત ઠંડા વીર્યથી ગુંથાઈ જાય, કે–તેઓ લગભગ ઉર્ધ્વરેતા યોગીજેવા બની જાય. [ યોગ્ય પ્રયાસથી બની શકે છે. ]

તેઓની તથાપ્રકારની દૈનિક યોજનાઓ અને મુનિ દ્વારા સગવડો આપવાની એવી સુંદર યોજના હોય, કે તેઓનો વિકાસજ થતો રહે, કોઇ પણ જાતની ત્રુટી તેમને ન જણાય. જે જોઇએ તે તેમની પાસે વગર વિલંબે હાજર થવું જોઇએ. પરંતુ એટલું ખરૂં કે–તે સર્વ, મુનિ જીવનના ધોરણે જ હોવું જોઈએ.

તેઓને એવા અદૃષ્ટયોન રાખવા જોઇએ કે–તેઓનું અખંડ બ્રહ્મચર્ય જીંદગી ભર નભી શકે–અને વૈરાગ્ય વાસનાનો દીપક સદા પ્રજ્વલિત રહે. કદી ક્ષતિ થવાનો સંભવ ઉભો ન થાય. શાસનભકિત અને આર્ય સંસ્કૃતિ તરફનું વલણ ઠેઠ સુધી જાગતું રહે, તેવી ગોઠવણો પણ કરવી જોઇએ.

૬. એવી એક–નાની પણ સંગીન સંખ્યાને–દરરોજ મુખ્ય મકાનના ત્રણ વિભાગમાંથી કે ત્રણ જાતના આદર્શ પુરુષોના પરિચયમાંથી પસાર થવા દેવી જોઈએ. એટલે કે–**સમ્યગ્ દર્શન વિભાગ, સમ્યગ્જ્ઞાન વિભાગ–અને સમ્યક્ ચરિત્ર વિભાગમાંથી.**

૧ લા વિભાગમાં–શાસનને હરકત કરતા દુનિયામાં શું શું બની રહ્યું છે? તેનો સંગીન અને વ્યવસ્થિત સાચો અનુભવ મળ્યા કરે, અને તેને માટે શા શા પ્રતિકારો છે ? અને હોઈ શકે ? તેની સમજ પડતી રહ્યા કરે. પરિણામે એ આખી સંખ્યામાંથી કોઇ કોઈ વ્યક્તિઓ, શાસન ખાતર મહાન્ કામો કરી શકે–તેવા ધુરંધર તૈયાર થાય, બાકીના મધ્યમ અને જઘન્ય રહે.

૨ બીજા વિભાગમાં–આજે જે જે શાસ્ત્રો જાણવા જેવા છે, અને જગતમાં જે જે જાણવા જેવું છે, તે દરેકનું તલસ્પર્શી જ્ઞાન તે આખી સંખ્યાને મળવું જોઇએ. તેમાં કોઈ ઉત્કૃષ્ટ વિદ્વાન્ થશે, કોઇ મધ્યમ અને કોઈ જઘન્ય થશે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ટુંકા વર્ષોમાં સર્વ શાસ્ત્રોનું જ્ઞાન કેવી રીતે કરાવી શકાય ? એ મુખ્ય પ્રશ્ન છે, પરંતુ સાધનોથી સર્વ કાર્યો સાધ્ય થઇ શકે છે.

દા. ત.–તેતે વિષયના પ્રખર વિદ્વાનો પાસે તે તે વિષયના તલસ્પર્શી અને સાંગોપાંગ સમજ આપે, તેવા ટુંકા પણ મુદ્દાસર [સૂત્રાત્મક] નિબંધો તૈયાર કરાવવા જોઇએ. અને તે નિબંધો મારફત દરેકને તે તે વિષયની રૂપરેખાનું જ્ઞાન મળી જ જાય, જરૂર જણાય તો સંગીન રીતે મુખપાઠકરાવીને પણ તે જ્ઞાન આપવું જોઇએ: પછી તેમાંના જે જે વિષયોમાં જેની શકિત હોય, તે રીતસર તે તે વિષયના ગ્રન્થોનો અભ્યાસ વિસ્તારથી કરે. એમ દરેક પ્રાચીન શાસ્ત્રોના વિષયો, આધુનિક વિજ્ઞાનને લગતા શાસ્ત્રોના વિષયો વિગેરે આજની અને પ્રાચીન દુનિયાનું જે જે જાણવા જેવું હોય, તે દરેકનું જ્ઞાન આપવાના સંપૂર્ણ સાધનો ગોઠવવા જોઇએ. વિદ્યાનું કોઇ પણ ક્ષેત્ર આ સર્વજ્ઞપુત્ર મુનિઓથી અજ્ઞાત ન રહેવું જોઇએ. જેથી ભવિષ્યમાં દુનિયાના કોઇપણ વિદ્વાન્થી તેઓ અંજાય નહીં.

આ જાતના નિબંધો તૈયાર કરવાને અને ભણાવવાને તે તે વિષયના પ્રખર વિદ્વાનો જ્યારે જ્યારે જરૂર હોય ત્યારે ત્યારે રોકી લઇ, તેઓનો ઉપયોગ પૂરો થયે તેઓને છુટા કરી દેવા જોઇએ. તથા, જગત્માં તે તે વિષયના જે જે પ્રખર વિદ્વાનો હોય, તેને બોલાવીને તેમનો અને તેમના જ્ઞાનનો પરિચય પણ કરાવવો જોઇએ.

આ વિભાગમાં તૈયારી માટે મોટા ખર્ચની આવશ્યકતા રહે.

**નામદાર ગાયકવાડ સરકાર સયાજીરાવ** મહારાજાને સરકાર તરફના નિબંધો મારફત શિક્ષકે આ રીતે તૈયાર કર્યા હતા.

૩ જા વિભાગમાં પસાર થતી વખતે=તેઓ—અંગત ચારિત્ર, આત્મભાવના, આત્મધ્યાન, આચારઃ ક્રિયાઓઃ વિધિઓઃનું જાતે પાલન કરે. તપ-યોગોદ્વહન, ધ્યાન, વિગેરેને લગતી તાલિમ મેળવી શકે, અને તેસાથે સંયમી, શાંત, અને પવિત્ર જીવનની જૈન શાસ્ત્રો અનુસાર ઉચ્ચ તાલીમ મેળવી શકે, તેવી તમામ પ્રકારની વ્યવસ્થા જોઇએ. ભૂલની શિક્ષા કે ઠપકા ન આપતાં શાસ્ત્રમાં સૂચવ્યા

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રમાણે પ્રાયશ્ચિત્તોનું ધોરણ ગોઠવી લઇને તે પ્રમાણે વર્તાવ કરાવવો જોઇએ. તેમાંથી પણ-કોઇ ઉત્કૃષ્ટ મહાત્મા મળી આવશે. અને બાકીના મધ્યમ અને જઘન્ય મળી આવે, એવા પાત્રવિભાગ પડી જશે.

આમ ત્રણેય વિભાગમાં પસાર થવાથી ત્રણેયને લાયકની મન વચન કાયાની તાલિમ મળે, ત્યારે જ તે સમ્યગ્દર્શનજ્ઞાન કે ચારિત્ર ગણાય. જો, એક કે બે હોય, અને બે કે એકની ઉપેક્ષા હોય, તો જૈન દૃષ્ટિથી તે મિથ્યા ગણાય છે. ત્રણેયનો મેળ ગોઠવવાથી જ સમ્યગ્રત્નત્રયીનો પ્રયાસ યોગ્ય છે.

૭. તે ઉપરાંત-તે તે વખતના જ્ઞાની, ત્યાગી, શાસન પ્રભાવક, જે જે મુનિઓ કે ગૃહસ્થો શાસનમાં હોય, તેમનો પણ પ્રસંગે પ્રસંગે પરિચય કરાવવો જોઇએ. આ આખી પ્રવૃત્તિ એક એવી વ્યવસ્થિત અને પ્રથમથી જ સુસંગઠિત રીતે ગોઠવણ પૂર્વક ચલાવવી જોઇએ, કે જેથી ધારેલું પરિણામ આવી જ શકે, ક્યાંય અવ્યવસ્થાને સ્થાન ન હોવું જોઇએ. આજે સીનેમાની એક એક ફીલ્મ ઉતારવામાં કરોડોનો ખર્ચ કરવામાં આવે છે, અને પદ્ધતિસર કામ કરી ધાર્યાં પ્રમાણે પરિણામો લાવી શકાય છે. તો આવા પરમાર્થમાં કેમ પ્રયાસ ન કરવા? અને પરિણામ ન લાવવું? મુનિઓના આ મંડળને વિહાર ક્રમ, કષ્ટ સહન, સ્થાનિક કાર્યકર શક્તિ, સંઘની મિલ્કતો, વિગેરેની પણ સજ્જડ માહિતી અને તાલીમ આપવી જોઇએ. તેમજ ગીતાર્થતાની પરીક્ષા કરી શ્રી સંઘના વહીવટની આંટીઘુંટીનું પણ સમર્થ હોય, તેને જ્ઞાન આપવું જોઇએ.

૮. હીટલર જેમ પોતાના નવા ધર્મ પંથમાં દાખલ કરેલાઓને ટેકરી ઉપરથી હડસેલીને તથા બીજા કષ્ટો આપીને ઘડે છે. અને લોકોમાં ચમત્કાર ઉત્પન્ન કરે તેવા ઉપસર્ગ અને કષ્ટ સહન કરવાની તાલિમ આપે છે. તેમ નહીં, પણ યોગ્ય સર્વ તાલિમ આપવી જોઇએ. ભવિષ્યના પોંડીચરીના પ્રચારકો, ખ્રીસ્તી પ્રચારકો, થીઓસોફીસ્ટ પ્રચારકો, હીટલરના પંથના માણસો, તથા જુદા જુદા હિંદુ, બૌદ્ધ, મુસલમાન, વિગેરે ધર્મ પંથોમાં દાખલ થયેલા પરદેશી પ્રચારકો, એક વખત ગમે તેવો ઘોંઘાટ મચાવે, પરંતુ ત્રણ રત્નમાં પલોટાયેલા-

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ સાચા બ્રહ્મચારી તેજસ્વી મહાત્માઓ બહાર આવે કે-તેના તપોબળ, ચારિત્રબળ, જ્ઞાન બળ, કુશળતા અને કુનેહ, તેજસ્વિતા અને પવિત્રતાથી જગત્ અંજાઇને પાછું ઠેકાણે આવ્યા વિના રહે જ નહીં. એવી સંગીન તૈયારી કરોડોના ખર્ચે એકાન્તમાં શાંત-ચિત્તે કરવી જોઇએ. દહેરા ઉપાશ્રયમાં જરૂરી સંપૂર્ણ ખર્ચ શિવાયનો ચેરીટેબલ સંસ્થાઓમાં થતો ખર્ચ અટકાવીને તથા બીજો ઉમેરો કરીને લાખો કરોડોના ખર્ચે એવી વ્યવસ્થા કરવી જોઇએ, કે તેઓના આત્મામાં રત્નત્રયોની તાલિમના ધોધના ધોધ દાખલ કરી શકાય, અને તે એવી રીતે કે "તે તેમને પચી જાય અને ઓજસરૂપે પરિણમીને જગત્માં દિવ્ય પ્રકાશ ફેલાવી શકે. ધન જેવી નજીવી વસ્તુથી જગત્માં દિવ્ય તેજ પ્રગટાવી શકાતું હોય, તો તેને માટે શામાટે પ્રયાસો ન કરવા ? કાંઇક તો ફળ અવશ્ય મળશેજ. કોઇને કોઇ મહાન્પાત્ર નીકળી આવશે, છેવટે તે મુનિ મંડળમાંથી નહીં, તો તેમના શિષ્ય પ્રશિષ્યાદિકમાંથી મળી આવે ખરા. અને તોજ ભવિષ્યમાં છાયા પાડી શકાશે. નહીંતર મુશ્કેલીઓ ઘેરો ઘાલતી આવે છે, તેમાં લાખો માણસો બીજા ધર્મોમાં ખેંચી લેવાની યુક્તિઓ ગોઠવાઇ રહી છે, અને તે વખતે જુના ધર્મો જોર ન કરી શકે, તેવી રીતે તેના ઉપર કાયદાથી કબજો ગોઠવાતો જાય છે. એ બધું જે થવું હોય, તે ભલે થાય, તેની પરવા ન કરતાં આવો એક વર્ગ તૈયાર કર્યો હોય તો પાછું બધું ઠેકાણે આવી શકે, પરંતુ તેમાં પ્રમાદ કર્યો હોય, તો શાસનના આગેવાનોને કદાચ પસ્તાવુંયે પડે.

૯. પૂર્વાચાર્યો-મંત્રો વિગેરેની આમ્નાયો જાણતા હતા અને તેનો પ્રભાવ પડતો હતો-તે વસ્તુ પાછી શ્રી સંઘમાં શરૂ કરવી જોઇએ. યુરોપના કેટલાક વિદ્વાનો તે તરફ હવે વળ્યા છે. વચલા કાળમાં આપણી એ શક્તિ કંઇક બહાર આવી શકી નથી. તે સતેજ કરવાની જરૂર છે, શ્રી ધર્મઘોષસૂરિ શ્રી શાંતિચંદ્રોપાધ્યાય વિગેરે પાસે એવા સાધનો હોવાના સાચા પૂરાવા આપણને મળે છે, તો લાખોને ભોગે એ શાખાનો પણ ઉદ્ધાર કરવાની જરૂર છે, બીજાઓ ગમે તેટલી સાધના કરે, પરંતુ જૈન સાધનાને કોઇ પહોંચે તેમ નથી.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કારણ કે-ઉચ્ચ સાધના માટે ઉચ્ચ ચારિત્રબળ જોઇએ, અને તે જૈન મુનિઓમાં ખાસ સંભવે છે. તેમજ જૈન મંત્રો અને જૈન દેવોની તાકાત વધારે પ્રબળ હોય છે, કેમકે-તે દેવો પણ પવિત્ર અને શુદ્ધ જીવનવાળા હોય છે. માટે ઋદ્ધિવાળા અને વધારે લાગવગ પહોંચાડે તેવા હોય છે. અને તે જૈન મુનિઓને સિદ્ધ થાય તેવા બીજાને ન થાય, એ સ્વાભાવિક છે. માટે બીજાની હરિફાઇમાં આપણો જ વિજય થાય તેવું એ સાધન આપણી પાસે છે. તેનો લાખોને ભોગે, અને સેંકડોની આખી જીંદગીની સેવાને ભોગે, બુદ્ધિપૂર્વકની વ્યવસ્થાના બળથી, લાભ આપણે પ્રાપ્ત કરી લેવો જોઇએ.

જ્યારે જ્યારે કષ્ટ કે મુશ્કેલી આવી પડે, ત્યારે ત્યારે દરેક વખતે સબળ રાજ્યસત્તા આપણને મદદ કરી શકે-તેવી હોય જ, એમ માની લેવાનું નથી, પારકી આશા સદા નિરાશા, આપણે આપણા છેવટના રક્ષક સાધનોથી સ્વતંત્રપણે જ સજ્જ રહેવું જોઇએ.

આજના વિજ્ઞાનના ચમત્કારિક પ્રયોગો આજે જગતને અચંબામાં નાખે છે અને આંજી નાંખે છે, તેની સામે આપણી પાસે કાંઈપણ સાધન નહીં હોય, અને અપંગ જેવા રહીશું, તો શાસનની રક્ષા કેમ કરી શકીશું ? આજનું વિજ્ઞાન ગમે તેવું પણ સ્થૂલ તત્ત્વો ઉપર ખડું છે, ત્યારે મંત્ર વ્યવસ્થા વધારે રક્ષક અને વધારે સંગીન તથા અલ્પખર્ચાળ છે. અને તે બીજા બધા કરતાં આપણને કેટલાક સાધનો વારસામાં એવા મળ્યા છે, તે ઉપરથી વધારે સરળતાથી સુસાધ્ય થાય તેમ છે. માટે આની પાછળ નાણાંની, વ્યવસ્થા શક્તિની, અને સાધકપણે જીંદગીઓ આપનારાઓની જરૂર છે. આવું સાધન આપણા હાથમાં આવ્યા પછી વિજ્ઞાનને જેટલું કુદવું હોય, તેટલું ભલે કુદે, જેટલા ચમત્કાર બતાવવા હોય, તેટલા ભલે બતાવે, પરંતુ સત્યમાર્ગ ધર્મધ્વંસક તત્ત્વોથી નિર્ભય છે.

શાસન તંત્રમાં આ સાધન વ્યવસ્થિત નહીં હોય, ત્યાં સુધી તેનો પ્રભાવ પડવામાં ખામી રહ્યા કરશે, એમ મારું અંતઃકરણથી માનવું છે. "ત્યાગી સાધુને આવું ન શોભે !" એવો પ્રચાર

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરાવીને આપણને ભડકાવીને એ ભૂલાવી દીધું છે. તેની ઘણી આમ્નાયો પરંપરાથી મળતી અટકી ગઇ છે. અને બીજી તરફ યુરોપે વિજ્ઞાન ખીલવી મંત્રવાદ જેવા જ ચમત્કારો જગતને બતાવીને આંજિ નાખેલ છે. આપણે તેમાં તેઓને પહોંચી શકીએ તેમ લાગતું નથી. અને તેઓ આપણુને મંત્ર શક્તિમાં પહોંચી શકે તેમ નથી. કેમકે-એ સાધન હજુ આપણુને સહજ સાધ્ય છે, અને આપણુને સ્વતંત્ર છે. પછી તો પ્રમાદજ આપણુને નબળા રાખી શકે.

આપણે કોઈની સાથે હરિફાઇ કરવા નથી. પરંતુ જગત્‌ના મહાન્ કલ્યાણુ માર્ગ ઉપર આવી પડતી આફતમાંથી બચાવીને જગત્‌ની સેવાજ કરવાની છે.

આજે ઘણા કહે છે કે "જૈન ધર્મ માત્ર જૈનોનો જ નથી. તીર્થંકરોએ આખા જગત્‌ના કલ્યાણુ માટે ઉપદેશ્યો છે. માટે સર્વનો છે. જૈનો એકલા જ તેનો ઇજારો લઇને બેઠા છે, તે કેમ સાંખાય ?"

આ શબ્દોથી જૈનો સામે પરચુરણુ પ્રજાને ઉશ્કેરવાની કોઈએ યુક્તિ કરી લાગે છે. એમ કરીને જૈનોના હાથમાં જૈન ધર્મની જે જે મિલ્કત અને વસ્તુઓ હોય, તેના ઉપર કબજો મેળવવાને સામાન્ય પ્રજાને આમ ઉશ્કેરી લાગે છે.

પરંતુ જે માણુસ એમ કહે છે, કે-"જૈન ધર્મ આખા જગતના તમામ પ્રાણીઓ માટે છે" એ વાત તદ્દન ખરી છે. અને જૈનો પણુ જૈન ધર્મનું રક્ષણુ આખા જગત્‌ના તમામ પ્રાણીઓ માટેજ કરે છે. પરંતુ જૈન ધર્મ એક એવી ગહન વસ્તુ છે, કે તેનો વહીવટ, તેના ટકાવના માર્ગો, તેના સાધનો, યોગ્ય ઉપયોગ, વિગેરે પૂર્વ પરંપરાથી જૈનોજ જાણી શકે છે. અને તેના ગીતાર્થ આચાર્યોની દોરવણી જ તેમાં ઉપયોગી થાય તેમ છે. બીજાની એ તાકાતજ નથી.

માટે, ચતુર્વિધ જૈન સંઘ જૈન ધર્મના ટ્રસ્ટી તરીકે તેની ઉપર પોતાનો કબજો રાખે છે, જેથી કરીને તેને ભવિષ્યમાં પણુ નુકશાન ન પહોંચે, તેવી ખબરદારી રાખી જગત્ ખાતર જ એ મિલ્કત કાયમને માટે બચાવી સુરક્ષિત રાખે છે. માટે તે સર્વ જૈનોના જ હાથમાં રહે તે ન્યાયસરજ છે. બીજાએ તેમાં માથું મારવાની જરૂર

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નથી. અને માથું મારે, તો જગત્‌ને નુકશાન થાય; માટે જગત્‌ના ભલા માટે તેવું માથું મારનારને હરેક ભોગે દૂર રાખવા જે કાંઈ પ્રયાસો કરવામાં આવે, તે જરૂરી અને ન્યાયસરના જ છે. માટે બીજાને ઘુસવાની કે ઘુસાડવા દેવાની જરૂર નથી જ. શહેરમાં ચાલતું વીજળીના દીવાકરવાનું કારખાનું આખા શહેરને માટે હોવા છતાં, મોટામાં મોટી રકમનો ચાર્જ ભરનારને પણ તે કારખાનામાં પેસવા દેવામાં નથી આવતો. માત્ર તેમાં નિયુક્ત થયેલા અધિકારીઓ, અમલદારો, અને કારીગરીના હાથમાં તે સર્વ સંચાઓનું યંત્રણ હોય છે. જો ગમે તેને પેસવા દે તો મહાન્ અનર્થ થઈ જાય.

તેવી જ રીતે રૂપિયાની થેલી લઈ જતા હોઈએ, ત્યારે રસ્તામાં સ્તુતિ કરનારા કે નિંદા કરનારા મળે, તેથી ફૂલાઇને કે ગભરાઇને આપણે થેલી સોંપી દેતા નથી. પરંતુ જીવને જોખમે પણ બચાવીને શેઠને ઘેર પહોંચાડીએ છીએ. તે પ્રમાણે શાસનના સર્વ તત્ત્વોનું રક્ષણ કરવાનું છે, કેમકે—તે આપણી થેલી છે. એટલે કદાચ રૂપિયાની થેલી કોઇ લઇ જાય, તો જાન બચાવીએ, પરંતુ સર્વકલ્યાણકર શાસનના પાકા ટ્રસ્ટી હોવાથી જાનને અને સર્વસ્વને ભોગે પણ તેના એકે એક સુતત્ત્વનો બચાવ કરવાની આપણી ફરજ છે. આમ સમજીને બીજાઓએ "જૈન ધર્મ જગત્‌ના હિતને માટે છે" માટે તેની મિલ્કતો ઉપર હાથ નાંખવાની જરૂર નથી. જગત્‌ની એ મિલ્કતનું જૈનો ચમત્કારીક રીતે સર્વસ્વને ભોગે જેવું રક્ષણ કરશે, તેવું બીજાથી થવું સંભવિત નથી. માટે તેનાજ હાથમાં રહેવા દેવામાં જગત્‌ની સલામતી છે. અજ્ઞાન પ્રજાને ઉશ્કેરી જૈનોની મિલ્કતો પડાવી લેવાની કોઇ સ્વાર્થીની આવી યુક્તિથી ચેતતા રહેવા જેવું છે.

આ અને આવી જેજે પોલીસીથી પૂર્વના મહાન્ આચાર્યોએ શાસનનું રક્ષણ કરી આપણને વારસામાં જે જે તત્ત્વો આપેલા છે, તે સર્વ તત્ત્વો સૂક્ષ્મ વિચાર શકિત અને ઉંડા અભ્યાસથી થોડાકોએ પણ જાણી લઇ, તેના માટે તત્પર રહેવું જોઇએ. જેમ વિજયહીરસૂરીશ્વરજી: વિજયસેનસૂરીશ્વરજી: અને વિજયદેવસૂરીશ્વરજી:એ ત્રિપુટીએ પોતાની ફરજ બજાવી હતી, તેજ પ્રમાણે ફરજ બજા-

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વનારા નીકળી આવે, અને તેઓને આ લખાણુમાંથી કાંઇ પણ યોગ્ય પ્રેરણા મળે, તો પ્રયાસ સફળ માની વિરમું છું.

આ કર્તવ્ય દિશામાં બતાવવામાં આવેલા માર્ગોના સંક્ષિપ્ત સૂચનોજ અત્રે કરવામાં આવેલા છે. તે દરેક ઉપર એકએક નિબંધ થઇ શકે તેમ છે, અને ખાસ અભ્યાસીઓ એકએક મુદ્દો લઇને વિદ્યાર્થી તરીકે અભ્યાસ કરશે તોજ દરેકની સંગતિ સમજાશે, માટે ન સમજાય તેઓએ સમજવા પ્રયાસ કરવા વિજ્ઞપ્તિ છે.

આપણી સર્વ અવાન્તર પ્રવૃત્તિઓને ગૌણ બનાવી દરેકે **શ્રી જૈન શાસનને** પોતાના જીવનના સર્વપ્રસંગોમાં કેન્દ્રિત કરવું જોઇએ: આજે તેની વિચિત્ર ઉપેક્ષા: અને નાની પ્રવૃત્તિઓમાં જરૂરીઆત કરતાં મનવચન કાયાના વધારે પડતા રોકાણ:થી ઘણું આશ્ચર્ય થાય છે. પરંતુ શ્રી જૈનશાસનમાં એવા તત્ત્વો ગુંથાયેલા છે કે—જે પ્રસંગે પ્રસંગે બહાર આવી જઇ શાસનને જાગતું અને જયવંતુ બનાવે છે, ને બનાવશે. છતાં સૌના પ્રયાસની અપેક્ષા તો સર્વકાળે રહેજ છે.

## જૈનં જયતુ શાસનમ્

સંવત્ ૧૯૯૬ના અશાડ વદિ ૫–મ્હેસાણા

સેવકઃ—
પ્રભુદાસ બેચરદાસ પારેખ.

---

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રશ્નકારોના નામો-સંખ્યા અને અનુક્રમણિકા.


| ઉલ્લાસ-૧ લો | પ્રશ્નકારના નામો | પ્ર.સં. પૃષ્ઠ |
|---|---|---|
| ૧ | મહોપાધ્યાય શ્રી વિમલહર્ષગણિ | ૬. ૩ થી ૫ |
| ૨ | ,, મુનિવિજયગણિ | ૬. ૭ |
| ૩ | ઉપાધ્યાય કલ્યાણવિજયગણિ | ૬. ૧૦ |
| ૪ | ઉપાધ્યાય મેઘવિજયગણિ | ૩. ૧૧ |
| ૫ | ઉપાધ્યાય સોમવિજયગણિ | ૫૮. ૩૬ |
| ૬ | મહોપાધ્યાય ભાનુચન્દ્રગણિ | ૬. ૩૭ |
| ૭ | ઉપાધ્યાય વિવેકહર્ષગણિ | ૧૮. ૪૪ |
| ૮ | ઉપાધ્યાય વિજયરાજગણિ | ૩. ૪૫ |
| ૯ | ઉપાધ્યાય ધર્મવિજયગણિ | ૩૦. ૫૪ |
| | | કુ. ૧૩૬ |

| ઉલ્લાસ-૨ જો | પ્રશ્નકારના નામો | પ્ર.સં. પૃષ્ઠ |
|---|---|---|
| ૧ | પંડિત આનંદવિજયગણિ | ૪૨. ૭૩ |
| ૨ | ,, રવિસાગરગણિ | ૪. ૭૬ |
| ૩ | વૃદ્ધ પણ્ડિત કમલવિજયગણિ | ૧. ૭૬ |
| ૪ | ,, કનકવિજયગણિ | ૪૮. ૯૧ |
| ૫ | પણ્ડિત હાપર્ષિગણિ | ૧૨. ૯૫ |
| ૬ | ,, નગર્ષિગણિ | ૧૧. ૯૮ |
| ૭ | ,, વિષ્ણુઋષિગણિ | ૧૧. ૧૦૦ |
| ૮ | ,, રત્નચન્દ્રગણિ | ૨૫. ૧૦૯ |
| ૯ | ,, જયવિજયગણિ | ૮. ૧૧૪ |
| ૧૦ | ,, ધનવિજયગણિ | ૨૪. ૧૨૨ |
| ૧૧ | વૃદ્ધ પણ્ડિત શુભવિજયગણિ | ૧૦. ૧૨૪ |
| ૧૨ | પણ્ડિત દેવવિજયગણિ | ૧. ૧૨૫ |
| ૧૩ | ,, કાન્હજીગણિ | ૩. ૧૨૫ |
| ૧૪ | ,, કનકકુશલગણિ | ૫. ૧૨૭ |
| ૧૫ | ,, દર્શનસાગરગણિ | ૨. ૧૨૮ |
| ૧૬ | પણ્ડિત વિવેકસાગર ગણિ | ૨. ૧૨૯ |
| ૧૭ | શ્રી વિજય હીરસૂરિજીશિષ્ય પણ્ડિત રામવિજયગણિ | ૪. ૧૩૧ |
| | | કુલ ૨૧૩ |


For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




| ઉલ્લાસ-૩ જો | પ્રશ્નકારના નામો | પ્ર.સં. | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧ | આ ગ્રન્થકર્તા પણ્ડિત શુભવિજયગણિ | ૧૨૦. | ૧૮૮ |
| ૨ | પણ્ડિત દેવવિજયગણિ | ૯. | ૧૯૦ |
| ૩ | ,, વિનયકુશલગણિ | ૪૭. | ૨૦૬ |
| ૪ | ,, રત્નહર્ષગણિ | ૨. | ૨૦૭ |
| ૫ | ,, પદ્માનંદગણિ | ૨૦. | ૨૧૩ |
| ૬ | ,, વિદ્યાવિજયગણિ | ૬. | ૨૧૫ |
| ૭ | ,, કાન્હર્ષિગણિ | ૮. | ૨૧૭ |
| ૮ | ,, જયાનન્દગણિ | ૧. | ૨૧૭ |
| ૯ | ,, કુંવરવિજયગણિ | ૧. | ૨૧૮ |
| ૧૦ | ,, ચારિત્રોદયગણિ | ૧૭. | ૨૨૩ |
| ૧૧ | ,, કીર્તિવિજયગણિ | ૩૦. | ૨૩૩ |
| ૧૨ | ,, ધનહર્ષગણિ | ૫૪. | ૨૫૨ |
| ૧૩ | ,, જયવન્તર્ષિગણિ | ૨. | ૨૫૩ |
| ૧૪ | ,, ભક્તિસાગરગણિ | ૪. | ૨૫૬ |
| ૧૫ | ,, શુભકુશલગણિ | ૧. | ૨૫૭ |
| ૧૬ | પણ્ડિત પ્રેમવિજયગણિ | ૨. | ૨૫૭ |
| ૧૭ | ,, મુનિવિમલગણિ | ૧૦. | ૨૬૧ |
| ૧૮ | ,, દેવવિજયગણિ | ૨૨. | ૨૬૯ |
| ૧૯ | વડ્ડપક્ષીય પણ્ડિત પદ્મવિજયગણિ | ૬. | ૨૭૦ |
| ૨૦ | પણ્ડિત મેઘવિજયગણિ | ૬. | ૨૭૨ |
| ૨૧ | ,, શ્રુતસાગરગણિ | ૭. | ૨૭૪ |
| ૨૨ | ,, કનકવિજયગણિ | ૧. | ૨૭૪ |
| ૨૩ | વિજયસેનસૂરિ શિષ્ય પણ્ડિત કનકવિજયગણિ | ૩. | ૨૭૫ |
| ૨૪ | પણ્ડિત દયાવિજયગણિ | ૮. | ૨૭૯ |
| ૨૫ | ,, ગુણવિજયગણિ | ૩. | ૨૮૦ |
| ૨૬ | ,, ચન્દ્રવિજયગણિ | ૪. | ૨૮૨ |
| ૨૭ | ,, અમરચન્દ્રગણિ | ૭. | ૨૮૩ |
| ૨૮ | ,, સત્ય સૌભાગ્યગણિ | ૨. | ૨૮૪ |
| ૨૯ | ,, જીવવિજયગણિ | ૨. | ૨૮૫ |
| ૩૦ | ,, જસસાગરગણિ | ૯. | ૨૮૮ |
| ૩૧ | ,, હર્ષચન્દ્રગણિ | ૧૩. | ૨૯૧ |


For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




| | | પ્ર.સં | પૃષ્ઠ. |
|---|---|---|---|
| ૩૨ | ,, ધર્મવિજયગણિ | ૨. | ૨૯૨ |
| ૩૩ | ,, વિદ્યાવિજયગણિ | ૬. | ૨૯૪ |
| ૩૪ | ,, ધીરકુશલગણિ | ૭. | ૨૯૬ |
| ૩૫ | ,, સોમવિમલગણિ | ૧. | ૨૯૬ |
| ૩૬ | શ્રી હેમસાગરગણિ | ૭. | ૨૯૯ |
| ૩૭ | શ્રી રંગવર્ધનગણિ | ૬. | ૩૦૦ |
| ૩૮ | શ્રી પ્રેમવિજયગણિ | ૯. | ૩૦૩ |
| ૩૯ | પણ્ડિત નાકર્ષિગણિ | ૮. | ૩૦૫ |
| ૪૦ | શ્રી માણિક્યવિજયગણિ | ૨. | ૩૦૫ |
| ૪૧ | શ્રી સૌભાગ્યહર્ષગણિ | ૨. | ૩૦૬ |
| ૪૨ | શ્રી દામર્ષિગણિ | ૮. | ૩૦૮ |
| ૪૩ | પણ્ડિત જ્ઞાનસાગરગણિ | ૩. | ૩૦૯ |
| ૪૪ | શ્રી ભાણવિજયગણિ–જીવવિજયગણિ | ૭. | ૩૧૦ |
| ૪૫ | શ્રી સૂરવિમલગણિ | ૨. | ૩૧૨ |
| | | કુલ. | ૪૯૭ |

ઉલ્લાસ-૪ થો — પ્રશ્નકારના નામો

| | | પ્ર.સ. | પૃષ્ઠ | | | પ્ર.સ. | પૃષ્ઠ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | જેસલમેરુ સંઘ | ૫૬. | ૩૧૩ | ૧૫ | દીવ બંદર સંઘ | ૧૦. | ૩૫૮ |
| ૨ | મુલતાન સંઘ | ૩. | ૩૩૧ | ૧૬ | નવાનગર સંઘ | ૩. | ૩૬૨ |
| ૩ | દેવગિરિ સંઘ | ૧૩. | ૩૩૩ | ૧૭ | સીસાંગ સંઘ | ૧. | ૩૬૩ |
| ૪ | વષાસંઘ | ૫. | ૩૩૬ | ૧૮ | મહેમદાવાદ સંઘ | ૪. | ૩૬૩ |
| ૫ | ફતેહપુર સંઘ | ૪. | ૩૪૦ | ૧૯ | સાચોર સંઘ | ૧૦. | ૩૬૫ |
| ૬ | રાજપુર સંઘ | ૧. | ૩૪૧ | ૨૦ | ભીન્નમાળ સંઘ | ૪. | ૩૬૮ |
| ૭ | આગરા સંઘ | ૨. | ૩૪૧ | ૨૧ | બિભીતક સંગ | ૨. | ૩૬૯ |
| ૮ | ઉજ્જયની સંઘ | ૩. | ૩૪૨ | ૨૨ | જાલોર સંઘ | ૩. | ૩૭૦ |
| ૯ | કાકનગર સંઘ | ૩. | ૩૪૩ | ૨૩ | પાલી સંઘ | ૨. | ૩૭૧ |
| ૧૦ | વટપલ્લીય સંઘ | ૪. | ૩૪૪ | ૨૪ | માલપુર સંઘ | ૨. | ૩૭૨ |
| ૧૧ | પાટણ સંઘ | ૩. | ૩૪૫ | ૨૫ | ઉણીયાર સંઘ | ૨. | ૩૭૩ |
| ૧૨ | અમદાવાદ સંઘ | ૫. | ૩૪૭ | ૨૬ | મેદિનીદ્રંગ સંઘ | ૮. | ૩૭૪ |
| ૧૩ | ખંભાતે સંઘ | ૪. | ૩૪૮ | ૨૭ | ડુંગરપુર સંઘ | ૪. | ૩૭૮ |
| ૧૪ | સુરત બંદર સંઘ | ૩. | ૩૫૫ | ૨૮ | ઉદયપુર સંઘ | ૭. | ૩૭૯ |
| | | | | | પ્રશસ્તિ | | ૩૮૪ |


For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રશ્નાનુક્રમ


| પ્રશ્ન | વિષય | પૃષ્ટ |
|---|---|---|
| ૧ | ઉજમણાના દ્રવ્યનો વિચાર | ૩ |
| ૨ | જિનપ્રતિમાનું માન કેવડું હોય ? | ૩-૧૪૩ |
| ૩ | પુક્ખરવરદી૦ અને સિદ્ધાણં બુદ્ધાણંનો કયા આવશ્યકમાં સમાવેશ થાય ? | ૪ |
| ૪-૫૨૩-૬૨૫ | ગણધરની દેશનાનો વિચાર | ૪-૨૦૫-૨૩૬ |
| ૫ | અનુત્તરદેવની ગતિનો વિચાર | ૪ |
| ૬ | આઠ નવકારના કાઉસ્સગ્ગનો વિચાર | ૫ |
| ૭ | કોટીશિલાનું સ્વરૂપ | ૫ |
| ૮-૨૬૨-૩૯૭ | સજ્ઝાયના આદેશ વિગેરેનો વિચાર. | ૬-૧૦૦-૧૫૮ |
| ૯ | ઇચ્છામો અણુસટ્ઠિં કોણ કહે ? | ૬ |
| ૧૦ | કલ્પવૃક્ષનું સ્વરૂપ | ૭ |
| ૧૧ | કાચા ફળની સચિત્તતા વિગેરે | ૭ |
| ૧૨-૫૦૭-૫૫૮ | અસજ્ઝાય વિષે | ૭-૧૯૮-૨૧૬ |
| ૫૬૧-૫૮૭ | ,, | ૨૧૭-૨૨૫ |
| ૧૩ | શુદ્ધ પ્રરૂપક વિષે | ૮ |
| ૧૪ | અગીતાર્થ વિષે | ૮ |
| ૧૫ | માસકલ્પનો વિચાર | ૮ |
| ૧૬ | એકાક્ષિ નાલિયેરની પૂજામાં મિથ્યાત્વ ? કે નહિ ? | ૯ |
| ૧૭-૫૯૬ | મિથ્યાદૃષ્ટિની નિર્જરાનો વિચાર | ૯-૨૨૮ |
| ૧૮ | ઉત્સૂત્ર પ્રરૂપકનો વિચાર | ૧૦ |
| ૧૯ | લોકપાળ દેવના કાર્યમાં દિશાનો વિચાર | ૧૦ |
| ૨૦ | મરુદેવા અધ્યયન કેવી રીતે વિભાગ્યું ? | ૧૦ |


For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




| | | |
|---|---|---|
| ૨૧ | શ્રાવકો ખામણાને બદલે નવકાર કહે, તે વિષે | ૧૧ |
| ૨૨ | દેવો અચિત્ત પદાર્થ વિકુર્વી શકે કે નહિ? | ૧૧ |
| ૨૩ | પિંડ વિશુદ્ધિ પ્રકરણ કોણે બનાવ્યું? | ૧૨ |
| ૨૪-૬૮ | જંબુદ્વીપની નદીની સંખ્યા | ૧૨-૩૨ |
| ૨૫ | વ્રત-પોસહની આલોયણા શી રીતે અપાય? | ૧૨ |
| ૨૬ | માગધાદિતીર્થ ક્યાં છે? | ૧૩ |
| ૨૭ | રોગોની કુલ સંખ્યા કેટલી છે? | ૧૩ |
| ૨૮-૩૪-૮૧-૮૨-૧૯૪ | ઉપધાન વિષે પ્રશ્નો. | ૧૪-૧૭ |
| ૨૯૭-૩૧૪-૩૧૫-૩૧૯ | | ૩૬-૩૭-૮૦ |
| ૩૨૧-૩૭૭-૪૧૭-૪૪૭ | | ૧૧૩-૧૨૦-૧૨૧ |
| ૪૫૮-૪૫૯-૪૮૨-૫૧૨ | | ૧૨૨-૧૪૫-૧૮૦ |
| ૫૨૭-૫૫૪-૫૫૫-૫૫૬ | | ૧૮૪-૧૯૧-૨૦૦ |
| ૬૮૫-૭૨૫-૭૬૬-૭૭૪ | | ૨૦૬-૨૧૬-૨૬૨ |
| ૭૭૬-૭૮૯ | | ૨૭૪-૨૯૧-૨૯૫ |
| ૨૯ | પ્રત્યેક બુદ્ધ દેશના આપે કે નહિ? | ૧૪ |
| ૩૦ | સમવસરણના દ્વારપાળનું સ્વરૂપ | ૧૪ |
| ૩૧ | ચૌદપૂર્વિની દેવગતિનો વિચાર | ૧૫ |
| ૩૨ | સાગાર અણસણનો વિધિ | ૧૬ |
| ૩૩ | ચૈત્યના નિર્વાહ માટે નવીન ઘર ક્ષેત્રાદિ બનાવાય કે નહિ? | ૧૬ |
| ૩૫ | દેવલોકની ભૂમિનો વિચાર | ૧૭ |
| ૩૬-૮૬-૬૦૦ | રાત્રિ ભોજનની ચૌભંગી અને દોષો | ૧૭-૩૮-૨૩૯ |
| ૩૭ | દેવલોકમાં પૂર્વભવનું નામ શાથી? | ૧૮ |
| ૩૮-૭૧-૨૭૧-૨૯૮ | યોગ અનુષ્ઠાનના પ્રશ્નો | ૧૮-૩૨-૧૦૨ |
| ૩૭૨-૩૭૩-૩૮૫-૪૪૦ | | ૧૧૩-૧૪૩-૧૪૯ |
| ૪૪૩-૪૭૦-૫૧૬-૫૮૨ | | ૧૭૬-૧૭૭-૧૮૮ |
| | | ૨૦૧-૨૨૩ |


For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



| | | |
|---|---|---|
| ૩૯ | દેવ આયુષ્યનો બંધ કયારે કરે ? | ૧૯ |
| ૪૦ | ભવ્યાભવ્ય નિગોદ હોય ? | ૧૯ |
| ૪૧ | દેવીની સંખ્યાનો વિચાર | ૨૦ |
| ૪૨-૪૬૬-૫૧૧ | જિનકલ્પિના ભવાદિનો વિચાર | ૨૦-૧૬૫-૧૯૯ |
| ૪૩ | ઉત્તર વૈક્રિય માન કયા અંગુલથી ? | ૨૧ |
| ૪૪ | સાધુને શ્રુત દેવતાને નમસ્કાર કરવો ઉચિત ગણાય કે નહિ ? | ૨૧ |
| ૪૫-૭૮-૧૬૫-૫૫૧ | દેવવંદન વિધિ | ૨૧-૩૫-૬૮-૨૧૪ |
| ૪૬ | નિગોદનો નિર્લેપ કાળ હોય ? | ૨૨ |
| ૪૭ | પ્રાયશ્ચિત્તની ગાથા વિચાર. | ૨૨ |
| ૪૮ | જિનેશ્વરના શરીરના વર્ણનો વિચાર | ૨૨ |
| ૪૯-૫૭૪ | શ્રાવક પડિમાનો વિચ્છેદ કયારે થયો ? | ૨૩-૨૨૦ |
| ૫૦-૩૫૯ | ચરમ જિનનો તીર્થકાળ | ૨૩-૧૩૯ |
| ૫૧ | યુગ પ્રધાન કયારે થશે ? | ૨૩ |
| ૫૨ | ભૂમિ કોળું કલ્પે કે નહિ ? | ૨૪ |
| ૫૩ | સામાન્ય કેવળિઓ કોને વંદન કરે ? | ૨૪ |
| ૫૪ | વરસીદાનની વિનંતિ | ૨૫ |
| ૫૫-૧૮૮-૩૨૪ | લોકાંતિકના પરિવારનો વિચાર | ૨૫-૭૯-૧૨૩ |
| ૫૬ | સ્થવિરાવળિની છેલ્લી ગાથાનો વિચાર- | ૨૬ |
| ૫૭-૧૩૧-૨૦૨ | સચિત્ત અચિત્તનો વિચાર | ૨૭-૫૩-૮૨-૯૧ |
| -૨૩૧-૩૦૫- | ” | -૧૧૭-૧૨૪-૧૪૨ |
| ૩૩૨-૩૭૦-૫૨૧ | ” | -૨૦૪ |
| ૫૮ | નિગોદના આયુષ્યનો વિચાર | ૨૭ |
| ૬૦ | વાશી-વિદળના દોષનું પ્રમાણ | ૨૯ |
| ૬૧ | વૈતાઢ્ય પર્વતમાં સંઘ વિચાર | ૨૯ |
| ૬૨ | શ્રાવક પડિમામાં બ્રહ્મચર્યનું પાલન | ૨૯ |

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



| | | |
|---|---|---|
| ૬૩ | અસુરાદિ દેવનું ગમન ક્યાં સુધી થાય ? | ૩૦ |
| ૬૪ | વર્ષ વિચાર | ૩૦ |
| ૬૫ | ચારણ શ્રમણના રાત્રિ ગમનનો વિચાર | ૩૧ |
| ૬૬ | સિદ્ધશિલા ઉપર કયા જીવો હોય ? | ૩૧ |
| ૬૭ | છઠ્ઠા આરે અંગાનું પ્રમાણ | ૩૧ |
| ૬૯ | રાત્રિભોજનમાં દોષ | ૩૨ |
| ૭૦ | દંડકની ગણના | ૩૨ |
| ૭૨-૬૨૯ | ભગવાન્ હું પદનો અર્થ | ૩૨-૨૩૮ |
| ૭૩ | પોસહમાં દેશાવગાશિક પચ્ચક્ખાણ કેમ ન થાય ? | ૩૩ |
| ૭૪ | નિગોદના અનન્તમા ભાગે સિદ્ધ થવાનો વિચાર | ૩૩ |
| ૭૫ | સામાયિક પ્રતિજ્ઞામાં અનુમોદન વર્જિત છે. | ૩૪ |
| ૭૬ | દત્તિ પ્રત્યાખ્યાનનો ઉચ્ચાર | ૩૪ |
| ૭૭ | ગાંગેય ભંગ સંખ્યા અને લાખમો ભેદ જાણવાની રીતિ | ૩૫ |
| ૭૯ | સ્થવિરાવળીમાં પાઠભેદ | ૩૬ |
| ૮૦-૮૨-૨૫૨ | પડિલેહણના-પ્રશ્નો | ૩૬-૩૭-૯૭ |
| -૩૧૮-૫૪૩ | ” | ૧૨૧-૨૧૨ |
| ૮૪ | રાજ્યાભિષેક પછી ચક્રીને પુત્ર થવાનું પ્રમાણ | ૩૭ |
| ૮૫ | એક સમયે ચાર તીર્થંકરોનો મોક્ષ | ૩૭ |
| ૮૭-૪૬૦ | અથાણાંનો વિચાર | ૩૯-૧૮૪ |
| ૮૮ | નારકીમાં પરમાધામિની વેદના ક્યાં સુધી હોય ? | ૩૯ |
| ૮૯-૯૦-૯૧ | મતાન્તર પ્રશ્નો | ૪૦-૬૩- |
| -૧૫૩-૬૧૯ | | ૨૩૫ |
| ૯૨ | ઇંદ્રોના ભવો | ૪૦ |
| ૯૩-૨૭૨-૨૭૩-૨૭૪ | વ્યાકરણના પ્રશ્નો | ૪૦-૧૦૨-૧૦૪ |
| ૨૭૫-૨૭૬-૨૭૭-૨૭૮ | ” | ૧૦૫-૧૦૭ |
| ૨૮૫-૨૮૪-૨૮૯ | ” | ૧૦૯ |

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




| | | |
|---|---|---|
| ૯૪ | સૈન્ધવનો વિચાર | ૪૧ |
| ૯૫ | દેરાસરમાં કપાળનું તિલક કરતાંપડદો કરવો કે નહિ ? | ૪૧ |
| ૯૬ | વાંદણા વખતે મુહપત્તિ કયાં રાખવી. | ૪૧ |
| ૯૭ | કાંજીના જળનો વિચાર | ૪૧ |
| ૯૮ | અતીત અનાગત કાળનો વિચાર | ૪૨ |
| ૯૯ | ચૂર્ણિના કર્તા કોણ? અને કયારે બની? | ૪૨ |
| ૧૦૦ | નિશિથ ચુર્ણિનું પ્રામાણિક પણું | ૪૩ |
| ૧૦૧ | વ્યવહાર ચુલિકા કોણે રચી ? | ૪૩ |
| ૧૦૨-૩૫૭-૪૯૪ ૫૨૮-૫૩૩-૭૧૨ | તિથિ વિચાર | ૪૩-૧૩૫-૨૦૯ ૧૯૪-૨૦૭-૨૭૦ |
| ૧૦૩ | કર્માદાનનો વિચાર | ૪૪ |
| ૧૦૪ | દેવીના ભોગનું સ્થાન | ૪૪ |
| ૧૦૫ | ઉર્ધ્વસ્થિક શબ્દનો શબ્દાર્થ | ૪૪ |
| ૧૦૬ | આજંજવી શબ્દનો અર્થ | ૪૫ |
| ૧૦૭-૩૦૧ | તીર્થંકરના ભવોની ગણુના કયાંથી કરાય ? | ૪૫-૧૧૫ |
| ૧૦૮-૪૦૫-૪૫૨-૪૫૫ | સ્વપ્ન વિચાર | ૪૬-૧૬૨ ૧૮૨-૧૮૩ |
| ૧૦૯ | સ્થૂલભદ્રના આહારનો વિચાર | ૪૬ |
| ૧૧૦-૧૧૧ | આસાલિયાનું ઉરપરિસર્પપણું અને શરીર માન કયા અંગુલથી ગણાય? | ૪૭-૪૮ |
| ૧૧૨ | જિનબિંબ સામે ક્રિયા કરાય ? | ૪૮ |
| ૧૧૩ | પરપક્ષિઓમાં ચારિત્રનો વિચાર | ૪૮ |
| ૧૧૪ | નિર્યુકિતના કર્તા કોણ ? | ૪૮ |
| ૧૧૫ | ત્રાયસ્ત્રિંશત્ અને સામાયિક દેવોના વિમાનનો વિચાર | ૪૮ |
| ૧૧૬ | જઘન્યથી ગર્ભજ મનુષ્યનો વિચાર | ૪૯ |
| ૧૧૭ | ચક્રિના રત્નોમાં જીવોનો વિચાર | ૪૯ |
| ૧૧૮ | સંભિન્ન શબ્દનો અર્થ | ૪૯ |


For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




| | | |
|---|---|---|
| ૧૧૯ | નારકીના અવધિજ્ઞાન સંબંધી યોજન વિચાર | ૫૦ |
| ૧૨૦ | અંતે શરીર વિગેરે વોસિરાવ્યાનું ફળ | ૫૦ |
| ૧૨૧ | સૂર્યાભ વિમાનના ભમરાદિનો વિચાર | ૫૦ |
| ૧૨૨ | દ્રવ્યલિંગીની શુદ્ધિનો વિચાર | ૫૦ |
| ૧૨૩ | માંસ અને વિદળમાં કયા જીવો ઉપજે ? | ૫૧ |
| ૧૨૪ | અઢીદ્વીપ બહાર પચ્ચક્ખાણનો વિચાર | ૫૧ |
| ૧૨૫ | શય્યા સંથારાનો અને તફાવત | ૫૧ |
| ૧૨૬ | પૂ 'સજ્જાયરી' શબ્દનો અર્થ | ૫૧ |
| ૧૨૭ | જિનેશ્વરોના અવધિજ્ઞાનનો વિચાર | ૫૨ |
| ૧૨૮ | ચૌમાસા બાદ બે માસ વસ્ત્ર નહિ વહોરવાનું પ્રમાણ | ૫૨ |
| ૧૨૯ | જાતિસ્મરણથી પાછલા કેટલા ભવો જણાય ? | ૫૨ |
| ૧૩૧ | દિગાચાર્ય શબ્દનો અર્થ | ૫૩ |
| ૧૩૩ | પાંચમે અને આઠમે કઈ સ્તુતિ કહેવાય ? | ૫૩ |
| ૧૩૪ | દેવદૂષ્ય વસ્ત્ર રહેવાના કાળનો વિચાર | ૫૩ |
| ૧૩૬ | વ્યવહાર રાશિવાળા જીવોની ઓળખાણ. | ૫૪ |
| ૧૩૭ | ઘરદેરાસરમાં જિનપ્રતિમા કેટલા અંગુલની રખાય ? | ૫૬ |
| ૧૩૮ | સોપારીના કકડા વિગેરે નહિ લેવાનો વિચાર | ૫૬ |
| ૧૩૯ | પાંચ વ્યવહારમાં હાલ કેટલા વ્યવહારો પ્રવર્તે છે ? | ૫૭ |
| ૧૪૦-૪૬૧ | ઇરિયાવહિયા કરી સામાયિક લેવાનો વિચાર. | ૫૭-૧૮૪ |
| ૧૪૧ | મેઘગર્જારવની ઉત્પત્તિનો વિચાર. | ૫૮ |
| ૧૪૨ | ચૌદ પૂર્વિઓ કેટલા ભવો જાણે ? | ૫૮ |
| ૧૪૩ | બીજરુહ અને સંમૂર્છિમ વનસ્પતિનો સમાવેશ શામાં થાય ? | ૫૯ |
| ૧૪૪ | સૌધર્માદિ દેવદેવીઓ જ્યાં ગયા હોય ત્યાંથી કેટલું દેખે | ૫૯ |
| ૧૪૫ | અષ્ટ મહાસિદ્ધિ પૈકી વિચાર. | ૫૯ |
| ૧૪૭ | ચક્રિની ચંદન પીસનારી દાસીનો વિચાર | ૬૧ |
| ૧૪૮ | ભગવતીજીના આળાવાનો વિચાર | ૬૧ |


For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




૧૫૦ જિનપ્રતિમાને હોઠે લાલ રંગ કરવાનો વિચાર ૬૨
૧૫૧ આંગીમાં લાહિ ન વાપરવાનો વિચાર ૬૨
૧૫૨ કુલકોટી વિચાર ૬૩
૧૫૪ વિમાન અને નરકાવાસાદિ સાત દિશામાંથી
કઇદિશામાં છે? ૬૪
૧૫૫ દિવાળીકલ્પમાં શ્રાવક સંખ્યાથી સાધુસંખ્યા
ઘણી બતાવી તેનું તાત્પર્ય શું છે? ૬૪
૧૫૬ ૨૫૦ અભિષેકથી કલશની ગણુના. ૬૫
૧૫૭ ચિત્રસારથિનું મોટાભાઇપણું ૬૬
૧૫૮ કલ્પસામાચારી પદની સાર્થકતા ૬૬
૧૫૯ અગીતાર્થના વિહારનો વિચાર ૬૭
૧૬૦ વસ્રોની આંગીનો વિચાર ૬૭
૧૬૧ માતરીયું પુંજીને વાપરવું. ૬૭
૧૬૨ કાળવેળાએ નિર્યુક્તિભાષ્ય વિગેરે નહિ
ગણુવાનું પ્રમાણ. ૬૭
૧૬૩ મહાનિશીથ સૂત્રના ઉદ્દેશાનો વિચાર ૬૮
૧૬૪-૨૦૬-પોસહ વિચાર ૬૮-૮૪-૧૫૯
૩૯૮-૪૭૩- -૧૮૯-૨૪૮-
૬૫૦-૬૬૦-૬૮૮ ૨૫૧-૨૬૩
૧૬૬ અંગની પડિલેહણુના આદેશનો વિચાર ૬૯
૧૬૭ માતાને નાના બાળકના સંઘટ્ટામાં સામાયિકા
દિનો વિચાર ૬૯
૧૬૮ માળા દ્રવ્ય વિચાર ૬૯
૧૬૯-૪૦૨ શય્યાતર ઘર વિચાર ૬૯-૧૬૦
૧૭૦-૩૪૦ સંખડીમાં ભિક્ષા વિચાર ૭૦-૧૨૭
૧૭૧ પરદારવિરતિ પાઠ વિચાર ૭૦
૧૭૨ સૂત્રગણુન વિધિ વિચાર ૭૦
૧૭૩ ૧૧મી પડિમામાં જાવપડિમં બોલવું ૭૧
૧૭૪ આચાર્યાદિકની સંખ્યાની યુક્તિસંગતતા ૭૧


For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




१७५ કેવળિના પટ્ટધરનો વિચાર ७२

१७६ એકભવમાં એક જીવને પુત્રસંખ્યા ७२

१७७ આવળબાવળના દાતણનો વિચાર ७२

१७८ યથાછન્દિકના કાળનો વિચાર ७३

१७९-३५६ ગુરુની થૂભ કરાવવાનું પ્રમાણ અને મંત્ર ७३-१३४

१८० ગુરુપગલા પાસે ક્રિયાદિકનો વિચાર ७५

१८१ પુષ્કલી શ્રાવકની ઇરિયાવહિયાનો વિચાર ७६

१८२ દેવનિર્યાણના માર્ગનો વિચાર ७६

१८३ મનુષ્યલોક બહાર સિંહાદિના આહારનો વિચાર ७६

१८४ અચિત્તભોજનાદિકમાં જીવોત્પત્તિનો વિચાર ७७

१८५ અલેપ વસ્તુનો વિચાર ७७

१८६ સાધુ સિવાય આગમ ભણવાનો નિષેધ ७८

१८७ તિવિહાર દુવિહારમાં કલ્પ્ય વસ્તુનો વિચાર ७८

१८९ અઉસટ્ઠિકરિ સહસ્સનો અર્થ ७९

१९० સ્નાત્રપૂજામાં ધ્વજાદિ અષ્ટમંગલનો વિચાર ७९

१९१ જન્માભિષેક વખતે દેવશરીરનું માન ७९

१९२ ચોમાસામાં ५ ગાઉ ચૈત્ય ગુરુવંદન માટે ગમનવિચાર ८०

१९३ પાણીના આગારમાં અન્નત્થણાભોગ આગારનો વિચાર. ८०

१९५ સમવસરણ સિવાય ચતુર્મુખ દેશનાનો નિષેધ. ८०

१९६-४२२ લેશ્યા વિચાર ८१-१६८

१९७-१९९ ક્ષુલ્લક ભવ વિચાર ८१

१९८ સંમૂર્છિમ મનુષ્ય વિરહકાળ ८१

२०० વીરજિનની આયુષ્યગણનાનો વિચાર ८२

२०१ અણહારી વસ્તુનો વિચાર ८२

२०३-२०४ મદ્યાદિકમાં ઉપજતા જીવોનો વિચાર ८३

२०५ રાત્રિએ ચારે આહારમાં જીવોત્પત્તિનો વિચાર ८३

२०७ દેવભવમાં પહેલા ભવના શ્રુતજ્ઞાનનો વિચાર ८४


For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




| | | |
|---|---|---|
| ૨૦૮ | **સિદ્ધશીલા** ઉપરના યોજનમાપનો વિચાર | ૮૫ |
| ૨૦૯ | દેવલોકના પુસ્તકની લિપિનો વિચાર | ૮૫ |
| ૨૧૦ | દીક્ષાનો વિચાર | ૮૫ |
| ૨૧૧ | પાત્રાનો વિચાર | ૮૫ |
| ૨૧૨ | શય્યાતરપીંડની આલોયણ કોને અપાય? | ૮૬ |
| ૨૧૩–૨૧૪ | શય્યાતરનો વિચાર | ૮૬ |
| –૨૧૫ | " | |
| ૨૧૭ | પાંસરૂ દુધનો વિચાર | ૮૬ |
| ૨૧૭ | ભાદરવા શુદ ૫ના ઉપવાસનો વિચાર | ૮૬ |
| ૨૧૮ | પૃથ્વિકાયિકાદિ જીવના માપનો વિચાર | ૮૭ |
| ૨૧૯ | તિર્યંચના વૈક્રિયના શરીરનો વિચાર | ૮૭ |
| ૨૨૦–૩૩૩ | સાતક્ષેત્રના દ્રવ્યના ઉપયોગનો વિચાર | ૮૭–૧૨૪ |
| ૨૨૧ | દેવને પરભવમાં ઉપજવાનું જ્ઞાન | ૮૮ |
| ૨૨૨ | પ્રત્યાખ્યાન વિચાર | ૮૮ |
| ૨૨૩ | નિયાણાથી સ્ત્રીરત્ન થાય કે નહિ? | ૮૮ |
| ૨૨૪ | ચક્રીની દેશવિરતિનો વિચાર | ૮૮ |
| ૨૨૫ | ગણધરની સમાચારીનો વિચાર | ૮૯ |
| ૨૨૬ | જિનકલ્પિ તે ભવમાં મોક્ષે ન જાય | ૮૯ |
| ૨૨૭ | ઉદાયિ અને સુપાર્શ્વનાજીવની ગતિનો વિચાર | ૯૦ |
| ૨૨૮ | આયંબિલમાં કલ્પ્યાકલ્પ્યનો વિચાર | ૯૦ |
| ૨૨૯ | ભસ્મગ્રહનો વિચાર | ૯૦ |
| ૨૩૦ | દશ ક્ષેત્રોમાં આશ્ચર્યનો વિચાર | ૯૦ |
| ૨૩૨ | મેરૂમાં વિકલેન્દ્રિયજીવનો વિચાર | ૯૧ |
| ૨૩૩ | દેવલોકના કમળનો વિચાર | ૯૧ |
| ૨૩૪ | વ્યવહારિજીવની મોક્ષપ્રાપ્તિના કાળનો વિચાર | ૯૨ |
| ૨૩૫ | દેવલોકમાં મિથ્યાત્વીઓનો કેવો આચાર હોય? | ૯૨ |
| ૨૩૬ | **સરસ્વતી** દેવીના બ્રહ્મચર્યનો વિચાર. | ૯૨ |
| ૨૩૭ | સદોષભોજિસાધુના ચારિત્રનો વિચાર | ૯૩ |
| ૨૩૮ | યોનિસંકરદોષનો વિચાર | ૯૩ |


For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




૨૩૯ કાલિક યોગમાં રાત્રિએ અણુહારી વસ્તુ ન લેવાય ૯૩
૨૪૦ દેવાની કુળકાટીની સંગતતા ૯૩
૨૪૧ સ્વયં લીધેલી દીક્ષાનું ફળ ૯૪
૨૪૨ મનુષ્યને આલોયણ વિના શુદ્ધિ ન થાય ૯૪
૨૪૩ વિદિશા અને દિશાનો આકાશ પ્રદેશ ફરશે નહિ ૯૪
૨૪૪-૨૪૫ નિવિયાતાનો વિચાર ૬૦-૯૫-
-૨૪૬-૩૮૮ „ ૧૫૫-૧૬૯
-૪૨૫-૧૪૬ „ -૪૨૫
૨૪૭ દેવપૂજામાં મસ્તકસ્નાનનો વિચાર ૯૫
૨૪૮ પદ્માવતીદેવી ધરણેન્દ્રની પત્ની છે? ૯૬
૨૪૯ વીરજિનના ૨૩મા ભવનો વિચાર ૯૬
૨૫૦ જિનેશ્વરોની ગર્ભસ્થિતિનું માન ૯૬
૨૫૧ વીરજિનના અંગુલનો વિચાર ૯૭
૨૫૩ દશાર્ણભદ્ર નિમિત્ત હુસ્તિમુખની વિકુર્વણાનો વિચાર ૯૭
૨૫૪-૫૪૯-૬૩૮ સૂતક વિચાર ૯૮-૨૧૪-૨૪૨
૨૫૫ પૂજા દિવસેજ ભણાવાય ૯૮
૨૫૬ પ્રતિક્રમણમાં વંદિત્તુસૂત્રના આદેશનો વિચાર ૯૮
૨૫૭ પ્રતિક્રમણમાં છીંક નિવારવાનો વિચાર ૯૮
૨૫૮-૪૭૭- અસજ્ઝાયમાં આલોયણના તપનો વિચાર ૯૯-૧૯૦
૫૪૮ „ -૨૧૪
૨૫૯ ફરી દીક્ષિતને આલોયણ આપવાનો વિચાર ૯૯
૨૬૦ ત્રણ સંક્રાન્તિમાં ધર્મકાર્યનો વિચાર ૯૯
૨૬૧ મંદિરમાં પૂજ મૂકવાનો વિચાર ૯૯
૨૬૩ આરાધના પ્રકરણ બનાવ્યાનો વિચાર ૧૦૦
૨૬૪ અભવ્યને નિગોદમાં જ્ઞાનાદિની સત્તાનો વિચાર ૧૦૦
૨૬૫ જન્મથી નપુંસકને સમકિતાદિની પ્રાપ્ત થાય? ૧૦૦
૨૬૬ પાસત્થાદિને અવંદનનો વિચાર ૧૦૦
૨૬૭ જિનબિંબવંદનાનો વિચાર ૧૦૧


For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




૨૬૮ પંદરે કર્મભૂમિમાં સંવત્સરાદિના નામનો વિચાર ૧૦૧

૨૬૯ અપ્રતિષ્ઠિત જિન બિંબની આશાતનાનો વિચાર ૧૦૧

૨૭૦ બારબોલના માર્ગાનુસારિ શબ્દનો અર્થ ૧૦૨

૨૭૯ અભક્ષ્ય ભક્ષણ સમકિતાદિનો નાશ કરે કે નહિ? ૧૦૫

૨૮૦ સમવસરણમાં દેવદેવીઓ સાક્ષાત્ જોઇ શકાય? ૧૦૫

૨૮૧ મનુષ્યયોનિ પેઠે તિર્યંચ યોનિમાં જીવો ઉપજે? ૧૦૬

૨૮૨–૨૮૩ દેવલોકમાં વનસ્પતિ જળ અને હડતાલનો વિચાર ૧૦૬–૧૦૭

૨૮૬ તંદુલીયા મચ્છનો ગર્ભકાળ ૧૦૭

૨૮૮ પર્યાપ્તા સાથે અપર્યાપ્તાની હીંસાનો વિચાર ૧૦૮

૨૮૮ એક પર્યાપ્તા સાથે અસંખ્ય અપર્યાપ્તાના નિયમનો વિચાર ૧૦૮

૨૯૦ વાસુદેવ પ્રતિવાસુદેવને ગંગા ઉતરવાનો વિચાર ૧૦૯

૨૯૧ અર્ધપુદ્ગલપરાવર્તનના કાળનો વિચાર ૧૧૦

૨૯૨ દેવદ્રવ્યની વૃદ્ધિનો વિચાર ૧૧૦

૨૯૩ અરિહંતોના વર્ણનો વિચાર ૧૧૧

૨૯૪ મનઃપર્યવ જ્ઞાનનો વિચાર ૧૧૨

૨૯૫ ભવનપતિના ભવનનો વિચાર ૧૧૨

૨૯૬ લોકમાં અંધકાર થવાનો વિચાર ૧૧૩

૨૯૯ ઋષભદેવસ્વામિના પ્રથમ સમકિત અને સિદ્ધિનો વિચાર ૧૧૪

૧૩૦–૩૦૦ ચૌવિહાર ઉપવાસીને સાંજના પચ્ચક્ખાણ વિચાર ૫૩–૧૧૫

૩૦૨ પદસ્થકાર્ય અને વંદનવિચાર ૧૧૫

૩૦૩ આગાઢ તપ વિસર્યો હોય, તેનો વિચાર ૧૧૬

૩૦૪ યુગલિકના આયુષ્યના પ્રકાર ૧૧૬


For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




| | | |
|---|---|---|
| ૩૦૬ | પરંપર સંઘટ્ટાનું સ્વરૂપ | ૧૧૭ |
| ૩૦૭ | એક સમયમાં કેટલા સિદ્ધ થાય? તે વિચાર | ૧૧૭ |
| ૩૦૮ | એક પુત્રને કેટલા પિતા હોય? તે વિચાર | ૧૧૮ |
| ૩૦૯ | વિગયના પ્રત્યાખ્યાનનો વિચાર | ૧૧૮ |
| ૩૧૦ | સતત સામાયિકાદિમાં કેટલા આદેશ મંગાય? | ૧૧૮ |
| ૩૧૧ | સાંજે પડિલેહણમાં તિવિહારવાળાને પાણુહાર અપાય? | ૧૧૯ |
| ૩૧૨ | મધાદિકના સંઘટ્ટામાં આહારાદિ નહિ વહોરવાનો વિચાર. | ૧૧૯ |
| ૩૧૩ | સુઘોષા ઘંટાનું માન કેટલું? | ૧૧૯ |
| ૩૧૬ | મહાવિદેહમાં વિહરમાન જિનસત્તાનો વિચાર | ૧૨૦ |
| ૩૧૭ | ઈંદ્રિયોના વિષયના દૃષ્ટાન્તનો વિચાર | ૧૨૧ |
| ૩૨૦ | જિનમંદિરમાં પ્રત્યાખ્યાન પળાય કે નહિ? | ૧૨૨ |
| ૩૨૨ | શ્રાવિકાઓને સુયદેવયાની સ્તુતિ બોલવાનો વિચાર | ૧૨૨ |
| ૩૨૩ | તીર્થંકર સાથે દીક્ષા ગ્રહણ કરનારાઓનો વિચાર | ૧૨૨ |
| ૩૨૫ | ચક્ષુરહિતને કેવલજ્ઞાન | ૧૨૩ |
| ૩૨૬ | કુંડાદિ જળ વિચાર | ૧૨૩ |
| ૩૨૭–૬૩૯ | વિદળનો વિચાર | ૧૨૩–૨૪૨ |
| ૩૨૮ | સૂકવણીનો વિચાર | ૧૨૩ |
| ૩૨૯ | પોસાતી શ્રાવિકાઓ ગહુંલી ન કરી શકે | ૧૨૪ |
| ૩૩૦ | શ્રાવિકાઓને આરત્તિમંગલદીવાનો વિચાર | ૧૨૪ |
| ૩૩૧ | સામાયિકમાં પડિલેહણના આદેશનો વિચાર | ૧૨૪ |
| ૩૩૪ | અભવ્યને તીર્થંકરના દાનનો અભાવ | ૧૨૫ |
| ૩૩૫ | અભવ્યને શત્રુંજયના સ્પર્શનનો વિચાર | ૧૨૫ |
| ૩૩૬ | ઇશાન ઇન્દ્રના કોપથી બલિચંચા કેવી થઈ? | ૧૨૫ |
| ૩૩૭ | સુધર્મા સ્વામિજી વખતે નવમાપૂર્વની કલ્પાધ્યયનની વાચના | ૧૨૬ |


For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




| | | |
|---|---|---|
| ૩૩૮-૩૩૯ | ચૌદ નિયમ ગત વિચાર | ૧૨૬-૧૬૪ |
| -૪૧૦ | ” | |
| ૩૪૧ | રાત્રિએ બનાવેલ વસ્તુ સાધુ લે કે નહિ? | ૧૨૭ |
| ૩૪૨ | પાક્ષિક પ્રતિક્રમણમાં સંસારદાવાદિક કહેવાનો વિચાર | ૧૨૭ |
| ૩૪૩ | સૂર્યચન્દ્ર વિમાનને રાહુએ આવરવાનો વિચાર | ૧૨૮ |
| ૩૪૪ | ગ્રૈવેયકાદિમાં જિનની દાઢાનો અભાવ. | ૧૨૮ |
| ૩૪૫ | સ્ત્રીઓને સર્વાર્થસિદ્ધ વિમાને જવાનું પ્રમાણ. | ૧૨૮ |
| ૩૪૬ | વ્યવહાર રાશિનું અનાદિપણું | ૧૨૯ |
| ૩૪૭ | ઇંદ્ર અને ચક્રિપણું કેટલી વખત મળે? | ૧૩૦ |
| ૩૪૮ | બ્રહ્મદેવ લોક ઉપર સમકિતી દેવો વધારે હોય? | ૧૩૦ |
| ૩૪૯ | પૂજા કરતાં પ્રથમ તિલક ક્યાં કરાય? | ૧૩૧ |
| ૩૫૦ | નમો તિત્થસ્સ શબ્દનો અર્થ | ૧૩૨ |
| ૩૫૧ | પાસત્થાને ગણ હોવાનો વિચાર. | ૧૩૨ |
| ૩૫૨ | પ્રત્યાખ્યાન | ૧૩૩ |
| ૩૫૩ | સ્વપક્ષી-પરપક્ષી વિચાર | ૧૩૩ |
| ૩૫૪ | ઔષધ અને ભેષજમાં તફાવત | ૧૩૩ |
| ૩૫૫ | ભવ્યપણું જાણવાની રીત | ૧૩૪ |
| ૩૫૬ | ઉપધાન પૂર્વક સૂત્ર ભણવાનું પ્રમાણ | ૧૩૭ |
| ૩૬૦ | નારકીઓ પૂર્વભવની બાબતો શાથી જાણે? | ૧૪૦ |
| ૩૬૧ | મુંડકેવળીનું સ્વરૂપ | ૧૪૦ |
| ૩૬૨-૩૭૯ | યુગલિયાનો વિચાર | ૧૪૦-૧૪૬ |
| ૩૬૩ | સચિત્તના ત્યાગીને કારણે રાત્રિએ પાણી પીવું પડે તેનો વિચાર | ૧૪૧ |
| ૩૬૪-૩૬૫-૩૭૧ | ઈરિયાવહિયાનો વિચાર | ૧૪૧-૧૪૨ |
| ૬૦૩-૬૭૧ | | ૨૩૦-૨૫૭ |
| ૩૬૬-૫૯૦ | આડ પડવાનો વિચાર | ૧૪૧-૨૨૬ |
| ૧૩૫-૩૬૭ | સીતા કોની પુત્રી? વિગેરે | ૫૩-૧૪૨ |
| ૩૬૮ | કેવા રંગની મુહપત્તિ રખાય? | ૧૪૨ |


For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




| | | |
|---|---|---|
| ૩૬૯ | પારણાનો દુધપાક વૈક્રિય હતો કે નહિ ? | ૧૪૨ |
| ૩૭૫ | સમવસરણના યોજન કયા અંગુલથા ? | ૧૪૩ |
| ૩૭૬ | પારણા વખતે શેલડીના રસના ઘડાનો વિચાર | ૧૪૪ |
| ૩૭૮ | પણવીસજોયણ૦ ગાથાનો વિચાર | ૧૪૪ |
| ૩૮૦ | અંતકૃત્ શબ્દનો અર્થ | ૧૪૭ |
| ૩૮૧ | ચક્રવાલ સમાચારીનો શબ્દાર્થ | ૧૪૭ |
| ૩૮૨ | ચ્યવન કલ્યાણકમાં ઇન્દ્ર આવે કે નહિ ? | ૧૪૭ |
| ૩૮૩ | ચારણ શ્રમણ સ્વપ્નનું ફળ કહે ? | ૧૪૮ |
| ૩૮૪-૫૧૫ | ત્રણે ઋતુમાં પક્વાન્નના કાળનો વિચાર | ૧૪૮-૨૦૦ |
| ૩૮૬ | વિમાનાધિપતિ દેવના સમકિતનો વિચાર | ૧૪૯ |
| ૩૮૭ | સમવસરણના કુલોનો વિચાર | ૧૫૫ |
| ૩૮૮ | વિકલેન્દ્રિય જીવો મરી મનુષ્ય થઈ શું પામી શકે ? | ૧૫૫ |
| ૩૮૯ | સાધ્વીને ચારણલબ્ધિનો અભાવ | ૧૫૫ |
| ૩૯૦ | પાંચ નિર્ગ્રન્થોમાંથી આહારક શરીર કોણ કરે ? | ૧૫૫ |
| ૩૯૧ | પાંચમા આરામાં પક્ષિ વિગેરેનું આયુષ્ય | ૧૫૬ |
| ૩૯૨ | પાક્ષિકાદિ ખામણા અને તપ કેટલા | ૧૫૬ |
| ૩૯૩ | દિવસ સુધી કરાય ? | |
| ૩૯૪ | ચંદ્રના પ્રકાશમાં દીવા વિગેરેની ઉજ્જેઈનો વિચાર | ૧૫૬ |
| ૩૯૫ | ત્રિફળાનું પાણી વાપરવામાં ગ્રંથપ્રમાણ | ૧૫૭ |
| ૩૯૬ | વિજયશેઠ અને વિજયાશેઠાણીનું સ્વરૂપ | ૧૫૭ |
| ૩૯૯ | જીવોના મોક્ષકાળનો વિચાર | ૧૫૯ |
| ૪૦૦ | છ આવશ્યકનો વિચાર | ૧૬૦ |
| ૧૪૯-૪૦૧ | આવશ્યક મૂળ સૂત્રોના કર્તા કોણ ? | ૬૨-૧૬૦ |
| ૪૦૩ | છૂટા શ્રાવકને સ્થાપનાચાર્ય પડિલેહવાનો વિચાર | ૧૬૧ |
| ૪૦૪ | નવદીક્ષિત અતિચારાદિ સૂત્રો કહી શકે નહિ ? | ૧૬૧ |
| ૪૦૫ | અનન્ત ચતુષ્કનો વિચાર | ૧૬૨ |
| ૪૦૭ | પન્તાહાર શબ્દની વ્યાખ્યા | ૧૬૩ |
| ૪૦૮ | સગર ચક્રીના પુત્રોની માતાનો વિચાર | ૧૬૩ |
| ૪૦૯ | ચૌદ પૂર્વો અવળા સવળા ગણવાનો વિચાર | ૧૬૪ |


For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




| | | |
|---|---|---|
| ૪૧૨ | વચ્છનાગાદિ દવા માટે અભક્ષ્ય ન ગણાય. | ૧૬૫ |
| ૪૧૩ | અઢીદ્વીપ વિષે સમયમાં કેટલા જિનોનો અભિષેક થાય ? | ૧૬૫ |
| ૪૧૪ | માગધાદિતીર્થમાં ચક્રિના અઠ્ઠમની સંખ્યા | ૧૬૬ |
| ૪૧૫ | ફેર ચક્રીપણું પામવાનો વિચાર | ૧૬૬ |
| ૪૧૬ | મરાતા જીવને છોડાવવામાં કયું દાન ગણાય? | ૧૬૬ |
| ૪૧૭ | ઉપધાનમાં કલ્યાણક તિથિના તપનો વિચાર | ૧૬૬ |
| ૪૧૮ | નારદોની ગતિનો વિચાર | ૧૬૭ |
| ૪૧૯ | સિંધુ દેશમાં ભગવાન્ વિચર્યા બાબત | ૧૬૭ |
| ૪૨૦ | અંધકારમાં આહાર વાપરવાનો દોષ | ૧૬૭ |
| ૪૨૧-૫૬૨ | બ્રાહ્મી સુન્દરીના વિવાહનો વિચાર | ૧૬૮-૨૧૭ |
| ૪૨૩ | સમકિતિ-દેશવિરતિને ૧૨મા દેવલોકનો વિચાર | ૧૬૮ |
| ૪૨૪ | સમકિતની પ્રાપ્તિ પછી-દેશ :સર્વ વિરતિની પ્રાપ્તિનો વિચાર | ૧૬૯ |
| ૪૨૬ | મહાગિરિ સુહસ્તિ નામને આર્ય શબ્દ જોડવાનું કારણ | ૧૬૯ |
| ૪૨૭ | કર્માદાન લાગવા ન લાગવાનો વિચાર | ૧૭૦ |
| ૪૨૮ | ઉપવાસીને સાંજના પચ્ચક્ખાણનો વિધિ. | ૧૭૦ |
| ૪૨૯ | પ્રતિવાસુદેવની માતા ત્રણ સ્વપ્નો જુએ તેનું પ્રમાણ | ૧૭૦ |
| ૪૩૦ | સ્વયંબુદ્ધ પ્રત્યેક બુદ્ધના નગ્નપણાનો વિચાર | ૧૭૧ |
| ૪૩૧ | સૂત્રના એકપદનું પ્રમાણ કેટલું થાય ? | ૧૭૧ |
| ૪૩૨ | સુપાર્શ્વનાથ ભગવંતની ફણાનો વિચાર | ૧૭૨ |
| ૪૩૩ | જન્મના ૯ માસ ૭॥ દિવસનો વિચાર | ૧૭૩ |
| ૪૩૪ | કેવળીના પરિસહની સંખ્યા | ૧૭૩ |
| ૪૩૫ | અનુત્તર વિમાનમાં ગયેલ જીવના ભવની સંખ્યા | ૧૭૩ |
| ૪૩૬ | વિષ્ણુકુમાર બે થયા તેનો વિચાર | ૧૭૪ |
| ૪૩૭ | શ્રીહ્રી વિગેરે દેવીઓ કઈ નિકાયની છે ? | ૧૭૪ |


For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




| | | |
|---|---|---|
| ૪૩૮ | સાત માંડલિનો વિચાર | ૧૭૫ |
| ૪૩૯ | કાલિકાચાર્ય કેટલા થયા ? તેનો વિચાર | ૧૭૫ |
| ૪૪૧ | દહિ અભક્ષ્ય કયારે થાય ? | ૧૭૬ |
| ૪૪૨ | ઘરસી પ્રત્યાખ્યાનવાળો દાતણ ન કરે. | ૧૭૭ |
| ૪૪૪ | સંમૂર્છિમ મનુષ્ય વિરહકાળ વિચાર | ૧૭૮ |
| ૪૪૫ | ભાંગી જવાના ભયથી વ્રત ન લેનારનો વિચાર | ૧૭૯ |
| ૪૪૬ | કરંબો લેવાનો કાળ | ૧૮૦ |
| ૪૪૭ | નવકારવાળી વિગેરેની સ્થાપનાનો વિચાર | ૧૮૦ |
| ૪૪૯ | અનેક વખત ઇન્દ્રપણું વિગેરે પામવાનો વિચાર | ૧૮૦ |
| ૪૫૦-૬૨૭ | જીવના અને આકાશના પ્રદેશનો વિચાર | ૧૮૧-૨૩૭ |
| ૪૫૧ | પ્રમત્ત અને અપ્રમત્ત ગુણઠાણાના અન્ત-મુર્હૂર્તનો વિચાર | ૧૮૧ |
| ૪૫૩ | સ્ફટિકાદિ પૃથ્વીના સચિત્તપણાનો વિચાર | ૧૮૨ |
| ૪૫૪ | નવનારદના સમયનો વિચાર | ૧૮૨ |
| ૪૫૬ | આલોયણામાં દ્રવ્ય વાપરવાનો વિચાર | ૧૮૩ |
| ૪૫૭ | શ્રાવકે મુહપત્તિથી ગુરુના પગ પુંજવાનો વિચાર | ૧૮૩ |
| ૪૬૨ | શરીરનું માપ કયા અંગુલથી થાય ? | ૧૮૫ |
| ૪૬૩ | મુહપત્તિના બોલનું કારણ | ૧૮૫ |
| ૪૬૪ | શ્રાવકને ફાસુ ચોખાનું ધોવણ વિગેરે પીવું કલ્પે કે નહિ ? | ૧૮૬ |
| ૪૬૫-૫૭૯ | કૃષ્ણ-વાસુદેવે ૧૮ હજાર સાધુને વાંદ્યાનો વિચાર | ૧૮૬-૨૨૨ |
| ૪૬૬-૪૯૯ | અધિકમાસમાં કલ્યાણક તપનો વિચાર | ૧૮૬-૧૯૬ |
| ૪૬૭ | ઉચ્ચનીચાદિ કુલનો અર્થ | ૧૭૮ |
| ૪૬૮ | સમુદાની ભિક્ષા શબ્દનો અર્થ | ૧૮૭ |
| ૪૬૯ | પોસાતીના કાળવેળાના દેવવંદનનો વિચાર | ૧૮૮ |
| ૪૭૧ | આદિનાથજિનના ૯૮ પુત્રોના આયુષ્યના અપવર્તનનો વિચાર | ૧૮૮ |


For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




| | | |
|---|---|---|
| ૪૭૨ | સાધુ શ્રાવકને ઘરે બેસીને ગોચરી લે કે નહિ ? | ૧૮૮ |
| ૪૭૪ | કેવી નવકારવાળી સ્થાપી પ્રતિક્રમણ કરાય ? | ૧૮૯ |
| ૪૭૫ | પ્રતિક્રમણમાં સાતમાંથી બે ચૈત્યવવંદન કયા ગણાવ્યા ? | ૧૮૯ |
| ૪૭૬ | ૨૨૯ છઠ્ઠના નિયમનો વિચાર | ૧૮૯ |
| ૪૭૮ | વીરજન્મ દિવસે લોકો સુખડી લાવે તે ઉપર વાસક્ષેપ નંખાય કે નહિ ? | ૧૯૦ |
| ૪૭૯ | બારમા દેવલોક તથા ગ્રૈવેયકમાં કયા મિથ્યાત્વી ઉપજે ? | ૧૯૦ |
| ૪૮૦ | તામલી તાપસ સમકિત પામ્યો, તેના અક્ષરો | ૧૯૧ |
| ૪૮૧ | સર્વ ઇન્દ્રો સમકિત હોવાનો વિચાર | ૧૯૧ |
| ૪૮૩ | નક્ષત્ર: તારા: વિમાનના વાહક દેવોનો:વિચાર | ૧૯૧ |
| ૪૮૪ | ધ્યાનનો અરૂપિપણાનો વિચાર | ૧૯૨ |
| ૪૮૫ | સમકિત દેવો એક સમયમાં કેટલા ચ્યવે ? | ૧૯૨ |
| ૪૮૬ | છૂટો છૂટો કરેલો છઠ્ઠ આલોયણમાં ગણાય કે નહિ ? | ૧૯૨ |
| ૪૮૭ | કિલ્બિષિયાના વિમાન આદિનો વિચાર | ૧૯૨ |
| ૪૮૮ | સમુદ્રકલશોનો વિચાર | ૧૯૩ |
| ૪૮૯ | મેરુમેખલાનો વિચાર | ૧૯૩ |
| ૪૯૦ | પડિમાધારિ સાધુને ક્ષોભ પામવાનું કારણ | ૧૯૩ |
| ૪૯૧ | પાખંડિઓને સમવસરણમાં બેસવાનો વિચાર | ૧૯૩ |
| ૪૯૨ | શીતોદા નદીને સમુદ્રમાં પેસવાનો વિચાર | ૧૯૪ |
| ૪૯૩ | આયરિય ઉવજ્ઝાયસૂત્રનો વિચાર | ૧૯૪ |
| ૪૯૫ | ઐરાવણવિગેરે દેવો વાહન બને, તે વિચાર | ૧૯૪ |
| ૪૯૬ | પાર્શ્વજિનની કૃપાથી બનેલ ધરણેન્દ્રનો વિચાર | ૧૯૫ |


For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




| | | |
|---|---|---|
| ૪૯૭ | મલ્લિનાથ ભગવંતની પર્ષદાનું સ્વરૂપ | ૧૯૫ |
| ૪૯૮ | કડવું તુંબડું વહોરાવ્યું તેનું ભવ સ્વરૂપ | ૧૯૫ |
| ૫૦૦ | વસ્ત્રમાં અભ્યાહૃત દોષનું સ્વરૂપ | ૧૯૬ |
| ૫૦૧ | આર્યમહાગિરિ-આર્યસુહસ્તિનો દીક્ષા વિચાર | ૧૯૬ |
| ૫૦૨ | વીરજિનની જન્મોતરી વિચાર | ૧૯૭ |
| ૫૦૩ | ક્ષુલ્લક આયુષ કોને હોય? | ૧૯૭ |
| ૫૦૪ | શ્રેણિકાદિને માંસભોજન ન હોવાનો વિચાર | ૧૯૭ |
| ૫૦૫ | કોણિક-રાવણના તીર્થંકરપણાનો વિચાર | ૧૯૮ |
| ૫૦૬ | ચૈત્રમાસનો કાઉસ્સગ્ગ ભૂલી જવાથી શું શું ન કરાય? | ૧૯૮ |
| ૫૦૮ | લલિતાંગદેવની પત્ની નિર્નામિકા કયો જીવ થયો? | ૧૯૮ |
| ૫૦૯ | ૭૨ સ્વપ્નોના નામો કયા ગ્રંથમાં છે? | ૧૯૯ |
| ૫૧૦ | અચ્યુતઇન્દ્રે જન્માભિષેક પ્રથમ કર્યો, તે | ૧૯૯ |
| ૫૧૩ | પડિમાવાહિ શ્રાવિકાઓનો ઋતુ સંબંધિ વિચાર | ૨૦૦ |
| ૫૧૪ | મૂળ નપુંસકને સર્વવિરતિ અને મોક્ષનો અભાવ | ૨૦૦ |
| ૫૧૭ | દેવ માટેજ કરાવેલા આભૂષણો ગ્રહસ્થે વેચાય નહિ | ૨૦૧ |
| ૫૧૮ | પોસાતીઓને પુસ્તકપૂજાદિ દ્રવ્યસ્તવનો નિષેધ | ૨૦૨ |
| ૫૧૯ | સંડાસગ શબ્દનો અર્થ | ૨૦૨ |
| ૫૨૦ | મલ્લિજિનની વીશપાટ સુધી સિદ્ધ થયેલાનો વિચાર | ૨૦૩ |
| ૫૨૨ | ખાઇ ખોદતાં ભવનોમાં પાણી પડ્યાનો વિચાર | ૨૦૪ |


For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




| | | |
|---|---|---|
| ૫૨૪ | વીરજિનના સાલવૃક્ષનો વિચાર | ૨૦૫ |
| ૫૨૫ | પદસ્થ વંદન વિચાર | ૨૦૬ |
| ૫૨૬ | શ્રાવક પરદેશ જાય, ત્યારે કઈ સ્તુતિ પ્રતિક્રમણમાં બોલે ? | ૨૦૬ |
| ૫૨૯ | સમોસરણ વિના દેશનામાં ૧૨ પર્ષદાની વ્યવસ્થા | ૨૦૭ |
| ૫૩૦ | શ્રાવક રાત્રિએ તિવિહારમાં સચિત્ત જલ પીવે તેનો વિચાર | ૨૦૮ |
| ૫૩૧ | દેવો ૫૦૦ ધનુષ્યની પ્રતિમાનું પૂજન કેવી રીતે કરે ? | ૨૦૮ |
| ૫૩૨ | અધિકમાસમાં સૂર્યમંડલની વ્યવસ્થા | ૨૦૯ |
| ૫૩૪ | જોગવં ઉવહાણુવં-વિશેષણો સાધુ ને શી રીતે ? | ૨૧૦ |
| ૫૩૫ | સેચનક હસ્તિએ ગુમખાઇ કેવી રીતે જાણી ? | ૨૧૦ |
| ૫૩૬ | દ્રોણનું માપ કેટલું ? અને શી રીતે થાય ? | ૨૧૦ |
| ૫૩૭ | પડખે અનિવાર્ય અસજઝાય છતાં કલ્પવાચના બંધ ન રહે | ૨૧૧ |
| ૫૩૮ | વર્ષાકાલમાં લીલફુલ ક્યારે નિર્જીવ થાય ? | ૨૧૧ |
| ૫૩૯ | નવકારશી પ્રત્યાખ્યાન સૂર્યોદય પછી બે ઘડીએ થાય | ૨૧૧ |
| ૫૪૦ | રાઇ પ્રતિક્રમણમાં સજ્ઝાય પહેલાં ચાર ખમાસમણનો ખુલાસો | ૨૧૧ |
| ૫૪૧ | દ્રવ્યલિંગીનું દ્રવ્ય શેમાં વપરાય ? | ૨૧૨ |
| ૫૪૨ | દેવોએ આપેલા આભૂષણાદિકનો વિચાર | ૨૧૨ |
| ૫૪૪ | વિહરમાન જિનોના નામો કયા ગ્રંથમાં છે ? | ૨૧૩ |
| ૫૪૫ | દેવો પૃથ્વીતલને ફરસે નહિ, તેનું પ્રમાણ | ૨૧૩ |
| ૫૪૬ | હાલમાં જાતિસ્મરણ-અવધિજ્ઞાન વિચાર | ૨૧૩ |
| ૫૪૭ | ચૌદમે ગુણઠાણે છ સંઘયણની સત્તાનો વિચાર | ૨૧૩ |


For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૫૫૦ છટ્ઠભત્તિએ શબ્દની વિભક્તિ વિચાર ૨૧૪
૫૫૨ **રાયપસેણીયનો** સમણુશબ્દનો અર્થ ૨૧૪
૫૫૩ **નવકાર** આનુપૂર્વિ વિચાર ૨૧૫
૫૫૭ પ્રતિક્રમણ વિધિ કયા સૂત્રમાં છે? ૨૧૬
૫૫૯–૫૬૦ **સત્તરભેદી** પૂજામાં થાળીમાં કલશ તથા દીવો મૂકાય કે નહિ? ૨૧૭
૫૬૩–૬૩૭ મોતી સચિત્ત? કે અચિત્ત અને કઇ કાયમાં ગણાય? ૨૧૮–૨૪૧
૫૬૪ **શામ્બઃપ્રદ્યુમ્નઃ** શિખર વિચાર ૨૧૮
૫૬૫ ક્ષેત્રપાળની મૂર્તિપૂજાનો વિચાર ૨૧૮
૫૬૬ તેરમા નક્ષત્રે જન્મનો વિચાર ૨૧૯
૫૬૭ પોસહ પાર્યા પછી સ્ત્રીસોગનો વિચાર ૨૧૯
૫૬૮ ચોવિહાર પ્રત્યાખ્યાનનો સ્ત્રીભોગથી ભંગ થાય કે નહિ? ૨૧૯
૫૬૯ દેશાવકાશિક વિધિ ૨૧૯
૫૭૦ ધ્રુવનો તારો **એરાવતક્ષેત્રમાં** છે કે નહિ? ૨૧૯
૫૭૧ ગ્રહો અને તારાના મંડલો ૨૨૦
૫૭૨ **દીવાળીમાં** સુખડી વિગેરે બનાવે તે વિષે ૨૨૦
૫૭૩ ચુંબનમાં ચૌવિહાર તિવિહાર ભાંગેકે? ૨૨૦
૫૭૫ ચિત્રાવાલગચ્છનું નામ સ્વરૂપ ૨૨૧
૫૭૬ **અક્ખયાયાર** પાઠ બોલવાનો આદેશ ૨૨૧
૫૭૭ **સ્થુલભદ્ર** વેશ્યાઘરે ચોમાસુ રહ્યા તે વિષે ૨૨૧
૫૭૮ જરાને દૂર કરનાર **શંખેશ્વરાપાર્શ્વનાથ** અધિકાર શાસ્ત્રીય છે કે? ૨૨૧
૫૮૦ **નેમિનાથજિનની** સાધ્વીની સંખ્યાનો વિચાર ૨૨૨
૫૮૧ જીવોની ઇલિકા અને દડાંગતિનો વિચાર ૨૨૩

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




| | | |
|---|---|---|
| ૫૮૩ | દેવપૂજા પાણીના કોગળા કર્યા સિવાય પણ કરવી કલ્પે છે | ૨૨૪ |
| ૫૮૪ | સાધુને કેડે દોરો બાંધવાનું પ્રમાણ | ૨૨૪ |
| ૫૮૫ | કોણિક ને સુજાત કહ્યો છે, તેનું સ્વરૂપ | ૨૨૪ |
| ૫૮૬ | જીતકલ્પ ગાથાના ચોથા પાદનો અર્થ | ૨૨૫ |
| ૫૮૮ | કામેમિ શબ્દનો અર્થ | ૨૨૫ |
| ૫૮૯ | ઉત્કટ ઉત્સૂત્રભાષી શબ્દની સમજણ | ૨૨૬ |
| ૫૯૦ | સ્કંદકુમારના પરિવારના સાધુનો વિચાર | ૨૨૬ |
| ૫૯૨ | ધારણીરાણીના પુત્રનો વિચાર | ૨૨૭ |
| ૫૯૩ | પોસહમાં આભૂષણનો વિચાર | ૨૨૭ |
| ૫૯૪ | લંબુત્તર દોષ શ્રાવકોને લાગે કે નહિ? | ૨૨૭ |
| ૫૯૫ | પ્રતિષ્ઠામાં સાધુએ વાસક્ષેપ નાંખવાનો પાઠ | ૨૨૭ |
| ૫૯૭ | કેટલા સામાયિક લાગલાગટ થઇ શકે? | ૨૨૮ |
| ૫૯૮ | પ્રદેશી રાજા આર્યનો પૌત્ર છે તે વિચાર | ૨૨૮ |
| ૫૯૯ | શલાકા પુરુષો માંસાહારી હોયજ નહિ. તે વિચાર | ૨૨૯ |
| ૬૦૧ | મહાબલ દીક્ષા લઈ સિદ્ધ થયા તેના અંતરનો વિચાર | ૨૨૯ |
| ૬૦૨ | બુદ્ધિબોધિત સિધ્ધોની સંખ્યા અને ઉપદેશનો વિચાર | ૨૩૦ |
| ૬૦૪ | નારકી નપુંસક વેદી છે, તેને પુરુષ ચિન્હ હોય કે નહિ? | ૨૩૦ |
| ૬૦૫ | પરમાધામિકૃત વેદના ચોથી નારકીમાં હોય? | ૨૩૧ |
| ૬૦૬ | દ્રવ્યલિંગિનું પુસ્તક સુસાધુએ ગ્રહણ કરવાનો વિચાર | ૨૩૨ |
| ૬૦૭ | પ્રથમજિન સાથે દીક્ષા લેનારાઓને સામાયિક ઉચ્ચારણ વિચાર | ૨૩૨ |


For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




| | | |
|---|---|---|
| ૬૦૮ | ત્રિકોટી શબ્દનો અર્થ | ૨૩૨ |
| ૬૦૯ | ગિહવઇ અને સાગારિ શબ્દનો અર્થ | ૨૩૩ |
| ૬૧૦ | કિરણાવલી પાઠ વિચાર | ૨૩૩ |
| ૬૧૧ | ભવનપતિ આદિને પદવીનો ન્યૂનાધિકતા વિચાર | ૨૩૩ |
| ૬૧૨ | માનુષોત્તર ગિરિ તરફ જતી નદીઓનું જળ ક્યાં પડે ? | ૨૩૪ |
| ૬૧૩ | અષ્ટોત્તરી સ્નાત્રમાં કેટલા શ્રાવકો ઉભા રહે ? | ૨૩૪ |
| ૬૧૪ | અને ગાવા શ્રાવિકાઓ આવી શકે ? કે નહિ ? | |
| ૬૧૫ | બારવ્રતની ચોપદી સજઝાય વખતે બોલાય કે નહિ ? | ૨૩૪ |
| ૬૧૬ | લીલોતરીની બાધાવાળાને કુલવાસિત જળ પીવાય કે નહિ ? | ૨૩૪ |
| ૬૧૭ | ચોમાસીની અઠ્ઠાઇ ક્યાં સુધી ગણવી ? | ૨૩૪ |
| ૬૧૮ | ચૈત્ર આશોમાસની અઠ્ઠાઈમાં પુનમ ગણાય કે નહિ ? | ૨૩૫ |
| ૬૨૦ | તિવિહાર અણસણનો વિધિ | ૨૩૫ |
| ૬૨૧ | સૂક્ષ્મ નિગોદમાં ફેર જીવ જાય તેનો વિચાર | ૨૩૫ |
| ૬૨૨ | છૂટો શ્રાવક નિકળતાં નિસિહી ન કહે તે વિચાર | ૨૩૫ |
| ૬૨૩ | જિનમંદિરથી નીકળતા શ્રાવકો આવસ્સહી કહે નહિ | ૨૩૬ |
| ૬૨૪ | અણિમાદિ લબ્ધિઓ કઇ લબ્ધિમાં સમાય ? | ૨૩૬ |
| ૬૨૬ | પ્રભવસ્વામિએ ક્યારે દીક્ષા લીધી ? | ૨૩૬ |
| ૬૨૮ | વિષ્ણુકુમારે વિકુર્વેલ શરીરનો વિચાર | ૨૩૭ |
| ૬૩૦ | મંદિરમાં મૂળ નાયકની દૃષ્ટિનો વિચાર | ૨૩૮ |


For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




| | | |
|---|---|---|
| ૬૩૧ | જિનમંદિરમાં ભમતીની દેરી કેટલી કરવી ? | ૨૩૯ |
| ૬૩૨ | જઘન્યથી પ્રભુ પાસે ક્રોડ દેવો હોય, તે વિચાર | ૨૩૯ |
| ૬૩૩ | સમવસરણમાં કેટલા દેવો સમાય ? | ૨૪૦ |
| ૬૩૪ | નવકારસહિત ૪૦ લોગસ્સ કાઉસ્સગ્ગનો વિચાર | ૨૪૦ |
| ૬૩૫ | ગૃહસ્થ સમક્ષ સાધુએ પગ પૂજવા કે નહીં ? | ૨૪૦ |
| ૬૩૬ | વિંશસ્થાનકતપમાં ગણણું કયારે ગણવું ? | ૨૪૦ |
| ૬૪૦ | બીજા આરે અગ્નિની વિચારણા અને નીતિપ્રવર્તક કોણ થશે ? | ૨૪૩ |
| ૬૪૧ | ઉર્ધ્વલોકના એક ભાગમાં વિકલેન્દ્રિય હોવાનો વિચાર | ૨૪૪ |
| ૬૪૨ | પન્નવણાસૂત્રમાં અદ્ધાશબ્દ અધિક છે કે નહિ ? | ૨૪૪ |
| ૬૪૩ | નાળીયેર અને તેના બીયામાં કેટલા જીવો હોય ? | ૨૪૪ |
| ૬૪૪ | સીંગોડામાં કેટલા જીવો હોય ? | ૨૪૫ |
| ૬૪૫ | આવળમાં કેટલા જીવો હોય ? | ૨૪૫ |
| ૬૪૬ | કેવડા શરીરવાળા મોક્ષે જઈ શકે ? | ૨૪૫ |
| ૬૪૭ | પૃથ્વીકાયિકાદિ જીવશરીરોના માપ | ૨૪૬ |
| ૬૪૮ | છઠ્ઠે આરે મનુષ્યનું શરીર અને આયુષ્યવિચાર | ૨૪૭ |
| ૬૪૯ | પ્રથમના ત્રણ આરામાં બતાવેલ આહારવિચાર | ૨૪૭ |
| ૬૫૧ | ગ્રહ રાશિ બદલે ત્યારે તપ પૂજાદિક કરે તેનો વિચાર | ૨૪૮ |
| ૬૫૨ | માઘસ્નાનમાં જિનપૂજાદિક કરે તેનો વિચાર | ૨૪૮ |
| ૬૫૩ | નિરંતર કરાતા તપમાં રોહિણી આદિ તપ વિચાર | ૨૪૯ |


For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




| | | |
|---|---|---|
| ૬૫૪ | ગણુણું દેવવંદન ભુલી જવાણું હોય તો બીજે દીવસે કરાય ? | ૨૪૯ |
| ૬૫૫ | પાંચમી પડિમાથી કછોટો ન વળાય, તેનો વિચાર | ૨૪૯ |
| ૬૫૬ | સમોસરણમાં ચામરો કોણ વીંઝે ? | ૨૫૦ |
| ૬૫૭ | તીર્થંકરદેશના સ્રીઓ-દેવીઓ ઉભી રહી | |
| ૬૫૮ | સાંભળે તેનો પાઠ વિચાર | ૨૫૦ |
| ૬૫૯ | પાછલી રાત્રિએ શ્રાવકો સાધુ પાસે જઈ પ્રતિક્રમણ કરે તેનો પાઠ વિચાર | ૨૫૦ |
| ૬૬૦ | મૂળસૂત્રોના નામોનો વિચાર | ૨૫૧ |
| ૬૬૧ | સમવસરણમાં ગણધરોને પ્રદક્ષિણા જુદી અપાય કે નહિ ? | ૨૫૧ |
| ૬૬૨ | ગુરુવંદનભાષ્યની ૩૮-૩૯ ગાથા મુજબ વિધિ સાચવવો | ૨૫૨ |
| ૬૬૪ | પ્રતિમાના નેત્ર ખોલવાના અંજનમાં મધ નખાય કે નહિ ? | ૨૫૨ |
| ૬૬૫ | ચોમાસામાં ક્યાં સુધી ખાંડ અભક્ષ્ય ગણાય ? | ૨૫૨ |
| ૬૬૬ | પ્રતિક્રમણમાં દીવાદિકની ઉજેઈ નિવારાય તે પાઠ ક્યાં છે ? | ૨૫૨ |
| ૬૬૭ | ખરતરના પોસાતી સંબંધી પ્રશ્નમાં **આવશ્યક** ચૂર્ણિ વિચાર | ૨૫૩ |
| ૬૬૮ | અભવ્યને અશ્રદ્ધા-અધ્યવસાય વિચિત્રતા વિગેરે વિચાર | ૨૫૪ |
| ૬૬૯ | મોક્ષ માટે ક્રિયા કરે તે **ક્રિયાવાદી** ગણાય તેનું સ્વરૂપ | ૨૫૫ |
| ૬૭૦ | ત્રણ લોક વ્યાપિ સ્કંધોનો વિચાર | ૨૫૬ |
| ૬૭૨ | જિનેશ્વરો ગૃહસ્થપણામાં સાધુ વિગેરેને પ્રણામ કરે ? કે નહિ ? | ૨૫૭ |


For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




| | | |
|---|---|---|
| ૬૭૩ | દિક્કુમારીઓને કુમારી કહેવાનું કારણ | ૨૫૭ |
| ૬૭૪ | પ્રતિવાસુદેવને કેટલા અને કયા કયા રત્નો હોય ? | ૨૫૭ |
| ૬૭૫ | કિલ્બિષિયાનું રહેઠાણ કયાં છે ? | ૨૫૮ |
| ૬૭૬ | બાવળઆદિમાં વિદળતાનો અભાવ | ૨૫૮ |
| ૬૭૭ | ઉપાસકદશાંગાદિમાં આચારના અતિચાર કેમ ન કહ્યા ? | ૨૫૯ |
| ૬૭૮ | વિદળમાં ગોરસ શબ્દે કરી કઈ કઇ ચીજ લેવી ? | ૨૫૯ |
| ૬૭૯ | બોળ અથાણું શી રીતે બને છે ? અને તેનો ત્યાગ શાથી થાય છે ? | ૨૫૯ |
| ૬૮૦ | પક્ખીમાં સાધુઓ તપાચાર વિગેરેના અતિચારો બોલે કે નહિ ? | ૨૬૦ |
| ૬૮૧ | શ્રાવકોને ચરવળો રાખવાનું ગ્રંથપ્રમાણ | ૨૬૦ |
| ૬૮૨ | આરતિમંગલ દીવાનો પાઠ કયા ગ્રંથમાં છે ? | ૨૬૦ |
| ૬૮૩ | હિંગળોક અચિત્ત થયો હોય તો કેમ ન લેવાય ? | ૨૬૧ |
| ૬૮૪ | જ્યાં જલ છે ત્યાં વનસ્પતિ છે આ નિયમ ચોક્કસ છે કે નહિ ? | ૨૬૧ |
| ૬૮૬ | પોસાતીને એકાસણું કરવામાં ગ્રંથ પ્રમાણ | ૨૬૨ |
| ૬૮૭ | ઉદ્દિટ્ઠ શબ્દનો અર્થ | ૨૬૨ |
| ૬૮૯ | પોસાતી વાસક્ષેપથી ચિતરેલી પ્રતિમા પૂજી શકે કે નહિ ? | ૨૬૩ |
| ૬૯૦ | જાતિસ્મરણવાળો કેટલા ભવો જાણી શકે ? | ૨૬૩ |
| ૬૯૧ | કયા કેવળીઓ સમુદ્ઘાત કરે ? | ૨૬૪ |
| ૬૯૨ | નારકીઃ અને નિગોદઃએ બંનેયમાં કોને અધિક દુઃખ હોય ? | ૨૬૫ |
| ૬૯૩ | ચિરંતન અને નવીન નિગોદને વધતું ઓછું દુઃખ હોય કે નહિ ? | ૨૬૫ |


For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




| | | |
|---|---|---|
| ૬૯૪ | જીવોને અનાદિકાળથી નિગોદમાં રહેવાનું કારણુ | ૨૬૬ |
| ૬૯૫ | નિગોદના જીવને વ્યવહાર રાશિમાં આવવાનું કારણ | ૨૬૬ |
| ૬૯૬ | સૂર્યાભદેવના વૈક્રિયવિમાનની ભૂમિનું સ્વરૂપ | ૨૬૬ |
| ૬૯૭ | સંદિસાવુ શબ્દનો અર્થ | ૨૬૬ |
| ૬૯૮ | તીર્થંકરના શરીરના રંગો તાત્ત્વિક છે કે નહિ ? | ૨૬૬ |
| ૬૯૯ | મહાવિદેહાદિમાં તીર્થંકરના શરીરો કેવા રંગવાળા હોય ? | ૨૬૭ |
| ૭૦૦ | પટ્ટવિદ્યાનું સ્વરૂપ અને સંઘ શબ્દનો અર્થ | ૨૬૭ |
| ૭૦૧ | દેવો મૂળ શરીરે અહીં આવે કે નહિ ? | ૨૬૭ |
| ૭૦૨ | મિથ્યાત્વના સ્થાનકોમાં અગીઆરસનો ઉપવાસ કેમ ગણાવ્યો ? | ૨૬૭ |
| ૭૦૩ | રાજાભિયોગ આદિ છ આગારો વ્રત ઉચ્ચરાવવામાં બોલવા કે નહિ ? | ૨૬૮ |
| ૭૦૪ | નરકગામી આચાર્યોની સંખ્યા કયા ગ્રંથમાં બતાવી છે ? | ૨૬૮ |
| ૭૦૫ | આત્મત્વના આઠ ભેદોમાં અજીવ આત્મા કેવી રીતે ઘટે ? | ૨૬૮ |
| ૭૦૬ | ગ્લાન સાધુ માટે ચાર પાંચ યોજન જવાનો વિચાર | ૨૬૯ |
| ૭૦૭ | નિદ્રા સમયે પાનબીડા વિગેરેના ત્યાગનું શું કારણુ ? | ૨૬૯ |
| ૭૦૮ | દેવીનો ભોગ દેવ મૂળ શરીરે કરે કે ઉત્તર શરીરે ? | ૨૬૯ |
| ૭૦૯ | આજની બનેલી કડાવિગય વાપરવામાં કેટલી વિગય ગણાય ? | ૨૭૦ |
| ૭૧૦ | દેવ મૂળ શરીરે વસ્ત્ર ધારણુ કરે કે નહિ ? | ૨૭૦ |


For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




૭૧૧ ભોજન સિવાય પ્રભાતનું પ્રતિક્રમણ વિગેરે કરાય ૨૭૦
૭૧૩ પૂજામાં સ્થિરતા કરવી હોય, તો ઇરિયાવહિયા કરવી ૨૭૧
૭૧૪ શ્રાવકો પ્રતિક્રમણમાં સ્થાપનાચાર્ય ને કેટલી વખત ખામે ? ૨૭૧
૭૧૫ શ્રાવકો મુહપત્તિ રાખે છે, તેના ગ્રંથના પ્રમાણો ૨૭૧
૭૧૬ મતાન્તરીય સાધુને મત્થએણ વંદામિ કહેવું કે નહિ ? ૨૭૨
૭૧૭ વ્રતના પોસહમાં પહેલે દિવસે શું તપ કરાવાય ? ૨૭૨
૭૧૮ મૂળાના પાંદડા પ્રત્યેક છે કે નહિ ? ૨૭૨
૭૧૯ ઉત્સૂત્રભાષી મિથ્યાદષ્ટિ હોય કે નહિ ? ૨૭૨
૭૨૦ મરેલાની સંવચ્છરીમાં સમકિતિઓ જમવા જઇ શકે કે નહિ ? ૨૭૨
૭૨૧ સાધુ સાધ્વી ક્ષેત્રના દ્રવ્યનો વ્યય કયાં કરવો ? ૨૭૩
૭૨૨ "તું મિથ્યાદષ્ટિ છે" આવું વચન કહી શકાય કે નહિ ? ૨૭૩
૭૨૩ દેવદ્રવ્ય શ્રાવકે વ્યાજે નહિ રાખવાનો વિચાર ૨૭૩
૭૨૪ ઉત્સૂત્રભાષી અષ્ટોત્તરી ભણાવે તો જવાય કે નહિ ? ૨૭૩
૭૨૬ છઠ્ઠભક્તનું સ્વરૂપ ૨૭૪
૭૨૭ વીરભગવંત પછી કેટલા દુષ્કાળો પડયા ? ૨૭૪
૭૨૮ ભરતચક્રી કરતાં કૃષ્ણને અધિક પુત્રો કેમ કહ્યા ? ૨૭૫
૭૨૯ દર્શન અને સમકિતના તફાવતનો વિચાર ? ૨૭૫
૭૩૦ ગમાની શરૂઆત અને સમાપ્તિનો વિચાર ૨૭૬
૭૩૧ અશોચ્યા કેવળીનું સ્વરૂપ ૨૭૬
૭૩૨ પ્રત્યેક બુદ્ધો ધર્મોપદેશ આપે કે નહિ ? ૨૭૭


For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




| | | |
|---|---|---|
| ૭૩૩ | ગૃહસ્થે રચેલી સજ્ઝાય ક્રિયામાં બોલાય કે નહિ ? | ૨૭૮ |
| ૭૩૪ | પરપક્ષિકૃત નવીન સ્તુતિ આદિ ક્રિયામાં કલ્પે કે નહિ ? | ૨૭૮ |
| ૭૩૫ | કાળ વેળા વિગેરેમાં ચઉસરણપયન્નો ગણાય કે નહિ ? | ૨૭૮ |
| ૭૩૬ | અવધિ અને મનઃપર્યવજ્ઞાની કેટલા ભવો કરે ? | ૨૭૮ |
| ૭૩૭ | અભવ્યજીવ પાદપોપગમન અણસણ કરે ? | ૨૭૯ |
| ૭૩૮ | શ્રાવક અગર સ્ત્રી. તીર્થંકરનું વાર્ષિક દાન લે કે ? નહિં ? | ૨૭૯ |
| ૭૩૯ | બલદેવાદિ ચાર તીર્થંકર થવાના છે, તે જીવોની ઓળખાણ. | ૨૮૦ |
| ૭૪૦ | તીર્થંકર અને સામાન્ય કેવળીને બળના વિષમપણાનું કારણ | ૨૮૦ |
| ૭૪૧ | મેઘકુમારની માતાના દોહદમાં અકાળ કેવી રીતે છે ? | ૨૮૧ |
| ૭૪૨ | ધર્મને માટે નિયમિત ક્ષેત્ર ઉપરાંત જવાય કે નહિ ? | ૨૮૧ |
| ૭૪૩ | પોસાતી શ્રાવકો કેટલી ભૂમિ સુધી વિચરી શકે ? | ૨૮૧ |
| ૭૪૪ | જિન પ્રતિમાજીને કસ્તુરીના લેપથી પૂજી શકાય કે નહિ ? | ૨૮૨ |
| ૭૪૫ | સવારે પ્રતિક્રમણમાં સાધુઓ કેમ આદેશ આપતા નથી ? | ૨૮૨ |
| ૭૪૬ | ગોત્રદેવીની પૂજામાં મિથ્યાત્વ લાગે કે નહિ ? | ૨૮૨ |
| ૭૪૭ | અંચળગચ્છવાળાએ પ્રતિષ્ઠિત જિનબિંબની પૂજા થાય કે નહિ ? | ૨૮૩ |


For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




૭૪૮ લોકપાળદેવો કેટલી નિકાયમાં છે ? ૨૮૩

૭૪૯ શ્રુતદેવીઃ અને ક્ષેત્રદેવીઃના કાઉસ્સગ્ગ કરવાનું ગ્રંથ પ્રમાણુ ૨૮૩

૭૫૦ પૂજા વખતે મુખકોશ ઉત્તરાસણથી બાંધવો કે નહિ ? ૨૮૩

૭૫૧ ઉત્કૃષ્ટ ચૈત્યવંદનમાં સ્તુતિઓ વધતી કહેવાનું પ્રમાણુ ૨૮૪

૭૫૨ પક્ખીમાં જ્ઞાનાદિ સ્તુતિ શ્રાવિકાઓ કહે કે નહિ ? ૨૮૪

૭૫૩ વીસલપ્રીય નાણાનું સ્વરૂપ ૨૮૪

૭૫૪ શ્રાવિકા દેરાસરમાં પખાળ-પૂજા કરી શકે કે નહિ ? ૨૮૫

૭૫૫ સમવસરણમાં બલિ લાવે, તે રાંધેલો હોય કે નહિ ? ૨૮૫

૭૫૬ શ્રાવકોને ચઉસરણ પયન્નો કેમ ભણાવાય છે ? ૨૮૫

૭૫૭ મૂર્તકર્મનો જીવ સાથે સંબંધ કેવી રીતે ઘટે ? ૨૮૬

૭૫૮ થલચર વિગેરેનું આયુષ્ય અને ગર્ભસ્થિતિ કેટલી હોય ? ૨૮૬

૭૫૯ જેટલા સચિત્ત નિયમમાં રાખ્યા હોય તેથી વધારે કલ્પે કે નહિ ? ૨૮૬

૭૬૦ બંધુજીવક શબ્દનો અર્થ ૨૮૭

૭૬૧ ચન્ડરુદ્રાચાર્ય શિષ્યને ખભે બેઠા હતા કે નહિ ૨૮૭

૭૬૨ બોરડીઃ કે બાવળઃમાં કેટલા જીવો હોય ? ૨૮૭

૭૬૩ પૃથક્ત્વ શબ્દનો અર્થ ૨૮૮

૭૬૪ જિનેશ્વરની માતા પછી બાળક પ્રસવે કે નહિ ? ૨૮૮

૭૬૫ જિનમંદિરને અર્પણ કરેલ ઘરમાં ભાડે રહેવાય કે નહિ ? ૨૮૮


For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




| | | |
|---|---|---|
| ૭૬૬ | માળા વખતે છયેય ઉપધાનના નામ લેવાય કે નહિ ? | ૨૮૮ |
| ૭૬૭ | ચક્રિનો સેનાપતિ કેટલો પાછો હઠીને ગુફાદ્વાર ખોલે ? | ૨૮૯ |
| ૭૬૮ | સર્વ ચક્રવર્તિઓને રત્નોનું પ્રમાણ સરખું હોય કે નહિ ? | ૨૮૯ |
| ૭૬૯ | ખરતરઃ અંચલિકઃને ધર્મપ્રેરણા તથા ત્રણ વખત સામાયિક ઉચ્ચરાવાય કે નહિ ? | ૨૮૯ |
| ૭૭૦ | ખરતરો પ્રતિક્રમણમાં વંદિત્તુ સ્તવનાદિ કહે, તે ખપે કે નહિ ? | ૨૯૦ |
| ૭૭૧ | અચિત્તજલના સંખારાની શી વ્યવસ્થા કરાય ? | ૨૯૦ |
| ૭૭૨ | નદી ઉતરી સાધુએ સંવત્સરી ખામણા કરવા જવાય કે નહિ ? | ૨૯૦ |
| ૭૭૩ | દેવલોકમાં વનખંડાદિ અને માછલા કેવા સ્વરૂપના હોય ? | ૨૯૦ |
| ૭૭૪ | દેશાવકાશિકનો લેવા પારવાનો વિધિ શો છે ? | ૨૯૧ |
| ૭૭૫ | આરાધના પ્રકરણના કર્તા કોણ ? | ૨૯૨ |
| ૭૭૬ | જિનાલયમાં ઘંટ ક્યારે વગાડાય ? | ૨૯૨ |
| ૭૭૭ | વાંદણામાં ઉઘાડે મુખે બોલ્યા છતાં ઇરિયાવહિયા ન કરે, તેનું કારણ | ૨૯૨ |
| ૭૮૦ | પ્રતિક્રમણ વખતે કેશરઃ તેલઃની ઉછામણી થાય, તે શેમાં વપરાય ? | ૨૯૩ |
| ૭૮૧ | પોસાતીને યાચક આદિને દાન આપવું કલ્પે કે નહિ ? | ૨૯૩ |
| ૭૮૨ | ચોમાસા બાદ બેમાસ વસ્ત્ર ન વહોરાય | ૨૯૩ |
| ૭૮૩ | સાધુએ વસ્ત્રને થીગડું દેવાય કે નહિ ? | ૨૯૩ |
| ૭૮૪ | છીંક થવાથી ફેર મુહપત્તિ પડિલેહાય કે નહિ ? | ૨૯૪ |
| ૭૮૫ | સીતેન્દ્ર નામ સાચું કે નહિ ? | ૨૯૪ |
| ૭૮૬ | આરતી ઉતારવી, નૈવેદ્યાદિ મૂકવુંઃ કયા ગ્રંથમાં | |


For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




| | | |
|---|---|---|
| | બતાવ્યું છે? | ૨૯૪ |
| ૭૮૭ | તીર્થંકરદેવને સાધુ અને શ્રાવક કઈ રીતે વાંદે? | ૨૯૪ |
| ૭૮૮ | આપણી પ્રતિમા દિગંબર મંદિરમાં વંદાય કે નહિ? | ૨૯૫ |
| ૭૮૯ | તીર્થમાં જે માન્યું હોય, તેજ મૂકાય કે બીજું? | ૨૯૫ |
| ૭૯૧ | શાસનશબ્દનો અર્થ | ૨૯૫ |
| ૭૯૨ | દેવો રત્નાદિકની વૃષ્ટિ કેટલી કરે? | ૨૯૬ |
| ૭૯૩ | સંગમ ગોવાળિયાને સમકિત હતું કે નહિ? | ૨૯૭ |
| ૭૯૪ | મિથ્યાત્વીઓના દાક્ષિણ્ય દયાલુતાદિની પ્રશંસા કરાય કે નહિ? | ૨૯૭ |
| ૭૯૫ | અંજનશલાકામાં સાધુને દ્રવ્યપૂજા કરવી પડે તેનું કેમ? | ૨૯૭ |
| ૭૯૬ | **શ્રી નેમિનાથની** ગણધર સંખ્યામાં મતાન્તર | ૨૯૮ |
| ૭૯૭ | સર્વ વાસુદેવના શરીરનું બળ સરખું હોય કે નહિ? | ૨૯૮ |
| ૭૯૮ | દીવાલીનું ગણું ગણવાનું કારણ? | ૨૯૮ |
| ૭૯૯ | ૧૬ પહોરની દેશના કયા દિવસથી શરૂ થઈ? | ૨૯૯ |
| ૮૦૦ | શ્રાવકને નિવિમાં નિવિયાતું કલ્પે કે નહિ? | ૨૯૯ |
| ૮૦૧ | રાત્રિએ ખાનારને બીજે દિવસે પોસહ ઉપવાસ થાય કે નહિ? | ૨૯૯ |
| ૮૦૨ | સાધુને ઉપધિ: પુસ્તક: વિગેરે પરિગ્રહમાં ગણાય કે નહિ? | ૩૦૦ |
| ૮૦૩ | સ્થાપના કેટલો કાળ રાખી શકાય? | ૩૦૦ |
| ૮૦૪ | દીક્ષા માટે લીલોતરી તજી હોય, તેને દીક્ષામાં કલ્પે કે નહિ? | ૩૦૦ |
| ૮૦૫ | થોડા ચોખા નાંખવાથી દુધ: દહીં: નિવિયાતું થાય કે નહિ? | ૩૦૦ |


For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




| | | |
|---|---|---|
| ૮૦૬ | મુક્તિમાં સંકડામણ થતી નથી. તેનો શો દૃષ્ટાન્ત ? | ૩૦૧ |
| ૮૦૭ | પતિત કંડરીકે દીક્ષા પાળી હતી. તેનું ફળ તેને મળશે કે નહિ ? | ૩૦૧ |
| ૮૦૮ | બ્રહ્મદત્ત રૂપો વિકુર્વે તે દેખતા હોય કે આંધળા ? | ૩૦૧ |
| ૮૦૯ | નવમો વાસુદેવ દ્વારિકામાં થાય કે કોઇ બીજે સ્થળે ? | ૩૦૧ |
| ૮૧૦ | અભિમાનથી પૂજા ભણાવનારને કેવું ફળ મળે ? | ૩૦૧ |
| ૮૧૧ | બલાત્કારથી શીલભંગ થતાં સતીપણું જાય કે નહિ ? | ૩૦૨ |
| ૮૧૨ | કમલ પ્રભાચાર્યે તીર્થંકર નામ કર્મ વિફળ કેમ બનાવ્યું ? | ૩૦૨ |
| ૮૧૩ | નવકાર અને શત્રુંજયના સ્મરણમાં અધિક લાભ શેમાં ? | ૩૦૨ |
| ૮૧૪ | મહાવીર પ્રભુએ ખીલા કાઢતાં બુમ કેમ પાડી ? | ૩૦૨ |
| ૮૧૫ | અવન્તિસુકુમાર પ્રથમની શય્યામાં ઉપજ્યા કે બીજીમાં ? | ૩૦૩ |
| ૮૧૬ | કુલકોટી કેવી રીતે કહેવાય ? | ૩૦૩ |
| ૮૧૭ | દ્રવ્યલિંગિનું દ્રવ્ય જીવદયામાં કામ લાગે કે નહિ ? | ૩૦૩ |
| ૮૧૮ | કુલવાલકમુનિ ભવ્ય કે અભવ્ય ? | ૩૦૪ |
| ૮૧૯ | શ્રાવક થયેલ માછીમાર વિગેરેને પૂજા કરતાં લાભ થાય કે નહિ ? | ૩૦૪ |
| ૮૨૦ | શિષ્યનું પાપ ગુરુને લાગે કે નહિ ? | ૩૦૪ |
| ૮૨૧ | મરણ પામતાં સર્વજીવો સિદ્ધશિલાને ફરસે કે નહિ ? | ૩૦૪ |
| ૮૨૨ | તિમિસ્રા ગુફા કોણિકે ઉઘાડી હતી કે નહિ ? | ૩૦૪ |


For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




| પ્રશ્ન | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૮૨૩ | હાથે ફુલ ચુંટી પ્રભુ પૂજા કરે, એમ ક્યાં બતાવ્યું છે ? | ૩૦૫ |
| ૮૨૪ | અંબડ શ્રાવક પાણી ગળીને પીતો હતો કે નહિ ? | ૩૦૫ |
| ૮૨૫ | આયંબિલ નિવિમાં શ્રાવકને ફાસુ અને ઉન્હુ પાણી કલ્પે ? કે નહિ ? | ૩૦૬ |
| ૮૨૬ | રોહિણીનો તપ મળતી તિથિમાં કરાય કે નહિ ? | ૩૦૬ |
| ૮૨૭ | ત્રણ ક્રોડ સાધુ સાથે રામ સિદ્ધ થયા તેનો ખુલાસો | ૩૦૬ |
| ૮૨૮ | શાલિભદ્રને દેવ જે વસ્તુ આપતા તે ઔદારિક હતી કે નહિ ? | ૩૦૭ |
| ૮૨૯ | વૈક્રિય ફુલ વિગેરે કરમાય કે નહિ ? | ૩૦૭ |
| ૮૩૦ | સાધ્વીને નમસ્કાર કરતાં શ્રાવકો કયા શબ્દો બોલે ? | ૩૦૭ |
| ૮૩૧ | કેટલા પરમાણુએ ત્રસરેણુ થાય ? | ૩૦૭ |
| ૮૩૨ | સૂક્ષ્મ સ્થાવર જીવો ગમન કરી શકે કે નહિ ? | ૩૦૭ |
| ૮૩૩ | તામલિતાપસ સમકિત ક્યાં પામ્યો ? | ૩૦૮ |
| ૮૩૪ | નંદિષેણ મુનિ દેવલોક ગયા કે મોક્ષમા ? | ૩૦૮ |
| ૮૩૫ | શ્રાવકને પોસહમાં એક ગામથી બીજે ગામે જવાય કે નહિ ? | ૩૦૮ |
| ૮૩૬ | ઉટ્ટણકીયનો અર્થ શો થાય ? | ૩૦૮ |
| ૮૩૭ | આસને બેઠા પડિક્કમણું કરી શકાય કે નહિ ? | ૩૦૯ |
| ૭૩૮ | રોગાદિકમાં પણ શ્રાવકે લાવેલો આહાર સાધુને કલ્પે કે નહિ ? | ૩૦૯ |
| ૮૩૯ | જ્ઞાતિ બહાર કરેલના ઘરેથી આહાર વહોરાય કે નહિ ? | ૩૦૯ |
| ૮૪૦ | અજાપુત્ર સંબંધી સંશયનો ઉત્તર | ૩૧૦ |
| ૮૪૧ | શ્રાવકો દેવદ્રવ્ય વ્યાજે રાખે કે નહિ ? | ૩૧૦ |
| ૮૪૨ | શ્રાવકો દેરાસરના નોકર પાસે કામ કરાવે નહિ | ૩૧૦ |


For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




| પ્રશ્ન | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૮૪૩ | જ્ઞાન-જીવદયા દ્રવ્ય દેરાસરના કાર્યમાં વપરાય કે નહિ ? | ૩૧૦ |
| ૮૪૪ | એક પહોર દિવસ ચઢયા પછી પોસહ લઈ શકાય કે નહિ ? | ૩૧૧ |
| ૮૪૫ | જિનકલ્પીઓને કેટલા પાયશ્ચિત્તો હોય ? | ૩૧૧ |
| ૮૪૬ | યુગલિયાના કલ્પવૃક્ષો વનસ્પતિ રૂપ છે કે નહિ ? | ૩૧૨ |
| ૮૪૭ | યુગપ્રધાન વિગેરેની જે સંખ્યા બતાવી, તે માન્ય છે કે નહિ ? | ૩૧૩ |
| ૮૪૮ | ગીતાર્થ મિશ્રિત વિહારનો અર્થ | ૩૧૪ |
| ૮૪૯ | સત્યકિ વિદ્યાધર શું કહેતો હતો ? | ૩૧૪ |
| ૮૫૦ | ઉષ્ણુ પાણી પીનારો રાત્રિનું શું પચ્ચક્ખાણુ કરે ? | ૩૧૪ |
| ૮૫૧ | મચ્છો સમકિત આદિ પામીને તુરત અણુસણુ કરે કે નહિ ? | ૩૧૫ |
| ૮૫૨ | ઉપશમ શ્રેણિ એકભવમાં બે વખત કરવાનો સંભવ | ૩૧૫ |
| ૮૫૩ | અર્ધ પુદ્ગલ પરાવર્ત કાળની સમજણ | ૩૧૫ |
| ૮૫૪ | યુગપ્રધાન આચાર્ય આદિ આખા ભરત-ક્ષેત્રમાં થશે કે કેમ ? | ૩૧૬ |
| ૮૫૫ | ક્ષાયિક સમકિત અને ચારિત્ર કયા ગુણુઠાણે હોય ? | ૩૧૬ |
| ૮૫૬ | વેદનીય કર્મની ત્રણ સમયની સ્થિતિ કેવી રીતે હોય ? | ૩૧૭ |
| ૮૫૭ | કોણિક સૌધર્મ-ચમરેન્દ્રનો મિત્ર કેવી રીતે હતો ? | ૩૧૭ |
| ૮૫૮ | આસાલિઓ જીવ બેઈન્દ્રિય કે પંચેન્દ્રિય છે ? | ૩૧૭ |
| ૮૫૯ | જ્યોતિષ્ક દેવોની રાજધાની અને ઉત્પાતસ્થાન કયાં છે ? | ૩૧૮ |
| ૮૬૦ | મહાવિદેહના શ્રાવકો ઉભયકાલ પ્રતિક્રમણુ કરે કે નહિ ? | ૩૧૮ |


For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




| પ્રશ્ન | વિષય | પૃષ્ટ |
|---|---|---|
| ૮૬૧ | મધ્ય આઠ જીવપ્રદેશોને કર્મ લાગે કે નહિ ? | ૩૧૮ |
| ૮૬૨ | સમયે સમયે અનન્તી હાનિ શી વસ્તુને આશ્રયીને છે ? | ૩૧૯ |
| ૮૬૩ | આદિ જિન સમયે જે લોગસ્સ હતો, તે જ હાલ છે કે નહિ ? | ૩૧૯ |
| ૮૬૪ | દિવસની છેલ્લી બે ઘડીએ આહાર કરે તેને અતિચાર લાગે ? | ૩૧૯ |
| ૮૬૫ | કસેલિયાનું જળ તેવિહારવાળાને કલ્પે કે નહિ ? | ૩૧૯ |
| ૮૬૬ | પક્વાન્નનો કાળ કયા ગ્રંથમાં બતાવેલ છે ? | ૩૨૦ |
| ૮૬૭ | સ્થૂલભદ્રનું નામ ક્યાં સુધી રહેશે ? તેનું પ્રમાણ | ૩૨૦ |
| ૮૬૮ | નવ રસવિગઈઓની આચારણા છે કે નહિ ? | ૩૨૦ |
| ૮૬૯ | પુસ્તકારૂઢ થયા પહેલાં પુસ્તકો હતા કે નહિ ? | ૩૨૦ |
| ૮૭૦ | સુલસાએ બત્રીશ પુત્રોને એકી સાથે જન્મ આપ્યો તે સત્ય છે ? | ૩૨૦ |
| ૮૭૧ | ડોળીયુ તેલઃ તથા તેમાં તળાએલ વસ્તુઃ વિગઈ ગણાય કે નહિ ? | ૩૨૧ |
| ૮૭૨ | શ્રાવિકા ઉભા ઉભા એક નવકારનો કાઉસ્સગ્ગ કરી એક સ્તુતિ બોલે છે તે વિધિ કયા ગ્રંથમાં છે ? | ૩૨૧ |
| ૮૭૩ | અનાનુપૂર્વિ ગણવામાં જે લાભ બતાવ્યો તે કયા ગ્રંથમાં કહેલ છે ? | ૩૨૧ |
| ૮૭૪ | તીર્થંકર કેવળી સમુદ્ઘાત કરે કે નહિ ? | ૩૨૧ |
| ૮૭૫ | બે ત્રણ વિગેરે પૂર્વધરો પૂર્વધરકાળમાં હયાત હોય કે નહિ ? | ૩૨૨ |
| ૮૭૬ | વ્યાખ્યાનમાં કેવળ શ્રાવકોને આચારાંગઆદિ સૂત્રો સંભળાવાયછે, તે કારણિક વિધાન છે કે નહિ ? | ૩૨૨ |


For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




| પ્રશ્ન | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૮૭૭ | આદિ જિન સાથે ૧૦ હજાર મુનિવરોએ અણુસણ કર્યું, તે કયારે સિદ્ધ થયા ? | ૩૨૨ |
| ૮૭૮ | બ્રહ્મચર્યનું મહાન્ ફળ બતાવ્યું, તે જાવજીવ બ્રહ્મચર્યનું છે ? | ૩૨૨ |
| ૮૭૯ | નવકારશી પચ્ચક્ખાણ કર્યા સિવાય પાછળથી પૌરસી વિગેરે કરી શકાય ? કે નહિ ? | ૩૨૩ |
| ૮૮૦ | પક્ખી ચૌમાસી વિગેરેના આલોયણ તપો કયાં સુધી કરાય ? | ૩૨૩ |
| ૮૮૧ | શ્રી હીરસૂરીશ્વરજી મંદિરને કેટલાક ચૈત્ય કહે છે, તેને શો ઉત્તર આપવો ? | ૩૨૩ |
| ૮૮૨ | પક્ખી વખતે છઠ્ઠ કરી વીર છઠ્ઠ તપમાં ગણી શકાય કે નહિ ? | ૩૨૩ |
| ૮૮૩ | વીર છઠ્ઠના પારણે શું પચ્ચક્ખાણ કરાય ? | ૩૨૪ |
| ૮૮૪ | અન્તરદ્વીપોની વેદિકાને બારણા હોય કે નહિ ? | ૩૨૪ |
| ૮૮૫ | લૌકિક મિથ્યાત્વ ભારે ગણાય ? કે લોકોત્તર ? | ૩૨૪ |
| ૮૮૬ | કેવળજ્ઞાની સાધ્વી છદ્મસ્થ સાધુઓને વંદન કરે કે નહિ ? | ૩૨૪ |
| ૮૮૭ | પ્રતિમાના નામઃ લંછનઃ ભુંસી નાંખ્યા હોય તો ફેર કરી શકાય કે નહિ ? | ૩૨૫ |
| ૮૮૮ | ચોથી આદિ પડિમા વાહકે ૧૪-૧૫ ના પોષહ ચોવિહાર છઠ્ઠ કરાય કે નહિ ? | ૩૨૫ |
| ૮૮૯ | દહિં વિગેરે ગોરસ સોલ પહોરે અભક્ષ્ય થાય કે નહિં ? | ૩૨૬ |
| ૮૯૦ | માંસમાં કયા કયા જીવો ઉપજે ? અને નિગોદનો અર્થ શો ? | ૩૨૬ |
| ૮૯૧ | શુદ્ધ સમકિતધારી મહાવિદેહમાં મનુષ્યપણે ઉપજે કે નહિ ? | ૩૨૭ |
| ૮૯૨ | તપસ્યાથી નિકાચિત કર્મનો ક્ષય થાય કે નહિ ? | ૩૨૮ |


For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




| પ્રશ્ન | વિષય | પૃષ્ટ |
|---|---|---|
| ૮૯૩ | વીર ભગવંતે કયા ભવમાં તીર્થંકર નામકર્મ નિકાચિત કર્યું ? | ૩૨૮ |
| ૮૯૪ | ચોવિહાર પોસહથી ચોથી પડિમા આરાધે કે તિવિહારથી ? | ૩૨૮ |
| ૮૯૫ | સામાયિક ઇરિયાવહિયા કરીને કરવું તે કયાં લખ્યું છે ? | ૩૨૮ |
| ૮૯૬ | નવકારના પદોની ઓળીમાં કેટલા ઉપવાસ કરાય ? અને ગણણું શું ગણાય ? | ૩૨૯ |
| ૮૯૭ | સાધુ બપોરનો કાજો ઉદ્ધરી પરઠવે કે નહિ ? | ૩૩૦ |
| ૮૯૮ | ભરતીના સમયમાં જગતી પાસે જળ વધે કે નહિ ? | ૩૩૦ |
| ૮૯૯ | અનુષ્ઠાનમાં વિજળીની ઉજેઇ પડે તો, અતિચાર લાગે કે નહિ ? | ૩૩૦ |
| ૯૦૦ | અસજ્ઝાયમાં ઉપદેશમાલા વિગેરે ગ્રન્થો ગણી શકાય કે નહિ ? | ૩૩૦ |
| ૯૦૧ | પ્રતિક્રમણમાં અભુટ્ઠિઓ કેટલા સાધુને ખામવો ? અને શી રીતે | ૩૩૧ |
| ૯૦૨ | યુગલિયા ક્ષેત્રના તિર્યંચો શેનો આહાર કરે ? | ૩૩૧ |
| ૯૦૩ | પકખીમાં શાંતિ અવશ્ય કહેવાય કે નહિ ? | ૩૩૧ |
| ૯૦૪ | છઠ્ઠ ભક્તમાં પારણે અતરવારણે એકાસણુ કેમ કરતા નથી ? | ૩૩૨ |
| ૯૦૫ | ઢાંકેલા સ્થાપનાચાર્ય પાસે ક્રિયા કરાય કે નહિ ? | ૩૩૨ |
| ૯૦૬ | દિવસના પોસાતી રાત્રિ પોસહ ઉચ્ચરે, તો કયા આદેશ માંગવા જોઈએ ? | ૩૩૩ |
| ૯૦૭ | શેષકાળમાં શ્રાવકાદિને સાંભળતાં કલ્પસૂત્ર સાધુને ભણાવાય કે નહિ ? | ૩૩૩ |


For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




| પ્રશ્ન | વિષય | પૃષ્ટ |
|---|---|---|
| ૯૦૮ | શ્રી હીરસૂરીશ્વરજી મહારાજા કેટલામી પાટે થયા છે? | ૩૩૩ |
| ૯૦૯ | બાવીશ તીર્થંકરના વારામાં કેટલા પડિક્કમણ હોય? | ૩૩૪ |
| ૯૧૦ | ઉપધાન તથા છુટા એકાસણુમાં લીલું શાક કલ્પે કે નહિ? | ૩૩૪ |
| ૯૧૧ | સામાયિકઃ પોસહઃ પારતાં કેટલી ગાથા કહેવી જોઇએ? | ૩૩૪ |
| ૯૧૨ | દાનઃ શીલઃ તપ અનેઃ ભાવનાઃ માં બારે વ્રતો સમાય કે નહિ? | ૩૩૫ |
| ૯૧૩ | સંસારમાં થયેલ લેણું દેણું આપ્યા સિવાય જીવનો મોક્ષ થાય કે નહિ? | ૩૩૫ |
| ૯૧૪ | ચક્રવર્તી કેટલા કાળે મોક્ષે જાય? | ૩૩૫ |
| ૯૧૫ | મેથી આયંબિલમાં કલ્પે કે નહિ? | ૩૩૫ |
| ૯૧૬ | વાર્ષિકતપ કેવી રીતે અને ક્યારે પૂર્ણ થાય? | ૩૩૫ |
| ૯૧૭ | પડિમાવાહી શ્રાવક યાત્રાદિ વહાણુથી કરી શકે કે નહિ? | ૩૩૬ |
| ૯૧૮ | આઠમી વિગેરે પડિમામાં આરંભ કરાય કે નહિ? | ૩૩૬ |
| ૯૧૯ | દિગ્વ્રત અને દેશાવગાશિક આ બે વ્રતો કેમ કહ્યા તેનો શાસ્ત્રીય ખુલાસો અને યુક્તિ | ૩૩૭ |
| ૯૨૦ | जइ मे हुज्ज पमाओ० આ ગાથા ઉચ્ચરી સૂઇ રહ્યા હોય અને જાગી જવાથી સંસારી કાર્ય કર્યું, તો ફેર તે ગાથા ઉચ્ચરવી પડે કે નહિ? | ૩૩૯ |
| ૯૨૧ | કાચા ચીભડાઃ કાકડીઃ વિગેરે બીયા કાઢી નાખ્યા પછી બે ઘડીએ અચિત્ત થાય કે નહિ? | ૩૩૯ |
| ૯૨૨ | આગળ પાછળ પૂજા કરી હોય, તો તે ત્રિકાલ પૂજા કહેવાય કે નહિ? | ૩૩૯ |


For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




| પ્રશ્ન | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૯૨૩ | રાત્રિએ મંદિરમાં ગીતગાન કરાય કે નહિ ? | ૩૪૦ |
| ૯૨૪ | જન્મ મરણસૂતકમાં પ્રભુપૂજા ક્યારે કરી શકે ? | ૩૪૦ |
| ૯૨૫ | પૂજા અવસરે કપાળે ચાંદલો કરાય કે નહિ ? | ૩૪૦ |
| ૯૨૬ | શ્રાવકે બનાવેલ સ્તુતિ સ્તોત્રો મંડળીમાં કહેવાય કે નહિ ? | ૩૪૦ |
| ૯૨૭ | દુવિહારમાં લિંબુના પટવાળો અજમો વપરાય કે નહિ ? | ૩૪૦ |
| ૯૨૮ | દશે ક્ષેત્રોમાં છએ અઠ્ઠાઈયો શાશ્વત હોય કે નહિ ? | ૩૪૧ |
| ૯૨૯ | ખસખસનો ડોડવો બહુબીજ ગણાય કે નહિ ? | ૩૪૧ |
| ૯૩૦ | કોઇ નૌકારશીનું પચ્ચક્ખાણ સાંજે પારે, તો અધિક ફળ મળે કે નહિ ? | ૩૪૧ |
| ૯૩૧ | પોસાતી શ્રાવક ચૈત્યવંદનમાં ઉવસગ્ગહરં સ્તોત્ર કહી શકે કે નહિ ? | ૩૪૨ |
| ૯૩૨ | નવકારશી પચ્ચક્ખાણની બે ઘડી ક્યાંથી ગણાય ? | ૩૪૨ |
| ૯૩૩ | વૈતાઢ્ય પાસે ૭૨ બીલો ક્યા ઠેકાણે છે ? | ૩૪૩ |
| ૯૩૪ | સિંધવ હરડે પીપર દ્રાક્ષ વિગેરે દૂરથી આવેલ ફાસુ થાય કે નહિ ? | ૩૪૩ |
| ૯૩૫ | પારણે અતરવારણે એકાસણું કરી છઠ કરે ? તો એ ચોથ ભક્ત ગણાય કે નહિ ? | ૩૪૩ |
| ૯૩૬ | આઠમી પડિમાવાહક શ્રાવક બીજાઓને ભોજન પીરસી શકે કે નહિ ? | ૩૪૩ |
| ૯૩૭ | પૂજા માટે માળી પાસેથી ફુલ લેતાં જે નફો કર્યો, તે કયું દ્રવ્ય ગણાય ? | ૩૪૪ |
| ૯૩૮ | પાસત્થાના દ્રવ્યથી મંદિર કાંઇક સુધરાવ્યું હોય તો વંદનીક રહે કે નહિ ? | ૩૪૪ |


For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




| પ્રશ્ન | વિષય | પૃષ્ટ |
|---|---|---|
| ૯૩૯ | લીલોતરીના ત્યાગીને તે દિવસનો કેરી પાક કલ્પે કે નહિ ? | ૩૪૪ |
| ૯૪૦ | દૂધ છાસસાથે મેળવ્યું તે કઈ વિગઇ ગણાય ? | ૩૪૫ |
| ૯૪૧ | ચક્રવર્તિના નિધાનો ભુમી ઉપર ચાલે ? કે અંદર ચાલે ? | ૩૪૫ |
| ૯૪૨ | ચક્રવર્તિનો સૈનિક બાર યોજનના પડાવને કેટલા દિવસે ઉલ્લંઘે ? | ૩૪૫ |
| ૯૪૩ | મેલમાં: ન્હાયેલા: પાણીમાં તથા પરસેવાથી ભીંજાએલ વસ્ત્ર પીંડભૂત કરેલ હોય, તેમાં: સંમૂર્છિમ મનુષ્ય ઉપજે કે નહિ ? | ૩૪૬ |
| ૯૪૪ | પુષ્કરાર્ધદ્વીપના મનુષ્યો કેટલે છેટેથી સૂર્ય દેખી શકે ? | ૩૪૭ |
| ૯૪૫ | છુટા ઉપવાસથી કરેલ છઠ્ઠ વીરછઠ્ઠતપમાં ગણાય કે નહિ ? | ૩૪૭ |
| ૯૪૬ | કમળમાંથી નિકળતા જીવો કમળના હોય કે તેની નિશ્રાના હોય ? | ૩૪૭ |
| ૯૪૭ | પોસહ સામાયિકમાં ચર્ચાવાદની હુંડીઓ વંચાય કે નહી ? | ૩૪૮ |
| ૯૪૮ | યોગ ઉપધાન કર્યા વિના સૂત્ર ભણે તો અનન્ત સંસારી થાય કે નહી ? | ૩૪૮ |
| ૯૪૯ | મિથ્યાત્વીના દાનરુચિપણું વિગેરે ગુણો અનુમોદવા લાયક છે કે નહી ? | ૩૪૯ |
| ૯૫૦ | ત્રણ ચૈત્ય સિવાય બીજા ચૈત્યો વંદનીક છે, તેનો ખુલાસો | ૩૫૦ |
| ૯૫૧ | ચરક પરિવ્રાજક તાપસ વિગેરેને સકામ નિર્જરા હોય કે નહિ ? | ૩૫૧ |
| ૯૫૨ | સ્વપર પક્ષીને અને મિથ્યાત્વીને પચ્ચક્ખાણ કરાવાય તે માર્ગાનુસારી ગણાય કે નહિ ? | ૩૫૫ |


For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




| પ્રશ્ન | વિષય | પૃષ્ટ |
|---|---|---|
| ૯૫૩ | નિયમમાં સચિત્તઃ અને વિગયઃ દ્રવ્યમાં ગણાય કે નહિ? | ૩૫૫ |
| ૯૫૪ | ગુરુની દેરી દાહભૂમી સિવાય માન્ય છે કે નહિ? | ૩૫૬ |
| ૯૫૫ | વ્યવહારઃ નિશ્ચયઃ સમક્તિનું સ્વરૂપ | ૩૫૬ |
| ૯૫૬ | ગૌતમ પડઘા તપમાં પાત્રામાં નાણું મૂકાય કે નહિ? અને તે કયું દ્રવ્ય ગણાય? | ૩૫૮ |
| ૯૫૭ | ચૌદશે ચૌમાસી પ્રતિક્રમણ આચર્યું તેમાં પ્રતિક્રમણ ઘટયા તેનો શું ખુલાસો છે? | ૩૫૮ |
| ૯૫૮ | આ બે ગાથા છુટા પાનામાં દેખાય છે | ૩૫૮ |
| ૯૫૯ | સો હાથથી દૂર જવાય તો ગમણા ગમણે આલોવાય છે | ૩૫૯ |
| ૯૬૦ | શુદ્ધ ભાવે સચિત્ત છોડનારને તે તે યોનિમાં દુઃખ વેઠવા પડતા નથી | ૩૫૯ |
| ૯૬૧ | પોસાતીને ત્રિકાલ દેવવંદન કરવાનું કયા ગ્રન્થમાં લખ્યું છે? | ૩૫૯ |
| ૯૬૨ | પ્રાચીનકાળમાં સાધુઓ યોગવહીને સૂત્રો ભણતા હતા કે નહિ? | ૩૬૦ |
| ૯૬૩ | સાતક્ષેત્રોમાં કયા બે ક્ષેત્રો ઉમેરવાથી ૯ ક્ષેત્રો થાય? | ૩૬૧ |
| ૯૬૪ | વ્યવહાર રાશિમાં આવેલો જીવ ફેર સૂક્ષ્મનિગોદમાં જાય કે નહિ? | ૩૬૧ |
| ૯૬૫ | પોસાતી શ્રાવક સાધુને વહોરાવી શકે કે નહિ? | ૩૬૧ |
| ૯૬૬ | ક્રિયાવાદી શુકલ પાક્ષિક કહેવાય, તેને કેટલો સંસાર બાકી હોય? | ૩૬૨ |
| ૯૬૭ | પાખંડીના ક્રિયાવાદી ૧૮૦ ભેદો મિથ્યાત્વી હોય કે સમકિતિ? | ૩૬૨ |
| ૯૬૮ | કેવળ દૂધની બનેલી ક્ષીર બીજે દિવસે સાધુએ લેવાય કે નહિ? | ૩૬૨ |


For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




| પ્રશ્ન | વિષય | પૃષ્ટ |
|---|---|---|
| ૯૬૯ | મીઠું ભક્ષ્ય છે કે અભક્ષ્ય? | ૩૬૩ |
| ૯૭૦ | કેરીના ગોઠલા મિશ્રિત છાશ: અને સાકર ખાંડ મિશ્રિત છાશ: વિગેરે એક દ્રવ્ય ગણાય કે જુદા દ્રવ્ય ગણાય? | ૩૬૩ |
| ૯૭૧ | કેવો પોસહ ઉપધાનની આલોયણામાં વાળી શકાય? | ૩૬૪ |
| ૯૭૨ | ઉપધાનની વાચના સવારે લહેવી ભુલાણી હોય તો કયારે લેવાય? | ૩૬૪ |
| ૯૭૩ | જિનેશ્વરમાતા કયા ક્રમે સ્વપ્નો દેખે? | ૩૬૪ |
| ૯૭૪ | આલોયણસ્વાધ્યાય: ઇરિયાવહિઆ કરી કરાય | ૩૬૫ |
| ૯૭૫ | બારવ્રતી શ્રાવક નિયમો સંક્ષેપે કે નહિ? | ૩૬૫ |
| ૯૭૬ | ગુરુ પગલા કોના કરાય? અને કયા કેસરથી પૂજાય? | ૩૬૫ |
| ૯૭૭ | વસ્તુપાલ તેજપાલ વીસા પોરવાડ હતા કે દશા પોરવાડ? | ૩૬૬ |
| ૯૭૮ | આઠમી વિગેરે પડિમામાં આરંભત્યાગનું સ્વરૂપ. | ૩૬૬ |
| ૯૭૯ | પ્રમત્તગુણઠાણે સાધુને પાંચપ્રમાદ કેવી રીતે સંભવે? | ૩૬૭ |
| ૯૮૦ | અવંગદુવાર શબ્દનો અર્થ. | ૩૬૭ |
| ૯૮૧ | પરપક્ષીની પ્રાર્થનાથી ઉપદેશમાળાની ગાથા જોઈ અપાય કે નહિ? | ૩૬૭ |
| ૯૮૨ | પ્રતિષ્ઠિત પ્રતિમા અને સ્થાપનાચાર્ય વિગેરે પરપક્ષીને આપી શકાય કે નહિ? | ૩૬૭ |
| ૯૭૩ | અણસણી શ્રાવકને રાત્રિએ જરૂર પડયે ઉષ્ણજળ પાઇ શકાય કે નહિ? | ૩૬૮ |
| ૯૮૪ | પુષ્પનાળના દાંડામાં કેટલા જીવો હોય? | ૩૬૮ |
| ૯૮૫ | ભોજન કર્યું હોય તો વાંદણા દેવા પડે છે, તેનું શું કારણ? | ૩૬૮ |


For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




| પ્રશ્ન | વિષય | પૃષ્ટ |
|---|---|---|
| ૯૮૬ | ભગવાનહં વિગેરે ચાર ખમાસણુ ક્રિયાબદ્ધ છે કે નહિ ? અને પાટના આચાર્યનું જુદું ખમાસમણુ દેવાય કે નહિ ? | ૩૬૮ |
| ૯૮૭ | પ્રથમ દિવસે ચોવિહાર એક બે ઉપવાસ કરી બીજે તથા ત્રીજા દિવસે છટ્ઠ અટ્ટમ પચ્ચક્ખી શકાય કે નહિ ? | ૩૬૯ |
| ૯૮૮ | કેવળી સમુદ્ઘાત કર્યા પછી કેટલો કાળ સંસારમાં રહે ? | ૩૬૯ |
| ૯૮૯ | ભવનપતિદેવોના ભવનો ક્યાં છે ? | ૩૬૯ |
| ૯૯૦ | તેવિહાર ઉપવાસ તથા બીજા પચ્ચક્ખાણુ કેવી રીતે પારી શકાય ? | ૩૭૦ |
| ૯૯૧ | પોસાતી શ્રાવક સાંજની પડિલેહણાનો કાજો ક્યારે લે ? | ૩૭૧ |
| ૯૯૨ | મીઠું તથા હરડે વિગેરે દૂરથી આવેલ હોય તો ફાસુ થઇ શકે કે નહિ ? | ૩૭૧ |
| ૯૯૩ | પડિમાધારી શ્રાવકે લાવેલો આહાર મુનિને વહોરાવે તો કલ્પે કે નહિ ? | ૩૭૧ |
| ૯૯૪ | શ્રાવકો આનુપૂર્વિએ અને અનાનુપૂર્વિએ નવકાર ગણી શકે કે નહિ ? | ૩૭૨ |
| ૯૯૫ | ગુરુ ભક્તિ માટે પુંજણીયે વાયરો નંખાય તેમાં લાભ થાય કે ટોટો ? | ૩૭૨ |
| ૯૯૬ | રાત્રિએ સર્વ અન્નપાણીમાં ત્રસજીવો ઉપજી પ્રભાતે નાશ પામે, તે સાચું કે નહિ ? | ૩૭૨ |
| ૯૯૭ | વડાકલ્પને દિવસે પોસહમાં વધારે લાભ કે પૂજામાં ? | ૩૭૨ |
| ૯૯૮ | સંવચ્છરી દિવસે સોપારીસહિત નાણાની પ્રભાવના અપાય કે નહિ ? | ૨૭૩ |
| ૯૯૯ | પક્ખીઃ ચૌમાસીઃ સંવચ્છરીઃના કાઉસ્સગ્ગ કરવાનું પ્રયોજન શું ? | ૩૭૩ |
| ૧૦૦૦ | પ્રભુમૂર્તિસહિત ગુરુમૂર્તિપાસે દેવવંદન કરાય કે નહિ ? | ૩૭૩ |


For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




| પ્રશ્ન | વિષય | પૃષ્ટ |
|---|---|---|
| ૧૦૦૧ | ચૌમાસી અટ્ઠાઇઓ કયાંથી બેસે ? | ૩૭૩ |
| ૧૦૦૨ | વીસસ્થાનક વિગેરેમાં અસજ્ઝાયના દિવસો ગણાય કે નહિ ? | ૩૭૪ |
| ૧૦૦૩ | શ્રી આણંદવિમલસૂરીશ્વરજીએ કરેલ તપ આયંબિલથી કરાય કે નહિ ? | ૩૭૪ |
| ૧૦૦૪ | બેસણાવાળાને ઉલટી થાય, તો બીજી વખત વપરાય કે નહિ ? | ૩૭૪ |
| ૧૦૦૫ | શ્રીહીરસૂરીશ્વરજીએ પ્રસાદી કરેલ બાર બોલો. | ૩૭૪ |
| ૧૦૦૬ | રાક્ષસદ્વીપ જંબુદ્વીપમાં છે કે લવણ સમુદ્રમાં ? | ૩૭૭ |
| ૧૦૦૭ | સાંજે પચ્ચક્ખાણમુહપત્તી ખમાસમણ દઇને પડિલેહાય કે નહિ ? | ૩૭૮ |
| ૧૦૦૮ | શામ્બપ્રદ્યુમ્ન સાથે કેટલા મુનિવરો સિદ્ધિ પદ પામ્યા ? | ૩૭૮ |
| ૧૦૦૯ | ૧ ક્રોડ ૬૦ લાખ કલશનો મેળ કેવી રીતે થાય? | ૩૭૮ |
| ૧૦૧૦ | વાસુદેવ: બળદેવની: માતા સ્વપ્નો જુવે, તેના નામો | ૩૭૯ |
| ૧૦૧૧ | ચૌદપૂર્વી કાર્તિકશેઠનો જીવ પહેલે દેવલોક ગયો તેનું શું કારણ? | ૩૭૯ |
| ૧૦૧૨ | બપોરે પડિલેહણ વખતે તિવિહાર કર્યો હોય, તે સાંજે કયું પચ્ચક્ખાણ કરે ? | ૩૭૯ |
| ૧૦૧૩ | ત્રિકાળ પૂજા કરનાર પ્રભાતે નિર્માલ્યવસ્તુ દૂર કરી વાસક્ષેપથી પૂજા કરે કે એમને એમ કરે ? | ૩૮૦ |
| ૧૦૧૪ | શ્રાવકોને પૂજા કરતાં પહેલાં દાતણ કરવું જોઇયે કે નહિ ? | ૩૮૦ |
| ૧૦૧૫ | ગુરુમંદિરનું હીરવિહાર એવુંનામ કેમપાડયું છે? | ૩૮૦ |
| ૧૦૧૬ | सुहिएसु दुहिएसु० આ ગાથાની વ્યાખ્યા. | ૩૮૧ |
| ૧૦૧૭ | વિનિતા નગરી અષ્ટાપદથી કેટલા યોજન દૂર છે? | ૩૮૩ |
| | ગ્રંથની પ્રશસ્તિ. | ૩૮૪ થી ૩૮૭ |


For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री गौतम-गणधराय नमो नमः

શ્રી "તપા"ગચ્છાધિપતિ શ્રી વિજયસેનસૂરિ પ્રસાદીકૃત-

પં. શુભવિજય ગણિ વિરચિત-

# સેનપ્રશ્ન

## [સાર સંગ્રહ]

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## मङ्गलाचरणम्

प्रणिप्रत्य परं ज्योतिः प्रशान्तदोषं सतां सदा ध्येयम् ।
प्रत्यूह-व्यूह-भिदे लोकालोक-प्रकाशकरम्, ॥ १ ॥

तत्तद्बहुश्रुतावलि-सङ्घविनिर्मित-विचित्रपृच्छानाम् ।
श्री-विजयसेनसूरि-प्रसादितान्युत्तराणि मया ॥ २ ॥

अङ्गोपाङ्ग-प्रकरण-तट्टीका-गुरुपरंपरादीनाम् ।
स्व-मत्याऽऽत्मस्मृतये संगृह्यन्ते यथावगमम् ॥ ३ ॥

त्रिभिर्विशेषकम्

**અર્થ**: જેના દોષો તદ્દન શાંત થયા છે, અને જે હમ્મેશ સંતોને ધ્યાન કરવા યોગ્ય છે, વિઘ્નોનો નાશ કરનાર છે, અને લોકાલોકનું સ્વરૂપ પ્રકાશે છે, એવી પરમ જ્યોતિઃ રૂપ શ્રી તીર્થંકર દેવોને પ્રણિપાત કરીને એટલે મન વચન કાયાએ નમસ્કાર કરીને—

અંગો, ઉપાંગો, પ્રકરણો, અને તેઓની ટીકાઓઃ તથા ગુરુ પરંપરાના મતને અનુસરીને **શ્રી વિજયસેન સૂરીશ્વરજી** મહારાજાએ બહુશ્રુત મુનિમહારાજાઓએ અને શ્રી સંઘોએ પૂછેલા વિવિધ પ્રશ્નોના ઉત્તરો આપવાની કૃપા કરી હતી. તે પ્રશ્નોત્તરોનો હું પોતાના સ્મરણ માટે મારી બુદ્ધિ અનુસાર સંગ્રહ કરું છું. ૧–૨–૩

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૧

# મહોપાધ્યાય શ્રી વિમલહર્ષ ગણિકૃત પ્રશ્નોના ઉત્તરો—

**પ્રશ્ન:** ૧ જ્ઞાનપંચમીના ઉજમણાનું દ્રવ્ય જ્ઞાન દ્રવ્ય કહેવાય ? કે મંડપમાં પધરાવેલ જિનેશ્વરદેવોની સામે મૂકાએલ હોવાથી દેવદ્રવ્ય કહેવાય ?

**ઉત્તર:**—ઉજમણાના જ્ઞાનના બધા ઉપકરણો જ્ઞાન દ્રવ્ય છે. અને તે જ્ઞાન ભંડારમાં મૂકવા. અને બીજા જે હોય તે દેવદ્રવ્ય કહેવાય, એમ જણાય છે [ દર્શનઃ અને ચારિત્રઃના ઉપકરણ સિવાયના ] ૧–૧–૧–૧

**પ્રશ્ન:** ૨ બનાવવામાં આવતી જિન પ્રતિમાનું મોટામાં મોટું અને તદ્દન નાનું પ્રમાણ કેવું હોય ?

જો મોટામાં મોટું પાંચસો ધનુષ્યનું હોય, અને નાનામાં નાનું અંગુઠા જેવડું હોય, તો પોતપોતાના શરીર પ્રમાણે ચોવીશે ય જિનની કરાવીને **ભરત મહારાજાએ અષ્ટાપદ** પર્વત ઉપર ભરાવેલી પ્રતિમાઓમાં **મહાવીર પ્રભુની** મૂર્તિ ઉત્સેધાંગુલે સાત હાથ પ્રમાણવાળી છતાં, **ભરત મહારાજના** અંગુઠા જેટલી પણ કેમ થાય ? કેમકે–ઉત્સેધાંગુલની ગણીતરીએ–ચાર ધનુષઃ અને ૧૬ આંગુલેઃ **ભરત મહારાજનું** એક આત્માંગુલ થાય છે.

**ઉત્તર—ભરત મહારાજાએ મહાવીર ભગવંતની** મૂર્તિ તેમના શરીર પ્રમાણે ભરાવેલ છે, તેથી તે **ભરતના** એક આત્માંગુલ પ્રમાણે થતી નથી, તો પણ તેમાં કોઈ દોષ આવતો નથી.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કેમકે—મૂર્તિના પ્રમાણમાં **ભરત મહારાજાના** અગુલનો અધિકાર નથી. અને તેનું પ્રાયિકપણું છે ॥ ૧-૧-૨-૨ ॥

**પ્રશ્નઃ ૩ પુક્ખર-વર-દીવડ્ઢે અને સિદ્ધાણં બુદ્ધાણંનો** કયા આવશ્યકમાં સમાવેશ થાય ?

**ઉત્તર**—બન્નેયનો **કાઉસ્સગ્ગ આવશ્યકમાં** સમાવેશ થાય છે, એમ **આવશ્યક બૃહદ્વૃત્તિના** અનુસારે જણાય છે ॥ ॥ ૧-૧-૩-૩ ॥

**પ્રશ્નઃ** ૪ બાર પર્ષદાની પાસે તીર્થંકરદેવ ચાર રૂપે એક યોજન ભૂમિમાં ફેલાતી દેશનાએ ધર્મ ઉપદેશ કરે છે, અને ધર્મદેશના પૂરી થયા બાદ સ્વામિ દેવછન્દામાં પધારે છે, ત્યાર બાદ—ગણધર મહારાજા દેશના આપે છે. તે ચાર રૂપે ? કે એક રૂપે ? અને યોજન ગામિની દેશના એ ? કે—સહજ સ્વરે ?
જો એક રૂપે હોય, તો બારે પર્ષદા માંહોમાંહે સંકોચાઇ જાય ? કે—જેમ પ્રથમ બેઠેલી હતી, તેમજ બેસી રહે છે ?

**ઉત્તર**—તીર્થંકર મહારાજાની દેશના પછી બીજી પૌરુષીમાં ગણધર મહારાજા સ્વાભાવિકઃ અને એકરૂપેઃ દેશના આપે છે. એમ જણાય છે. ચાર રૂપે તથા યોજનગામિની વાણીએ ધર્મદેશના તો તીર્થંકરદેવના અતિશય તરીકે શાસ્ત્રમાં કહેલ છે, ગણધર મહારાજાના અતિશય તરીકે કહેલ નથી.

અને બાર પર્ષદાના સંકોચ બાબતમાં તે અવસરે જે ઉચિત ઈચ્છા મુજબની પ્રવૃત્તિ થતી હોય, તેમ જાણી લેવું. કેમકે—એ બાબતની ચોક્કસ હકીકત શાસ્ત્રોમાં જોવામાં આવતી નથી ॥ ૧-૧-૪-૪ ॥

**પ્રશ્નઃ ૫. વિજયાદિ અનુત્તર** વિમાનવાસી દેવો નારકીઃ તિર્યંચઃ અને ભુવનપતિઃ દેવોમાં જાય કે નહિ ?

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**ઉત્તર**—અનુત્તર વિમાન વાસી દેવો અનન્તરપણે કે પરંપરાએ નારકીઃ તીર્યંચઃ ભવનપતિઃ વ્યન્તરઃ કે જ્યોતિષ્કઃમાં ઉત્પન્ન થતા નથી. એવા શબ્દો **પ્રજ્ઞાપના** સૂત્રના **પંદરમા પદની ટીકામાં** છે ॥ ૧-૧-૫-૫ ॥

**પ્રશ્નઃ** ૬. અતિચારની આઠ ગાથા ન આવડતી હોય, તે કાઉસ્સગ્ગમાં આઠ નવકાર ગણે છે. પરંતુ આઠ ગાથાના અને ચાર નવકારના શ્વાસોચ્છ્વાસ ૩૨ થાય, અને આઠ નવકારના તો ૬૪ થાય, તેનું કેમ?

**ઉત્તર**—જેને આઠ ગાથા ન આવડે, તેની પાસે આઠ નવકારનો કાઉસ્સગ્ગ કરાવાય છે, તેમાં શ્વાસોચ્છ્વાસનું પ્રમાણ ગણાતું નથી. ગાથાને સ્થાને નવકાર ગણાવાય છે. ॥ ૧-૧-૬-૬ ॥

૨

# મહોપાધ્યાય શ્રી મુનિવિજયગણિકૃત પ્રશ્નોના ઉત્તરો.

**પ્રશ્નઃ** ૧. વાસુદેવો **કોટિશિલા** ઉપાડે છે, તે શાશ્વતી કે અશાશ્વતી છે? અને તે ક્યાં છે? તથા તે **કોટિશિલાને** સર્વ વાસુદેવો આખી ઉપાડે? કે તેનો કોઈપણ ભાગ ઉપાડે છે? તે ક્રોડ મનુષ્યોથી ઉપડી શકે, માટે **કોટિશિલા**, એવું નામ એ જ અર્થને બરાબર અનુસરીને છે? કે બીજા હેતુથી છે?

**ઉત્તર**—**કોટિશિલા** અશાશ્વતી જણાય છે. કેમકે—શાસ્ત્રમાં **ગંગાઃ સિંધુઃ વૈતાઢ્યઃ** વિગેરે શાશ્વત્ પદાર્થોમાં તેની ગણતરી જોવામાં આવતી નથી. અને તે **કોટિશિલા મગધ દેશમાં દશાર્ણ પર્વતની** પાસે છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સર્વ વાસુદેવો આખી ઉપાડે છે. " તેનો કોઇ પણ એક ભાગ ઉપાડે છે " એમ નહિ.

પરંતુ પહેલો વાસુદેવ છત્ર સ્થાન સુધી, અને છેલ્લો ભૂમિથી ચાર આંગુલ ઉંચી ઉપાડે છે. અથવા મહા મહેનતે ઢીંચણ સૂધી ઉપાડે છે.

સામાન્ય ક્રોડ મનુષ્યો ઉપાડી શકે તેવી છે, તેથી અને **શાન્તિનાથ** વિગેરે છ જિનેશ્વરોના ક્રોડો મુનિવરો તેના ઉપર સિદ્ધિપદ પામ્યા છે, તેથી **કોટિશિલા** કહેવાય છે. એવા અક્ષરો **તીર્થકલ્પ** વિગેરેમાં છે. ॥ ૧-૨-૧-૭ ॥

**પ્રશ્નઃ** ૨ સાંજના પ્રતિક્રમણમાં સજ્ઝાય કરતી વખતે આદિમાં અને અંતમાં નવકાર કહેવાય છે, તેમ બીજે ઠેકાણે સજ્ઝાઓમાં આદિ અને અંતમાં નવકાર કહેવો કે નહિં ?

**ઉત્તર**—જ્યાં બે આદેશો એટલે " **સજ્ઝાય સંદિસાહુ** " અને " **સજ્ઝાય કરું** " એમ માગવામાં આવે, ત્યાં આદિઃ અને અંતઃમાં સંપૂર્ણ નમસ્કાર કહેવાય. અને જ્યાં એકજ આદેશ એટલે " **સજ્ઝાય કરું** " એમ આદેશ માગવામાં આવે, ત્યાં આદિમાં એકજ નવકાર કહેવાય છે. વળી સાંજના પ્રતિક્રમણમાં સજ્ઝાય પછી આખો નવકાર ગણવાનું **સામાચારી** વિગેરેમાં દેખાતું નથી, પણ પરંપરાએ તો સંપૂર્ણ નવકાર કહેવાય છે. તેથી મંગલરૂપ હોવાથી તેમાં દોષ નથી. ॥ ॥ ૧-૨-૨-૮ ॥

**પ્ર૦ ૩. પાક્ષિકખામણા** થઇ રહ્યા બાદ " **ઇચ્છામો અણુસટ્ઠિં** " એવા અક્ષરો જે બોલાય છે, તે ગીતાર્થ મુનિવરે કહેવા ? કે સર્વ સાધુઓએ કહેવા ?

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉ૦ **इच्छामो अणुसट्ठिं** એવા અક્ષરો "તમામ સાધુઓએ કહેવા" એમ **સામાચારીમાં** કહ્યું છે ॥ ૧–૨–૩–૯ ॥

**પ્ર૦ ૪ મત્તાઙ્ગદ** વિગેરે **કલ્પવૃક્ષો** વનસ્પતિ વિશેષ છે? કે વાદળા વિગેરેની જેમ વિસ્રસાપરિણામી છે?

ઉ૦ **જીવાભિગમ સૂત્રની ટીકા** વિગેરે ગ્રંથોને અનુસારે–તે **મત્તાઙ્ગદ** વિગેરે **કલ્પવૃક્ષો** તેવા પ્રકારની ક્ષેત્ર વિગેરે સામગ્રીથી ઉત્પન્ન થયેલ સ્વભાવે કરીને બને છે. માટે વિસ્રસા પરિણામવાળા છે. અને **ઋષિદત્તા** વિગેરે **કથાનક** ગ્રંથોમાં **કલ્પવૃક્ષનું** બીજ વાવવાનું દેખાડેલ હોવાથી વનસ્પતિ વિશેષ પણ હોય, તેમ સમજાય છે. ॥ ૧–૨–૪–૧૦ ॥

**પ્ર૦** ચીભડું વિગેરે બીજવાળી વસ્તુ અગ્નિએ પકવ્યા વિના કેવલ રાઇનો સંસ્કાર દેવામાં આવે, તો અચિત્ત થાય? કે નહિ?

ઉ૦ કાચાં ચીભડા પ્રમુખ–સબીજઃ અથવા નિર્બીજઃ ફળો પ્રબળ અગ્નિ અને મીઠાના સંસ્કાર વિના અચિત્ત થતા નથી. ॥ ॥ ૧–૨–૫–૧૧ ॥

**પ્ર૦ ૬ સામાચારીમાં નવમાં દ્વારમાં કાલગ્રહણની વિધિમાં** **गिलिउग्गिलिए** એવો શબ્દ આવે છે, તેનો વ્યુત્પત્તિઃ ભાવાર્થઃ કહેવા કૃપા કરશો.

ઉ૦ **मार्जारादिना मूषिकादौ गिलितोद्गिलिते इति गिलितः सन् उद्गिलितो–वान्तः, तस्मिन्. कोऽर्थः ?** "બિલાડા વિગેરેએ ઉંદર વિગેરે અન્યસ્થાનમાં ગળ્યો હોય. અને સાઠ હાથની સાધુઓની વસતિ છે, તેમાં તે બિલાડા વિગેરેએ આવી વમન કર્યો હોય; તો અસજ્ઝાય થાય નહિ." એમ **આવશ્યક ટીકા આદિ** ગ્રંથોમાં કહ્યું છે. ॥ ૧–૨–૬–૧૨ ॥

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૩

# સુરતના શ્રાવકોએ ઉપાધ્યાય શ્રી કલ્યાણવિજયગણિદ્વારા કરાવેલ પ્રશ્નોના ઉત્તરો.

પ્ર૦ ૧. કોઇ એક પાસત્થા વિગેરે મૂલકર્મ વિગેરેમાં દુષ્ટ ક્રિયાકારી હોય, પણ શુદ્ધ પ્રરૂપક હોય. અને બીજો તપસ્યા વિગેરે બહુ ક્રિયા વાળો હોય, પણ ઉત્સૂત્ર પ્રરૂપક હોય. આ બેમાં કોણ બહુલસંસારી અને કોણ અલ્પ સંસારી ?

ઉ૦ આ બેમાં–કોણ બહુલ સંસારી ? અને કોણ અલ્પસંસારી ? તે નિર્ણય આપણાથી કરી શકાય નહિ. કેમકે–તેવા પ્રકારના શાસ્ત્રના અક્ષરો દેખાતા નથી. તેમજ, જીવોનો પરિણામ વિચિત્ર હોય છે. તેનો સર્વથા નિર્ણય તો સર્વજ્ઞ ભગવાન્ કરી શકે. પરંતુ, વ્યવહારને અનુસરીને ઉત્સૂત્રપ્રરૂપક બહુલ સંસારી હોય, એમ સંભવે છે. ॥ ૧–૩–૧–૧૩ ॥

પ્ર૦ ૨. અગીતાર્થ સાધુને સ્વતંત્રપણે વિચરવામાં અનન્તસંસારિપણું જ થાય ? કે નહિ ?

ઉ૦ અગીતાર્થ સાધુને સ્વતંત્રપણે વિચરવામાં અનન્ત સંસારિપણું પ્રાયઃ કરીને થાય. " ચોક્કસ જ થાય. " એમ કહેવાય નહિ. કારણ કે–કર્મપરિણતિ વિચિત્ર હોય છે. ॥ ૧–૩–૨–૧૪ ॥

પ્ર૦ ૩. સાધુઓને માસકલ્પ વિગેરે વિધિનિયત ચોક્કસ છે ? કે નહિ ?

ઉ૦ સાધુઓને માસકલ્પાદિ વિહારમાં ઐકાન્તિકપણું નથી, કેમકે–કારણ ન હોય, તો માસકલ્પાદિ વિધિએ વિહાર કરે, અને કારણ હોય, તો બહુ કાલ સુધી પણ એક સ્થાનકે રહી શકે. કેમકે–

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**पंच समिआ तिगुत्ता, उज्जुत्ता संजमे तवे चरणे ।**
**वाससयंपि वसंता मुणिणो आराहगा भणिया ॥ १ ॥**

**અર્થ**—પાંચ સમિતિઃ ત્રણ ગુપ્તિઃ સંજમઃ તપઃ અને ચારિત્રઃ-માં ઉદ્યમી મુનિવરો એક સ્થાનકે સો વર્ષ સુધી વસ્યા હોય, તો પણ આરાધક કહ્યા છે.

આ પાઠથી એક ઠેકાણે વધારે વખત રહી શકે. ॥ ૧–૩–૩–૧૫ ॥

પ્ર૦ ૪. એક આંખવાળા નાળિયેર વિગેરેની સાંસારિક ફળની ઈચ્છાથી પૂજા કરવામાં મિથ્યાત્વ લાગે ? કે નહિ ?

ઉ૦ આલોકના લાભ માટે દક્ષિણાવર્ત શંખ વિગેરેની પેઠે એકાક્ષિ નાળિયેર વિગેરેની પૂજા કરવામાં મિથ્યાત્વ લાગે, તેવું અમારા જાણવામાં નથી. ॥ ૧–૩–૪–૧૬ ॥

પ્ર૦ સમ્યગ્દૃષ્ટિ સિવાયના જીવોને નિર્જરા જરા પણ ન થાય ? કે થોડી ઘણી થાય ?

ઉ૦ સમકિતિ સિવાયના જીવોને નિર્જરા જરા પણ ન થાય, એમ તો કહી શકાય નહિ. કેમકે

**अणुकंपऽकामनिज्जर बालतवे दाण–विणय–विब्भंगे ।**
**संजोग–विप्पओगे वसणूसव–इड्ढि–सक्कारे ॥**

**આવશ્યક નિર્યુકિતની** આ ગાથામાં કહેલી અકામ નિર્જરા મિથ્યાદૃષ્ટિને સમકિતની પ્રાપ્તિના કારણ તરીકે જણાવી છે. અને કેટલાક **ચરકઃપરિવ્રાજકઃ** વિગેરે સંન્યાસીઓને પોતાની ઈચ્છાપૂર્વક બ્રહ્મચર્યનું પાલનઃ અદત્તાદાનનો ત્યાગઃ વિગેરે નિયમોથી પાંચમા બ્રહ્મદેવલોક સુધી ઉપજવાનું કહેલું હોવાથી તેઓને સકામ નિર્જરાનો પણ સંભવ દેખાય છે. ॥ ૧–૩–૫–૧૭ ॥

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્ર૦ ઉત્સૂત્ર પ્રરૂપણા કરવા છતાં મહાવ્રતનું પાલનઃ તપશ્ચર્યાઃ વિગેરે ક્રિયા કરે, તો તેઓ હળવાકર્મી થાય કે નહિ ?

ઉ૦ ઉત્સૂત્રપ્રરૂપક **નિન્હવ** વિગેરે મહાવ્રતની ઉગ્રક્રિયા સહિત હોય, તો ઉત્કૃષ્ટથી **નવમાગ્રૈવેયક** સુધી ઉપજે છે, તેથી–મહાવ્રતની ક્રિયાદ્વારા મેળવેલ શુભ ફલ તેઓને ભલે હોય, પણ તેઓને હળવા કર્મીપણું થાય કે ભારે કર્મીપણું થાય? તે તો સર્વજ્ઞ ભગવાન જાણે. ॥ ૧–૩–૬–૧૮ ॥

૪

# ઉપાધ્યાય શ્રી મેઘવિજય ગણિકૃત–પ્રશ્નોના ઉત્તરો

પ્ર૦ **ભગવતી**સૂત્રમાં–"લોકપાળ દેવો પૂર્વઃ પશ્ચિમઃ ઉત્તરઃ અને દક્ષિણઃ દીશામાં રહે છે." એમ બતાવ્યું છે. છતાં "તેઓને દક્ષિણ દીશામાં જ થતા ગ્રહોની શ્રેણી, વિઘ્નો, અતિવર્ષાદ, લોઢા વિગેરે ખાણોની હાલત વિગેરે કાર્યો, અજાણમાં હોતા નથી." એમ બતાવ્યું છે, તો ફક્ત દક્ષિણ દિશાજ પકડી છે, પણ બીજી દીશાઓ કહી નથી, તેનું શું કારણ છે ?

ઉ૦ **ભગવતી** સૂત્રમાં "ચારે **લોકપાલ** દેવોને દક્ષિણ દીશામાં થતા જે પૃથક્ પૃથક્ કાર્યો અજ્ઞાત હોતા નથી" એમ બતાવ્યું છે. તે દક્ષિણદિશા **મેરુપર્વતની** અપેક્ષાએ જાણવી. પણ **સૌધર્મેન્દ્ર** વિમાનની અપેક્ષાએ લેવી નહિ. ॥ ૧–૪–૧–૧૯ ॥

પ્ર૦ **કલ્પકિરણાવલી** ગ્રંથમાં "**મરુદેવા અધ્યયનની** વિભાવના કરતાં **મહાવીર ભગવંત** સિદ્ધિ પદને પામ્યા." એમ કહ્યું છે. તો તે **મરુદેવા અધ્યયન** કઈ રીતીએ વિભાવ્યું ? તે રૂડી રીતે જણાવવા કૃપા કરશો ?

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉ૦ **કલ્પસૂત્રની અવચૂર્ણિમાં "મરુદેવા અધ્યયનને** વિભાવતાં એટલે પ્રરૂપણા કરતાં જ સિદ્ધ થયા " એમ કહ્યું છે. બીજી વિભાવનની રીતિ બતાવી નથી. ॥ ૧-૪-૨-૨૦ ॥

પ્ર૦ પાક્ષિક ખામણાના અવસરે દરેક શ્રાવકો મનમાં નમસ્કારમંત્ર ગણે કે નહિ ?

ઉ૦ સાધુઓ હોય, તો પાક્ષિકખામણામાં શ્રાવકો નમસ્કાર મંત્ર મનમાં ગણે નહિ. પણ સાધુઓ કહે, **ખામણાસૂત્ર** તે સાંભળે. સાધુઓ ન હોય તો શ્રાવકો **પક્ખિસૂત્રને** સ્થાનકે, **વંદિત્તાસૂત્ર** કહે. અને **ખામણાના** સ્થાનકે **નમસ્કારસૂત્ર** કહે. તેમ પરંપરા ચાલી આવી છે. ॥ ૧-૪-૩-૨૧ ॥

## ૫

# ઉપાધ્યાય શ્રીસોમવિજયગણિકૃત પ્રશ્નોના ઉત્તરો

પ્ર૦ વૈક્રિયરૂપને બનાવતા દેવો વિગેરે જો એકેન્દ્રિયથી માંડીને પંચેન્દ્રિય સુધીનું જીવરૂપે વૈક્રિય શરીર બનાવે છે, ત્યારે તેમાં પોતાના આત્મપ્રદેશ નાંખે છે, તેવી રીતે-થાંભલા વિગેરે અચેતન પદાર્થ વિકુર્વે, તો તેમાં પોતાના આત્મપ્રદેશો નાંખે કે નહિ ?

ઉ૦ દેવો થાંભલા વિગેરે અચેતન પદાર્થ બનાવતાં તેમાં પોતાના આત્મપ્રદેશ સંક્રમાવે નહિ, એમ જણાય છે. કેમકે-**જીવાભિગમસૂત્રમાં ચોથીપ્રતિપત્તિમાં** દેવ ગતિના અધિકારે કહ્યું છે કે—

" હે ભગવાન્ ! **સૌધર્મ: ઇશાન:** દેવલોકના દેવો એકરૂપની વિકુર્વણા કરવા સમર્થ છે ? કે-બહુ રૂપોની વિકુર્વણા કરવા સમર્થ છે?" ઈત્યાદિક સૂત્રમાં બતાવ્યું છે કે-"દેવો પોતાના

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આત્મપ્રદેશોએ સહિત એકેન્દ્રિય વિગેરે એકઃ અનેકઃ રૂપો પણ બનાવી શકે છે. અને આત્મપ્રદેશ વિનાના પ્રાસાદઃ ઘટઃ પટઃ વિગેરે ભિન્નરૂપો પણ બનાવી શકે છે. ॥ ૧-૫-૧-૨૨ ॥

પ્ર૦ **પિણ્ડવિશુદ્ધિના કર્તા જિનવલ્લભગણિ ખરતરગચ્છીય** છે ? કે અન્યગચ્છીય છે ?

ઉ૦ **જિનવલ્લભગણિનું ખરતગચ્છીયપણું** સંભવતું નથી. કેમકે–તેમણે કરેલ **પૌષધવિધિ પ્રકરણમાં** "ઉપવાસ કરવાની શક્તિના અભાવે, શ્રાવકોને જમવા–એકાસણ વિગેરે કરવા"નું કહેલું છે. તેમજ **કલ્યાણક સ્તોત્રમાં શ્રી વીરભગવાનના પાંચ કલ્યાણકો** જણાવ્યા છે. તેથી **જિનવલ્લભગણિની સામાચારી** ભિન્ન છે, અને **ખરતરોની સામાચારી** ભિન્ન છે. ॥ ૧-૫-૨-૨૩ ॥

પ્ર૦ **જંબૂદ્વીપમાં** નદીઓની કુલ સંખ્યા ચૌદ લાખ છપ્પન હજારની **જંબૂદ્વીપ પન્નતિમાં** કહી છે, તેમાં દરેક ૨૮ હજારના પરિવારવાળી અંતર નદીઓ ગણી નહિ, તેનું શું કારણ છે ?

ઉ૦ **જંબૂદ્વીપ સંગ્રહણી** વિગેરે ગ્રંથોમાં જેમ **કુરૂક્ષેત્રની** ૮૪ હજાર નદીઓની ગણત્રી કરી નથી. તેમ આમાં પણ અંતર્નદીઓના પરિવારની ગણતરી કરી નથી. તેમાં પૂર્વાચાર્યોની અવિવક્ષા જ કારણ સંભવે છે. ॥ ૧-૫-૩-૨૪ ॥

પ્ર૦ બારવ્રતધારી પોસાતીયોનેઃ અને સળંગ ચારઃ આઠઃ દસઃ લાગલાગટ પૌષધ કરનારાઓનેઃ જે આલોયણઃ પ્રાયચિત્તઃ અપાય, તે ઉપધાન આલોયણના અનુસારે અપાય કે કોઈ બીજી રીતીએ અપાય ?

ઉ૦ બારવ્રતધારી પોસાતીય વિગેરેને આલોયણઃ પ્રાયશ્ચિત્તઃ સામાન્યથી જીવઘાત વિગેરેમાં જે અપાય છે, તે મુજબ અપાય છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પણ ઉપધાન આલોયણના અનુસારે અપાતું નથી. ॥ ૧-૫-૪-૨૫ ॥

**પ્ર૦ ભરતક્ષેત્રના માગધ વિગેરે** તીર્થો **જંબૂદ્વીપની જગતીની** પહેલાં છે ? કે **લવણસમુદ્રમાં** છે ?

**ઉ૦ ભરતક્ષેત્ર સંબંધી માગધ વિગેરે** તીર્થો **જગતીથકી** આગળ **લવણસમુદ્રમાં છે,** એમ જણાય છે. કેમકે **જંબૂદ્વીપ સમાસમાં ભરતક્ષેત્રના** વર્ણનના અધિકારમાં–**માગધ: વરદામ:પ્રભાસ:તીર્થદ્વાર"** ઈત્યાદિક કહ્યું છે. ॥ ૧-૫-૫-૨૬॥

**પ્ર૦**

**पणकोडि अडसट्ठी लक्खा नवनवइ सहस्स पंचसया ।**
**चुलसी अहिया रोगा छट्टे तह सत्तमे नरए ॥ १ ॥**

આ ગાથા કયા ગ્રંથમાં છે ? અને પહેલી વિગેરે નારકીમાં કેટલા રોગો હોય ?

**ઉ૦** આવા પાઠવાલી આ ગાથા કોઈ ગ્રંથમાં જોવામાં આવી હોય, એમ સ્મરણમાં નથી. પણ આવા ભાવાર્થવાળી ગાથા **ઉપદેશ રત્નાકરમાં છે.** તે નીચે મુજબ:—

**रोगाणं कोडीओ हवंति पंचेव लक्ख अडसट्ठी ।**
**नवनवइ सहस्साइं, पंचसया तहय चुलसीइं ॥ १ ॥**

પાંચક્રોડ: અડસઠલાખ: નવાણુ હજાર: પાંચસો ને ચોરાશી: રોગો છે. આ રોગો અપ્રતિષ્ઠાન નરકાવાસમાં નિત્ય હોય છે, અને બીજે પણ યથાયોગ્ય સંભવે છે. તેથી મનુષ્યભવમાં આટલા બધા જે રોગો વિનાશના કારણભૂત છે, તે મનુષ્યભવ પામીને ધર્મજ સારભૂત વસ્તુ છે, એમ માની સર્વ શક્તિએ તેમાં આદરવાળા થવું. ॥ ૧-૫-૬-૨૭ ॥

**પ્ર૦** બીજાઓ પૂછે છે કે–શ્રાવકોને **સામાયિક અધ્યયન** વિગેરેના

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉપધાનો કયા? તેનો ઉત્તર શો આપવો?

ઉ૦ **મહાનિશીથ** વિગેરે શાસ્ત્રોમાં **ચૈત્યવંદન** સૂત્રોના ઉપધાન વહેવા કહ્યા છે. પણ **સામાયિક અધ્યયન** વિગેરેના કહ્યા નથી. અને જે વળી ઉપધાન વિના પણ સામાયિક વિગેરેનું ભણવું થાય છે, તે **જીતવ્યવહાર** તથા **સંપ્રદાય પ્રમાણને** આશ્રયીને છે. કેમકે-**વિચારામૃત સંગ્રહ ગ્રંથમાં શ્રાવક પ્રતિક્રમણરૂપ છઠ્ઠા દ્વારમાં** કહ્યું છે કે-"શ્રાવકો **નવકારમંત્ર** વિગેરે કેટલાક સૂત્રોને બાદ કરી, બાકી જે **સામાયિકસૂત્રથી માંડી ષટ્જીવનિકાયસૂત્ર** સુધી ભણે છે, તે, અને વિના ઉપધાને નવકારમંત્ર વિગેરે ભણે છે, તે, **જીતવ્યવહાર** તથા **સંપ્રદાય પ્રમાણથી** ભણે છે. ॥ ૧-૫-૬-૨૮ ॥

પ્ર૦ જિનેશ્વરદેવોના આંતરમાં સાધુઓનો વિચ્છેદ થયો હોય, ત્યારે **પ્રત્યેકબુદ્ધ** વિગેરે કેવલી હોય કે નહિ? જો હોય, તો બીજાઓને ધર્મોપદેશ કરે કે નહિ?

ઉ૦ **પ્રવચનસારોદ્ધારની ટીકામાં**-"તીર્થનો ઉચ્છેદ થયો હોય, ત્યારે **પ્રત્યેક બુદ્ધ** વિગેરેને કેવલજ્ઞાનની પ્રાપ્તિ થાય, એમ સ્પષ્ટ કહ્યું છે. પરંતુ બીજાઓને ધર્મોપદેશનો નિષેધ કરનારા અક્ષરો જોવાનું સ્મરણમાં નથી ॥ ૨-૫-૭-૨૯ ॥

પ્ર૦ **વૃદ્ધશત્રુંજય માહાત્મ્યમાં**-સમવસરણના ત્રીજા કીલ્લાના દ્વારમાં દ્વારપાલને આશ્રયીને કહ્યું છે કે-"દરેક કીલ્લે દરેક બારણે શ્રેષ્ઠશૃંગારધારણ કરીને રહેલા **તુમ્બરુ** વિગેરે દેવો દંડધારી પ્રતિહારો હોય છે."

**શ્રી શાંતિનાથ ચરિત્રમાં** કહ્યું છે કે-"રૂપાના કિલ્લાના બારણાઓમાં દરેક દ્વારમાં મનુષ્યના માથાની માળાવાળો અને ખટ્વાંગી-જટા અને મુકુટે કરી શોભિત **તુંબરુદેવ** રહેલ છે."

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**હેમચંદ્રસૂરીશ્વરજીએ** બનાવેલ **વીરચરિત્રમાં** કહ્યું છે કે–" અન્ય કિલ્લામાં દરેક બારણે મનુષ્યના શીરની માળા-વાળો ખટ્વાંગી અને જટા તથા મુકુટે કરી શોભિત **તુંબરુદેવ** દ્વારપાલ હોય છે."

**थुणिमो केवलीवत्थं** એ સ્તોત્રમાં કહ્યું છે કે–"ત્રીજા કિલ્લા-માં બહાર દ્વારપાલ દેવો **તુંબરુઃ ખટ્વાંગીઃ કપાલીઃ જટા-મુકુટધારીઃ** પૂર્વ વિગેરે દીશાઓમાં હોય છે, અને **તુંબરુદેવ** પડિહારી છે."

આ પ્રકારે મતાન્તરો દેખાય છે, તેથી નવીન બનાવાતા સ-મોસરણમાં કયા નામવાળા અને કેવા શસ્ત્રવાળા પડિહારો કરવા?

ઉ૦ નવાં રચવાતાં સમોસરણમાં **સમોસરણ સ્તોત્ર** અનુસારે પડિહારોના રૂપો બનાવવા અને દરેક બારણે **बीए देवीजुअला** એ પદ ઉપલક્ષણમાં સમજવાથી બે પડિહારના રૂપો સરખા શસ્ત્રવાળા હોય છે. એમ સમજાય છે. ॥ ૧–૫–૮–૩૦ ॥

પ્ર૦ "ચઉદ પૂર્વીઓ જઘન્યથી પણ છઠા દેવલોકમાં ઉપજે છે." એવા અક્ષરો કયા સિદ્ધાન્તમાં છે? તે સ્પષ્ટપણે દેખાડવા કૃપા કરશો?

ઉ૦ " ચઉદ પૂર્વીઓ છઠ્ઠા દેવલોક સુધી ઉપજે છે." તેવા અક્ષરો **ભગવતીની ટીકામાં મહાબલના** અધિકારમાં છે. તેમજ, **જિનભદ્રગણિક્ષમાશ્રમણની બૃહત્સંગ્રહણી** વિગેરે ગ્રંથોમાં સ્પષ્ટ કહેલ છે.

વળી, **મહાબલ** ચઉદપૂર્વી પાંચમા દેવલોકમાં ઉપજ્યાનું લખ્યું છે, તે તો "પૂર્વોની વિસ્મરણ દશાને લીધે બન્યું છે." એમ **ઋષિમંડલની** ટીકામાં કહ્યું છે.

સિદ્ધાન્તમાં તો કોઈપણ ઠેકાણે અક્ષરો જોયાનું સ્મરણમાં નથી. ॥ ૧–૫–૯–૩૧ ॥

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્ર૦ સાગારિક અણસણ એકઃ બેઃ ત્રણઃ વિગેરે દિવસોનું કરવું હોય, તો **जइ मे हुज्ज पमाओ०** એ ગાથાથી ઉચ્ચરાવાય ? કે કોઈ બીજી રીતે ?

જો આ ગાથાથી ઉચ્ચરાવાય, તો " આહારઃ ઉપધિઃ વિગેરેનો ત્યાગ મરણબાદ થાય. " એમ આ ગાથાનો ભાવાર્થ છે. તો તે રીતિ બતાવવા કૃપા કરશો ?

ઉ૦ **अन्नथऽणाभोगेणं** ઇત્યાદિક આગારોએ કરી જણે આહાર વિગેરેનું પચ્ચક્ખાણ કરેલું હોય, તેને આ ગાથાથી અણસણ કરાવાય છે. એમ જાણવામાં છે. પરંતુ—એકલી એ ગાથાથીજ કરાવાતું નથી.

આની સવિસ્તર હકીકત **શ્રાદ્ધવિધિ ટીકામાં રાત્રિના કૃત્યના** અધિકારમાં છે. ॥ ૧–૫–૧૦–૩૨ ॥

પ્ર૦ દેરાસર વિગેરેના ખર્ચને માટે ઘરઃ ક્ષેત્રઃ વાડીઃ વિગેરે જે ચાલુ સ્થિતિમાં હોય તે દેરાસર વિગેરેની નિશ્રાએ અર્પણ કરી દેવામાં આવે, તે વ્યાજબી મનાય. પણ નવીન ક્ષેત્ર વિગેરે તેની નિશ્રાએ બનાવવામાં આવે, તે કેવી રીતે વ્યાજબી ગણાય ? " એમ કેટલાક પ્રશ્ન પુછે છે, માટે તેનો ઉત્તર આપવા જો કોઇ ગ્રંથમાં તેવી બાબત કહેલી હોય, તો તે જણાવવા કૃપા કરશો ?

ઉ૦ ચાલુ ક્ષેત્રઃ ઘરઃ વાડી. વિગેરે દેરાસર વિગેરેને અર્પણ કરાય છે, તેમ કારણ હોય તો નવીન ક્ષેત્રઃ ઘરઃ વાડીઃ વિગેરે બનાવવા પડે, તેમાં દ્રવ્યઃ ક્ષેત્રઃ કાલઃ ભાવઃની વિચારણાએ અનુચિત લાગતું નથી.

જેમ જુના પાષાણઃ ઈંટઃ વિગેરેના અભાવે ઇંટો વિગેરે નવાં બનાવાય છે, તેમ આમાં પણ સમજવું. કેમકે—**શ્રી શત્રુંજય**

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**મહાત્મ્યમાં** કહ્યું છે, કે-"**ભરત ચક્રવર્તિએ** વાર્દ્ધકિરત્ન પાસે અનેક તળાવ અને વનશ્રેણિઓએ વિભૂષિત શ્રી **આદીશ્વર ભગવાનનો** મહાન્ પ્રાસાદ કરાવ્યો." અને તે જ ગ્રંથમાં-"તે તે નદીઓ અને કુંડો ઇંદ્રાદિક દેવોએ કરાવ્યા." એવો સ્પષ્ટ ઉલ્લેખ મળે છે. ॥ ૧-૫-૧૧-૩૩ ॥

**પ્ર૦** શ્રાવિકા મૂળવિધિએ ઉપધાન કરતી હોય, તો તેના અસ્વાધ્યાયના (અંતરાયના) ત્રણ દીવસ સંબંધી તપઃ તથા પવેણું: ગણતરીમાં આવે કે નહિ? પહેલાં તો-" તપ ગણતરીમાં આવે નહિ." એમ સાંભળેલ છે, તેથી પ્રશ્ન પુછ્યો છે.

**ઉ૦**-"અસ્વાધ્યાય-અંતરાય સંબંધી ત્રણ દીવસનું તપઃ તથા પવેણું: નકામું જતું નથી." એમ **વૃદ્ધવાદ** ચાલ્યો આવે છે. માટે સોળમે દીવસે વાચના અપાય છે. વાચના બાદ ત્રણ પોસહ કરાવાય છે. તેમાં પવેણાની ક્રિયા કરાવાતી નથી. ॥ ૧-૫-૧૨-૩૪ ॥

**પ્ર૦-સૌધર્મ** વિગેરે દેવલોકોમાં દરેક પાથડે [ પ્રતરે ] તમામ વિમાનોના આધારભૂત એક ભૂમિ હોય કે નહિ?

**ઉ૦** "તમામ વિમાનોના આધારભૂત એક ભૂમિ હોતી નથી." એમ સમજાય છે. કેમકે-**ભગવતીજી** વિગેરે સૂત્રોમાં **પૃથિવીના** પ્રશ્નમાં **રત્નપ્રભા** પૃથિવીથી લઇ **સિદ્ધશિલા** સુધી આઠજ પૃથ્વીઓ બતાવી છે, અધિક કહી નથી. ॥૧-૫-૧૩-૩૫॥

**પ્ર૦** ઠાણાંગ સૂત્રના **પાંચમા અધ્યયનના બીજા ઉદ્દેશામાં** **राइभोयणं भुंजमाणे** એ પદની **ટીકામાં दिवा गृहीतम् दिवा भुक्तम्ः** આ ભાંગામાં રાત્રિભોજનપણું રાતવાસી પદાર્થ વાપરવાથી ઘટે? કે કોઇ બીજી રીતે ઘટે?



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉ૦ રાત્રિભોજનની ચોભંગીમાં **दिवागृहीतम्-दिवाभुक्तम्ः** આ ભાંગાનું રાત્રિભોજનપણું રાતવાસી પદાર્થ વાપરવાથી છે, કેમકે,–**દશવૈકાલિકની ટીકામાં** શ્રી હરિભદ્રસૂરિએ અને **પક્ખી સૂત્રની ટીકામાં સન્નિધિ પરિભોગના** અધિકારમાં એ પ્રમાણે કહ્યું છે. ॥ ૧–૫–૧૪–૩૬ ॥

પ્ર૦ મનુષ્ય અથવા પશુ દેવલોકમાં ઉપજે, તેને પ્રાયઃ કરીને પૂર્વભવના નામથી ઓળખાવવામાં આવે છે, તેનું શું કારણ? દેવલોકમાં દેવોના શાશ્વતા નામ નથી હોતા ?

ઉ૦ દેવલોકમાં જન્મેલાઓને પૂર્વભવના નામોથી દેખાડવામાં અહીંના લોકોને સરળતાથી સમજાવી શકાય છે. નહિંતર, દેવલોકમાં પણ વિમાન–આસન–વિગેરેના શાશ્વત નામો સંભવે છે જ. ॥ ૧–૫–૧૫–૩૭ ॥

પ્ર૦ **યોગવિધિના** છેલ્લા ભાગમાં લખ્યું છે કે–"**પ્રાભાતિકકાલ વૈરાત્રિકકાલ**ઃના સ્થાનમાં સ્થપાય છે." તો આ સ્થાપન **આકસંધિ** વિગેરે કારણો હોય, તો સ્થપાય કે બીજા કારણો હોય ત્યારે ?

ઉ૦ **વૈરાત્રિકકાલના** સ્થાનમાં **પ્રાભાતિક કાલ** જે સ્થપાય છે, તે **આકસંધિ** વિગેરે કારણો હોય, અને ગુરૂમહારાજા આજ્ઞા ફરમાવે, તો–તેમ કરવું સુજે છે. **યોગવિધિ** વિગેરે ગ્રંથમાં તે પ્રમાણેજ બતાવ્યું છે. ॥ ૧–૫–૧૬–૩૮ ॥

પ્ર૦ "પોતાના આયુષ્યના છ માસ બાકી રહે ત્યારે આવતા ભવનું આયુષ્ય દેવોએ અને નારકોએ પણ બાંધવું જોઇયે, છતાં તે વખતે આયુષ બાંધ્યું ન હોય, ને છમાસને ત્યાં સુધી ઘટાડયા જાય ? કે–છેવટ સર્વ જઘન્ય આયુષ્ય બંધ કાલ (જે અંતમુહુર્તનો હોય તે) તથા શેષકાલ (અંતમુહુર્તનો) બાકી રહે, તે વખતે

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બાંધે. તેથી ઓછો કાલ આયુષ્યબંધમાં હોય નહિ." એમ **ઠાણાંગ** સૂત્રના **છઠ્ઠા અધ્યયનની ટીકામાં** છેવટમાં કહ્યું છે.

પરંતુ **बंधंति देव-नारय असंख-तिरि-नरा छ-मास-सेसाउ** દેવઃ નારકીઃ અસંખ્યાતા આયુષ્યવાળા તિર્યંચઃ અને મનુષ્યોઃ પોતાના આયુષ્યના છ માસ બાકી રહે, ત્યારે આયુષ્ય બાંધે. તેમની સાથે ઠાણાંગટીકાનું ઉપરનું વચન કેવી રીતે બંધ બેસતું આવશે?

ઉ૦ **बंघन्ति देवनारय० इत्यादिवचनम्**—આ વચન પ્રાયિક છે. તેથી કેટલાક દેવ નારકીઓ પોતાના ભવનો અંતર્મુહૂર્તકાલ બાકી રહે, ત્યારે આવતા ભવનું આયુષ્ય બાંધે છે. તે **મતાન્તર** હોવાથી વિસંવાદ આવતો નથી. ॥ ૧–૫–૧૭–૩૯ ॥

પ્ર૦ **પન્નવણા સૂત્રના ત્રીજા પદમાં ભવસિદ્ધિ દ્વારમાં** બતાવ્યું છે કે—" અભવ્યો કરતાં ભવ્યજીવો અનન્તગુણા છે." કેમકે—એક ભવ્ય નિગોદમાં જીવની જે સંખ્યા હોય, તેના અનન્તમા ભાગે સિદ્ધના જીવો હોય, અને **भव्य-जीव-राशि-निगोदाश्चासंख्येया लोके**–"લોકમાં ભવ્ય જીવરાશિના નિગોદો અસંખ્યાતા હોય." આ વચનમાં નિગોદનું **ભવ્ય** એવું વિશેષણ આપ્યું છે. તેથી લોકમાં કેવળ ભવ્ય જીવોની ભરેલી નિગોદો હોય, તો–કેવળ અભવ્ય જીવોની ભરેલી નિગોદ પણ લોકમાં હોય કે નહિ ?

ઉ૦ નિગોદનું **ભવ્ય** એવું જે વિશેષણ આપ્યું છે, તે ભવ્ય જીવોની પ્રધાનતા બતાવવા માટે છે. તેથી તેજ નિગોદમાં અભવ્ય જીવોનો પણ સમાવેશ થઇ જાય છે. પરંતુ લોકમાં ભવ્ય તથા અભવ્ય જીવોની જુદી જુદી નિગોદો કહેલી નથી. ॥ ૧–૫–૧૮–૪૦ ॥

**પ્ર૦ "ઇશાન–સૌધર્મ–જ્યોતિષચક્ર–વ્યન્તરનિકાય–અસુર–**

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**કુમાર** આદિ દરેક નિકાયમાં દેવા કરતાં દેવીઓ બત્રીશગુણી અને બત્રીશરૂપ અધિક છે, " એમ **પન્નવણામાં મહાદંડકમાં** કહ્યું છે.

બીજા ઠેકાણે તો:—

**तिगुणा तिरूवअहिआ.** ત્રણગુણી ત્રણરૂપ અધિક કહી છે. તેથી આ બંને બાબતનો મેળ કેવી રીતે થાય ?

વળી **પન્નવણાસૂત્રમાં સનત્કુમાર** આદિ દેવા કરતાં દેવીઓનું અધિકપણું બતાવ્યું નથી.

ઉ૦ **ઇશાન** વિગેરે દેવલોકમાં દેવોની અપેક્ષાએ જે દેવીઓ બત્રીશગુણીઃ બત્રીશરૂપ અધિકઃ કહી છે, તે **ઇશાન** વિગેરે દેવલોકના દેવોને ભોગ્ય દેવીઓની અપેક્ષાએ જાણવું. તેથી તેમાં અધિક પણ દેવીઓ સંભવે છે. અને તે દેવીઓ સનત્કુમાર વિગેરે દેવોની અપેક્ષાએ બત્રીશગુણીઃ બત્રીશરૂપ અધિકઃ છે.

માટે **પન્નવણાસૂત્ર** તથા **तिगुणतिरूप–अहिआ** એ બન્નેનો ભાવાર્થ જુદો પડતો નથી. ॥ ૧–૫–૧૯–૪૧ ॥

પ્ર૦ જિનકલ્પીઓ એકાવતારી હોય, એવી ચાલતી વાત સત્ય છે કે અસત્ય ? તથા–તેઓ વસ્ત્રરહિત છતાં નગ્ન દેખાય નહિ, એવો પાઠ કોઇ ગ્રંથમાં હોય તો દેખાડવા કૃપા કરશો ?

ઉ૦ જિનકલ્પીઓ એકાવતારી હોય એવો પ્રઘોષઃ તથા વસ્ત્રરહિત છતાં નગ્નપણું ન દેખાયઃ તેવો પાઠ કોઇ ગ્રંથમાં દેખ્યો હોય, તેમ સ્મરણમાં નથી. ॥ ૧–૫–૨૦–૪૨ ॥

પ્ર૦ ઉત્તર વૈક્રિય શરીરનું માપ લાખ યોજનથી કાંઇક અધિક કહ્યું

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે. પરંતુ તે યોજનો કરનારના આત્માંગુલ પ્રમાણે કે ઉત્સેધાંગુલ પ્રમાણે કે પ્રમાણાંગુલ પ્રમાણે સમજવા ?

ઉ૦ ઉત્તરવૈક્રિય શરીર ઉત્સેધાંગુલે અથવા આત્માંગુલે અથવા પ્રમાણાંગુલે પોતાની શક્તિ અનુસારે થાય, તેમાં કોઇપણ જાતનો આગ્રહ નથી. ॥ ૧-૫-૨૧-૪૩ ॥

પ્ર૦ **આવશ્યક હારિભદ્રીયવૃત્તિમાં પહેલા શ્લોકમાં શ્રી હરિભદ્રસૂરીશ્વરજીએ શ્રુતદેવતાને** નમસ્કાર કરેલ છે, તે શું સાધુને ઉચિત ગણાય ?

અહીં "શ્રુતરૂપ દેવતાને નમસ્કાર કર્યો છે. એમ કહી શકાશે નહિ, કેમકે **પ્રતિક્રમણગર્ભહેતુમાં** શ્રુતદેવતાને દેવીરૂપે જણાવેલી છે.

ઉ૦ જ્ઞાનરૂપે શ્રુતજ્ઞાન મોક્ષનું કારણ છે, તેથી શ્રુતજ્ઞાનની અધિષ્ઠાત્રી દેવીનું પણ ઠેક ઠેકાણે સ્મરણ વિગેરે કરી તેણીને પણ કર્મક્ષયનું કારણ તરીકે બતાવેલ છે. માટે શ્રુતજ્ઞાનને પ્રાપ્ત કરાવવામાં ઉપકારી હોવાથી પૂર્વાચાર્યોએ આચરેલો શ્રુતદેવીનો નમસ્કાર આચરણા પ્રમાણરૂપ છે ॥ ૧-૫-૨૨-૪૪ ॥

પ્ર૦ જે દેવવંદન વિધિ આપણે પાંચ શક્રસ્તવોએ કરીએ છીએ, તે વિધિ કોઇ ગ્રંથમાં છે ? કે પરંપરાગત છે ? અને **પ્રવચન સારોદ્ધાર** વિગેરે ગ્રંથમાં હકીકત જુદી મળે છે, તેનું કેમ ?

ઉ૦ પાંચ શક્રસ્તવોએ કરી કરાતી કેટલીક દેવવંદનની ક્રિયા **યોગશાસ્ત્ર ટીકા તથા સંઘાચાર ટીકા આદિ** ગ્રંથોને અનુસારે કરાય છે, અને કેટલીક પરંપરાથી કરાય છે. માટે **પ્રવચન સારોદ્ધાર વિગેરે** ગ્રંથોમાં કેટલીક ભિન્નતા છે, તોપણ તે વિધિ સુવિહિત પુરુષોએ આચરેલ હોવાથી કોઈ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જાતનો તર્ક-વિતર્ક કરવાની જરૂર નથી, કેમકે-**"ગણધર મહારાજાઓની સામાચારીમાં** પણ ક્રિયાભેદ હોય." તેમ શાસ્ત્ર ફરમાવે છે. ॥ ૧-૫-૨૩-૪૫ ॥

**પ્ર૦** " એક નિગોદમાં સમયે સમયે અનન્તા જીવો પેસે છે; અને પૂર્વે પેઠેલા અનન્તા નીકળ્યા કરે છે." આવી રીતે અનન્તા સમયે સમયે ગમનાગમન કર્યા કરે, તો તે નિગોદ કેટલા કાલ સુધી ટકી શકે ?

**ઉ૦** જો **પન્નવણા ટીકા** વિગેરેમાં પ્રત્યુત્પન્ન એટલે પહેલાં ઉત્પન્ન થયેલ વનસ્પતિ જીવોનો નિર્લેપકાળ-એટલે ખાલી થઇ જવું નિષેધ્યું છે, તો સંપૂર્ણ નિગોદનું રહેવાનું કાળ પ્રમાણ કેવી રીતે કહી શકાય? અર્થાત્ કહી શકાય નહિ. ॥ ૧-૫-૨૪-૪૬ ॥

**પ્ર૦** '**तिब्बारपन्नरगारस**'-ઇત્યાદિક ગાથાના અનુસારે તપઃરૂપ પ્રાયશ્ચિત્ત-આલોયણ અપાય છે, પરંતુ આ ગાથાઓ કયા ગ્રંથમાં છે ?

**ઉ૦** **तिब्बार**-ઇત્યાદિક ગાથાઓ કોઇ ગ્રંથમાં દેખી હોય, તેમ સાંભરતું નથી. પરંતુ છૂટા પાનાઓમાં તો છે જ. અને પરંપરાથી આવેલ છે ॥ ૧-૫-૨૫-૪૭ ॥

**પ્ર૦** **वर-कनक-शङ्ख०**-આ ગાથામાં જિનેશ્વરોના પાંચ વર્ણો કહેલા છે, પરંતુ વર્તમાન જિનેશ્વરોનો સોના સરખો વર્ણ કોઇ ઠેકાણે સ્તોત્ર વિગેરેમાં લખેલો છે. તેથી તેઓનું પંચવર્ણપણું કેવી રીતે સંગત થાય ?

**ઉ૦** **वरकनक०**-આ ગાથામાં બતાવેલા તીર્થંકરોના પાંચ વર્ણો બરાબર જ છે. અને સ્તોત્ર વિગેરેમાં વર્તમાન જિનેશ્વરોનો

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સુવર્ણવર્ણ લખ્યો છે. તે હાલ વિચરતા જિનેશ્વરોની અપેક્ષાએ લખ્યો હશે, એમ સમજાય છે. કારણકે—છૂટા પાનાઓમાં તથા વિહરમાનજિન **એકવિંશતિસ્થાનક** ગ્રંથમાં **સીમંધર** વિગેરે વીશે જિનેશ્વરોનો એકજ સુવર્ણવર્ણ લખેલો દેખાય છે. ॥ ૧-૫-૨૬-૪૮ ॥

પ્ર૦ **"જિનવલ્લભસૂરિકૃત પ્રાકૃતઆલાવારૂપ દીવાળી કલ્પમાં**

**पडिमारूवो सावगधम्मो वुच्छिज्जिस्सइ**

એમ લખેલ છે," એવી વાત થાય છે, તો ત્યાંના પુસ્તક ભંડારમાંના **દીવાળીકલ્પમાં** આ પાઠ છે કે નહિ ?

ઉ૦ **જિનવલ્લભસૂરિકૃત આલાવારૂપ દીવાળીકલ્પ** અમોએ દેખ્યો નથી. પણ **જિનપ્રભસૂરિકૃત આલાવારૂપ દીવાળીકલ્પ** તો અહીં છે; અને તેમાં ઉપર લખેલો પાઠ છે. ॥ ૧-૫-૨૭-૪૯ ॥

પ્ર૦ ઉત્સર્પિણી કાળના છેલ્લા તીર્થંકરનું તીર્થ કેટલા કાળ સુધી ચાલશે ?

ઉ૦ ઉત્સર્પિણીકાળમાં છેલ્લા તીર્થંકર મહારાજનું તીર્થ "**ઋષભદેવ સ્વામિનો** જે કેવળીકાળ કહ્યો છે, તેટલા કાળ સુધી ચાલશે." એમ **ભગવતીસૂત્રના વીશમા શતકના આઠમા ઉદ્દેશામાં** કહ્યું છે. ॥ ૧-૫-૨૭-૫૦ ॥

પ્ર૦ **સિદ્ધાન્તમાં** "૨૦૦૪ યુગપ્રધાનો થશે," એમ કહ્યું છે, તો તે **યુગપ્રધાન** મહારાજ હાલ ક્યાં છે ?

ઉ૦ હાલ યુગપ્રધાન છે, તે જાણવામાં નથી અને દેખાતા પણ નથી. તેથી **ત્રીજા ઉદયના** પ્રારંભથી થશે, એમ જણાય છે. ॥ ૧-૫-૨૮-૫૧ ॥

પ્ર૦ જેણે અનન્તકાયનું પચ્ચક્ખાણ કર્યું હોય, તેને **ભૂમિકોળું** લીલું: કે તડકે સૂકવ્યા વિના સૂકાઇ ગયેલું: કલ્પે? કે **શ્રાદ્ધ-**

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**વિધિમાં** બતાવેલ સંસ્કારવાળા **આદુની** પેઠે ન કલ્પે ? કેમકે-તે વેલડીના પાંદડાજ ભૂમિથી ઉંચે દેખાય છે, અને ફળો તો ભૂમિમાં હોય છે.

ઉ૦ **ભૂમિકોળું** રૂડી પ્રકારે સૂકાઇ ગયું હોય, તો **અનન્તકાયના** પચ્ચક્ખાણ વાળાને ઔષધાદિ કારણે કલ્પે એમ વ્યવહાર દેખાય છે. પરંતુ તે **કોળું** તડકે સૂકવ્યા વિના સંપૂર્ણ શુષ્ક ન થાય. તે વાત બરાબર તો તેના સ્વરૂપના જાણકારો જાણે ॥ ૧-૫-૨૯. ૫૨ ॥

પ્ર૦ કેવળી મહારાજાઓ સમવસરણમાં તીર્થને: તીર્થંકરને: અને ગણધર મહારાજાને નમસ્કાર કરીને **કેવળીપર્ષદામાં** બેસે છે. એમ **આવશ્યકસૂત્રની ટીકા** વિગેરેમાં અને જુના ચરિત્રોમાં કહ્યું છે.

**વંદારુ-વૃત્તિમાં તો** બતાવ્યું છે કે-

**ગૌતમગણધર** સમોસરણમાં જિનેશ્વર મહારાજ સમીપે વંદન કરવા ગયા, અને તે વખતે **શાલ** વિગેરે **કેવળીપર્ષદા** તરફ ચાલ્યા, તેથી **ગૌતમસ્વામીજીએ** તેઓને કહ્યું કે-

"ભો મહાનુભાવો ! તમો ભગવાનને કેમ વંદન કરતા નથી ?"

તે વખતે ભગવાન **વીર સ્વામિએ** કહ્યું કે-"**હે ગૌતમ !** તું કેવળિઓની આશાતના ન કર."

આ પ્રકારે બે જાતના લખાણો છે, તેથી તે વિષે પૂછનારને કયો પક્ષ કહેવો ?

ઉ૦ "તીર્થંકર મહારાજાને ત્રણ પ્રદક્ષિણા કરીને અને તીર્થને નમસ્કાર કરીને કેવળી મહારાજાઓ પોતાની પર્ષદામાં જાય," તેવા ભાવાર્થવાળા અક્ષરો **આવશ્યક ટીકા** વિગેરેમાં છે. પરંતુ **વંદારુવૃત્તિમાં** તો **શાલ** વિગેરે કેવળી મહારાજાઓ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સીધાજ પોતાની પર્ષદામાં ગયા" એમ જણાવ્યું છે. તે **ચરિતાનુવાદ** છે. તેથી તે પ્રવર્તક-નિવર્તક ખાસ ગણાતો નથી. એટલે **વિધિવાદ** કહેવાતો નથી ॥ ૧-૫-૩૦-૫૩ ॥

પ્ર૦ કેટલાક ગ્રંથોમાં વરસીદાન પહેલાં **લોકાન્તિક દેવો** આવીને તીર્થંકર મહારાજાઓને દીક્ષાકાળનું સૂચન કરે છે. અને **જ્ઞાતાધર્મ કથા** સૂત્રમાં તો પહેલું સંવચ્છરી દાન, અને પછી લોકાન્તિક દેવોની વિજ્ઞપ્તિ બતાવી છે. તો આ બાબતમાં શું વિશેષ છે? તે જણાવવા કૃપા કરશો?

ઉ૦ તીર્થંકરો લોકાન્તિક દેવોની વિજ્ઞપ્તિ બાદ સાંવત્સરિક દાન આપે, અથવા સાંવત્સરિદાન પ્રથમ શરૂ થાય, અને લોકાન્તિક દેવો પછી વિજ્ઞપ્તિ કરે. એમ બન્ને પ્રકારના અક્ષરો **હારિભદ્રીય આવશ્યકની ટીકામાં મહાવીરપ્રભુના** દાનના અધિકારમાં છે ॥ ૧-૫-૩૧-૫૪ ॥

પ્ર૦ **જ્ઞાતાધર્મકથામાં** કહેલ—

**पत्तेअं पत्तेअं चउहिं सामाणिअ-सहस्सेहिं-इत्यादि परिवार:**

દરેક દરેક "ચાર હજાર સામાનિક દેવોનો પરિવાર છે, તે તમામ લોકાન્તિકને હોય? કે વિમાનના અધિપતિને હોય?" વળી સામાન્ય રીતે દેખાય છે કે-લોકાન્તિક દેવો ભગવાનને બોધ કરે છે, તેના સ્વામિઓ બોધ કરે તેમ દેખાતું નથી. તેમજ તેમના પરિવારભૂતદેવોની ભવસ્થિતિ તેઓની પેઠે હોય? કે તફાવતવાળી હોય?

ઉ૦ **જ્ઞાતાધર્મ કથામાં** બતાવેલ સામાનિકદેવ વિગેરેનો પરિવાર ૭૦૭ આદિ દરેક લોકાન્તિક દેવોનો સંભવે છે: પણ ૨૫૯

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શાસ્ત્ર અક્ષરે જોવામાં ન આવતા હોવાથી વિમાનના અધિપતિનો સંભવતો નથી.

તેમજ–લોકાન્તિકના પરિવારભૂત દેવોની ભવસ્થિતિ જુદી કહી નથી. માટે તેઓની માફક સંભવે છે. તત્ત્વ તો કેવલી મહારાજા જાણે. ॥ ૧–૫–૩૨–૫૫ ॥

પ્ર૦ કલ્પસૂત્રમાં સ્થવિરાવળીને છેડે **देवड्ढिगणिं नमंसामि०** આ ગાથા છે. તે પુસ્તકારૂઢ થયું તે વખતની છે? કે તેનાથી પૂર્વકાલની છે?

જો પુસ્તકારૂઢકાળની હોય તો **દેવર્ધિ ગણિની** કૃતિ હોવાથી પોતાને પોતે નમસ્કાર કરે, તે અનુચિત ગણાય. અને જો અન્યની કૃતિ હોય, તો સ્થવિરાવળીની તમામ ગાથાઓ બીજાઓએ બનાવેલી કેમ ન હોય? આ પ્રકારે શંકા છે. અને જો પૂર્વકાળની હોય, તો પાછળ થનારા સ્થવિરોને તેમાં નમસ્કાર કરેલો છે, તે કેમ ઉચિત ગણાય?

ઉ૦ આ ગાથા–**દેવર્ધિગણિ ક્ષમાશ્રમણના શિષ્યે** બનાવી હોય, કે પછી થયેલા કોઇ સ્થવીર ભગવંતે બનાવી હોય, એમ સંભવે છે. આ પ્રમાણે સર્વગાથા બીજાઓની બનાવેલી હોય, તેમ સંભાવના કરવાની જરૂર નથી: કેમકે–કોઈ અસંબદ્ધતા ઉભી થતી નથી.

માટે **પ્રશમરતિની** પેઠે 'સ્થિતનીજ ગતિ' ચિંતવવી. કેમકે:– તેમાં પણ છેડે કેટલીક ગાથાઓએ કરી **ઉમાસ્વાતિમહારાજાને** નમસ્કાર કરેલો દેખાય છે, તેથી તેટલીજ ગાથા કોઈ બીજાની કરેલી જાણવી. પણ "સંપૂર્ણ ગ્રંથ બીજાએ કર્યો"

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેમ મનાય નહિ. **પ્રશમરતિના** કર્તા **શ્રી ઉમાસ્વાતિ વાચક** છેઃ તે સુવિદિત છે. ॥ ૧–૫–૩૩–૫૬ ॥

પ્ર૦ "છેલ્લા દશપૂર્વધર સિદ્ધાન્તોના પાઠમાં સુસ્થતા કરે" તેવો પ્રઘોષ ચાલ્યો આવે છે, તેવા અક્ષરો કોઈ ગ્રંથમાં છે કે નહિ? જો છે, તો **ભગવતીસૂત્રમાં દેવર્દ્ધિગણીએ** બનાવેલ **નંદિ-સૂત્રની** ભલામણ કેવી રીતે ઘટે? આ બાબત કેટલાક પ્રશ્નો કરે છે, માટે ઉત્તરની કૃપા કરશો.

ઉ૦ "છેલ્લા દશપૂર્વધર સિદ્ધાંત પાઠોમાં સુસ્થતા–બંધબેસતાપણું કરે છે," આવો વૃદ્ધપુરુષોનો પ્રવાદ વર્તે છે. તે સંબંધી અક્ષરો તો **દશવકાલિક હારિભદ્રી ટીકામાં** અને **વિચારામૃત સંગ્રહમાં** છે. તેથી **ભગવતી સૂત્રમાં દેવર્દ્ધિગણિના નંદિ-સૂત્રની** ભલામણ કરી છે. તે બાબતમાં જાણવું કે–છેલા દશપૂર્વધરે તો સિદ્ધાંતપાઠોમાં સંબંધનું પરાવર્તન વિગેરે સુસ્થતા કરેલી છે, પણ સૂત્રનો સંક્ષેપતો **દેવર્ધિગણિક્ષમા-શ્રમણજીએ** કરેલો છે. એમ સંભવે છે. વિશેષ વાત તો તત્ત્વજ્ઞાની જાણે ॥ ૧–૫–૩૪–૫૭ ॥

[**શ્રીનંદિ** સૂત્રના કર્તા તો **શ્રીદેવર્ધિગણિક્ષમા શ્રમણ** કરતા જુદાજ **દેવવાચક** નામના આચાર્ય મહારાજ સંભવે છે.]

પ્ર૦ સુકાઈ ગયેલું **લસણ** સચિત્ત મનાય કે અચિત્ત?

જો અચિત્ત મનાતું હોય તો, તેવા પ્રકારના કારણ પ્રસંગે તેનું ઓસડ ઋષિવર્ગમાં કરાય કે નહિ?

ઉ૦ સુકાએલું લસણ અચિત્ત સંભવે છે, તેથી તેવા કારણે ઋષિ-વર્ગને ઓસડ કરવામાં એકાન્તે નિષેધ નથી. એમ જાણવું ॥ ૧–૫–૩૫–૫૮ ॥

પ્ર૦ **સૂક્ષ્મનિગોદ** જીવોનું સામાન્યપણે ૨૫૬ આવલીનું આયુષ કહ્યું છે, તે–સૂક્ષ્મ પર્યાપ્તાનું હોય કે અપર્યાપ્તાનું હોય? જો

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પર્યાપ્તાનું કહેશો, તો અપર્યાપ્તાનું તેથી ન્યૂન સંભવશે અને તે વાત અયુકત છે. કેમકે–શાસ્ત્રમાં ૨૫૬ આવલીકાથી ન્યૂન આયુષ કોઇનું કહ્યું નથી, અને જો અપર્યાપ્તાનું કહેશો, તો તેના કરતાં પર્યાપ્તાનું વધારે આયુષ હોય કે નહિ ?

ઉ૦ **જીવાભિગમ–પન્નવણા** વિગેરેમાં સૂક્ષ્મનિગોદ પર્યાપ્તા અને અપર્યાપ્તાનું જઘન્ય અને ઉત્કૃષ્ટ આયુષ અંતર્મુહૂર્ત કહ્યું છે. ત્યાં ક્ષુલ્લકભવગ્રહણરૂપ વિશેષણ આપ્યુંજ નથી. અને તેની **ટીકા**માં સૂક્ષ્મપર્યાપ્તાજીવના અંતર્મુહૂર્ત કરતાં અપર્યાપ્તાનું અંતર્મુહૂર્ત નાનું બતાવ્યું છે, અને **કર્મગ્રંથની ટીકા** વિગેરેમાં **ક્ષુલ્લક ભવગ્રહણ** એટલે "સર્વ કરતાં નાનું જીવતર" એમ કહેલ હોવાથી આ પ્રકારે નક્કી કરી શકાય કે–સૂક્ષ્મનિગોદ અપર્યાપ્તાનું સર્વ જઘન્ય જીવતર ૨૫૬ આવલીનું હોય, અને ઉત્કૃષ્ટથી તો તેઓનુંજ ૨૫૬ આવલીથી કાંઇક અધિક હોય. અને પર્યાપ્તા સૂક્ષ્મ નિગોદજીવોનું તો જઘન્યથી પણ અને ઉત્કૃષ્ટથી પણ અત્યંત અધિકજ હોય. આ રીતે વિચાર કરતાં પર્યાપ્ત–અપર્યાપ્ત સ્થિતિનું પ્રતિપાદન કરનાર સૂત્ર પણ બંધ બેસતું થાય છે. ॥ ૧–૫–૩૬–૫૯ ॥

પ્ર૦ વાશી–વિદલ: પોળી: વિગેરે વપરાય નહિ, આ બાબતના અક્ષરો ગ્રંથમાં હોય, તો તે બીજાઓને બતાવાય: માટે તે પાઠ બતાવવા કૃપા કરશો ?

ઉ૦ **બૃહત્કલ્પસુત્રના પાંચમા ઉદ્દેશાની ટીકામાં** છેડે કહ્યું છે કે–" વાશી પોળી વિગેરેમાં લાળીયા જીવ ઉપજે છે, તેથી તે વાશી-પોળી વિગેરે વાપરવાથી સાધુઓને સંયમ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિરાધના થાય," તે લાળ જીવમય ન હોય, તો સંયમ વિરાધના સંભવે નહિ.

માટે તે લાળ જીવમયી જણાવી છે. અને તે જીવો બેઇંદ્રિયો હોય છે. " એમ **વૃદ્ધસંપ્રદાય ચાલ્યો** આવે છે.

આ સૂત્રમાં **આદિ** શબ્દ થકી **વિદલ** વિગેરે પણ લેવાય છે. તેથી **વિદલોમાં** પણ જીવોની ઉત્પત્તિ થાય, તે નક્કી છે. ॥ ૧–૫–૩૭–૬૦ ॥

પ્ર૦ **વૈતાઢ્ય** પર્વત ઉપર વિદ્યાધરની મેખલામાં હમણાં સાધુઃ સાધ્વીઃ શ્રાવકઃ શ્રાવિકા સંભવે કે નહિ ?

ઉ૦ **વૈતાઢ્યની મેખલામાં** સાધુ વિગેરે ચાર હોય એમ સંભવે. કેમકે–આ બાબતમાં કોઇ બાધક વચન નથી. ॥ ૧–૫–૩૮–૬૧ ॥

પ્ર૦ **संथारुच्चारविहि**

આ વંદિત્તુ–સૂત્રની ગાથાની **ટીકા** વિગેરેમાં લખ્યું છે કે–

" **આવશ્યકની ટીકા** વિગેરેમાં **શ્રાવકની પાંચમી પ્રતિમાના અધિકારમાં**

**दिवैव ब्रह्मचारी, न तु रात्रौ.**

દીવસેજ બ્રહ્મચારી હોય. " પણ રાત્રિએ ન હોય."

આ પાઠ **આવશ્યકની ટીકા વિગેરેમાં** ખોળીએ છીએ, છતાં દેખાતો નથીઃ

ઉ૦ **दिअबंभयारि राई परिमाणकडे–**

દીવસે બ્રહ્મચારી હોય અને રાત્રિએ પરિમાણ કરેલું હોય. આવો પાઠ **આવશ્યક ટીકામાં** છે. ॥ ૧–૫–૩૯–૬૨ ॥

પ્ર૦ **ભગવતી સૂત્રમાં અસુરાદિકના** અધિકારમાંઃ—

**नंदिसरं दीवं पुण गया य गमिस्सन्ति.**

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



" **નંદીશ્વરદ્વીપ** ગયા છે અને જશે. "

એમ કહ્યું છે, તેમાં શો અભિપ્રાય છે? કેમકે-અસંખ્યાતમે દ્વીપે તેઓનું અવસ્થાન છે, અને **જંબૂદ્વીપમાં** આવવાનું કહ્યું છે.

ઉ૦ આ વચન નિયમભૂત સંભવે છે, કે-"**અસુરકુમારાદિક** દેવો તીર્થંકર મહારાજાના કલ્યાણકના ઉત્સવ નિમિત્તે **નંદીશ્વર દ્વીપ** સુધીજ જાય, આગળ ન જાય."

પરંતુ અહીં આવતાં જતાં તે તે નજીક દ્વીપોમાં તેઓનું ગમનાડડ ગમન સંભવે છે, પણ તેની આમાં વિવક્ષા કરી નથી. ॥ ૧-૫-૪૦-૬૩ ॥

પ્ર૦ **चंदे चंदे अभिवड्ढिएअ** ઇત્યાદિક **ચંદ્રવર્ષ-ચંદ્રવર્ષ-અભિવર્ધિત.** વિગેરે પાંચ વર્ષનો એક યુગ થાય. તે યુગનું હમણા કયું વર્ષ ચાલી રહ્યું છે? તે જાણી શકાય?

ઉ૦ હમણાં ત્રીજું **અભિવર્ધિત** વર્ષ ચાલતું જણાય છે. તે નીચે પ્રમાણે-**કલ્પસૂત્ર** વિગેરેમાં **શ્રી મહાવીર પ્રભુનું** નિર્વાણ બીજા ચંદ્ર વર્ષમાં કહ્યું છે.

વર્ષ: **શ્રાવણ** વદી ૧ થી શરૂ થાય.

કેમકે-**જ્યોતિષ કરંડક પયન્નામાં** કહ્યું છે કે-

યુગની આદિ **શ્રાવણ** વદી ૧: **બાલવ** કરણ: અને **અભીચિનક્ષત્ર:માં પ્રથમ સમયે** થાય."

માટે તમામ યુગોનો આદિભૂત માસ **શ્રાવણજ** સંભવે છે, તેથી-તેના અવયવભૂત સંવત્સરનું પણ આદિપણું **શ્રાવણથી** થાય, તે ઘટે છે. તેથી **વીર નિર્વાણ** સંવત્ સંબંધી **શ્રાવણ** માસથી આરંભ ગણવામાં ચાર સંવત્સરોએ યુગ સમાપ્ત થાય. તે વાર પછી પાંચ પાંચ વર્ષોએ એક યુગ થાય,

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેવી ગણતરીથી ૪૨૬ યુગો વ્યતીત થયા અને **વિક્રમસંવત્** ૧૬૬૪ વ્યતીત થયા. તે પછી પણ બે **ચંદ્રસંવત્સરો** ગયા:

આ પ્રમાણે–ગત **શ્રાવણ માસથી** ત્રીજો **અભિવર્ધિત સંવત્સર** પ્રવર્તમાન છે.

વિચાર કરતાં આ વાત બરાબર લાગે છે.

પરંતુ "યુગના મધ્યમાં **પોષ** માસજ વધે" એમ કહ્યું છે, તો આ વરસમાં **આષાઢ** માસ કેમ વધ્યો છે ?

તો જાણવું કે–**લૌકિક ટીપણાના** અનુસારે વધ્યો છે. કેમકે–તેમાં માસની વૃદ્ધિ અનિયમિત છે. માટે શંકા કરવા જેવી નથી. આ પ્રશ્નનું ખરું સ્વરૂપ તો સર્વજ્ઞ મહારાજા જાણે. ॥ ૧–૫–૪૧–૬૪ ॥

પ્ર૦ **યોગશાસ્ત્રની ટીકામાં વસુરાજાના** અધિકારમાં ચારણશ્રમણોનું ગમનાગમન રાત્રિએ લખ્યું છે, તેથી **ચારણ શ્રમણો** રાત્રિએ આકાશમાં જા–આવ કરે ?

ઉ૦ **ચારણ શ્રમણો** આકાશમાં રાત્રિએ ગમનાગમન કરે છે, **પાર્શ્વનાથ ચરિત્રમાં** પણ તે પ્રમાણે છે. ॥૧–૫–૪૨–૬૫॥

પ્ર૦ **સિદ્ધશિલા** ઉપર સિદ્ધસિવાયના જીવો હોય કે નહિ ? જો હોય, તો તે કયા ?

ઉ૦ **સિદ્ધશિલા** ઉપર સિદ્ધ સિવાય એકેન્દ્રિય જીવો હોય છે. ॥ ૧–૫–૪૩–૬૬ ॥

પ્ર૦ **ગંગાનદી** છઠ્ઠે આરે રથમાર્ગપ્રમાણ થશે કે નહિ ?

ઉ૦ "**ગંગા નદી** રથમાર્ગ જેટલી ટુંકી થશે, અને બીજી ૧૪ હજાર નદીઓ ભૂમિ ઘણીજ ઉષ્ણ થવાથી શોષાઇ જશે." એમ **જંબૂદ્વીપપન્નત્તિની ટીકામાં** કહ્યું છે. ॥૧–૫–૪૪–૬૭॥

પ્ર૦ **જંબૂદ્વીપમાં** ચઉદલાખ છપ્પન હજાર નદીઓની ગણતરી

For Private and Personal Use Only

બતાવી છે, પરંતુ **મહાવિદેહની** વિજયોને ભેદનારી ૭ નદીઓ તથા દરેક **વૈતાઢય મધ્યે ઉન્મગ્ના અને નિમગ્ના** નામની નદીઓ છે, તે સંખ્યામાં કેમ ગણી નથી?

ઉ૦ આમાં **પૂર્વાચાર્યોની** વિવક્ષા જ પ્રમાણ છે. **જંબૂદ્વીપ સંગ્રહણીકારે** તો સત્તર લાખથી અધિક નદીઓની સંખ્યા **જંબૂદ્વીપમાં** બતાવી છે. ॥ ૧-૫-૪૫-૬૮ ॥

પ્ર૦ **अस्तंगते दिवानाथे०**

"સૂર્ય અસ્ત થયે છતે પાણી રૂધિર તુલ્ય ગણાય. અને અનાજ માંસતુલ્ય ગણાય."

એમ આ શ્લોકમાં કહ્યું છે, તે વાત **જિનાગમમાં** કોઇ ઠેકાણે છે કે નહિ ?

ઉ૦ આ વાત પુરાણમાં કહી છે. આપણી નથી. **જિનાગમમાં** તો રાત્રિભોજનનો દોષ આથી પણ વધારે કહ્યો છે ॥ ૧-૫-૪૬. ૬૯ ॥

પ્ર૦ ચોવીશ દંડકમાં **ભવનપતિના** દશ દંડક ગણ્યા, અને **બીજા વ્યન્તર** વિગેરેના એક એક દંડક ગણ્યા, તેનું શું કારણ ?

ઉ૦ આમાં **સૂત્રકારની** વિવક્ષા જ કારણ છે. ॥૧-૫-૪૭. ૭૦॥

પ્ર૦ કેવળ **નંદીસૂત્રના યોગ** કર્યા હોય, તે સાધુ દેવવંદનની ક્રિયા કરાવે, તો તે સુઝે કે નહિ ?

ઉ૦ **યોગોદ્વહનની** ક્રિયામાં **કેવળ નંદીસૂત્રના યોગવાળો** દેવવંદન કરાવે, તો કલ્પે છે. પણ **ઉપધાનની** ક્રિયામાં કલ્પી શકે નહિ ॥ ૧-૫-૪૮. ૭૧ ॥

પ્ર૦ **દેવસિયપડિક્કમણામાં** દેવવંદન પછી ચાર ખમાસમણા દેવાય છે; તેમાં **भगवान्हं** પદમાં ભગવાન્ શબ્દનો શો અર્થ ?

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કેટલાકો "**તીર્થંકર**" એવો અર્થ કરે છે. બીજાઓ **ધર્માચાર્ય** અર્થ કરે છે. ત્યારે કોઈક "દેવવંદન પછી ચાર **ખમાસમણાથી ગુરુ મહારાજાને** વાંદે" એમ **પ્રતિક્રમણ ગર્ભહેતુ ગ્રંથ**માં કહ્યા પ્રમાણે "ગુરુ જ વંદાયછે. જેની પાસે પ્રતિક્રમણ વિગેરે ક્રિયા કરાય, તે ગુરુ મનાય." એમ બોલે છે.

આમાં કયો પક્ષ ન્યાય યુક્ત છે?

**ઉ૦** **પહેલે ખમાસમણે તીર્થંકર** અને **ધર્માચાર્ય**ને સંબોધીને વંદન કરાય છે. ॥ ૧-૫-૪૯-૭૨ ॥

**પ્ર૦** અહોરાત્રિ પોસહ કરનાર શ્રાવક બીજા દીવસે પ્રભાતના પ્રતિક્રમણમાં **બેસણું** વિગેરે પચ્ચક્ખાણ કરે છે, તે પ્રમાણે- **દેશાવગાસિકનું** પચ્ચક્ખાણ કેમ ન કરી શકે?

જો એમ કહો કે-"તેને સાવદ્યવ્યાપારનું પચ્ચક્ખાણ હોવાથી દેશાવગાસિકનું પચ્ચક્ખાણ ન કરી શકે" તો સામાયિકમાં રહેલો મનુષ્ય કરે છે, તે કેવી રીતે કરી શકે?

**ઉ૦** આ બાબતમાં ચાલી આવતી **અવિચ્છિન્ન વૃદ્ધ પુરુષોની પરંપરા** જ પ્રમાણ છે. પણ કોઇ ગ્રંથના અક્ષરોનો ટેકો જોવામાં નથી. ॥ ૧-૫-૫૦-૭૩ ॥

**પ્ર૦** **जइआ य होइ पुच्छा जिणाण मग्गंमि उत्तरं तइआ ॥**
**इक्कस्स निगोअस्स य अणंतभागो अ सिद्धिगओ ॥१॥**

"જ્યારે પુછવામાં આવે ત્યારે, જિનમાર્ગમાં ઉત્તર દેવામાં આવે કે 'એક નિગોદનો અણંતમો ભાગ સિદ્ધ થયો છે.'"

આ વચન બાદર નિગોદની અપેક્ષાએ સમજવું? કે સૂક્ષ્મનિગોદની અપેક્ષાએ સમજવું?

સૂક્ષ્મનિગોદની અપેક્ષાએ પણ સાંવ્યાવહારિક સૂક્ષ્મનિગોદની અપેક્ષા લઇએ, તો વ્યવહાર રાશિમાં આવેલા, પણ કેટ-



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લાક જીવો કોઈ કાળે પણ-મુક્તિમાં જવાના નથી. તેથી મોટી અસંગતિ થાય છે, તે કેવી રીતે દૂર થાય?

ઉ૦ "એક નિગોદનો અનન્તમો ભાગ સિદ્ધ થયો છે." આ વચન સામાન્યથી છે. પણ સૂક્ષ્મ અથવા બાદર નિગોદની વહેંચણની દૃષ્ટિથી નથી. પરંતુ બન્નેય પ્રકારે કોઈ વિરોધ આવતો નથી. કેમકે-વ્યવહાર રાશિમાં આવેલા બધા જીવો મોક્ષમાં જાય, તેવો નિયમ નથી. તેથી તમોએ ઉપજાવેલી અસંગતિને અવકાશ નથી. ॥ ૧-૫-૫૧-૭૪ ॥

પ્ર૦ દ્વિવિધઃ ત્રિવિધઃ ઇત્યાદિ પાઠનો ઉચ્ચાર કરી, સામાયિક કરતાં શ્રાવકને પાપવ્યાપારનું કરવું: કરાવવું: બંધ થાય, પરંતુ અનુમોદનઃ બંધ થતું નથી. તો સામાયિકમાં રહેલો શ્રાવક મનઃ વચનઃ કાયાઃના યોગો પૈકી કોઇપણ યોગે પાપવ્યાપારને અનુમોદે, તો સામાયિક ભાંગે કે નહિ?

ઉ૦ સામાયિકવાળો શ્રાવક મનઃવચનઃકાયાઃએ કરી પાપ વ્યાપારને અનુમોદી રહ્યો હોય, તો પણ સામાયિકનો ભંગ થતો નથી. કેમકે-તેણે અનુમોદનનું પચ્ચક્ખાણ કર્યું નથી, તેમ છતાં પણ જો અનુમોદન ન કરે તો મહાન્ લાભ મેળવે છે. ॥ ૧-૫ -૫૨-૭૫ ॥

પ્ર૦ છ માસના યોગ વિગેરેમાં દત્તિનું પચ્ચખ્ખાણ કરાવાય છે, તેમાં—

**सपाणभोयणं पंचदत्तिअं आयंबिलं पच्चक्खाइ**

એમ કહેવું? કે—

**सपाणभोयणं पंचदत्तिअं एकासणं पच्चक्खाइ**

એમ કહેવું?

ઉ૦ **सपाणभोयणं पंचदत्तिअं पच्चक्खाइ** આવા પ્રકારે પચ્ચ-

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ફખાણ **ગુરુ પરંપરાએ** ઉચ્ચારાતું જણાય છે. પણ બીજી રીતિએ નહિં. ॥ ૧–૫–૫૩–૭૬ ॥

પ્ર૦ **ગાંગેયભાંગાની** ચારેય ગતિની અપેક્ષાએ સર્વ સંખ્યાઃ અને આ રીતિએ તેઓનો "આ લાખમો ભેદ છેઃ" તે બંન્નેય બાબતો જણાવવા કૃપા કરશો.

ઉ૦ નરક ગતિમાં સર્વ પ્રવેશનકોમાં અસાંયોગિક સાત ભાંગાને, અને **રત્નપ્રભા** વિગેરેમાં દ્વિકઃ વિગેરે સંબંધી ભાંગાઓએ કરી દ્વિપ્રવેશનક વિગેરેમાં દ્વિકાદિ સંયોગોને, ગણીને અનુક્રમે આવેલ ભાંગાને એક કરી તમામ સરવાળો કરવો, પરંતુ દરેક પ્રવેશનકપ્રતિ ભિન્ન ભિન્ન સરવાળો આવે છે. પ્રવેશનક ભંગ સંબંધ તો સંભવતો નથી, એમ જણાય છે. અને આ પ્રમાણે બીજી ત્રણે ગતિને આશ્રયીને પણ જે સંભવે, તે જાણવું.

બીજું, આ વિષયનું **ભગવતીસૂત્રમાં** કે–ટીકામાં કરણ બતાવ્યું નથી. તેથી " આ લાખમો ભાંગો " તેમ સ્પષ્ટ લખી શકાતું નથી. ॥ ૧–૫–૫૪–૭૭ ॥

પ્ર૦ **अन्ने बिंति इगेणं** ઇત્યાદિ **ભાષ્યની** ગાથાની **અવચૂર્ણિમાં** ત્રણ ગાથા છે, તેનો અર્થ જણાવવા કૃપા કરશો ?

ઉ૦ "**ચૈત્યવંદનમાં** એક **નમુત્થુણં** અને બે **નમુત્થુણં** સુખેથી સમજી શકાય છે, " એમ મનમાં ધારીને **નમુત્થુણં** ત્રણ " વિગેરેને પ્રતિપાદન કરનાર ત્રણ ગાથા **અવચૂરિમાં** કહી છે. તેનો આ અર્થ છેઃ–

ઇરિયાવહિયા પહેલાં અથવા પ્રણિધાનને અંતે શક્રસ્તવ કહેતાં અથવા બીજા ચૈત્યવંદનને અંતે નમુત્થુણ કહેતાં ત્રણ નમુત્થુણં થાય છે.

અહીં એકવાર દેવવંદન સંબંધી બે નમુત્થુણં ત્રણેય પક્ષમાં

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જોડવાના પ્રસિદ્ધ હોવાથી, ગાથામાં સંગ્રહીત કર્યાં નથી.

હવે, એકવાર દેવવંદનમાં બે નમુત્થુણં કહેવાય અને પહેલાં તથા પછવાડે કહેવાય, એમ ચાર નમુત્થુણં થાય છે, અથવા દેવવંદનમાં ત્રણ અને પહેલાં અથવા પછવાડે એક નમુત્થુણં. એમ ચાર નમુત્થુણં થાય છે. ॥ ૧-૫-૫૫-૭૮ ॥

પ્ર૦ **શ્રી વજ્રસેનના શિષ્ય ચંદ્રસૂરિ** વિગેરે **સ્થવિરાવલીમાં** કેમ કહ્યા નથી ? બીજા શિષ્યો તો કહ્યા છેઃ તે આપણી **પટ્ટાવલીમાં** નથી, તેનું શું કારણ ? અને તેની પરંપરા કેવી રીતે મળે ?

ઉ૦ જ્યારે **માથુરી** અને **વલ્લભી** એમ બે વાચના થઇ, ત્યારે **સ્થવિરાવલીનો** પણ પાઠ ભેદ થયો હોય એમ સંભવે છે. તેથી કોઈક વાચનામાં **વજ્રસેનસૂરિના** શિષ્ય **ચંદ્રસૂરિ** વિગેરે કહ્યા હશે, અને કોઈકમાં કહ્યા નહિ હોયઃ

તો પણ, પરંપરા ત્રુટતી નથી, કેમકે–આપણી **પટ્ટાવલીના** અનુક્રમે, પૂર્વાચાર્યોએ પોતાના ગ્રંથોમાં તે તે આચાર્યોના નામો લખેલા છે. અને તે પૂર્વાચાર્યો બહુશ્રુત હોવાથી પૂર્વાપર ગ્રંથોને વિચાર્યા શિવાય લખે નહિ. ॥ ૧-૫-૫૬-૭૯ ॥

## ૬.

# મહોપાધ્યાય શ્રી ભાનુચન્દ્રગણિના પ્રશ્નોત્તરો.

પ્ર૦ સાંજની પડિલેહણમાં છેલ્લે ઓઘો પડિલેહે છે, અને પ્રભાતમાં પહેલો પડિલેહે છે, તેનું શું કારણ ?

ઉ૦ **ઓઘનિર્યુક્તિ** અને **યતિદિન ચર્યા** વિગેરેમાં તેમ કરવા કહેલું છે, તેજ કારણ છે. ॥ ૧-૬-૧-૮૦ ॥

પ્ર૦ જે શ્રાવકને પહેલું ઉપધાન કર્યાં બાર વરસ થઈ ગયા, અને બીજું

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉપધાન કર્યાં કાંઇક ન્યૂન હોય, તો તે શ્રાવક પ્હેલું ઉપધાન ફરી વહન કરે ? કે–બીજું પણ ફરી વહે ?

ઉ૦ જો મનની સમાધિ રહે, તો બંને ફરી વહન કરે, તેમ ન હોય, તો જેના બાર વરસ થઈ ગયા હોય તે ફરી વહન કરે. ॥ ૧–૬–૨–૮૧ ॥

પ્ર૦ પ્રભાત સમયે સ્થાપનાચાર્યની જોળી, સ્થાપનાચાર્યની પ્હેલાં પડિલેહવી, અને સાંજે પછી પડિલેહવી, તેનું કારણ શું ?

ઉ૦ સ્થાપનાચાર્યની જોળી પ્રભાતે કે સાંજે પહેલી કે પછી પડિલેવામાં શાસ્ત્રમાં કાંઇ નિયમ નથી ॥ ૧–૬–૩–૮૨ ॥

પ્ર૦ ચાર ઉપધાન વહેવા બાદ માળારોપણ કેટલા કાળમાં કરી લેવું જોઇએ ?

ઉ૦ મુખ્ય રીતિએ પહેલા ઉપધાનમાં પ્રવેશ કર્યો હોય, ત્યાંથી બાર વર્ષ ઓળંગી જાય, તો ચારે ઉપધાન જાય છે; તેથી બાર વર્ષ પહેલાં માળારોપણ કરી લેવું. ॥ ૧–૬–૪–૮૩ ॥

પ્ર૦ ચક્રવર્તિને રાજ્યાભિષેક થયા બાદ પુત્ર થાય કે નહિ ?

ઉ૦ "રાજ્યાભિષેક થયા બાદ ચક્રવર્તિને પુત્ર થાય છે," એમ **શ્રી અજીતનાથપ્રભુના ચરિત્ર** વિગેરેમાં કહ્યું છે ॥ ૧–૬–૫–૮૪ ॥

પ્ર૦ એક સમયમાં કેટલા તીર્થંકર મોક્ષે જાય ?

ઉ૦ ઉત્કૃષ્ટથી એક સમયમાં ચાર તીર્થંકરો સિદ્ધિપદને પામે છે. એમ **સિદ્ધપંચાશિકા** વિગેરેમાં કહ્યું છે. ॥ ૧–૬–૬–૮૫ ॥

૭.

## ઉપાધ્યાય શ્રી વિવેકહર્ષગણિના પ્રશ્નોત્તરો.

પ્ર૦ રાત્રિભોજનના પચ્ચક્ખાણીને અન્ન વિગેરેમાં—

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**रात्रिसिद्ध-दिवाभुक्तादि**

" રાત્રિએ બનેલ અને દીવસે ખાધેલું વિગેરે "

ચૌભંગીમાં ત્રણ ભાંગા વર્જિત છે. તે પ્રમાણે સુખડી પ્રમુખ પક્વાન્નમાં વર્જિત ખરાં કે નહિ ?

જો " વર્જિત છે." એમ કહો, તો પક્વાન્નમાં તેવો વ્યવહાર હજુ સુધી નથી, તેનું શું કારણ ?

અને " વર્જિત નથી " એમ કહો, તો આરંભ તો સરખો હોવાથી અન્નાદિમાં વર્જ્ય છે, અને પક્વાન્નમાં કેમ વર્જિત નથી ?

" પાણીની લીલાશ પક્વાન્નમાં નથી. માટે દૂષણ નથી. પક્વાન્ન એક માસ વિગેરે કાળ સુધી અભક્ષ્ય થતું નથી."

એમ કહો તો રાત્રિવાસી કરંભા વિગેરે "જો રાત્રિએ બનાવ્યા હોય, તો અકલ્પ્ય છે." એવો વ્યવહાર કેમ રાખો છો ?

તેથી અન્ન અને પક્વાન્ન રાત્રિએ બનેલાં હોય, તેમાં એક-વર્જ્યઃ અને બીજું-અવર્જ્યઃ આવો ભેદ હૃદયને શંકાકુળ બનાવે છે.

ઉ૦ " **रात्रिसिद्ध-दिवाभुक्त** " **इत्यादि**

આવી ચૌભંગી શાસ્ત્રમાં કોઇ ઠેકાણે જોઇ નથી. તેથી રાત્રિભોજનના પચ્ચક્ખાણ વાળાને તે કેવી રીતે છાંડવા લાયક હોય, અને પક્વાન્નનું દૃષ્ટાંત પણ કેવી રીતે ઘટે ? તે પોતે સ્વયં વિચારી લેવું.

પણ રાત્રિએ રાંધવામાં મહાન્ આરંભ થાય છે. તેથી શ્રાવકોએ સ્વશક્તિ પ્રમાણે તે વર્જવું. પણ રાત્રિભોજનના પચ્ચક્ખાણના ભંગના ભયથી નહિ. વળી સાધુને આશ્રયીને

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**दिवागृहित-रात्रिभुक्त**

વિગેરે ચૌભંગી કહી છે, પણ તે શ્રાવકને આશ્રયીને નથી. તે પણ સમજી લેવું. ॥ ૧-૭-૧-૮૬ ॥

પ્ર૦ સંધાનમાં [અથાણાં વિગેરેમાં] નાંખેલ લીલા લિંબુ વિગેરેની લીલાશ કેમ દૂર થાય ?

ઉ૦ ક્ષારમાં નાંખેલ લીલા લિંબુ વિગેરેનો વર્ણ: રસ: ગંધ: વિગેરે ફરી જાય છે, તેથી ત્રણ તડકા ખવરાવ્યા શિવાય પણ લીલાપણાનો અભાવ થાય છે. એમ વૃદ્ધવ્યવહારછે. ॥૧-૭-૨-૮૭॥

પ્ર૦ **પદ્મચરિત્રમાં લક્ષ્મણ ચોથી નરક પૃથ્વીમાં** ગયા, અને **પરમાધામિની** વેદના છેલ્લા દશમા પર્વમાં-

**सो अग्गिकुंडमज्झाओ**

ઈત્યાદિક ગાથામાં બતાવી, તે વાત:

**तिसु परमाहम्मिअकयावि**

" ત્રણ નરકમાં પરમાધામિની વેદના પણ છે: "

એવા **સંગ્રહણીના** પાઠ સાથે કેવી રીતે બંધ બેસતી આવે ?

ઉ૦ **तिसु परमाहम्मिअकयावि**

આવું **સંગ્રહણીનું** વચન પ્રાયિક સમજવું. તેથી કોઇ અયુક્તતા જણાતી નથી ॥ ૧-૭-૩-૮૮ ॥

પ્ર૦ **પદ્મચરિત્રમાં** "માતાનો રથયાત્રાનો અભિગ્રહ પૂર્ણ નથવાથી દુ:ખિતચિત્તે નીકળી ગએલ અને તાપસના આશ્રમાં રહેલ **જન્મેજયરાજાની પુત્રી મદનાવલીનો** અનુરાગી થયેલ." વિગેરે તમામ ચરિત્ર **હરિષેણચક્રીનું** કહ્યું છે: અને **ઉત્તરાધ્યયનની**

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**ટીકા** તથા **શ્રાદ્ધવિધિ** વિગેરેમાં તે ચરિત્ર **મહાપદ્મનું** કહ્યું છે. તેથી આ બંન્નેયની સંગતિ કેમ થાય ?

વિચાર કરતાં તો " તેણે કરાવેલ પ્રાસાદના દર્શનથી **રાવણને હરિષેણચક્રીનું** સમીપપણું સંગત થાય છે." પણ બીજા પક્ષમાં ઘણા ગ્રંથોની સંમતિ મળે છે. તેથી ઘણી શંકા ઉત્પન્ન થાય છે. માટે તેનું કેમ ?

ઉ૦ આ બાબતમાં મતાંતર જણાય છે. ॥ ૧–૭–૪–૮૯ ॥

પ્ર૦ **પાણ્ડવચરિત્રમાં કૃષ્ણનો** જન્મ આસો સુદી આઠમે કહ્યો છે, અને **નેમિનાથચરિત્રમાં** તથા **લોકોક્તિમાં** શ્રાવણ વદી ૮ બતાવી છે, માટે બે વાતનો મેળ કેમ મળે ?

ઉ૦ આમાં પણ મતાન્તર જાણવું. ॥ ૧–૭–૫–૯૦ ॥

પ્ર૦ **પાંડવચરિત્રમાં જરાસંઘનો** સેનાની **હીરણ્યનાભને ભીમે** માર્યો છે, અને **હેમચંદ્રીયનેમિચરિત્રમાં અનાધૃષ્ટિ** સેનાનીએ તેને માર્યો છે, તે વાત કેમ મલે ?

ઉ૦ આમાં પણ મતાન્તર જાણવું. ॥ ૧–૭–૬–૯૧ ॥

પ્ર૦ " વર્તમાન તમામ ઇંદ્રો એકાવતારી છે. " એમ પ્રવાદ ચાલે છે, અને **પદ્મચરિત્રમાં સીતા ઇંદ્રના** આ ભવથી–જુદા ત્રણ ભવો કહ્યા છે, તેનું શું કારણ ?

ઉ૦ " વર્તમાન તમામ ઇંદ્રો એકાવતારી છે જ " એવા અક્ષરો અમે જોયા નથી. ॥ ૧–૭–૮–૯૨ ॥

પ્ર૦ **પાંડવચરિત્રમાં સોલમા સર્ગના ૧૮ મા શ્લોકમાં**

**छेकेभ्यः तादृशा स्त्रियः**

આ પદમાં **तादृशा** આ શબ્દમાં **आप्** પ્રત્યય કેમ કર્યો છે ? કેમકે **टक्** પ્રત્યયથી તે રૂપ બનેલું છે, માટે ઇપ્ પ્રત્યય કરવો જોઇએ ?

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉ૦ **टक्** પ્રત્યયથી બનેલને **इप्** પ્રત્યયજ આવે. પરંતુ અહીં **तादृश्** એ શબ્દ **क्विपन्त** છે. તેથી **ભાગુરિ આચાર્ય**ના મતે **आप्** આવવાથી રૂપ બન્યું છે. માટે કોઈ દોષ નથી. ॥ ૧–૭ –૮–૯૩ ॥

પ્ર૦ ધોળા અને રાતા સૈન્ધવના અચિત્તપણામાં ભેદ કેમ રખાય છે ?

ઉ૦ **શ્રાદ્ધવિધિમાં** કહ્યું છે, કે–"જો રાતા તથા ધોળા સૈન્ધવનું એક ઉત્પત્તિસ્થાન હોય, તો બંન્નેયનું **સચિત્તપણું** સમાનજ ગણાય. પરંતુ–આચારણાએ ધોળા સૈન્ધવને અચિત્તપણાનો વ્યવહાર છે. રાતાને નથી, તેમજ–રાતા ધોળાનું એકજ ઉત્પત્તિ સ્થાન હોય, તેવો નિયમ જાણ્યો નથી. કેમકે–રાતાને નજીકની ખાણમાં ઉપજવાનો સંભવ છે ॥ ૧–૭–૯–૯૪ ॥

પ્ર૦ દેરાસરમાં જિનેશ્વરની સમક્ષ કપાળમાં તિલક કરતાં પડદો આડો કરવો કે નહિ ?

ઉ૦ "પડદા વિના તિલક ન કરાય" તેવા અક્ષરો જોયા નથી. ॥ ૧–૭–૧૦–૯૫ ॥

પ્ર૦ પ્રતિક્રમણમાં વાંદણાના અવસરે શ્રાવકોએ મુહપત્તિ શુદ્ધભૂમિમાં મૂકી વાંદણા દેવા ? કે કટાસણા ઉપર મૂકીને દેવા ?

ઉ૦ પ્રતિક્રમણમાં શ્રાવકો મહુપત્તિ શુદ્ધભૂમિમાં મૂકે અથવા ચરવળા ઉપર મૂકે, બીજે નહિ. એમ વિધિ છે. ॥ ૧–૭–૧૧ –૯૬ ॥

પ્ર૦ કાંજીનું જળ અભક્ષ્ય છે, માટે ઉપવાસીને કેવી રીતે કલ્પે ?

ઉ૦ જેનું બીજું નામ **આરનાલ** છે, તે કાંજીજલઃ તેમાં જો દરરોજ ઉનું ઓસામણ નંખાતું હોય, તો અભક્ષ્ય થતું નથી. તેથી ઉપવાસી સાધુને શુદ્ધ ઉષ્ણ જલ ન મળતું હોય, તો

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સૂત્રમાં બતાવેલ હોવાથી કલ્પે છે. પણ રાઇ વિગેરેના સંસ્કાર વાળું હોય, તો ન કલ્પે. આ પ્રમાણે ઓસામણ પણ સૂત્રોક્ત હોવાથી કલ્પે છે. તેનું આહારપણું તો થતું નથી. કેમકે–તેવો અભિપ્રાય નથી. ॥ ૧–૭–૧૨–૯૭ ॥

પ્ર૦ **तेणंताती अद्धा अणागयद्धा अनंतगुणा**

આ ગાથાએ કરી "અતીતકાલ કરતાં ભવિષ્યકાળ અનંતગુણો છે."

અને **ભગવતી** સૂત્રમાં " ગયેલા કાલ કરતાં આવતો કાલ સમય અધિક કહેલ છે. " તે કેવી રીતે ?

ઉ૦ **ભગવતીટીકામાં બારમા શતકના બીજા ઉદ્દેશામાં જયન્તીના પ્રશ્નમાં** બતાવ્યું કે–

" **હે જયન્તી !** અતીત અને અનાગત આ બંન્નેય કાળ તુલ્ય છે" આ વચને બંન્નેયનું તુલ્યપણું છતાં, **નવતત્ત્વમાં** " અતીત કાલ કરતાં ભવિષ્ય કાલ અનન્ત ગુણો છે " એમ કહેલ છે. **તે મતાન્તરે:** એમ સમજાય છે.

**સૂત્રમાં** ભવિષ્યકાળનું સમયાધિકપણું કહ્યું, તે વર્તમાન સમયની અપેક્ષાએ કહેલ છે. તેની અપેક્ષા ન કરીએ, તો તે બંન્નેય કાળ તુલ્ય છે. હવે આમાં તુલ્યપણાની યુક્તિ અને અનાગતની અનન્તગુણપણાની યુક્તિઃ તે તે ગ્રંથોથીજ જાણી લેવી. ૧–૭–૧૩–૯૮

પ્ર૦ **નિશીથચર્ણિ:આવશ્યકચૂર્ણિ અને પર્યુષણાકલ્પચર્ણિ:** ક્યારે બની ? કોણે બનાવી ? અને તે આચાર્યો કેટલું શ્રુતજ્ઞાન ધરાવતા હતા ?

ઉ૦ **આ ચૂર્ણિઓમાં નિશીથચૂર્ણિના કર્તા જિનદાસ મહત્તર** છે, એમ તેના છેલ્લા ભાગમાં કહ્યું છે. બીજી **ચૂર્ણિઓના**

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કર્તાનું નામ જોવામાં આવતું નથી. તેમજ કયા કાળે બનાવી? તે પણ જાણવામાં આવ્યું નથી. ॥ ૧–૭–૧૪–૯૯ ॥

પ્ર૦ **નિશીથચૂર્ણિ** વિગેરેના પ્રામાણિકપણામાં

**' निक्खोभा निक्कंपा '** ઇત્યાદિક

**સમવાયાંગટીકાનો** એક દેશજ શરણ છે? કે બીજું કાંઈ છે?

ઉ૦ **નિશીથચૂર્ણિ** વિગેરેનું પ્રામાણિકપણું તો નિઃશંકપણે સિદ્ધ છે, કેમકે–ઘણા ગ્રંથોમાં સાક્ષી છે. ॥ ૧–૭–૧૫–૧૦૦ ॥

પ્ર૦ **વ્યવહારચૂલિયાના** કર્તા કોણ છે?

ઉ૦ " **વ્યવહારચૂલિકા** કોણે બનાવી? " તે જાણવામાં નથીઃ ॥ ૧–૭–૧૬–૧૦૧ ॥

પ્ર૦ **उदयंमि जा तिही सा पमाणमियराइ कीरमाणीए ।**
**आणा--भंगोऽणवत्था मिच्छत्त-विराहणं पावे ॥ १ ॥**

"સૂર્યોદય વખતે જે તિથી વર્તતી હોય, તેને આખો દીવસ માનવીઃ જો તેમ કરવામાં ન આવે, તો આજ્ઞા ભંગઃ અનવસ્થાઃ મિથ્યાત્વઃ અને વિરાધનાઃ દોષો પ્રાપ્ત થાયઃ "

આ **વૃદ્ધસામાચારીની** ગાથા [ મૂલ નિયમ ] છે. અને

**क्षये तिथिः पूर्वा कार्या, वृद्धौ कार्या तथोत्तरा ॥**

"પર્વ[તિથિ]નો ક્ષય આવે ત્યારે, જે પૂર્વ [સામાન્ય તિથિ] હોય, તેને [પર્વતિથિ] કરવીઃ અને [ પર્વ તિથિની ] વૃદ્ધિ હોય, તો [પહેલી છોડી] બીજી [પર્વ તિથિ] કરવીઃ

આ **ઉમાસ્વાતિવાચકજીનું** વચન[આપવાદિક નિયમ]છે. આ બંન્નેય બાબતોને જે ન માનતા હોય, તેને બલાત્કારે કરીને પણ મનાવવામાં કોઇ અન્ય યુક્તિ છે? કે નહિ?

ઉ૦ આ બંન્નેય પ્રામાણિક બાબતોને મનાવવામાં **શ્રાદ્ધવિધિ ગ્રંથ** અને **સુવિહિત પુરુષોની સતત ચાલી આવતી પરંપરા**

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રમાણભૂત તરીકે જાણવામાં છે. તેમજ--

" સૂર્યોદય સમયે જે અલ્પ પણ તિથિ હોય, તે સંપૂર્ણ જાણી, તે દીવસે પાળવી. પણ—સૂર્યોદય વખતે ન હોય અને પછી ઘણી હોય, તે માનવી નહિઃ" એમ **પારાશરસ્મૃતિ** વિગેરેમાં પણ કહ્યું છે. ॥ ૧-૭-૧૭-૧૦૨ ॥

પ્ર૦ **ભગવતીજીમાં** શ્રાવકોને પંદર કર્માદાનનો નિષેધ બતાવ્યો છે, તો તેનું સેવન કલ્પે ? કે નહિ ?

ઉ૦ શ્રાવકોને પંદર કર્માદાનનો નિષેધ મૂળ નિયમ છે, પણ અપવાદપદે તો જેની છોડી શકવાની શક્તિ ન હોય, તો તે **શકટાલ** વિગેરેની પેઠે તે કરે પણ છે. ॥ ૧-૭-૧૮-૧૦૩ ॥

૮

# ઉપાધ્યાય શ્રી વિજયરાજગણિના પ્રશ્નોત્તરો

પ્ર૦ સંભોગ કરવાને ઇચ્છતા **શક્ર** વિગેરે દેવો દેવીઓ સાથે મૈથુન ક્રીડા દેવલોકના વિમાનમાં કરે ? કે બહાર કરે ?

ઉ૦"**શક્ર** વિગેરે દેવો દેવલોકમાં પોતપોતાની **સુધર્મસભામાં** દેવીઓ સાથે કામભોગ કરતા નથી. કેમકે-તેમાં રહેલા **માણવક સ્તંભના** દાબડામાં રહેલ **શ્રી જિનેશ્વરોની** દાઢાઓની આશાતના થાય" આ અભિપ્રાય **ભગવતી દશમા શતકના પાંચમા ઉદ્દેશામાં** છે, તે સૂચક હોવાથી **સિદ્ધાયતનને** છોડી બીજે સ્થાનકે કામ ભોગ કરે છે, એમ સંભવે છે. ॥ ૧-૮-૧-૧૦૪ ॥

પ્ર૦ **ઉત્તરાધ્યયનના પ્રથમ અધ્યયનમાં उर्ध्वरथिक** શબ્દ રૂઢ છે ? કે યૌગિક છે ?

ઉ૦ **उर्ध्वरथिक** શબ્દ અન્વર્થવ્યુત્પત્તિ-રહિત હોવાથી **હૈમવ્યાકરણના** મતે રૂઢ છે. અને

**नाम च धातुजं**

" ધાતુ થકી નામ બને છે.—"

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવા **શાકટાયનના** મતે સર્વનામ મધ્યે પડેલ હોવાથી **યૌગિક** પણ છે. અને તેનો અર્થ **ભિક્ષુક** હોવાનો જણાય છે. ૧-૮-૨-૧૦૫

પ્ર૦ **દ્રુમપત્રક** અધ્યયનમાં **आजंजवीभाव** શબ્દ છે, તેનો અર્થ જણાવવા કૃપા કરશો ?

ઉ૦ **આજંજવીભાવ** શબ્દનો અર્થ "**સતતપણે થવું**" એવો અર્થ **સિદ્ધાન્ત વિષમપદપર્યાય** પુસ્તકમાં છે. **લિંગાનુશાસન વિવરણમાં** તો સંસારના પર્યાય તરીકે જોવામાં આવ્યો છે. ૧-૮-૩-૧૦૬

૯

# ઉપાધ્યાય શ્રી ધર્મવિજયગણિના પ્રશ્નોત્તરો

પ્ર૦ તીર્થંકર દેવોના પૂર્વભવની સંખ્યા પહેલવહેલાં સમકિત પામ્યા ત્યારથી ગણવી? કે પાછળના સમકિત માત્રની અપેક્ષાએ ગણવી?

જો " પ્રથમ સમકિતથી ગણવી " એમ કહો, તો **ઋષભદેવના** ૧૩ ભવ કેવી રીતે ઘટે ? કેમકે-**યુગાદિદેવને ધનાસાર્થવાહના** ભવથી પહેલાં પ્રથમ સમકિતનો લાભ થયો છે, તે પછી અનન્તકાળ ગયો છે. એમ ન હોત, તો એક સમયમાં ઉત્કૃષ્ટ અવગાહનાવાળા ૧૦૮ સિદ્ધ થાય, તેમાં ભગવાનને ગણ્યા ન હોત. કેમકે-**નંદિસૂત્રની** ટીકામાં ઉત્કૃષ્ટદ્વારમાં કહ્યું છે કે-

"જેઓને સમકિત થકી પડયા અનન્તો કાળ થયો હોય, તેવા સિદ્ધ થાય, તો એક સમયે ૧૦૮ થાય; સંખ્યાતો કાળ પડયાને થયો હોય, તે દશ દશ એક સમયમાં સિદ્ધ થાય. અને જેઓ સમકિત થકી પડયા ન હોય, તે ચાર સિદ્ધ થાય. **यदुक्तं—**

**जेसिमणंतो कालो पडिवाओ होइ। तेसि अट्ठसयं**
**अपडिवडिए चउरो, दसगं दसगं च सेसाणं ॥१॥**

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



"જેઓને સમકિત થકી પડયાને અનન્તકાળ થયો હોય, તેઓ સમયમાં ૧૦૮ સિદ્ધ થાય, અને જે સમકિત થકી પડયા જ ન હોય, તે ચાર સિધ્ધે અને બાકીના ૧૦-૧૦ સિદ્ધ થાય:"

જો બીજો પક્ષ કહો, તો-**ઋષભદેવ સ્વામી** તથા બીજા તીર્થંકરોને પણ બતાવેલ જ ભવની સંખ્યા ક્યાંથી થાય? કેમકે--વચગાલામાં પણ સમકિતનું વમન અને પ્રાપ્તિ થયેલ છે.

ઉ० **समत्तपढमलंभो बोधव्वो वद्धमाणस्स—**

**આવશ્યક નિર્યુક્તિના** આ વચનને અનુસારે **વીર ભગવાનની** તથા તેમની સદૃશ હોવાથી બીજા તીર્થંકરોની પણ ભવગણતરી પ્રથમ સમકિતની પ્રાપ્તિની અપેક્ષાએ જણાય છે. પરંતુ **ઋષભદેવની** સિદ્ધિને આશ્રયીને જે વિવાદ ખડો કર્યો છે, તે--**નિરુપક્રમ આયુષ્યવાળા બાહુબળીને** પણ ૭ લાખ પૂર્વ આયુષ સંકોચાણું છે, તેની પેઠે એક સમયમાં ઉત્કૃષ્ટ અવગાહનાવાળા ૧૦૮ સિદ્ધ થાય, તેમાં ભગવાનને ગણ્યા, તે **આશ્ચર્યમાં** સમાતું હોવાથી, દૂર થાય છે--માટે બધું બરાબર છે.

॥ ૧-૮-૧--૧૦૭॥

પ્ર० તીર્થંકરોની માતા ચઉદ સ્વપ્નમાંના દશમા સ્વપ્નામાં પદ્મ સરોવર જુએ છે, તે પદ્મોએ સૂચિત એવા પદ્મ સરોવરને દેખે, કે અન્યદ્વીપમાં કોઇ ઠેકાણે તેવા નામવાળું સરોવર હોય, તેને દેખે?

ઉ० "પદ્મોએ કરી ઓળખાતું પદ્મ સરોવર" એવી વ્યાખ્યા કરી છે. માટે તે જુએ. અન્યદ્વીપોમાં તે નામનું સરોવર નથી. ॥ ૧-૯-૨-૧૦૮ ॥

પ્ર० **સ્થૂલભદ્રસ્વામીએ કોશ્યાના** ઘરના આહાર પાણી લીધા હતા, એવો **જનપ્રવાહ** ચાલે છે, પરંતુ તે **જનપ્રવાહનું** કારણ **શય્યાતરપીંડ કેમ** ન ગણાય?

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉ० **આગમવ્યવહારિ** ગુરુદેવની આજ્ઞાથી **સ્થૂલભદ્રસ્વામિનું કોશ્યાના** ઘરમાં રહેવું જેમ અનુચિત નથી, તેમ **શય્યાતર-** પીંડ લીધો, તે પણ અનુચિત. ન ગણાય. કેમકે--તે **આગમ-વ્યવહારી પુરુષો અતિશયજ્ઞાની** હોવાથી ત્રણેય કાલમાં હિતકારી હોય તે સર્વની વિચારીનેજ આજ્ઞા આપે છે ॥ ૧-૯--૩-૧૦૯ ॥

પ્ર० **પન્નવણાના પહેલા પદમાં** પ્રશ્ન છે કે–

ઉરપરિસર્પ–સ્થલચર-પંચેદ્રિયતિર્યંચ કયા કહેવાય ?

ઉત્તર આપે છે કે–

તેના ચાર પ્રકાર કહેલા છેઃ તે આ પ્રમાણે–સર્પઃ અજગરઃ આસાલિઆઃ અને મહોરગઃ ઇત્યાદિ

આમાં **આસાલિયાનું** ઉરપરિસર્પપણું જણાવ્યું, અને તે પછીના સૂત્રમાંજ તે **આસાલિયાનું** સ્વરૂપ પૂછયું, તેના ઉત્ત-રમાં-તે **આસાલિયાનું** શરીર જઘન્યથી-અંગુલનો અસંખ્યા-તમો ભાગઃ અને ઉત્કૃષ્ટથી-બાર યોજનઃ બતાવ્યું, તે કેવી રીતે ઘટે ?

કેમકે તેનાજ **એકવીસમા અવગાહના પદમાં** સમૂચ્છિમ ઉરઃપરિસર્પનું ઉત્કૃષ્ટથી--૨ થી ૯ યોજન સુધીનું શરીર બતાવ્યું છે, અને **ઉપસંહારમાં** પણ કહ્યું છે કે–"આ પકારે ઔધિક અને ગર્ભજ પર્યાપ્તા ઉરઃપરિ સર્પનું ૧૦૦૦ યોજન શરીરઃ અને સંમૂચ્છિમનું યોજન પૃથક્ત્વ શરીરઃ છે. ઇત્યાદિ

ઉ० **અવગાહના પદમાં** ઉરઃપરિસર્પનું ઉત્કૃષ્ટથી યોજન પૃથક્ત્વ શરીર બતાવ્યું છે. તે પ્રાયિક જણાય છે, તેથી **ચક્રવર્તિના** સૈન્યનો વિનાશ આવે છે, ત્યારે તે કોઈક વખતે ઉત્પન્ન થનાર **આસાલિયાનું** શરીર બાર યોજનનું જુદુ કહેતાં વિરોધ આવતો નથી.

અથવા **યોજનપૃથક્ત્વ** પદમાં **પૃથક્ત્વ શબ્દ** અતિ વાચી

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે, તેથી એકવચન છતાં બહુવચન ગણીને બે આદિ પૃથક્ત્વ જાણવા. તેથી કોઇ અસંગતિ થશે નહિ. એમ અમારી સંભાવના છે. તત્ત્વતો સર્વજ્ઞ મહારાજા જાણેઃ આ પ્રકારે **સૂત્રમાં** એક વચન છતાં બહુ પૃથક્ત્વ ગ્રહણ કરવાની વ્યાખ્યા **સંગ્રહણીવૃત્તિકારે** પણ કરેલી છે. ॥ ૧-૯-૪-૧૧૦ ॥

પ્ર૦ તે બાર યોજન કયા અંગુલના માપના લેવા ?

ઉ૦ તે યોજનો **આત્માંગુલના** માપે જાણવા. કેમકે--ભિન્ન ભિન્ન કાળમાં થનાર ચક્રવર્તિ વિગેરેના સૈન્યના પડાવના યોજનો અને **આસાલિયાના** દેહ માનના યોજનો સરખી રીતે બંધ બેસતા થાય. ॥ ૧-૯-૫-૧૧૧ ॥

પ્ર૦ **સ્થાપનાચાર્ય** પાસે જેમ પ્રતિક્રમણ વિગેરે ક્રિયાઓ કરાય છે, તેમ જિનબિંબ પાસે તમામ ક્રિયા કરવી કલ્પે ? કે કાંઇ તફાવત છે ?

ઉ૦ કાંઇ તફાવત જાણ્યો નથી. પરંતુ તે ક્રિયાઓનું કરવું તે અવસર–ઘટતુંજ હોવું જોઇએ. ॥ ૧-૯-૬-૧૧૨ ॥

પ્ર૦ જેઓ **પરપક્ષિઓ** એટલે **અન્યગચ્છીય** હોય, તેમાં ચારિત્ર હોય કે નહિ ?

ઉ૦ **અન્યગચ્છીય** સાધુઓને ભગવાનની આજ્ઞા વિરુદ્ધ કરવાપણું હોવાથી ભાવચારિત્રનો અભાવ છે. પરંતુ નિશ્ચય સ્વરૂપ તો કેવલિગમ્ય છે. ॥ ૧-૯-૭-૧૧૩ ॥

પ્ર૦ **નિર્યુક્તિના કર્તા પૂર્વધર** હોય કે **અન્ય** હોય ?

ઉ૦ **નિર્યુક્તિ કરનારા** ચૌદ પૂર્વધરો હોય છે, એમ જણાય છે. ॥ ૧-૯-૮-૧૧૪ ॥

પ્ર૦ **ત્રાયત્રિંશદ્દેવો** અને **સામાનિકદેવો ઇંદ્રના** વિમાનમાં રહે છે ? કે જુદા વિમાનમાં રહે છે ?

ઉ૦ **तायत्तीसाण उ कंचणाइं सामाणिआण सयकंता पत्तेअ विमाणा दक्खिणेण कप्पेसु तिसु होंति**

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



"પૂજ્ય સમાનં ત્રાયત્રિંશદ્ દેવોના કાન્તિમય વિમાનો અને ઇંદ્રતુલ્ય રૂપઃ આયુષઃ વિગેરે ગુણવાળા સામાનિક દેવોના **શતકાન્તરત્નમય** વિમાનો, દક્ષિણ દીશામાં રહેલા **સૌધર્મઃ સનત્કુમારઃ** અને **બ્રહ્મદેવલોકઃ**માં દરેક દરેકના હોય છે" એમ **દેવેન્દ્રઃ નરકેન્દ્રઃ ગ્રંથની ટીકામાં** કહ્યું છે. તેથી તે બંન્નેયના વિમાનો ઇંદ્રિ વિમાનથી જુદા હોય છે. ॥ ૧-૯-૯-૧૧૫ ॥

**પ્ર૦** જઘન્યથી–૨૯ આંકડે ગર્ભજ મનુષ્યો કહ્યાં છે, તેમાં એક પણ આંકડાનો વધારો થાય કે ? નહિ ?

**ઉ૦** **ચોથા કર્મગ્રંથમાં—**

**अहक्खाय सुहुम केवल–इत्यादि**–ગાથાની **વ્યાખ્યામાં** જે ૨૯ આંકડા લખ્યા છે, તે પ્રમાણે જઘન્યથી ગર્ભજ મનુષ્ય હોય છે, તેમાં એકપણ આંકડો આધક થાય નહિ. એમ તાત્પર્ય છે. ॥ ૧-૯-૧૦-૧૧૬ ॥

**પ્ર૦** **ચક્રવર્તિના ચક્ર** વિગેરે સાત રત્નો એક જીવમય હોય ? કે અસંખ્યાત જીવમય હોય ? અને તે જીવોની આગતિ કહી, તે એક જીવને આશ્રયીને ? કે અનેક જીવોને આશ્રીયીને હોય?

**ઉ૦** **ચક્રવર્તિના** સાત રત્નોમાં અસંખ્યાત જીવ હોય. કેમકે— દેખાતા પૃથ્વીના એક કકડામાં પણ અસંખ્યાત જીવો હોય છે, તેમજ તેઓની આગતિ પણ અસંખ્યાત જીવોને આશ્રયીને હોય, એમ સંભવે છે. ॥ ૧-૯-૧૧-૧૧૭ ॥

**પ્ર૦** **संभिन्नलोकनालिं पासंति–इत्यादिक**માં–**સંભિન્ન**નો અર્થ **પૂર્ણ** થાય ? કે **કાંઇક ઉન** થાય?

**ઉ૦** મુખ્યપણે **સંભિન્ન**નો અર્થ **કાંઇક ઉણું** એવો થાય છે, પરંતુ કોઈક ઠેકાણે **પૂર્ણ વાચી** બતાવ્યો છે. તેમાં કાંઇક ઉણાની

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિવક્ષા કરી નથી. માટે ત્યાં પણ કાંઈક ઉણા અર્થમાંજ જાણવો. ॥ ૧-૯-૧૨-૧૧૮ ॥

પ્ર૦ નારકીનું અવધિજ્ઞાન એક યોજનનું હોય છે, તે યોજન કયા અંગુલથી લેવો ? —

ઉ૦ દેવોની પેઠે નારકીને પણ અવધિજ્ઞાનવિષયક યોજન **પ્રમાણાંગુલથી** બનેલો લેવો. ॥ ૧-૯-૧૩-૧૧૯ ॥

પ્ર૦ સાધુપણામાં—અંતે શરીર વિગેરે વોસિરાવ્યાનું પચ્ચક્ખાણ કર્યું હોય, મરી ગયા બાદ મહાવ્રતોના નિયમની પેઠે તે જાય? કે રહે?

ઉ૦ મહાવ્રતોના પચ્ચક્ખ્ખાણ માફક તે નિયમ રહેતો નથી, પરંતુ પૂર્વ શરીર વોસરાવ્યું હોવાથી મર્યા બાદ અવિરતિ—ક્રિયા તો લાગતી નથી. ॥ ૧-૯-૧૪-૧૨૦ ॥

પ્ર૦ **રાયપસેણીયમાં સૂર્યાભના** વિમાનમાં અનેક પક્ષીઓ તથા ભમરા વિગેરે જીવો કહ્યા છે, અને **સ્થાનપદમાં** તેનો નિષેધ કરેલો છે, માટે આમાં ખરું સ્વરૂપ શું છે?

ઉ૦ **રાયપસેણીયમાં સૂર્યાભવિમાનમાં** ભમરા આદિ કહેલા છે, તે પૃથ્વીની બનેલી તેવી આકૃતિ સ્વરૂપ જાણવા, પણ ત્રસ જીવો નહિ, અને **સ્થાનપદમાં** તો નિષધ કરેલ છે, તે ત્રસ જીવનો કર્યો છે. પણ પૃથ્વી પરિણામ રૂપનો નહિં. ॥ ૧-૯-૧૫-૧૨૧ ॥

પ્ર૦ દ્રવ્યલિંગી પોતાની મેળે પાપથી ડરી મહાવ્રતોની ક્રિયા પાળવા મંડી જાય, તો આરાધક થાય? કે નહિ?

ઉ૦ દ્રવ્યલિંગી જો ગુરુ વિગેરે સામગ્રીના અભાવે પોતાની મેળે સમજી મહાવ્રતી થઈ વિચરે, તો આરાધક થાય. પણ છતી સામગ્રીએ આલોયણ વિગેરે કરી મહા વ્રત ઉચ્ચરે નહિ, તો આરાધક થાય નહિ. ॥ ૧-૯-૧૬-૧૨૨ ॥

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્ર૦ માંસ વિગેરેમાં અને છાશના સંયોગે કઠોળમાં જીવો ઉપજવાનું કહ્યું. તે જીવો બેઇંદ્રીય ઉપજે ? કે અન્ય ઉપજે ?

ઉ૦ " માંસ વિગેરેમાં તે યોનિ રૂપ નિગોદ જીવો ઉપજે. " એમ **યોગશાસ્ત્ર ટીકા વિગેરેમાં** કહ્યું છે, અને **નિગોદજીવો** એકેન્દ્રિય સંભવે છે.

**ઉપદેશમાલા ટીકા** વિગેરેમાં "સંમૂર્છિમપંચેન્દ્રિય જીવો પણ ઉપજે" એમ કહ્યું છે.

તથા " વિદલમાં છાશ વિગેરેના યોગે ત્રસ જીવો ઉપજે," એમ **શ્રાદ્ધ પ્રતિક્રમણની ટીકામાં કહ્યું છે.**

તેથી તે જીવો બેઇન્દ્રિય સંભવે છે—કેમકે-આમાં દહિં પણ લીધું છે, તેથી. ॥ ૧-૯-૧૭-૧૨૩ ॥

પ્ર૦ **અઢીદ્વીપની** બહાર કોઈક ઠેકાણે રાત્રિજ હોય, અને કોઈ ઠેકાણે દીવસજ હોય, ત્યાં કાલપચ્ચક્ખાણ તથા રાત્રિભોજન પચ્ચક્ખાણ હોય કે નહિ ?

ઉ૦ **મનુષ્યલોકની** બહાર નવકારશી વિગેરે પચ્ચક્ખાણ તથા રાત્રિભોજન પચ્ચક્ખાણ અહીંના કાળનું રૂડું જ્ઞાન ધરાવતો હોય, તો તેને હોઈ શકે. જો તેવું જ્ઞાન ન હોય તો, સંકેત પચ્ચક્ખાણ કરે. ॥ ૧-૯-૧૮-૧૨૪ ॥

પ્ર૦ **શય્યા** અને **સંથારામાં** કાંઈ તફાવત ખરો કે નહી ?

ઉ૦ સર્વ શરીર પ્રમાણ હોય તે **શય્યા** કહેવાય, અને અઢી હાથ પ્રમાણ હોય, તે **સંથારો** કહેવાય.

અથવા—**શય્યા** તેજ **સંથારો.** આ વ્યુત્પત્તિથી—**આચારાંગ ટીકા** અનુસારે એ બે એકજ પણ કહેવાય. ॥૧-૯-૧૯-૧૨૫॥

પ્ર૦ **पुव्वसिज्जायरी जयंती—**

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ વાક્યમાં **પૂર્વસજ્જાયરીનો** શો અર્થ ?

ઉ० " નવીન આવેલ સાધુ વિગેરે પ્રથમ **જયન્તી** પાસે વસતિની માંગણી કરે, કેમકે–વસતિ આપનાર તરીકે તે પ્રસિદ્ધ છે, માટે **પૂર્વ શય્યાતરી** કહેવાય." એમ **ભગવતી ટીકાના** અનુસારે જાણવું. ॥ ૧-૯-૨૦-૧૨૬ ॥

**પ્ર०** જિનેશ્વરોના અવધિજ્ઞાન સરખાં હોય, કે વધતાં–ઓચ્છાં હોય?

ઉ० જે જિનેશ્વર જ્યાંથી આવી ઉપજ્યા હોય, તેમને તે સ્થાન સંબધી અવધિજ્ઞાન હોય, અથવા વધતું પણ હોય છે, માટે સર્વને સરખું હોતું નથી. ॥ ૧-૯-૨૧-૧૨૭ ॥

**પ્ર०** ચૌમાસુ પૂરું થયા પછી બે માસની અંદર સાધુઓને વસ્ત્ર વહોરવા કલ્પે ? કે નહિ ?

ઉ० "વર્ષાકાળમાં જ્યાં ચૌમાસું રહ્યા, તે પૂરું થયા છતાં, ત્યાંઃ અને પાંચ ગાઉ સુધીના સંવિજ્ઞ ક્ષેત્રમાંઃ કારણ વિના બે માસમાં સાધુઓને વસ્ત્ર વહોરવું કલ્પે નહિ." એમ **નિશીથચૂર્ણિના ૧૦મા ઉદ્દેશામાં** કહ્યું છે. ॥ ૧-૯-૨૨-૧૨૮ ॥

**પ્ર० જાતિસ્મરણ** જ્ઞાનથી સંખ્યાતભવ જણાય ? કે અસંખ્યાત ભવ જણાય ?

ઉ० " **જાતિસ્મરણ** પણ ગતસંખ્યાતભવના બોધસ્વરૂપ મતિજ્ઞાનનો ભેદજ છે." એમ **કર્મગ્રંથ ટીકા** અને **આચારાંગની ટીકાના** અનુસારે સંખ્યાત ભવ જાણી શકે, એમ જણાય છે. ॥ ૧-૯-૨૩-૧૨૯ ॥

**પ્ર०** ચોવિહાર ઉપવાસ કર્યો હોય, તેણે સાંજે પ્રતિક્રમણ વખતે ગુરુ પાસે તેજ પચ્ચક્ખાણ કરવું ? કે નહીં ? પોતાના મનથી કરે, તો ચાલે ? કે નહીં ? તે પ્રમાણે છઠ પચ્ચક્ખાણીને બીજે દીવસે તે પ્રમાણે ? કે બીજી રીતીએ કરવું ?

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉ૦ સવારે ચોવિહાર ઉપવાસનું પચ્ચક્ખાણ કરનારે સાંજે **મનથી** સ્મરણ કરવું, પણ ફરી કરવું નહિ, તેજ પ્રકારે છઠ્ઠવાળા માટે સમજવું. ॥ ૧-૯-૨૪-૧૩૦ ॥

પ્ર૦ **દિગાચાર્ય** શબ્દનો શો અર્થ ?

ઉ૦ " સમયને પિછાણી–સચિત્ત: અચિત્ત: અને મિશ્ર: વસ્તુની રજા આપે, તે **દિગાચાર્ય**." એમ **યોગશાસ્ત્ર ટીકામાં प्रायश्चित्त वैयावृत्यं** એ શ્લોકની વ્યાખ્યામાં અર્થ કહ્યો છે. ॥ ૧-૯-૨૫-૧૩૧ ॥

પ્ર૦ કૃમિહર નામનો અજમો સચિત્ત છે ? કે અચિત્ત ?

ઉ૦ કૃમિહર નામના અજમાનો **વૃદ્ધ પુરુષો** અચિત્ત તરીકે વ્યવહાર કરે છે. ॥ ૧-૯-૨૬-૧૩૨ ॥

પ્ર૦ "**પંચમી** અને **અષ્ટમીએ श्रीनेमिः** એ સ્તુતિ તથા **संसार-दावा** સ્તુતિ કહેવીજ જોઈયે" એવો નિશ્ચય છે ? કે **નેમિનાથ** અને **મહાવીરની** બીજી સ્તુતિઓ પણ કહેવાય?

ઉ૦ "પાંચમ આઠમે **श्रीनेमिः** અને **संसारदावा** સ્તુતિ સિવાય બીજી સ્તુતિ ન કહેવાય." એવો નિયમ જાણ્યો નથી, પણ આવડતી હોય તો ઘણું કરીને તે બે કહે. ॥ ૧-૯-૨૭-૧૩૩॥

પ્ર૦ જિનેશ્વરોના ખભે સંયમ લેતી વખતે ઈંદ્ર **દેવદૂષ્ય** વસ્ત્ર મૂકે છે, તે કેટલો વખત રહે? તે જણાવવા કૃપા કરશોજી.

ઉ૦ **દેવેન્દ્રે** ખભે મૂકલ **દેવદૂષ્ય વસ્ત્ર** કેટલો કાળ રહે ? એ વિષે **સપ્તતિશત સ્થાનકને** અનુસારે **વીર ભગવંતને** કાંઈક અધિક વર્ષ સુધી: અને બીજા જિનેશ્વરોને **જાવ જીવસુધી:** રહે, તેમ જાણ્યું છે. **જંબુદ્વીપ પન્નત્તિને** અનુસારે તો "**ઋષભદેવ** સ્વામિને **વીરભગવંત** પેઠે રહ્યું." એમ બતાવ્યું છે. ॥ ૧-૯-૨૮-૧૩૪ ॥

પ્ર૦ કેટલાકો **સીતાને રાવણની** પુત્રી કહે છે, અને **મૂળ નક્ષત્રમાં** જન્મી કહે છે, તે સત્ય છે?

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉ० **વસુદેવહિંડીમાં સીતાને રાવણની** પુત્રી કહી છે, પણ **મૂળ નક્ષત્રમાં** જન્મી છે, એમ સ્પષ્ટ પણે લખેલ જાણવામાં નથી. ॥ ૧-૯-૨૯-૧૩૫ ॥

પ્ર० **વ્યવહાર રાશિવાળા** જીવો કયા કહેવાય? નિગોદમાંથી બહાર નીકળેલ હોય, તે માનવા? કે સૂક્ષ્મનિગોદથી નીકળેલા હોય તે માનવા? કે પાંચે સૂક્ષ્મમાંથી બહાર નીકળ્યા હોય તે માનવા?

ઉ० **પન્નવણાની ટીકામાં**–

"નિગોદ થકી નીકળેલા હોય, તે વ્હેવારીયા." આવું સામાન્ય વચન છે. સામાન્ય વચન કરતાં વિશેષ વચન સબલ હોય છે, પણ પાંચે સૂક્ષ્મ માત્રનું "નિગોદ" એવું નામ નથી, પણ વનસ્પતિમાં **નિગોદ** એવું નામ છે, અને પ્રઘોષ પણ તેમ ચાલ્યો આવે છે. **સૂત્રમાં** પણ તેમજ દેખાય છે.

માટે સૂક્ષ્મ નિગોદથી જે જીવો બહાર નીકળે, તે જ વ્હેવારીયા કહેવાય છે. એમ સાંભળેલ છે.

**પરંપરાએ** પણ **બહુ શ્રુત પુરુષો** આ પ્રમાણેજ માનતા આવ્યા છે, કેમકે **યોગશાસ્ત્ર ટીકામાં** પણ આ પ્રમાણેજ કહ્યું છે–કે "તમામ જીવો બે પ્રકારે છેઃ એક વ્યવહારીઃ અને બીજા અવ્યવહારીઃ તેમાં સૂક્ષ્મનિગોદોજ અવ્યવહારી છે, અને બીજા વ્યવહારી છે." ॥ ૧-૯-૩૦-૧૩૬ ॥

**॥ इति-सकलसूरि-पुरन्दर-परमगुरु-गच्छाधिराज-भट्टार्क श्री विजयसेनसूरि-प्रसादीकृत-प्रश्नोत्तर-संग्रहे भट्टार्क श्री५ श्रीविजयहीरसूरिशिष्य-पण्डित-शुभविजयगणि विरचिते प्रथमोल्लासः सम्पूर्णः ॥**

**प्रथमोल्लासे गूर्जर-भाषा-पर्याय-सारसंग्रहः समाप्तः**

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ॥ अथ द्वितीयोल्लासः ॥

मङ्गलम्

**श्रीनाभेयं जिनं नत्त्वा, सत्त्वाऽभीष्टार्थ-साधकम् ।**
**विधीयते मयाऽऽमोदादुल्लासः प्रथमेतरः ॥ १ ॥**

પ્રાણીઓના મનોરથો પૂરનારા પ્રથમ તીર્થંકર શ્રી **ઋષભદેવ** સ્વામિને નમસ્કાર કરી, **સેનપ્રશ્નનો બીજો ઉલ્લાસ** આનંદ પૂર્વક રચું છું.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૧

# પણ્ડિતશ્રી આનન્દવિજયગણિ કૃત પ્રશ્નોત્તરો.

પ્ર૦ "જિનપ્રતિમા એક આંગળથી ૧૧ આંગળ સુધીની ઘર દેરાસરમાં પૂજી શકાય છે," તેવો પાઠ મારી પાસે છે, આ બાબતના જે વિશેષ પાઠ હોય, તે જણાવવા કૃપા કરશો.

કેમકે—નવીન પ્રતિમા ભરાવવાવાળા શ્રદ્ધાળુ શ્રાવકો પૂછે છે, કે—" ઘર દેરાસરમાં કેટલા આંગળની પ્રતિમા પૂજી શકાય ?"

ઉ૦ ઘરદેરાસરમાં એક આંગળથી લઈ ૧૧ આંગળ સુધીની પ્રતિમા પૂજી શકાય છે, અને તેથી વધારે આંગળવાળી પ્રતિમા તો નગર દેરાસરમાં પૂજાય છે. આમાં—વિશેષ એ છે કે—" ઘર દેરાસરમાં અને નગર દેરાસરમાં એકી આંગળવાળી પ્રતિમા પૂજી શકાય, પણ બેકી આંગળવાળી નહિ." એમ ઠક્કુર **ફેરુએ** બનાવેલ **વાસ્તુસાર ગ્રંથ** વિગેરેમાં બતાવેલ છે. ॥ ૨–૧–૧ ૧૩૭ ॥

પ્ર૦ સોપારીના કકડા અથવા સોપારીનો ભૂકો સાધૂઓને **કસેલક** વિગેરેની માફક લઈ શકાય ? કે નહિ ?

ઉ૦ કેવળ સોપારીના કકડા તથા ભૂકો વ્હોરવા કલ્પે નહિ, એવી ગચ્છ પ્રવૃત્તિ છે. ॥ ૨–૧–૨-૧૩૮ ॥

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**પ્ર૦** આગમઃ શ્રુતઃ આજ્ઞાઃ ધારણાઃ અને જીતવ્યવહારઃ આ પાંચ પ્રકારના વ્યવહારમાં હાલ કેટલા વ્યવહારો વર્તે છે?

**ઉ૦** આગમ વ્યવહાર હમણા નથીજ, શ્રુતવ્યવહાર પણ હાલ સંપૂર્ણ નથી, પણ કેટલોક પ્રવર્તે છે, માટે–હાલ શ્રુત વિગેરે ચાર વ્યવહારો છે, એમ તો કહી શકાય છેજ. તેમાં પણ પ્રાયશ્ચિત્તો ઘણું કરીને **જીત વ્યવહારથી** અપાય છે. ॥૨–૧–૩–૧૩૯॥

**પ્ર૦** સામાયિકના અધિકારમાં પહેલા **ઇરિયાવહિયા** પડિક્કમવા, તે શાસ્ત્રાનુસારી છે? કે પછી કરવા, તે શાસ્ત્રાનુસારી છે?

**ઉ૦** સામાયિકમાં **મહાનિશીથ સૂત્રઃ હારિભદ્રી દશવૈકાલિક ટીકાઃ** વિગેરેના અનુસારે અને **યુક્તિ પ્રમાણેઃ** તથા **સુવિહિત પુરુષોની પરંપરાને અનુસારે** પહેલાં ઇરિયાવહિયા પડિક્કમી સામાયિક લેવું, તે યુક્તિ યુક્ત ભાસે છે. જો કે–**આવશ્યક ચૂર્ણિમાં**—

**पच्छा इरियावहिआए पडिक्कमइ—**

"પછી પણ ઇરિયાવહિયા પડિક્કમે," એમ બતાવ્યું છે. પણ તે તો સાધુ સમીપે સામાયિક ઉચ્ચર્યા બાદ ચૈત્યવંદન કરવાનું પણ કહેલું છે. તેથી "**તે ઇરિયાવહીયા** સામાયિકના છે" એમ શી રીતે નિશ્ચય કરી શકાય?

તે **ચૂર્ણિમાં** કહેલી સામાયિકની **સમાચારી** બરાબર સમજાતી નથી, **જો કેઃ યોગશાસ્ત્ર ટીકાઃદિનકૃત્ય ટીકાઃ** વિગેરેમાં પછી "**ઇરિયાવહિયા** કરે." એમ બતાવ્યું છે, પણ તે તો બધે ઠેકાણે–**ચૂર્ણિના** પાઠ ઉદ્ધરીને કહેલું છે, માટે તે **ચૂર્ણિમૂલક** છે, તેથી સામાયિકના **ઇરિયાવહિયાનો** નિર્ણય તેનાથી કેવી રીતે કરાય? ૨–૧–૪–૧૪૦

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**પ્ર૦** ગર્જારવનો શબ્દ પાણીથી ઉત્પન્ન થાય છે? કે વાયુથી ઉત્પન્ન થાય છે? કે કોઈ બીજાથી?

**ઉ૦** **ઠાણાંગ ટીકામાં** ઠેક ઠેકાણે **स्तनितादि** શબ્દોના **મેઘગર્જિત** એવો અર્થ કરેલ હોવાથીઃ અને વાદળી જળમય હોવાથીઃ ગર્જારવ જલથી ઉત્પન્ન થાય છે, એમ સંભવે છે.

**वायुसमुत्थः शब्दो गर्जितं**—

"વાયુથી ઉત્પન્ન થયેલો શબ્દ ગર્જારવ"

એવું શાસ્ત્રમાં કહેલું દેખાતું નથી. ૨-૧-૫-૧૪૧

**પ્ર૦** **संखाईए उ भवे साहई जं वा परो उ पुच्छिज्जा ।**
**न य णं अणाइसेसी वियाणइ एस छउमत्थो ॥ १ ॥**

"અસંખ્યાતભવને કહે, અથવા-પર જે પૂછે, તે કહે, તેથી બીજો મનુષ્ય "આ અતિશય વિનાના છદ્મસ્થ છે." એમ જાણી શકે નહિ."

આ ગાથા **ગણધરોને** આશ્રયી કહેલી છે? કે-સામાન્ય **ચૌદપૂર્વીઓને** આશ્રયી કહી છે? તેમજ અવધિજ્ઞાની સંખ્યાતા અસંખ્યાતા ભવને દેખે છે, એવી રીતે મનઃપર્યવ જ્ઞાની પણ દેખે છે, અને કેવલજ્ઞાની નક્કી અનન્તભવ દેખે છે, જાતિ-સ્મરણજ્ઞાની તો નિયમથી સંખ્યાતાભવને દેખે એમ આચારાંગ ટીકામાં કહેલ છે તેવી રીતે ચઉદપૂર્વી કેટલાભવો દેખે? અને ચઉદપૂર્વી અસંખ્યાતા ભવો જાણે છે, એવો પ્રઘોષ ચાલે છે, તે સત્ય છે? કે અસત્ય?

**ઉ૦** **संखाईएउ भवे** આ ગાથા ગણધરોને આશ્રયીને **આવશ્યક-સૂત્રમાં** કહી છે. આ અનુસારે બીજા પણ સંપૂર્ણ ચૌદ પૂર્વીઓ અસંખ્યાત ભવ જાણે, **એ**મ કહી શકાય છે.

કેમકે-શ્રુતજ્ઞાનનું તુલ્યપણું છે, અને તેથી તેવો પ્રઘોષ પણ સત્ય છે, એમ સંભવે છે. ॥ ૨-૧-૬-૧૪૨ ॥

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્ર૦ અઢાર પ્રકારની ભાવદિશામાં **બીજરૂહઃ** અને **સંમુછિંમવનસ્પતિઃ** આ બે ભેદો વનસ્પતિના કયા ભેદમાં સમાય?

ઉ૦ **આચારાંગનિર્યુક્તિ** વિગેરેમાં અઢાર પ્રકારની **ભાવદિશા** બતાવી છે, તેમાં મુખ્યપણે એ **અગ્રબીજ** વિગેરે ચાર વનસ્પતિ ભેદ કહ્યા છે, તે અન્યનું સૂચક હોવાથી **દશવૈશાલિક** વિગેરેમાં બતાવેલ **બીજરૂહઃ** અને **સંમૂછિંમવનસ્પતિઃ** એ બે ભેદોનો તેમાં સમાવેશ થઈ ગયેલો જાણવો. હવે **અગ્રબીજ** વિગેરેમાંથી શેમાં સમાય છે? આ બાબતનું સ્પષ્ટીકરણ શાસ્ત્રમાં કરેલું દેખાતું નથી. ॥ ૨–૧–૭–૧૪૩ ॥

પ્ર૦ **સૌધર્મઃ ઇશાનઃ** દેવી આઠમા દેવલોકે ગઇ હોય, તોઃ અને પહેલા દેવલોકનો દેવ ૧૨મા દેવલોકે ગયો હોય, તોઃ અને ભવનપતિ દેવ પહેલા દેવલોકે ગયો હોય, તોઃ અને પહેલા દેવલોકનો દેવ ત્રીજી નારક પૃથ્વીમાં ગયો હોય, તોઃ અવધિજ્ઞાને કરી ચારે બાજુનું કેટલું ક્ષેત્ર દેખે ?

ઉ૦ દેવ વિગેરેનું અવધિજ્ઞાન આનુગામિક છે, તેથી જે જ્યાં ઉત્પન્ન થયો હોય, ત્યાં જેટલું દેખતો હોય, તેટલું બીજે ગયો હોય ત્યાં પણ દેખે છે. એમ જણાય છે. ॥ ૨–૧–૮–૧૪૪ ॥

પ્ર૦ " **આઠમહાસિદ્ધ** પૈકી–**મહત્ત્વસિદ્ધિ** એટલે મેરુ કરતાં પણ મહાન્ શરીર બનાવવાની શક્તિ તથા **પ્રાપ્તિસિદ્ધિ** એટલે ભૂમિ ઉપર રહ્યા છતાં આંગળીના ટેરવે એ મેરુ પર્વતના અગ્ર ભાગ વિગેરેને ફરસવાની શક્તિ. " એમ **યોગશાસ્ત્ર ટીકામાં.**

**कफ विप्रुण् मल्लामर्शो०**

આ શ્લોકના વ્યાખ્યાનમાં કહ્યું છે. પરંતુ **વૈક્રિય** શરીર ઉત્કૃષ્ટથી ઉત્સેધાંગુલ પ્રમાણથી એક લાખ યોજનનું બતાવ્યું

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે. તેથી **મેરુ** કરતાં મોટા શરીરનું બનાવવું તથા આંગળીના અગ્રભાગે કરી **મેરુ** પર્વતની ટોચને ફરસવાનું શી રીતે ઘટી શકે ?

ઉ૦ જો કે–

**सरीरमुस्सेह अंगुलेण**—

" શરીર ઉત્સેધાંગુલે બનાવાય. "

એમ કહ્યું છે. તોપણ તે વાત પ્રાયિક ( અચોક્કસ ) સંભવે છે. તેથી કોઇ પ્રકારની અસંગતિ થતી નથી. નહિંતર તો, ભૂમિ ઉપર રહીને **મેરુ** પર્વતની ટોચને આંગળીના અગ્રભાગથી અડકવાનો અસંભવ થાય.

બીજું, જો એકાન્તથી શરીરનું માન **ઉત્સેધાંગુલથી** લેવાતું હોય, તો **પન્નવણા** વિગેરે **સૂત્રમાં** કહેલ બાર યોજન પ્રમાણવાળો **આસાલિઓ** જીવ **મહાવિદેહ** ક્ષેત્ર વિગેરેના ચક્રવર્તિઓના પ્રમાણાંગુલથી બારયોજનના લશ્કરના પડાવનો નાશ કરનારો કેમ બને ?

અથવા "પહેલાં દેવલોક ગયેલો લાખ યોજન વૈક્રિય શરીરવાળો **ચમરેન્દ્રે** એક પગલું **પદ્મવર વેદિકામાં** મૂક્યું, અને બીજું પગલું **સુધર્માસભામાં** મૂક્યું." ઈત્યાદિક વાત **ભગવતીજી** વિગેરેમાં કહી છે, તે કેવી રીતે સંભવે ? ॥૨-૧-૯-૧૪૫॥

પ્ર૦ દહીંના વલોણાનો ઘોળ વસ્ત્રે ગાળ્યો હોય, તો **વિગઈ** ગણાય કે **નિવિયાતો** ગણાય ?

ઉ૦ વલોણાનો ઘોળ વસ્ત્રે ગાળ્યો હોય; અથવા મીઠું નાંખ્યું હોય, તો **નિવિયાતો** ગણાય. અને તેવો ન હોય, તો **વિગઈ** કહેવાય. ॥ ૨–૧–૧૦–૧૪૬ ॥

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્ર૦ ચક્રવર્તિની ચંદન ઘસનારી દાસી હોય ? કે સ્ત્રી હોય ? તથા **ભગવતીસૂત્રના ૧૯ મા શતકમાં ૩ ઉદ્દેશામાં.**

**जउगोलासमाण पुढविकायं—**

"લાખના ગોળા સમાન પૃથ્વીકાય" એવું વાક્ય કહેલું છે. અને **આચારાંગટીકામાં ૧ અધ્યયનના ૨ ઉદ્દેશામાં વેદનાદ્વારમાં**

**आर्द्रामलक-प्रमाणं स चित्त-पृथवी-गोलकं एक-विंशति वारान् पिंष्यात्—**

લીલા આંબળા પ્રમાણ સચિત્ત પૃથ્વીકાયનો ગોળો એકવીસ વખત પીસે [ તોપણ અચિત્ત થાય નહિ. ]

આ બેમાં ભેદ છે ? કે નહિ ?

ઉ૦ **ભગવતીજીમાં મહાબલના** અધિકારમાં—

**अट्ठवण्णगपेसीओ—**

"આઠ પીસનારી" ઈત્યાદિક કહ્યું છે, માટે તે મુજબ દાસી જાણવી. તથા લીલું આમળું. અને જતુ ગોલકઃ આ બેનો એકજ અર્થ સંભવે છે. ॥ ૨-૧-૧૧-૧૪૭ ॥

પ્ર૦ **केवली णं भंते अस्सिं समयंसि जेसु आगासपएसेसु हत्थं वा पायं वा ओगाहित्ताणं चिट्ठति—**

આ આલાવો **ભગવતીજી**માં છે, અને **આચારાંગ ટીકામાં બીજા અધ્યયનના પ્રથમ ઉદ્દેસામાં ભગવતીજી** કરતાં પાઠ ભેદવાળો છે, તેથી તે પણ આલાવો કેવી રીતે સંગત થાય ?

ઉ૦ **આચારાંગ ટીકામાં–उक्तं च.** કહીને આલાવો લખ્યો છે, પણ "**ભગવતી**માં કહ્યું છે." એમ કહીને લખ્યો નથી. તેથી અન્ય ગ્રંથનો તે આલાવો હોય તેમ સંભવે છે.

અથવા **આચારાંગ ટીકાકાર**ના વખતમાં **ભગવતીજીની**

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રતોમાં આવો પાઠ તેમણે જોયો હોય; તેમ સંભવે છે. ॥ ૨-૧-૧૨-૧૪૮ ॥

પ્ર૦ **આવશ્યક અન્તર્ભૂત** જે **ચોવીસત્થો** એટલે **લોગસ્સ** છે, તેની રચના ગણધર મહારાજ પછીના કાલમાં થયેલ **ભદ્રબાહુ સ્વામીએ** કરી, એમ **આચારાંગની ટીકામાં ૨ અધ્યયનની** શરૂઆતમાં કહ્યું છે, તો શું આ **લોગસ્સજ ભદ્રબાહુ સ્વામીજીએ** બનાવ્યો કે તમામ **આવશ્યકસૂત્રો** તેમણે બનાવ્યા ? અથવા **ગણધર** મહારાજે પ્રથમ બનાવ્યા ? આ બાબતમાં શું તત્ત્વ છે ?

ઉ૦ " **અંગપ્રવિષ્ટ આચારાંગ** વિગેરે **અંગો** ગણધરદેવે બનાવ્યા, અને **અનંગપ્રવિષ્ટ આવશ્યક** વિગેરે **સૂત્રો અંગના** એક દેશને નિમિત્ત કરીને **સ્થવીર** ભગવંતોએ બનાવ્યા. " એમ **વિચારામૃતસંગ્રહ** તથા **આવશ્યકટીકા** વિગેરેને અનુસારે જણાય છે. તેથી **ભદ્રબાહુસ્વામીજીએ લોગસ્સ**ની તથા બીજા **આવશ્યકોની રચના નિર્યુક્તિ રૂપે** કરી છે, આવો ભાવાર્થ **આચારાંગટીકામાં** તેજ અધિકારમાં છે. તે જાણી લેવું. ॥ ૨-૧-૧૩-૧૪૯ ॥

પ્ર૦ જિન પ્રતિમાની ભ્રકુટીએ કાલો રંગ કરવામાં આવે છે, તેમ હોઠે લાલ રંગ કરાય ? કે નહિ ?

ઉ૦ **શાશ્વત્ પ્રતિમાનું** અવલંબન કરીને ભ્રકુટીએ કાળો વર્ણ કરાય, તેમ હોઠે રાતા વર્ણ કરવામાં વિરોધ નથી. ॥ ૨-૧-૧૪-૧૫૦ ॥

પ્ર૦ જિનપ્રતિમાની આંગીમાં લોહિ વપરાય છે, તે યુક્ત છે ? કે નહિ ?

ઉ૦ જો કે-લોહિના સંસ્કારમાં કાંઈક અપવિત્રપણું સંભળાય છે,

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તોપણ ગ્રંથોમાં તેના નિષેધના અક્ષરો જોવામાં આવ્યા નથી. તેથી આ કાળે ઠેકઠેકાણે તેવી પ્રવૃત્તિ જોવામાં આવતી હોવાથી; અને ઘણાઓને પૂજામાં અંતરાયનો પ્રસંગ આવે, તેથી-સર્વથા નિષેધ કરવો શક્ય નથી. ॥ ૨-૧-૧૫-૧૫૧ ॥

**પ્ર૦ આચારાંગપ્રથમ અધ્યયનના ૬ ટ્ઠા ઉદ્દેશામાં**

**कुलकोडि सय-सहस्सा बत्तीस सग अट्ठ नवय पणवीसा एगिंदिबितेइंदिय चउरिंदिअ हरिअकायाणं ॥ १ ॥**

"એકેન્દ્રિયોની ૩૨ લાખ: બેઇંદ્રિયની ૭ લાખ: તે ઇંદ્રિયની ૮ લાખ: ચઉરિંદ્રિયની ૯ લાખ: અને વનસ્પતિની ૨૫ લાખ: કુલકોડિ કહી છે."

આ ગાથામાં પૃથ્વી વિગેરે ચારની કુલકોટી ૩૨ લાખ અને વનસ્પતિકાયની ૨૫ લાખ જણાવી છે; **સંગ્રહણીસૂત્રમાં**

**एगिंदिएसु पंचसु बार-सग-ति-सत्त-अट्ठवीसाय ।**

"પાંચે એકેન્દ્રિયમાં અનુક્રમે ૧૨-૭-૩-૭-૨૮ લાખકુલ કોટી છે."

આમાં પૃથિવી વિગેરે ચારની ૨૯ લાખ બતાવી છે, તો **આચારાંગનીટીકામાં** પૃથિવી વિગેરે જુદી જુદી કુલકોટી કેટલી કહી છે? તે સારી રીતે સમજાવવા કૃપા કરશો?

**ઉ૦ આચારાંગટીકામાં** પૃથિવી વિગેરે ચાર ની કુળકોટી કહી છે, તેમાં જુદા વિભાગો કરેલો બતાવેલા નથી. ॥ ૨-૧-૧૬-૧૫૨ ॥

**પ્ર૦ असंखपयरतुल्ला बायरपज्जत्त वायुकाय-**

"અસંખ્યાતા પ્રતરતુલ્ય બાદર પર્યાપ્તા વાયુકાય જીવો છે." એમ **મહાદંડકમાં** કહ્યું છે, અને **આચારાંગની નિર્યુક્તિમાં** તો

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**जे बायरपज्जत्ता पयरस्स असंखभागमेत्ताउ ।**
**सेसा तिन्निवि रासी वीसुं लोगा अखसंखेज्जा ॥ १ ॥**

"જે બાદર પર્યાપ્તા છે, તે પ્રતરના અસંખ્યાતમા ભાગ જેટલા છે. બાકીની ત્રણે રાશિઓ દરેક દરેક અસંખ્યાત લોક પ્રમાણ જેટલી છે."

આમ કહ્યું છે, તો પહેલામાં "અસંખ્યાત પ્રતર સમાન." અને બીજામાં "પ્રતરનો અસંખ્યાતમો ભાગ." બતાવ્યો, તો આમાં ખરુ શું ?

ઉ૦ આ બાબતમાં **મહાદંડક સ્તવ**માં જે બતાવ્યું છે, તે **પન્નવણાસૂત્ર** વિગેરેમાં છે. **તેથી આચારાંગ નિર્યુક્તિ** સાથે મતભેદ સંભવે છે. ॥ ૨-૧-૧૭-૧૫૩ ॥

પ્ર૦ નરક પૃથ્વીઓમાં, અથવા, દેવલોકોમાં આઠ દિશામાં, અથવા-ચાર દીશામાં, પંક્તિમાં રહેલા નરકાવાસો અને વિમાનોનો વિચાર છે, તેમાં નામ, સ્થાપના, દ્રવ્ય, ક્ષેત્ર, તાપ, પ્રજ્ઞાપક અને ભાવ, એ સાત દિશા **આવશ્યક** વિગેરેમાં કહી છે, તેમાંની કઇ દિશા ગણાય ? અને દેવલોક વિગેરેમાં આ સાત દિશાની મધ્યવર્તિ દિશા કોઈ અન્ય હોય ? કે નહિ ? તે હેતુપૂર્વક જણાવવા કૃપા કરશો.

ઉ૦ પંક્તિમાં રહેલા નરકાવાસ અને વિમાનોના અધિકારમાં નામાદિ સાત દિશાઓમાંથી ત્યાં ક્ષેત્રદિક્ છે, એમ જણાય છે. ॥ ૨-૧-૧૮-૧૫૪ ॥

પ્ર૦ **દીવાળી કલ્પમાં** અને **દુષમાકાળસંઘસ્તોત્રમાં** શ્રાવકોની સંખ્યાથી સાધુઓની સંખ્યા અતિ ઘણી બતાવી છે, તેમાં શું તાત્પર્ય છે ?

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**ઉ૦ દીવાલીકલ્પ અને દુઃખમાકાળ સ્તોત્રમાં** શ્રાવક વિગેરેની સંખ્યા ઉત્કૃષ્ટ ભાંગે બતાવી હોય એમ સંભવે છે, અને આચાર્ય વિગેરેની સંખ્યા તો જઘન્ય મધ્યમ અને ઉત્કૃષ્ટ આ ત્રણેય ભાંગે પણ છે. માટે અસંગતિની શંકા લાવવી નહિ. તેમજ આચાર્યની સંખ્યા બાબતમાં તો **મહાનિશીથ** અને **પ્રવચન સારોદ્ધાર ટીકા** એ બંન્નેયને મળતી સંખ્યા કહી છે. ॥ ૨-૧-૧૯ ॥ ૧૫૫ ॥

**પ્ર૦** પચીસ યોજન ઉંચાઃ બાર યોજન પહોળાઃ અને એક જોજનના નાળવાળા એક ક્રોડ સાઠ લાખ કલશોએ કરી જિનેશ્વરનો અભિષેક કરાય છે, એમ બતાવ્યું છે. તો આ એક કરોડ અને સાઠ લાખની સંખ્યાની ગણત્રી કેવી રીતે કરવી? તે જણાવવા કૃપા કરશો.

**ઉ૦** અચ્યુત ઇંદ્રિ વિગેરે ૬૨ ઇંદ્રોના ૬૨ઃ અને મનુષ્ય લોકના ૧૩૨ સૂર્યચંદ્રના ૧૩૨ઃ એમ ૧૯૪ ઇંદ્રનાઃ તથા ઉત્તર તથા દક્ષિણ દિશાઓની અસુર કુમારની ઇંદ્રાણીના ૧૦ઃ અને નાગકુમાર વિગેરે નવનું-ઠેકઠેકાણે એક આલાવે સ્વરૂપ કહ્યું છે, માટે જાતિની અપેક્ષાએ-ઉત્તર-દક્ષિણના અધિપતિઓની બાર ઇંદ્રાણીના ૧૨ઃ એ પ્રકારે-વ્યન્તરેન્દ્રની ચાર ઇંદ્રાણીના ૪ઃ તેમજ જ્યોતિષ્ક અધિપતિની ચાર ઇંદ્રાણીના ૪ઃ પહેલાં બે દેવલોકના ઇંદ્રની સોલ ઇંદ્રાણીના ૧૬ઃ આ પ્રમાણે કુલ ઇંદ્રાણીના ૪૬ થાયઃ તથા-સામાનિક દેવનો ૧ઃ ત્રાયસ્ત્રિંશ દેવનો ૧ઃ લોકપાલોના ૪ઃ અંગ રક્ષકદેવોનો ૧ઃ પાર્ષદદેવોનો ૧ઃ સેનાધિપતિ દેવોનો ૧ઃ અને પ્રકીર્ણ-એટલે છુટા છુટા દેવોનો ૧ઃ એમ કુલ ૧૦ થયા. તમામનો સરવાળો કરીએ, ત્યારે



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૨૫૦) થાય. હવે કનકમય વિગેરે આઠ જાતિના કલશો દરેક આઠ આઠ હજાર છે, એટલે ૬૪૦૦૦ કલશા થયા. એટલે ૨૫૦ ને ચોસઠ હજારે ગુણીએ ત્યારે એક કરોડ સાઠ લાખની સંખ્યા કલશોની થઈ. આ હકીકત છૂટા પાનાઓમાં લખેલી જોવામાં આવે છે. ૨-૧-૨૦-૧૫૬.

**પ્ર૦ રાયપસેણીયસૂત્રમાં तस्सणं पएसिस्स रण्गो जेट्ठे भाउअ-वयंसए चित्ते नामं सारही होत्था** આ પાઠમાં **जेट्ठे भाउअवयंसए**-એ પદનો શો અર્થ છે?

ઉ૦ અનેક પ્રકારે જગત્માં ભાઈ ગણાય છે, તેથી મિત્રને પણ ભાઇ કહેવાય: **ચિત્રસારથિ પ્રદેશી રાજાથી** ઉમ્મરે મોટા છે, તેથી જ્યેષ્ઠ **ભાતૃમિત્ર** એટલે મોટાભાઇ કહેવાય છે. ૨-૧-૨૧-૧૫૭ ॥

**પ્ર૦ કલ્પસૂત્ર સામાચારીમાં ૫૧ માં સૂત્રમાં—**

**निक्खमित्तए वा-पविसित्तए वा-**

આ બે પદો અધિક જેવા દેખાય છે ? કે નહિ ?

ઉ૦

**भत्तपाणपडिआइक्खित्तए-**

આ વાક્ય છે, તેથી-"કોઈ સાધુએ સામાન્યથી અણશણ કર્યું હોય, અને કોઈએ પાદપોપગમ અણશણ કર્યું હોય, તેવા સાધુ મનથી ભિક્ષાની પ્રવૃત્તિ ઈચ્છે," આવો અર્થ સંગત છે, તેથી તે અનુસારે કોઇ સામાન્યથી કરેલ અણશણી સાધુને તે વિશેષણો સંભવ પ્રમાણે ઘટે છે, પણ પાદપોપગમ વાળાને ઘટતા નથી. માટે તે બે પદો નકામા નથી. ૨-૧-૨૨-૧૫૮.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્ર૦ **વ્યવહાર સૂત્રના ૬ઠ્ઠા ઉદ્દેશામાં**--"ગામનગર વિગેરેમાં ચોમાસામાં અથવા છૂટાકાળે અગીતાર્થ સાધુઓ ઘણા હોય, તો પણ તેઓથી ગીતાર્થ સાધુ સિવાય રહી શકાય નહિ, એમ છતાં ગીતાર્થ વિના રહે, તો પ્રાયશ્ચિત્ત આજ્ઞાભંગ વિગેરે દોષો કહેલા છે. આ વિધિ હમણાનો છે? કે પ્રાચીન છે?

ઉ૦ સર્વકાળમાં આ વિધિ છે, એમ ચોક્કસ છે. હમણાં તો-**નિશિથ સૂત્રજ્ઞાની ગીતાર્થ વિના** પણ વિહાર કરાય છે, તે દ્રવ્યઃક્ષેત્રઃ વિગેરેનો પ્રભાવ છે. ૨-૧-૨૩-૧૫૯

પ્ર૦ જિનપ્રતિમાને વસ્ત્રોની આંગી કરવી, તે શાસ્ત્રોમાં જોવામાં આવે છે, તો આપણા ગચ્છમાં કેમ કરાતી નથી? કેટલાકો કરે છે, તેનો આપણે નિષેધ કરવો? કે માન્ય રાખવું?

ઉ૦ જીનપ્રતિમાની વસ્ત્રોની આંગી ગ્રંથોમાં દેખાય છે, પરંતુ શ્રેષ્ઠમુકુટ વિગેરે પેઠે પ્રધાનવસ્ત્રોએ કરી અંગરચના વિગેરે ઉચિત રીતે કરાય, તો વ્યાજબી છે, પણ મસ્તક ઉપર વસ્ત્ર મૂકવું, વિગેરે વ્યાજબી લાગતું નથી. ૨-૧-૨૪-૧૬૦

પ્ર૦ સાધુઓએ અને પોસાતીઓએ પાત્રની પેઠે માતરીયું દિવસમાં બે વખત પડિલેહવું કે વાપરવાના અવસરે પુંજીને વાપરવું?

ઉ૦ સાધુઓએ અને પોસાતીઓએ મુખ્ય વિધિએ માતરીઉં બે વખત પડિલેહી રાખવું જોઈએ, અને વાપરવા વખતે ફેર પુંજીને વાપરવું. ૨-૧-૨૫-૧૬૧

પ્ર૦ કાળ વખતે **પ્રકરણગ્રંથો** અને **નિર્યુક્તિની ગાથાઓ.** સાધુઓ ગણી શકે કે નહિ? તેમજ શ્રાવકોએ પણ **સંગ્રહણી** વિગેરેની ગાથાઓ કાળ વેળાયે ગણાય કે નહિ?

ઉ૦ કાળ વખતે **આચારપ્રદીપ વિગેરે** ગ્રંથોમાં તમામ **નિર્યુક્તિ**

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**ભાષ્ય** વિગેરે ગાથાઓનું પઠન પાઠન નિષેધ્યું છે. ૨-૧-૨૬-૧૬૨

પ્ર૦ **યોગવિધિમાં મહાનિશીથ સૂત્રના અધ્યયનના જે ઉદ્દેશાઓ** બતાવ્યા છે, તેમાંથી હાલ કોઇ ઉદ્દેશો ઓળખી શકાય કે નહિ ?

ઉ૦ યોગવિધાનમાં બતાવેલા **મહાનિશીથના ઉદ્દેશાની** હાલ ઓળખાણ પડતી નથી. કેમકે–તેની પ્રતો વિગુણ ( અસ્ત વ્યસ્ત ) છે, અને તેના ઉપર **ટીકા** ન હોવાથી બરાબર જાણી શકાતું નથી. ૨-૧-૨૭-૧૬૩

પ્ર૦ પૌષધ લીધાં પહેલાં સજ્ઝાય તથા દેવવંદન કર્યું હોય, અને પછી પોસહ લીધો હોય, અથવા ઉપધાનમાં પ્રવેશ કર્યો હોય, તો ફરીને સજ્ઝાયઃ દેવવંદનઃ વિગેરે કરવું જોઇયે ? કે નહિ ?

ઉ૦ પહેલાં દેવવંદન વિગેરે કર્યું હોય, તો પોસહ લીધા પછી કરવાની જરૂર નથી, તેથીજ સરે છે. એમ **વૃદ્ધ પુરુષોનું** કહેવું છે. ૨-૧-૨૮-૧૬૪ [સજ્ઝાય હાલ પછીજ કરાય છે.]

પ્ર૦ પોસાતીઓ ત્રણેય સંધ્યાએ વિસ્તાર પૂર્વક દેવવંદન કરે છે, તેને માટેનો પાઠ ક્યાં છે ? મધ્યાન્હકાળમાં દેવવંદનની સામાચારી તો પોષધવિધિ પ્રકરણ વિગેરેમાં દેખાય છે.

ઉ૦ જો કે પોસાતી શ્રાવકોને મધ્યાન્હકાળેજ દેવવંદન કરવાનું **સામાચારી** વિગેરે ગ્રંથોમાં જોવામાં આવે છે, તો પણ–

**पडिक्कमओ गिहिणो चि हु, सगवेला पंचवेल इयरस्स।**
**पूआसु तिसंज्जासु अ, होइ तिवेला जहन्नेणं** ॥ १ ॥

પ્રતિક્રમણ કરનાર ગ્રહસ્થને પણ સાત વખતઃ ઇતરને પાંચ વખતઃ અને ત્રણ સંધ્યામાં પૂજા કરનારને જઘન્યથી ત્રણ વખતઃ ચૈત્યવંદન હોય છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



" આવા અક્ષરો હોવાથી ત્રિકાલપૂજા સંબંધીપણે અને પરંપરાથી આવેલા હોવાથી ત્રણેય કાળ દેવવંદન યુક્તજ છે. ૨-૧-૨૯-૧૬૫

**પ્ર૦ દીનચર્યા** વિગેરે ગ્રંથોમાં

**अंगपडिलेहयं संदिसावेमि**

આવો આદેશ પડિલેહણમાં સવાર સાંજ માગવાનું જોવામાં આવે છે, આપણે તેવો આદેશ માગતા નથી, તેનું શું કારણ?

ઉ૦ તેવો આદેશ માગવાનું **દિનચર્યા** વિગેરેમાં છે, પણ **દેવસૂરિકૃત દીનચર્યામાં** તેવો આદેશ માગવાનું બતાવ્યું નથી, માટે **અન્યગચ્છીય દીનચર્યામાંથી** આવેલો સંભવે છે. ૨-૧-૩૦-૧૬૬

પ્ર૦ છ માસ ઉપરના બાળકની માતા, તે બાળકનો સંઘટ્ટો હોય, તો સામાયિક પોસહ કે પ્રતિક્રમણ કરી શકે ? કે નહિ ?

ઉ૦ છ માસથી મોટું ધાવણું બાળક જો અડેલું હોય, તો તેની માતા સામાયિકઃ પ્રતિક્રમણઃ વિગેરે કરે, તે મુખ્ય વૃત્તિએ યુક્તિયુક્ત લાગતું નથી. ૨-૧-૩૧-૧૬૭

પ્ર૦ માળા સંબંધી સોનું રૂપું કે સૂતર વિગેરે દ્રવ્ય, તે દેવ દ્રવ્ય ગણાય ? કે જ્ઞાનદ્રવ્ય ગણાય ? કે સાધારણ દ્રવ્ય ગણાય ?

ઉ૦ તે સર્વ દેવદ્રવ્ય ગણાય. આ પ્રકારે સંપ્રદાય છે. ૨-૧-૩૨-૧૬૮

પ્ર૦ કોઇ પણ ગામ વિગેરેમાં શ્રાવકોના ઘર સાંકડા હોય, તેથી શ્રાવકની કોટડીમાં સાધુ રહ્યા હોય, તો **સજ્જાતરઘર** ગામના અધિપતિનું કે દેશાધિપતિનું થાય ? કે નહિ ?

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉ૦ "જેની નિશ્રાએ ઘરમાં રહેવું થયું હોય, તેનું ઘર **સજ્જાતર** થાય," એમ **બૃહત્કલ્પ** વિગેરેમાં કહ્યું છે, "મોટા કારણે તો **સજ્જાતરનું** પણ લેવું કલ્પે," એમ આજ્ઞા કરેલી છે. ૨–૧–૩૩–૧૬૯

પ્ર૦ વિવાહ કે સાધર્મિક વાત્સલ્યના જમણવારમાં સાધુઓ વોહરી શકે કે નહિ? અને કેટલા મનુષ્યો એકઠા મળી જમતા હોય, તો જમણવાર કહેવાય?

ઉ૦ **સંખડી** શબ્દે **ઓદનપાકઃ** અને **ઘણા મનુષ્યોનો જમણુવારઃ** એ બે અર્થ **બૃહત્કલ્પ ટીકા** વિગેરેમાં કર્યા છે, તેથી "વિવાહનું જમણ તે **સંખડી**" અને "સાધર્મિકનું જમણ તે **સંખડી** નહિ," એમ કહી શકાય નહિ, તેથી બંન્નેયમાં કારણ વિના સાધુઓએ વહોરવા જવાય નહિ.

ત્રીસ અથવા ચાલીસથી માંડીને મનુષ્યનું જમણ–તે **સંખડી** ગણાય, એમ સંભવે છે. ૨–૧–૩૪–૧૭૦

પ્ર૦ **વંદિત્તુ** સૂત્રમાં શ્રાવિકા

**निच्चं परदार-गमण-विरइओ**

આ પાઠ કહે, કે–

**परपुरुस-गमण-विरइओ** આ પાઠ બોલે?

ઉ૦ શ્રાવક શ્રાવિકાઓને **વંદિત્તુસૂત્રનો** પાઠ તો સરખોજ જણાય છે, કેમકે–તેની **ટીકામાં** બતાવ્યું કે–સ્ત્રીને પરપુરુષ વર્જવો, તે ઉપલક્ષણથી જાણવું. ૨–૧–૩૫–૧૭૧

પ્ર૦ "**કાળગ્રહણ** વિગેરે વિધિ પૂર્વક **ઉત્તરાધ્યયનસૂત્ર** વિગેરે ગણવા જોઈએ," ઈત્યાદિક વિધિ નસચવાતી હોવાથી સાધુઓ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**ઓસન્ના** ગણાય ? કે નહિ? એમ કોઇ પૂછે, તો શો ઉત્તર આપવો ?

ઉ૦ "વસ્તિનું શોધન વિગેરે વિધિ સાચવીને **ઉત્તરાધ્યયન** વિગેરેનો પાઠ પણ થાય." એમ **સુવિહિત પુરુષોની આચરણા સામાચારીમાંજ** બતાવી છે, તેથી સાધુઓ **ઓસન્ના** કેમ કહેવાય? એવો ઉત્તર આપવો. ૨-૧-૩૬-૧૭૨

પ્ર૦ અગીઆરમી પડિમામાં શ્રાવક સામાયિકમાં **जाव नियमं वा** એવો પાઠ કે **जावपडिमं वा** એવો પાઠ ઉચ્ચરે ?

તેમજ—પાંચમી વિગેરે પડિમા વખતે આઠમ વિગેરે તીથિમાં રાત્રિએ કાઉસ્સગ કરે છે, તેમ **૧૧** મી પડિમામાં કાઉસ્સગ્ગ કરે ? કે નહિ ?

ઉ૦ ૧૧ મી પડિમામાં શ્રાવકે **जाव पडिमं** એવો પાઠ સામાયિકમાં ઉચ્ચરવો, અને કાઉસ્સગ્ગ પણ કરવો જોઇયે. ૨-૧-૩૭-૧૭૩

પ્ર૦ આચાર્યોની: ઉપાધ્યાયોની: અધમ આચાર્યોની: સાધુ-સાધ્વીઃ શ્રાવક અને શ્રાવિકાઓની જે સંખ્યા **દુઃપસહસૂરિ** સુધીની **દીવાલીકલ્પ** વિગેરેમાં કહી છે, તે કઇ વિવક્ષાએ કહી છે? કેમકે—" **પાંચમા** આરાના દીવસો થોડા છે, અને સંખ્યા મોટી કહી છે." એમ લોકો પૂછે છે, તેનો શો ઉત્તર આપવો ?

ઉ૦ આ ભરત**ક્ષેત્રમાં પાંચમા આરાનો** અલ્પકાળ છે, છતાં ભૂમિ ઘણી છે, તેથી બહુ ક્ષેત્રમાં સાધુ વિગેરેનો સંભવ હોવાથી **દીવાળીકલ્પ** વિગેરેમાં કહેલી **યુગપ્રધાન** વિગેરેની સંખ્યાની પૂર્તિ ઘટે છે, પરંતુ તે પૂર્તિ આપણે જાણેલા સાધુ વિગેરેથી થાય નહિ, એમ જાણવું. ૨-૧-૩૮-૧૭૪

પ્ર૦ કેવલિ ભગવંતને પટ્ટધરો હોય ? કે નહિ ?

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉ૦ પટ્ટધરો હોવાનું ચોક્ખું પ્રગટપણે જણાય છે, કેમકે **પરિશિષ્ટ પર્વમાં** ચોથા સર્ગને છેડે કહ્યું કે—

" નિર્વાણ સમય પ્રાપ્ત થયો, ત્યારે સંપૂર્ણ સો વર્ષવાળા **સુધર્મા સ્વામી એ જંબૂસ્વામીને** ગણના અધિપતિ બનાવ્યા, **જંબૂસ્વામીએ પણ** તીવ્ર તપ તપતાં કેવલજ્ઞાન પામી ભવ્ય પ્રાણીઓને બોધ પમાડયો. **વીરભગવાન**ના મોક્ષના દીવસથી ચોસઠ વર્ષ ગયાં, ત્યારે **જંબૂસ્વામી કાત્યાયન** ગોત્રીય **પ્રભવ સ્વામીને** પોતાના સ્થાને સ્થાપી કર્મક્ષય કરી, મોક્ષે ગયા," આ વચનને અનુસારે પટ્ટધરો હોય. ૨–૧–૩૯–૧૭૫ ॥

**પ્ર૦** હે ભગવાન્ ! એક જીવને એક ભવમાં કેટલા જીવો પુત્ર પણે થાય ?

હે **ગૌતમ** ? જધન્યથી–એક: બે: અથવા ત્રણ: અને ઉત્કૃષ્ટથી લાખ પૃથક્ત્વ પુત્ર પણે પ્રાપ્ત થાય છે." એમ **ભગવતીસૂત્રના શતક બીજાના પાંચમા ઉદ્દેશામાં છે.** આમાં **એક ભવગ્રહણ** એ શબ્દનો અર્થ શો થાય છે ?

ઉ૦ એક સમયમાં **सय-सहस्स-पुहुत्तं** આ વાક્યમાં પૃથક્ત્વ શબ્દ છે, તેનો અર્થ **બહુ** થાય છે. જો તેમ ન હોય, તો તેની **ટીકામાં**–"એક સંયોગમાં પણ માછલાં વિગેરેની ઉત્પત્તિ અને નિપજવું લાખ પૃથક્ત્વનું કહ્યું, અને મનુષ્યોની ઉત્પત્તિ તેટલીજ બતાવી છે, તો આખા ભવની તો વાતજ શી કરવી ? તેથી **दिवस-मुहुत्त-पहुत्ते** ઇત્યાદિકની પેઠે જાતિ વાચક હોવાથી એક વચનમાં સમજવો. ॥ ૨–૧–૪૦ ॥૧૭૬॥

**પ્ર૦** આઉળ ( આવળ ) ના દાતણમાં કેટલાકો બહુ દોષ કહે છે,

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તે સત્ય છે ? કે નહિ ? તેમજ આવલના દાતણમાં બોરડી બાવલના દાતણ કરતાં જીવો અલ્પ છે ? બહુ છે ? કે તુલ્ય છે ?

ઉ૦ **પન્નવણાના ૧લા પદમાં ગુચ્છાધિકારમાં** આવલના મૂલ-કંદ-ખંધ-છાલ-શાખા-અને પ્રવાલઃ એ દરેકમાં અસંખ્યાત જીવ કહ્યા છે, તે અનુસારે બોરડી અને બાવળમાં પણ છ સ્થાનકોમાં અસંખ્યાત જીવો સંભવે છે, પણ ન્યૂન કે અધિક સંભવતા નથી. ॥ ૨-૧-૪૧ ॥ ૧૭૭ ॥

પ્ર૦ **લન્દિકનો** પાંચનો ગણ હોય, પરંતુ તેના કલ્પનો કેટલો કાળ હોય ? પરિહાર વિશુદ્ધિતપની પેઠે ૧૮ માસનો કાળ હોય કે ન્યૂનાધિક હોય ?

ઉ૦ **યથાલન્દિક** તપના કાળપ્રમાણમાં તો પરિહાર વિશુદ્ધિક સાધુની ભલામણનું વાકય **પંચકલ્પચૂર્ણિ** વિગેરેમાં જોવામાં આવે છે, તેથી અઢાર માસ સંભવે છે. ૨-૧-૪૨-૧૭૮॥

## ૨

# પણ્ડિતશ્રી રવિસાગર ગણિકૃત પ્રશ્નોત્તરો

પ્ર૦ ગુરુ સંબંધી થૂભ (દેરી) કરાવવાના અક્ષરો કયા ગ્રંથમાં છે ?

ઉ૦ ગુરુમહારાજની દેરી કરાવવા બાબતના પાઠો ઘણા ગ્રંથોમાં છે, તે નીચે મુજબ જાણવા—

**निव्वाणं चिइगागिइ, जिणस्स इक्खाग-सेसयाणं च।**
**सकहा थूभ जिणहरे जायग तेणाहि अग्गित्ति ॥ ६६ ॥**
**थूभसयभाउआणं, चउवीसं चेव जिणहरे कासी ।**
**सव्वजिणाणं पडिमा, वण्ण-पमाणेहिं निअएहिं ॥६७॥**

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ બે ગાથા **આવશ્યકનિર્યુક્તિમાં દ્વિતીયવરવરિકા ને છેડે છે.**

તેમજ–" **ભરત મહારાજાએ** થૂભો અને ભગવાનને ઉદ્દેશીને **સિંહનિષધા** નામનું જિનમંદિરઃ **વાર્ધકિ** રત્નપાસે એક યોજન લાંબુ અને ત્રણ ગાઉ ઉંચું કરાવ્યું, અને પોત પોતાના પ્રમાણવાળી ચોવીસ જિનની પ્રતિમા **જીવાભિગમસૂત્રમાં** બતાવેલ પરિવાર યુક્ત બનાવી, તેમજ, સો–ભાઇઓની (ઋષભદેવ ભગવાન સાથે) પ્રતિમાઓઃ અને પોતાની પ્રતિમા એમ ૧૦૦ થૂભો કરાવી. કોઈ પણ આશાતના ન કરે, તે માટે લોઢાના યંત્રપુરુષો અને દ્વારપાલો બનાવ્યા." ઇત્યાદિક **હારિભદ્રી આવશ્યકની ટીકામાં निव्वाणं** એ ગાથાના **વ્યાખ્યાનમાં** છે. તથા સો થૂભો ભાઈઓની કરાવીઃ ઈત્યાદિ **थूभसयंभाउआणं**–આ ગાથાના વ્યાખ્યાનમાં છે, તેમજ **આવશ્યક ચૂર્ણિમાં**–" ભાઇની ત્યાંજ પડિમા કરાવે છે, અને પોતાની પણ પડિમા સેવા કરતી કરાવે છે, અને સોથૂભો–એક તીર્થંકરની અને ૯૯ ભાઇઓની કરાવે છે અને તેની આશાતના કોઈ ન કરે, માટે લોઢાના મનુષ્યો યંત્ર મય સ્થાપ્યા."

આ પ્રકારે પૂર્વોક્ત ગાથાના વ્યાખ્યાનમાં છે.

તથા, **જંબુદ્વીપ પન્નત્તિમાં**–કહ્યું છે કે–" તે વાર પછી શક્રેન્દ્ર દેવરાજાએ ઘણા ભવનપતિ વિગેરે દેવોને કહ્યું કે–" હે દેવાનુપ્રિય તમો જલ્દી સર્વ રત્નમય બહુજ મોટા થૂભોને બનાવો. એક ભગવંતની ચીતા ઉપર એક ગણધરની ચીતા ઉપર અને એક બીજા મુનીઓની ચીતા ઉપર બનાવો, તેથી તેઓએ થૂભો બનાવ્યા " ઇત્યાદિ—

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેમજ **શ્રી હેમચંદ્રસૂરિકૃત આદીશ્વર ચરિત્રમાં** પણ ઉપર પ્રમાણે લખેલ છે.

તેમજ **શ્રાવક પ્રતિક્રમણસૂત્ર ટીકામાં संखाकंख** એ ગાથાના વ્યાખ્યાનમાં પણ કહ્યું છે કે–" લૌકિક તથા લોકોત્તર દેવગુરુ વિષયક ચાર પ્રકારના મિથ્યાત્વના અધિકારમાં–લોકોત્તર દેવગત મિથ્યાત્વ તો અન્યદર્શનીએ ગ્રહણ કરેલ જિનપ્રતિમાનું પૂજન વિગેરે કરવું, અને સપ્રભાવી **શાંતિનાથ–પાર્શ્વનાથ** વિગેરેની પડિમાની આ લોકને અર્થે યાત્રા વિગેરે માનતા કરવી, તે છે. અને લોકોત્તર ગુરુ વિષયક મિથ્યાત્વ તો –લોકોત્તર વેષમાં પાસત્થા વિગેરે રહ્યા હોય, તેમને ગુરુબુદ્ધિએ વંદન વિગેરે કરવું, અને ગુરુ દેરી વિગેરેની આ લોકના અર્થ માટે યાત્રા માનવી વિગેરે કરવું, તે લોકોત્તર ગુરુવિષયક મિથ્યાત્વ છે."

આ પ્રકારે બીજા ગ્રંથોમાં પણ થૂભ કરાવવાના પાઠ છે.

તેમજ **મથુરાનગરીમાં શ્રી જંબુસ્વામી–પ્રભવસ્વામિ** વિગેરે આચાર્યોના ૫૨૭ થૂભો છે. તથા **સોમસુંદરસૂરિ સુમતિસાધુસૂરિ** વિગેરેના થૂભો હાલકાળના ઘણા મુનિવરોએ દેખેલા છે. માટે આ વિષયમાં કાંઈ પણ શંકા કરવી નહિ. ॥ ૨–૨–૧–૪૩–૧૭૯ ॥

**પ્ર૦** ગુરુપગલા પાસે પ્રતિક્રમણ વિગેરે ક્રિયા કરવી સુઝે? કે નહિ?

**ઉ૦** ફક્ત દેવવંદન ક્રિયા વિના બીજી પડિક્કમણ વિગેરે ક્રિયા કરવી કલ્પે છે, પાદુકા પુષ્પ વિગેરેએ પૂજાય છે, માટે પ્રતિક્રમણ વિગેરે કરવું કેમ સૂઝે? એમ શંકા લાવવી નહિં. કેમકે પુષ્પાદિકોએ કરી પૂજેલી જિનપ્રતિમા સમક્ષ પણ કરાતી પડિક્કમણ વિગેરે ક્રિયાઓ કરવી સૂઝે છે. ॥ ૨–૨–૨–૪૪ ॥ ૧૮૦ ॥

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્ર૦ **શંખશ્રાવકના** ઘરે **પુષ્કલી શ્રાવકે** પોસહશાલામાં જઇ ઇરિયાવહીયા પડિક્કમી, તે શા માટે પડિક્કમી ?

ઉ૦ તે કરેલી ઇરિયાવહિયાનો હેતુ **ભગવતીસૂત્રમાં** કહ્યો નથી, માટે તેનો નિર્ણય કેવી રીતે કરી શકાય ? વળી આ ચરિતાનુવાદ છે, પણ વિધિવાદ નથી, તેથી આ વિધિ બધાએ આચરવો નહિ. ॥ ૨-૨-૩-૪૫ ॥ ૧૮૧ ॥

પ્ર૦ દેવલોકથી અહીં આવતા દેવોનો નીકળવાનો જે માર્ગ નક્કી બતાવ્યો છે, તે માર્ગથી આવે ? કે બીજા માર્ગથી ?

ઉ૦ જોકે દેવો અચિંત્ય શક્તિવાળા હોવાથી બધા રસ્તાઓથી અહીં આવી શકે છે, તો પણ સિદ્ધાન્તમાં "પ્રાયઃ કરીને નિર્યાણ-માર્ગથી દેવોનું આવવું થાય છે." તેમ કહેલ છે. ૨-૨-૪-૪૬ ॥૧૮૨॥

# ૩

# વૃદ્ધપણ્ડિત કમલવિજયગણિકૃત પ્રશ્નોત્તરો.

પ્ર૦ મનુષ્યલોકની બહાર રહેલા સિંહ વિગેરે માંસાહારી હોય ? કે-યુગલિકક્ષેત્રના સિંહ વિગેરેની માફક પૃથવી ફલ વિગેરે ખાનારા હોય ?

ઉ૦ મનુષ્યલોક બહારના સિંહ વિગેરે સમુદ્રાદિકના માછલાં પેઠે પ્રાયઃ કરી માંસભોજી હોય, એમ સંભવે છે, પણ ભોગભૂમિના સિંહ વિગેરેની પેઠે પૃથ્વીઃ વનસ્પતિઃ ભોજી હોતા નથી. કેમકે-જેમ ભોગભૂમિના વાઘ વિગેરેને અલ્પકષાય હોય છે, અને પૃથ્વીઃવનસ્પતિકાય વિગેરેનો વિશિષ્ટ રસ પરિણામ હોય છે, તેમ બીજા ક્ષેત્રોનો નથી એ એ સંભાવનાનું કારણ છે. આ વિષયના વિશેષ અક્ષરો જોવાનું સ્મરણમાં નથી. ॥૨-૩-૧-૪૭-૧૮૩॥

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ૪

# વૃદ્ધ પણ્ડિત કનકવિજય ગણિકૃત પ્રશ્નોત્તરો

**પ્ર૦** અચિત્ત ભોજન વિગેરે ચારમાં રાત્રિએ ત્રસ તથા થાવરજીવો ઉપજે છે? કે નહીં?

**ઉ૦** **तज्जोणिआण जीवाणं तहा संपाइमाणय ।**
**निसिभत्ते वहा दिट्ठो सव्वदंसीहिं सव्वहा ॥**

"તે યોનિવાળા જીવોનો તથા ઉડીને પડતા જીવોનો રાત્રિભોજનમાં વધ સર્વજ્ઞોએ સર્વ પ્રકારે જોયો છે ॥

આ **શ્રાદ્ધદિન** કૃત્યના વચનથી, અને—

**अक्खइ तिहुअणनाहो दोसो संसत्ति होइ राईए ।**
**भत्ते तग्गंधरसा रसेसु रसिआ जिआ हुंति ॥**

"ત્રિભુવનનાથ રાત્રિમાં સંસક્તિ દોષ કહે છે. ભોજનમાં તેવા રસગંધવાળા જીવો અને રસોમાં રસપરિણામી જીવો હોય છે—"

**આ છૂટક** પાનાની ગાથા છે. તે અનુસારે સ્થાવર જીવોની ઉત્પત્તિ સંભવે છે, પણ રાત્રિના સંબંધથી ત્રસ જીવોની ઉત્પત્તિ ન હોય. એમ સંભવે છે. ॥ ૨–૪–૧–૪૮ ॥ ૧૮૪ ॥

**પ્ર૦** **અલેપ કૃત** વસ્તુની અંદર મોણ વગરના રોટલીઃ ખાખરાઃ અને ફલ વિગેરે ગણાય? કે નહિ?

**ઉ૦** ઘણા ગ્રંથોમાં **અલેપ** શબ્દે કરી વાલઃ ચણાઃ વિગેરે બતાવ્યા છે, અને **બૃહત્કલ્પ ભાષ્યટીકામાં** તો "મોણ વિનાની રોટલીઃ ખાખરાઃ સાથવોઃ વિગેરે અલેપમાં કલ્પે" એમ બતાવ્યું છે. ૨–૪–૨–૪૯ ॥ ૧૮૫ ॥

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્ર૦ શ્રદ્ધાવાળાઓને આગમ ભણવાનો નિષેધ કયા કયા આગમમાં તથા પ્રકરણોમાં કહ્યો છે?

ઉ૦ **સમવાયાંગ સૂત્રમાં** સાધુઓને આગમ ભણવાનો અધિકાર છે. કેમકે-તેમાં **આચારાંગ સૂત્ર** વિગેરેનો **ઉદ્દેશકાલ** વિગેરે કહ્યું છે, તે સાધુઓનેજ ઘટે છે. તેમજ—

**तिवरिस परियाअस्स उ, आयारपकप्पनाममज्झयणं।**
**चउवरिसस्स य सम्मं सूअगडं नाम अंगं॥**

"ત્રણ વરસના પર્યાયવાળાને **નિશીથ અધ્યયન**-ચાર વર્ષ પર્યાયવાળા ને. **સમવાયાંગ-સૂયડાંગ** ભણાવાય છે." ઇત્યાદિક. સાત ગાથા **પંચવસ્તુમાં** કહી છે, અને આમાં પણ **આચારાંગની** યોગ્યતાને આશ્રયીને સાધુઓને જ દીક્ષાપર્યાયના વરસો ચોક્કસ પણે કહ્યા છે. આ અર્થ **વ્યવહાર ગ્રંથમાં** પણ છે. આ પ્રમાણે **સૂયડાંગ** સૂત્રમાં **गेहे दीवमपासंता** એ અક્ષરો છે. માટે સાધુઓજ આગમ ભણવાના અધિકારી છે. પણ શ્રાવકો નથી. ૨-૪-૩-૫૦-૧૮૬ ॥

પ્ર૦ શ્રાવકોને તિવિહાર દુવિહાર પચ્ચક્ખાણમાં પાણી અને સ્વાદિમ ભક્ષ્ય છે? કે નહિ?

ઉ૦ શ્રાવકોને તિવિહાર દુવિહારમાં પાણી અને સોપારી વિગેરે ભક્ષ્ય છે. પરંતુ આટલો તફાવત છે કે-જેણે સવારનું તિવિહાર પોરસી વિગેરે પચ્ચક્ખાણ કર્યું હોય, તેને એકાસણા વિગેરેના વખતે બેઠો હોય ત્યાં સુધી સ્વાદિમ કલ્પે, પણ ઉઠી ગયા પછી ન કલ્પે. અચિત્ત પાણી તો બન્નેમાં કલ્પે છે, અને દુવિહારમાં તો બંન્નેય ભક્ષ્યપણે સંભવે છે. સાંજે તિવિહાર પચ્ચક્ખાણમાં પાણીના આગારનો ઉચ્ચાર નથી. તેથી સચિત્ત પાણી પણ કલ્પે છે. ॥ ૨-૪-૪-૫૧ ॥ ૧૮૭ ॥

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્ર૦ લોકાન્તિક દેવો એકાવતારી છે ? કે નહિ ?

ઉ૦ એકાવતારીજ હોય, એવો એકાન્ત જાણેલો નથી. ॥ ૨-૪-૫-૫૨ ॥ ૧૮૮ ॥

પ્ર૦ **चउसट्ठिकरि सहस्सेति**-આ ગાથાનો અર્થ બતાવવા કૃપા કરશો ?

ઉ૦ "ચોસઠ હજાર હાથીઓ" એ અર્થ છે. તે કેવા સ્વરૂપવાળા છે? આઠ દાંતોએ કરી સહિત જે હોય તે સાષ્ટદન્તવાળા કહેવાય. એવા આઠ મસ્તકો. ચોસઠ ગુણા કરેલા છે. આઠ દાંત સહિત આઠ મસ્તકો જેઓના તે **चतुष्षष्टिसाष्टदन्तशिरसः** કહેવાય. અહીં મધ્યમ પદ લોપી સમાસ જાણવો, આઠને ચોસઠે ગુણીએ ત્યારે ૫૧૨ થાય. તેટલા દરેક હાથીને મસ્તક છે, તેમજ એક-એક દાંતમાં આઠ આઠ વાવડી છે ॥ ૨-૪-૬-૫૩ ॥ ૧૮૯ ॥

પ્ર૦ **ण्हवण विलेवण इति** આ ત્રણ ગાથામાં ધ્વજ અને અષ્ટમંગલો દેખાતા નથી. હમણાં તો પૂજા અવસરે કરાય છે, તેનું શું કારણ ?

ઉ૦ આ ત્રણ ગાથામાં ધજા અને અષ્ટમંગલોનું ઉપલક્ષણથી ગ્રહણ કરવું, કેમકે આપણી અવિચ્છિન્ન પરંપરાથી આવેલો સ્નાત્ર વિધિ નિર્મૂલ ન હોય, એમ સંભવે છે. ॥ ૨-૪-૭-૫૪ ॥ ૧૯૦ ॥

પ્ર૦ અરિહંત મહારાજાઓના જન્માભિષેકમાં દેવોના શરીરો કેટલા ઉંચા હોય ?

ઉ૦ જન્માભિષેકમાં દેવોના શરીરો અભિષેક કરતા જિનેશ્વરના કાળના મનુષ્યના શરીર જેવડા હોય એમ સંભવે છે. ॥ ૨-૪-૮-૫૫ ॥ ૧૯૧ ॥

પ્ર૦ કલ્પસૂત્રમાં ચોમાસામાં **सक्कोसं जोयणं भिक्खायरियाए गंतु पडिनियत्तए**-

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



" પાંચ ગાઉ ભિક્ષાચર્યાના માટે જઈ આવવું કલ્પે "

એમ પાઠ છે. તે અનુસારે ચૈત્ય અને ગુરુવંદન માટે જઈ આવવું કલ્પે ? કે નહિ ?

ઉ૦ **भिक्खायरियाए** એ પદ અન્યનું સૂચક છે. તેથી ચૈત્યઃગુરુ-વંદન માટે જઈ આવવું કલ્પે છે. કેમકે **આવશ્યક હારિભદ્રી ટીકામાં દ્વિક્રિયાનિન્હવે** શરદકાળમાં નદી ઉતરવા પૂર્વક ગુરુવંદન આદિ કરેલું દેખાય છે. પરંતુ પ્રવૃત્તિ નથીઃ ॥ ૨-૪-૯-૫૬ ॥ ૧૯૨ ॥

પ્ર૦ તમામ પચ્ચક્ખાણોમાં **अन्नत्थऽणा भोगेणं** આ આગાર કહેલો છે. પરંતુ **पाणस्स लेवेण वा** ઈત્યાદિકમાં કેમ ન કહ્યો ?

ઉ૦ **पाणस्स लेवेण वा**—આ પચ્ચક્ખાણમાં તે આગાર કહેવાતો નથી, તેનું કારણ શાસ્ત્રમાં જોયાનું સાંભરતું નથી. **ષડાવશ્યકસૂત્રમાં** પણ તે આગાર વિનાજ **પાણસ્સનો** પાઠ દેખાય છે. ॥ ૨-૪-૧૦-૫૭ ॥ ૧૯૩ ॥

પ્ર૦ **મહાનિશીથના** યોગ વહ્યા વગરના સાધુ પાસે શ્રાવિકા ઉપધાનની ક્રિયા શરીરની અસજઝાયમાં કરી શકે ? કે નહિ ?

ઉ૦ અંતરાય છતાં પણ શ્રાવિકાને **મહાનિશીથના** યોગવાળા પાસેજ ઉપધાન ક્રિયા કરવી પડે. બીજા પાસે ન થાય. ॥ ૨-૪-૧૧-૫૮ ॥ ૧૯૪ ॥

પ્ર૦ તીર્થંકરદેવોનું ચતુર્મુખપણું સમવસરણ સિવાયની દેશનામાં હોય ? કે નહિ ?

ઉ૦ **दानशील तपोभाव०** આ શ્લોકની ટીકાના અનુસારે સમ-વસરણમાં દેશના અવસરે તીર્થંકર દેવોનું ચાર મુખપણું સંભવે છે [ તે સિવાય ચાર મુખે દેશના હોતી નથી. ] ॥ ૨-૪-૧૨ -૫૯ ॥ ૧૯૫ ॥

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્ર૦ તિર્યંચ અને મનુષ્યોને લેશ્યાની સ્થિતિ અંતર્મુહૂર્તની હોય છે, એજ પ્રકારે યુગલીયાઓને પણ લેશ્યા સ્થિતિકાલ હોય? કે ભિન્ન હોય?

ઉ૦ યુગલીઆઓને પણ સામાન્ય તિર્યંચ મનુષ્યની પેઠે લેશ્યાસ્થિતિ કાલ અંતર્મુહૂર્તનો હોય, એમ **પન્નવણાસૂત્રની ટીકા** વિગેરેમાં કહેલ છે. ॥ ૨–૪–૧૩–૬૦ ॥ ૧૯૬ ॥

પ્ર૦ જેમ સૂક્ષ્મ નિગોદના ક્ષુલ્લક ભવો કહેવાય છે. તેમ બાદર નિગોદના ક્ષુલ્લક ભવો કહેવાય કે નહિ?

ઉ૦ સૂક્ષ્મ નિગોદની પેઠે બાદર નિગોદના પણ ક્ષુલ્લક ભવો સંભવે છે ॥ ૨–૪–૧૪–૬૧ ॥ ૧૯૭ ॥

પ્ર૦ **સંગ્રહણીસૂત્રમાં મનુષ્યદ્વારમાં**

**गब्भे मुहुत्त बारस इअरे चउवीस विरह उक्कोसो–**

ગર્ભજ મનુષ્યનો ૧૨ મુહૂર્ત અને સંમૂર્છિમ મનુષ્યનો ૨૪ મુહૂર્તનો ઉત્કૃષ્ટથી વિરહકાલ હોય છે.”

એમ છે, તો સતત ગર્ભજ મનુષ્ય છતાં સંમૂર્છિમ મનુષ્યનો વિરહકાલ કેમ સંભવે?

ઉ૦ ગર્ભજ મનુષ્યો નિરંતર હોય, છતાં પણ સંમૂર્છિમ મનુષ્યોનો ૨૪ મુહુર્તનો વિરહકાલ કોઇ અવસરે સંભવે છે. કેમકે–પહેલાં ઉત્પન્ન થયેલાનો અંતર્મુહુર્તકાલ પૂરો થયે છતે, નવા ઉત્પન્ન ન થાય તેવો કોઈ કાળ આવી જાય છે. તે વખતે એક પણ હોય નહિ, માટે ઘટે છે, એમ **જીવસમાસ ટીકામાં** કહ્યું છે. ॥ ૨–૪–૧૫–૬૨ ॥ ૧૯૮ ॥

પ્ર૦ ક્ષુલ્લકભવના વિચારમાં ૨૫૬ આવલીકાઓએ, અને ૩૭૭૩ અંશોએ, એક ક્ષુલ્લકભવ બતાવ્યો છે. અને એક આવલીકાના



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૩૭૭૩ અંશો બતાવ્યા. તો આ બે ઠેકાણે બતાવેલ. ૩૭૭૩ અંશોનું કાળ માન કેટલું જાણવું ?

ઉ૦ આવલીકાએ માપેલ ક્ષુલ્લકભવના વિચારમાં–શ્વાસોચ્છ્વાસ અને મુહૂર્તાદિકમાં ક્ષુલ્લકભવો અને આવલિકાઓની સંખ્યા કરવાને ઈચ્છેલી છે, અને ૩૭૭૩ શ્વાસોચ્છ્વાસે એક મુહૂર્ત થાય છે, તેથી ગણત્રીની સુલભતાને માટે ૩૭૭૩ નો ભાજકરાશિ કલ્પી કાઢયો છે, હવે તે બંન્નેય ઠેકાણાના અંશોનું કાળમાન જુદુ છે. આવલીકાના ૩૭૭૩ અંશોનું કાળમાન અસંખ્યાતા સમય છે, અને ક્ષુલ્લકભવના ૩૭૭૩ અંશોનું કાળમાન ૨૫૬ આવલીકા છે. કેમકે–૨૫૬ આવલીકાએ એક ક્ષુલ્લકભવ થાય છે. ॥ ૨–૪–૧૬–૬૩ ॥ ૧૯૯ ॥

પ્ર૦ વીરભગવંતનું ૭૨ વર્ષનું આયુષ કહેલું છે, તે જન્મદીવસથી ? કે ગર્ભની ઉત્પત્તિથી ? કેમકે–તેનો વિચાર કરતાં મેળ ખાતો નથી, માટે કેવી રીતે છે ?

ઉ૦ જન્મોતરી વિગેરેની અપેક્ષાએ તો જન્મથી છે, પણ પરમાર્થથી તો ગર્ભની ઉત્પત્તિથી ગણાય છે. બતાવેલ ૭૨ ના આંકમાં તો ન્યૂન અથવા અધિક માસ દીવસોની વિવક્ષા કરી નથી, તેથી વિસંવાદ આવતો નથી. ॥ ૨–૪–૧૭–૬૪ ॥ ૨૦૦ ॥

પ્ર૦ અણહારી વસ્તુઓમાં લિંબડા વિગેરેને ગણાવ્યા છે, તો લીલું હોવા છતાં તે અણહારીમાં લેવું કલ્પે ? કે નહિ ?

ઉ૦ અણહારીમાં લીલા લીંબડા વિગેરે પણ કલ્પે છે. ॥ ૨–૪–૧૮–૬૫ ॥ ૨૦૧ ॥

પ્ર૦ વડઃ આકડાઃ પંચાંગુળના ( મોટા ) પાંદડાઓ તોડેલા હોય કે પોતાની મેળે ખરી પડેલા હોય, તે મુહૂર્ત પછી અચિત્ત થાય ? કે નહિ ?

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**ઉ૦ बिंटंमि मिलायंमि नायव्वं जीव-विप्पजढं-**

" ડીટીઉં કરમાઈ જાય, ત્યારે તે પાંદડા જીવરહિત જાણવા."

આ વચનથી તોડેલા હોય, કે સ્વયં પડી ગયા હોય, તે પાંદડાં અચિત્ત થાય છે, પરંતુ કાળનિયમ બતાવ્યો નથી. ૨-૪-૧૯-૬૬ ॥ ૨૦૨ ॥

**પ્ર૦ मज्जे महुम्मि मंसंमि, नवणीयंमि चउत्थए ।**
**उप्पज्जंति असंखा, तव्वण्गा तत्थ जंतुणो ॥ १ ॥**

મદિરા, મધ, માંસ અને માખણમાં અસંખ્યાતા જીવો તે વર્ણવાળા ઉપજે છે, આ ચારમાં જે જીવો ઉપજે તે કેટલી ઇંદ્રિયવાળા હોય ?

ઉ૦ મદિરાઃ મધઃ અને માંખણઃમાં બેઇંદ્રય જીવો ઉપજે, અને માંસમાં બાદરનિગોદ રૂપ એકેન્દ્રિયો અને બેઇંદ્રિયો ઉપજે, અને મનુષ્ય માંસમાં તો બાદરનિગોદ એકેન્દ્રીયો અને બેઇન્દ્રીયો અને સંમૂર્ચ્છિમ પંચેન્દ્રિય મનુષ્ય ઉપજે છે, એમ શાસ્ત્રવચન મુજબ સંભવે છે. ॥ ૨-૪-૨૦-૬૭ ॥ ૨૦૩ ॥

પ્ર૦ માંસના અધિકારમાં **યોગશાસ્ત્રમાં** કહ્યું કે-માંસમાં તરતજ સંમૂર્છિમ અનન્ત જીવો ઉપજે છે, તો તે અનન્ત જીવો કયા ?

ઉ૦ નિગોદજીવો અનન્તા ઉપજે, એમ **યોગશાસ્ત્રમાં** કહેલું છે. ॥ ૨-૪-૨૧-૬૮ ॥ ૨૦૪

**પ્ર૦ संसज्जीव-संघातं भुञ्जाना निशि भोजनं०**

રાત્રે જીવ સમુહના સંસર્ગવાળું ભોજન કરનારા મૂઢો રાક્ષસો થકી અધિક કેમ ન ગણાય ?

આ શ્લોકથી કેટલાકો ચારે આહરોને સરખા જીવ સંસર્ગવાળા કહે છે, પરંતુ આમાં કાંઈ ફેરફાર હોય ? કે નહિ.

ઉ૦ જીવોનું ઉપજવું ચારે આહારોમાં પણ સરખું હોતું નથી. ॥ ૨-૪-૨૨-૬૯ ॥ ૨૦૫॥

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**પ્ર૦** પૌષધ ઉચ્ચરવાના પાઠમાં **देसओ** એ પદ આહારપૌષધમાંજ બોલાય છે, પણ શરીર સત્કાર વિગેરેમાં બોલાતું નથી, તેથી પોતાના શરીરનું વૈયાવચ્ચઃ વિલેપનઃ આદિ પોતે કરવું, કે બીજા પાસે કરાવવું કલ્પે ? કે નહિ ?

**ઉ૦** પોસાતીયોને કારણ સિવાય વિલેપન વિગેરે પોતે કરવું કે બીજા પાસે કરાવવું કલ્પે નહિ, જો કોઇ બીજો ભક્તિથી કરે, તો કલ્પે પણ છે. ॥ ૨-૪-૨૩-૭૦ ॥ ૨૦૬ ॥

**પ્ર૦** દેવોને અવધિ વિગેરે જ્ઞાન હોવાથી પૂર્વ ભવમાં ભણેલ અથવા નહિં ભણેલ ચૌદ પૂર્વ વિગેરે શ્રુત સંભવે ? કે નહિ ?

**ઉ૦** દેવોને અવધિજ્ઞાન આદિ હોવાથી પ્રાયે કરી અગીઆર અંગનું જ્ઞાન સાંભરે છે. બાકીનું સ્મરણ હોતું નથી. કેમકે—**મહા ભાષ્યમાં** તથા **ટીકામાં** કહ્યું છે કે—

**चोद्दस पुव्वीमणुओ, देवत्ते तं न संभरइ सव्वं ।**
**देसंमि होइ भयणा, सट्ठाणभवे उ भयणा उ ॥ १ ॥**

"અહીં કોઈક ચૌદ પૂર્વી સાધુ કાળધર્મ પામીને દેવલોક ગયા, ત્યાં તેને પૂર્વભવમાં ભણેલ શ્રુત બધું સાંભરતું નથી, પણ એકદેશ—એટલે અગીઆર અંગનું જ્ઞાન સાંભરે છે." એમ **कल्पचूर्णिनुं** કહેવું છે.

**કોટચાચાર્યનું** વ્યાખ્યાન તો—"**દેશ** સૂત્રનો અર્થ અથવા દેશ—સૂત્ર માત્ર વિગેરે સંભારે છે." આ વ્યાખ્યાન **પૂર્વગત** સૂત્રની અપેક્ષાએ સંભવે છે, નહિંતર તો **बृहत् कल्पसूत्रनी** સાથે વિરોધ થઇ જાય. ૧૧ અંગોમાં પણ ભજના છે, એટલે સાંભરે યે ખરા, અને ન પણ સાંભરે, ચાલુ ભવમાં પણ ભજના છે, કેમકે—કોઈકને મિથ્યાત્વ વિગેરેની પ્રાપ્તિ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થઈ જાય, તો શ્રુતજ્ઞાન તેજ ભવમાં પડી જાય છે, અને કોઈકને તેવું કારણ ન હોય, તો પડતા નથી. આ પ્રકારે **વિશેષાવશ્યકની મલધારી શ્રી હેમચંદ્રસૂરિની** કરેલી ટીકામાં છે. ॥ ૨–૪–૨૪–૭૧ ॥ ૨૦૭ ॥

**પ્ર૦** સિદ્ધ શિલા ઉપરનું યોજન, પ્રમાણાંગુલના માપથી ? કે કોઈ બીજાથી ગણાય ?

**ઉ૦** તે યોજન ઉત્સેધ અંગુલથી મપાય છે, પણ પ્રમાણ અંગુલથી નહિં, એમ જાણવું ॥ ૨–૪–૨૫–૭૨ ॥ ૨૦૮ ॥

**પ્ર૦** દેવલોકના પુસ્તકમાં કેવી લિપિ છે? અને તે પુસ્તકનું શું નામ છે?

**ઉ૦** તે પુસ્તકોની લિપિ ત્યાંના વ્યવહારને આશ્રયીને સંભવે છે, અને તેનું નામ કોઈ ઠેકાણે પણ દેખ્યું નથી. ॥ ૨–૪–૨૬–૭૩ ॥ ૨૦૯ ॥

**પ્ર૦** કોઈ નવા સાધુની દીક્ષા **શ્રીહીરવિજય સૂરિશ્વરજી** પાસે થઈ, અને અચિત્તરજ ઉડ્ડાવણીનો કાઉસ્સગ કરાવવો ભૂલી ગયા. તો ફેર દીક્ષા આપીને **આવશ્યક** વિગેરેના યોગ કરાવવા અને વડી દીક્ષા આપવી કલ્પે ? કે નહિ ?

**ઉ૦** ગચ્છ નાયક પાસેની દીક્ષા વખતે તે કાઉસ્સગ ભુલી જવાયો હોય, તો ફેર ગચ્છનાયક પાસે દીક્ષા કર્યા વિના યોગની ક્રિયા અને વડી દીક્ષા કરવી સુઝે નહિં. ॥ ૨–૪–૨૭–૭૪ ॥ ૨૧૦ ॥

**પ્ર૦** વહોરેલા પાત્રા ફરી લેપ્યા હોય, તો ચોમાસામાં વાપરવા કલ્પે? કે નહિ ?

**ઉ૦** પ્રથમ વહોરેલા ફરી લેપેલા પાત્રા ચોમાસામાં વાપરવા કલ્પે છે. ॥ ૨–૪-૨૮–૭૫ ॥ ૨૧૧ ॥

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્ર૦ શય્યાતરના ઘરનો આહાર લીધો હોય, તેને આયંબિલનું પ્રાયશ્ચિત્ત અપાય છે, તો તે આહાર વાપરવાવાળાને પણ અપાય? કે નહિ?

ઉ૦ ગ્રંથમાં શય્યાતર પીંડ ભોગે સામાન્યથી આયંબિલ કહ્યું છે, પરંતુ હમણા તો પરંપરાએ તેના ગ્રાહકને આંબિલ અપાય છે. ॥ ૨–૪–૨૯–૭૬–૨૧૨ ॥

પ્ર૦ વસ્તિનો માલિક દેવલોક થઇ ગયો હોય, તો કોણ શય્યાતર ગણાય ?

ઉ૦ વસ્તિનો માલિક થઇને જે સાચવે, તે શય્યાતર થાય. ॥ ૨–૪–૩૦–૭૭–૨૧૩ ॥

પ્ર૦ ઉપાશ્રયમાં જેણે વળીઓ થાંભલા, ચંદરવા, મૂકયા હોય, તે શય્યાતર ગણાય? કે ભૂમિનો માલિક શય્યાતર ગણાય?

ઉ૦ શાસ્ત્ર મુજબ બધા શય્યાતર ગણાય, પણ હાલ તો શ્રાવકોએ જેટલા શય્યાતર કરવાના નામ લખ્યા હોય, તે કરાય છે. ॥ ૨–૪–૩૧–૭૮ ॥ ૨૧૪ ॥

પ્ર૦ કોઈએ ઉપાશ્રય નિમિત્તે ધન ખરચ્યું, તેને ચાર પૂત્રો હોય, તે સ્વર્ગવાસ પામ્યો, અને પુત્રો જુદા પડયા, તો તે બધા શય્યાતર થાય? કે તેમાંથી એક શય્યાતર થાય?

ઉ૦ જેટલા તેના માલિક હોય, તે બધા શય્યાતર થાય. ॥ ૨–૪–૩૨–૭૯ ॥ ૨૧૫ ॥

પ્ર૦ "**પાંસરૂ**" એટલે તાંબાના વાસણમાં નાંખેલું દુધ ખાવામાં દોષ છે? કે નહિ?

ઉ૦ લોકમાં દોષ સંભળાય છે, પણ આપણા ગ્રંથ અનુસારે નથી. ॥ ૨–૪–૩૩–૮૦ ॥ ૨૧૬ ॥

પ્ર૦ છટ્ઠ કરવાની શક્તિ ન હોય, તો પાંચમનો ઉપવાસ પાંચમે કરાય? કે સંવચ્છરીની ચોથમાં કરાય?

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉ૦ શક્તિના અભાવમાં પર્યુષણાની ચોથે ઉપવાસ કરવાથી સરે છે. કેમકે–**શ્રીહીરવિજય સૂરીશ્વરે** પ્રસાદી કરેલ **પ્રશ્ન સમુચ્ચય** ગ્રંથમાં તેજ પ્રમાણે કહેલ છે. ॥ ૨–૪–૩૪–૮૧ ॥ ૨૧૭ ॥

પ્ર૦ "જેમ માણા વિગેરે માપોએ કોઈક પુરુષ સર્વધાન્ય માપે, તેમ અસદ્‌ભાવ કલ્પનાની પ્રરૂપણાએ કરી લોક જેવડા માપે કરીને કોઈ અજઘન્ય ઉત્કૃષ્ટ અવગાહનાવાળા પૃથ્વીકાય જીવોને જો માપે, તો પૃથ્વીકાય જીવો અસંખ્યાતા લોકોને પૂરે છે." એમ **આચારાંગના પહેલા શ્રુતસ્કંધમાં પહેલા અધ્યયના બીજા ઉદ્દેશાની ટીકામાં કહ્યું છે.** તો ચાર થાવરોનું શરીર અંગુલના અસંખ્યાતમા ભાગ જેટલું કહ્યું છે, માટે–તે પૃથ્વીકાય જીવો અસંખ્ય લોકોને કેવી રીતીએ પુરી શકે ?

ઉ૦ પ્રસ્થ એટલે માણા વિગેરેના દૃષ્ટાંતમાં સામાન્ય વાત કહી છે. પણ દરેક આકાશ પ્રદેશે એક પૃથ્વીકાય જીવને થાપવાની કલ્પનાએ લોકરૂપ પાલો ભરવામા આવે, તો અસંખ્યાત લોકોને ભરી દે, એમ સંભવે છે. જો એમ નહિ લઇએ, તો **પન્નવણા ટીકા** વિગેરે બીજા ગ્રંથો સાથે વિરોધ આવે, એમ જાણવું. ॥ ૨–૪–૩૫–૮૨–૨૧૮ ॥

પ્ર૦ તિર્યંચોઃ વૈક્રિય શરીર બનાવે, તે મૂલ શરીર સાથે સબંધવાળું હોય ? કે અસંબંધવાળું હોય ?

ઉ૦ સંબંધવાળું હોય, અને અસંબંધવાળુંયે હોય છે. ॥ ૨–૪–૩૬–૮૩ ॥ ૨૧૯ ॥

પ્ર૦ જ્ઞાનદ્રવ્યઃ દેવકાર્યમાં કામ લાગે કે નહિ ? જો દેવકાર્યમાં ઉપયોગ થતો હોય, તો દેવપૂજામાં ઉપયોગ થાય ? કે પ્રાસાદ વિગેરેમાં થાય ?

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉ૦ "દેવદ્રવ્યઃ ફક્ત દેવના કાર્યમાં વપરાય. અને જ્ઞાનદ્રવ્યઃ જ્ઞાનમાં તથા દેવકાર્યમાં વપરાય. અને સાધારણ દ્રવ્ય સાતેય ક્ષેત્રમાં કામ આવેઃ" એમ **જૈન સિદ્ધાંત છે.** આવું **ઉપદેશ સપ્તતિકામાં** છેલ્લા ભાગમાં કહ્યું છે. માટે તે અનુસારે જ્ઞાનદ્રવ્ય. જ્ઞાનમાં, અને દેવપૂજામાં, તથા દેરાસરના કાર્ય વિગેરેમાં, ઉપયોગી થાય છે. ॥ ૨-૪-૩૭-૮૪ ॥ ૨૨૦ ॥

પ્ર૦ **સૌધર્મ** વિગેરે દેવોઃ "મનુષ્ય અને તિર્યંચમાં-અમો અમુક સ્થળે ઉપજીશું" એમ જાણે? કે નહિ?

ઉ૦ તેવા પ્રકારનું જ્ઞાન હોય તો કોઇક જાણે, અને તેવું જ્ઞાન ન હોય તો ન જાણે. ॥ ૨-૪-૩૮-૮૫ ॥૨૨૧॥

પ્ર૦ પ્રભાતે પ્રતિક્રમણમાં તપચિંતામણિના કાઉસ્સગમાં "ઉપવાસ વિગેરે અમુક તપ હું કરીશ" એમ ચિંતવીને કાઉસ્સગ પારે. પછવાડે કોઇકના આગ્રહથી ચિંતવેલ તપ થકી ઓછું તપ કરે, તો તેને પચ્ચખાણનો ભંગ થાય કે નહિ?

ઉ૦ તેને પચ્ચખાણનો ભંગ લાગે નહિ. ॥ ૨-૪-૩૯-૮૬-૨૨૨

પ્ર૦ નિયાણું બાંધ્યું હોય, તો સ્ત્રીરત્ન થાય? કે બાંધ્યા વિના પણ થાય?

ઉ૦ સ્ત્રીરત્ન બંન્નેય પ્રકારે થાય. કેમકે આ બાબત વિશેષ કહ્યું નથી. ॥ ૨-૪-૪૦-૮૭ ॥ ૨૨૩ ॥

પ્ર૦ દેશવિરતિ થકી ચક્રીપદ પમાય કે નહિ? તેમજ ચક્રવર્તિને ગૃહસ્થપણામાં દેશવિરતિ હોય? કે નહિ?

ઉ૦ દેશવિરતિથી ચક્રીપદ મળે કે નહિ? તેવો નિશ્ચય જાણ્યો નથીઃ તેમજ ચક્રવર્તિઓને મહાપરિગ્રહ હોવાથી દેશવિરતિની પ્રાપ્તિ ન થાય. ॥૨-૪-૪૧-૮૮ ॥૨૨૪॥

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્ર૦ ગણધરોની જુદી જુદી વાચના છે, છતાં તેઓને સાંભોગિકપણું હોય? કે નહિ? અને સામાચારી વિગેરેમાં ભેદ હોય? કે નહિ? (એક માંડલીએ આહાર કરવો વિગેરે બાબતોમાં એકપણું. તે સંભોગ કહેવાય).

ઉ૦ ગણધર મહારાજાઓને માંહોમાંહે વાચનાનો ભેદ હોવાથી સામાચારીનો પણ કાંઇક ભેદ સંભવે છે, અને તે ભેદ હોવાથી કાંઇક અસાંભોગિકપણું પણ સંભવે છે. ॥૨-૪-૪૨-૮૯॥ ૨૨૫॥

પ્ર૦ જિનકલ્પીઓ તેજ ભવમાં મોક્ષે જાય? કે નહિ? જો ન જતાં હોય? તો તેનું કારણ શું?

ઉ૦ જિનકલ્પીઓ તેજ ભવમાં મોક્ષ જતા નથી. કેમકે

**न करिंति आगमं ते, इत्थीवज्जो उ वेद इक्कतरो**
**पुव्वपडिवन्नओ पुण, होज्ज सवेओ अवेओ वा ॥१॥**

અપૂર્વ અધ્યયન કરતા નથી, પૂર્વ ભણેલ શ્રુતને તો ભૂલી ન જવાય, માટે એકાગ્રમને રૂડી પ્રકારે સંભાર્યા કરે છે. અને તેઓને જિનકલ્પના સ્વીકાર વખતે સ્ત્રી વેદને વર્જીને બેમાંથી એક વેદ પુરુષવેદઃ અથવા અસંક્લિષ્ટ નપુંસક વેદ હોયઃ અને જેણે પહેલાં સ્વીકાર કર્યો હોય, તે તો વેદવાળો હોય અથવા વેદ વિનાનો હોયઃ જિનકલ્પીને તેજ ભવમાં કેવલજ્ઞાનનો નિષેધ છે, તેથી ઉપશમ શ્રેણીમાં વેદ દબાઇ જવાથી તે અવેદિપણું હોયઃ તે વાત **બૃહત્કલ્પ ટીકામાં** કહેલી છે-કે—

**उवसमसेढोए खलु, वेदे उवसामिअंमि उ अवेदो।**
**न उ खविए तज्जम्मे, केवलपडिसेहभावाओ ॥१॥**

ઉપશમ શ્રેણીમાં વેદ શાંત થયો તેથી જિનકલ્પી અવેદી હોય છે. પણ વેદનો ક્ષય તેને ન થાયઃ કેમકે-તે જન્મમાં કેવલ-

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જ્ઞાનનો નિષેધ છે. અને બીજા કાળમાં સવેદી હોય છે.
૨-૪-૪૩-૯૦ ॥ ૨૨૬ ॥

પ્ર૦ ભાવિ બીજા અને ત્રીજા તીર્થંકર થનાર **ઉદાયી** અને **સુપાર્શ્વના** જીવને આંતરૂં થોડું હોવાથી વૈમાનિક દેવની ગતિ સંભવતી નથી, અને તેવા મહાનુભાવોને નરકગતિ થઈ હોય તેમ મનાતું નથીઃ અને ભુવનપતિ વિગેરેમાં ગયા હોય; તેમ પણ ન મનાય, કારણ કે ભુવનપતિ વિગેરેથી આવેલ તીર્થંકર થાય નહિ, તેથી આ બાબતમાં શું સમજવું ?

ઉ૦ **ઉદાયી** અને **સુપાર્શ્વનો** જીવ. કઈ ગતિમાં ગયા ? તે શાસ્ત્રમાં સાંભળવામાં આવ્યું નથી, માટે તે સ્વરૂપ તો સર્વજ્ઞ ભગવાન જાણે. ॥ ૨-૪-૪૪-૯૧ ॥ ૨૨૭ ॥

પ્ર૦ આંબળાઃ પિંપરીમૂળઃ કેરાઃ જીરામિશ્રિત વસ્તુ, પીપરઃ અને હરડે. આ વસ્તુઓ આયંબિલમાં કલ્પે કે નહિ ?

ઉ૦ આ વસ્તુઓ ગૃહસ્થોને આયંબિલમાં કલ્પે નહિ, સાધુઓને તો જીરાવાળા પાપડ વિગેરે કલ્પે પણ છે. એમ પ્રવૃત્તિ છે.
॥ ૨-૪-૪૫-૯૨ ॥ ૨૨૮

પ્ર૦ જેમ આ **ભરત**ક્ષેત્રમાં **વીર** ભગવંતના જન્મ નક્ષત્રે **ભસ્મગ્રહ** આવેલ છે, તેમ બીજા ક્ષેત્રોમાં તીર્થંકરના જન્મનક્ષત્રમાં તે આવ્યો છે કે નહિ ? તેમજ અહીં બહુ **કુમતો** છે, તેમ બીજે છે ? કે નહિં ?

ઉ૦ દશેય ક્ષેત્રોમાં ભગવાનના ચ્યવન વિગેરે કલ્યાણકો એકજ નક્ષત્રમાં થાય છે એમ **આગમમાં** કહેલ છે માટે **ભસ્મગ્રહનું** સંક્રમણ સર્વ ઠેકાણે સરખું જ છે. ॥ ૨-૪-૪૬-૯૩ ॥ ૨૨૯

પ્ર૦ આ દશેય આશ્ચર્યો ભરતક્ષેત્રમાં છે ? કે દશેય ક્ષેત્રોમાં છે ?

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉ૦ દશેય ક્ષેત્રોમાં દશ દશ આશ્ચર્યો હોય છે, તેમાં કેટલાક એજ હોય છે, અને કેટલાક જુદા હોય છે. ॥૨–૪–૪૭–૯૪॥ ૨૩૦

પ્ર૦ ફટકડીઃ હિંગલોકઃ અને સૈન્ધવઃ સચિત્ત હોય ? કે અચિત્ત હોય ?

ઉ૦ ફટકડીઃ અને સૈન્ધવઃ દૂર દેશથી આવેલ હોવાથી અચિત્ત જ હોયઃ અને હિંગલોક તો દૂરથી આવેલ અને **અકમીપુરમાં** બનેલ ફાસુ છે. પરંતુ આચરણાથી તો સંસ્કાર કરેલો હોય તેજ ગ્રહણ કરાય છે. ॥ ૨–૪–૪૮–૯૫ ॥ ૨૩૧

## ૫

# પંડિત હાપર્ષિગણિકૃત પ્રશ્નોત્તરો

પ્ર૦ **મેરુપર્વતમાં** વિકલેન્દ્રિય જીવોનો સદ્ભાવ છે ? કે નહિ ?

ઉ૦ **कहिणं भंते ! बेंदियाणं पज्जत्तापज्जत्ताणं ठाणा पन्नत्ता ? गोअमा ! उड्ढलोए, तदेक्कदेसभाए.–**

" હે **ભગવન્** ! પર્યાપ્તઃ અપર્યાપ્તઃ બે ઇન્દ્રિય જીવોના સ્થાનો ક્યાં કહેલાં છે ? " હે **ગૌતમ** ! **ઉર્ધ્વલોકમાં** તેના એક દેશ ભાગમાંઃ

આ પ્રકારે **પન્નવણા સૂત્રમાં** છે. **તદેકદેશભાગ** એટલે " મેરુપર્વતની વાવડી વિગેરેમાં " ઈત્યાદિ, આ પ્રકારે તેઇંદ્રિય વિગેરેના સૂત્રો પણ જાણી લેવા. આ પાઠને અનુસરીને **મેરુ** પર્વતમાં બેઇંદ્રિય વિગેરે હોયઃ એમ સંભવે છે.

॥ ૨–૫–૧–૯૬ ॥ ૨૩૨

પ્ર૦ **સૌધર્મઃ** વિગેરે દેવલોકમાં વાવડીના કમલો વનસ્પતિરૂપ હોય ? કે કાંઇ બીજા રૂપે હોય ?

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉ૦ **कहिणं भंते ! बादरवणस्सइकाइयाणं पज्जत्तगाणं ठाणा पन्नत्ता ?**

**गोअमा ! उड्ढलोए कप्पेसु विमाणेसु विमाणावलिआसु विमाणपत्थडेसु——**

**હે ભગવન્** । પર્યાપ્તાબાદર વનસ્પતિ જીવના સ્થાનકો કયાં કહ્યાં છે ?

**હે ગૌતમ !** ઉર્ધ્વલોકમાંઃ કલ્પોમાંઃ વિમાનોમાંઃ વિમાનની શ્રેણીઓમાંઃ વિમાનના પાથડાઓમાંઃ કહ્યા છે.

આ વચન અનુસારે દેવલોકમાં વનસ્પતિ છે તેથી વાવડીના કેટલાક કમલોનું વનસ્પતિપણું હોય તો જ તે વાત સંભવે છે. ॥ ૨–૫–૨–૯૭ ॥ ૨૩૩ ॥

પ્ર૦ જે ભવ્યજીવો વ્યવહારી બન્યા તેઓને મોક્ષની પ્રાપ્તિમાં કાળ-નિયમ છે ? કે નહિ ?

ઉ૦ ભવ્ય જીવોને વ્યવહારી થયા પછી **ભવભાવના ગ્રંથને** અનુસારે વધારેમાં વધારે **અનન્ત પુદ્ગલપરાવર્તન** કાલ ભમ્યા પછી મોક્ષની પ્રાપ્તિ દેખાય છે. ॥ ૨–૫–૩–૯૮ ॥ ૨૩૪ ॥

પ્ર૦ દેવલોકમાં મિથ્યાત્વી દેવદેવીનો કેવો આચાર હોય ?

ઉ૦ જેમ સમકીતિ દેવોને **સિદ્ધાયતનમાં જિનેશ્વરની** પૂજા વિગેરે પ્રવૃત્તિ હોય છે તેમ, મિથ્યાત્વી દેવદેવીને તે જ વિમાનોમાં રહેલ **નાગ** વિગેરેની પડિમાની પૂજા કરવી વિગેરે આચાર સંભવે છે. ॥ ૨–૫–૪–૯૯ ॥ ૨૩૫ ॥

પ્ર૦ **સરસ્વતી** દેવી બ્રહ્મચારી છે કે નહિ ?

ઉ૦ **ક્ષેત્ર સમાસની ટીકા** અને **ભગવતીસૂત્રને** અનુસારે સરસ્વતી દેવીઃ વ્યન્તરના ઈંદ્ર **ગીતરતિની** અગ્રમહિષી છેઃ એમ જણાય છે, તેથી તે બ્રહ્મચારી કહેવાતી નથી.

॥ ૨–૫–૫–૧૦૦ ॥ ૨૩૬ ॥

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્ર૦ વિના કારણે પણ સદોષ ભોજન કરનારને જઘન્યથી પણ ચારિત્ર હોય? કે નહિ?

ઉ૦ " જે કાંઇ પણ દોષિત ભોજન શ્રાવિકાએ આપવા ઇચ્છ્યું હોય, તે એકથી બીજે એમ હજાર ઘરે પહોંચ્યું હોય, તે સાધુ લે, તો દુષ્પક્ષને સેવે છે." ઇત્યાદિક **સૂયડાંગસૂત્ર** વિગેરેના વચન પ્રમાણથી મુખ્યતાએ વિનાકારણે સદોષ ભોજીને ચારિત્ર હોય નહિ. પરંતુ સશુક: નિશુક: પરિણામ ભેદે કરીને અને ગંભીર અને અગંભીર કારણપણું અને વિના કારણપણું હોવાથી: કેટલાકોને કથંચિત્ હોય પણ, અને ન યે હોય: આજ કારણથી પાસથ્થા વિગેરેનો દેશ: અને સર્વ: ભેદે ઘણો અધિકાર **સિદ્ધાન્તમાં** કહેલ છે. ॥ ૨–૫–૬–૧૦૧ ॥ ૨૩૭

પ્ર૦ જે યોનિમાં મનુષ્ય ઉપજે છે, તેમાં બેઇંદ્રિય વિગેરે ઉપજે છે, તેથી **યોનિસંકર** દોષ હોય કે નહિ?

ઉ૦ મનુષ્ય અને બેઇંદ્રીય વિગેરેની એક યોનિ છતાં પણ પોતપોતાની જાતિમાં યોનિના એકપણાનો વ્યવહાર છે. પણ ભિન્ન જાતિમાં નથી, માટે જ–છાણા વિગેરેમાં ઉપજેલા ઘણા બેઇંદ્રિયાદિ કુલોને પોતાની જાતિની અપેક્ષાએ એક યોનિપણું છે, અને ભિન્ન જાતિવાળાઓને પણ પોતાની જાતિની અપેક્ષાએ એક યોનિ છે, તેથી **સંકરદોષ** આવતો નથી.

॥ ૨–૫–૭–૧૦૨ ॥ ૨૩૮

પ્ર૦ યોગોદ્વહનમાં રાત્રિએ અણહારી વસ્તુ લેવી કલ્પે કે નહિ?

ઉ૦ યોગવાળાને રાત્રિએ **સંઘટ્ટો** ન હોવાથી કાંઇ પણ લેવું કલ્પે નહિ. **સંઘટ્ટો** રાત્રિએ મૂકી દીધેલ હોય અને સવારે **પવેણાની** ક્રિયા પછી લેવાય છે. ॥ ૨–૫–૮–૧૦૩ ॥ ૨૩૯ ॥

પ્ર૦ દેવોને ઘણી **કુળકોટી** બતાવી છે, તેમાં કેવા જીવો હોય?

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉ૦ જેમ મનુષ્યોમાં ઇક્ષ્વાકુ કુલો વિગેરેનું અનિયતપણું હોવાથી સમાન રૂપપણું છતાં પણ **કુળકોટી** સંભવે છે, તેમ દેવોમાં પણ છે, તેથી કાંઈ અસંગતિ નથી. ॥ ૨-૫-૯-૧૦૪ ॥ ૨૪૦

પ્ર૦ સામગ્રી વિના કોઇ પોતાની મેળે ચારિત્ર લીએ, અને પાળે, તો તેને કેવું ફલ થાય ?

ઉ૦ શાસ્ત્રની મર્યાદા મુજબઃ **સ્વયંબુદ્ધઃ** અને **પ્રત્યેકબુદ્ધઃ** સિવાય બીજાને પોતાની મેળે દીક્ષા લેવી કલ્પે નહિઃ પણ સામગ્રીના અભાવે કોઇ વૈરાગ્યથી સ્વયં દીક્ષા લે, અને પાળે, તો **નિર્જરા** વિગેરે ફલ સંભવે છે. ॥ ૨-૫-૧૦-૧૦૫ ॥ ૨૪૧

પ્ર૦ તિર્યંચોને ગુરુ પાસે આલોયણ લીધા વિના શુદ્ધિ થાય છે, તેમ મનુષ્યોને કેમ ન થાય ?

ઉ૦ તેવા પ્રકારની સામગ્રીના અભાવે તિર્યંચને શુદ્ધિ થાય છે, પણ મનુષ્યને તો પ્રાયઃ સામગ્રીની હયાતી છે, માટે આલોયણ લીધા વિના શુદ્ધિ થતી નથીઃ માટે જ ગુરુ આદિ સંયોગ છતાં, તેવા પરિણામવાળા કોઈક કારણથી આલોયણ ન લઈ શક્યા હોય તો પણ **શુદ્ધ** થાય છે, અને છતે જોગે જે લેતા નથી, તેની શુદ્ધિ થતી નથી. કેમકે આલોયણ લેવાના તેને પરિણામ નથી. ॥ ૨-૫-૧૧-૧૦૬ ॥ ૨૪૨

પ્ર૦ વિદિશામાં રહેલ આકાશ પ્રદેશોને દીશામાં રહેલ આકાશ પ્રદેશો ફરસે ? કે નહિ ? જો ફરસતા હોય, તો એક આકાશ પ્રદેશને આઠ પ્રદેશની ફરસના થઈ જાય, અને શાસ્ત્રમાં છ પ્રદેશની સ્પર્શના કહેલી છે, તે દોષ આવેઃ અને જો ન ફરસતા હોય; તો તે બેની વચ્ચે શું હોય ? તે યુક્તિપૂર્વક સમજાવવા કૃપા કરશો ?

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉ૦ દીશાના આકાશ પ્રદેશોને વિદિશાના આકાશ પ્રદેશ સાથે સર્વ પ્રકારે સંબંધ હોતો નથી. દીશાના આકાશ પ્રદેશોએ કરીને જ તેનો છેડો હોય છે, આ અર્થ બે ત્રણ વિગેરે પંક્તિમાં ગોઠવેલી સરખા ખુણાવાળી ચોરસ લાકડીઓ કે ઇંટોએ કરીઃ સુખેથી સમજી શકાય છે. ॥ ૨-૫-૧૨-૧૦૭ ॥ ૨૪૩

## ૬

# પંડિત નગર્ષિગણિકૃત પ્રશ્નોત્તરો

પ્ર૦ ઘઉં વગેરેના લોટની ચપટી નાંખવાથી ઉકાળેલું દૂધ નિવિયાતું થાય ? કે નહિ ?

ઉ૦ ઘઉં વિગેરેના લોટ નાંખ્યા પછી એક રસ થઇ અન્યવર્ણાદિક પામે, તો તે દુધ નિવિયાતું થાય છે ॥૨-૬-૧-૧૦૮॥ ૨૪૪

પ્ર૦ નિવિયાતા દુધથી બનેલું દહીં નિવિયાતું કહેવાય ? કે નહિ ?

ઉ૦ નિવિયાતા દુધથી બનેલું દહીં નિવિયાતું થાય. ॥ ૨-૬-૨-૧૦૯ ॥ ૨૪૫

પ્ર૦ માખણ તાવતી વખતે જ ઘીમાં લોટની ચપટી નાંખી હોય, તો તે ઘી નિવિયાતું ગણાય કે નહિ ?

ઉ૦ તે ઘી નિવિયાતું થતું નથીઃ કેમકે—

**दुद्धदही चतुरंगुले**

" દુધઃ અને દહીંઃ ચોખા વિગેરેમાં ચાર અંગુલ સુધી ઉપર હોય તો નિવિયાતું થાય. "

એમ ભાષ્યનું વચન છે. ॥ ૨-૬-૩-૧૧૦ ॥ ૨૪૬

પ્ર૦ શ્રાવક દેવપૂજા માટે સ્નાન કરે, તે વખત મસ્તક ધોવું જોઇએ ? કે કાંસકીએ વાળ ઓળી લે તો ચાલે ?

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉ૦ "દેવપૂજાને કરવા ઈચ્છતા શ્રાવકે સામગ્રી હોય તો સર્વ અંગે સ્નાન કરવું. અને ન હોય તો કંઠ સુધી સ્નાન કરી કાંકસીએ મસ્તકના વાળ ઓળી લે તો ચાલે છે," એમ **આચાર પ્રદીપમાં** કહ્યું છે ॥ ૨-૬-૪-૧૧૧ ॥ ૨૪૭ ॥

પ્ર૦ **પદ્માવતી** દેવી **ધરણેન્દ્રની** પત્ની છે ? કે અપરિગૃહીતા દેવી છે ?

ઉ૦ **પદ્માવતી ધરણેન્દ્રની** અગ્રપટ્ટરાણી છે. પણ અપરિગૃહીતા દેવી નથી. ॥ ૨-૬-૫-૧૧૨ ॥ ૨૪૮

પ્ર૦ **વીર ભગવંત** ૨૨ મા ભવમાં રાજા થયેલ છે, ૨૩ મા ભવમાં ચક્રી થયા. તો ચક્રવર્તિઓ દેવઃ નારકઃ થકી આવેલા જીવો થાય ? કે બીજેથી આવેલ પણ થાય ?

ઉ૦ **આવશ્યકસૂત્ર** અને **વીરચરિત્ર** વિગેરેના અનુસારે **વીર-ભગવંતનો** જીવ **સિંહભવથી નારકી** થયા, અને ત્યાંથી નીકળીને **તિર્યંચ મનુષ્ય વિગેરે** ભવો ભમીને **ચક્રવર્તિ** થયા છે. રાજાનો ભવ તો સ્તોત્રમાંજ દેખાય છે. બીજે દેખ્યો નથીઃ તેથી આદિ શબ્દનું ગ્રહણ હોવાથી દેવાદિ ભવ પણ સંભવે છે. ॥ ૨-૬-૬-૧૧૩ ॥ ૨૪૯

પ્ર૦ જિનેશ્વરોની ગર્ભસ્થિતિના વિચારમાં '**दु चउत्थत्ति**' આ ગાથાના અધિકારમાં સાતમા જિનેશ્વરના ૮ માસ ૧૯ દીવસઃ તે કેવી રીતે ઘટે ? કેમકે—તે ગાથામાં છ જિનેશ્વરોને આઠ માસ વિગેરે કહ્યું છે અને આ પ્રમાણે તો સાત જિનેશ્વરોના લેવાય છે ?

ઉ૦ તે ગાથામાં **સાતમા સ્થાનકમાં** શેષજિનનું ગ્રહણ કરેલું છે. તેથી "**मासा अडनव**" આ પદમાં છ જિનેશ્વરના આઠ માસ અને બાકીના જિનેશ્વરોના નવ માસ કહેલા છે, તેથી સાતમા જિનેશ્વરના ૯ માસ ૨૧ દિવસ ગર્ભસ્થિતિ છે. એમ [ **સપ્તતિ**

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**સ્થાનક ગ્રંથમાં]** કહ્યું છે. **दु**[१] **चउत्थ**[२] **नवम**[३] **बारस**[४] **तेरस**[५] **पन्नरस**[६] **सेस**[७]**गब्भहिई मासा अडनव**–બીજા–ચોથા–નવમા બારમા–તેરમા અને પંદરમાં આ છ જિનેશ્વરોને, આઠ માસ અને સેસ શબ્દે કરી બાકી રહેલા અઢાર જિનેશ્વરોને, નવમાસ અને ઉપરના દિવસો છે. ॥ ૨–૬–૭–૧૧૪ ॥ ૨૫૦

**પ્ર૦ વીરભગવંતનું આત્માંગુલ, ઉત્સેધાંગુલથી** બમણું કેવી રીતે થાય ? કેમકે–સર્વ જિનેશ્વરો પોતાના અંગુલે ૧૨૦ અંગુલ માન કહ્યા છે, અને **પ્રમાણ** અંગુલના પચાસીઆ એકવીસ ભાગ જેટલું **વીરનું** દેહમાન છે, તેથી **ઉત્સેધ** અંગુલે ૧૬૮ અંગલનું દેહમાન થાય છેઃ પણ ૧૨૦ ને બમણા કરીએ, ત્યારે તો ૨૪૦ અંગુલ થઈ જાય. તેથી સાડાત્રણ હાથ દેહમાનમાં તો વિરોધિ બની જાય છે ?

**ઉ૦ वीरस्सायङ्गुलं दुगुणं.** આ ગાથાની ટીકામાં ત્રણ મતો છે. તેમાં **અનુયોગદ્વાર ચૂર્ણિના** અભિપ્રાયથી તો, **વીરભગવંત આત્માંગુલે** ૮૪ અંગુલ પ્રમાણે છે. ૮૪ ને બમણા કરતાં ૧૬૮ ઉત્સેધ અંગુલ થાય છે, તેથી કાંઇ પણ અયુક્ત વાત નથી. આ સંબંધી વિસ્તૃત હકીકત **સંગ્રહણી ટીકામાં** છે. ॥ ૨–૬–૮–૧૧૫ ॥ ૨૫૧

**પ્ર૦** સાધુઓએ ઉપાશ્રયનો કાજો લીધા પછી તરતજ શ્રાવકો પડિલેહણ કરે, તો શ્રાવકોને ફેર વસ્તિપ્રમાર્જન કરવું કે નહિ ?

**ઉ૦** સાધુઓએ વસ્તિનો કાજો લીધા પછી શ્રાવકો પડિલેહણ કરે તો કાજાનો ઉદ્ધાર કરવો જોઇયે. ॥ ૨–૬–૯–૧૧૬ ॥૨૫૨॥

**પ્ર૦ દશાર્ણભદ્રના** અધિકારમાં હાથિના મુખ વિગેરેની વિકુર્વણા ઇંદ્રે પોતે કરી કે ઐરાવણ દેવે કરી ?



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉ૦ "હાથીના મુખ વિગેરેની વિકુર્વણા ઐરાવણ દેવે કરી." એમ **આવશ્યકચૂર્ણિ** વિગેરેમાં છે, અને **આવશ્યક ટીકા વિગેરેમાં** તો, તે બધું ઇંદ્રે પોતે બનાવ્યું એમ છે. ॥ ૨-૬-૧૦-૧૧૭ ॥ ૨૫૩ ॥

પ્ર૦ સૂવાવડવાળી **કડવામતવાળા** ગ્રહસ્થની સ્ત્રી એક માસ સુધી કોઈ પણ ચીજને અડકતી નથી, અને રાંધવાની ક્રિયા કરતી નથી, અને આપણા સમુહમાં તો દશ દીવસજ સાચવે છે? તેનું કેમ?

ઉ૦ દશ દીવસ સૂવાવડી બૈરી સંઘટ્ટા વિગેરે ન કરે, તેમ લોકરીતિ છે. તેમાં પણ દેશ વિશેષે કાંઇક ફેરફાર પણ છે. ॥ ૨-૬-૧૧-૧૧૮ ॥ ૨૫૪ ॥

## ૭

# પણ્ડિતશ્રી વિષ્ણુ ઋષિ ગણિકૃત પ્રશ્નોત્તરો

પ્ર૦ સત્તરભેદી પૂજા દીવસે ભણાવવી સુઝે? કે રાત્રિએ પણ સુઝે?

ઉ૦ દીવસેજ પૂજા ભણાવાય; પણ રાત્રિમાં નહિ. તીર્થ વિગેરે સ્થળે કદાચિત્ રાત્રિએ પૂજા કરવી પડે તો, તે કારણિક જાણવી. ॥ ૨-૭-૧-૧૧૯ ॥ ૨૫૫ ॥

પ્ર૦ **પક્ખી પ્રતિક્રમણની** મહુપત્તિ પડિલેહ્યા બાદ **વંદિત્તા** સૂત્રનો આદેશ-પોસાતિ સિવાયના શ્રાવકને આપવો સૂઝે? કે નહિ?

ઉ૦ મુખ્ય વૃત્તિએ પોસાતીને આદેશ અપાય છે, એમ **વૃદ્ધ પુરૂષોનું** વચન છે, પરંતુ તેમાં એકાંતપણું જાણ્યું નથી. ॥ ૨-૭-૨-૧૨૦ ॥ ૨૫૬ ॥

પ્ર૦ **પક્ખી પ્રતિક્રમણમાં છીંક** કયાં સુધી નિવારાય?

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉ૦ "**ચૈત્યવંદનથી** માંડી મોટીશાંતિ સુધી છીંક નિવારવી" એમ પરંપરા છે। ૨–૭–૩–૧૨૧ ॥ ૨૫૭ ॥

પ્ર૦ ઉપધાનની આલોયણમાં અથવા બીજી આલોયણમાં **આસો** માસની અસજ્ઝાયમાં કરેલ તપસ્યાવાળાઓને ત્રણ દીવસ ગણતરીમાં ન આવે ? કે બાર દીવસ ગણતરીમાં ન આવે ?

ઉ૦ સાતમ આઠમ અને નોમ આ ત્રણ દીવસ ગણતરીમાં આવે નહિ. ॥ ૨–૭–૪–૧૨૨ ॥ ૨૫૮ ॥

પ્ર૦ ફરી દીક્ષિત થયેલાને આલોયણ પંન્યાસે આપવી કલ્પે ? કે નહિ ?

ઉ૦ યોગ્યતા હોય, તો ગુરુઆજ્ઞા પૂર્વક આપવી કલ્પે છે. ॥ ૨–૭–૫–૧૨૩ ॥ ૨૫૯ ॥

પ્ર૦ **સિંહ** આદિ ત્રણ સંક્રાન્તિમાં, તેમજ અધિક માસમાં, કયા ધર્મકાર્યો કરી શકાય ? અને કયા ન કરી શકાય ?

ઉ૦ દીક્ષાઃ પ્રતિષ્ઠાઃ વિગેરે ધાર્મિક કાર્યો ન કરી શકાય, અને બીજા કરવા કલ્પે ॥ ૨–૭–૬–૧૨૪ ॥ ૨૬૦ ॥

પ્ર૦ જિનમંદીરમાં જે **પૂજ** મૂકાય છે, તે કયા સૂત્રમાં? અથવા પ્રકરણમાં ? બતાવેલ છે ?, તેમજ કુમતિઓ એમ કહે છે કે– મૂકેલી **પૂજ** તે દેવ નિર્માલ્ય થાય છે, તેનાથી ફુલ વિગેરે લાવી પ્રભુને કેવી રીતે ચઢાવી શકાય ?

ઉ૦ **પૂજ** મૂકવી તે પરંપરાગત છે, તેમજ તે નિર્માલ્ય કહેવાતી નથી. કેમકે—

**भोगविणट्ठं दव्वं निम्मलं बिंति० गीयत्था ॥**

ભોગથી વિનાશ પામેલ હોય, તે નિર્માલ્ય થાય, એમ **ગીતાર્થો** કહે છે " આ પ્રમાણે **શ્રાદ્ધવિધિ** ટીકામાં કહ્યું છે. ॥ ૨–૭–૭–૧૨૫ ॥ ૨૬૧ ॥

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્ર૦ દરરોજ ચાર વખત સજ્ઝાય કરવી કહી છે, તેમાં કોઈમાં બે **ખમાસમણ** અપાય; અને કોઇમાં એક અપાય; તેનું શું કારણ ?

ઉ૦ **વૃદ્ધ પુરૂષોની આજ્ઞા** તેજ હેતુ છે. ॥ ૨–૭–૮–૧૨૬ ॥ ૨૬૨ ॥

પ્ર૦ **આરાધના પ્રકરણ** કયા ગ્રંથના અનુસારે **સોમપ્રભ** સૂરિજીએ બનાવ્યું છે ?

ઉ૦ **આરાધન પતાકા** અને **ચઉસરણ** વિગેરે ગ્રંથોના આધારે બનાવેલ છે ॥ ૨–૭–૯–૧૨૭ ॥ ૨૬૩ ॥

પ્ર૦ અનાદિ નિગોદમાં ભવ્ય જીવને જ્ઞાનદર્શન અને ચારિત્રની સત્તા હોય છે, તેમ અભવ્યને હોય ? કે નહિ ?

ઉ૦ અભવ્યને સત્તા હોય, પરંતુ અભવ્યપણું હોવાથી સામગ્રી મળી હોય છતાં પણ પ્રકટ થતી નથી, અને ભવ્ય જીવને સામગ્રીએ પ્રકટ થાય છે. ॥ ૨–૭–૧૦–૧૨૮ ॥ ૨૬૪ ॥

પ્ર૦ જન્મથીજ નપુંસક તિર્યંચઃ અને મનુષ્યનેઃ સમકિતની પ્રાપ્તિ થાય ? કે નહિ ?

ઉ૦ "જન્મથી નપુસંક તિર્યંચઃ અને મનુષ્યઃ સમકિત અને દેશવિરતિ પામી શકે છે," એમ **આવશ્યક** વિગેરેમાં કહ્યું છે. ॥ ૨–૭–૧૧–૧૨૯ ॥ ૨૬૫ ॥

## ૮

# પણ્ડિતશ્રી રત્નચન્દ્ર ગણિકૃત પ્રશ્નોત્તરો

પ્ર૦ જેણે પ્રતિષ્ઠિત કરેલું જિનબિંબ આપણાથી વંદાય છે, તો તેમને વંદના કેમ કરાતી નથી ?

ઉ૦ **पासत्थो ओसन्नो कुसील संसत्तओ अहाछंदो ।**
**दुग दुग ति दु णेगविहा, अवंदणिज्जा जिणमयंमि ॥**

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



"બે પ્રકારનો પાસત્થોઃ, બે પ્રકારે ઓસન્નોઃ ત્રણ પ્રકારે કુસીલયોઃ, બે પ્રકારે સંસત્તોઃ, અને અનેક પ્રકારનો યથાછન્દોઃ, જિનશાસનમાં અવંદનીક છે."

ઇત્યાદિક **આગમ** વચન છે તેથી વંદાતા નથી. અને જિન-બિંબો તો, અન્ય દર્શનીઓએ ગ્રહણ કર્યા સિવાયના વંદનીક છે. ॥ ૨-૮-૧-૧૩૦ ॥ ૨૬૬ ॥

**પ્ર૦** અભિનિવેશ મિથ્યાત્વીએ પ્રતિષ્ઠિત કરેલું જિનબિંબ વંદનીક-પણાને પામે છે, તેનું બીજ શું?

**ઉ૦** આપણા **પૂર્વાચાર્યોએ** તે બિંબની વંદના પૂજા વિગેરે નિષેધ્યું નથી, તેજ બીજ છે, વળી શાસ્ત્રમાં **નિન્હવોનું** અભિનિવેશ મિથ્યાદૃષ્ટિપણું કહેલું છે. દીગંબરને મૂકીને હમણાંના મતિઓને તો **નિન્હવ** એવો વ્યવહાર કરી શકાતો નથી. કેમકે-ગુરુ વિગેરેની આજ્ઞા તેમજ છે. ॥ ૨-૮-૨-૧૩૧ ॥ ૨૬૭ ॥

**પ્ર૦** પંદરેય કર્મભૂમિમાં સંવત્સર-અયન-માસ-અને તિથિઓના નામો અહીંના જેવાજ હોય? કે ભિન્ન હોય? તેમજ વર્ષા આદિ ઋતુમાં ફેરફાર હોય કે નહિ?

**ઉ૦** જેમ-વરસ-અયન વિગેરેના નામો અહીં છે, તેવાજ બીજા ક્ષેત્રોમાં પણ હોય છે, અને વર્ષાદિક ઋતુભાવ પણ અહીં જેવો હોય છે, એમ જણાય છે. ॥ ૨-૮-૩-૧૩૨ ॥ ૨૬૮ ॥

**પ્ર૦** પ્રતિષ્ઠા વિનાના જિનબિંબની પૂજા કરવાથી, અથવા પગ વિગેરે કરી આશાતના કરવાથી, લાભ અથવા હાની થાય? કે નહિ? જો પૂજાથી લાભ થાય? તેમ કહો, તો પ્રતિષ્ઠાનું શું પ્રયોજન?

**ઉ૦** પ્રતિષ્ઠારહિત જિનબિંબોને વાંદવાનો વ્યવહાર નથીઃ માટે લાભ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ક્યાંથી થાય? પણ આશાતના કરવામાં તો હાનિ થાય છે જ. કારણ કે તેમાં તીર્થંકરનો આકાર દેખાય છે. ॥ ૨-૮-૪-૧૩૩ ॥ ૨૬૯ ॥

પ્ર૦ **બાર બોલના પટમાં: અને હીરપ્રશ્નમાં: માર્ગાનુસારી** આ પદ કહેલ છે, તેનો શો અર્થ? "દુરાગ્રહનો ત્યાગ કરવાથી જે તત્ત્વબોધ થાય, તે **માર્ગાનુસારિતા**" એમ **વૃંદારુવૃત્તિમાં** બતાવ્યું છે. તે અર્થ લેવો? કે કોઇ બીજો?

ઉ૦ અભયદાન વિગેરે ધર્મકાર્યોમાં જેને કદાગ્રહ નથી: તેનું ધર્મ-કૃત્ય **માર્ગાનુસારી** છે. જેને કદાગ્રહ છે, તે માર્ગાનુસારી નથી એમ જાણેલ છે. તેમજ—

**मग्गो आगमनीई अहवा संविग्ग बहु जणाइन्नं ।**
**उभयाणुसारिणी जा सा मग्गाणुसारिणो किरिया ॥**

**આગમનીતિ:** માર્ગ છે, અથવા ઘણા સંવિગ્ન પુરુષોએ જે આચરેલ છે, તે માર્ગ છે, માટે ઉભયને અનુસરતી ક્રિયા, માર્ગાનુસારી છે."

એમ **શ્રી દેવેન્દ્રસૂરિકૃત ધર્મરત્ન પ્રકરણની** ગાથા છે, તેનું સવિસ્તર વર્ણન તેની ટીકામાં છે॥૨-૮-૫-૧૩૪ ॥૨૭૦॥

પ્ર૦ **આવશ્યકસૂત્ર:ઉત્તરાધ્યયન** સૂત્ર: વિગેરેના યોગમાં પાટણના મગ ધઉંના લાડવા, કેટલાક વહોરે છે, અને કેટલાક લેતા નથી, તેનું શું કારણ?

ઉ૦ વહોરતા નથી; એમ **વૃદ્ધ પરંપરા** છે.॥૨-૮-૬-૧૩૫॥૨૭૧॥

પ્ર૦ **હૈમ વ્યાકરણમાં—**

**व्यञ्जनात्पञ्चमान्तस्थायाः** ૧-૩

આ સૂત્રમાં—**સમાહાર દ્વંદ્વસમાસ** હોવાથી, સ્ત્રિલિંગ કર્યું

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે. તે કેવી રીતે થાય ? કેમકે–તે સમાસમાં નપુંસક લિંગ થઇ જાય, તેથી **क्लीबे ह्रस्वः** આ સૂત્રથી હ્રસ્વપણું પામવું જોઇએ ?

**ઉ૦ सूत्रत्वादेव न ह्रस्वत्वं**—સૂત્રપણું હોવાથીજ હ્રસ્વપણું ન થયું, એમ જાણવું. ॥ ૨–૮–૭–૧૩૬ ॥ ૨૭૨ ॥

**પ્ર૦ दध्यस्थिसक्थ्यक्ष्णोऽन्तस्यान्** ૧–૪

આ સૂત્રમાં **અન્ત** શબ્દનું ગ્રહણ કેમ કર્યું ? કેમકે–છઠ્ઠી વિભક્તિએ દેખાડેલું કાર્ય તે તેના અંતને થઈ શકે છે.

**ઉ૦ अनेकवर्णः सर्वस्य** ૭–૪આ **પરિભાષાએ** સર્વનો પણ આદેશ થઈ જાત, તે દૂર કરવા માટે અન્ત શબ્દ ગ્રહણ કરવો પડયો છે, વળી–આ સૂત્રના **ન્યાસમાં** કહેલું છે કે—

**ननु दध्यस्थिसक्थ्यक्ष्णोऽन् स्यादिति क्रियतां किमन्तग्रहणेन ? सत्यम्**—

"શંકા કરે છે કે–**दधिः अस्थिः सक्थिः** અને **अक्षिः** શબ્દોને **અન્** થાય, એટલુંજ સૂત્ર કરો, શામાટે **અન્ત** શબ્દ મૂકો છો ?

સમાધાન આપે છે કે–

તમારૂં કહેવું સાચું છે, પણ **અન્ત** શબ્દ ન મૂકીએ તો **अनन्तः पञ्चम्याः प्रत्ययः** ૧–૧ આ સૂત્રથી **અન્**ની પ્રત્યય સંજ્ઞા થઈ જાય, અને જો તેમ થઈ જાય, તો **अनोऽस्य** ૨–૧ આ સૂત્રથી **અકાર** લોપાયતો, નકારનું વ્યંજનાદિપણું હોવાથી, **नामसिद्य् व्यञ्जने** ૧–૧ આ સૂત્રથી પદસંજ્ઞા થઇ જતાં, **दध्ना** શબ્દમાં **धुटस्तृतीय** આ સૂત્રથી ધકારનો દકાર થઇ જાત, તેથી **અન્ત** શબ્દ ગ્રહણ કર્યો છે, તેથી પ્રત્યયસંજ્ઞા ન થઈ. ॥ ૨–૮–૮–૧૩૭ ॥ ૨૭૩ ॥

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્ર૦ **સમાસના** અધિકારમાં **કર્મધારય** સમાસનું પ્રયોજન ભાસમાનું થતું નથી, કેમકે–તેનું **તત્પુરૂષ** સમાસથી જુદું લક્ષણ નથી?

ઉ૦ **जरती चासौ गौश्च जरद्गवी,** આમાં–**કર્મધારય સમાસ** હોવાથી **पुंवत्कर्मधारये**–૩–૨ આ સૂત્રથી **પુંવદ્ભાવ** થયો, અને **તત્પુરૂષ સમાસ** પણું હોવાથી **गोस्तत्पुरुषादि** ૭–૩–આ સૂત્રથી **अट समासान्त** થયો, અને **टकार इत्** હોવાથી **ङी** પ્રત્યય આવેલ છે, માટે આ એકમાં બે સમાસની જરૂરીયાત નજરે પડે છે, તેમજ–કર્મધારયનું જુદું લક્ષણ પણ છે, તેથી કોઈ જાતની શંકા રાખવી નહિ. ॥ ૨–૮–૯–૧૩૮ ॥ ૨૭૪ ॥

પ્ર૦ **तृस्वसृनप्तृनेष्टृत्वष्टृक्षत्तृहोतृपोतृप्रशास्त्रोघुट्यार्**–૧–૪–આ સૂત્રમાં પ્રશાસ્ત્રોની જગોએ **प्रशास्तुः** એમ કેમ ન થયું?

ઉ૦ **प्रशास्तॄणां ऋः प्रशास्तॄः** આ પ્રકારે કરવાથી છેડે દીર્ઘ ઋ થવાથી **ऋतो डुः** ૧–૪ આ સૂત્રની પ્રાપ્તિ ન થાય માટે આ પ્રકારનું વાક્ય કર્યું, તે ડુરના નિષેધ માટે છે. ॥ ૨–૮–૧૦–૧૩૯ ॥ ૨૭૫ ॥

પ્ર૦ **णषमसत् परे स्यादि विधौ च** ॥ ૨–૧ આ સૂત્રની **હૈમલઘુ વૃત્તિમાં** આ સૂત્રે બતાવેલ **णकार** અને **षकार**માં **षकार** પર છતાં **णकार असत्** થાય, આમ જે કહ્યું, તેનો શું ભાવાર્થ છે? અને કયા દૃષ્ટાન્તમાં તે કામ આવે છે?

ઉ૦ આ સૂત્રના નિર્દેશની અપેક્ષાએ **णकार षकारनो** મધ્યે **षकार**ના કાર્યમાં **णकार असत्** થાય છે, પણ **णकार**ના કાર્યમાં **षकार असत्** થતો નથી.

તેમાં **ષકાર**ના કાર્યમાં **ણકાર અસત્** થાય છે, તે બતાવે છે. જેમકે–**प्रनष्ट** આ પ્રયોગમાં **यज सृज मृज राज भ्राज०** ૨–૧ આ સૂત્રથી **षकार**ના કર્તવ્યમાં **नशश्श** ૨–૩ આ જે

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**णकार** કરવાનું સૂત્ર છે તે **असत्** બની જાય છે, તેથી પહેલો **ष** થયો, અને **षकार** કર્યે છતે **शाकारान्तनो** અભાવ હોવાથી, **ण** કારપણું ન થયું.

હવે **ण**કારના કર્તવ્યમાં **ष**કાર અસત્ થતો નથી. તે બતાવે છે–જેમકે **अभिषुणोति** આ પ્રયોગમાં **रषृवर्णेति २–३** આ સૂત્રે કરી **ण**કારના કર્તવ્યમાં **उपसर्गात् सुक २–३** આ સૂત્રથી વિહિત જે **ष**કારપણું, તે **असत्** થતું નથી, તેથી **ण**કાર સિદ્ધ થયો. ॥ ૨–૮–૧૧–૧૪૦ ॥ ૨૭૬ ॥

પ્ર૦ **णषमसत्** ને બદલે **षणमसत्**–આવું સૂત્ર કેમ ન બનાવ્યું ?

ઉ૦ સૂત્રપાઠમાં **नाम्यन्तस्था कवर्ग** વિગેરે પૂર્વ સૂત્રો છે, અને **रषृवर्णान्नोण** વિગેરે પરસૂત્રો છે, તેથી **णषमसत्** આવું સૂત્ર બનાવ્યાથી, એ થયું કે કાર્ય કરવામાં **नाम्यन्तस्था क-वर्ग**–વિગેરે પર સૂત્રો જાણવા, અને **रषृवर्णान्नोग** વિગેરે પૂર્વ સૂત્ર જાણવા, અને તેનું ફળ ઉપરના પ્રશ્નોત્તરમાં બતાવી ગયા છીએ. ॥ ૨–૮–૧૨–૧૪૧ ॥ ૨૭૭ ॥

પ્ર૦ **લિંગાનુશાસન** વિગેરે **સૂત્રમાં** **पुँल्लिङ्गं कटणोति** આમાં **पुंल्लिङ्गं** લખવું ઉચિત છે? કે **पुंल्लिंगं** લખવું ઉચિત છે ?

ઉ૦ **तौ मुमोव्यञ्जने स्वौ** ૧–૩ એ સૂત્રથી **अनुस्वार** અને **અનુનાસિક** આ બંન્ને પણ થાય છે. ॥ ૨–૮–૧૩–૧૪૨ ॥ ૨૭૮ ॥

પ્ર૦ મદિરાપાનઃ અને માંસ ભક્ષણઃ વિગેરે, સમક્તિનો નાશ કરનાર થાય ? કે નહિ ?

ઉ૦ સમકિતના વિનાશ કરનાર થાય છે, તેમ એકાન્ત જાણ્યો નથી ॥ ૨–૮–૧૪–૧૪૩ ॥ ૨૭૯ ॥

પ્ર૦ સમવસરણમાં રહેલા દેવ દેવીઓને મનુષ્યો દેખી શકે ? કે નહિ ?

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉ૦ જિનેશ્વરના સમોસરણમાં દેવદેવીઓ મનુષ્યોને દૃષ્ટિગોચર થાય છે. ॥ ૨–૮–૧૫–૧૪૪ ॥ ૨૮૦ ॥

પ્ર૦ મનુષ્યયોનિમાં બેઇંદ્રિય જીવ વિગેરે ઉત્પન્ન થાય છે, તેમ તિર્યંચ યોનિમાં છે? કે કાંઈ વિશેષ છે?

ઉ૦ તીર્યંચને આશ્રયીને શાસ્ત્રમાં કાંઈ પણ તફાવત જોયો નથી. ॥ ૨–૮–૧૬–૧૪૫ ॥ ૨૮૧ ॥

પ્ર૦ દેવલોકમાં જલ અને વનસ્પતિ છે, તે પૃથ્વી પરિણામ રૂપ છે? કે જલ અને વનસ્પતિ રૂપ છે?

જો જળ અને વનસ્પતિ રૂપ છે, તો તેની ઉત્પત્તિ શાથી? તેમજ સુકાઈ જાય ત્યારે કચરા રૂપ થયેલાની, અને નિર્માલ્ય બની ગયેલાની, ત્યાં શું વ્યવસ્થા થાય? તે **આગમ** પાઠ પૂર્વક બતાવવા કૃપા કરશો?

અને કલ્પવૃક્ષો પૃથ્વી પરિણામ રૂપ છે? કે વનસ્પતિ રૂપ છે?

ઉ૦ પાણીઃ અને વૃક્ષોઃ દેવલોકમાં બન્ને પ્રકારના હોય છે, અને તેઓનું ઉપજવું તો પદ્મહ્રદોમાં જેમ થાય છે, તેમ પોત પોતાના સ્થાનથી થાય છે, તેમજ નિર્માલ્યપણાને પામેલા સૂકા પાંદડા વિગેરેનું જલદીજ વિસ્રસાપરિણામથી, અથવા દેવોના પ્રભાવથી વિખરાઈ જવું થાય છે, તેથી કચરાનો ઢગ થતો નથી. આ બાબતનો પાઠ **જીવાભિગમઃઅને જંબુદ્વીપ પન્નત્તિઃ**વિગેરેમાં **ભોગભૂમિના વર્ણનના** અધિકારમાં છે. અને દેવલોકનું પણ **ભોગભૂમિપણું** છે. જેમ તેમાં કચરા વિગેરેનો અભાવ છે, તેમ દેવલોકમાં પણ અભાવ છે. એમ **તત્ત્વાર્થઃ** વિગેરેમાં કહ્યું છે– અને કલ્પવૃક્ષો, વનસ્પતિ રૂપ છે. કેમકે–**વસુદેવ હીંડમાં રૂષિદત્તાના** અધિકારમાં માર્ગમાં વેરાયેલા બીજથી તેની ઉત્પત્તિ બતાવી છે. ॥ ૨–૮–૧૭–૧૪૬ ॥ ૨૮૨ ॥

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્ર૦ **જીવાભિગમમાં વિજયદેવના** અધિકારમાં હડતાલઃ હિંગુલઃ વિગેરે પદાર્થો બતાવ્યા છે. તે પદાર્થો કાર્ય પડયે વપરાઈ જાય, તો તેનું ઉપજવું શાથી થાય?

ઉ૦ દેવલોકમાં હડતાલ વિગેરે વપરાઈ જાય, તો તેની વિસ્રસા પરિણામથી ઉત્પત્તિ થાય છે. ॥ ૨–૮–૧૮–૧૪૭ ॥ ૨૮૩ ॥

પ્ર૦ **उपपद** વિના **क्त्वा** પ્રત્યયનો **यप्** આદેશ થાય કે નહિ?

ઉ૦ **अव्यय** પૂર્વ છતાં **धातु** થકી પર **क्त्वा** પ્રત્યયનો **यप्** આદેશ થાય છે. ન હોય તો થતો નથી. પૂર્વપદ અને ઉત્તરપદનો વ્યવહારતો **गतिक्वन्यस्तत्पुरुषः** ૩–૧ ઇત્યાદિક સૂત્રોએ સમાસ થયે છતેજ થાય છે. ॥ ૨–૮–૧૯–૧૪૮ ॥ ૨૮૪ ॥

પ્ર૦ **व्यञ्जनात्पञ्चमान्तस्थायाः सरूपे वा** ૧–૩–૦ આ સૂત્રમાં ઇતરેતર **દ્વન્દ્વ સમાસ** કરવામાં આવે, તો સ્રીલિંગનું **દ્વિવચન** થવું જોઇયે, અને **સમાહાર દ્વન્દ્વમાં** તો નપુંસક લિંગ થાય, અને એક વચન થાય, માટે બંન્નેય પ્રકારના સમાસે તે સૂત્ર કેવી રીતે સંગત થાય?

ઉ૦ **પંચમ** અવયવના યોગથી સમુદાય પણ, ઉપચારથી **પંચમ** ગણાય, અને આ પ્રકારે **અન્તસ્થ** અવયવના યોગથી, સમુદાય પણ **અન્તસ્થા** કહેવાય, તે બંન્નેય શબ્દનો **કર્મધારય સમાસ** કરવાથી બધું સંગત થાય છે, અથવા સૂત્રપણું હોવાથીજ ઇતરેતર દ્વન્દ્વ સમાસ કરીએ તો પણ એકવચન થઈ શકે છે. ॥ ૨–૮–૨૦–૧૪૯ ॥ ૨૮૫ ॥

પ્ર૦ મોટા મચ્છની ભમરમાં ઉપજેલ **તંદુલીયાઃ** મચ્છનું ગર્ભમાં રહેવું અંતર્મુહુર્ત હોય છે, અને તેનું આઉખું પણ, અંતર્મુહુર્તનું હોય છે, તો તે કેવી રીતે મળતું આવે?

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉ૦ **તંદુલીયા** મચ્છનું: ગર્ભમાં રહેવું, તથા આઉખું, આ બંન્નેનો એકજ કાલ થાય છે, પરંતુ ગર્ભનું અંતર્મુહુર્ત નાનું હોવાથી કાંઈ પણ વિરોધ નથી. કેમકે નવસમયથી માંડીને બે ઘડીના કાલ સુધી અંતર્મુહુર્ત ગણાય છે. તેના અસંખ્યાતા ભેદ છે. માટે ગર્ભનું અંતર્મુહુર્ત નાનું લેવું. ॥ ૨–૮–૨૧–૧૫૦ ॥૨૮૬॥

પ્ર૦ જુવાર વિગેરેના એકદાણાના આરંભમાં: અને ભક્ષણમાં: એકજ જીવની હિંસા થાય? કે પર્યાપ્તા એક જીવની નિશ્રાએ રહેલ અસંખ્યાતા અપર્યાપ્તાની પણ હિંસા થાય? તથા તેઓનો આશ્રય ભાંગી જાય, તે રૂપ ઉપદ્રવ થાય? કે તેઓની પણ હિંસા થાય? તે હેતુ પૂર્વક સમજાવવા કૃપા કરશો.

ઉ૦ જુવાર વિગેરે દાણાના આરંભમાં: અને ભક્ષણમાં: જેમ પર્યાપ્તાની હિંસા થાય છે, તેમ તેની નિશ્રાએ રહેલ અપર્યાપ્તાની પણ હિંસા સંભવે છે. પણ આશ્રયભંગ જન્ય કેવલ ઉપદ્રવ સંભવતો નથી, પરંતુ તેનો નિયમ તો કેવલિગમ્ય છે. ॥ ૨–૮–૨૨ ૧૫૧ ॥ ૨૮૭ ॥

પ્ર૦ **जत्थेगो पज्जत्तो तत्थ असंखा अपज्जत्ता—**

"જ્યાં એક પર્યાપ્તો જીવ છે, ત્યાં તેની નિશ્રાએ અસંખ્યાતા અપર્યાપ્તા જીવો છે."

આ વાક્ય એકેન્દ્રિયથી લઈ પંચેન્દ્રિય પર્યાપ્તા સુધીને લાગુ પડે છે? કે ફક્ત એકેન્દ્રિય પર્યાપ્તાનેજ, લાગુ પડે છે?

ઉ૦ આ નિયમ ફક્ત એકેન્દ્રિય પર્યાપ્તાનેજ લાગુ પડે છે, પણ બેઇંદ્રિય વિગેરેને લાગુ પડતો નથી. કેમકે—**પન્નવણા** સૂત્રમાં એકેન્દ્રિયના સૂત્રમાંજ, તે નિયમ કહ્યો છે. ॥ ૨–૮–૨૩–૧૫૨ ॥ ૨૮૮

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્ર૦ **यत्कोकिलः किल मधौ**–આ વાકયમાંજ **यत्** શબ્દનેઃ કઈ વિભક્તિ છે ? અને **तच्चारुचूत**–આ વાક્યમાં તત્ શબ્દનેઃ કઈ વિભક્તિ છે ? અને આ **यत् तत्** શબ્દો અવ્યય છે કે નહિ ?

ઉ૦ **यत्** શબ્દ ક્રિયાવિશેષણ કરીએ તો તેને બીજી વિભક્તિ છે. અને વાક્યાર્થમાત્રવાચી રાખીએ, તો પ્રથમા વિભક્તિ પણ સંભવે છે, અને **तत्** શબ્દને પૂર્વપરામર્શિપણું હોવાથી **પ્રથમા** વિભક્તિ થાય, અને અન્ય વ્યાખ્યાએ સપ્તમી વિભક્તિ પણ થાય, તેમજ **यत् तत्** શબ્દો અવ્યય છે, અને અનવ્યય પણ છે, તેથી બધું ઘટે છે. ॥ ૨–૮–૨૪–૧૫૩ ॥ ૨૮૯ ॥

પ્ર૦ **પ્રતિવાસુદેવઃ** અથવા **વાસુદેવઃ** પૂર્વ તરફનો ખંડ, તથા પશ્ચિમ તરફનો ખંડ, સાધવા જતાં **ચર્મરત્નનો** તેને અભાવ હોવાથી ગંગાઃ અને સિંધુઃ શી રીતે ઉતરી શકે ? તથા **સંપ્રતિ રાજા** વિગેરેનું ત્રણ ખંડનું અધિપતિપણું કહેવાય છે, તે વાસ્તવિક છે ? કે ઉપચરિત છે ?

ઉ૦ **વાસુદેવ પ્રતિવાસુદેવને** દેવાદિકની સહાય હોવાથી બધું સંભવે છે. ॥ ૨–૮–૨૫–૧૫૪ ॥ ૨૯૦ ॥

## ૯

# પણ્ડિત જયવિજય ગણિકૃત પ્રશ્નોત્તરો.

પ્ર૦ **अंतो मुहुत्तमित्तंपि**–આ ગાથામાં સમકિત પામેલા જીવોનો અર્ધ પુદ્ગલ પરાવર્ત કાલ કહ્યો છે, તે સૂક્ષ્મ અને બાદર–દ્રવ્ય –ક્ષેત્ર–કાલ–અને ભાવ પુદ્ગલ પરાવર્ત–આઠ પ્રકારે થાય છે, તેમાંથી કયા પુદ્ગલ પરાવર્તનો લેવો ?

ઉ૦ તે સૂક્ષ્મક્ષેત્ર પુદ્ગલ પરાવર્તકાલઃ સંભવે છે. કેમકે–**પ્રવચન સારોદ્ધારના** ૧૬૦ મા દ્વારની **ટીકામાં,** પુદ્ગલ પરાવર્તના

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્વરૂપમાં કહ્યું છે કે-"બાદરની પ્રરૂપણા કર્યાથી, સૂક્ષ્મ સુખેથી શિષ્યો જાણી શકે છે." માટે બાદર પુદ્ગલપરાવર્તની પ્રરૂપણા કરાય છે. પરંતુ કોઈ પણ બાદર પુદ્ગલાવર્ત કોઇ પણ ઠેકાણે સિદ્ધાન્તમાં પ્રયોજનવાળો દેખાતો નથી. તેમજ ચારે સૂક્ષ્મ પુદ્ગલ પરાવર્તમાંથી ક્ષેત્રપુદ્ગલ પરાવર્ત-**જીવાભિગમમાં** બહુલતાએ ગ્રહણ કરેલ છે. ક્ષેત્ર થકી માર્ગણા કરવામાં તેનું ગ્રહણ કરેલું છે. તે સૂત્ર બતાવે છે—

**जे साइसपज्जवसिए मिच्छद्दिट्ठि से जहन्नेणं अंतो मुहुत्तं। उक्कोसेणं अणंतं कालं, अणंता ओसप्पिणीओ कालओ खेत्तओ अवड्ढं पोग्गल परिअट्टं देसूणमित्यादि**—

"જે સાદિ સપર્યવસિત મિથ્યાદૃષ્ટિ છે, તે જઘન્યનથીઃ અંતર્મુહુર્ત-અને ઉત્કૃષ્ટથીઃ અણંતોકાલ-અનંતી અવસર્પિણી કાલથી છે, અને ક્ષેત્રથી અર્ધ પુદ્ગલપરાવર્ત દેસે કરી ઉણ છે.

"તેથી-બીજે ઠેકાણે પણ જ્યાં વિશેષ નિર્દેશ કર્યો નથી, ત્યાં ક્ષેત્ર પુદ્ગલ પરાવર્ત ગ્રહણ કરાય છે. ॥ ૨-૯-૧-૧૫૫ ॥ ૨૯૧ ॥

પ્ર૦ દેવદ્રવ્યના અધિકારમાં-"શ્રાવકોએ દેવદ્રવ્યની વૃદ્ધિ કેમ કરાય? કેમકે-**भक्खंतो जिणदव्वं अणंत संसारिओ भणिओ**-

" જિનદ્રવ્યને ભક્ષણ કરનાર, અનંત સંસારી થાય છે."

આ પ્રમાણે જાણતાં છતાં, બીજાને દેવદ્રવ્ય ધીરતાં, તેઓની સંસારવૃદ્ધિમાં કારણ બને છે, વિષઃ કોઇને પણ વિકાર કર્યા વિના રહેતું નથી, પણ બધાઓને હાનિકર્તા થાય છે. અન્ય ગ્રંથમાં આલોયણના અધિકારમાં દેવદ્રવ્યભક્ષક ઉંદરઃ વિગેરેને પણ આપત્તિ બતાવી છે, માટે દેવદ્રવ્યની શી રીતીએ વૃદ્ધિ કરવી?

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉ૦ મુખ્યવૃત્તિએ દેવદ્રવ્યના વિનાશમાંજ શ્રાવકોને દોષ થાય છે, પણ કાળ પ્રમાણે ઉચિત વ્યાજ આપવા પૂર્વક લેવામાં આવે, તો મહાન્ દોષ નથી, પરંતુ અધિક વ્યાજ આપવામાં તો દોષનો અભાવ જણાય છે, પણ શ્રાવકોને તેનું સર્વથા વર્જન કરેલું છે, તે નિઃશૂકપણું ન થાય, તેને માટે છે, વળી જિનશાસનમાં સાધુને પણ, દેવદ્રવ્યના વિનાશમાં દુર્લભ બોધિપણું; અને રક્ષણના ઉપદેશની ઉપેક્ષા કરવામાં આવે તો ભવભ્રમણ; બતાવેલ છે, માટે સુજ્ઞ શ્રાવકોને પણ, તેનો વ્યાપાર ન કરવો, તે યુક્તિ યુક્ત છે. કેમકે–કોઇ વખત પણ પ્રમાદ વિગેરેથી તેનો ઉપભોગ થવો ન જોઇએ, પણ સારા સ્થાનમાં મૂકવું. દરરોજ સંભાળ કરવી, મહાનિધાન પેઠે સાચવી રાખવામાં, કોઈ પણ દોષ લાગતો નથી, પરંતુ તીર્થંકર નામકર્મના બંધનું કારણ થાય, તેથી લાભજ થાય છે. જૈનેતરને તો તેવું જ્ઞાન નહી હોવાથી, નિઃશૂકતાઃ વિગેરેનો અસંભવ છે તેથી, દાગીના ઉપર વ્યાજે આપવામાં દોષ નથી, તેમ હાલ વ્યવહાર ચાલે છે. ઉંદર વિગેરેને તો ભક્ષણ કરવામાં દોષજ છે. ॥ ૨–૯–૨–૧૫૬ ॥ ૨૯૨ ॥

પ્ર૦ **ससिधवला अरिहंता**–આ ગાથામાં અરિહંત મહારાજ વિગેરેને શ્વેતાદિ વર્ણનો આરોપ કરેલો છે, તે શા નિમિત્તે છે?

ઉ૦ અરિહંત ભગવંતોઃ પાંચ વર્ણવાળા, અને સિદ્ધોઃ વર્ણ વિનાના શાસ્ત્રોમાં સ્પષ્ટ કહ્યા છે, અને આચાર્યાદિકઃ કેવલ પીતવર્ણાદિકવાળા હોતા નથી, પણ **પૂર્વાચાર્યોએ** એમ કહ્યું છે કે–"શ્વેત વર્ણ વિગેરે એક એક વર્ણના આરોપ કરવા પૂર્વક, એમનું ધ્યાન કરવામાં આવે, તો સિદ્ધિદાયક થાય છે." અને તે આચાર્ય ભગવંતોઃ તો દ્રવ્ય–ક્ષેત્ર–કાલ–ભાવથી સામગ્રી મુજબ વિચિત્ર ક્રિયામાં પ્રવર્તે છે, માટે કાંઈ અયુક્ત નથી.॥૨–૯–૩–૧૫૭॥૨૯૩॥

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**પ્ર૦** ઋજુમતિ મનપર્યવજ્ઞાનઃ મનુષ્યક્ષેત્રમાં રહેલા સંજ્ઞિ જીવોના મનો માત્ર વિષયક છે,એમ **કલ્પસૂત્રની અવચૂર્ણિઃ** વિગેરેમાં કહ્યું. અને **પન્નવણા ટીકામાં इदं चार्धतृतीयद्वीपद्विसमुद्रान्त-वर्त्ति० इत्यादिक** "અઢી દ્વીપ અને બે સમુદ્રમાં, વર્તમાન સંજ્ઞિ જીવોના મનના પર્યાયોને જાણે છે." આ વ્યાખ્યાથી વર્તમાનજ સંજ્ઞિ જીવોના મનના પર્યાયોને જાણે એમ ઠરે છે. તેથી **પન્નવણા ટીકામાં** એમ પણ કહ્યું કે–"મનપર્યાય જ્ઞાનીઃ ભૂતકાલનો પણ, પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ જાણે છે, તે કેવી રીતે ઘટે ?

**ઉ૦** ઉપરની પંક્તિમાં જે **वर्त्ति** પદ છે, તે મનુષ્યક્ષેત્રની બહાર વર્તનારા સંજ્ઞિ જીવોના મનના જ્ઞાનનો નિષેધ કરવામાં તત્પર છે, પણ ફક્ત વર્તમાન સંજ્ઞિ જીવોના મનોદ્રવ્યનું જ્ઞાન કરે એ નિયમમાં તત્પર નથી, તેથી અવધિ જ્ઞાનની પેઠેઃ મનઃપર્યાય જ્ઞાની પણ, પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ, ભૂત અને ભાવીનો જાણે છે, તેમાં કાંઈ પણ વિરોધ નથી.॥ ૨–૯–૪–૧૫૮॥૨૯૪॥

**પ્ર૦ અસુરકુમારઃ** વિગેરે ભુવનપતિઓના ભવનોઃ કઈ રીતિએ રહેલા છે ? **પન્નવણા સૂત્રમાં** તો કહ્યું કે–"**હે ભગવાન્ !** દક્ષિણના અસુરકુમાર વિગેરે દેવો કયાં વસે છે ? " **હે ગોતમ જંબુ-દ્વીપમાં આ રત્નપ્રભા નામની** પૃથવી ૧૮૦૦૦૦ હજાર યોજન જાડી છે, તેના મધ્યના ૧૭૮૦૦૦ યોજન છે, તેમાં ૩૪૦૦૦૦૦ લાખ વિગેરે ભવનો છે, તેમાં અસુરકુમાર વિગેરે દેવો વસે છે." આ પ્રમાણેજ, બીજા નવ ભવનપતિના આલાવાનો ઉત્તર અપાયો છે, તેથી તે બધાનાં ભવનોનું જુદાપણું કેવી રીતે છે ?

**ઉ૦** ભુવનપતિઓના નિયમિત સ્થાનના અક્ષરો અન્ય શાસ્ત્રોમાં દેખાતા નથી, **પન્નવણામાં** તો, સામાન્યથી કહ્યા છે. ॥ ૨–૯–૫–૧૫૯ ॥ ૨૯૫ ॥

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્ર૦ **ઠાણાંગ સૂત્રમાં** " ચાર કારણોએ લોકમાં ઉદ્યોતઃ થાય છે, તથા અંધકારઃ થાય છે." એમ કહેલ છે, તેમાં પ્રથમ અરિહંતનું નિર્વાણ થાય ત્યારે, લોકમાં અંધકાર થાય છે, તેવી રીતે બીજા ધર્મ–પૂર્વો અને અગ્નિના વિનાશથી થાય, આ ત્રણ કારણોથી જે અંધકાર થાય તે સરખો થાય છે, કે કાંઈ તફાવતવાળો થાય છે?

ઉ૦ લોકાનુભાવથીજ અરિહંત મહારાજ વિગેરે ચારનો નાશ થયે છતે જે દ્રવ્ય અંધકાર થાય, તે સરખો છે. પણ અગ્નિને છોડીને બાકીના અરિહંતઃ–ધર્મઃ–અને પૂર્વોઃ આ ત્રણના ઉચ્છેદમાં ભાવ અંધકાર અધિક થાય છે, એમ તફાવત **ઠાણાંગ ટીકાથી** જણાય છે. ॥ ૨–૯–૬–૧૬૦ ॥ ૨૯૬ ॥

પ્ર૦ ઉપધાન વહન કરનારાઓમાંથી કેટલાકોએ વિધિ પૂર્વક પડિલેહણ કરી કાજો લીધો, પછીથી કોઇક આવી પડિલેહણ કરે અને કાજો ન લીએ, તો તેનો દીવસ પડે કે નહિ?

ઉ૦ બીજો ઉપધાનવાહી પછીથી પડિલેહણા કરે, ઉપધિ વિગેરેને પલેવે, અને કાજાનો ઉદ્ધાર ન કરે, તો તેનો દીવસ વધે છે ॥ ૨–૯–૭–૧૬૧ ॥ ૨૯૭॥

પ્ર૦ " દરેક કાલ ગ્રહણની પ્રથમ એક એક સજ્ઝાય પઠવીને, કાલનું અનુષ્ઠાન કરાય છે, તે વાર પછી પોરસીનો કાલ પહોંચતો હોય, તો બાકીની સજ્ઝાયો અને કાલમાંડલા (પાટલી) કરાય છે, પણ કાલ ન પહોંચતો હોય, તો ચોથા પહોરની અંદર કરાય છે," એમ **સામાચારીમાં** કહેલ છે, છતાં કેટલાક **ગીતાર્થો** સાધુઓને ભોજન કર્યા પહેલાંજ અનુષ્ઠાન કરાવી લે છે, અને તેઓ કહે છે કે–"**પરમગુરુ શ્રી વિજયહીરસૂરીશ્વરજી મહારાજ** તેમ કરાવતા હતા, તેથી અમો કરાવીએ છીએ." તો અવશિષ્ટ ક્રિયા ભોજન પહેલાં કરાવાય? કે પછી?

૮

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉ० બે કાલ ગ્રહણો આવ્યા હોય, તો એક કાલને પડિકમ્યા પછી બાકી રહેલ કાલ પ્રમાણે સજ્ઝાય પઠાવીને, આહાર વિગેરે કરવું કલ્પે છે. અન્યથા નહિ. તે વાર પછી બાકી રહેલ ક્રિયા, સાંજે કરે છે, એ પ્રમાણે **અમારા સંઘાડાની** પ્રવૃત્તિ છે. ॥૨-૯-૮-૧૬૨॥૨૯૮॥

## ૧૦

# પણ્ડિત ધનવિજય ગણિકૃત પ્રશ્નોત્તરો

પ્ર० **સિદ્ધ પંચાસિકામાં** "સમકિત વમ્યા જેને અનંતો કાલ થયો હોય, તેવા એક સમયમાં એકસો આઠ સિદ્ધ થાય છે," એમ કહ્યું છે, તો **ઋષભદેવસ્વામિ** વિગેરે **૧૦૮** મહાપુરુષોઃ અનન્તાકાલથી સમકિત વમેલા માનવા કે કોઈ બીજા પ્રકારના માનવા ? "અનન્તાકાલથી વમેલા માનવા" એમ કહો, તો **ઋષભદેવ સ્વામિનું** સમકિત, અનન્તકાલ પહેલાં થયેલું માનવું ? કે કોઈ બીજા પ્રકારનું માનવું ? "જો અનન્તકાલ પહેલાં થયેલું માનવું" કહો, તો ભગવાનના ૧૩ ભવો કેવી રીતે કહેવાય, ? કેમકે **૧૩** ભવ પહેલાં પણ સમકિતની પ્રાપ્તિ થઈ હતી. હવે જો બીજો પક્ષ સ્વીકારો તો, **સિદ્ધપંચાસિકા** વિગેરે ગ્રંથો સાથે બંધ બેસતુ કેવી રીતે આવે ? જો **આશ્ચર્યમાં** સમાવેશ કરો, તો તે આશ્ચર્ય ઉત્કૃષ્ટ અવગાહનાએ કરી છે, કે તીર્થંકરપણાએ કરી છે ? કે સંખ્યાતકાલ પતિતપણું વિગેરે કરી છે ? કે ત્રણે કરીને છે ? તે સ્પષ્ટ જણાવવા કૃપા કરશો.

ઉ० અનન્તકાલથી સમકિત વમેલા ૧૦૮ પુરુષોઃ એક સમયમાં સિદ્ધ થાય છે, એમ **સિદ્ધપંચાસિકા** વિગેરે ગ્રંથોમાં છે, તો

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**બાહુબલીજીના** છ લાખ પૂર્વના આયુષના અપવર્તનની પેઠે **શ્રીઋષભદેવની** પણ સિદ્ધિ આશ્ચર્યપણાએ માની સિદ્ધ કરવી, એ પ્રકારે તેઓના અધિકારમાં જે જે વાત અસંભવિત હોય, તે તે તમામ વાત, આશ્ચર્યમાં સમાવી દેવી. ॥ ૨-૧૦-૧-૧૬૩ ॥ ૨૯૯ ॥

પ્ર૦ શ્રાવકે પહેલા ચોવિહાર ઉપવાસનું પચ્ચખ્ખાણ કર્યું હોય, અને સાંજે પ્રતિક્રમણ વખતે સામાયિક લઈ પચ્ચક્ખાણ મુહુપત્તિ પડિલેહી ફરી લેવું જોઇયે? કે પહેલા કર્યું હોય તેનાથી ચાલે?

ઉ૦ પહેલાં ચોવિહાર ઉપવાસનું પચ્ચક્ખાણ કરેલ હોય, તેજ ચાલી શકે છે, તેથી સાંજે પ્રતિક્રમણમાં પચ્ચક્ખાણ લેવાના સમયે તેનું સ્મરણ કરી લેવું, કે-"**मैं चोवीहार उपवास** કરેલ છે" ફરી લેવાની જરૂર નથી. ॥૨-૧૦-૨-૧૬૪॥૩૦૦॥

પ્ર૦ તીર્થંકર દેવોના તેર વિગેરે ભવો, પ્રથમ સમકિતની પ્રાપ્તિની અપેક્ષાએ છે? કે પ્રસિદ્ધ ભવની અપેક્ષાએ છે? કે કોઈ બીજા પ્રકારે છે?

ઉ૦ **આવશ્યક સૂત્ર** વિગેરેના અભિપ્રાયે કરી, તીર્થંકરોના ભવો પ્રથમ સમકિતની પ્રાપ્તિથી ગણાય છે, બીજી કોઇ પણ અપેક્ષાથી ગણાતા નથી. ॥ ૨-૧૦-૩-૧૬૫ ॥ ૩૦૧ ॥

પ્ર૦ **પંડિતપદની નંદીની** ક્રિયા સિવાય પંડિત બનેલ પદસ્થપાસે ન્યૂન અધિક પર્યાયવાળા સામાન્ય સાધુઓને; અને **નંદીની** ક્રિયા જેની થઇ છે, એવા **લઘુપંડિતોને**:, કયા કયા ક્રિયાના કાર્યો કરવા સૂઝે?

ઉ૦ **પંડિતપદની નંદીની** ક્રિયા કરેલી ન હોય, તેવા **વૃદ્ધપંડિત** પાસે દરેક દીવસ સંબંધી કરવા લાયક ક્રિયાના કાર્યો કરવા સૂઝે. પણ શિષ્યની **વડી દીક્ષાઃ આચાર્ય પ્રતિષ્ઠાઃ** અને જિન

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**બિંબપ્રતિષ્ઠાઃ** વિગેરે કાર્યો કરવા સૂઝે નહિ. કેમકે–તે કાર્યો મંત્રની અપેક્ષાવાળા છે, **એમ પરંપરા છે,** હમણાં તો કેટલાક વૃદ્ધગણિયોઃ લઘુપંડિત પદસ્થને વંદનાદિક કરતા નથી, તે પ્રવૃત્તિનો પ્રવાહ પડી ગયેલ હોવાથી, નિવારવો અશકય બનેલ છે. પરંતુ શાસ્ત્ર મુજબ તો, લઘુપંડિતની પાસે વૃદ્ધ ગણિયોએ પણ વંદનાદિક કાર્ય કરવું અનુચિત નથી.॥૨–૧૦–૪–૧૬૬॥૩૦૨॥

**પ્ર૦** પાક્ષિક ઉપવાસઃ રોહિણીઃ અને જ્ઞાનપંચમીઃ વિગેરે તપો બહુ વખતથી કરાતા હોય, તેમાં કદાચિત્ વિસ્મરણથી અથવા મહાકારણ આવી પડવાથી, તે દીવસે ઉપવાસ ન બની શકયો હોય, તો તે તપ મૂલથી જાય? કે તે તપનું પ્રમાણ પૂરૂં થાય ત્યારે, પડેલ દીવસોનો તપ પાછળથી કરી આપવાથી સરે?

**ઉ૦** "વિસ્મરણ વિગેરે કારણોથી, તપના દીવસે ઉપવાસ ન કરવામાં આવે, તો તુરત બીજા દીવસે દંડ નિમિત્તે ઉપવાસ કરી આપવો, અને તે તપનું પ્રમાણ પૂરું થાય ત્યારે, પછવાડે પડેલ દીવસનું તપ વધારે કરવું." એવો પાઠ **શ્રાદ્ધવિધિમાં** છે, અને મહા કારણે તો, તપ ન બની શકે, તે **મહત્તરાગારેણમાં** સમાઇ જાય છે. ॥ ૨–૧૦–૫–૧૬૭ ॥ ૩૦૩ ॥

**પ્ર૦** તમામ યુગલિયાના ક્ષેત્રોમાં ગર્ભમાં રહેલ, તથા ગર્ભથી નીકળી જન્મ પામેલ, વિગેરે ભેદવાળા યુગલિયાઓનું આયુષ્ય જઘન્યઃ મધ્યમઃ અને ઉત્કૃષ્ટઃ એમ ત્રણ ભેદવાળું હોય? કે ઉત્કૃષ્ટ ભેદવાળુંજ હોય?

**ઉ૦** યુગલિકોનું ઉત્કૃષ્ટ આયુષઃ સ્થાન મુજબ ત્રણ પલ્યોપમ વિગેરે પ્રતીત છે. અને જઘન્ય આયુષઃ ક્ષુલ્લક ભવ જેટલું જાણવું. કેમકે ત્રણ પલ્યોપમના આયુષવાળો કોઇ યુગલિક જીવ, અપવર્તન કરણે કરી આયુષને ઘટાડી ક્ષુલ્લક ભવ જેટલું કરી મૂકે છે, તે

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બાબતના અક્ષરો **આચારાંગની ટીકા** વિગેરેમાં અર્થથી છે, પરંતુ તેનું અપવર્તન અપર્યાપ્તા અવસ્થામાંજ હોય છે. પછીથી હોતું નથી, કેમકે–તેઓનું આયુષ નિરુપક્રમી છે, અને મધ્યમ આયુષઃ તો યુગલિની સ્ત્રીના ગર્ભમાં નવ લાખ ગર્ભજ જીવો ઉત્પન્ન થાય છે, તેમાંથી ફક્ત બે જીવોજ નિપજે છે. બાકીના જીવો તો પોતાના આયુષ્યનું અપવર્તન કરીને ગર્ભમાંજ મરણ પામી જાય છે. તે વખતે ક્ષુલ્લક ભવ કરતાં અધિક સમયના આયુષ્યવાળા તે જીવો સંભવે છે, તેથી મધ્યમ પણ હોય છે. ॥ ૨–૧૦–૬–૧૬૮ ॥ ૩૦૪ ॥

પ્ર૦ મીંઢળ વિંધ્યા પછી અંતર્મુહૂર્તે નિર્જીવ થાય ? કે સજીવજ રહે ?

ઉ૦ અંતર્મુહૂર્ત પછી વિંધેલા મીંઢળનો વૃદ્ધ પુરુષો અચિત્ત પણે વ્યવહાર કરે છે ॥ ૨–૧૦–૭–૧૬૯ ॥ ૩૦૫ ॥

પ્ર૦ સ્ત્રીઃ અને સચિત્તનો સંઘટ્ટોઃ નિરંતર અને પરંપર વર્જવાનો છે, તેમાં પરંપર સંઘટ્ટો કેટલી સંખ્યા સુધી ગણવો ?

ઉ૦ તે બંન્નેનો પરંપર સંઘટ્ટોઃ વચમાં એક અને બેથી થાય, તે વર્જવો; અને ત્રણ વિગેરેથી થાય, તે સંઘટ્ટો ગણાતો નથી. ॥ ૨–૧૦–૮–૧૭૦ ॥ ૩૦૬ ॥

પ્ર૦ **પ્રવચન સારોદ્ધાર** વિગેરે ગ્રંથોમાં " એક સમયમાં દશ તીર્થંકરોઃ ઉત્પન્ન થાય છે, " એમ કહ્યું, અને **સિદ્ધપંચાસિકા** વિગેરેમાં " એક સમયે ચાર તીર્થંકરોઃ સિદ્ધ થાય છે " એમ કહ્યું, તો એક સમયમાં દશ તીર્થંકરો જન્મે, તેઓની સિદ્ધિનો સંભવ એક સમયમાંજ છે, તો એક સમયમાં ચાર સિદ્ધિપદને વરે, તે કેમ સંગત થાય ?

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉ૦ **दश तीर्थकरा एक समये**—આ વાકયમાં—સમય શબ્દે કરી તદન નાનો કાલ લેવો કે સ્થૂલ લેવો? તે સ્પષ્ટ પણે જણાતું નથી, પણ એક સમયમાં ચાર સિદ્ધ થાય, ત્યાં તો જે સમય શબ્દ લીધો છે, તે સૂક્ષ્મ સમય લીધો છે, માટે કોઇ વાદવિવાદ નથી. ॥ ૨–૧૦–૯–૧૭૧ ॥ ૩૦૭ ॥

પ્ર૦ **ભગવતી સૂત્રમાં** "એક પુત્રને નવસો પિતા હોય" એમ કહ્યું, તે કેવી રીતે સંભવે?

ઉ૦ બાર મુહુર્ત સુધી વીર્ય વિનાશ પામતું નથી, તેથી તેટલા કાલમાં નવસો બળદ વિગેરેએ ભોગવેલી ગાય વિગેરેને, જે ગર્ભ ઉત્પન્ન થાય છે, તે તેટલાનો પુત્ર ગણાય છે, માટે સંભવે છે. ॥ ૨–૧૦–૧૦–૧૭૨ ॥ ૩૦૮ ॥

પ્ર૦ શ્રદ્ધાલુ પુરુષ છ વિગય વાપરી રહ્યો હોય, તેને વિગયનું પચ્ચ-ક્ખાણ કરાવાય? કે નહિ?

ઉ૦ છ વિગય વાપનાર શ્રદ્ધાલુને વિગયનું પચ્ચખ્ખાણ કરાવી શકાય છે. કેમકે—**શ્રાદ્ધવિધિ** ગ્રંથમાં અભક્ષ્ય વિગય મધમાંસ વિગેરેનો તેને ત્યાગ હોય છે, માટે તેને આશ્રયીને, વિગય પચ્ચક્ખાણ આપી શકાય તેમ કહ્યું છે. ॥ ૨–૧૦–૧૧–૧૭૩ ॥ ૩૦૯ ॥

પ્ર૦ પ્રથમ સામાયિક લેતાં જેટલા આદેશો મંગાય, તેટલાજ આદેશો બીજી વખત લાગ લાગટ લેતાં માંગવા જોઇએ? કે ન્યૂન? જો "ઓછા માંગવા જોઇએ." એમ કહો, તો સામયિકની પેઠે દીવસનો પોસહ લીધો, અને સાંજે રાત્રિપોસહનું મન થતાં રાત્રિપોસહ લેતાં, સવારે પોસહમાં જેટલા આદેશ માંગ્યા હતા તેટલાજ મંગાય કે ન્યૂન મંગાય?

ઉ૦ સામાયિકમાંજ સામાયિક બીજું લેતાં **કરેમિભંતે** ઉચ્ચર્યા બાદ **બેસણે** ઠાઉં એ આદેશ મંગાય છે, અને દીવસ પોસહમાંજ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રાત્રિનો પોસહ લેતાં **બહુવેલ કરસ્યું**, આ આદેશ સુધી બધા મંગાય છે. પડિલેહણના આદેશો તો પ્રથમ લીધેલ હોવાથી ફરી મંગાતા નથી. ॥ ૨-૧૦-૧૨-૧૭૪-૩૧૦ ॥

પ્ર૦ સાધુએ અથવા સચિત્ત ત્યાગી શ્રાવકેઃ પ્રભાતમાં નવકારશી વિગેરે પચ્ચક્ખાણ કર્યું હોય, અને સાંજની પડિલેહણમાં તિવિહાર પચ્ચક્ખાણ કર્યું, તો પ્રતિક્રમણ સમયે તેને પાણહાર પચ્ચક્ખાણ કરાવાય? કે ચોવિહાર પચ્ચક્ખાણ કરાવાય?

ઉ૦ જેણે સાંજની પડિલેહણમાં તિવિહાર પચ્ચખાણ કર્યું હોય, તેને પાણહાર પચ્ચખ્ખાણ કરાવાય છે, અને જેણે તે વખતે તિવિહાર ન કર્યો હોય, તેને દિવસ ચરિમ ચોવિહાર કરાવાય છે. ॥ ૨-૧૦-૧૩-૧૭૫ ॥ ૩૧૧ ॥

પ્ર૦ મધ વિગેરે સચિત્ત છે? કે અચિત્ત? અને તેનો સંઘટ્ટો હોય? કે વાસી રોટલી વિગેરેનો સંઘટ્ટો હોય? તો સાધુઓએ આહાર વિગેરે વહોરાય કે નહિ?

ઉ૦ અચિત્ત પાણીમાં પોરાવિગેરેનો સંભવ થઇ જાય, તો પણ સચિત્ત કહેવાય નહિ, તેમ મધ વિગેરેમાં રસથી ઉત્પન્ન થનાર જીવનો સંભવ હોય, છતાં સચિત્ત કહેવાતું નથી. પણ તેના સંઘટ્ટામાં, કે વાસીના સંઘટ્ટામાં, સાધુઓને આહાર વિગેરે વહોરવું કલ્પે નહિ, કેમકે તેમાં સંભવતા જીવોને બાધાનો સંભવ થઈ જાય, માટે તે પ્રસંગ વર્જિત હોઇને છોડી દેવો. ॥ ૨-૧૦-૧૪-૧૭૬ ॥ ૩૧૨ ॥

પ્ર૦ **અંતર્વાચ્ય** વિગેરે ગ્રંથોમાંઃ **સુઘોષા ઘંટાનું** પ્રમાણ એક યોજનનું બતાવ્યું, અને છૂટક પાનાઓમાં **बारसजोयण पिहुल–"बार योजन पहोळो"** વિગેરે બતાવ્યું છે, તો મોટા ગ્રંથોમાં તેનું માન કેટલું છે? તે જણાવશો.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉ૦ **જંબુદ્વીપ પન્નત્તિઃ** વિગેરે ગ્રંથોમાં **સુઘોષા ઘંટનું** માન એક યોજન કહેલું છે. ॥ ૨–૧૦–૧૫–૧૭૭ ॥ ૩૧૩ ॥

પ્ર૦ ઉપધાનમાં મહુપત્તિ વિના સો હાથ ઉપર જવાયું હોય, વાપરતાં એંઠુ મૂક્યું હોય, રાત્રિએ થંડિલ જવાયું હોય. વિગેરે કર્યું હોય, તો દીવસ વૃદ્ધિ થાય, તે સરખીજ થાય? કે ફેરફારવાળી થાય? અને તે પડેલ દિવસો ઉપધાન તપમાંજ ફરીથી કરી આપવા પડે? કે કારણ હોય તો ઉપધાનમાંથી નિકલ્યા પછી કરે?

ઉ૦ ઉપધાન વિધિમાં મહુપત્તિ ભૂલીને સો હાથ જવાયું હોય, કે એંઠું મૂકયું હોય, કે રાત્રિએ થંડિલ ગયા હોય, એ વિગેરેમાં "દીવસવૃદ્ધિ સરખીજ થાય," એમ કહ્યું છે, અને તેમજ કરાવાય છે. મહાન્ કારણ હોય, તો એકાંતપણું નથી. ॥ ૨–૧૦–૧૬–૧૭૮ ॥ ૩૧૪ ॥

પ્ર૦ ઉપધાનની આલોયણના પોસહઃ, ઉપવાસથી અપાય કે નિવિઃ એકાસણઃ વિગેરેથી અપાય, અને તે પોષધઃ દીવસના અપાય? કે અહો રાત્રિના અપાય?

ઉ૦ ઉપધાન આલોયણના પોસહઃ ઉપવાસથી અપાય, અને અહોરાત્રિનાજ અપાય છે. ॥ ૨–૧૦–૧૭–૧૭૯ ॥ ૩૧૫ ॥

પ્ર૦ **જંબુદ્વીપના મહાવિદેહ** ક્ષેત્રની ચાર **વિજયોમાં** વિહરમાણ ચાર જિનેશ્વરોઃ બિરાજી રહ્યા છે, તે સિવાયની બીજી વિજયોમાં વર્તમાનકાલે અન્ય જીનેશ્વરોનો જન્મઃ કુમારઅવસ્થાઃ વિગેરે સંભવે? કે નહિ? અને વિહરમાન પદે કરી વર્તમાનજિનો કહેવા? કે સમવસરણમાં બિરાજેલાજ કહેવા? અને સંપૂર્ણ **મહાવિદેહક્ષેત્ર,** કોઇ કાળે કેવલિ પર્યાયવાળા જિનેશ્વરથી રહિત હોય? કે સામાન્ય તીર્થંકરની સત્તા વિનાનું હોય? કે નહિ?

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉ૦ વર્તમાનકાલે વિહરમાન જિનેશ્વરો સિવાયની વિજયોમાં તીર્થંકરોના જન્મઃ કુમારં અવસ્થાઃ વિગેરેનો અસંભવ જાણેલો નથી. તેમજ વિહરમાન શબ્દથી કેવલિપર્યાયવાળા જિનેશ્વરો લેવાય છે, તથા સંપૂર્ણ **મહાવિદેહ** કોઇ વખત પણ કેવલિપર્યાયવાળા જિનોથી રહિત હોતું નથી, અને સામાન્ય તીર્થંકરની સત્તા વિનાનું હોતું નથી. ॥ ૨-૧૦-૧૮-૧૮૦ ॥ ૩૧૬ ॥

પ્ર૦ સ્પર્શ વિગેરે ત્રણ ઇંદ્રિયો નવ યોજન દૂરથી પોતાના વિષયને ગ્રહણ કરે છે, તે ત્રણેયના ચક્ષુ ઇંદ્રિય અને શ્રવણ ઇંદ્રિયની પેઠે સ્વ-વિષય ગ્રહણ કરવામાં કયા દૃષ્ટાંતો બતાવ્યા છે ?

ઉ૦ નવ યોજન દૂર વર્ષાદ વરસ્યો હોય. તે જલના પુદ્ગલો ત્યાંથી આવી શરીરને સ્પર્શે છે, અને તે દૂર પ્રદેશથી માટીના પુદ્ગલો આવી રસનાઃ અને નાસિકાએઃ લાગી, ગંધઃ અને રસઃનું જ્ઞાન કરાવે છે. વિગેરે દૃષ્ટાંતો **પુષ્પમાલા ટીકા** વિગેરેથી જાણવા. ॥ ૨-૧૦-૧૯-૧૮૧ ॥ ૩૧૭ ॥

પ્ર૦ શ્રાવકોએ પોસહ તથા ઉપધાન વિગેરેમાં સાંજની પડિલેહણમાં "**પડિલેહણા પડિલેહાવોજી**" આ આદેશ માગ્યા પછી કાજો લીધો, ત્યાર બાદ ઉપધિ મુહપત્તિ પડિલેહવાના આદેશ માંગી ઉપધિનું પડિલેહણ કર્યું, તો તે પડિલેહણ બાદ કાજો લેવો જોઇયે ? કે નહિ ?

ઉ૦ પહેલાં કાજો લીધો હોય, છતાં ઉપધિ પડિલેહ્યા બાદ લેવો જોઇએ. ॥ ૨-૧૦-૨૦-૧૮૨ ॥ ૩૧૮ ॥

પ્ર૦ છકીયાના ઉપધાનમાં પ્રવેશ કર્યો હોય, તે દીવસેજ માલારોપણ થયું હોય, તો તેની પહેલી વાચના આપીને માલા પહેરાવાય? કે માલારોપણ પછી તપ, પૂરું થયે પહેલી વાચના અપાય ?

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉ૦ છકીયાના ઉપધાનના પહેલા દીવસે **પવેણું** કરી પહેલી વાચના આપીને, **સમુદ્દેશાદિ** ક્રિયા કરાવીને, માલારોપણ થાય છે. ॥ ૨-૧૦-૨૧-૧૮૩ ॥ ૩૧૯ ॥

પ્ર૦ જિનમંદીરમાં પચ્ચક્ખાણ પારવું કલ્પે ? કે નહિ ?

ઉ૦ પચ્ચક્ખાણ પારવું સુઝે છે, એવો સંપ્રદાય છે. ॥૨-૧૦-૨૨ -૧૮૪ ॥ ૩૨૦ ॥

પ્ર૦ ઉપધાન તપ ચાલી રહ્યું હોય, તેમાં વીશસ્થાનક વિગેરે તપ કરવું સુઝે ? કે નહિ ?

ઉ૦ પ્રાયઃ કરીને ઉપધાનમાં તે તપ કરવું સુઝે નહિ. ॥૨-૧૦-૨૩ -૧૮૫ ॥ ૩૨૧ ॥

પ્ર૦ સાધ્વી અને શ્રાવિકાઓએ દૈવસિકા પ્રતિક્રમણમાં **સુય-દેવયા ભગવતી** સ્તુતિ કહેવાય છે, તે અનુસારે સાધ્વીના અભાવમાં શ્રાવિકાઓએ, **પક્ખી સૂત્રના** ઠેકાણે બોલાતું **વંદિત્તુ** સૂત્રના છેડે તે સ્તુતિ બોલાય છે, તે કહેવાય ? કે નહિ ?

ઉ૦ સાધ્વીઓ અને શ્રાવિકાઓએ આ પ્રકારે સ્તુતિ કહેવાય છે, તેમાં **સમાચારીજ** પ્રમાણ છે. ॥૨-૧૦-૨૪-૧૮૬ ॥૩૨૨॥

## ૧૧

# વૃદ્ધ પણ્ડિત શ્રીશુભવિજય ગણિકૃત પ્રશ્નોત્તરો.

પ્ર૦ તીર્થંકરો સાથે જેઓ દીક્ષા ગ્રહણ કરે, તે તીર્થંકરની પેઠે પાઠનો ઉચ્ચાર વિગેરે કરે ? કે બીજી રીતે કરે ?

ઉ૦ તીર્થંકર સાથે દીક્ષા લેનારાઓ પોતે દક્ષ હોવાથી, તે તે ક્ષેત્ર-કાલના અનુસારે તપસ્યા ગ્રહણ કરે છે, પણ તીર્થંકરની પેઠે પાઠનો ઉચ્ચાર કરતા નથી, પણ પહેલાં તીર્થંકરની સાથે

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દીક્ષા લેનારા તીર્થંકરની પેઠે પાઠનો ઉચ્ચાર કરે છે, એમ જણાય છે. ॥ ૨–૧૧–૧–૧૮૭ ॥ ૩૨૩ ॥

પ્ર૦ **સંગ્રહણી અંતર્વાચ્ય** વિગેરેમાં લોકાન્તિક દેવોના નવ નિકાયો બતાવ્યા, અને **ઉત્તમ ચરિત્રમાં** દશ બતાવ્યા. તો તેમાં સાચું શું ?

ઉ૦ બહુ ગ્રંથોમાં નવ નિકાય કહ્યા છે, તો જો **ઉત્તમ ચરિત્રમાં** દશ બતાવ્યા હોય, તો મતાંતર જાણવું. ॥ ૨–૧૧–૨–૧૮૮ ॥ ૩૨૪ ॥

પ્ર૦ ચક્ષુરહિતને કેવલજ્ઞાન ઉપજે ? કે નહિ ?

ઉ૦ ચક્ષુવિકલને કેવલજ્ઞાન ઉપજે છે. ॥ ૨–૧૧–૩–૧૮૯॥૩૨૫॥

પ્ર૦ **પુંકાજલઃ સીકરીજલઃ** અને **પાડલજલઃ** દુવિહારમાં કલ્પે છે ? તેનું સ્વરૂપ શું ?

ઉ૦ પુંકાજલઃ અને સીકરીજલઃ દેશવિશેષમાં પ્રસિદ્ધ હશે, અને **પાડલજલઃ** તો પાડલીવૃક્ષના પુષ્પનું પાણી છે. ॥ ૨–૧૧–૪–૧૯૦ ॥ ૩૨૬ ॥

પ્ર૦ ગુવારફળીઃ ચણાઃ વિગેરે અને [ મેથી વિગેરેની] ભાજીઃ કાચા ગોરસ સાથે લેવાથી વિદલ થાય ? કે નહિ ?

ઉ૦ કાચાં દહીંઃ છાશઃ વિગેરે સાથે વાપરવાથી તેનાથી વિદલ બને છે. ॥ ૨–૧૧–૫–૧૯૧ ॥ ૩૨૭ ॥

પ્ર૦ લીલી ભાજી વિગેરે તડકે મૂકયા સિવાય કેટલા દીવસે સૂકવણી ગણાય ?

ઉ૦ સૂર્યના તાપમાં મૂકવાથી ત્રણ દીવસે સૂકવણી થાય, અને સૂર્ય તાપ વિના તો જ્યારે પોતાની મેળે સુકાઇ જાય, ત્યારે થાય. આમાં દિવસની સંખ્યાનું નિયતપણું નથી. ॥ ૨–૧૧–૬–૧૯૨ ॥ ૩૨૮ ॥

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્ર૦ શ્રદ્ધાલુ શ્રાવિકાઓ પોસહ લીધા બાદ ગુંહલી કરી શકે? કે નહિ?

ઉ૦ દ્રવ્યસ્તવપણું હોવાથી ગુંહલીઓ કરી શકે નહિ. ॥ ૨-૧૧-૭-૧૯૩ ॥ ૩૨૯ ॥

પ્ર૦ શ્રાવિકાઓ દેવપૂજામાં સ્નાત્ર ભણાવ્યા પછી આરતિઃ મંગલદીવોઃ વિગેરે કાર્ય કરે? કે નહિ?

ઉ૦ આરતી મંગલદીવો ઉતારવાની પ્રવૃત્તિ હાલ દેખાતી નથી, પણ શાસ્ત્રમાં નિષેધ દેખ્યો નથી, તેથી કોઈક દેશવિશેષમાં તે કરતાં પણ હશે. ॥ ૨-૧૧-૮-૧૯૪ ॥ ૩૩૦ ॥

પ્ર૦ વ્યાખ્યાન અવસરે સામાયિક લઇને શ્રાવિકા આદેશ માંગવા પૂર્વક પડિલેહણા કરે? કે નહિ?

ઉ૦ સામાયિકમાં પડિલેહણાના આદેશનું માંગવું તે યુક્તિ યુક્ત છે. ॥ ૨-૧૧-૯-૧૯૫ ॥ ૩૩૧ ॥

પ્ર૦ પાનના અનેક કકડા કરી હાથે મસળી નાંખીને એક પહોર માત્ર રાખી મૂકયા હોય, તો સચિત્ત ગણાય? કે અચિત્ત ગણાય?

ઉ૦ પાનના તેવા પ્રકારના કકડાનો પણ અચિત્તપણે વ્યવહાર નથી. ॥ ૨-૧૧-૧૦-૧૯૬ ॥ ૩૩૨ ॥

## ૧૨

# પણ્ડિત દેવવિજયગણિકૃત-પ્રશ્નોત્તરો.

પ્ર૦ કોઈક શ્રાવક પોતાના દ્રવ્યની જિનપ્રતિમા ભરાવે, અને કોઈક પોતાના દ્રવ્યથી પુસ્તક લખાવે, તો પ્રતિમા કરનારને દેવદ્રવ્ય અને પુસ્તક લેખકને જ્ઞાનદ્રવ્ય લાગે? કે નહિ?

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉ૦ અનુક્રમે તે બંન્નેયને પણ તે બંન્નેય લાગતા નથી. (તે બંનેયને વપરાશ કરતાં દેવદ્રવ્ય અને જ્ઞાનદ્રવ્ય લાગતા નથી.) એમ સંભવે છે. ॥ ૨-૧૨-૧-૧૯૭ ॥ ૩૩૩ ॥

૧૩

# પણ્ડિત કહાનજી ગણિકૃત પ્રશ્નોત્તરો.

પ્ર૦ તીર્થંકર મહારાજાનું દાન અભવ્ય જીવો પામે? કે નહિ?

ઉ૦ અભવ્ય જીવો પામે નહિ, એમ **વૃદ્ધવાદ** છે, પણ ગ્રંથમાં અક્ષરો જોયાનું યાદ નથી. ॥ ૨-૧૩-૧-૧૯૮ ॥ ૩૩૪ ॥

પ્ર૦ "અભવ્ય જીવો **શત્રુંજય** તીર્થ સ્પર્શે નહિ," તેવા અક્ષરો કયા ગ્રંથમાં છે?

ઉ૦

**अभव्याः पापिनो जीवा नामुं पश्यन्ति पर्वतम् ।**
**लभते चापि राज्यादि, नेदं तीर्थं हि लभ्यते ॥ १ ॥**

પાપી અભવી આ તીર્થને નજરે દેખે નહિ, કદાચ રાજ્ય વિગેરેને પામે, પણ આ તીર્થને પામી શકે નહિ?"

એમ **શત્રુંજયમહાત્મ્યમાં** છે. ॥૨-૧૩-૨-૧૯૯॥૩૩૫॥

પ્ર૦ **ઇશાન ઇંદ્રના** ક્રોધથી **બલિ ચંચા** રાજધાની ભાઠાના અંગારના કણીયા સરખી થઇ ગઈ, તે સાચું? કે સાક્ષાત્ અંગારભૂત થઇ ગઈ, તે સાચું?

ઉ૦ **ભૂત**-શબ્દ-ઉપમા વાચી હોવાથી, દેવતાઇ પ્રભાવથી **બલિ-ચંચા** રાજધાની અંગારાદિ સરખી થઈ ગઇ, એમ સંભવે છે. ॥ ૨-૧૩-૩-૨૦૦ ॥ ૩૩૬ ॥

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ૧૪

# પણ્ડિત કનકકુશલ ગણિકૃત પ્રશ્નોત્તરો.

પ્ર૦ **ભદ્રબાહુ સ્વામિજીએ નવમા પૂર્વથી** ઉદ્ધરેલું કલ્પસૂત્ર **પર્યુષણાના** પાંચ દીવસમાં વંચાતુ હજુ સુધી ચાલ્યું આવે છે, પણ **સુધર્મા ગણધર** વિગેરે આચાર્યોના સમયે **પજુસણમાં** કયુ શાસ્ત્ર વંચાતું હતું ?

ઉ૦ **સુધર્મા સ્વામિ** આદિ મહાપુરુષો પજુસણમાં **નવમા પૂર્વમાં**-રહેલું **આજ અધ્યયન** યથાસ્થિત વ્યાખ્યાન કરતા હતા, એમ સંભવે છે. ॥ ૨-૧૪-૧-૨૦૧ ॥ ૩૩૭ ॥

પ્ર૦ ગાયઃ ભેંસઃ બકરીઃ વિગેરેના ઘીની પેઠે, ખારૂં અને મીઠું પાણી અને ગાય ભેંસ વિગેરેની છાશ એક દ્રવ્ય ગણાય ? કે જુદા જુદા દ્રવ્ય ગણાય ? **શ્રાદ્ધવિધિમાં**તો આ પ્રકારે કહ્યું છે કે 'જુદું નામ હોય, અને સ્વાદ જુદો હોય, તો જુદુ દ્રવ્ય ગણાય.' પણ છાશ વિગેરેમાં સ્વાદ જુદો હોય છે, પણ નામ જુદું હોતુ નથી, તેથી આમાં કઈ રીતીએ દ્રવ્ય સંખ્યા ગણવી ?

ઉ૦ ગાય વિગેરેનું ઘીઃ ખારુ-મીઠું પાણીઃ અને ગાયઃ ભેંસઃ વિગેરેની છાશ; તે એક દ્રવ્ય ગણાય. કેમકે-**उभयभिन्नत्वे सति भिन्न द्रव्यत्वं स्यात्**-નામ અને સ્વાદ, આ બંન્ને જુદા હોય તો જુદુ દ્રવ્ય ગણાય, તો આમાં નામ જુદું નથી, માટે તે એક દ્રવ્ય ગણાય. ॥ ૨-૧૪-૨-૨૦૨ ॥ ૩૩૮ ॥

પ્ર૦ લાપસીમાં ઘી અને ગોળ રૂપ બે વિગય ગણાય ? કે એક કડા વિગય ગણાય ?

ઉ૦ **યોગવિધિને** અનુસારે લાપસી બે પ્રકારની હોય છે, એક

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિગય રૂપ, અને બીજી નિવિયાતા રૂપ–તેમાં વિગય રૂપ લાપસીમાં ગોળ અને ઘી એમ બે વિગય ગણાય છે. ॥ ૨–૧૪ –૩–૨૦૩ ॥ ૩૩૯ ॥

પ્ર૦ વિવાહ વિગેરેના જમણવારમાં સાધુઓને વહોરવું કલ્પે ? કે નહિ ? તેમ પોસાતિના જમણવારમાં વહોરવું કલ્પે ? કે નહિ ?

ઉ૦ વિવાહના જમણવારની પેઠે જે ઘરે પોસાતીનો પણ જમણવાર હોય, ત્યાં વહોરવું કલ્પે નહિ. ॥ ૨–૧૪–૪–૨૦૪ ॥ ૩૪૦ ॥

પ્ર૦ રાત્રિએ રાંધેલી પોળી વિગેરે રાત્રિભોજનના ત્યાગી કેટલાક શ્રાવકોને ખાવી કલ્પે નહિ. તેમજ સાધુઓને તે વાપરવી ન કલ્પે ? કે કલ્પે છે ?

ઉ૦. શ્રાવકો રાત્રિએ બનેલું અન્ન વિગેરે વાપરતા નથી. તેનું કારણ બહુ જીવ વિરાધનાનો સંભવ છે, અને રાત્રિના પ્રથમ અને બીજા પહોરમાં રાંધેલ પોલી–કઠોળ વિગેરેમાં બીજે દીવસે વાસિપણાની શંકાનો સંભવ છે, તેથી વાપરતા નથી. પણ "રાત્રિએ રાંધેલ વાપરવાથી રાત્રિભોજન નિયમનો ભંગ થાય" એ માન્યતાથી નહિ, સાધુઓ તો વાસીની સંભાવના થતી હોય, તો લીએ નહિ, નહિંતરતો અવસર પ્રમાણે ગ્રહણ કરે. કેમકે–તેઓતો ગ્રહસ્થે પોતાના માટે બનાવેલું હોય, તે પીંડ લેવાવાળા હોય છે, તેથી વિરાધનાનો સંભવ નથી. ॥ ૨–૧૪–૫–૨૦૫ ॥ ૩૪૧ ॥

૧૫

# પંડિત દર્શનસાગર ગણિકૃત પ્રશ્નોત્તરો.

પ્ર૦ પક્ખી પ્રતિક્રમણના છેલ્લા ભાગમાં **સજ્ઝાય સંદિસાહુ** અને **સજ્ઝાય કરું** એમ આદેશ માંગીને **સજ્ઝાય** ન કહેતાં, તે

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્થાને **નવકારઃ ઉવસ્સગહરંઃ** અને **સંસારદાવાની સ્તુતિઃ** બોલાય છે, તેનું શું કારણ?

ઉ૦ **આવશ્યક ચૂર્ણિના** અભિપ્રાયે **પક્ખી પ્રતિક્રમણને છેડે "સ્તુતિસ્તોત્ર રૂપ સજ્ઝાય કરવી"** કહી છે, તેથી **પરંપરાથી** સ્તુતિસ્તોત્ર વિગેરે કહેવાય છે. ॥ ૨-૧૫-૧-૨૦૬ ॥ ૩૪૨ ॥

પ્ર૦ સૂર્ય વિમાન અતિ નીચું હોવાથી; રાહુ વિમાનઃ સૂર્ય વિમાનને કેવી રીતે આવરી શકે? અને ચંદ્રવિમાનઃ અતિ ઉંચુ હોવાથી રાહુવિમાન-ચંદ્રવિમાનને કેવી રીતે આવરી શકે?

ઉ૦ **તત્ત્વાર્થ ભાષ્ય ટીકાના** અનુસારે ચંદ્રવિમાનથી રાહુનુ વિમાન ઉપર રહેલ છે, અને તે અનિયમિત પ્રરતું હોવાથી કદાચિત્ સૂર્યવિમાનની નીચે દશ યોજન સુધી ફર્યા કરે છે, માટે ચંદ્ર સૂર્યને આવરવામાં કાંઇ પણ શંકા રહેતી નથી. ॥ ૨-૧૫-૨-૨૦૭ ॥ ૩૪૩ ॥

## ૧૬

# પણ્ડિત વિવેકસાગર ગણિકૃત પ્રશ્નોત્તરો.

પ્ર૦ **નવગ્રૈવેયકઃ** અને **પાંચ અનુત્તર વિમાનમાં** જિન દાઢા છે? કે નહિ? જો છે, તો શાશ્વતી છે? કે અશાશ્વતી છે?

ઉ૦ **ગ્રૈવેયકઃ** વિગેરેમાં સુધર્માદિ સભા નહિ હોવાથી જિન દાઢાઓ હોતી નથી. ॥ ૨-૧૬-૧-૨૦૮ ॥ ૩૪૪ ॥

પ્ર૦ સ્ત્રીઓ કાલધર્મ પામી **સર્વાર્થસિદ્ધ** વિમાને જાય? કે નહિ?

ઉ૦ **વિજયચંદ કેવલિચરિત્રમાં દેવપૂજાના અધિકારમાં** સ્ત્રીઓના **સર્વાર્થસિદ્ધ** વિમાને જવાના અક્ષરો છે, અને

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**પૃથવીચંદ્ર ચરિત્રમાં "પૃથવીચંદ્રની** પૂર્વભવની સ્ત્રીઓ **સર્વાર્થસિદ્ધે** જઇને મનુષ્યપણું પામી સિદ્ધ થઈ" એમ કહ્યું છે, તેમજ **કનકમાલાઃ** સર્વાર્થસિદ્ધ વિમાનમાં ગઈ. તેવા અક્ષરો **અષ્ટપ્રકારી પૂજાના ગ્રંથમાં પ્રદીપ-પૂજાના અધિકારમાં** છે, અને **વાસુપૂજ્ય ચરિત્રમાં તો, અનુત્તર વિમાને** જવાના સ્પષ્ટ અક્ષરો છે, અને સ્ત્રીઓ-**અનુત્તર વિમાનનું** આયુષ બાંધે છે, તે વાત **પન્નવણા સૂત્રમાં ત્રેવિશમા કર્મપ્રકૃતિ** નામના **પદની ટીકામાં** કહેલ છે. ॥ ૨-૧૬-૨-૨૦૯॥૩૪૫॥

## ૧૭

# શ્રીહીરવિજયસૂરિ શિષ્ય પંડિત રામવિજય ગણિકૃત પ્રશ્નોત્તરો.

**પ્ર૦ सिज्झंति जत्तिआ किर इह संववहार-जीवरासिमज्झाओ।**
**जंति अणाइवणस्सइरासीओ तत्तिआ तम्मि ॥ १ ॥**

આ ગાથા અનુસાર-જેટલા સિદ્ધ થાય, તેટલા જીવો અનાદિનિગોદમાંથી વ્યવહાર રાશિમાં આવે છે. આ પ્રકારે અનાદિ સંસારને આશ્રયીને વિચાર કરતાં, જેટલા સિદ્ધ થયા, તેટલાજ સદા વ્યવહારી જીવોઃ અનાદિનિગોદથી બહાર આવેલ છે. અધિક નહિ.

પરંતુ

**इक्कस्स निगोयस्स अणंत-भागो सिद्धि-गओ०** આ ગાથાને અનુસરીને, સૂક્ષ્મઃ બાદરઃ એ બેમાંથી, એક નિગોદનો અનન્તમો ભાગ સિદ્ધ થયો છે, તેમજ વ્યવહારી જીવો પણ એક નિગોદના અનન્તમા ભાગે હોવા ઘટી શકે છે, એમ જણાય છે

૯

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કેમકે–સર્વ જીવોના બે પ્રકાર છે, એક વ્યવહારી, અને બીજો અવ્યવહારી, તેમાં સૂક્ષ્મનિગોદજ અવ્યવહારી છે, અને બીજા વ્યવહારી છે. આ પ્રમાણે બાદરનિગોદ વિગેરેમાં સિદ્ધ કરતાં અનન્તાનન્ત ગુણા જીવો છે, તેથી સિદ્ધ જીવો કરતાં વ્યવહારી જીવો અધિક છે? કે તુલ્ય છે? તે જણાતું નથી, માટે તે બતાવવા કૃપા કરશો.

ઉ૦ સિદ્ધના જીવોઃ એકનિગોદના જીવો કરતાં અનન્તમા ભાગના કહ્યા છે, અને નિગોદો–સૂક્ષ્મઃ અને બાદરઃ એમ બે પ્રકારે છે. જેટલા જીવો સિદ્ધિપદને પામે છે, તેટલા જીવો સૂક્ષ્મનિગોદથી નીકળી વ્યવહાર રાશિ જીવોમાં આવે છે, માટે સિદ્ધના જીવોનું અને વ્યવહાર રાશિના જીવોનું તુલ્યપણું ક્યાંથી થાય? અને તે તે ગ્રંથો અનુસાર વ્યવહાર રાશિનું અનાદિપણું ભાસમાન થતું હોવાથી, **सिज्झंति जत्तिया०** આ ગાથાનો અર્થ પણ વ્યવહાર રાશિના અનાદિપણા અનુસારજ ભાવવો જોઇયે. ॥ ૨–૧૭–૧–૨૧૦ ॥ ૩૪૬ ॥

પ્ર૦ સંસારમાં ફરતો એક જીવ કેટલી વખત ઇંદ્રપણું: ચક્રવર્તિપણું: વિગેરે પામી શકે? અને આ બાબત કયા શાસ્ત્રમાં કહી છે?

ઉ૦ આટલી વખત પામી શકે, તેવો નિયમ શાસ્ત્રમાં જોવામાં આવેલ નથી. બે વખત પામી શકે, તેવા અક્ષરો તો, સાક્ષાત્ **ભગવતી સૂત્ર** વિગેરેમાં દેખાય છે, પરંતુ પ્રાયઃ કરી બહુ વખત ન પામે, એમ સંભવિત લાગે છે. ॥ ૨–૧૭–૨–૨૧૧ ॥ ૩૪૭ ॥

પ્ર૦ **બ્રહ્મદેવ લોકથી** ઉપર સમ્યક્–દૃષ્ટિ દેવોઃ વધારે છે? કે મિથ્યાદૃષ્ટિઃ વધારે છે?

ઉ૦ યુક્તિએ વિચાર કરતાં **બ્રહ્મદેવલોકથી** ઉપરના દેવલોકમાં,

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મિથ્યા દૃષ્ટિ દેવો કરતાં, સમ્યગ્દૃષ્ટિ દેવો વધારે સંભવે છે. ॥ ૨–૧૭–૩–૨૧૨ ॥ ૩૪૮ ॥

પ્ર૦ **શ્રાદ્ધવિધિ ટીકામાં** પ્રભુપ્રતિમાને સૃષ્ટિએ નવે અંગે તિલક કરવાનું કહ્યું છે, તેમાં પહેલું ડાબા પગે કરાય? કે જમણા પગે?

ઉ૦ પૂજા અવસરે જિનપ્રતિમાને કરાતાં તિલકો જમણા પગથી માંડીને અંગરચના મુજબ કરવા. ॥ ૨–૧૭–૪–૨૧૩॥૩૪૯॥

**॥इतिश्री सकलसूरि-पुरन्दर-परमगुरु-गच्छाधिराज-भट्टार्क-श्री-विजयसेनसूरि-प्रसादीकृत-प्रश्नोत्तर-संग्रहे श्री हीरविजयसूरिशिष्य-पण्डित-शुभविजयगणि-विरचिते द्वितीय उल्लासः सम्पूर्णः ॥**

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ॥ अथ तृतीय उल्लासः ॥

**श्री-पार्श्वं प्रणिपत्य श्री शङ्खपुरेश्वरं जिनं भक्त्या।**
**आरभ्यते तृतीयोल्लासः शुभ-विजय-विज्ञेन ॥ १ ॥**

**શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ** જિનેશ્વરને ભક્તિ પૂર્વક નમસ્કાર કરી શ્રીશુભવિજય પંડિત **ત્રીજા ઉલ્લાસની** શરુઆત કરે છે.

---

## ૧

## આ ગ્રંથના સંગ્રહકાર પણ્ડિત શુભવિજય-ગણિના પ્રશ્નોત્તરો.

**પ્ર૦** પ્રભાતે વ્યાખ્યાનના પ્રારંભમાં જિનેશ્વરદેવો **नमो तित्थस्स** બોલે છે, તેમાં તીર્થ શબ્દનો શો અર્થ થાય ?

**ઉ૦** **આવશ્યક હારિભદ્રી ટીકા** વિગેરે અનુસાર, **તીર્થ શબ્દે** કરી, **બાર અંગરૂપ શ્રુત** જ્ઞાન કહેવાય છે. ॥ ૩–૧–૧–૩૫૦ ॥

**પ્ર૦** પાસત્થા વિગેરે પાસે દીક્ષિત થયેલ મુનિને ગણ હોય ? કે નહિ?

**ઉ૦** તેને ગણ હોય છે. કેમકે–**મહાનિશીથના ત્રીજા અધ્યયનને** છેડે કહ્યું છે કે—

**सत्तट्ठगुरुपरंपरकुसीले, एगबितिगुरुपरंपरकुसीले.**

સાતઃ આઠઃ ગુરુ પરંપરા કુસીલ–અને એકઃ બેઃ ત્રણઃ ગુરુ પરંપરા કુસીલ—”

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આમાં બે વિકલ્પ કહેલા હોવાથી–આ પ્રમાણે જણાય છે કે–જે એકઃ બેઃ ત્રણઃ ગુરુપરંપરા સુધી કુસીલ હોય, તેમાં સાધુ સામાચારી, સર્વ પ્રકારે વિનાશ થયેલી હોતી નથી, તેથી જો કોઇ ક્રિયા ઉદ્ધાર કરે, તો અન્યસાંભોગિક વિગેરે પાસે ચારિત્ર ઉપસંપદ્ ગ્રહણ કરીનેજ, ક્રિયા ઉદ્ધાર કરી શકે છે. બીજા પ્રકારે નહિ.

વળી **બૃહત્કલ્પ ત્રીજા ખંડમાં કહ્યું છે** કે "કોઇકે નિન્હવ પાસે દીક્ષા લીધી, અને તેને છોડીને સુસાધુ પાસે આવ્યો, તેને પ્રાયશ્ચિત્ત તે છે કે–સમ્યગ્ માર્ગ અંગીકાર કરે; અને ત્યાંથી વ્રત પર્યાય ગણાય; ફરી તેને વડી દીક્ષા કરવી પડતી નથી. ॥ ૩–૧–૨ ॥ ૩૫૧ ॥

**પ્ર૦** છુટા શ્રાવકો ત્રણ નવકારે નોકારશી વિગેરે પચ્ચક્ખાણ પારે છે, તેના અક્ષરો ક્યાં છે?

**ઉ૦** મોકળા શ્રાવકોઃ ત્રણ નવકારે પચ્ચક્ખાણ પારે છે, તે **અવિચ્છિન્ન પરંપરા છે**, પરંતુ તેનો પાઠ કોઇ પણ ઠેકાણે જોયાનું યાદ નથી. ॥ ૩–૧–૩–૩૫૨ ॥

**પ્ર૦** સ્વપક્ષી કોણ અને પરપક્ષી કોણ?

**ઉ૦** "**निह्नगाइ अत्ति-**" "નિન્હવઃ પાસત્થાઃ વિગેરે સાધુવેષને ધારણ કરનાર **સ્વપક્ષી કહેવાયઃ** અને ઉપરના વાક્યમાં આદિ શબ્દ ગ્રહણ કરેલ છે, તેથી–**ચરકપરિવ્રાજક** વિગેરે **પરપક્ષી** કહેવાય છે." એમ **બૃહત્કલ્પના પહેલા ખંડમાં છે.** ॥ ૩–૧–૪–૩૫૩ ॥

**પ્ર૦** ઓષધ અને ભેષજમાં કાંઈ તફાવત છે? કે નહિ?

**ઉ૦** સુંઠ વિગેરે એક જાતિનું હોય, તે **ઓષધ** કહેવાય છે, અને અનેક જાતિનું જ **ગોળી, ચૂર્ણ**, વિગેરે બને છે, તે **ભેષજ**

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કહેવાય છે. **પંચસૂત્રની બૃહદ્વૃત્તિ** અનુસારે એવો ભેદ જાણવામાં છે. ॥ ૩–૧–૫ ॥ ૩૫૪ ॥

**પ્ર૦** કોઇ કહે કે–"હું ભવ્ય છું ? કે અભવ્ય ? તે શી રીતે જણાય ?"

**ઉ૦** :"જે પોતાના હૃદયમાં ભવ્યઃ અભવ્યઃની શંકાવાળો થાય, તે નિયમથી ભવ્ય હોય છે. કેમકે–અભવ્ય જીવને તેવી શંકા થતી નથી." એમ–**આચારાંગના અવન્તી અધ્યયનના પાંચમા ઉદ્દેસાની ટીકામાં** કહ્યું છે. ॥ ૩–૧–૬ ॥ ૩૫૫ ॥

**પ્ર૦** આચાર્ય વિગેરેની પ્રતિમાઃ તથા દેરીનીઃ પ્રતિષ્ઠાના અક્ષરો કયા ગ્રંથમાં છે ?

**ઉ૦** આચાર્યની મૂર્તિઃ અને દેરીનો **સ્થાપનામંત્રઃ** નીચે મુજબ છે.

**ॐ नमो आयरिआणं भगवंताणं नाणीणं पंच-विहा-यारसुट्ठियाणं इह भगवंतो आयरिया अवयरंतु, साहु-साहुणी-सावय-साविआ-कयं पूअं पडिच्छंतु, सव्वसिद्धिं दिसंतु. स्वाहा—**

આ મંત્રે કરી ત્રણ વખત વાસક્ષેપ કરવો.

ઉપાધ્યાયની મૂર્તિઃ અને સ્તૂપનોઃ મંત્ર—

**ॐ नमो उवज्झायाणं भगवंताणं बारसंग-पढग-पाढगाणं सुअहराणं सज्झायज्झाणासत्ताणं इह उव-ज्झाया भगवंतो अवयरंतु, साहु-साहुणी-सावय-साविया-कयं पूअं पडिच्छंतु, सव्व-सिद्धिं दिसंतु—**

આ મંત્રે ત્રણ વખત વાસક્ષેપ નાંખવો.

સાધુ સાધ્વીની મૂર્તિઃ અને સ્તૂપનોઃ મંત્ર—

**ॐ नमो सव्वसाहूणं भगवंताणं पंचमहव्वयधराणं पंचसमिआणं तिगुत्ताणं तव-नियम-नाण-दंसण-जुत्ताणं**

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**मुक्खसाहगाणं साहुणो भगवंतो इह अवयरंतु-भगवइओ साहुणीआ इह अवयरंतु, साहुसाहुणीसावय साविआकयं पूअं पडिच्छंतु सव्वसिद्धिं दिसंतु स्वाहा-**

આ મંત્રે ત્રણ વખત વાસક્ષેપ કરવો.

આ પ્રમાણે **વર્ધમાન સૂરિકૃત આચાર દિનકર ગ્રંથમાં** છે. માટે ઇત્યાદિક ગ્રંથને અનુસારે આચાર્ય વિગેરેની મૂર્તિ તથા દેરીની પ્રતિષ્ઠાના અક્ષરો જાણવા. ॥ ૩-૧-૭ ॥ ૩૫૬ ॥

**પ્ર૦** શ્રાવકો ચાર પર્વતિથિમાં ચોથભક્ત વિગેરે કરે છે, તે ચાર પર્વો કયા ગણાય ?

**ઉ૦** ચૌદશઃ આઠમઃ અમાવાસ્યાઃ અને પુનમઃ આ ચાર પર્વતિથિઓ છે, એમ **યોગશાસ્ત્ર ટીકામાં चतुष्पर्व्यां चतुर्थादि** એ શ્લોકના વ્યાખ્યાનમાં કહ્યું છે, તેજ પ્રમાણે **પ્રવચન સારોદ્ધારમાં** પણ કહ્યું છે, અને **શ્રાદ્ધવિધિમાં તથા પ્રતિક્રમણ સૂત્રની ટીકામાં** કહ્યું કે—

"આઠમઃ ચૌદશઃ પૂર્ણિમાઃ અને અમાવાસ્યાઃ આ પર્વતીથિઓ છે, તે એક માસમાં છ હોય છે, અને પખવાડીયામાં ત્રણ હોય છે, તેમજ બીજઃ પાંચમઃ આઠમઃ-અગીઆરસઃ-અને ચૌદશઃ આ પાંચ તીથિઓ **ગૌતમ ગણધર મહારાજાએ** કહેલી છે.

**બીજ**-બે પ્રકારના ધર્મારાધન માટે.

**પાંચમ**-જ્ઞાનનિમિત્તે-

**આઠમ**-આઠ કર્મના ક્ષય માટે.

**અગીઆરસ**-૧૧ અંગની આરાધના માટે.

અને **ચૌદશ**-ચૌદ પૂર્વની આરાધના માટે છે.

આ પાંચ તિથિઓ જ્યારે પુનમ અને અમાવાસ્યા સાથે ગણીએ, ત્યારે દરેક પખવાડીયામાં ઉત્કૃષ્ટથી છ પર્વો થાય છે."

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેમજ **ભગવતી ટીકામાં उद्दिट्ठ** શબ્દે કરી અમાવાસ્યા કહી છે. **विपाक સૂત્ર ટીકામાં** પણ તેમજ છે.

વળી "બળઃ વીર્યઃ પુરુષકારઃ ને પરાક્રમઃ છતાં આઠમઃ ચૌદશઃ જ્ઞાનપંચમીઃ પજુસણઃ અને ચૌમાસીઃના દિવસમાં જે ઉપવાસ છઠઃ અઠમઃ ન કરે, તેને પ્રાયશ્ચિત્ત આવે." એમ **ઓગણીશમા પંચાશકની ટીકા** વિગેરે અનેક ગ્રંથમાં પંચમીને ગણાવી છે, અને પંચમીઃ પર્વતરી કે **મહા નિશીથમાં** પણ કહી છે.

અહીં કોઇ શંકા કરે છે કે—

જો આમ છે, તો ત્રણઃ ચારઃ પાંચઃ અને છઃ તિથિઓ તપસ્યાઃ શીલઃ વિગેરે પાળી આરાધવી જોઇયે.

ઉત્તર આપે છે કે—જો સંપૂર્ણ શક્તિ હોય, તો તમામ આરાધવીઃ અને છેવટે યથાશક્તિ—એક પણ આરાધન કરનારને કોઈ દોષ નથી.

તથા—

**छण्हं तिहीणं मज्जंमि का तिहो अज्ज वासरे०** આ ગાથા **શ્રાદ્ધદિનકૃત્ય સૂત્રમાં** છે, અને તેનું વ્યાખ્યાન કર્યું છે કે "૮–૧૪–૧૫–આ ત્રણ તિથીઓઃ અજવાલી તથા અંધારી મળી ૭ તિથીઓઃ થાય છે. ઇત્યાદિક ગ્રંથને અનુસારે, અને **અવિછિન્ન પરંપરાએ કરી,** તમામ પૂર્ણિમાઃ અને અમાવાસ્યાઃ પર્વપણે આરાધવીજ જોઇયેઃ વળી **સૂયડાંગ સૂત્રના** બીજા **શ્રુતસ્કંધમાં લેપશ્રાવકના** અધિકારમાં કહ્યું છે કે—

**चाउद्दसट्ठमुद्दिट्ठ पुण्णमासिणीसु पडिपुण्णं**—

આની વ્યાખ્યા—

"ચૌદશઃ આઠમઃ પ્રસિદ્ધ છે, અને ઉદ્દિટ્ઠ એટલે મહા કલ્યા-

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ણક સંબંધીપણે પુણ્ય તિથિ તરીકે પ્રસિદ્ધિ પામેલી-ત્રણ ચૌમાસી પૂર્ણિમા. ”

આ પર્વારાધન બતાવ્યું, તે જેમ **કાર્તિક શેઠે** સો વખત-પાંચમી શ્રાવક પડીમા આરાધી, તેના સરિખો આ **ચરિતાનુવાદ** છે, પણ **વિધિવાદ નથી.** જો કોઈ એક જણ આચરે, તે **ચરિતાનુવાદ** છે, અને બધા **આચરે** તે **વિધિવાદ** છે. **વિધિવાદ** હોય, તે બધાએ માનવો જોઈયેઃ ॥ ૩-૧-૮ ॥ ૩૫૭ ॥

**પ્ર૦** શ્રાવકોને **ઉપધાન તપ** કર્યા વિના **નવકાર** વિગેરે સૂત્રો ભણવા કલ્પે ? કે નહિ ?

**ઉ૦** જેમ સાધુઓને **યોગવહન** કર્યા શિવાય **આગમસૂત્રોનું** વાંચનઃ પઠનઃ વિગેરે કલ્પતું નથી, તેમ શ્રાવકોને પણ ઉપધાન કર્યા સિવાય **નવકારમંત્ર** વિગેરેનું ભણવુંઃ ગણવુંઃ કલ્પે નહિ.

**મહાનિશીથ સૂત્રમાં** કહ્યું છે કે—

**से भयवं ! सुदुक्करं पंचमंगलमहासुयक्खंधस्स विणओवहाणं पन्नत्तं, एसा नियंतणा कहं बालेहिं किज्जइ?**

**गोयमा ! जेणं केणइ न इच्छेज्जा एयं नियंतणं, अविणओवहाणेणं पंचमंगलसुअनाणमहिज्जइ अज्झावेइ वा, अज्झावय माणस्स वा अणुन्नं पयाइ, से णं न भवेज्जा पिअधम्मेः न हवेज्जा दृढधम्मे- न हवेज्जाः भत्तिजुएः हीलिज्जा सुत्तंः हीलिज्जा अत्थंः हीलिज्जा सुत्तत्थोभएः हीलिज्जा गुरुंः जे णं हीलिज्जा सुत्तं–जाव हीलिज्जा गुरुं । से णं आसाएज्जा अतीताणागयवट्टमाणे तित्थयरेः आसाएज्जा आयरिअ–उवज्झाय–साहुणोः जे णं आसाएज्जा सुअनाणमरिहंतसिद्ध–साहू–तस्स णं अणंतः संसारसागर-**

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**माहिडेमाणस्स तासु तासु संवुड-वियडासु चुलसीइ लक्ख-परिसंकडासु सोओसिण-मिस्सजोणिसु सुइरं नियंतणा. इति ।**

"**હે ભગવન્! પંચમંગલમહાશ્રુત સ્કંધનું** વિનયો-પધાન અત્યંત દુષ્કર બતાવ્યું. આ તપની સેવામાં રોકાવું બાલજીવોથી કેમ બને?

**હે ગોતમ!** જે કોઇ આ નિયંત્રણાને ન ઇચ્છે અને **પંચ-મંગલ મહાશ્રુતસ્કંધસૂત્રને** ઉપધાન કર્યા સિવાય ભણે, ભણાવે, ભણાવનારનું અનુમોદન કરે, તે પ્રિયધર્મી ન હોય, દૃઢ ધર્મી ન હોય, અને ભક્તિમાન ન બને; અને સૂત્રની હીલના કરે, અર્થની હીલના કરે, અને સૂત્રઃ અર્થઃ ઉભયની હીલના કરે, અને ગુરુની હીલના કરનારો બને, જે સૂત્રની અને યાવત્-ગુરુની હીલના કરનાર હોય, તે અતીતઃ અનાગતઃ અને વર્તમાનઃ તીર્થંકરોની આશાતના કરનાર થાય, અને આચાર્યઃ ઉપાધ્યાયઃ અને સાધુઓની આશાતના કરનારો થાય. જે શ્રુત-જ્ઞાનઃ અરિહંતઃ સિદ્ધઃ અને સાધુઓની આશાતના કરનારો થાય, તે અનંત સંસાર સમુદ્રમાં રઝળે, અને સંવૃતઃ વિવૃતઃ ચૌરાશી લાખ સંખ્યાવાળી શીતઃ ઉષ્ણઃ અને મિશ્રઃ યોનિમાં લાંબો કાળ નિયંત્રણા ભોગવે." પરંતુ ઉપધાન કર્યા પહેલાં જેણે **નવકાર-મંત્ર** વિગેરે સૂત્રો ભણી લીધા હોય, તેણે પણ અવસર મળ્યે વિલંબ કર્યા સિવાય વિધિપૂર્વક અવશ્ય ઉપધાન વહન કરી લેવા. હમણાં તો દ્રવ્યઃ ક્ષેત્રઃ કાલઃ વિગેરેની અપેક્ષાએ લાભાલાભ વિચારીને ઉપધાન કર્યા શિવાય, **નવકારમંત્ર** વિગેરેનું પઠન પાઠન કરાતું દેખાય છે, તે **આચરણાથી** છે, **આચરણાનું** લક્ષણ **કલ્પભાષ્યમાં** અને **ઉપદેશપદમાં** બતાવ્યું છે કે—

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



"કોઇ મહાનુભાવ ગીતાર્થ પુરુષે જે આચર્યું હોય, તેને બીજા ગીતાર્થીએ સાવદ્ય ન હોવાથી, નિષેધ્યું ન હોય, પણ ઘણાઓએ અનુમોદ્યું હોય, તે આચરણા કહેવાય. આ આચરણા જિનાજ્ઞા સમાનજ છે."

એમ ભાષ્યાદિક સૂત્રમાં કહ્યું છે.

**असढाइन्नऽणवज्जं गीअत्थ अवारियंति मज्झत्था।**
**आयरणावि हु आणत्ति वयणओ सुबहु मन्नंति—**

"સરળ મહાનુભાવે જે અનવદ્ય આચર્યું, અને ગીતાર્થ પુરુષોએ નિવાર્યું ન હોય, તે આચરણા પણ આજ્ઞા છે. એ વચનથી મધ્યસ્થ પુરુષો તેને બહુ માન્ય કરે છે." એમ જાણવું.
॥ ૩-૧-૯ ॥ ૩૫૮ ॥

પ્ર૦ **શ્રીવીરભગવાનનું** તીર્થ કેટલા કાળ સુધી ચાલશે?

ઉ૦ **ભગવતી સૂત્રના વીશમા શતકના આઠમા ઉદ્દેસાને** અનુસારે એકવીસ હજાર વર્ષો સુધી ચાલશે.

વળી—

**तित्थं भंते! तित्थं? तित्थयरे तित्थं?**

**गोयमा! अरहा ताव नियमा तित्थंकरे, तित्थं पुण चाउवण्णाइण्णो समणसंघो।**

**तंजहा—समणाः समणीओः सावगाः साविआओः अ त्ति भगवत्यां.**

"**હે ભગવાન્!** તીર્થ તે તીર્થ છે? કે તીર્થંકર તે તીર્થ છે?

**ગોતમ!** અરિહંત તો ચોક્કસ તીર્થને કરવાળા છે. અને તીર્થઃ તો સાધુઃ સાધવીઃ શ્રાવકઃ અને શ્રાવિકાઃ રૂપ ચતુર્વિધ સંઘ છે," એમ **ભગવતી સૂત્રમાં** કહ્યું છે અને

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**दुप्पसहंतं चरणं भणियं जं भगवया इहं खेत्ते।**
**आणाजुत्तेणमिणं–ण होइ अहुणत्ति वामोहो।**

"ભગવંતે આ ક્ષેત્રમાં **દુઃપસહસૂરિ** સુધી ચારિત્રમાર્ગ ચાલશે." એમ કહ્યું છે, તેથી આજ્ઞાને ધારણ કરવાવાળાઓએ આ હમણાનું છે, તેવો ડોળાટ ન કરવો." આ પ્રકારે **ઉપદેશપદનું** વચન છે. ॥ ૩–૧–૧૦–૩૫૯ ॥

**પ્ર૦** નારકીઓ પૂર્વ ભવમાં કરેલા દુષ્કૃત્યો જાતિસ્મરણ જ્ઞાનથી જાણે? કે અવધિજ્ઞાનથી જાણે?

**ઉ૦** અનેક પ્રકારના પાપો કરીને જીવો નારકમાં જાય છે, તેઓ ભવ નિમિત્તે થયેલ જાતિસ્મરણ જ્ઞાનથી પૂર્વ ભવમાં કરેલ પાપો પોતાની મેળે જાણે છે, અવધિજ્ઞાનથી કાંઇ જાણતા નથી, કેમકે અવધિજ્ઞાન તેઓને ઉત્કૃષ્ટથી એક યોજનનું હોય છે. એમ **ભવભાવના સૂત્રની ટીકામાં** કહ્યું છે. ॥ ૩–૧–૧૧ ॥ ૩૬૦ ॥

**પ્ર૦ મુંડકેવલીનું** સ્વરૂપ શું?

**ઉ૦ પંચસંગ્રહ ટીકામાં** બતાવ્યું કે–

**संविग्नो भवनिर्वेदादात्म निस्सरणं तु यः।**
**आत्मार्थं संप्रवृत्तोऽसौ सदा स्यान् मुण्डकेवली॥**

"જે સમકિત પામી, સંસારનું નિર્ગુણ પણું દેખી, તેના ઉપર ખેદ ધારણ કરે છે, અને તેથી સંસારમાંથી નિકળી દીક્ષા અંગીકાર કરી ફક્ત પોતાના આત્માને તારવા ઇચ્છે, અને તેજ પ્રમાણે સદા ચેષ્ટા કરે, તે **મુંડ કેવલી** થાય છે. ॥ ૩–૧–૧૨ ॥ ૩૬૧ ॥

**પ્ર૦** જે કાળમાં અથવા કાળાન્તરમાં જેટલા યુગલિયા હોય, તે તેટલાજ રહે? કે ઓછાવત્તા થાય છે?

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉ૦ જે કાળમાં જેટલા યુગલિયા હોય, તે કાલમાં તો, તેટલાજ રહે છે, અને કાળાન્તરમાં **ભરતઃ ઐરવતઃ ક્ષેત્રમાં** યુગલિયા ઓછાવત્તા થાય છે. **દેવકુરૂ** વિગેરેમાં તો, કદાચિત્ સંહરણનો સંભવ છતાં પણ, કોઇ પણ કારણથી ફેર ત્યાં લાવી મૂકવાનું પણ બને છે, તેથી તેમાં ન્યૂન કે અધિકપણું નથી. ॥૩–૧–૧૩॥૩૬૨॥

પ્ર૦ સચિત્તના ત્યાગીને કારણ પડયે રાત્રિમાં પાણી પીવાની જરૂર પડે, તો અચિત્ત પાણી પીવે? કે સચિત્ત પીવે ?

ઉ૦ સચિત્તના ત્યાગવાળાને કારણ પડયે રાત્રિએ પાણી પીવું પડે, તો ઉનું પાણીજ પીવે. ॥ ૩–૧–૧૪ ॥ ૩૬૩ ॥

પ્ર૦ પડિલેહ્યા વિનાના સ્થાપનાચાર્ય પાસે, અને ફક્ત ચોલપટ્ટાનું પડિલેહણ કર્યું છે, તેવા ગીતાર્થ ગુરુ પાસે, કાજા સંબંધીના **ઇરિયાવહિયા** કરવા હોય તો કલ્પે ? કે નહિ ?

ઉ૦ ગીતાર્થ ગુરુ પાસે તમામ ક્રિયાના **ઇરિયાવહી** કરવા કલ્પે છે. ॥ ૩–૧–૧૫ ॥ ૩૬૪ ॥

પ્ર૦ **ભગવતી સૂત્રમાં** બતાવેલ ત્રિવિધ ત્રિવિધ પચ્ચક્ખાણવાળા પડિમાધર શ્રાવકે પડિલેહેલા સ્થાપનાચાર્ય પાસે સાધુઓને **ઇરિયાવહીયા** વિગેરે અનુષ્ઠાન કરવું સૂઝે ? કે ફક્ત **ઇરિયાવહીયાજ** કરવા સૂઝે ?

ઉ૦ પડિમાધરના સ્થાપના પાસે સાધુને ફક્ત **ઇરિયાવહિયા** કરવી સૂઝે, બીજું નહિ. ॥ ૩–૧–૧૬ ॥ ૩૬૫ ॥

પ્ર૦ ગુરુ પાસે ઉપધાન વિગેરે ક્રિયા કરનાર શ્રાવકઃ થાપનાની વચ્ચે અને ગુરુની વચ્ચે, પંચેન્દ્રિયની આડ પડતી હોય, તો આગળ ખસે ? કે નહિ ?

ઉ૦ આડ પડતી હોય તો બચાવવા આગળ ખસી શકે છે. ॥ ૩–૧–૧૭ ॥ ૩૬૬ ॥

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્ર૦ **સીતા** જનક **રાજાની** પુત્રી છે ? કે **રાવણની** પુત્રી છે ?

ઉ૦ ઘણા ગ્રંથોમાં **જનકરાજાની પુત્રી** બતાવી છે, અને **વસુદેવ હીંડમાં રાવણની પુત્રી** બતાવી છે. ॥ ૩-૧-૧૮ ॥ ૩૬૭ ॥

પ્ર૦ પહેલા અને છેલ્લા તીર્થંકરના શ્રાવકોને જુદા જુદા રંગવાળી મુહુપત્તિ રાખવી કલ્પે ? કે નહિ ?

ઉ૦ પહેલા અને છેલ્લા તીર્થંકરના શ્રાવકોને ધોળી મહુપત્તિ કલ્પે છે, અને મધ્યમ જિનના શ્રાવકોને પાંચે ય રંગવાળી પણ કલ્પે છે. ॥ ૩-૧-૧૯ ॥ ૩૬૮ ॥

પ્ર૦ દીક્ષિત થયેલા પંદરસો તાપસોને **ગૌતમસ્વામિજીએ** લબ્ધિ થકી દુધપાકે પારણું કરાવ્યું, તે વૈક્રિય દુધપાક હતો ? કે નહિ ?

ઉ૦ તે વૈક્રિય ન હતો, પરંતુ **અક્ષીણ મહાનસ લબ્ધિએ કરી** બધાને પહોંચે તેટલો દૂધપાક થઈ ગયો હતો. ॥૩-૧-૨૦॥૩૬૯॥

પ્ર૦ અહીં કેટલાક **ભૂકડિઆ** કહે છે કે–" આપને ત્રિફલા વિગેરે ઉત્કટ દ્રવ્યનું ચૂરણ નાંખવાથી, પાણી ફાસુ થઇ જાય છે, તેમ અમારે પણ ઉત્કટ દ્રવ્યનું ચૂરણ નાંખવાથી, અનાજ વિગેરે અચિત્ત થઇ જાય છે. " આનો બાધક ઉત્તર શો આપવો ?

ઉ૦ **ભૂકડિયાની** શંકાનો ઉત્તર આપવો કે–" ત્રિફલા નાંખવાથી પાણીમાં વર્ણ વિગેરે ફરી જાય છે, તેમજ જો ધાન્યઃ ફલઃ વિગેરેમાં ઉત્કટ ચૂર્ણ નાંખવાથી, ' વર્ણ વિગેરે ફરી જતા હોય; તો અચિત્ત થાય, પણ તેમ બનતું નથી, માટે કેવી રીતે તે પ્રાસુક થાય ? ॥ ૩-૧-૨૧ ॥ ૩૭૦ ॥

પ્ર૦ **ઇરિયાવહિયા** દ્રવ્યથીઃ ક્ષેત્રથીઃ કાલથીઃ અને ભાવથીઃ કેવી રીતે પડિક્કમવા પડે ?

ઉ૦ **દ્રવ્યથી**–સચિત્ત વિગેરેનો સ્પર્શ થાય તો, **ક્ષેત્રથી** સો હાથ દૂર ગયા હોય, તો **ઇરિયાવહિયા** કરવા પડે છે, આવા અક્ષરો

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**આવશ્યક ટીકાઃ** અને **જીતકલ્પસૂત્ર ટીકા** વિગેરેમાં છે, અને કાલ અને ભાવથી **ઇરિયાવહિયા** આવવામાં વ્યક્ત અક્ષરો શાસ્ત્રમાં દેખવામાં આવ્યા નથી. ॥ ૩–૧–૨૨ ॥ ૩૭૧ ॥

પ્ર૦ **આવશ્યક સૂત્રના** યોગ સાથેજ **દશવૈકાલિક સૂત્રના** યોગ વહેવા સૂઝે? કે નહિ?

ઉ૦ **આવશ્યક યોગની** આલોયણ કરી પછી લાગલાગટ **દશવૈકાલિક** યોગનો પ્રવેશ કરવો કલ્પે છે. ॥ ૩–૧–૨૩–૩૭૨॥

પ્ર૦ **શ્રુતસ્કંધ** વિગેરેના **સમુદ્દેસઃ અનુજ્ઞાઃ** વિગેરેમાં જ્યારે સમુદ્દેસનો દિવસ પડી જાય, ત્યારે તે દિવસ ફરી કરાવીને **અનુજ્ઞાનંદિ** કરવી? કે સંબદ્ધ હોવાથી **અનુજ્ઞાનંદિ** કરાવીને ત્રીજે દિવસે પડેલો દિવસ કરાવાય?

ઉ૦ **સમુદ્દેસની** ક્રિયા શુદ્ધ થઈ ગઈ હોય, અને દિવસ પડી ગયો હોય, તો સંબદ્ધપણાએ **અનુજ્ઞાનંદિ** કરીને પછી પડેલો દિવસ કરાવાય છે, પણ જો **સમુદ્દેસની** ક્રિયા સંબંધી દિવસ પડી ગયો હોય, તો ત્રીજે દિવસે **અનુજ્ઞાનંદિ કરાવાય.** ॥ ૩–૧–૨૪॥ ૩૭૩ ॥

પ્ર૦ પ્રતિષ્ઠિત જિનપ્રતિમાના નામઃ અને લાંછનોઃ વેચવાવાળાઓએ ઘસી નાંખ્યા હોય તો ફરી લાંછન વિગેરે કરવું કલ્પે? કે નહિ?

ઉ૦ પ્રતિષ્ઠિત જિનપડિમાના ફેર નામ લાંછન વિગેરે કરવું કલ્પે નહિ. કદાચ જરૂરી કાર્યને અંગે કરવું પડતું હોય, તો તે કર્યા બાદ પ્રતિષ્ઠિત વાસક્ષેપ વિગેરેથી શુદ્ધિ થાય છે, એમ **પૂજ્યપાદ શ્રીવિજયહીરસૂરીશ્વરજી મહારાજાની** શિખામણ છે. ॥ ૩–૧–૨૫॥ ૩૭૪ ॥

પ્ર૦ **बारस जोयण उसहे** આ ગાથા અનુસાર–**શ્રીઋષભાદિક** તીર્થંકરોના સમોસરણનું પ્રમાણ ઉત્સેધ અંગુલથી બનેલ યોજનોએ કરી કહેવાય છે? કે બીજી રીતે?

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**ઉ૦** આ ગાથાએ ઉત્સેધ અંગુલના બનેલ યોજનથી, સમોસરણનું માન બતાવ્યું, તે **મતાંતર** છે, અને " આ ગાથાની **પરંપરા** જણાતી નથી. " એમ **સમોસરણની અવચૂરિમાં** કહ્યું છે. ॥ ૩-૧-૨૬ ॥ ૩૭૫॥

**પ્ર૦ ઋષભદેવ સ્વામિને શ્રેયાંસકુમારે** ઘણા શેલડીના રસના ઘડાઓએ કરી પારણું કરાવ્યું ? કે રસના એક ઘડાએ પારણું કરાવ્યું ? તે પાઠ પૂર્વક જણાવવા કૃપા કરશો ?

**ઉ૦ ઋષિમંડલ વૃત્તિમાં,** ૭ મે પાને બતાવ્યું કે-" નિરવદ્ય આહાર માનીને હર્ષથી રોમાંચવાળા બનેલ **શ્રેયાંસકુમાર** તાજા શેરડી રસના ભરેલા ઘડાઓ ઉપાડી ભગવાન પાસે ગયો.

અને **અમરકવિએ** બનાવેલ **પદ્માનંદ કાવ્યના તેરમા સર્ગમાં** કહેલ છે કે—

" તે વખતે કોઇએ તાજા શેરડીના રસના ભરેલા ઘડાઓ **શ્રેયાંસકુમારના** ગૃહદ્વારમાં ભેટ તરીકે મૂકયા. **જાતિસ્મરણ** જ્ઞાનવાળા તે કુમાર-ભિક્ષાના દોષો વિનાનોઃ અને કલ્પ્યઃ આ રસ માનીને ભગવાન પાસે જઈ કહેવા લાગ્યો કે-" **હે ભગવાન્** ! આ ભિક્ષા ગ્રહણ કરો ! " પ્રભુએ પણ બે હાથ ભેગા કરીને તે હાથ રુપી પાત્ર આગળ ધર્યું, તેમાં **શ્રેયાંસકુમાર** તે ઘડાઓનો રસ નાંખવા લાગ્યો."

અને **હેમચન્દ્રસૂરિકૃત ઋષભદેવ** ચરિત્રમાં બતાવ્યું છે કે-

' આ અવસરે **શ્રેયાંસકુમારને** કોઇએ શેરડીના તાજા રસથી ભરેલા ઘડાઓઃ હર્ષથી ભેટ ધર્યા, તેથી નિર્દોષ ભિક્ષાદાનનો જાણકાર, તે કુમાર ભગવાનને કહેવા લાગ્યો કે ! "**હે ભગવાન્ !** યોગ્ય એવો આ રસ આપ ગ્રહણ કરો." પ્રભુએ પણ અંજલી કરીને હાથ રૂપી પાત્ર ધારણ કર્યું. તેમાં તે ઘડાઓ **શ્રેયાંસકુમાર** ઉપાડી ઉપાડીને ઠલવવા લાગ્યો ! "

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને **અન્તર્વાચ્યમાં** અને **વસુદેવ હીંડી પ્રથમ ખંડમાં** પણ આવુંજ લખે છે, તેથી ઘણા ગ્રંથોના પ્રમાણથી ઘણા શેરડી રસના ઘડાઓથી પ્રભુને પારણું થયું.

અને **આવશ્યક ચૂર્ણિમાં–'ताहे सयं चेव खोअस्स रसघडगं गहाय भावसुद्धेणं पडिगाहगसुद्धेणं दाणेणं पडिलाभेस्सामित्ति'–**

" તે અવસરે **શ્રેયાંસ કુમારઃ** પોતે **ઇક્ષુરસનો** ઘડો ઉપાડીને ભાવશુદ્ધ, તથા પ્રતિગ્રાહક શુદ્ધ, અને ત્રિકરણ શુદ્ધ, એવા દાને કરી ભગવાનને પડિલાભીશઃ ? " એમ બતાવેલ છે.

તેમજ **આવશ્યક નિર્યુક્તિઃ તેની હારિભદ્રી ટીકાઃ** તથા **બાર હજારી ટીકાઃ વર્ધમાનસૂરિકૃત ઋષભદેવ ચરિત્રઃ** અને **કલ્પકિરણાવલીઃ** વિગેરે ગ્રંથો અનુસાર " એક ઇક્ષુ રસના ઘડાએ કરી ભગવાનને પારણું થયું." એમ જણાય છે, માટે રસઘડા સંબંધી એકઃ અનેકઃનો નિર્ણય તો સર્વજ્ઞ ભગવાન્ જાણે. ॥ ૩–૧–૨૭ ॥ ૩૭૬ ॥

**પ્ર૦** ત્રીજા વિગેરે ઉપધાનોમાં **સાત ખમાસમણા** દેવરાવાય છે, તે વિધિ કયા પાનામાં છે ?

**ઉ૦** ત્રીજા વિગેરે ઉપધાનમાં વિધિપાનામાં **સાત ખમાસમણા** આપવાનું વિધાન દેખાતું નથી. તો પણ **પરમગુરુ શ્રીવિજયહીર સૂરીશ્વરજી મહારાજાનો** હુકમ છે કે–"આગળ માલારોપણ વખતે ત્રીજા વિગેરે ઉપધાનોનો **સમુદ્દેશઃ** અને **અનુજ્ઞાઃ** કરી દેવાય છે, તેથી તેઓનો **ઉદ્દેસ** પણ કરવો જોઇયે." તેથી **સાત ખમાસમણ** દેવરાવવા જોઇયે. ॥ ૩–૧–૨૮ ॥ ૩૭૭ ॥

**પ્ર૦** **पणवीस जोयण०** ઈત્યાદિ ગાથા કયા **અંતર્વાચ્યોમાં છે ?** અને કેવી રીતે બંધ બેસતી કરવી ?



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉ૦ આ ગાથા ઘણા **અંતર્વાચ્ચના** પુસ્તકોમાં જોવામાં આવતી નથી, **કલ્પકિરણાવળીવૃત્તિમાં** જોવામાં આવે છે. ગણતરીની ઘટના ઇંદ્ર માત્રે રચેલા કલશોના પ્રમાણની અપેક્ષાએ કરી શકાતી નથી, પરંતુ, ઇંદ્ર, સામાનિકદેવ, વિમાન અધિપતિ, અને છૂટા દેવોએ કરેલા તથા કરાવેલાથી, તે સંભવે પણ છે.

વળી **ત્રિષષ્ટિ ઋષભદેવ ચરિત્રમાં તો**–" પોતાના સ્વામિનો હુકમ બજાવતાં આભિયોગિક દેવો, અન્ય કુંભોથી તે કુંભોને ભરવા લાગ્યા. ભગવાનના સ્નાત્ર મહોચ્છવમાં ઈંદ્રના વારંવાર ખાલી થયેલ ઘડાઓને, જેમ ચક્રવર્તિના નિધાનકલશો યક્ષદેવો ભરે, તેમ ભરવા લાગ્યા, અને તે વારંવાર ખાલી થતાં તથા ભરાતા ફરતા કુંભો, અરઘટ્ટની ઘડીઓ માફક શોભવા લાગ્યા, આ પ્રકારે **અચ્યુત** ઈંદ્રે ક્રોડો કુંભોએ કરી ઈચ્છા મુજબ ભગવાનનું સ્નાત્ર કર્યું, પણ આશ્ચર્ય છે કે–તે સ્નાત્રે પોતાના આત્માને પવિત્ર કર્યો ! આ પાઠ અનુસારે કેટલાક કલશો સ્નાત્રમાં ઉપયોગી છે, પણ સ્થાપી રખાય છે, અને કેટલાક શોભા માટે હોય છે. તેની અપેક્ષાએ તે ગણતરી ઘટી શકે. પણ આ ગાથાનું પ્રામાણિક સ્થળ જાણવામાં ન હોવાથી આ બધું સર્વજ્ઞ મહારાજા જાણે. ॥ ૩–૧–૨૯ ॥ ૩૭૮ ॥

પ્ર૦ યુગલિયાના મૃત શરીરો દેવતાઓ સમુદ્રમાં ફેંકી દે ? કે પોતાની મેળે વિનાશ પામે ?

ઉ૦ **ત્રિષષ્ટિ ઋષભદેવ ચરિત્રમાં** કહ્યું છે કે–"મરેલા યુગલિયાના શરીરો મોટા પક્ષીઓ માળાના કાષ્ઠમાફક ઉપાડીને સમુદ્રમાં ફેંકી દે." આ વચનથી સમુદ્રમાં મોટા પક્ષીઓ ફેંકી દે છે. યુગલીઆ સિવાયના ક્ષેત્રોમાં પણ એમ સંભવે છે. કેમકે–સ્વભાવથી મરણ પામેલા જંગલના પશુઓના શરીરોના અવયવો

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જોવામાં આવતા નથી, તેમ યુગલિયાને પણ છે, તેથી આ સંભાવના થાય છે. ॥ ૩-૧-૩૦ ॥ ૩૭૯ ॥

પ્ર૦ **अन्तकृत्** શબ્દનો શો અર્થ છે ?

ઉ૦ "જ્ઞાનાવરણ વિગેરે કર્મોનો વિનાશ કરી સિદ્ધિમાં ગયા" આવો અર્થ, **આવશ્યક હારિભદ્રી ટીકામાં अट्ठंतकडा रामा** આ ગાથાના વ્યાખ્યાનમાં છે. ॥ ૩-૧-૩૧ ॥ ૩૮૦ ॥

પ્ર૦ **दशविध चक्रवाल समाचारी**–આ વાક્યમાં ચક્રવાલનો શો અર્થ થાય ?

ઉ૦ **ચક્રવાલ**–નિત્યક્રિયા, તે વિષયક સામાચારી, તે **ચક્રવાલ સામાચારી** કહેવાય, અને તે દશ પ્રકારની છે, તેથી **દશવિધ ચક્રવાલ સામાચારી** કહેવાય છે. **પંચવસ્તુ ટીકામાં "ચક્રવાલ** એટલે જરૂરી કાર્ય." એવો અર્થ કર્યો છે.

અને **પ્રવચન સારોદ્ધારના ૧૦૦ મા દ્વારની ટીકામાં** "ચક્રની પેઠે દરેક પદે ભમતી એવી દશ પ્રકારની સામાચારી." એવો અર્થ **કર્યો** છે. ॥ **૩**-૧-૩૨ ॥ ૩૮૧ ॥

પ્ર૦ તીર્થંકર ભગવંતના જન્માદિ કલ્યાણકોમાં ઈંદ્રને આવવાનું શાસ્ત્રોમાં સ્પષ્ટ છે, તેમ ચ્યવન કલ્યાણકમાં લખ્યું દેખાતું નથી, તો તે કેવી રીતે છે ?

ઉ૦ જેમ ચાર કલ્યાણકોમાં સુરેન્દ્રનું આવવું થાય છે, તેમ ચ્યવન કલ્યાણકમાં પણ ઇંદ્રનું આવવું: અને સુવર્ણવૃષ્ટિ: **સુપાર્શ્વનાથ ચરિત્રમાં** બતાવેલ છે–

"આ અવસરે સર્વ ઇંદ્રો આસન ચલવાથી, અવધિજ્ઞાને કરી જિનેશ્વરનો ગર્ભાવતાર મહોચ્છવ જાણીને, આસન થકી ઉઠી, પ્રભુ સન્મુખ સાત આઠ પગલા જઈ, ભૂમિમાં અડાડેલા છે મુકુટો જેઓએ એવા બની **શક્રસ્તવે** કરી વાંદે છે, અને

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



"જિનેશ્વરના પાંચે કલ્યાણકોમાં ઇંદ્રોએ અવશ્ય જવું જોઇએ" એમ નિશ્ચય કરીને સર્વે ચાલી નીકળે છે, અને જિનપિતા **સુપ્રતિષ્ઠ**ના ઘરે ઇંદ્રના હુકમથી ધનપતિ વિગેરે યક્ષો મણિઃ રત્નઃ અને સુવર્ણ દ્રવ્યનો સમૂહઃ મૂકે છે, અને ઘણા પ્રકારની મનોજ્ઞભોગ સામગ્રીની વસ્તુઓઃ તથા શ્રેષ્ઠ વસ્ત્રોઃ અને ઝગઝગાટ કરતાં વિવિધ આભરણોઃ નાંખે છે."

**અને શાંતિનાથ ચરિત્રમાં** પણ કહ્યું છે કે–ગર્ભના પ્રભાવથી રોગ શાન્ત થઈ ગયો તે વાત ઘટે છે કેમકે–

ગર્ભાવાસ દીવસે ઇંદ્રોએ આવી હર્ષથી વિશ્વસેન અને અચિરા માતા સાથે ભગવાનને વંદન કર્યું છે.॥૩–૧–૩૩॥૩૮૨॥

**પ્ર૦** સ્વપ્ન પાઠકો પેઠે ચારણ શ્રમણ ઋષિ વિગેરે સ્વપ્નફલને કહે? કે નહિ?

**ઉ૦** ચારણ શ્રમણ ઋષિઓ પણ સ્વપ્ન પાઠક પેઠે સ્વપ્ન ફલ કહે છે, તેનો પાઠ–

**"मज्जिम उवरिम गेविज्जगाओ तो चविय नंदिसेणसुरो।**
**अवयरिओ तग्गब्भे तो सा चउद्दस नियइ सुमिणे॥३५॥**
**एत्थंतरंमि नाणी चारणसमणो समागओ तत्थ।**
**विहिणा पुट्ठो रण्णा सुमिणाणं फलं कहइ एवं॥"**

"વચલી છઠ્ઠી **ગ્રૈવેયકમાંથી** ચ્યવીને **નંદિષેણદેવઃ** તેના ગર્ભમાં અવતર્યો, તેથી તેણે ચઉદ સ્વપ્નો જોયા. આ અવસરે ત્યાં **ચારણશ્રમણજ્ઞાની** આવ્યા. વિધિપૂર્વક રાજાએ સ્વપ્નનું ફલ પૂછ્યું, તેથી સ્વપ્ન ફલ આ પ્રકારે કહે છે–" ॥ ૩–૧–૩૪ ॥ ૩૮૩ ॥

**પ્ર૦** "સુખડી વિગેરે પક્વાન્ન શિયાળામાં ૩૦ દિવસ, ઉનાળામાં ૨૦ દિવસ, અને ચોમાસામા ૧૫ દિવસ સુધી, સાધુઓને લેવું કલ્પે છે." તેમ–આ બતાવેલ કાલમાં બનેલી સેવના, પાણી અને ખાંડે કરી, ૨૯ કે ૧૯ કે ૧૪ દીવસે લાડવા બાંધેલ હોય,

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તે લાડવા બન્યા ત્યારથી ૩૦ વિગેરે દિવસો સુધી વહોરવા કલ્પે ? કે નહિ ?

ઉ૦ પાણી અને ખાંડથી વર્ણ:રસ: ગંધ: વિગેરે ફરી જાય છે, તેથી યથોક્તકાલ સુધી સાધુઓને વહોરવા કલ્પે, એમ સંભવે છે, પરંતુ આ બાબતના વિશેષ અક્ષરો સ્મરણમાં નથી. ॥ ૩–૧–૩૫ ॥ ૩૮૪ ॥

પ્ર૦ જે સાધુએ જે યોગો કરેલા ન હોય, તેનાથી તે યોગોની પેસારવાની ક્રિયા કે નિકાલવાની ક્રિયા કરાવી શકાય કે નહિ?

ઉ૦ મુખ્ય વૃત્તિએ–જેણે જે યોગો વહન કર્યા હોય, તેણેજ તેજ યોગોની પ્રવેશ નિવેશની ક્રિયા કરાવાય છે. પરંતુ તેમ નહોય તો **નન્દિ: અનુયોગ દ્વાર: ના યોગવાહી** તમામ યોગોમાં પેસાડવા કે નિકાલવાની ક્રિયા કરાવી શકે છે. કેમકે–પ્રવેશ નિવેશની ક્રિયાને યોગક્રિયા સાથે સંબંધ નથી, એવી પરંપરા પણ છે. પરંતુ તેણે યોગની સર્વ ક્રિયા કરાવવી કલ્પે નહિ. ॥ ૩–૧–૩૬ ॥ ૩૮૫ ॥

પ્ર૦ ચાર દેવનિકાયોમાં વિમાનના અધિપતિ દેવો સમ્યક્ દૃષ્ટિ હોય ? કે મિથ્યાદૃષ્ટિ હોય ?

ઉ૦ વિમાનના અધિપતિ પણે જે દેવ ઉપજે, તે સમ્યક્ દૃષ્ટિજ હોય છે, કોઇ પણ કાળે મિથ્યાદૃષ્ટિ હોતો નથી. આ પ્રકારની અનાદિકાલની જગત્ વ્યવસ્થા છે, કેમકે–વિમાનના અધિપતિ પણે ઉત્પન્ન થયેલ દેવ–

**किं मे पुव्वं करणिज्जं ? किं मे पच्छा करणिज्जं ? किं मे पुव्वं सेयं ? किं मे पच्छा सेयं ? किं मे पुव्वंपि पच्छावि हियाए सुहाए खेमाए निस्सेसाए आणुगामित्ताए भविस्सइ ?**

"મારે પહેલાં શું કરવા લાયક છે ? અને પછી શું કરવા

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લાયક છે? મારે પહેલું શું કલ્યાણકારી છે? અને પછી શું કલ્યાણકારી છે? મારે પહેલાં પણ અને પછી પણ હીતને માટે, ક્ષેમને માટે, કલ્યાણને માટે, અને સદા સાથે રહેવાને માટે શું થશે?"

આ પ્રકારે **રાયપસેણીમાં** બતાવેલ શુભ અધ્યવસાયવાળો થઈ વિચાર કરે છે, તેથી સમકિતિજ હોય છે. કેમકે–સમકિત વિના આવો અધ્યવસાય હોય નહિ.

"આ પ્રકાર **રાયપસેણીમાં સૂર્યાભદેવ સંબંધી** હોવાથી ચરિતાનુવાદ છે, તેથી તમામ અન્ય વિમાનના અધિપતિઓને કેવી રીતે આ પ્રકાર લાગુ પાડો છો?" આવી શંકા કરવી નહિ. કેમકે–અન્ય ગ્રંથોમાં બીજો પ્રકાર બતાવેલ નથી. માટે **સૂર્યાભ** સિવાય બીજા વિમાનના અધિપતિપણે ઉત્પન્ન થનારને પણ તે પ્રકાર કહેવો ઉચિત છે, માટેજ–**વિજયદેવના** અધિકારમાં તેજ અધિકાર **વિજય રાજધાનીમાં** ઉત્પન્ન થયો કે તુરત **વિજયદેવનો** આગમમાં બતાવ્યો છે, વળી **વિમાન** અધિપતિ દેવોનું મિથ્યા-દૃષ્ટિપણું સ્વીકારીએ તો, સિદ્ધાયતનમાં રહેલી જિનપડિમા મિથ્યાદૃષ્ટિએ ગ્રહણ કરેલી થઈ જાય, તેથી પ્રતિમાનું ભાવ ગ્રામપણું બતાવ્યું છે, તે નાશ થઈ જાય, કેમકે–સમ્યક્દૃષ્ટિએ ગ્રહણ કરેલી જિનપ્રતિમા ભાવગ્રામ પણે સિદ્ધાંતમાં બતાવી છે, પણ મિથ્યાત્વીઓએ ગ્રહણ કરેલી નહિ. કેમકે– **બૃહત્કલ્પ નિર્યુક્તિમાં जा सम्मभाविआओ पडिमा, ईयरा ण भावगामो उत्ति–**

"જે સમકિત દૃષ્ટિએ ગ્રહણ કરેલી જિનપ્રતિમા છે, તે ભાવગ્રામ કહેવાય છે, બીજી કહેવાતી નથી.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



"વળી બીજાઓ વિમાનના અધિપતિ દેવોને મિથ્યાદૃષ્ટિ કહે છે, તો પ્રશ્ન પુછીએ કે–

"તે દેવો તીર્થંકરની આશાતના વર્જે છે? કે નહિ? જો "વર્જે છે," એમ કહો, તો તેઓનું મિથ્યાદૃષ્ટિપણું દૂર ભાગી ગયું. કેમકે–"આશાતનાનું વર્જન સમકિતિને હોય છે." આ વચનથી સમકિતિ ઠરે છે.

**अहो देवाण य सीलं विसयविसमोहिआवि जिणभवने।**
**अच्छरसाईहिं समं हासं कीलं च वज्जंति ॥**

"અહો દેવોનો કેવો આચાર છે? કે જિનભવનમાં અપ્સરાઓ સાથે વિષયરૂપ વિષે કરી મોહિત છતાં, હાસ્ય અને ક્રીડાઓ વર્જે છે." આવો આશાતનાનો પરિહાર **સિદ્ધાંતમાં** કહેલો દેખાય છે, બીજે દેખાતો નથી. આ આચાર મિથ્યાદૃષ્ટિને સ્વપ્ને પણ સંભવે નહિ, પરંતુ સમકિતિને સંભવે છે, માટેજ આશાતનાને વર્જનારા દેવોનો વર્ણવાદઃ અરિહંતના વર્ણવાદની પેઠે સુલભ બોધિનું પણ કારણ થાય છે, **એમ ઠાણાંગમાં** કહ્યું છે, કે–

**पंचहि जीवा सुलहबोहित्ताए कम्मं पकरेंति,– अरहंताणं वण्णं वयमाणे, जाव विविक्तवबंभचेराणं देवाणं वण्णं वयमाणे**

પાંચ બાબતોએ કરી જીવો સુલભ બોધિપણું મેળવે છે, તેમાં દેવોનો વર્ણવાદ કહેલો છે. **देवाणं वण्णं वयमाणे**–દેવોનો વર્ણવાદ એટલે આચારની પ્રશંસા સુલભ બોધિપણાનું કારણ થાય છે.

વળી કેટલાકો શંકા કરે છે, કે "મિથ્યાદૃષ્ટિ છતાં સ્થાનના મહાત્મ્યથી આશાતના વર્જતા હશે."

તે પણ ખોટું છે, કેમકે–મિથ્યાદૃષ્ટિઓ આશાતના વર્જીને

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સુલભ બોધિપણાનું કારણ બાંધી શકતા નથી, ઉલટા સમકિત વિરુદ્ધજ હોય છે.

હવે બીજો પક્ષ કહો કે–" આશાતન વર્જતા નથી." તો તે પક્ષ ઉપેક્ષા કરવા લાયક છે. કેમકે–**આગમમાં સિદ્ધાયતનની** આશાતનાનો પરિહારજ બતાવેલ છે **बहूणं देवाणं देवीण य वंदणिज्जाओ अच्चणिज्जाओ**–

" ઘણા દેવદેવીઓને વંદનીક પૂજનીક છે." એમ બતાવ્યું છે. તે આશાતના વર્જતા હોય તોજ ઘટે. વળી **સિદ્ધાયતન** તો દૂર રહો, પણ પોતાની **સુધર્મા** સભામાં **માણવક ચૈત્યસ્તંભોમાં** અરિહંત મહારાજની દાઢાવાળા ડાબલાઓ રહે છે. તેથી ત્યાં પણ દેવો મૈથુન પ્રવૃત્તિ વિગેરેથી આશાતનાઓ કરતા નથી, તેથી સિદ્ધ થાય છે કે–દેવોને સુલભબોધિનું કારણભૂત આશાતનાનું વર્જન, સમકિત વિના ઘટતું નથી, માટે વિમાનના અધિપતિ દેવો સમકિતવન્ત હોય છે.

વળી, બીજાઓ કલ્પના કરે છે કે–" વિમાનનો અધિપતિ દેવ મિથ્યાદૃષ્ટિ છતાં જિનપ્રતિમાને પૂજે છે, તે દેવલોકની મર્યાદા છે, તેથી પૂજે છે." તો અધિપતિ દેવની અનુવૃત્તિથી તેમાં રહેલ બીજા મિથ્યાત્વી દેવો પણ પૂજા કરતા હોવો જોઈયે. એમ કેમ કલ્પના કરતા નથી? સમકિતિ દેવો તો " આ પૂજા મોક્ષને માટે થશે" એ બુદ્ધિએ પૂજા કરે છે, જો બધા દેવો પૂજા કરતા હોય, તો–સૂત્રમાં **सव्वेसिं देवाणं सव्वेसिं देवीणं य अच्चणिज्जे**–સર્વ દેવ દેવીઓને અર્ચનીક એવી પાઠરચના હોત. પણ તેમ નથી. પણ **बहुणं देवाणं देवीणं य**–"બહુ દેવદેવીઓને અર્ચનીક છે " એવો પાઠ છે. તેથી નક્કી થાય છે કે–જે સમકિતદૃષ્ટિ દેવોજ છે, તે તે જિનપ્રતિમાને પૂજે છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને નમુત્થુણે કરી સ્તવે છે. એમ બુદ્ધિમાનોએ વિચારી લેવું.

વળી કેટલાક વિકલ્પ કરે છે કે—

**एवं खलु देवाणुप्पिआणं अंतेवासी तीसए नाम अणगारे छट्ठंछट्ठेण जाव सक्कस्स देविंदस्स देवरण्णो सामाणिया देवा के महिड्ढिया ॥**

" આ પ્રકારે આપના શિષ્ય **તીષ્યક** અણગાર છઠછઠ તપે કરી સામાનિક દેવ થયાઃ ઇત્યાદિઃ યાવત્ શક્રઇંદ્રના સામાનિક દેવો કેવા મહર્ધિક હોય ? "

આ પ્રકારે **ભગવતી ત્રીજા શતકના પહેલા ઉદ્દેશામાં** શક્રઇંદ્રના સામાનિક દેવોની ઉત્પત્તિ પોતપોતાના વિમાનમાં કહી. અને વિમાનનું અધિપતિપણું બતાવ્યું. તેથી સર્વ સામાનિક દેવો વિમાનના અધિપતિ કહ્યા, તેથી તેમાં રહેલ **સંગમક** દેવ પણ વિમાન અધિપતિજ થઇ જશે, અને તે તો અભવ્ય હોવાથી જરૂર મિથ્યાદૃષ્ટિ જ છે. તેથી સર્વ વિમાનના અધિપતિઓ સમકિતિજ હોય, એમ કેમ કહી શકાય ? "

આમ જે બોલે છે—તે પણ રૂડું નથી. કેમકે **પ્રવચનનો** અભિપ્રાય તેઓએ જાણ્યો નથી. કેમકે **सयंसि विमाणंसि.** આ પાઠના બલે કરી વિમાનનું અધિપતિપણું સામાનિક દેવોનું ઠરી શકશે નહિ, કેમકે તેવો પાઠ તો વિમાનનું અધિપતિપણું ન હોય તેવા સ્થલે પણ દેખાય છે. જેમકે—**જ્ઞાતાધર્મ કથામાં કાલીદેવીની કાલાવતંસક વિમાનમાં** ઉત્પત્તિ બતાવી છે. અને **સૂરપ્રભાદેવીની સૂરપ્રભ** વિમાનમાં કહી છે. યાવત્ **પદ્માદેવીની સૌધર્મ કલ્પમાં પદ્માવતંસક વિમાનમાં** કહી છે, અને **ઇશાન દેવલોકમાં** કૃષ્ણાવસંતક વિમાનમાં

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**કૃષ્ણાદેવીની** કહી છે. અને સિદ્ધાંતમાં દેવીઓને ભવનઃ અને વિમાનોઃ કહ્યા નથી. અપરિગ્રહિત દેવીઓનેજ કહ્યા છે.

હવે ભાવાર્થ એ થયો કે—જેમ દેવીઓને જુદા વિમાન હોતા નથી, પરંતુ મૂલ વિમાન સંબંધીનો એક ભાગ, જે પોતાની ઉત્પત્તિને યોગ્ય હોય છે તેને વિમાનપણે જણાવ્યો. તેવી રીતે સામાનિક દેવોને પણ **શક્રવિમાન** સંબંધીનો તેની પ્રભુતાએ કરી નિયમિત કરેલો એક ભાગ તેના વિમાનપણે કહેવાય. તેમાં દૂષણ આવતું નથી.

વળી જિનેશ્વરના જન્મ ઓચ્છવ વિગેરેમાં શક્રઇંદ્રનું સિંહાસનઃ અને તેની અગ્રમહિષીઓના સિંહાસનોઃ જેમ મૂકાય છે, તેમ તેઓને લાયક સામાનિક દેવોના સિંહાસનો પણ મંડાય છે. તે ઉપરની બાબતને વ્યક્ત કરે છે. વળી, જો તે સામાનિકદેવો શક્રવિમાનમાં વસવાવાળા ન હોય, તો તેઓના સિંહાસન શક્રવિમાનમાં જે માંડવામાં આવે છે, તે કેમ બને? આ પણ પોતાની બુદ્ધિએ વિચારી લેવું. તેથી **सयंसि विमाणंसि** આવો પાઠ જોઈને તે બાબત મુંઝાવું નહિ. માટે વિમાનના અધિપતિ દેવો સમકિતી હોય છે, આ બાબત **આગમ પ્રમાણથી** સિદ્ધ થયેલી છે, અને **આગમની યુકિતથી** પણ સિદ્ધ થાય છે, તેથી તે પ્રમાણ કરવી જ.

વળી **પંચ વસ્તુમાં** કહ્યું છે કેઃ—" તેવી રીતે વ્યાખ્યાન કરવું કે—જેમ જેમ તેનો બોધ થાય. **આગમ** સંબંધી બાબત **આગમે** કરી પુષ્ટ કરવી, અને **યુકિત** ગમ્ય હોય, તે **યુકિતથી જણાવવી.**

વળી, વિશેષ સમજવાનું એ છે કે—**ચંદ્રવિમાનમાં** ચંદ્રઃ ઉત્પન્ન થાય છે, અને તેના સામાનિક દેવોઃ આત્મરક્ષક દેવોઃ વિગેરે

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પણ તેમાં ઉત્પન્ન થાય છે. આ વાત **ચંદપન્નત્તિના અઢારમા પાહુડાની ટીકાના છેડાના** ભાગમાં છે. માટે **સંગમક દેવ** જુદા વિમાનનો અધિપતિ નથી, એમ નિર્ણય થઇ શકે છે. માટે વિમાનના અધિપતિ દેવો—સમકિતીજ છે, તે વ્યવસ્થિત થાય છે. ॥ ૩–૧–૩૭ ॥ ૩૮૬ ॥

**પ્ર૦** સમવસરણમાં પુષ્પો વૈક્રિય હોય ? કે ઔદારિક હોય ?

**ઉ૦** સમવસરણમાં ફુલો પાથરવામાં આવે, તે વૈક્રિય હોય છે, અને જલઃ સ્થલઃ થકી ઉપજેલા ઔદારિક પણ હોય છે. એમ **સમવાયાંગ સૂત્રની ટીકા વિગેરેમાં** કહ્યું છે, તે જાણવું. ॥ ૩–૧–૩૮ ॥ ૩૮૭ ॥

**પ્ર૦** પાંચ વિગયનો ત્યાગ હોય, તેને ગોળ ભેળવેલું ચુરમું. બે ઘડી પછી કલ્પે કે નહિ ?

**ઉ૦** પાંચ વિગયના ત્યાગીને ગોળ ભેળવેલું ચુરમું તે આખો દિવસ કલ્પે નહિ. ॥ ૩–૧–૩૯ ॥ ૩૮૮ ॥

**પ્ર૦** વિકલેન્દ્રિય જીવો મરી મનુષ્ય થઈને મોક્ષે જાય ? કે નહિ ?

**ઉ૦** પોતાના ભવથી ચ્યવી વિકલેન્દ્રિય જીવો મનુષ્ય થઇ મોક્ષે જાય નહિ, પણ " સર્વ વિરતિ પામી શકે." એમ **સંગ્રહણી ટીકા વિગેરેમાં** કહ્યું છે. ॥ ૩–૧–૪૦ ॥ ૩૮૯ ॥

**પ્ર૦** સાધુની પેઠે સાધ્વીને ચારણ શ્રમણલબ્ધિ હોય? કે નહિ?

**ઉ૦** ચારણલબ્ધિઃ સાધ્વીને ન હોય, કેમકે—**લબ્ધિસ્તોત્રમાંઃ** અને **દશાશ્રુતસ્કંધમાંઃ** તે લબ્ધિનો નિષેધ સ્ત્રીઓને કહ્યો છે ॥ ૩–૧–૪૧ ॥ ૩૯૦ ॥

**પ્ર૦** પાંચ નિર્ગ્રંથોમાંના સાધુઃ આહારક શરીર કોણ બનાવી શકે ?

**ઉ૦** " કષાયકુશીલ નિર્ગ્રંથો આહારક શરીર કરી શકે, " એમ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**ભગવતી ટીકામાં પચીસમા શતકમાં** તથા **પંચનિગ્રંથી પ્રકરણની અવચૂર્ણિમાં કહ્યું છે** ॥ ૩-૧-૪૨ ॥ ૩૯૧ ॥

પ્ર૦ પાંચમા આરામાં પક્ષિઓનું આયુષ્ય કેટલું હોય?

ઉ૦ **मणुआउ सम गयाइ हयाइ चउरंसऽजाइ अट्ठंसा गोमहिसुट्टखराई पणंस साणाइ दसमंसा ॥ ४२ ॥ इच्चाइ तिरिच्छाणवि पायं सव्वारएसु सारिच्छं ।**

"મનુષ્યના આયુષ્ય જેટલું હાથી વિગેરેનું આયુષ્ય હોય છે, ઘોડા વિગેરેનું ચોથા ભાગનું હોય, બકરી વિગેરેને આઠમો ભાગ હોય. ગાયઃ ભેંસઃ ઉંટઃ ગધેડાઃ વિગેરેને પાંચમો ભાગ હોય, અને કુતરા વિગેરેને દશમો ભાગ હોય. ઈત્યાદિક તિર્યંચોને પણ પ્રાયે તમામ આરામાં સરખાપણું છે." એમ **વીરંજય સેહર નામના ક્ષેત્ર સમાસની ટીકામાં** અને **કાલસપ્તતિમાં** પણ તેજ પ્રકારે કહ્યું છે.

માટે પાંચમા આરામાં પણ પક્ષીઓનું આયુષ્ય મનુષ્ય આદિની અપેક્ષાએ હીન સંભવે છે. પરંતુ, કોઈ ઠેકાણે નામપૂર્વક ચોથો ભાગ વિગેરેનો નિશ્ચય બતાવ્યો નથી ॥ ૩-૧-૪૩ ॥ ૩૯૨ ॥

પ્ર૦ પક્ખી ચૌમાસિક અને સંવત્સરીના ખામણાઃ અને તપોઃ પછીથી કેટલા દીવસ સુધી કરવા કલ્પે?

ઉ૦ ખામણાઃ અને તપોઃ પક્ખીના બીજ સુધી, ચૌમાસીના પાંચમ સુધી, અને સંવચ્છરીના દશમ સુધી, પરંપરાથી કરવા કલ્પે છે. વળી પક્ખી વિગેરેની પહેલાં પણ શક્તિ મુજબ તેના તપો કારણ પડયે કરી લેવા હોય, તો કરી શકાય છે. એમ પણ માન્યતા સ્વીકારવીઃ ॥ ૩-૧-૪૪ ॥ ૩૯૩ ॥

પ્ર૦ ચંદ્રના પ્રકાશમાં દીવા વિગેરેની ઉજ્જેઇ લાગે? કે નહિ?

ઉ૦ શરીર ઉપર ચંદ્રમાનો પ્રકાશ પડતો હોય, તો દીવા વિગેરેની

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉજ્જેઇ લાગતી નથીઃ પણ ન પડતો હોય, તો લાગે છે. એમ પરંપરા છે. તેમજ **ખરતરકૃત સંદેહ દોલાવલી** ગ્રંથમાં પણ તેમજ કહ્યું છે ॥ ૩–૧–૪૫ ॥ ૩૯૪ ॥

**પ્ર૦** શ્રાવકોને ત્રિફલાના પાણીનો વપરાશ કયા ગ્રંથમાં કહ્યો છે?

**ઉ૦** **નિશીથ ભાષ્યમાં.**

**तुवरीफले अ पत्ते०** આ ગાથાની ચૂર્ણિમાં **तुवरीफला हरितक्यादय०**

"તુવરફલો એટલે હરડે વિગેરે" ઈત્યાદિક કહેલ હોવાથી ત્રિફલા મિશ્રિત પાણિ ફાસુ એટલે નિર્જીવ હોય છે ॥ ૩–૧–૪૬ ॥ ૩૯૫ ॥

**પ્ર૦** "આજન્મ બ્રહ્મચારી **વિજયશેઠ** અને **વિજયા શેઠાણીને** ભક્તિપૂર્વક ભોજન વિગેરે કરાવવામાં આવે, તો ચોરાશી હજાર સાધુઓને પડિલાભવા જેટલું પુણ્ય થાય છે" આવા અક્ષરો કયા ગ્રંથમાં છે? અને તે કયા તીર્થંકરના વારામાં થયા? તે સ્પષ્ટ જણાવવા કૃપા કરશો.

**ઉ૦** આ સંબંધ પ્રવાહથી ચાલ્યો આવતો સાંભળ્યો છે, પણ બીજી પ્રકારે તો આ પ્રમાણે છેઃ–" **વસન્તપુર નગરમાં શિવંકર** શેઠ **શ્રી ધર્મદાસસૂરીશ્વર** પાસે હર્ષપૂર્વક કહે છે કે– મારે એક લાખ સાધર્મિક ભાઇયોને ભોજન કરાવવાનો મનોરથ છે. પરંતુ, શું કરું કે તેટલું ધન મારી પાસે નથી" ગુરુમહારાજે તેને કહ્યું કેઃ "તું **ભરૂચમાં મુનિ સુવ્રત સ્વામિજીને** વંદન કરવા જા, ત્યાં **જિનદાસ** નામનો શ્રાવકઃ અને **સુહાગદેવી** નામની તેની સ્ત્રી શ્રાવિકાઃ છે તે બન્નેનું વસ્ત્રઃ ભોજનઃ અલંકારઃ વિગેરેથી વાત્સલ્ય કરવામાં આવે, તો લાખ સાધર્મિક ભાઇઓની ભક્તિ કર્યા જેટલું પુણ્ય થશે." આ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સાંભળી **શિવંકર** શેઠે તેમ કર્યું, એટલે **સુહાગદેવી** સહિત જિનદાસની ભક્તિ કરીઃ પછીથી ચૌટામાં જઇ પૂછવા લાગ્યો કે " પુણ્યશાલિ **જિનદાસ** શ્રાવક ખરેખર શ્રાવક છે? કે કપટી શ્રાવક છે? " લોકોએ તેને કહ્યું કેઃ-"હે ભાઈ! તેનો વૃત્તાંત તું સાંભળ-**જિનદાસ**જ્યારે સાત વરસની ઉમ્મરના હતા ત્યારે **શીલોપદેશ માલાનું** વ્યાખ્યાન તેણે ગુરુ પાસે સાંભલ્યું હતું. તેથી વૈરાગ્યરંગથી એકાંતર એટલે " એક દિવસ બ્રહ્મચર્ય પાળવું અને બીજે દિવસ છુટો. " એમ જીંદગીનું બ્રહ્મચર્ય તેણે અંગીકાર કર્યું: અને **સુહાગદેવીએ** પણ સાધ્વી પાસે એકાન્તર બ્રહ્મચર્યવ્રત લીધું હતું. ભવિતવ્યતાના યોગે આ બંન્નેયનું સગપણ થયું, અને વિવાહ થયોઃ તેથી **જિનદાસને** જે દીવસ મોકળો છે, તે દીવસે **સુહાગદેવીને** બ્રહ્મચર્ય વ્રત છે, અને **સુહાગદેવીને** જે દીવસ મોકળો છે, તે દીવસે **જિનદાસને** વ્રત છે. તેથી તે બંન્નેય જણાએ ગુરુ પાસે જાવજીવ બ્રહ્મચર્ય વ્રત લીધુંઃ" આ હકીકત સાંભળી **શિવંકર** શેઠ આશ્ચર્ય પામી અનુમોદન કરવા લાગ્યા. " આ બાબત **ઉપદેશ તરંગિણીઃ** તથા **ઉપદેશ રસાલગ્રંથઃમાં** કહી છે. તેને અનુસારે **જિનદાસને** પડિલાભવામાં લાખ સાધર્મિકની ભક્તિ કર્યા જેટલું પુણ્ય થાય છે. " એમ પાઠ છે. ॥ ૩-૧-૪૭ ॥ ૩૯૬ ॥

**પ્ર૦** પ્રભાતે ગીતાર્થ મહારાજા સ્વાધ્યાય કરે, તે સાંભળવા શ્રાવકો આવે, તે **સજ્ઝાય કરું** એવો આદેશ માગે? કે **સજ્ઝાય સાંભળું**? એવો આદેશ માગે?

**ઉ૦** **પ્રભાતે** સ્વાધ્યાય સાંભળવા આવેલ શ્રાવકોઃ **સ્વાધ્યાય કરું**? એવો આદેશ માગે. એવી વૃદ્ધ પરંપરા છે. ॥૩-૧-૪૮॥૩૯૭॥

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્ર૦ ગણિવરો પાસે શ્રાવકઃ શ્રાવિકાઃ પોસહ ઉચ્ચરવાનો આદેશ માગે, તો તેઓ આદેશ આપવા રોકાય ? કે નહિ ?

ઉ૦ ઉપધાન વિગેરે વિશેષ ક્રિયા વિના ગણિવરો આદેશ આપવા રોકાય નહિ. શ્રાવકઃ શ્રાવિકાઓઃ સામાન્ય સાધુ પાસે આદેશ માગીને પોસહની ક્રિયા કરી શકે છે. એમ વૃદ્ધ પરંપરા છે ॥ ૩–૧–૪૯ ॥ ૩૯૮ ॥

પ્ર૦ ૫૦ કેવળિ ભગવતોએ જે જીવોનું જે કાળમાં મોક્ષગમન જોયું છે, તે જીવો તેજ કાલમાં મોક્ષે જાય ? કે નહિ ? કેટલાકો કહે છે કે–"પુણ્ય અને પાપ કરતાં જીવોની કાળસ્થિતિની હાનિ અને વૃદ્ધિ થાય છે, તે બરાબર છે ?

ઉ૦ કેવળિઓએ જે કાળમાં જે જીવોનું મોક્ષે જવું જોયું છે, તે જીવો તેજ કાલે મોક્ષે જાય છે. કેમકે–કેવળી ભગવંતે તે જીવોની તમામ સામગ્રી પણ સાથે જોયલી હોય છે, તેથી આમાં કોઈ પણ જાતની શંકા કરવી નહિ ॥ ૩–૧–૫૦ ॥ ૩૯૯ ॥

પ્ર૦ સાંઝના પ્રતિક્રમણમાં છ આવશ્યક અધ્યયનો કયા ગણાય ?

ઉ૦ **संपूर्ण नवकारः करेमि भंते सामाइअं** થી માંડી **अप्पाणं वोसिरामि** સુધી **સામાયિક** અધ્યયન છે. અને **लोगस्स उज्जोअगरेथी** માંડી **सिद्धा सिद्धिंमम दिसंतु** સુધી **ચોવિસત્થો** અધ્યયન છે. અને **वांदणा** અપાય, તે **ત્રીજું વંદનક** અધ્યયન છે, અને **चत्तारि मंगलं. इच्छामि पडिक्कमिउं जोमे देवसिओ, इच्छामि प० इरियावहिआओ इच्छामि पडिक्कमिउ पगाम सिज्जाए०** ઇત્યાદિક ચોથું **પડિક્કમણું** અધ્યયન છેઃ અને **इच्छामि ठामि काउस्सग्गं० तस्स उत्तरी० अन्नत्थऊससिअणं० सव्वलोअे अरिहंत चेइआणं० पुक्खरवरदी० सिद्धाणं बुद्धाणं० वेआव-**

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



च्चगराणं० इच्छामि खमासमणो अब्भुट्ठिओमि अब्भिंतर देवसिअं खामेउं० इच्छामि खमासमणो । पिअं च मे जं भे ઈત્યાદિક પાંચમું કાઉસ્સગ અધ્યયન છે. અને उग्गे सुरे नमुक्कारसहियं पच्चक्खामि ઇત્યાદિક સર્વ પચ્ચકખાણ સૂત્રોઃ છઠું પચ્ચખ્ખાણ અધ્યયન છે. આ પ્રમાણે પ્રતિક્રમણમાં છ આવશ્યક સૂત્રો પરંપરાથી જાણવા ॥ ૩–૧–૫૧ ॥ ૪૦૦ ॥

પ્ર૦ છ આવશ્યક અધ્યયનના મૂલસૂત્રો ગણધરમહારાજે રચેલા છે? કે કોઇ બીજાએ રચેલા છે ?

ઉ૦ છ આવશ્યક સૂત્રો ગણધર મહારાજાએ રચેલા સંભવે છે. કેમકે વંદારુવૃત્તિમાં सिद्धाणं बुद्धाणं ની " ત્રણ ગાથાઓ ગણધર મહારાજાએ રચેલી છે, " તેમ કહ્યું છે.

તેમજ પક્ખીસૂત્રમાં नमो तेसिं खमासमणाणं ના સર્વ આલાવાઓના સામાન્યે કરી એકકર્તા દેખાય છે. અને આવશ્યક સૂત્ર છે તે મૂલ સૂત્ર છે. અને મૂલ સૂત્રો તે આગમ છે, તેથી ગણધર મહારાજાએ બનાવેલ છે. એમ સિદ્ધ થાય છે. તેમજ સકલ સિદ્ધાંત ગ્રંથોની ટીપ્પણીમાં षडावश्यक–मूल–सूत्राणि सुधर्मस्वामि कृतानि એમ લખ્યું છે. તથા સૂત્રોમાં सामाइयमाइयाइं एकारसअंगाइं अहिज्जइ " સામાયિક વિગેરે અગ્યાર અંગો ભણે છે " ઈત્યાદિક કહ્યું છે. તેથી ગણધરકૃત જાણવા. ॥ ૩–૧–૫૨ ॥ ૪૦૧ ॥

પ્ર૦ શહેરમાં રહેલા વૃદ્ધઃ અને લઘુ ગીતાર્થોએઃ પરામાં શય્યાતરઘર કર્યું હોય, તો પરામાં રહેલ ગીતાર્થોએ શય્યાતરના ઘરથી આહાર વિગેરે વહોરવું કલ્પે ? કે નહિ ? તથા પરામાં રહેલ ગીતાર્થોએ નગરનું ઘર શય્યાતર કર્યું હોય, તો નગરના ગીતાર્થોએ તે ઘરે આહારાદિ લેવું કલ્પે ? કે નહિ ? તેમજ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત્રણ ગાઉની અંદર વૃદ્ધ ગીતાર્થીએ શય્યાતર ઘર કર્યું હોય? તે ઘર બધાઓએ વર્જવું જોઇયે? કે નહિ?

ઉ૦ નગરના ગીતાર્થીએ પરામાં શય્યાતર ઘર કર્યું હોય, તે ઘરે નગર તથા પરાના ગીતાર્થીએ આહાર વિગેરે લેવાય નહિ. અને પરામાં રહેલ ગીતાર્થીએ નગરનું ઘર શય્યાતર કર્યું હોય, તે ઘરે નગર તથા પરાના ગીતાર્થીએ આહાર વિગેરે લેવાય નહિ. પણ પરસ્પર તે ઘર જણાવવું જોઇએ. તેમજ **વૃદ્ધ ગીતાર્થ** પુરુષે કરેલું શય્યાતર ઘર ત્રણ ગાઉ સુધી મુખ્ય વૃત્તિએ સર્વ સાધુઓએ વર્જવું જોઈએ. પણ હાલમાં તે વિધિ સચવાતો નથી, તો પણ જાણવામાં આવે, તો સાચવવો. એમ **પરંપરા** છે.

વળી, જ્યાં રાત્રિવાસો રહી તે સ્થાનથી જે વેળાએ વિહાર કર્યો હોય, તે વેળાથી બીજા દીવસની તેટલી વેળા થઈ ગયા બાદ તે શય્યાતર ગણાતો નથી. એમ **આવશ્યક ટીપ્પણમાં** કહ્યું છે. તે જાણવું ॥ ૩–૧–૫૩ ॥ ૪૦૨ ॥

પ્ર૦ સામાયિકઃ પોસહઃ વિનાનો શ્રાવક સ્થાપનાચાર્યને પડિલેહે તો, **પડિલેહણા પડિલેહાવોજી!** એવો આદેશ માંગી પડિલેહે? કે નહિ?

ઉ૦ મોકળો શ્રાવક પડિલેહણાનો પહેલો આદેશ માગી, મુહપત્તિ પડિલેહી, ધોતીયું બદલી, સ્થાપનાચાર્યનું પડિલેહણ કરે છે. પણ સામાયિકઃ પોસહઃ સિવાય **પડિલેહણા પડિલેહાવોજી.** એ આદેશ માગે નહિ. એમ **પરંપરા** છે॥ ૩–૧–૫૪॥૪૦૩॥

પ્ર૦ ગુરુએ ન્હાની દીક્ષા આપ્યા બાદ, અને વડી દીક્ષા થયા પહેલાં યોગવહન કર્યા હોય, તેવો સાધુ **પડિક્કમણ** માંડલીમાં **અતિચાર** વિગેરે સૂત્રો કહી શકે? કે નહિ?

૧૧

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉ૦ વડી દીક્ષા થયા પહેલાં સાધુને માંડલીમાં અતિચાર વિગેરે સૂત્રો કહેવા કલ્પે નહિ. એમ **પરંપરા** છે ॥ ૩–૧–૫૫ ॥ ૪૦૪ ॥

પ્ર૦ તમામ તીર્થંકરોની માતાઓ મુખમાં પેસતાં ચઉદ સ્વપ્ન દેખે? કે કેટલાક દેખે ?

ઉ૦ તમામ તીર્થંકરોની માતાઓ મુખમાં પેસતા ચઉદે સ્વપ્નાને દેખે છેઃ એમ **સમ્યકત્વ રહસ્યની** ટીકામાં **प्रविशन्तो मुखाम्बुजे** આ વાક્યથી કહ્યું છેઃ **હેમચંદ્રસૂરિકૃત વીરચરિત્રમાં** પણ તેમજ કહ્યું છે. તેમજ **હારિભદ્રી ટીકામાં**– "**દેવાનંદાએ** પેસતાં અને નીકળતાં સ્વપ્નો જોયાઃ અને ત્રિશલાએ પેસતાં જોયાઃ " એમ કહ્યું છે. તથા **અચિરામાતા** ચઉદ સ્વપ્નોને મુખમાં પેસતા જુએ છે. " એમ **વેશ્મરત્ન શાંતિનાથ ચરિત્રમાં** કહ્યું છેઃ તેથી ચઉદે સ્વપ્ના મુખમાં પેસતા જુએ છે. ॥ ૩–૧–૫૬ ॥ ૪૦૫ ॥

પ્ર૦ સિદ્ધોને જ્ઞાનઃ દર્શનઃ ચારિત્રઃ અને વીર્યઃ અનન્તુ કહ્યું છે, તે કેવી રીતે ઘટે ? કેમ કે તેઓને ભિન્ન ભિન્ન એકેકનો સદ્ભાવ છે, માટે તે બાબત સ્પષ્ટ પ્રસાદિત કરશો ?

ઉ૦ જ્ઞાન વિગેરેને આવરણ કરનાર અનન્તા કર્મ પુદ્ગલોનો ક્ષય થવાથી તે જ્ઞાન વિગેરેનું અનન્તપણું બરાબર છેજ. કેમકે–જ્ઞાન વિગેરે ભાવો છે. પ્રાણ રહિત જીવ પણ તેઓથી જીવે છે. માટે નિરંતર સર્વ જીવોનું જીવપણું જ્ઞાનાદિકથી છે. અને જ્ઞાનાવરણનો ક્ષય થવાથી, અનન્તુજ્ઞાન સિદ્ધને હોય છે. દર્શનાવરણીય ક્ષયથી અનન્તુ દર્શન, અને મોહનાક્ષયથી શુદ્ધ ક્ષાયિક સમ્યકત્વઃ અને ચારિત્રઃ પ્રાપ્ત થાય છેઃ વેદનીય અને અંતરાયકર્મનો ક્ષય થવાથી અનન્તુ સુખઃ અનન્તુ વીર્યઃ પ્રાપ્ત થાય છે, અને આયુષના ક્ષયથી, અક્ષયસ્થિતિ અનન્તી

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પામે છેઃ અને નામ ગોત્રના ક્ષયથી અનન્તું અમૂર્તપણું: અને અનન્તી અવગાહનાઃ પ્રાપ્ત થાય છે. એમ સ્પષ્ટપણે દરેકનું અનન્તપણું કહેલ છે ॥ ૩-૧-૫૭ ॥ ૪૦૬ ॥

**પ્ર૦ ઉવવાઇ સૂત્રમાં पन्ताहारे** આ પદની વ્યાખ્યામાં "સાધુઓ પર્યુષિત વાલઃ ચણાઃ વિગેરે વાપરે છે." એમ કહ્યું છેઃ તો તેમાં **પર્યુષિત** શબ્દનો શો અર્થ કરવો ?

ઉ૦ સવારે રાંધેલ વાલઃ ચણાઃ વિગેરે કઠોળ મધ્યાન્હ વિગેરે વખતે ઠંડા નીરસ અને નાશ પામેલા બની જાયઃ તેને **पर्युषित** કહેવાય છે. **કલ્પભાષ્યમાં** કહ્યું કે–**निप्फाव चणगमाइ, अंतं पंतं व होइ वावन्नं**–આ ટીકામાં **वावन्नं** એટલે "વિનાશ પામેલ" એમ કહ્યું છે. તેથી **અંતાહાર** વિગેરેમાં સર્વ ઠેકાણે પોતાનો કદાગ્રહ છોડી રૂડીરીતે અર્થ કરવો જોઇયે.॥૩-૧-૫૮॥૪૦૭॥

**પ્ર૦ સગર ચક્રવર્તિના** સાઠ હજાર પુત્રોને જુદી જુદી માતા હતી ? કે એક માતા હતી ?

ઉ૦ **અજિતનાથ ચરિત્રમાં** કહ્યું છે કેઃ–"ચોસઠ હજાર સ્ત્રીઓએ સહિત ચક્રવર્તિઃ રતિ સાગરમાં ખુંચેલો દેવની પેઠે રમવા લાગ્યો; તેને અંતેઉરીઓના ભોગ થકી થયેલ ગ્લાનિ–જેમ પશ્ચિમના પવનથી મુસાફરોને માર્ગજન્ય ખેદ દૂર થાય. તેમ સ્ત્રી રત્નના ભોગથી દૂર થઇ જાય છે. આ પ્રમાણે નિરંતર વૈષયિક સુખ ભોગવતાં તેને જન્હુ વિગેરે સાઠ હજાર પુત્રો થયા. "આ લખાણથી ૬૦ હજાર પુત્રો ભિન્ન ભિન્ન માતાવાળા જણાય છે. અને **ભોજચરિત્રમાં** કહ્યું કે " **સગર ચક્રવર્તિએ સિંહર્ષિ કેવલીને** પૂછ્યું કે–" હે ભગવાન્ મારે પુત્ર થશે ? " ત્યારે કહ્યું કે–" એકી સાથે ૬૦ હજાર પુત્રો થશે." ત્યારે ચક્રવર્તિએ પૂછ્યું કે–" કેવી રીતે? " મુનિએ કહ્યું કે " સમુદાયકર્મના

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વશથી થશે. આજ રાત્રિએ અધિષ્ઠાયક દેવ એક આંબાનું ફળ તમને આપશે, તે ફળ થોડું થોડું ૬૦ હજાર સ્ત્રીઓને આપવું, તેથી તમામને પુત્રો થશેઃ" ચક્રવર્તિને તેમજ કરવાનું હતું. પણ રાજ્યના લોભથી એકલી પટ્ટરાણીજ તે ફલ ખાઈ ગઇ. તેથી જલોદર જેવું તેણીનું પેટ થયું. પૂર્ણમાસ થયા, ત્યારે પ્રસવ થયો, તો મંકોડા જેવડા પુત્રો જનમ્યા. તેઓને ઘીમાં જબોળેલા રૂના પોલથી વધાર્યા. તેમાં પહેલો **જન્હુનામા** થયો." આ લખાણથી સાઠેય હજારની એક માતા છે. અને ૬૦ હજાર એક પેટમાં સમાઈ ગયા, તે દેવશક્તિથી બન્યું. તેમ જણાય છે. ॥ ૩-૧-૫૯ ॥ ૪૦૮ ॥

**પ્ર૦** ચૌદ પૂર્વિઓઃ બે ઘડીમાં અવળા અને સવળા ચૌદ પૂર્વો ગણી નાંખે છે, તે સ્મરણ માત્રથી ગણે છે? કે–વાણી થકી ગણે છે?

**ઉ૦** ચૌદ પૂર્વિઓ બે ઘડીમાં ચૌદ પૂર્વોને તાલુ અને હોઠપુટના સંયોગથી થતા શબ્દોએ કરી ગણે છેઃ તે વાત **પરિશિષ્ટ પર્વમાં** કહેલ છે.

**महाप्राणे हि निष्पन्ने कार्ये कस्मिंश्चिदागते ।**
**सर्वपूर्वाणि गण्यन्ते सूत्रार्थाभ्यां मुहूर्त्ततः ॥**

"મહાપ્રાણધ્યાન પૂરું થાય ત્યારે કોઈ કાર્ય આવી જાય, તો એક મુહુર્તમાં સૂત્ર અને અર્થે કરી ચૌદ પૂર્વો ગણી શકાય છેઃ, આ લબ્ધિ પણ કેટલાક ચૌદપૂર્વીને હોય છે. પણ બધાને હોતી નથીઃ તે પણ જાણી લેવું ॥ ૩-૧-૬૦ ॥ ૪૦૯ ॥

**પ્ર૦** સચિત્ત પાણીઃ લાડવાઃ વિગેરે, સચિત્તઃ અને વિકૃતિઃમાં ગણાય? કે દ્રવ્યમાંઃ ગણાય?

**ઉ૦** **શ્રાદ્ધવિધિમાં** "સચિત્તઃ અને વિકૃતિવર્જીઃ ને, જે મુખમાં

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નંખાય છે, તે દ્રવ્યમાં ગણાય છે." આમ કહેલ હોવાથીઃ ફાસુપાણીઃ ઉન્હુપાણીઃ ચોખાનું ધોવણઃ વિગેરે અચિત્ત હોવાથી દ્રવ્યમાં તેની ગણતરી કરાય છે. તેમજ એક જ દ્રવ્યમાં પણ પોલીઃ ક્ષોભિત પોલીઃ લહચૂઇઃ સાતપડીઃ ગડદાઃ વિગેરેમાં ભિન્ન નામો અને ભિન્ન રસો હોવાથી, તે બધાને જુદા જુદા દ્રવ્યો ગણાય છે. અફાસુ પાણી લાડવાદિક તો સચિત્ત વિકૃતિ મધ્યે ગણાય છે. હાલમાં કેટલાકો તો દ્રવ્યની અંદર પણ ગણતરી કરતા દેખાય છે. વળી, રસનો સ્વાદ નહિ હોવાથી રૂપા વિગેરે ધાતુની સળી મુખમાં નાંખવામાં આવી જાય, તો દ્રવ્યમાં ગણાતી નથી. ॥ ૩-૧-૬૧ ॥ ૪૧૦ ॥

પ્ર૦ લોકો જિનકલ્પી મુનિને નગ્ન દેખે ? કે નહિ ?

ઉ૦ લોકો તેને નગ્ન દેખે છે. કેમકે શાસ્ત્રમાં "લજ્જાને જિતનાર હોય, તે **જિનકલ્પ** અંગીકાર કરે," એમ કહ્યું છે. ॥ ૩-૧-૬૨ ॥ ૪૧૧ ॥

પ્ર૦ ઓષધની રસસામગ્રીમાં વચ્છનાગ વિગેરે નાંખેલ હોય તે અભક્ષ્ય થાય ? કે નહિ ?

ઉ૦ ઓષધ વિગેરેમાં વચ્છનાગઃ ભંગિપોસ્તઃ અહિફેનઃ વિગેરે નાંખેલ હોય, તે દવા નિમિત્તે ગ્રહણ કરાય, તો અભક્ષ્ય નથીઃ પણ કામદેવને નિમિત્તે ગ્રહણ કરે, તો અભક્ષ્ય છે.॥૩-૧-૬૩॥૪૧૨॥

પ્ર૦ અઢી દ્વીપમાં એક સમયમાં જઘન્ય અને ઉત્કૃષ્ટથી કેટલા તીર્થંકરોનો જન્માભિષેક થાય ? અને કેટલા આરામાં જન્માભિષેક થાય ?

ઉ૦ અઢી દ્વીપમાં જઘન્યથી, એક સમયમાં પાંચ મેરુ ઉપર દશ તીર્થંકરોનો ઇંદ્રો જન્માભિષેકઃ કરે છે. અને ઉત્કૃષ્ટથી ૨૦ તીર્થંકરોનો અભિષેકઃ કરે છે. તથા તે જન્માભિષેકઃ જઘન્યથી

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચાર આરામાં થાય છે, અને ઉત્કૃષ્ટથી પાંચ આરામાં થાય છે. એમ જણાય છે ॥ ૩–૧–૬૪ ॥ ૪૧૩ ॥

**પ્ર૦** ચક્રવર્તિઓ **માગધ તીર્થ** વિગેરેમાં કેટલા અઠ્ઠમ કરે છે?

**ઉ૦** [૧] માગધસ્તૂપ–[૨] વરદામસ્તૂપ–[૩] પ્રભાસસ્તૂપ–[૪] વૈતાઢ્ય દેવસાધન–[૫] તિમિસ્રાદેવ–સાધન [૬] નમિવિનમિ દેવસાધન–[૭] સિંધુદેવીસાધન–[૮] ચુલ્લહિમવત્ સાધન–[૯] ગંગાદેવીસાધન–[૧૦] નવનિધાનનું પ્રકટ થવામાં–અને [૧૧] અયોધ્યા નગરીના પ્રવેશમાં–ચક્રવર્તિઓ અનુક્રમે ૧૧ અઠ્ઠમો કરે છે. એમ **જંબુદ્વીપપન્નત્તિ સૂત્રમાં છે.** અને તીર્થંકર ચક્રવર્તિઓ અઠમ કરતા પણ નથી, એમ **શાંતિનાથ ચરિત્રમાં** છે. તે જાણવું. ॥ ૩–૧–૬૫ ॥ ૪૧૪ ॥

**પ્ર૦** ચક્રિપણું પામ્યા પછી ફેર ચક્રિપણું કેટલા કાળે પમાય ?

**ઉ૦** જઘન્યથીઃ અધિક સાગરોપમ કાળે પમાય, અને ઉત્કૃષ્ટથીઃ અનન્તા કાળે ફેર ચક્રવર્તિપણું પામી શકાય. એમ **ભગવતી સૂત્ર ૧૧ મા શતકમાં છે** ॥ ૩–૧–૬૬ ॥ ૪૧૫ ॥

**પ્ર૦** કોઈક પુરુષઃ મરાતાં પંચેન્દ્રિય જીવને મૂકાવે, તે અભયદાન કહેવાય ? કે અનુકંપાદાન કહેવાય ?

**ઉ૦** તે અભયદાન કહેવાય છે. કેમકે "**શ્રી શાંતિનાથ ભગવંતના જીવે પૂર્વ** ભવમાં પારેવો મૂકાવ્યો, તે અભયદાન." એમ **પુષ્પ માલાની ટીકામાં** કહ્યું છે ॥ ૩–૧–૬૭ ॥ ૪૧૬ ॥

**પ્ર૦** ઉપધાન વહેવા વાળાને તપના દિવસમાં **કલ્યાણક તીથિ આવે,** તો તે તપે કરી સરે ? કે નહિ ?

**ઉ૦** બાંધલો તપ હોવાથી, તે તપે કરી સરે છે, એમ જણાય છે. નહિંતર તો, ચૌદશ વિગેરેમાં એકાસણ કરીને આગળની કલ્યાણક તીથિ આરાધાય છે. ॥ ૩–૧–૬૮ ॥ ૪૧૭ ॥

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**પ્ર૦** સર્વ **નારદો** મોક્ષમાં જાય ? કે દેવલોકમાં પણ જાય ?

**ઉ૦** **નારદોઃ** મોક્ષમાં અને દેવલોકમાં જાય છે, એમ **ઋષિમંડલ ટીકામાં** કહ્યું છે. વળી તે પ્રથમ મિથ્યાત્વી હોય છે. પછી સમકિતી બને. એમ પણ તેમાં જ કહ્યું છેઃ અને તેઓના નામો **ભીમઃ મહાભીમઃ રૂદ્રઃ મહારૂદ્રઃ કાલઃ મહાકાલઃ ચતુર્મુખઃ નવમુખઃ અને ઉન્મુખઃ** છે. ॥૩-૧-૬૯॥૪૧૮॥

**પ્ર૦** " **શ્રી વીરભગવાન્ સિંધુદેશમાં** ગયા તે વખતે ૧૫૦ સાધુઓએ અણસણ કર્યું, " એવો પાઠ કયા ગ્રંથમાં છે ? તે જણાવવા કૃપા કરશો.

**ઉ૦** **નિશીથ ચૂર્ણિમાં** તે અક્ષરો છે. તેમજ સંભળાય છે, કે- "કેવલઃ મનઃ પર્યવઃ અવધિઃ અને શ્રુતજ્ઞાનીઃઓ તળાવઃ કુવાઃ વિગેરેનું કદાચ અચિત્ત થઇ ગયેલું પાણી જાણતા હોય, છતાં અનવસ્થાદોષ નિવારવાને માટે વાપરે નહિ." તેવીજ રીતે "**વર્ધમાનસ્વામિએ** શેવાલ વિનાનોઃ ત્રસ વિગેરે જીવોએ રહિતઃ નિર્મળ જળવાળોઃ અને જેમાંથી તમામ જળના જીવો ચ્યવી ગયેલા હોવાથી અચિત્ત થયેલોઃ પાણીનો ધરો દેખ્યો, છતાં ખુબજ તરસ્યા થયેલા પોતાના શિષ્યોને તે જળ પીવાની આજ્ઞા કરી નહિ. અને અચિત્ત તલનું ભરેલું એક ગાડું દેખ્યું, છતાં અનવસ્થા નિવારવાને માટે વાપરવાની આજ્ઞા કરી નહિ. અને " શ્રુતજ્ઞાન પ્રમાણે વ્યવહારઃ સાધુસાધ્વી વિગેરેએ પાળવો, " એમ શ્રુતજ્ઞાનઃ પ્રમાણ તરીકે જણાવ્યું, " એમ **આચારાંગ સૂત્રના પ્રથમ અધ્યનના ત્રીજા ઉદ્દેસાની ટીકામાં છે** ॥ ॥ ૩-૧-૭૦ ॥ ૪૧૯ ॥

**પ્ર૦** અંધારે આહાર વાપરવામાં દોષ લાગે ? કે નહિ ?

**ઉ૦** **ઓઘનિર્યુકિતમાં** બતાવ્યું કે

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**जे चेव रयणिभोयणदोसा ते चेव संकडमुहंमि ।**
**जे चेव संकडमुहे ते दोसा अंधयारंमि ॥**

" જે દોષો રાત્રિભોજનના બતાવ્યા છે, તેજ દોષો સાંકડા પાત્રામાં વાપરવાથી થાય છે, અને જે દોષો સાંકડા મોઢાવાળા પાત્રામાં વાપરવાથી થાય છે તેજ દોષો અંધારે વાપરવાથી થાય છે: "

આ કથનથી અંધારે વાપરવાથી રાત્રિભોજન દોષ લાગે છે. એમ જણાય છે. ॥ ૩–૧–૭૧ ॥ ૪૨૦ ॥

પ્ર૦ **બ્રાહ્મીઃ** અને **સુંદરીઃ** પરણેલી હતી ? કે નહિ ? કેટલાક કહે છે કે–" **ભરતે સુંદરી સાથે** વિવાહ કર્યો હતો, અને **બાહુબલીએ બ્રાહ્મી સાથે** કર્યો હતો." તો **બાહુબલી** કાઉસ્સગ ધ્યાને રહ્યા, ત્યારે વર્ષને અંતે **બ્રાહ્મી સુંદરીએ** આવી. " ભાઇ ! ગજથકી ઉતરો, " એમ કેમ કહ્યું ?

ઉ૦ " **ભરત** અને **બાહુબલીએ** વિપરીતપણાએ લગ્ન કર્યું હતું, " એવા અક્ષરો **આવશ્યક મલયગીરિ ટીકામાં છે,** પણ તેઓએ " ભાઈ! ગજથકી ઉતરો " એવું જે કહેલું, તે પૂર્વના ભાઇપણાના સંબંધથી. બંન્ને એકઠી હોવાથી કહ્યું. માટે વ્યાજબીજ છે. ॥ ૪–૧–૭૨ ॥ ૪૨૧ ॥

પ્ર૦ તેજોલેશ્યાના પુદ્‌ગલોઃ સચિત્ત છે ? કે અચિત્ત છે ?

ઉ૦ લબ્ધિઃ પુદ્‌ગલરૂપ હોય નહિ, પણ શક્તિરૂપ હોય છે, પરંતુ જીવે તેજોલેશ્યાના પુદ્‌ગલો પોતાના જીવ પ્રદેશો સહિત મુખથી કાઢેલા છે, માટે જીવપ્રયોગથી નીકળેલા હોવાથી સચિત્ત જણાય છે. ॥ ૩–૧–૭૩ ॥ ૪૨૨ ॥

પ્ર૦ દેશવિરતિઃ અને સમકિતીઃ બારમે દેવલોકે જાય ? કે નહિ?

ઉ૦ તે બંન્નેય પણ ઉત્કૃષ્ટથી બારમા દેવલોકે જાય છે, તેવા અક્ષર **પન્નવણા સૂત્ર** અને તેની **ટીકામાં** છે. ॥૩–૧–૭૪॥૪૨૩॥

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**પ્ર૦** સમકિત પામ્યા પછી જીવ કેટલાકાળે દેશવિરતિઃ અથવા સર્વ વિરતિઃ પામે ?

**ઉ૦** " સમકિત પામ્યા પછી ૨ થી ૯ પલ્યોપમ સુધીની કર્મોની સ્થિતિ ઘટે, ત્યારે દેશવિરતિ પામે છે. અને સંખ્યાતા સાગરોપમ જેટલી કર્મની સ્થિતિ ઘટે; ત્યારે સર્વ વિરતિ પામી શકે છે." એમ. **પ્રવચન સારોદ્ધારની ટીકામાં** કહ્યું છે ॥ ૩–૧–૭૫ ॥ ૪૨૪ ॥

**પ્ર૦** ગૃહસ્થોએ દહિઃ ચોખા વિગેરે સાથે એકમેક કર્યું હોય, તો તે દિવસે બીજા પહોરે નિવિયાતું થાય ? કે નહિ ? તેમજ દૂધ પણ રાંધેલા કુરીયા વિગેરે સાથે એકમેક કર્યું હોય; તો તે નિવિયાતું થાય ? કે નહિ ?

**ઉ૦** કુરીયા સાથે એકમેક કરેલું દહિઃ કરંબારૂપ થઇ જાય છે, તે બે ઘડી પછી નિવિયાતું થાય છે. અને જે દુધઃ અથવા દહિઃ **दुद्ध दहि चउरंगुले**–આ ગાથા અનુસાર કુરાદિ મિશ્ર કરાય છે તે, **ભાષ્યની અવચૂરિના વચનથી** વાસી થઇને નિવિયાતું થાય છે. ॥ ૩–૧–૭૬ ॥ ૪૨૫ ॥

**પ્ર૦** **મહાગિરિ** અને **સુહસ્તિ સ્વામી** ના નામને પહેલા કયા કારણથી **આર્ય** શબ્દ જોડાયો છે ?

**ઉ૦** **સ્થૂલભદ્રસ્વામીએ** બે શિષ્ય કર્યા. એક **આર્ય મહાગિરિજીઃ** અને બીજા **આર્ય** સુહસ્તિજીઃ

**तौ हि यक्षार्यया बाल्यादपि मात्रेव–पालितौ ॥**
**इत्यार्योपपदौ जातौ महागिरि–सुहस्तिनौ ॥**

તે બંન્નેયને **યક્ષા** આર્યાએ બાલપણાથી પણ માતાની જેમ પાળ્યા, તેથી તેમના નામ પહેલાં આર્ય શબ્દ જોડાય છેઃ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આર્ય મહાગિરિઃ અને આર્ય સુહાસ્તિઃસ્વામીજી કહેવાય છે. એમ પરિશિષ્ટ પર્વમાં કહ્યું છે ॥ ૩–૧–૭૭ ॥ ૪૨૬ ॥

પ્ર૦ જેણે પંદર કર્માદાનનું પચ્ચક્ખાણ કર્યું હોય; તે અનાજ, નાલિએર વિગેરે ફળ, ગળી, હડતાળ, અને પશૂઓનો વેપાર કરે, તો તેને નિયમનો ભંગ થાય ? કે નહિ ? તથા સદ્દાલપુત્ર વિગેરે શ્રાવકોને કર્માદાનનો સંભવ છે ? કે નિષેધ છે ?

ઉ૦ ધાન્ય વિગેરેનું જે પ્રમાણ રાખ્યું હોય, તેના ઉપરાંત જો વેપાર કરે, તો ભંગ થાય છે. નહિંતર થતો નથી. તેમજ સદ્દાલપુત્ર વિગેરે શ્રાવકોનું પરિમિતપણું હોવાથી અંગારા વિગેરે કર્મ કરે છે, છતાં તેની કર્માદાન સંજ્ઞા નથી : એમ વૃધ્ધપુરુષનું વચન છે ॥ ૩–૧–૭૮ ॥ ૪૨૭ ॥

પ્ર૦ ઉપવાસી શ્રાવક સાંજે સામાયિક ઉચ્ચરી મુહપત્તિ પડિલેહી પચ્ચક્ખાણ કરે ? કે બીજી રીતે કરે ? જો મુહપત્તિ પડિલેહી કરતા હોય, તો વાંદણા દેવાનો નિષેધ કરો છો, તે શાથી ?

ઉ૦ સામાચારી વિગેરે ગ્રંથોમાં–"ભોજન કર્યું હોય, તો વાંદણાં દીધા પછી પચ્ચક્ખાણ કરવું, એવા અક્ષરો છે. પણ ઉપવાસના દિવસે વાંદણા દીધા પછી પચ્ચક્ખાણ કરવું, તેવો વિધિ નથી, પરંતુ મુહપત્તિ તો પડિલેહવી જોઇએ. કેમકે–તેના વિના પચ્ચક્ખાણ કરવું કલ્પે નહિ, એવી સામાચારી છે. તેમજ ઉપધાનમાં પણ તેમજ કરાય છે ॥ ૩–૧–૭૯ ॥ ૪૨૮ ॥

પ્ર૦ પ્રતિવાસુદેવની માતા કેટલા સ્વપ્ન દેખે ?

ઉ૦ તે ત્રણ સ્વપ્ન દેખે છે, અજીતસિંહ સૂરિ કૃત શાંતિનાથ ચરિત્રના છઠા પ્રસ્તાવમાં કહ્યું, કે–

प्रत्यर्द्धचक्रिणां त्रींश्चान्येषामुत्तमजन्मिनाम् ।
एकैकमम्बिका–: स्वप्नं पश्यन्त्येषां हि मध्यतः ॥

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



"પ્રતિવાસુદેવની માતા ત્રણ સ્વપ્ન જુવે, અને બીજા ઉત્તમ જન્મવાળાની માતા એક એક સ્વપ્ન આ ચૌદમાંથી જુએ"

તેજ પ્રકારે, **સપ્તતિશત સ્થાનક ગ્રંથમાં** પણ છે. વળી તે ગજ: કુંભઃ અને વૃષભઃ એ ત્રણને જુવે છે. તે પરંપરાથી જાણવું ॥ ૩–૧–૮૦ ॥ ૪૨૯ ॥

**પ્ર૦ સ્વયંબુદ્ધઃ** અને **પ્રત્યેકબુદ્ધઃ** નગ્ન હોય ? કે નહિ ?

**ઉ૦ સ્વયંબુદ્ધને** પાત્રા વિગેરે બાર પ્રકારનો ઉપધિ હોય છે, તે બતાવે છે-પાત્રા–પાત્રાનુંબંધનઃ નીચેનો ગુચ્છોઃ પુંજણીઃ પડલાઃ રજસ્રાણઃ ગુચ્છોઃ આ સાત પાત્રના ઉપકરણોઃ અને ત્રણ કપડાઃ ઓઘોઃ મુહપત્તિઃ એમ બાર થયાઃ અને **પ્રત્યેક—બુદ્ધને** તો જઘન્યથી, ઓઘોઃ અને મુહપત્તિઃ એમ બે પ્રકારનો હોય અને ઉત્કૃષ્ટથી, પાત્રાના સાત ઉપકરણોઃ ઓઘોઃ અને મુહપત્તિઃ એમ નવપ્રકારનો હોય છે. એમ **પક્ખીસૂત્રની મોટી ટીકામાં** કહ્યું છે. આ કથન મુજબ **સ્વયંબુદ્ધઃ** અને **પ્રત્યેકબુદ્ધઃ ચોલપટ્ટો** નહિ હોવાથી, કપડા છતાં પણ નગ્નજ જણાય છે. ॥ ૩–૧–૮૧ ॥ ૪૩૦ ॥

**પ્ર૦ આચારાંગ** સૂત્રના અઢાર હજાર પદો છે, તેમાં એક પદનું પ્રમાણ કેટલું હોય ?

ઉ૦ પહેલું **આચારાંગઃ અઢાર હજાર પદવાળું**, તેથી બમણા બમણા પ્રમાણવાળા બાકીના અંગો છે. આ પ્રકારે અગીઆરે અંગોની કુલપદ સંખ્યા ત્રણ કરોડઃઅડસઠ લાખઃ અને છેંતાલીશ હજાર છે. તેમાં એક પદનું પ્રમાણ ૫૧૦૮૮૬૮૪૦ આટલા શ્લોકો અને અઠાવીશ અક્ષરો હોય છે. એમ **અનુયોગદ્વારની ટીકામાં** છે ॥ ૩–૧–૮૨ ॥ ૪૩૧ ॥

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્ર૦ **સુપાર્શ્વનાથ ભગવંતને** એકઃ પાંચઃ અને નવઃ ફણા કરાય છે, તેનું શું કારણ ?

ઉ૦ **जेणेगपंचनवसिरासु नागसिज्जासु तिसुवि पत्तेयं ।**
**जणणी सुमिणे पिच्छइ, गब्भत्थस्सावि सामिस्स ॥**

"જેથી એકઃ પાંચઃ અને નવઃ ફણાવાળી દરેક જુદી જુદી નાગશય્યાઃ ગર્ભમાં ભગવાન આવ્યે છતે માતા સ્વપ્નમાં દેખે છે."

તેથી એકઃ પાંચઃ અને નવઃ ફણા કરાય છેઃ

અને પૂર્વાચાર્યોઃ પાંચફણા રચવામાં આ પણ કારણ બતાવે છે કે–"ભગવાન્ છદ્મસ્થ અવસ્થામાં કાઉસ્સગ્ગ ધ્યાને રહ્યા ત્યારે, સંવર્તક પક્ષીને નિવારવાને માટે વંદન કરવા આવેલ ધરણેન્દ્રેઃ પાંચ આંગુલીવાળો હાથ વિકુર્વીને મસ્તક ઉપર ધારણ કર્યો હતો; તેથી પાંચ ફણા કરાય છે." આ બાબતમાં **વસુદેવ હીંડીનો બીજો ખંડ** જોવોઃ અને **કથાવલી પ્રથમ ખંડમાં** પણ કહ્યું કે–"સમોસરણમાં **શક્રઇન્દ્રે** ત્રણે પ્રકારે **સુપાર્શ્વનાથના** મસ્તકો નવફણા-રત્નાભરણોએ વિકુર્વાય છે."

**इग पण नवय सुपासो पासो फण तिन्निसगइगार कमा।**
**फणिसिज्जासु विणाओ फणिंदभत्तीए नन्नेसु ॥**

"**સુપાર્શ્વનાથને** એકઃ પાંચઃ અને નવઃ ફણા, **પાર્શ્વનાથને** ત્રણઃ સાતઃ અને અગીઆરઃ ફણા સ્વપ્નમાં ફણીની શય્યા દેખવાથી, અને ફણીન્દ્રની ભક્તિથી, કરાય છેઃ બીજે કરાતી નથી"

આ વચન હોવાથી **સુપાર્શ્વનાથ** અને **પાર્શ્વનાથને** ફણાકૃતિ કરાય છે. તે જાણવું ॥ ૩–૧–૮૩ ॥ ૪૩૨ ॥

પ્ર૦ ભગવંતનો જન્મ.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**नवण्हं मासाणं बहुपडिपुण्णाणं अद्धट्ठमाण राइंदियाणं ।**

"આ સૂત્રમાં–નવ માસઃ સાડાસાત દીવસેઃ કહ્યા, અને નવમાસ અને સાત રાત્રીજ થાય છે, કેમકે જેની મધ્ય રાત્રિમાં ઉત્પત્તિ છે, તેનો જન્મપણ મધ્ય રાત્રેજ થાય, તો કેવી રીતે સાડાસાત રાત્રિ થાય ?

ઉ० ભગવંતના જન્મમાં ૯ માસ. અને ૭ રાત્રિ જ થાય છે, પરંતુ. **સિધ્ધાંતની શૈલી** મુજબ તેવો પાઠ છે, એમ જણાય છે. ॥ ૩–૧–૮૪ ॥ ૪૩૩ ॥

પ્ર૦ કેવળીઓને કેટલા પરિસહો હોય ?

ઉ૦ "કેવળીઓને ક્ષુધાઃ તૃષાઃ શીતઃ ઉષ્ણઃ દંશઃ ચર્યાઃ શય્યાઃ વધઃ રોગઃ તૃણસ્પર્શઃ અને મલઃ એમ ૧૧ પરીસહો હોય છે" એમ **ભગવતી આઠમું શતક નવમા ઉદ્દેશામાં** કહ્યું છે ॥ ૩–૧–૮૫ ॥ ૪૩૪ ॥

પ્ર૦ **અનુત્તર વિમાનમાં** ગયેલ જીવ કેટલા ભવો કરે ?

ઉ૦ **વિજયાદિક** ચાર વિમાનમાં ઉત્કૃષ્ટથી બે વખત આવે, અને **સર્વાર્થસિદ્ધિમાં** એક વખત આવે એમ **જીવાભિગમ ટીકામાં કહ્યું,** અને **विजयादिषु द्विचरमा** એમ **તત્ત્વાર્થ ચોથા અધ્યાયમાં** કહ્યું, અને **સર્વાર્થસિધ્ધ વિમાનથી** આવેલો જીવ અનન્તર ભવમાં સિદ્ધ થાય છે જ. **વિજયાદિક** ચારમાં ગયેલો જીવ મનુષ્યમાં જ આવે, અને જઘન્યથી એકઃ અથવા બેઃ ભવ કરે. અને ઉત્કૃષ્ટથી ૨૪ ભવ કરે, તેમાં–નરભવ આઠઃ દેવભવ આઠઃ અને ફરી નરભવ આઠઃ પછીથી સિદ્ધ થાય છેજ, **વિજયાદિકમાં** બે વખત ઉપજ્યો હોય, તેની નિયમથી અનન્તર ભવમાં સિદ્ધિ થાય છે જ.

એમ પ્રઘોષ છે. અને **પન્નવણામાં** બતાવ્યું કે **વિજયાદિક**

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચારમાં ગયેલ જીવ સંખ્યાતા ભવ કરે છે ॥૩-૧-૮૬॥૪૩૫॥

પ્ર૦ **વિષ્ણુકુમાર** એક થયા છે? કે બે થયા છે?

ઉ૦ **વાસુપૂજ્ય** સ્વામિના તીર્થમાં **નમુચિએ** કરેલો ઉપદ્રવ દૂર કરનાર પ્રથમ **વિષ્ણુકુમાર** થયા. અને બીજા **શાન્તિનાથ ભગવાનના** તીર્થમાં થયા. એમ **ઉત્તરાધ્યયન** સૂત્રની **ચૌદ હજારી ટીકામાં** કહ્યું છે, તે જાણવું. ॥ ૩-૧-૮૭ ॥૪૩૬॥

પ્ર૦ **શ્રીઃ હ્રીઃ** વિગેરે છ દેવીઓઃ ચોવીશ જિનની યક્ષિણીઓ ૫૬ દીક્કુમારીઓઃ સરસ્વતિઃ શ્રુતદેવીઃ અને શાસનદેવીઃ આ સર્વમાંથી કોણ ભવનપતિનિકાયની છે? અને કોણ વ્યન્તરનિકાની છે? તે પાઠ સહિત સ્પષ્ટપણે જણાવવા કૃપા કરશોજી.

ઉ૦ **શ્રીઃ હ્રીઃ** વિગેરે છ દેવીઓઃ ભવનપતિનિકાયમાંની છે એમ **બૃહત્ક્ષેત્ર વિચારની મલયગિરિ કૃત ટીકામાં** છે. તથા ચોવીશ જિનયક્ષિણીઓ વ્યન્તરનિકાયમાંનીજ છેઃ એમ સંભવે છેઃ કેમકે **સંગ્રહણીમાં** કહ્યું કેઃ-

**वंतर पुण अट्ठविहा पिसाय भूआ तहा जक्खा** ઇત્યાદિ,

"વળી, વ્યંતર આઠ પ્રકારે છે, પિશાચ ભૂત તથા જક્ષ" વિગેરે;

અને છપ્પનદિક્કુમારીઓ તો, **આવશ્યક ચૂર્ણિમાં** તેઓના ઋદ્ધિ વર્ણનના અધિકારમાં

**बहूहिं वाणमंतरेहिं देवेहिं देवीहिं य सद्धिं संपरिवुडा-**

"ઘણા વાણમંતર દેવ તથા દેવીઓએ પરિવરેલી છે."

ઇત્યાદિક કથન મુજબ વ્યન્તર નિકાયની જણાય છે. તેમજ **શાસનદેવી** તો જિનેશ્વરની યક્ષિણીજ છે. બીજી કોઇ નથીઃ તથા **સરસ્વતીદેવી** અને **શ્રુતદેવી** તો એક છે, બે નામો તો પર્યાયવાચી છે, એમ જણાય છે. પરંતુ કોઇ ઠેકાણે પણ તેના

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આયુષ્યનું માન અને કઇ નિકાયની છે ? તે જોવામાં આવતું નથી ॥ ૩-૧-૮૮ ॥ ૪૩૭ ॥

પ્ર૦ **सुत्ते अत्थे भोयणकाले आवस्सए अ सज्झाइ ।**
**संथारएवि अ तहा सत्तेया हुंति मंडलिआ ॥ १ ॥**

સૂત્રઃ અર્થઃ ભોજનઃ કાલઃ આવશ્યકઃ સ્વાધ્યાયઃ અને સંથારાઃ આ સાત મંડલી છે તેઓનો ઉપયોગ ક્યાં ક્યાં કરવો ?

ઉ૦ પ્રભાતે સ્વાધ્યાય કરવો, તે સૂત્રમંડલીઃ, અને વ્યાખ્યાન કરવુંઃ અને અર્થપોરસીઃ તે અર્થ મંડલીઃ, ભોજનમંડલી પ્રસિદ્ધ છેઃ કાલપવેણું તે કાલમંડલીઃ, ઉભયકાલ પ્રતિક્રમણ તે આવશ્યક મંડલીઃ, સજઝાયનું પઠાવવું તે સ્વાધ્યાયમંડલીઃ, અને સંથારા વિધિનું ભણાવવું, તે સંથારા મંડલીઃ કહેવાય છે. વળી, ત્રીજા પહોરે પડિલેહણના આદેશ માંગવાની **મંડલી** છે, તે તો **પ્રશ્નોત્તર સમુચ્ચય હીરપ્રશ્નના** કથનથી **આવશ્યકમંડલીમાં** સમાય જાય છે. એમ જાણવું ॥ ૩-૧-૮૯ ॥ ૪૩૮ ॥

પ્ર૦ **વીરનિર્વાણથી** ૧૫૨ વર્ષે

**जीअं काऊण पणं तुरुमिणिदत्तस्स कालिअज्जेणं ।**
**अविअ सरीरं चत्तं नय भणिअमहम्मसंजुत्तं ॥ १ ॥**

" **તુરુમિણિ નગરીના દત્તની સાથે** જીવનું પણ-જોખમ કરીને પણ **કાલિકાચાર્યે** શરીરની મૂર્છા તજી, પણ અધર્મજનક વચન બોલ્યા નહિં " આ ગાથામાં બતાવેલ **કાલિકાચાર્ય** તે પ્રથમઃ થયા, અને **વીરથી** ૩૩૫ વર્ષે

**पढमानुयोगकासी०**

આ પ્રમાણે **ઋષી મંડલ સૂત્ર** મુજબ

**પ્રથમઅનુયોગના કર્તા** બીજાઃ થયા; અને **વીરથી** ૪૫૩

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વર્ષે **ગર્દભિલ્લનો** ઉચ્છેદ કરનાર ત્રીજાઃ થયા, અને **વીરથી** ૫૮૪ વર્ષે **આર્યરક્ષિતસૂરિઃ શક્રઇન્દ્રે** પૂછેલા નિગોદના વિચારના વ્યાખ્યાતા, **શક્રઇન્દ્રે** જેનું **કાલિકાચાર્ય** નામ પાડયું તે ચોથાઃ થયા. અને **વીરથી** ૯૯૩ વર્ષે પાંચમથી ચોથમાં **સંવચ્છરી** લાવનાર **પ્રાકૃત દીવાલીકલ્પઃ સંસ્કૃત કાલિકાચાર્ય-કથાઃ શ્રાધ્ધવિધિ વિનિશ્ચય-શ્રાધ્ધવિધિઃ વિચારામૃત સંગ્રહઃ ભરતેશ્વરબાહુબલીવૃત્તિઃ** વિગેરે ગ્રંથોને અનુસારે **પાંચમાઃ કાલિકાચાર્ય** થયા. આ પ્રકારે પાંચ **કાલિકાચાર્ય** થયા. તે સત્ય છે? કે અસત્ય?

**ઉ૦** તમોએ જણાવેલ પાંચ **કાલિકાચાર્યો** સત્ય હોય એમ ભાસમાન થાય છેઃ પરંતુ તેનો નિર્ણય તો, તે ગ્રંથો જોયા બાદ જ જણાવવામાં આવશે ॥૩-૧-૯૦॥૪૩૯॥

**પ્ર૦** કાલિકયોગની ક્રિયામાં સાધ્વીઓને શ્રાવકે વાંદણા દેવરાવ્યા હોય, તો સુઝે? કે નહિ?

**ઉ૦** કાલિકયોગની ક્રિયામાં કારણ પ્રસંગે સાધ્વીઓને શ્રાવક વાંદણા દેવરાવે, તો સુઝે છે, એમ **વૃદ્ધ પુરુષો** કહે છે ॥૩-૧-૯૧॥ ॥ ૪૪૦ ॥

**પ્ર૦** દહિ સોળ પહોર પછી અભક્ષ્ય થાય? કે બાર પહોર પછી? તે વ્યક્ત જણાવવા કૃપા કરશો?

**ઉ૦ आमगोरससंपृक्तं द्विदलं पुष्पितौदनं ।**

**दध्यहर्द्वितयातीतं क्वथितान्नं च वर्जयेत् ॥१॥**

**इति योगशास्त्रतृतीय प्रकाशे**

આની લેશમાત્ર વ્યાખ્યા બતાવે છે. આ **શાસનમાં** આ મર્યાદા છે કે-"કેટલાક પદાર્થો હેતુથી સિદ્ધ થઇ શકે છે, અને કેટલાક **જૈનાગમથી** સિદ્ધ થાય છે. જે હેતુ ગમ્ય પદાર્થો હોય, તે **પ્રવચનવેદીઓએ** હેતુથી પ્રતિપાદન કરવાઃ પણ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જે **આગમગમ્ય** હોય તેમાં હેતુઃ અને હેતુગમ્યમાં **આગમ-માત્રે** કરી બતાવનાર જિનાજ્ઞાનો વિરાધક બને છે. માટે કાચા ગોરસ સંયોગે કઠોળ વિગેરેમાં જે જીવોનું ઉપજવું થાય છે, તે હેતુવિષયક પદાર્થ નથીઃ પણ **આગમગમ્યજ** પદાર્થ છે, તે બતાવે છે. કાચા ગોરસના સંયોગવાળું કઠોળઃ રાત્રિવાસિ ભાતઃ બે દીવસનું દહીંઃ અને કોહાઇ ગયેલું ભોજનઃ તેમાં જે જીવો ઉત્પન્ન થાય છે, તે કેવલી ભગવંતે દેખેલા છે. માટે કાચા ગોરસ સાથે કઠોળ વિગેરે ભોજનનો ત્યાગ કરવો. કેમકે-તેવું ભોજન કરવાથી જીવહીંસા દોષ થાય છે."**अहर्द्वितयातीतं** આ પદનો શો અર્થ ? બે દિવસ થઇ જાય, તો અભક્ષ્ય થાય. દિવસ શબ્દ લીધેલ છે, તેથી રાત્રિનું ગ્રહણ થઇ જાય છે જઃ જેમ ૩૦ દીવસે એક માસઃ પંદર દીવસે પખવાડીયુંઃ થાય તેમાં રાત્રિ આવી જાય, તેમ અહીં પણ સમજવું. તેથી બે રાત્રિ પસાર થાય ત્યારે તે બાર વિગેરે પહોર પછી, દહીં અભક્ષ્ય છે. પણ જ્યારે પહેલે દિવસે પ્રભાતે મેળવ્યું હોય તો, સોલ પહોર પછી પણ અભક્ષ્ય થાય છે. પરંતુ સોલ પહોરનો નિયમ નથી. એમ સંભવે છે. કેમકે પહેલા દિવસની સાંઝે મેળવેલ દહીં ૧૨ પહોર પછી પણ અભક્ષ્ય થાય છે ॥ ૩-૧-૯૨ ॥ ૪૪૧ ॥

**પ્ર૦** જેણે **ઘરસી પચ્ચક્ખાણ** કર્યું છે એવો શ્રાવક અન્ય ઘરે જઇ ભોજન કરે, તે દાંતણ કરીને કરે ? કે નહિ ?

**ઉ૦** **ઘરસી પચ્ચક્ખાણ** વાળો શ્રાવક અન્ય ઘરે જઇ પચ્ચક્ખાણ-પાળી ત્યાં દાતણ કર્યા સિવાય પણ ભોજન કરે, તે બરાબર છે. એમ **વૃધ્ધો** કહે છે ॥ ૩-૧-૯૩ ॥ ૪૪૨ ॥

**પ્ર૦** કાલિક અને ઉત્કાલિક યોગની ક્રિયાઃ ચક્ષુએ રહિત સાધુ પાસે કરવી કલ્પે ? કે નહિ ?



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉ૦ કોઇ પણ કારણથી ચક્ષુ ચાલી ગઇ હોય, તેવા અંધ સાધુ પાસે કાલગ્રહણવાળા કે કાલગ્રહણ વિનાના યોગોની ક્રિયા પ્રાયઃ કરી શકાય નહિ. એમ જાણ્યું છે ॥૩-૧-૯૪॥ ૪૪૩ ॥

પ્ર૦ **बारस मुहुत्त गब्मे इयरे चउवीस विरह उक्कोसो ।**

"ગર્ભજ મનુષ્યનો ઉત્કૃષ્ટ ૧૨ મુહૂર્ત વિરહકાલ છે. અને સંમૂર્છિમનો ઉત્કૃષ્ટ ૨૪ મુહુર્ત વિરહકાલ છેઃ

તો સંમૂર્છિમ મનુષ્યનો ઉત્કૃષ્ટો ૨૪ મુહૂર્તનો વિરહકાલ કેટલા કાળે આવે ?

ઉ૦ આ જગત્માં મનુષ્યો સંમૂર્છિમ અને ગર્ભજઃ એમ બે પ્રકારે છે. તેમાં સંમૂર્છિમ મનુષ્યો કદાચિત્ હોતાજ નથીઃ જઘન્યથી એક સમયનું અને ઉત્કૃષ્ટથી ૨૪ મુહૂર્તનું તેનું આંતરુ સૂત્રમાં બતાવેલું છે. ઉપજેલાને તો જઘન્યથી અને ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત સુધી જીવવાનું હોવાથી તે પછી નિર્લેપકાળનો સંભવ છે, જ્યારે હોય, ત્યારે જઘન્યથી એકઃ બેઃ અથવા ત્રણઃ હોયઃ અને ઉત્કૃષ્ટથી અસંખ્યાતા હોયઃ અને ગર્ભજતો સંખ્યતા હોયઃ એમ **અનુયોગદ્વારની ટીકામાં** કહ્યું છે, ત્રસપણે ઉપજે, તે સતત જઘન્યથી એક સમયઃ અને ઉત્કૃષ્ટથી આવલિકાના અસંખ્યાતમાઃ ભાગ સુધી ઉપજ્યા કરે. તે પછી જરૂર અંતર પડે છે.

વળી, સામાન્યે ત્રસ જીવની બોધમપણાની વાત દૂર રહી, પણ સ્પષ્ટ વાત છે કે—બે ઇંદ્રિયોઃ તે ઇંદ્રિયોઃ ચઉરિંદ્રિયો તિર્યક્-પંચેન્દ્રિયોઃ સંમૂર્છિમ મનુષ્યોઃ, **અપ્રતિષ્ઠાન નરકાવાસાને** છોડી તમામ નારકીઓઃ, **અનુત્તરદેવને વર્જી** તમામ દેવોઃ નિરંતર ઉપજતાં જઘન્યથી એક સમય ઉપજે અને ઉત્કૃષ્ટથી આવલિકાના અસંખ્યાતમા ભાગ જેટલા કાળ સુધી ઉપજે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ પ્રકારે **પંચસંગ્રહ ટીકા** ૪૫મે પાને છે. આ અક્ષરો મુજબ ઉત્કૃષ્ટથી, આવલિકાના અસંખ્યાતમા ભાગ જેટલા કાળ સુધી સંમુર્છિમ મનુષ્ય ઉપજ્યા પછી, કોઇ કાળે ૨૪ મુહૂર્તનો તદ્દન ઉપજે નહિં તેવો વિરહકાળ આવે એમ સંભવે છે. ॥ ૩-૧-૯૫ ॥ ૪૪૪ ॥

**પ્ર૦** કોઇક એક જણે ચારિત્ર: બ્રહ્મચર્ય: વિગેરે વ્રત ગ્રહણ કર્યું, અને બીજાએ "ભાંગી જશે" એ ભયથી લીધું નહિ. આ બેમાંથી કોણ લઘુકર્મી અને કોણ ભારે કર્મી કહેવાય ? આ વાત પાઠ પૂર્વક જણાવવા કૃપા કરશો.

**ઉ૦** જેણે વ્રત લેતી વખતે શુભ પરિણામે કરી. બોધિલાભ: દેવલોક આઉખું: વિગેરે શુભ કર્મ બાંધી લીધું, તે **ગૌતમસ્વામિજી**એ પ્રતિબોધેલ **હાલિકની** પેઠે તેને લાભ થઇ ગયોજ. હવે કદાચ કર્મના વશથી તે વ્રત ભાંગી નાંખ્યું હોય, છતાં નિન્દા:ગર્હણા: કરી **નંદિષેણની** પેઠે શુદ્ધ પણ થઇ શકે છે: માટે તે અપેક્ષાએ તે લઘુકર્મી છે. અને જેણે ભંગના ભયથી લીધું જ નહિ, તે ભારે કર્મી છે. કેમકે-લેતી વખતે થવાવાળો લાભ તેને મળી શકતો નથી: બીજા પ્રકારે તો

**वयभंगे गुरुदोसो थेवस्सवि पाळणा गुण करीउ**
**गुरुलाघवं च नेअं धम्मंमि अओ अ आगारा ॥**

"વ્રત ભંગમાં મહાન્ દોષ થાય, થોડું પણ વ્રતનું પાળવું ફાયદાકારક છે. અને ધર્મમાં ગુરુલઘુપણું એટલે દ્રવ્ય: ક્ષેત્ર: કાલ: ભાવ: થી જે ઉચિત હોય. તે વિચારવું." આ માટેજ વ્રતોમાં આગારો મૂકયા છે: એમ **પ્રત્યાખ્યાન પંચાશકમાં** કહ્યું છે ॥ ૩-૧-૯૬ ॥ ૪૪૫ ॥

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**પ્ર૦** દહીં સાથે શીતલ ઓદન એકઠા કરી કરંબો કરેલ હોય, તે ત્રીજે દિવસે સાધુઓને કલ્પે ? કે નહિં ?

**ઉ૦** દહીં અને છાશ સાથે બીજા દિવસે અથવા ત્રીજા દિવસે બનાવેલ કરંબો: ત્રીજા દીવસ સુધી સાધુઓને વહોરવો કલ્પે છે, એમ **પરંપરા** છે ॥ ૩–૧–૯૭ ॥ ૪૪૬ ॥

**પ્ર૦** ઉપધાનવાળાને પવેણાની ક્રિયા પૂર્ણ થઇ ગયા બાદ, મુહપત્તિ પડિલેહ્યા વિના આલોયણા લેવી વિગેરે કલ્પે ? કે નહિ ?

**ઉ૦** ઉપધાન વહેનારાઓ પવેણાની ક્રિયા પૂર્ણ થયા બાદ મુહપત્તિનું પડિલેહણ કર્યા વિના પણ આલોયણ લેતા અને ખામણાં કરતા પરમગુરુ **શ્રી હીરવિજયસૂરીશ્વર મહારાજા** પાસે દેખવામાં આવ્યા છે. અને હમણાં પણ તેમજ કરાય છે. ॥ ૩–૧–૯૮ ॥ ॥ ૪૪૭ ॥

**પ્ર૦** શ્રાવક વિગેરે નવકારવાળિ વિગેરેની સ્થાપના સાધુપેઠે બે નવકારે કરે ? કે ત્રણ નવકારે કરે ?

**ઉ૦** શ્રાવક વિગેરેયે નવકારવાળી વિગેરે ત્રણ નવકારે સ્થાપી શકાય છે. એમ **અવિચ્છિન્ન પંરપરા** છે. પણ ઉઠાવવા વખતે તો શ્રાવક કે સાધુને એકજ નવકારે ઉઠાવી લેવી॥૩–૧–૯૯॥૪૪૮॥

**પ્ર૦** જીવોને ઇંદ્રપણાની પ્રાપ્તિ એક વખત થાય ? કે અનેક વખત થાય ?

**ઉ૦** ઇંદ્રપણું: અને ચક્રિપણું: જીવ અનેક વખત પ્રાપ્ત કરે છેઃ

**देविंद–चक्कवट्टित्तणाइं मुत्तूण तित्थ–यर–भावं ।**
**अणगारभाविआवि अ सेसा य अणंतसा पत्ता ॥**

"ઇંદ્રપણું: ચક્રવર્તિપણું: તીર્થંકરપણું: અને ભાવિત અણગારપણું: આ ચાર બાબતને છોડી બાકીના ભાવો જીવોએ અનંતી વખત પામેલા છે"

આ ગાથા **પચ્ચક્ખાણ પયન્નામાં** છે.

દેવેન્દ્રપણું: અને ચક્રિવર્તિપણું: અનેક વખત પમાયઃ પણ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અનન્તી વખત પમાતું નથીઃ એ ભાવાર્થ છે.

તેમજ–

**देविंदचक्कवट्टित्तणाइं रज्जाइं उत्तमा भोगा।**
**पत्ता अणंतखुत्तो न यऽहं तत्ति गओ तेहिं॥**

"દેવેન્દ્રપણું: ચક્રવર્તિપણું: રાજ્યઃ અને ઉત્તમ ભોગો: અનંતવાર હું પામ્યો પણ જીવ તેથી તૃપ્ત થયો નહિ."

આ ગાથા **મરણસમાધિપયન્નામાં** અને **મહાપ્રત્યાખ્યાન પયન્નામાં** છે. આમાં અનન્ત શબ્દ વાપરેલો છે, તે અનેક વખત એવા અર્થવાળો છે. એમ જાણવું. આ પાઠોથી ભવ્ય-જીવોને ઇંદ્રપણું અનેક વખત પમાય છે ॥૩–૧–૧૦૦॥૪૪૯॥

**પ્ર૦** જીવના પ્રદેશથી આકાશપ્રદેશ સરખો છે? કે હીન છે? કે અધિક છે?

**ઉ૦** જીવના એક પ્રદેશનું અને આકાશના એક પ્રદેશનું. એકના બે ભાગ ન થાય, તેવું સ્વરૂપ હોવાથી તુલ્યપણુંજ છે. એમ માનવું ॥ ૩–૧–૧૦૧ ॥ ૪૫૦ ॥

**પ્ર૦** કોઇ મુનિરાજને અંતર્મુહૂર્તના પ્રમાણવાળું છઠ્ઠું અને સાતમું ગુણસ્થાનક ઉત્કૃષ્ટથી દેશે કરી ન્યૂન પૂર્વક્રોડ વર્ષો સુધી રહે છે. તેમાં છઠ્ઠા અને સાતમા ગુણથાનકનું અંતમુહૂર્ત સમાન હોય? કે ન્યૂન અધિક હોય?

**ઉ૦** છઠ્ઠા ગુણસ્થાનકનું અંતર્મુહૂર્ત મોટું હોય, અને સાતમાનું નાનું હોયઃ એમ **ભગવતી સૂત્રના ત્રીજા શતકમાં** કહ્યું છે. અને તેમાંજ **મતાંતરે કરી** જે છઠ્ઠું અને સાતમું ગુણસ્થાનક પણ દરેક ન્યૂન પૂર્વ ક્રોડ વર્ષો પ્રમાણ કહ્યા છેઃ તે પણ જાણવું (આ મતમાં સામાન્યે કરી પ્રમત્તપણું અને અપ્રમત્તપણું લેવું. અપ્રમત્ત-પણામાં કેવળિપણાનો પણ કાળ ગણાઇ જાય, તેથી પૂર્વક્રોડ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વર્ષનો કાળ અપ્રમત્તને પણ ઘટી રહે ) ॥૩-૧-૧૦૨॥૪૫૧॥

**પ્ર૦** "તીર્થંકરની માતા ચૌદ સ્વપ્નને સ્પષ્ટ દેખે, અને ચક્રવર્તિની માતા અસ્પષ્ટ દેખે, આવા અક્ષરો કોઇ ગ્રંથમાં છે ? કે પ્રઘોષ છે ?

**ઉ૦** ચક્રવર્તિની માતા ઝાંખા દેખે છે; તેવો પાઠ **વાસુપૂજ્ય ચરિત્રમાં** છે.

**चतुर्दशाप्यमून्स्वप्नान् या पश्येत् किञ्चिदस्फुटान् ।**
**सा प्रभो प्रमदा सूते, नन्दनं चक्रवर्तिनम् ॥ १ ॥**

" જે ચઉદે સ્વપ્નો પણ અસ્પષ્ટ દેખે, તે સ્ત્રી હે રાજન્! ચક્રવર્તિરૂપ પુત્રને જન્મ આપે છે ॥ ૩-૧-૧૦૩ ॥ ૪૫૨ ॥

**પ્ર૦** સ્ફટિક વિગેરે પૃથ્વી સચિત છે ? કે અચિત્ત છે ?

**ઉ૦** સ્ફટિકાદિ પૃથ્વી સચિત્ત છે.

**फलिह-मणि-रयण-विदुम ।**

સ્ફટિકઃ મણિઃ રત્નઃ અને પરવાળાઃ તે પૃથ્વીકાય જીવ છે. અને બહાર નીકળ્યા બાદ રત્નો અચિત્ત હોય છે.

**सुवण्ण-रयण-मणि-मुत्तिय-संख-सिल-प्पवाल रत्तरयणाणि अचित्ताणि.**

સુવર્ણઃ રત્નઃ મણિઃ મોતીઃ શંખઃ શિલાપ્રવાલઃ અને રક્તરત્નોઃ અચિત્ત છેઃ એમ **અનુયોગદ્વાર સૂત્રના** છેલ્લા ભાગમાં કહ્યું છે ॥ ૩-૧-૧૦૪ ॥ ૪૫૩ ॥

**પ્ર૦** **નવનારદો** કયા વારામાં થયા ? તે પાઠ પૂર્વક જણાવવા મહેર કરશોજી.

**ઉ૦** **વાસુદેવના** સમાન કાળમાં થયેલા નવે નારદો સંભવે છે. કેમકે-તે તે ચરિત્રોમાં **વાસુદેવના** વારામાં **નારદોનું** ગમન આગમનઃ વિગેરે સંભલાય છે. ॥ ૩-૧-૧૦૫॥ ૪૫૪ ॥

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**પ્ર૦ શાન્તિનાથ** ભગવાનની માતાએ બે વખત ચૌદ સ્વપ્ન દેખ્યા કે એક વખત ?

**ઉ૦ શત્રુંજય મહાત્મ્યમાં આઠમાપર્વમાં** કહ્યું છે કેઃ-

**द्विःस्वप्न दर्शनादर्हच्चक्रिजन्म-सुनिश्चया ।**
**रत्नगर्भेव सा गर्भं, बभार शुभदोहदा ॥ १६ ॥**

"બે વાર સ્વપ્ન દેખવાથી અરિહંત અને ચક્રિના જન્મનો જેને નિશ્ચય થયેલ છે, એવી તે માતા રત્નગર્ભા પૃથ્વી પેઠે ગર્ભને શુભ દોહળાવાળી થઈ ધારણ કરવા લાગી."

આ પ્રકારે બીજા ગ્રંથમાં પણ છે. તેથી **અચિરામાતાએ** બે વાર સ્વપ્ના જોયા હતા ॥ ૩-૧-૧૦૬ ॥ ૪૫૫ ॥

**પ્ર૦** તપ કરવાની અશક્તિવાળા શ્રાવકે આલોયણમાં દ્રવ્ય વાપરવાનું લીધું, તો તે દ્રવ્યઃ દેરાસરમાં વપરાય ? કે બીજે ઠેકાણે વપરાય ? અને ખરચવાનું દ્રવ્ય પ્રમાણ કેટલું અપાય ?

**ઉ૦** આલોયણમાં તપ કરવાની શક્તિ ન હોય, તો શ્રાવકને સંપત્તિ મુજબ દ્રવ્ય ખર્ચવાનું બતાવાય, પણ "આટલું જ ખર્ચવું" એવો નિયમ હોય નહિ. અને તે દ્રવ્યઃ જીવદયાઃ જિનમંદિર અને જ્ઞાનભંડારઃ વિગેરેમાં અવસર મુજબ ખર્ચ કરવું જોઇયે. ॥ ૩-૧-૧૦૭ ॥ ૪૫૬ ॥

**પ્ર૦** શ્રાવક વાંદણા દેતાં મુહપત્તિએ કરી ગુરુચરણને પૂંજે, તો આશાતના લાગે ? કે નહિ ?

**ઉ૦** મુહપત્તિએ ગુરુપગ પૂંજે તેમાં આશાતના થાય તેવું જાણ્યું નથી. પણ ઉલટું ગુરુચરણનું પૂંજવું, તે વ્યાજબી છે. જેમ શિષ્ય ગુરુચરણને રજોહરણે કરી પૂંજે છે, તેમ આ પણ જાણવું ॥ ૩-૧-૧૦૮ ॥ ૪૫૭ ॥

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્ર૦ છકીયું ઉપધાન વહન કર્યા બાદ છ મહિનાની અંદર માળા પહેરવી જોઇયે? કે છ માસ પછી પણ પહેરાય?

ઉ૦ છકીયા પછી છ માસમાંજ માળા પહેરવી જોઇએ. એવો એકાંત જાણ્યો નથી, પણ જેમ વેલાસર પહેરાય તેમ કરવું. તે શ્રેષ્ઠ છે ॥ ૩-૧-૧૦૯ ॥ ૪૫૮ ॥

પ્ર૦ ઉપધાનની વાચના તપપૂર્ણ થાય ત્યારે તપના દિવસમાંજ અપાય? કે બીજા દિવસે પણ અપાય?

ઉ૦ તપ પુરૂં થયે વાચના અપાય છે, પણ તે તપના દિવસમાંજ આપવીઃ એવો એકાંત જાણ્યો નથી॥ ૩-૧-૧૧૦ ॥ ૪૫૯ ॥

પ્ર૦ મીઠામાં નાંખેલા કેરાં વિગેરેને તડકે મૂકી, પછી તેલ વિગેરેમાં નાંખ્યા હોય, તો સંધાન બોળ થાય? કે નહિ?

ઉ૦ ક્ષારમાં નાંખેલા કેરાં વિગેરેને ત્રણ દિવસ તાપમાં સુકવીને પછી તેલ વિગેરેમાં નાંખવામાં આવ્યા હોય, તો સંધાન એટલે બોળ ન થાયઃ એમ પરમગુરુ **શ્રી વિજયહીરસૂરીશ્વરજી મહારાજા** પાસે સાંભળ્યું નથીઃ અને ગ્રંથમાં આવા પ્રકારના અક્ષરો પણ દેખ્યા નથી. પણ ઉલટું સંભવે છે કે-ક્ષારમાં નાંખેલ કેરાં વિગેરેમાં રહેલું જલ ત્રણ દિવસ તડકે નાંખતાં જો સૂકાય નહિ, તો સંધાન થાય છે, એટલે-અભક્ષ્ય હોય છે.॥ ॥ ૩-૧-૧૧૧ ॥ ૪૬૦ ॥

પ્ર૦ **पच्छा इरियावहियाए** આ પાઠ મુજબ શ્રાવકોને સામાયિક ઉચ્ચર્યા બાદ **ઇરિયાવહી પડિક્કમવાનું** દેખાય છે, તેનો અર્થ જણાવવા પ્રસાદી કરશો.

ઉ૦ આનો તમામ વિસ્તાર **આવશ્યક ચૂર્ણિમાં** છે. બીજા ગ્રંથો તો તેને અનુસરીને છે. અને **આવશ્યક ચૂર્ણિમાં** પછી **ઇરિયાવહી** સામાયિક સંબંધી કહી નથી. કેમકે-**जइ चेइ-**

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**याइ अत्थि** જે ચૈત્યો છે, ઇત્યાદિક પાઠ ત્યાં કહેલ છે, તેથી ચૈત્ય સંબંધી આ **ઇરિયાવહિયા** જણાય છે. અને **ઇરિયાવહિ-યા** કરવાઃ મુહપત્તિ પડિલેહવીઃ વિગેરે તમામ બીજો વિધિ તો પરંપરાથી જણાય છે. તેથી **ઇરિયાવહિયા** કરીને જ સામાયિક ઉચ્ચરવું. ॥ ૩-૧-૧૧૨ ॥ ૪૬૧ ॥

પ્ર૦ **सरीरमुस्सेह अंगुलेण तहत्ति.** આ વચનથી એકાંતે કરી ઉત્સેધ અંગુલે શરીરનું માપ કરાય ?

ઉ૦ ઉત્સેધ અંગુલે શરીરનું માપ કરવું કહ્યું છે, તો પણ તે વચન પ્રાયિક સંભવે છે, તેથી કોઈ પ્રકારનો વાંધો આવતો નથી; જો એકાંતે શરીરમાન ઉત્સેધ અંગુલે કરાતું હોય, તો **પન્નવણા ઉપાંગ** વિગેરેમાં કહેલ બાર યોજન શરીરવાળો **આસાલિયો જીવ મહાવિદેહ** વિગેરેના ચક્રવર્તિઓના સૈન્યનો વિનાશ કરનાર કેમ બની શકે? અથવા "લાખ યોજનનું બનાવેલ વૈક્રિય શરીરે કરી **ચમરઇન્દ્રે** એક પગ **પદ્મવરવેદિકામાં** મૂકયો અને એક પગ **સૌધર્મ સભામાં** મૂકયો" ઇત્યાદિક **ભગવતીસૂત્રમાં** કહેલ બાબત કેવી રીતે સંભવી શકે? માટે તે વચન પ્રાયિક જાણવું ॥ ૩-૧-૧૧૩ ॥ ૪૬૨ ॥

પ્ર૦ મુહપત્તિના પડિલેહણમાં **सुत्तत्थ तत्तदिट्ठो** "સૂત્ર અર્થ તત્ત્વ કરી સદ્દહું" વિગેરે ભાવના કહી છે, તે સ્થાપનાચાર્યના પડિલેહણમાં કરાય? કે નહિ?

ઉ૦ **પ્રવચન સારોદ્ધાર ટીકા**–અને **પ્રતિક્રમણ હેતુગર્ભ** વિગેરે ગ્રન્થોમાં મુહપત્તિ અને દેહના પડિલેહણમાં ૫૦ બોલની ભાવના કહી છે, પણ **સ્થાપનાચાર્ય** પડિલેહણની કહી નથી, તો પણ મુહપત્તિ પડિલેહણના ત્રણ કારણો કહ્યા છે જેમકે– **जइवि पडिलेहणाए हेऊ जियरक्खणं जिणाणा य**

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**तहवि इमं मणमक्कडनिजंतणत्थं मुणी बिंति ॥ १ ॥**

"જો કે પડિલેહણાનો હેતુ જીવોનું રક્ષણઃ અને જિનેશ્વરની આજ્ઞાપાલનઃ કહ્યું છે, તો પણ મનરૂપ માંકડાને રોકવાને માટે આ પચાસ બોલ જ્ઞાની કહે છે."

આ કારણો સ્થાપનાચાર્ય વિગેરેમાં પણ જણાય છે, માટે સ્થાપનાચાર્યની મુહપત્તિ વિગેરેમાં પણ બોલ કરવા જોઇયે. એમ જણાય છે ॥૩-૧-૧૧૪॥૪૬૩॥

**પ્ર૦** શ્રાવકોને ઉપવાસમાં ચોખાનું ધોણ અને રાખોડીથી બનેલ અચિત્ત પાણી પીવું કલ્પે? કે નહિ?

**ઉ૦** ઉપવાસમાં શ્રાવકોને ફાસુ પાણીઃ અને ઉષ્ણજલઃ એમ બે પાણી પીવા કલ્પે છે. ચોખાનું ધોણ અને રક્ષાજલ ફાસુ હોય છે; પણ તે શ્રાવકોને કલ્પે નહિ. ॥ ૩-૧-૧૧૫॥ ૪૬૪॥

**પ્ર૦** **કૃષ્ણ વાસુદેવે ૧૮** હજાર સાધુને વાંદણા દીધા, તે લબ્ધિએ દીધા ? કે એમને એમ? જો લબ્ધિએ દીધા કહો, તો **વીરા સાલવીએ** દીધા, તે લબ્ધિએ દીધા ? કે કેમ?

**ઉ૦** **કૃષ્ણ વાસુદેવે** હજાર વિગેરે પરિવારવાળા **થાવચ્ચાપુત્ર** વિગેરે અગ્રેસર મુનિરાજોને વાંદણા દીધા, તેમાં તેમનો પરિવાર સમાઇ ગયોજ, તેથી મને ફરીને તો અઢાર હજાર સાધુઓને વાંદણા આપેલાજ હતા. જો આ પ્રકારે ન માનીએ, તો ૧૮ હજારને વાંદવામાં કાલ પહોંચે નહિ, કેમકે-તે વખતે અત્યાર કરતાં કાંઈ દિવસ મહોટો નહતો. તેમજ **કૃષ્ણ વાસુદેવને** પણ વંદન દેવાની લબ્ધિ પણ હોય, તેમ જાણ્યું નથી. માટે **વીરા સાલવીને** ૧૮ હજારને વાંદવામાં કાંઈ પણ શંકા કરવાની જરૂર નથી, એમ વિચારી લેવું. ॥ ૩-૧-૧૧૬ ॥ ૪૬૫ ॥

**પ્ર૦** બે ચૈત્ર મહિના હોય, તો કલ્યાણક તિથીનો તપ પહેલામાં કરાય ? કે બીજામાં ?

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉ૦ ચૈત્ર માસનો કલ્યાણક તપ પ્રથમ ચૈત્ર વદથી બીજા ચૈત્ર શુદ સુધી **તાતપાદ શ્રી વિજયહીરસૂરીશ્વરજી મહારાજ** કરાવતા એમ જાણવામાં છે, તેથી તેજ પ્રમાણે કરવો. નહિંતર તો ભાદરવાની વૃદ્ધિમાં માસક્ષમણ વિગેરે તપો ક્યાં કરાય? ॥૩-૧-૧૧૭ ॥ ૪૬૬ ॥

પ્ર૦ **उच्चनीच मज्झिम कुलाइं अडइ** આ પાઠમાં લોંકાઓ **નીચ શબ્દે** કરી **સર્વ નીચકુલો** એવો અર્થ બોલે છે, તો આનો સત્ય અર્થ શો છે?

ઉ૦ **नीचकुलानि दरिद्रकुलानि-उच्चकुलानि ऋद्धिमत्कुलानि-**

નીચ કુલો એટલે દરિદ્રકુલો અને ઉંચકુલો એટલે **ઋદ્ધિ**-માન કુલો.

આવી વ્યાખ્યા **દશવૈકાલિક ટીકા** વિગેરેમાં કરેલી છે, તેથી નીચકુલો એટલે દરિદ્રકુલો જાણવા. પણ નિંદનીયકુલો નહિ જાણવા, તેથીજ **દશવૈકાલિકમાં** પણ-**पडिकुट्ठकुलं न पविसे** નિષેધ કરેલ-"નિંદનિક કુલમાં આહાર પાણી માટે પેસે નહિ," ઈત્યાદિક બતાવ્યું છે. તે ઘટી શકે છે.॥ ૩-૧-૧૧૮॥૪૬૭॥

પ્ર૦ **સમુદાની** ભિક્ષા કહી છે, તેનો શો અર્થ?

ઉ૦ **उच्चावचं-धनापेक्षया उत्तमाधमं कुलं चरेत् सा समुदानी भिक्षोच्यते-**

ધનની અપેક્ષાએ ઉત્તમ અને અધમ કુલમાં ભીક્ષા માટે ફરે, તે **સમુદાની ભિક્ષા** કહેવાય છે. એમ **દશવૈકાલિક પીંડેષણા અધ્યયનની ટીકા વિગેરેમાં** કહ્યું છે. ॥ ૩-૧-૧૧૯ ॥ ૪૬૮ ॥

પ્ર૦ પોસાતીએ પહોર અથવા દોઢ પહોર દિવસ ચડે ત્યારે દેરાસર

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જઇ દેવ વાંદી લીધા હોય, તેને કાલવેળા વખતે ફરી દેવવંદન કરવું પડે? કે નહિ?

ઉ૦ જેણે અકાળે દેવ વાંધા, તેને કાલવેળાએ ફરી વાંદવા જોઇએ. કેમકે કાલવેળાનું કાર્ય, કાલવેળાએજ કરવું જોઇયે, પરંપરા પણ તેમજ દેખાય છે ॥ ૩-૧-૧૨૦ ॥૪૬૯ ॥

# ૨

# પણ્ડિતશ્રી દેવવિજય ગણિકૃત પ્રશ્નોત્તરો.

પ્ર૦ શિષ્યને **દશવૈકાલિકના** યોગ પૂર્ણ થયા હોય, અને વડીદીક્ષા થઇ ન હોય, તો માંડલીના સાત આંબેલો કરાવી શકાય? કે નહિ?

ઉ૦ **દશવૈકાલકના** યોગ થઇ ગયા હોય, તો પણ વડી દીક્ષા થયા સિવાય માંડલીના આંબેલો કરાવી શકાય નહિ. **યોગવિધિમાં** પણ તેમજ કહેલ છે. ॥ ૩-૨-૧-૧૨૧ ॥ ૪૭૦ ॥

પ્ર૦ **શ્રીઋષભદેવ** ભગવાન સાથે મોક્ષમાં ગયેલા ૮૪ લાખ પૂર્વના આયુષ્યવાળા ૯૮ પુત્રોના આયુષ્યનું અપવર્તન કેવી રીતે થયું?

ઉ૦ **બાહુબલિની** પેઠે જો તે ૯૮ પુત્રોનું આયુષ્ય ૮૪ લાખ પૂર્વ પ્રમાણ કોઇ ગ્રંથમાં કહ્યું હોય, તો તેઓના આયુષ્યનું અપવર્તનઃ **હરિવંશકુલમાં** ઉપજવુંઃ યુગલિયાના આયુષ્યનું અપવર્તનઃ વિગેરે થયું, તે મુજબ આશ્ચર્યમાં સમાય જાય છે, તેથી કોઇ દોષ નથી. ॥ ૩-૨-૨-૧૨૨ ॥ ૪૭૧ ॥

પ્ર૦ સાધુ શ્રાવકને ઘેર જઈ બેસીને ગોચરી વહોરે? કે નહિ?

ઉ૦ કારણ વિના સાધુ ગ્રહસ્થને ઘેર બેસીને આહાર-પાણી વહોરે

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નહિ; કેમકે **દશવૈકાલિક છઠા અધ્યયનમાં**—

**तिण्हमण्णयरागस्स निसिज्जा तस्स कप्पइ ।**
**जराए अभिभूयस्स गिलाणस्स तवस्सिणो ॥**

"ખુબજ વૃદ્ધ થઇ ગયેલ: ગ્લાન: અને તપસ્વી: આ ત્રણમાંથી કોઇને ગોચરી લેતાં બેસવું હોય, તો કલ્પે" એમ કહ્યું છે. ॥ ૩-૨-૩-૧૨૩ ॥ ૪૭૨ ॥

**પ્ર૦** પોસહના દિવસે શ્રાવક પ્રતિક્રમણ કરી દેવવાંદીને પછી પોસહ ઉચ્ચરે, તો કલ્પે? કે નહિ?

**ઉ૦** પોસહ સવારે કાલવેળાએ ઉચ્ચરી, પછી પ્રતિક્રમણ કરી, દેવ વાંદે, એમ વિધિ છે. કાલાતિક્રમ વિગેરે કારણોથી તો દેવવાંદીને પોસહ લઈ શકે છે. ॥ ૩-૨-૪-૧૨૪ ॥ ૪૭૩ ॥

**પ્ર૦** પરવાળા વિગેરેની નવકારવાળી થાપીને પ્રતિક્રમણ કરવું કલ્પે? કે નહિ?

**ઉ૦** સુતરની નિશ્ચલ મણકાવાળી નવકારવાળી થાપીને પરંપરાથી ક્રિયા કરાતી દેખાય છે. ॥ ૩-૨-૫-૧૨૫ ॥ ૪૭૪ ॥

**પ્ર૦** સાધુને દિવસમાં સાત વખત ચૈત્યવંદન કરવા કહ્યા છે, તેમાં બે ચૈત્યવંદન પ્રતિક્રમણમાં બતાવ્યા, તે કયા કયા સ્થાને કરાય છે?

**ઉ૦** પ્રાભાતિક પ્રતિક્રમણમાં **इच्छामो अणुसट्ठिं** કહ્યા બાદ, જે દેવવંદન કરાય છે, તે એક ચૈત્યવંદન: અને સાંજના પ્રતિક્રમણમાં દેવસી પ્રતિક્રમણ ઠાવ્યા પહેલાં જે દેવવંદન કરાય છે, તે બીજું ચૈત્યવંદન: એમ **સંઘાચાર વૃત્તિમાં** બતાવ્યું છે. ॥ ૩-૨-૬-૧૨૬ ॥ ૪૭૫ ॥

**પ્ર૦** **વીર ભગવાને** કરેલા **૨૨૯** છટ્ઠ કરવાનો કોઇએ નિયમ લીધો હોય, પછી શક્તિ ન પહોંચતી હોય, તો એકાંતરે ઉપવાસોએ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરી તે પૂર્ણ કરી શકાય? કે નહિ?

ઉ૦ જો ૨૨૯ છટ્ઠ કરવા ઉચ્ચર્યા હોય, તો છટ્ઠજ કરી પૂર્ણ કરવા જોઇયે ॥ ૩-૨-૭-૧૨૭ ॥ ૪૭૬ ॥

પ્ર૦ આસો અને ચૈત્ર મહિનાની અસજ્ઝાયમાં ઉપવાસ કરાય, તે વીસસ્થાનક તપમાં ગણી શકાય? કે નહિ?

ઉ૦ આસો અને ચૈત્ર મહિનાની અસજ્ઝાયમાં સાતમઃ આઠમઃ અને નોમઃને દીવસે કરેલો ઉપવાસ **વીસસ્થાનક** તપમાં ગણી શકાય નહિ. ॥ ૩-૨-૮-૧૨૮ ॥ ૪૭૭ ॥

પ્ર૦ **વીર ભગવાનના** જન્મમાં સુખડી વિગેરે પક્વાન લઇ લોકો આવે છે, તેના ઉપર સાધુઓએ વાસક્ષેપ નાંખવો કલ્પે? કે નહિ?

ઉ૦ **વીરજન્મમાં** ગોલપાપડી વિગેરે ઉપર વાસક્ષેપ નાંખવાની પરંપરા સુવિહિત સાધુઓની નથી. ॥૩-૨-૯-૧૨૯ ॥૪૭૮॥

## ૩

# પણ્ડિત શ્રીવિનયકુશલ ગણિકૃત પ્રશ્નોત્તરો

પ્ર૦ **चरग-परिव्वाय-बंभलोगो जा**

"ચરકપરિવ્રાજક બ્રહ્મદેવલોક સુધી જાય છે." તો બારમા દેવલોકમાં અને ગ્રૈવેયકમાં કયા મિથ્યાત્વીઓ ઉપજે?

ઉ૦ બારમા દેવલોકે **ગોશાલામતના આજીવિક** મિથ્યાદૃષ્ટિઓ જાય છે. અને **ગ્રૈવેયકમાં** સાધુ વેષને ધારણ કરનાર નિન્હવો વિગેરે મિથ્યાદૃષ્ટિઓ ઉપજે છે. એમ **ઉવવાઇસૂત્ર** વિગેરેમાં કહ્યું છે. ॥ ૩-૩-૧-૧૩૦ ॥ ૪૭૯ ॥

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્ર૦ **તામલિતાપસે** સાધુઓ દેખ્યા, અને સમકિત પામ્યો. આ પ્રકારનો પ્રઘોષ ચાલે છે, તે કયા શાસ્ત્રમાં છે ?

ઉ૦ **શ્રીજિનેશ્વર સૂરિકૃત કથાકોષમાં** આ પ્રઘોષ છે.॥ ૩–૩–૨–૧૩૧ ॥ ૪૮૦ ॥

પ્ર૦ સર્વકાલે દરેકે દરેક ઇંદ્રો સમકિતીજ હોય? કે કોઇ કાળે મિથ્યાદૃષ્ટિ પણ હોય ?

ઉ૦ દરેકે દરેક ઇંદ્રો સર્વદા સમકિતીજ સંભવે છે, પણ મિથ્યાદૃષ્ટિ હોતા નથી. કારણકે–નિર્વાણ કલ્યાણક વિગેરેમાં **निराणंदे अंसुपुण्ण नयणे ॥**

"આનંદરહિત અને આંસુએ કરી પૂર્ણ નેત્રવાળા–"

ઈત્યાદિક ભક્તિસૂચક તેઓના વિશેષણો સૂત્રમાં જોવામાં આવે છે ॥ ૩–૩–૩–૧૩૨ ॥ ૪૮૧ ॥

પ્ર૦ પંચમી તપ ઉચ્ચર્યું હોય, તેને છક્રિયા ઉપધાનમાં છઠ્ઠે દિવસે પાંચમ આવી હોય, તો તે દિવસે પાંચમનો ઉપવાસ કરી સાતમા દીવસે આંબેલ કરે, તો ચાલે ? કે છઠ્ઠ કરવો જોઇયે ?

ઉ૦ છક્રિયા ઉપધાનમાં સાતમે દિવસે અવશ્ય ઉપવાસ કરવો પડે છે, તેથી પાંચમે પાંચમનો ઉપવાસ અને છઠને દીવસે છક્રીયાનો છેલ્લો ઉપવાસ. આ બે મળી છઠ તપ કરવો. શક્તિ ન હોય; તેણે છક્રીયામાં પેસતા પહેલાં બરાબર દિવસ તપાસી પેસવું જોઇયે ॥ ૩–૩–૪–૧૩૩ ॥ ૪૮૨ ॥

પ્ર૦ જે નક્ષત્રોના બે ત્રણ વિગેરે તારાઓ છે. તે તારાઓમાં દરેકના વિમાનવાહક દેવો હોય ? કે એક તારામાં હોય ?

ઉ૦ કેટલાક નક્ષત્રોમાં જો કે ઘણા તારાઓ કહ્યા છે, તો પણ જે જે નક્ષત્રના મૂળ વિમાન છે, તેને ઉપાડનાર ચાર હજાર દેવો છે, અને તારા રૂપ વિમાનમાં તો દરેકને બે હજાર દેવે

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિમાન ઉપાડનાર હોય છે. એમ **સંગ્રહણી ટીકા** વિગેરે અનુસાર સંભવે છે. ॥ ૩–૩–૫–૧૩૪ ॥ ૪૮૩ ॥

**પ્ર૦** ધ્યાનો રૂપી હોય ? કે અરૂપી હોય ?

**ઉ૦** ધ્યાનો અરૂપી હોય છે, કેમકે–તે આત્મપરિણામ રૂપે છે. ॥ ૩–૩–૬–૧૩૫ ॥ ૪૮૪ ॥

**પ્ર૦** સમકિતી દેવો એક સમયમાં કેટલા ચ્યવે ?

**ઉ૦** સમકિતી દેવો **આગમ** અનુસાર ઉત્કૃષ્ટથી એક સમયમાં સંખ્યાતાજ ચ્યવે, એમ સંભવે છે. કેમકે–તે દેવો ચ્યવી મનુષ્યમાંજ ઉપજે. એમ કહ્યું છે. અને મનુષ્ય સંખ્યાતાજ છે. ॥ ૩–૩–૭–૧૩૬ ॥ ૪૮૫ ॥

**પ્ર૦** પ્રથમ દિવસે એક ઉપવાસ કર્યો, અને બીજે દિવસે બીજો કર્યો, આ પ્રમાણે કરેલો **છઠ્ઠ** આલોયણમાં ગણાય ? કે નહિ ? તેમજ પહોર પછી પચ્ચક્ખેલો ઉપવાસ આલોયણમાં ગણાય ? કે નહિ ?

**ઉ૦** જોકે એકી સાથે કરેલો છઠ્ઠઃ અને કાલવેલામાં કરેલો ઉપવાસઃ બહુ ફલદાયી થાય છે. તો પણ કકડે કકડે કરેલ છઠ્ઠ તપ વિગેરે, અને મોડો ઉચ્ચરેલો ઉપવાસ તપ, સર્વથા આલોયણમાં ગણિ શકાય નહિ, એવો એકાંત અમોએ જાણ્યો નથી. ॥ ૩–૩–૮–૧૩૭ ॥ ૪૮૬ ॥

**પ્ર૦** **સૌધર્મ** દેવલોકમાં **કિલ્બિષિયાના** વિમાનો ૩૨ લાખમાં આવી જાય ? કે નહિ ? અને તે દેવોને સમકિત હોય ? કે નહિ ? અને તેમાં જિનપ્રતિમા હોય ? કે નહિ ?

**ઉ૦** **સૌધર્મ** દેવલોકમાં ૩૨ લાખ વિમાનો છે, અને કિલ્બિષિયાના વિમાનો તો તેની નીચે છે. એમ **સંગ્રહણી ટીકા** વિગેરેમાં કહ્યું છે. તેમજ તેઓને સમકિત હોય, કે પ્રતિમાપૂજા હોય,

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




તેવા અક્ષરો **શાસ્ત્રમાં** જોયાનું સ્મરણમાં નથી. ॥ ૩–૩–૯–૧૩૮ ॥ ૪૮૭ ॥

**પ્ર૦** લવણસમુદ્રમાં મોટા કલશોના અને નાના કલશોના મુખો સર્વથા પાણીની નીચે છે? કે હજાર જોજન ઉપર છે?

**ઉ૦** કલશોના મુખો પાણીની નીચે ભૂમિસાથે જોડાયેલા છે. એમ **પ્રવચન સારોદ્ધાર ટીકા** અને **ક્ષેત્રસમાસ ટીકા** અનુસાર જણાય છે. ॥ ૩–૩–૧૦–૧૩૯ ॥ ૪૮૮ ॥

**પ્ર૦** મેરુની મેખલાનું સ્વરૂપ કેવા આકારે છે?

**ઉ૦**  મેખલાઃ અહીં બતાવેલી આકૃતિએ મેરુની અંદર છે. પણ બહાર નથી ॥ ૩–૩–૧૧–૧૪૦ ॥ ૪૮૯ ॥

**પ્ર૦** પડિમા વહન કરનાર સાધુ ક્ષોભ પામે નહિ, તો અવધિજ્ઞાન વિગેરે પામે છે, જો ક્ષોભ પામે, તો તેને ઉન્માદ, રોગ વિગેરે થઇ જાય છે, પરંતુ, તે ક્ષોભ કેમ પામે? કેમ કે–સ્વયં પોતે પૂર્વધર હોય, તેથી પહેલાં ઉપયોગ આપેલો હોય, તથા પૂર્વધરની આજ્ઞાએ પડિમા સ્વીકારી હોય છે.

**ઉ૦** જેમ પડિમા સ્વીકારનાર પોતે પૂર્વધર હોય, તેમ આપનાર પણ પૂર્વધર હોય છે, છતાં બંન્નેય છદ્મસ્થ હોય છે, તેથી તે સમયે શ્રુતનો ઉપયોગ ન પણ હોય, માટે કેમ ક્ષોભ પામે? તે શંકા રહેતી નથી ॥ ૩–૩–૧૨–૧૪૧ ॥ ૪૯૦ ॥

**પ્ર૦** ૩૬૩ પાખંડીઓ સમવસરણની બહાર બેસે? કે અંદર બેસે?

**ઉ૦** પાખંડીઓ પ્રાયઃ કરી બહારજ હોય છે. કોઈક સમવસરણની અંદર કદાચિત્ આવે, તેમાં પૂછવા જેવું શું છે? ॥ ૩–૩–૧૩–૧૪૨ ॥ ૪૯૧ ॥



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્ર૦ અધો ગામમાં જનારી **શીતોદા** નદી સમુદ્રમાં શી રીતે પ્રવેશ કરે?

ઉ૦ **શીતોદા** નદી **જયન્તદ્વાર** નીચે થઇ, હજારો જોજન ભૂમિની અંદર જઈ **લવણ સમુદ્રમાં** પેસે છે, એમ **લઘુ–બૃહત્ક્ષેત્ર સમાસઃ** અને **વિચાર સપ્તતિ ટીકાઃ** વિગેરેમાં કહ્યું છે ॥ ૩–૩ –૧૪–૧૪૩ ॥ ૪૯૨ ॥

પ્ર૦ **आयरिय उवज्झाए** ઈત્યાદિ ત્રણ ગાથાઃ કેટલાક પ્રતિક્રમણમાં કહેતા નથી, અને કહે છે કે "**યોગશાસ્ત્ર ટીકામાં काउण वंदणं तो** આ ગાથામાં શ્રાવકોનેજ કહેવી કહી છે. સાધુઓને નહિ" માટે આ બાબત કેમ છે?

ઉ૦ **યોગશાસ્ત્ર ટીકાના** જુના ૭ પુસ્તકો જોયા, તેમાં દરેક પ્રતમાં **काउण वंदणं तो** આ ગાથાનો પાઠ **सढो** પદ સાથે સંયુક્ત દેખાય છે, તેમાં **असढा** એટલે **શઠ નહિ** એ પ્રમાણે વ્યાખ્યા હોવાથી, આ ત્રણ ગાથા બોલવાનું સાધુ અને શ્રાવકો માટે સરખી જરૂરીઆતવાળું કર્તવ્ય જણાય છે, તો પણ **ભાવદેવસૂરિકૃત સામાચારીની અવચૂરિમાં કહ્યું કે–**"આ ત્રણ ગાથાઓ કોઈકના મતથી સાધુઓ કહેતા નથી, તેથી"–તે મતાંતર છે. ॥ ૩–૩–૧૫–૧૪૪ ॥ ૪૯૩ ॥

પ્ર૦ સર્વ સંક્રાન્તિઓમાં મળતી તિથિ કેટલી ઘડીની હોય તો સુઝે?

ઉ૦ જઘન્યથી સર્વ સંક્રાન્તિમાં બે ઘડીથી વધારે તિથિ મળતી હોય, તો સૂઝે છે, પણ ઓછી સુઝતી નથી. એમ પરંપરા છે. ॥ ૩–૩–૧૬–૧૪૫ ॥ ૪૯૪ ॥

પ્ર૦ ઐરાવણ વિગેરે દેવોઃ સર્વકાલ હાથીઃ ઘોડાઃ કે બળદઃની આકૃતિવાળા હોય? કે દેવ આકૃતિવાળા હોય? અથવા વાહન

For Private and Personal Use Only

બનવાના અવસરે હાથી વિગેરેનું સ્વરૂપ ધારણ કરે? તેઓની દેવાંગનાનું સ્વરૂપ પણ કેવું હોય?

ઉ૦ ઐરાવણ વિગેરે દેવો: વાહન બનવાના અવસરે હાથી વિગેરે રૂપ ધારણ કરે છે. બીજે વખતે તો દેવ રૂપે હોય છે અને તેઓની સ્ત્રીઓ તો સદા દેવી રૂપેજ હોય છે, એમ જાણેલ છે ॥ ૩-૩-૧૭-૧૪૬ ॥ ૪૯૫ ॥

પ્ર૦ **પાર્શ્વનાથ ભગવંતની** કૃપાથી સર્પનો જીવ **નવકારમંત્ર** સાંભળી **મૂળ ધરણેન્દ્ર** થયો? કે **સામાનિક** દેવ થયો? અને ઉપસર્ગ વખતે આવ્યો હતો, તે **મૂળ ધરણેન્દ્ર** આવ્યો હતો? કે કોઇ બીજો આવ્યો હતો?

ઉ૦ આ બધા પ્રશ્નમાં ગ્રંથના અક્ષરો મુજબ **મૂળ ધરણેન્દ્ર** જાણેલ નથી. ॥ ૩-૩-૧૮-૧૪૭ ॥ ૪૯૬ ॥

પ્ર૦ **શ્રી મલ્લિનાથ** જિનેશ્વરની દેશના વિગેરેમાં સર્વ જિનેશ્વરની પેઠે બાર પર્ષદાની રચના થાય? કે જુદી રીતે થાય?

ઉ૦ **શ્રી મલ્લિનાથ ભગવાનના** સમવસરણમાં બારે પર્ષદાની રચના સર્વ જિનેશ્વરોની પેઠે થાય છે, પરંતુ **વૈયાવચ્ચ કાર્ય:** સાધ્વીઓ કરે છે ॥ ૩-૩-૧૯-૧૪૮ ॥ ૪૯૭ ॥

પ્ર૦ **तीअद्धाए चंपाए सोमपत्तीइ जस्स कडुतुंबं ॥**
**दाउं नागसिरीए उवज्जिओऽणंत संसारो ॥ १ ॥**

"અતીત કાળમાં **ચંપાનગરીમાં સોમની સ્ત્રી નાગશ્રીએ** જેને કડવું તુંબડું વહોરાવીને અનંત સંસાર ઉપાર્જન કર્યો." આ પ્રમાણે **ઋષિમંડલ સૂત્રમાં** છે, અને **જ્ઞાતા સૂત્રમાં** "**કુશિષ્ય શતકની** પેઠે સંસાર ઉપાર્જન કર્યો" એમ કહેલ છે, અને **દ્રૌપદી અધ્યયનમાં** તો–"**खर-बायर-पुढविकाइ-यत्ताइसु अणेग-सय-सहस्स-खुत्तो**–" ખર બાદર પૃથ્વી–

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કાય વિગેરેપણામાં લાખો વાર ખુંચ્યો:" આ પ્રમાણે કહ્યું છે, તેથી **દ્રૌપદી** અને **કુશિષ્યને** સંખ્યાતો? અસંખ્યાતો ? કે અનન્ત સંસાર થયો ? જો અનન્ત થયો એમ કહો, તો તે નિગોદ વિના સંભવે નહિ, તેથી અક્ષરો મુજબ સ્પષ્ટ ઉત્તર આપવા કૃપા કરશો.

ઉ૦ **દ્રૌપદી:** અને **કુશિષ્યને:** અનંતસંસાર થયો, એમ જણાય છે, અને **દ્રૌપદી અધિકારમાં खरबायर पुढवीत्यादि**–કહ્યું છે, તે ઉપલક્ષણ વાક્ય જાણવું ॥ ૩–૩–૨૦–૧૪૯ ॥ ૪૯૮ ॥

પ્ર૦ અધિક માસમાં કલ્યાણક તપ–પહેલાંમાં કરવું ? કે બીજામાં કરવું ? કેટલાક પર પક્ષીઓ કહે છે કે–" પહેલા શ્રાવણ કૃષ્ણ-પક્ષમાં અને બીજા શ્રાવણ સુદ પક્ષમાં કરાય, તે સાચું છે ? કે જુઠું ?

ઉ૦ અધિક માસ આવે ત્યારે વધેલા માસને છોડીને કલ્યાણક તપ કરવું, તે યુક્તિસર છે ॥ ૩–૩–૨૧–૧૫૦ ॥ ૪૯૯ ॥

પ્ર૦ જેમ આહારમાં સો હાથ ઉપરથી દાતા લાવે, તો તે આહાર અભ્યાહૃત દોષવાળો બને છે, તેમ વસ્ત્ર વિગેરેમાં તે દોષ ગણવો કે નહિં ?

ઉ૦ **"आइन्नं तुक्कोसं हत्थसयातो घरे उ तिन्नि तहिं"**

" ઉત્કૃષ્ટથી સો હાથ છેટેથી–ઘરમાં લાવે તે આચીર્ણ છે" આ પ્રમાણેની **પીંડવિશુદ્ધિ** વિગેરેની ગાથા મુજબ **વસ્ત્ર એષણામાં** પણ જાણવું. જે આહાર સંબંધી દોષો છે, તેજ દોષો વસ્ત્ર સંબંધી છે ॥ ૩–૩–૨૨–૧૫૧ ॥ ૫૦૦ ॥

પ્ર૦ **पव्वाविओ सुहत्थी अज्जाए जक्ख–दिन्न–नामाए।**
**पव्वावणानिसेहो, तओ परं साहुणीवग्गे ॥ १ ॥**

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**आलोयण वयदाणं०** ઇત્યાદિક ગાથાઃ કયા ગ્રંથમાં છે? છૂટક પાનાંમાં જોવામાં તો છે, તે સમીચીન છે? કે નહિ?

ઉ૦ **સ્થૂલભદ્ર સ્વામીએ** બે શિષ્યને દીક્ષા આપી; એકનું **આર્ય મહાગિરિઃ** અને બીજાનું **આર્યસુહસ્તિઃ** નામ પાડયું, તે બંન્નેને **યક્ષા** આર્યા એ માતાની જેમ બાલકપણાથી સાચવ્યા હતા, તેથી **આર્ય** શબ્દ તેમના નામની પહેલાં જોડાય છે. આ પ્રમાણે **પરિશિષ્ટ પર્વમાં** કહેલ છે **पव्वाविओ सुहत्थी–** ઈત્યાદિક ગાથાઃ તો કોઈ ગ્રંથમાં નથી॥૩-૩-૨૩-૧૫૨॥૫૦૧॥

પ્ર૦ છૂટા પાનામાં **વીર ભગવાનની** જન્મોતરી છે કે–"**ચૈત્ર સુદ ૧૩ ભોમવારે ઉત્તરા ફાલ્ગુની** નક્ષત્રમાં **સિદ્ધિયોગમાં** રાત્રિની ૧૫ ઘડીએ **મકર** લગ્નમાં **સિદ્ધાર્થ** રાજાને ઘરે પુત્ર જનમ્યો. આ જન્મોતરી **સ્કંદપુરાણમાંથી** ઉદ્ધરેલી છે," એમ લખ્યું છે, તો તેજ જન્મોતરી જાણવી? કે બીજી?

ઉ૦ **સ્કંદપુરાણના** નામે છૂટક પાનામાં આ જન્મોતરી જોવામાં આવે છે, પણ બીજા કોઈ ગ્રંથમાં જોવામાં આવી નથી ॥ ૩-૩-૨૪-૧૫૩ ॥ ૫૦૨ ॥

પ્ર૦ ૨૫૬ આવલિકા પ્રમાણ આયુષ સૂક્ષ્મ બાદર બંન્નેય નિગોદનું છે, કે એકલી સૂક્ષ્મ નિગોદનુંજ છે?

ઉ૦ સૂક્ષ્મ નિગોદનું ક્ષુલ્લકભવ ગ્રહણ રૂપજ અંતર્મુહૂર્તનું આયુષ હોય છે, અને બાદર નિગોદનું તો ક્ષુલ્લકભવ ગ્રહણ રૂપઃ અને કાંઇક ન્યૂનં અંતમુહૂર્ત રૂપઃ હોય છે. સામાન્યે કરીને તો બંન્નેયનું અંતર્મુહૂર્ત કહેવાય છે ॥ ૩-૩-૨૫-૧૫૪ ॥ ૫૦૩ ॥

પ્ર૦ **શ્રેણિક** અને **કૃષ્ણ વાસુદેવને** માંસ ભોજન હતું? કે નહિ?

ઉ૦ શુદ્ધ સમકિતવાળાઓ માંસાદિ ભોજન કરતા હોય, તે વાત

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રાયે કરી અયુક્તજ લાગે છે, તો પણ "સમકિતિઓ માંસાદિ અભક્ષ્ય પદાર્થ ન જ વાપરે," તેવો નિયમ તો તેવા અક્ષરો જોયા વિના કહી શકાય નહિ. ॥ ૩-૩-૨૬-૧૫૫ ॥ ૫૦૪ ॥

પ્ર૦ **કોણિક** અને **રાવણ** તીર્થંકર થશે, એવું કયા ગ્રંથમાં કહ્યું છે? અને કયા ક્ષેત્રમાં? અને કેટલા ભવોએ થશે?

ઉ૦ **રાવણનો** જીવઃ **રાવણના** ભવથી માંડીને ૧૪ મા ભવમાં તીર્થંકર થશે, એમ **ત્રિષષ્ટિ પદ્મચરિત્રમાં** કહ્યું છે, કયા ક્ષેત્રમાં થશે? તે ગ્રંથમાં જોવામાં આવતું નથી, અને **કોણિક** તીર્થંકર થશે, તેવા અક્ષરો કોઈ ગ્રંથમાં જોવામાં આવેલા સ્મરણમાં નથી. ॥ ૩-૩-૨૭-૧૫૬ ॥ ૫૦૫ ॥

પ્ર૦ **ચૈત્ર** માસમાં કરવાનો કાઉસ્સગ્ગ કરવાનું ભૂલી જવાયું હોય, તે સાધુ જેમ પોતે યોગવહન કરી શકે નહિ, તેમ બીજાને યોગના પવેણા વિગેરે ક્રિયા કરાવી શકે? કે નહિ? તેમજ કાલ લેવાનું દાંડીધરપણું: તથા દિશાવલોકઃ કરી શકે? કે નહિ?

ઉ૦ કાઉસ્સગ ન કર્યો હોય, તેને પોતાને યોગસંબંધી ક્રિયા કરવી કે કરાવવી કલ્પે નહિ ॥ ૩-૩-૨૮-૧૫૭ ॥ ૫૦૬ ॥

પ્ર૦ **ચૈત્ર** અને **આસો** માસની, તથા ચૌમાસીની અસજ્ઝાય, પાંચમ અને ચૌદશના બે પહોર પછી લાગે છે, તે બે પહોર તિથિ-ભોગની અપેક્ષાથી લેવા? કે સૂર્યોદયથી લેવા?

ઉ૦ **ચૈત્ર** અને **આસો** માસમાં પાંચમ તિથિના અડધા ભાગથી અસ્વાધ્યાય થાય, પણ સૂર્યોદયથી નહિ, તેમજ-ચૌમાસી અસજ્ઝાય પણ ચૌદશ તિથિના અડધા ભાગથી લાગે, એમ **વૃદ્ધ સંપ્રદાય** છે. ॥ ૩-૩-૨૯-૧૫૮ ॥ ૫૦૭ ॥

પ્ર૦ **શ્રી ઋષભદેવ સ્વામિનો** જીવ પાછલા પાંચમા ભવમાં

For Private and Personal Use Only

**લલિતાંગ** દેવ હતો, તેને **સ્વયંપ્રભા** નામની જે દેવી હતી, તે ચ્યવીને **નિર્નામિકા** થઈ ? કે કોઈ બીજી થઈ ?

ઉ૦ પાછલા પાંચમા ભવમાં **ઋષભદેવનો જીવ લલિતાંગ દેવ** થયો, તેની **સ્વયંપ્રભા** દેવી ચ્યવી ગઈ, તેના સ્થાને અન્ય જીવઃ **નિર્નામિકાદેવી** થયો, એમ **આવશ્યક મલયગિરિ ટીકા** વિગેરે અનુસાર જણાય છે. માટે આમાં શંકાને સ્થાન નથી. ॥ ૩-૩-૩૦-૧૫૯ ॥ ૫૦૮ ॥

પ્ર૦ **કલ્પસૂત્રમાં** ૪૨ સ્વપ્નોઃ અને ત્રીશ મહા સ્વપ્નોઃ સર્વ મળી ૭૨ સ્વપ્નઃ ઈત્યાદિ કહેલ છે, તો તે ૭૨ ના નામો કોઇ પણ ગ્રંથમાં છે ? કે નહિ ?

ઉ૦ ૭૨ સ્વપ્નોના નામો ગ્રંથમાં જોવામાં આવ્યાં હોવાનું સાંભરતું નથીઃ ॥ ૩-૩-૩૧-૧૬૦ ॥ ૫૦૯ ॥

પ્ર૦ **મેરૂ પર્વત** ઉપર **વીરજિનના** જન્માભિષેક વખતે **સૌધર્મ ઈંદ્રને** સંશય ઉપજ્યો છે. તો પહેલા **અચ્યુત ઈંદ્ર** સ્નાત્રાભિષેક કરે, તે કેવી રીતે યુક્ત ગણાય ?

ઉ૦ **વીર જન્માભિષેક** વખતે ઉપજેલો સંશય દૂર થયા પછી **સૌધર્મ ઈંદ્રની** આજ્ઞાએ **અચ્યુત ઈંદ્ર** અભિષેક કરે છે, તે અયુક્ત નથી. **વીરચરિત્ર** વિગેરેમાં તે પ્રમાણેજ કહેલું જોવામાં આવે છે ॥ ૩-૩-૩૨-૧૬૧ ॥ ૫૧૦ ॥

પ્ર૦ જિનકલ્પી તે ભવમાં મોક્ષ કેમ જતા નથી ? કર્મની બહુલતા કારણ છે ? કે કોઈ બીજું કારણ છે ? અને તેને **ક્ષપક** કે **ઉપશામ** શ્રેણીમાંથી કોઇ શ્રેણી હોય ? કે નહિ ?

ઉ૦ તેનો તેવો કલ્પ હોવાથી તે ભવમાં જિનકલ્પી મોક્ષે જતા નથી. અને **ઉપશમ** શ્રેણી તો કોઈક પામે છે, પણ **ક્ષપક શ્રેણી** પામતા

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નથી, એમ **પંચવસ્તુ ગ્રંથમાં** કહ્યું છે ॥ ૩-૩-૩૩-૧૬૨ ॥ ૫૧૧ ॥

પ્ર૦ ઉપધાનમાંથી નીકળવું હોય, તો છેલ્લા દિવસે તપ કરવું જોઈયે ? કે એકાસણાથી પણ ઉતરી શકાય ?

ઉ૦ એકાસણા વિગેરેથી પણ ઉતરવું કલ્પે છે, પણ "**યોગની** પેઠે તપ છેલ્લે દીવસે કરવોજ જોઈયે." તેવો નિયમ નથી. ॥ ૩-૩-૩૪-૧૬૩ ॥ ૫૧૨ ॥

પ્ર૦ પડિમાવહન કરનાર શ્રાવિકાઓ ઋતુ સંબંધી અસજ્ઝાય થઈ હોય, તો પર્વ દિવસે પોસહ અને રાત્રિના કાઉસ્સગ્ગો કેવી રીતે કરે ? તે જણાવવા કૃપા કરશો.

ઉ૦ અસજ્ઝાયમાં પડિમાવાહક શ્રાવિકાઓ મૌનથી પોસહ અને કાઉસ્સગ્ગો કરે છે, એમ **વૃદ્ધવાદ** છે ॥ ૩-૩-૩૫-૧૬૪ ॥ ૫૧૩ ॥

પ્ર૦ **જીવાભિગમ સૂત્ર** વિગેરેમાં નપુંસકને ચારિત્ર કહેલું છે, તે સમકિતઃ કે દેશવિરતિઃ કે સર્વ વિરતિઃ હોય ? તેમજ સિદ્ધના ૧૫ ભેદ કહ્યા, તેમાં મૂળ નપુંસક પણે મોક્ષ પામે ? કે કૃત્રિમ નપુંસકપણે પામે ? તે પાઠ સહિત બતાવવા કૃપા કરશો ?

ઉ૦ જાતિ નપુંસકઃ સમકિત અને દેશવિરતિ સુધી સ્વીકારી શકે છે, પણ આગળ ચઢી શકતો નથી, તેથી મોક્ષ સુધીની પ્રાપ્તિ પણ કૃત્રિમ નપુંસકોને હોય છે ॥ ૩-૩-૩૬-૧૬૫ ॥ ૫૧૪ ॥

પ્ર૦ વિગઈ પકવાન્નોનુંજ કાલમાન હોય ? કે તમામ પકવાન્નોનું હોય ?

ઉ૦ નિવિયાતા અને અનિવિયાતા તમામ પકવાન્નોનું કાલમાન ઋતુઆશ્રયીને જ કહેલ છે, તે હોય છે એમ **વૃદ્ધ પુરુષો** કહે છે. ॥ ૩-૩-૩૭-૧૬૬ ॥ ૫૧૫ ॥

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્ર૦ યોગમાં કલ્પ્ય અને અકલ્પ્ય વિભાગ: **પચ્ચક્ખાણ ભાષ્યની અવચૂર્ણિમાં લહ્નુદ્દથી** માંડી છાશ સુધીનો લખ્યો છે, તેમાં છાશ લખી, તે હિંગે વઘારેલી લેવી ? કે વઘાર્યા વિનાની લેવી ? જો હિંગે વઘારેલી કહો, તો નહિ વઘારેલી છાશ કલ્પેજ છે, તો આ પ્રકારે હીંગના વઘાર વિનાની પૂરણ **પટીરડી** વિગેરે કલ્પે ? કે નહિ ? તેમજ લહિંગડુ, પલેવ, વગારક વડી વિગેરે **ભગવતી યોગમાં ચમરા ઉદ્દેશા** સુધી, અને **આચારાંગ યોગમાં સાત સાતીયામાં** અને **ઉત્તરાધ્યયનના યોગમાં** કલ્પતી નથી, તો તેથી બીજા સ્થાનકોમાં યોગમાં તે **ઘોલવડા** વિગેરે કલ્પે ? કે નહિ ? તેમજ આંબેલની **કટકાણુક** અને **કટકાણિકા** યોગની અંદર કલ્પે ? કે નહિ ?

ઉ૦ **ગ્રંથમાં કહેલા અક્ષર મુજબ** હીંગે વઘારેલી છાશ: અને પટીરડી: વિગેરે યોગમાં કલ્પે નહિ. બીજું તો કલ્પે છે, પરંતુ હમણાં તો **વૃદ્ધવાદ** મુજબ છાશ કલ્પે છે, અને **પૂરણપટીરડી** વિગેરે તો આંબેલને યોગ્ય હોય તોજ યોગમાં કલ્પે છે, તેમજ **લહિંગડુ: પલેવ:** વિગેરે **ભગવતી ચમરા ઉદ્દેશાની** અનુજ્ઞા વિગેરે ત્રણ સ્થાન વિના અન્ય સર્વ યોગમાં કલ્પે છે, અને **વગારક વડી** વિગેરે તો હાલના **વૃદ્ધવાદ** મુજબ આંબેલને યોગ્ય હોય તેજ કલ્પે છે, બીજી નહિ. તેમજ **કટકાણુક** વિગેરે પણ આંબેલને યોગ્ય હોય તે કલ્પે છે ॥ ૩-૩-૩૮-૧૬૭ ॥ ૫૧૬ ॥

પ્ર૦ કોઇ ગૃહસ્થે ઘર દેરાસરમાં અરિહંત મહારાજના આભૂષણો કરાવ્યા, કાલાન્તરે તે ગૃહસ્થ ઘરકામ આવી પડવાથી તે વાપરી નાંખે, તો કલ્પે ? કે નહિ ?

ઉ૦ જો દેવને માટેજ કરાવેલ આભૂષણો હોય; તો વાપરી શકાય

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નહિ, પરંતુ સામાન્યથી કરાવ્યા હોય, તો વાપરવા કલ્પે છે, આ બાબતમાં પોતાનો જે અભિપ્રાય કરાવવા વખતે હોય, તેજ પ્રમાણ છે ॥ ૩-૩-૩૯-૧૯૮ ॥ ૫૧૭ ॥

પ્ર૦ પોસાતી શ્રાવકોને કર્પૂર વિગેરેથી **કલ્પસૂત્ર** વિગેરેની પૂજા તથા પોસાતી શ્રાવિકાઓને **ગહુંલી** અને **લુંછણાદિક** કરવું કલ્પે ? કે નહિ ?

ઉ૦ પોસાતી શ્રાવકોને કપૂર વિગેરેથી પુસ્તકપૂજા દ્રવ્યસ્તવ હોવાથી કલ્પે નહિ, **ગુરુ પરંપરાએ** પણ અમોએ તેવુંજ દેખ્યું છે. આવી રીતે પોસાતી શ્રાવિકાઓને **ગહુંલી લુંછણાદિક** પણ કલ્પે નહિ, એમ જાણવું ॥ ૩-૩-૪૦-૧૯૯ ॥ ૫૧૮ ॥

પ્ર૦ **શ્રી જ્ઞાતાસૂત્રમાં આઠમા અધ્યયનમાં અદીનશત્રુરાજાને મલ્લીકુંવરીના** સ્વરૂપના બોધના અધિકારમાં—

**तएणं से मल्लदिन्ने कुमारे तस्स चित्तगरस्स सण्डासगं छिंदावेति—**

"તેવાર પછી **મલ્લદિન્ન કુમાર** તે ચિતારાના **સંડાસાને** છેદાવે છે."

આ સૂત્રમાં સંદશ શબ્દનો શો અર્થ ? અને તેનું શું છેદન કર્યું. **ટીકા**માં વ્યાખ્યા કરેલી જણાતી નથી, અને **આવશ્યક ટીકાઃ ઉપદેશમાલા દોઘટ્ટી ટીકાઃ** અને **શ્રાદ્ધવિધિઃ** વિગેરે ગ્રંથોમાં **મૃગાવતીના** સંબંધમાં **સદંશક** શબ્દજ લખેલો છે, પરંતુ તે શબ્દનો શો અર્થ ? તે બતાવેલ નથી, માટે અર્થ જણાવવા કૃપા કરશો

ઉ૦ **સંદશક** શબ્દનો અર્થ અંગુઠોઃ અને પાસેની પ્રદેશિની અંગુલીઃ તે બે એકઠા થાય, તેનો અગ્ર ભાગ કહેવાય છે. કેમકે— **વિશેષાવશ્યક ટીકામાં** ચિતારાના સંબંધમાં નિરપરાધિ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચિતારાનો અંગુઠો: અને પ્રદેશિની અંગુલીનો અગ્ર ભાગઃ **શતાનિક રાજાએ** છેદાવ્યો, એમ કહેલ છે ॥ ૩-૩-૪૧-૧૭૦ ॥ ૫૧૯ ॥

પ્ર૦ **જ્ઞાતાસૂત્રના મલ્લી અધ્યયનમાં**

**"जाव वीसतिमाओ पुरिसजुगाओ जुगंतकर भूमी, दुवास-परिआए अंतमकासी—**

"યાવત્-વીશ પુરુષ જુગ સુધી જુગાંતર ભૂમિ છે, અને બે વર્ષના પર્યાય થયે છતે કોઈ મોક્ષમાં ગયું તે પર્યાયાંતક ભૂમિ છે.

આ સૂત્રમાં " **મલ્લિજિનથી** માંડી તેમના તીર્થમાં વીશ પુરુષ સુધી સાધુઓ સિદ્ધ થયા, તે પછી આગળ સિદ્ધિગમનનો વિચ્છેદ થયો." એમ **ટીકામાં** કહ્યું છે.

તો **પટ્ટધર** સાધુઓને કેવલજ્ઞાનનો અભાવ થયો? કે સર્વ સાધુઓને અભાવ થયો ?

જો તમામને કેવલજ્ઞાન પામવાનો વિચ્છેદ થયો, એમ કહો, તો **પન્નવણા ટીકા** વિગેરેમાં **પ્રથમ પદમાં** સિદ્ધના પંદર ભેદની અંદર **અતીર્થ સિદ્ધના** અધિકારમાં સાત આંતરાઓમાં તીર્થનો વિચ્છેદ છતાં પણ સિદ્ધિગમન બતાવ્યું છે, તે કેમ બતાવ્યું ?

અને જો, તીર્થના વિચ્છેદમાં પણ મોક્ષે જવાય, તો **તીર્થ** છતાં કેમ ન જવાય ?

જો આમાં **પટ્ટધરોજ** લેવાય, તો બે વરસનો પર્યાય થયો, ત્યારે સાધુજ સિદ્ધ થયા. એમ માનવું પડશે. આ પ્રકારે બીજા તીર્થંકરોનું શાસન છતાં કેવલજ્ઞાનનો વિચ્છેદ થાય? કે નહિ ?

ઉ૦ **મલ્લિજિન** તીર્થમાં **વિશમા પટ્ટધર** પછી સર્વ સાધુ વિગેરેને સિદ્ધિ ગમનનો નિષેધ જાણવો. પણ **સુવિધિનાથ** વિગેરે તીર્થ-

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરોના આંતરામાં તીર્થનો વિચ્છેદ છતાં, સિદ્ધિગમન કેમ કહ્યું? એવી શંકા કરવી નહિં. તેમાં તીર્થનો વિચ્છેદ છતાં પણ મુક્તિમાર્ગનો વિચ્છેદ નથી. કેમકે-જાતિસ્મરણ વિગેરેથી તેની પ્રાપ્તિ થાય છે.

અને **નંદિ ટીકા** વિગેરેમાં તેમજ બતાવેલ છે.

જેમાં તીર્થ છતાં પણ સિદ્ધિગમનનો વિચ્છેદ છે, તેતો વિશેષે કરી સંહરણ થવાથી જાણવો, તેમજ સર્વ તીર્થંકરોનું શાસન છતાં કેવલજ્ઞાનનો વિચ્છેદ થાય? કે નહિ? એમ જે પૂછયું, તેમાં જાણવું કે-એકાન્ત નથી. ॥ ૩-૩-૪૨-૧૭૧ ॥ ૫૨૦ ॥

પ્ર૦ જે શ્રાવકે સચિત્ત વાપરવાનું પરિમાણ કર્યું હોય, તેણે લીલોતરીમાં વનસ્પતિની સંખ્યામાં ચીભડાની જાતિ રાખી હોય, હવે તેણે એક સચિત્ત ચીભડું ખાધું, અને તે જાતનું બીજું ચીભડુ કાંઈક ખાધું, તો તેને સચિત્ત એક ગણાય? કે બે ગણાય? જેમ પરબમાં પાણી પીધા છતાં એક સચિત્ત ગણાય છે, તેમ આમાં એક સચિત્ત ગણાય? કે બે સચિત્ત ગણાય?

ઉ૦ આ બાબતમાં પચ્ચક્ખાણ લેતી વખતે જે ધારણા રાખી હોય તે પ્રમાણે ગણાય ॥ ૩-૩-૪૩-૧૭૨ ॥ ૫૨૧ ॥

પ્ર૦ જ્યારે **સગરચક્રીના** પુત્રોએ **અષ્ટાપદ ઉપરના પ્રાસાદની** રક્ષા માટે ખાઈ ખોદી, અને ગંગા આણી, તે વખતે **નાગકુમારોના** ભવનોમાં માટી અને પાણી પડ્યું, આ હકીકતમાં **નાગકુમારો** કયા જાણવા? કેમકે-**નાગકુમારના** ભવનો રત્નપ્રભામાં પ્રમાણ અંગુલથી બનેલ-એક હજાર યોજનની નીચે છે, તેથી આવડી મોટી ભૂમિ કેવી રીતે ખોદી શકાય? જો **દંડરત્નના** પ્રભાવથી કદાચિત્ ખોદી, એમ માનીએ, તોપણ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હજાર યોજનની નીચે ૪૫ લાખ યોજનનો **સીમન્ત નામનો નરકાવાસો નરલોકની** નીચે આવ્યો, તેમાં **નાગરકુમારના** ભવનોનો અસંભવ છે, માટે તે **નાગકુમારો** કયા? અને **ઉત્તરાધ્યયન ટીકામાં નાગકુમારો** અને તેઓનો અધિપતિ **જ્વલનપ્રભ** કહ્યો છે, તેનું વિશેષ સ્વરૂપ શાસ્ત્ર વિગેરેમાં જોઇને જણાવવા કૃપા કરશો.

ઉ૦ **પન્નવણા સૂત્ર** વિગેરે મુજબ–**चउतीसा चउचत्ते** ઈત્યાદિક ગાથામાં કહેલા **ભવનપતિના** ભવનો હજાર યોજનની નીચે છે. પણ **વસુદેવહીંડી** વિગેરે ગ્રંથો મુજબ અનિયત પ્રમાણવાળા કાયમાન આકારવાળા તેઓના મંડપો અને પ્રાસાદો હજાર યોજન પહેલાં પણ જણાય છે. જેમ **રત્નપ્રભાની** ઉપર **ભવનપતિઓની** અને **વ્યન્તરોની** રાજધાનીઓ અને પ્રાસાદો છે, તેમ આ પણ છે. ॥ ૩–૩–૪૪–૧૭૩ ॥ ૫૨૨ ॥

પ્ર૦ જ્યેષ્ઠ ગણધર કે કોઈ બીજા ગણધર તીર્થ સ્થાપ્યું તે દીવસેજ તીર્થંકરનું વ્યાખ્યાન પુરૂં થયાં બાદ વ્યાખ્યાન કરે? કે સર્વ કાલ ભગવાનના વ્યાખ્યાન પછી એક મુહુર્ત વ્યાખ્યાન કરે?

ઉ૦ વડા અથવા કોઈ પણ બીજા ગણધર મહારાજા સર્વ કાલમાં બીજી પોરસીએ વ્યાખ્યાન કરે છે, તેવા અક્ષરો **આવશ્યક ટીકા** વિગેરેમાં છે. પણ તીર્થ સ્થાપનના દીવસેજ એક મુહુર્ત સુધી વ્યાખ્યાન કરે, એમ નથી, પણ સર્વદા કરે છે ॥ ૩–૩–૪૫–૧૭૪ ॥ ૫૨૩ ॥

પ્ર૦ **શ્રી વર્ધમાન સ્વામિને** પહેલાં સમોસરણમાં **સાલવૃક્ષ** ઉપર હતું? કે સર્વ કાલ પણ સાથે ચાલ્યું હતું?

ઉ૦ "જ્યાં ભગવાન્ ઉભા રહે, અને જ્યાં ભગવાન્ બેસે, ત્યાં દેવો અશોક વૃક્ષ વિકુર્વે છે," એમ **સમવાયાંગ** વિગેરે સૂત્રનો

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અભિપ્રાય છે, તેથી તેના ઉપર રહેનાર **સાલવૃક્ષની** પણ તેજ પ્રકારે સંભાવના થાય છે, પણ સાથે ચાલે ? કે પ્રથમ સમોસરણમાંજ કરે ? તેમ કહ્યું નથી ॥ ૩-૩-૪૬-૧૭૫॥૫૨૪॥

પ્ર૦ નાના પંન્યાસોને પર્યાયથી મોટા ગણીઓ ક્ષામણા ન કરે, એ રીત તો દેખાય છે, પણ ભોજનમંડલીનો આદેશઃ પ્રતિક્રમણ મંડલીનો આદેશઃ અને પ્રતિક્રમણમાં ગમણાગમણે આલોવવાનો આદેશઃ માંગવો જોઈએ ? કે નહિ ? અને નાના પંન્યાસો પાસે વૃદ્ધ ગણીયોને પ્રતિક્રમણાદિક કરવું કલ્પે ? કે નહિ ?

ઉ૦ ગણીઓએ ન્હાના પંન્યાસોને ક્ષામણાદિક સર્વ શાસ્ત્રાનુસાર કરવું કલ્પનીય છે, એમ જણાય છે. પણ હાલમાં વ્યવહાર મુજબ તો ખામાણાદિક કરતા નથી. મંડલીના આદેશ કેટલાક માગે છે, અને કેટલાક નથી માગતા, તેથી આ બાબતમાં આગ્રહ કરવો નહિ. ॥ ૩-૩-૪૭-૧૭૬ ॥ ૫૨૫ ॥

## ૪

# પણ્ડિત શ્રીરત્નહર્ષ ગણિકૃત પ્રશ્નોત્તરો

પ્ર૦ બીજે ગામ ગયેલો શ્રાવક શ્રુતદેવી અને ભુવનદેવીમાંથી કયો કાઉસ્સગ્ગ કરે ?

ઉ૦ પક્ખીઃ ચૌમાસીઃ અને સંવચ્છરીઃ વિના અન્ય દિવસે અન્ય સ્થાને ગયેલા શ્રાવકે **સુયદેવયા ભગવઈ** આ સ્તુતિજ કહેવાય, પણ બીજી નહિ ॥ ૩-૪-૧-૧૭૭ ॥ ૫૨૬ ॥

પ્ર૦ ૮ **પુરિમુડ્ઢે એક ઉપવાસઃ** ઈત્યાદિ ગણતરીએ ગણેલું તપ ત્રીજા અને પાંચમા ઉપધાનમાં ગણાય ? કે નહિ ?

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**ઉ૦ પંચમંગલ મહાશ્રુતસ્કંધ[૧]–પ્રતિક્રમણ શ્રુતસ્કંધ[૨]–શક્રસ્તવાધ્યયન[૩]–ચૈત્યસ્તવ અધ્યયન[૪]–નામસ્તવ અધ્યયન[૫]–શ્રુતસ્તવન અધ્યયન[૬]:** આ ૭ ઉપધાનો છે, તેમાં ચોથા અને છટ્ઠા ઉપધાન વિના બીજા ચાર ઉપધાનો મૂળવિધિએ અને બીજી વિધિએ વહન કરાય છે, તેમાં બીજી વિધિમાં આઠ પરિમુઢે એક ઉપવાસ વિગેરે ગણના હોય છે. પણ મૂળવિધિમાં હોતી નથી. કેમકે–તે કરવામાં કાંઈ પ્રયોજન નથી, અને ચોથું અને છટ્ઠું તો મૂળવિધિએ વહેવાય છે, તેથી તેમાં તે ગણનાનું પ્રયોજન નથી. ॥ ૩–૪–૨–૧૭૮ ॥ ૫૨૭ ॥

## ૫

# પણ્ડિત શ્રીપદ્માનન્દ ગણિકૃત પ્રશ્નોત્તરો

પ્ર૦ **छण्हं तिहीण मज्झंमि का तिही अज्ज वासरे** ઇત્યાદિક વાક્ય–કયા આગમમાં છે ? તે નામ જણાવવા કૃપા કરશો. કેમકે–અહીં **અંચલીયાઃ** રાજા સમક્ષ આ પ્રકારે બોલે છે, કે જૂના જૈનગ્રંથોમાં ચાર પર્વો સિવાય–બીજઃ એકાદશીઃ વિગેરે તિથિઓનું આરાધન કહ્યું નથી.”

ઉ૦ **छण्हं तिहीण मज्झंमि०** આ ગાથા **શ્રાદ્ધ દિનકૃત્ય સૂત્રમાં** છે અને તેનું વ્યાખ્યાન ૮–૧૪–૧૫–આ બંન્ને પખવાડીયાની ૬ તીથીઓ આરાધ્ય છે, અને બીજઃ એકાદશીઃ વિગેરેનો પાઠ **શ્રાદ્ધ વિધિગ્રંથ** સિવાય બીજે નથી, અને **જ્ઞાનપંચમી** આરાધવી–**મહાનિશીથમાં** કહી છે.॥૩–૫–૧–૧૭૯॥૫૨૮॥

પ્ર૦ તીર્થંકર ભગવંતોને સમોસરણ ન થયું હોય, તો ચતુર્મુખપણું

For Private and Personal Use Only

પણ ન હોય, ત્યારે દેશના વખતે બાર પર્ષદાની વ્યવસ્થા કેવી રીતે હોય?

ઉ૦ સમોસરણના અભાવમાં પણ બાર પર્ષદાની વ્યવસ્થા સમોસરણ મુજબજ હોય, એમ જણાય છે ॥ ૩-૫-૨-૧૮૦ ॥૫૨૯॥

પ્ર૦ તિવિહાર પચ્ચક્ખાણવાળા શ્રાવકો રાત્રિમાં સચિત્ત પાણી પીવે છે, તે કોઈ **ગ્રંથમાં** કહ્યું છે? કે **પરંપરાથી** આવેલ છે? અને દિવસે સચિત્ત જલ કલ્પે નહિ, અને રાત્રિએ તેઓને કલ્પે, તેમાં શું યુક્તિ છે?

ઉ૦ દિવસ સંબંધી તિવિહાર પચ્ચક્ખાણમાં

**तह तिविह पच्चक्खाणे भणंति अ पाणगे छ आगारा-**

"તેમ તિવિહાર પચ્ચક્ખાણમાં પાણી સંબંધી છ આગારો હોય છે."

આ વચનથી દિવસે **पाणस्सना** આગારો લેવાય છે, તેથી અચિત્ત જલજ કલ્પે અને રાત્રિના તિવિહાર પચ્ચક્ખાણમાં **પાણસ્સના** આગારો નથી, તેથી-સચિત્ત જલ પણ કલ્પે છે. ॥ ૩-૫-૩-૧૮૧ ॥ ૫૩૦ ॥

પ્ર૦ પાંચસો ધનુષ્યની પ્રતિમાનું પૂજન દેવો કેવી રીતે કરે? શું તેવડું શરીર બનાવીને કરે? કે ઉંચે ઉચ્છળીને કરે? **રાયપસે-ણીમાં "સૂર્યાભદેવે** મોટું શરીર બનાવ્યું." એમ કહેલ નથી, અને ઉચ્છળીને પૂજા કરવી, તે શોભતી નથી, માટે જેવું હોય તેવું જણાવવા કૃપા કરશો.

ઉ૦ પ્રતિમા અનુસાર શરીર બનાવીને દેવો પૂજા કરે છે, પરંતુ તેવા અક્ષરો **ગ્રંથમાં** જોવામાં આવતા નથી, તેનું કારણ ખાસ અક્ષરો કહેવાજ જોઈએ તેવું જણાતું નથી એમ સંભવે છે ॥ ૩-૫-૪-૧૮૨ ॥ ૫૩૧ ॥

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્ર૦ દિવસે દિવસે સૂર્ય માંડલું બદલે છે, તો અધિક માસમાં કેવી રીતે કરે ? મંડલો તો દરેક અયનમાં નિયતજ હોય છે, અને ક્ષેત્ર પ્રમાણ પણ નિયતજ છે. તેમાં કેટલાક કહે છે કે—"હાનિ પામતા દિવસોને પૂરવા માટે માસ વૃદ્ધિ છે " પણ હીયમાન દિવસ પૂરવા માટે વૃદ્ધિ પામતાં દિવસો છે, તેમજ **आसाढे मासे दुपया.** આ માપે કરી શ્રાવણના છેલ્લા દિવસે ચાર અંગુલની વૃદ્ધિ જોવામાં આવે છે, તો બીજા શ્રાવણના છેલ્લા દિવસે ચાર અંગુલની વૃદ્ધિ થાય ? કે આઠ અંગુલની વૃદ્ધિ થાય ? જો ચાર અંગુલની થાય, તો શું ૧૦ દિવસ સુધી વારંવાર ત્યાંજ સૂર્ય ભમ્યા કરે છે ? જેથી અંગુલમાન તેટલુંજ રહ્યું ? માટે તેમાં મંડલ બંધ બેસતું થાય તેવી રીતે ઉત્તર આપવા કૃપા કરશો

ઉ૦ સૂર્યના ૩૦ માસ થાય, ત્યારે ચંદ્રમાસ ૨૯ થાય છે. તે વખતે ૩૧ મો માસ **અભિવર્ધિત** કહેવાય છે, તેથી કરીને **સૂર્ય-મંડલોનું** નિયતપણું છતાં, પણ અધિકમાસમાં **પોરસી** વિગેરેના માનમાં કાંઇપણ દોષ આવતો નથી. વિશેષ જાણવા ઈચ્છુએ **મંડલપ્રકરણ** જોઇ લેવું ॥૩-૫-૫-૧૮૩ ॥૫૩૨॥

પ્ર૦ આઠમ વિગેરે તિથિની વૃદ્ધિમાં પહેલી છોડીને બીજી તિથીનું આરાધન કરાય છે, તે દિવસે તો પચ્ચક્ખાણના અવસરે આઠમ ઘડી અથવા બે ઘડી હોય છે. કેમકે—પછી તો નોમ વિગેરે બેસી જાય છે. તેથી સંપૂર્ણની વિરાધના થાય છે. કેમકે—તે પૂર્વ દિનમાં હોય છે. હવે જો પચ્ચક્ખાણની વેળાએ જોવાય, તો પૂર્વદિનમાં બંન્ને ઠેકાણે પણ છે—પચ્ચક્ખાણના વખતે છે, અને આખા દીવસમાં પણ છે. માટે સારૂં આરાધન થાય.



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉ૦ **क्षये पूर्वा तिथिः कार्या, वृद्धौ कार्या तथोत्तरा–**

" ક્ષયમાં પૂર્વલી-એટલે પહેલાની. પર્વતિથિ કરવી, અને વૃદ્ધિમાં ઉત્તરા એટલે બીજી પર્વતિથિ કરવી." આ પ્રમાણે **ઉમાસ્વાતિવાચકજીનું** વચન છે. તો તે વચન પ્રમાણથી [લૌકિક ટિપ્પણામાં] વૃદ્ધિતિથિ આવે, ત્યારે બીજી તિથિ [પર્વતિથિ હોવાથી, લૌકિક ટિપ્પણામાં] અલ્પ હોય છતાં માન્ય કરવી. ॥ ૩-૫-૬-૧૮૪ ॥ ૫૩૩ ॥

**પ્ર૦ ઉત્તરાધ્યયન સૂત્રની ચૌદ હજારી ટીકામાં ૧૩૧ મેં પાને जोगवं उवहाणवं** આ બે વિશેષણો શિષ્યના કહ્યા છે, તો એક સાધુને અને બીજું શ્રાવકને શી રીતે લગાડાય છે?

ઉ૦ મનઃ વચનઃ કાયાનો વ્યાપાર તે યોગ કહેવાયઃ અને ઉપધાન એટલે તપવિશેષ છેઃ તે બંન્નેય વિશેષણો સાધુઓનાજ કહ્યા છે. શ્રાવકોને તો જે **ઉપધાન વહન** કરાવાય છે, તે **મહાનિશીથ સૂત્રના** અક્ષરોથીજ કરાવાય છે ॥ ૩-૫-૭-૧૮૫ ॥ ॥ ૫૩૪ ॥

**પ્ર૦ સેચનક હસ્તીએ** ગુપ્ત ખાઇ કેવી રીતે જાણી?

ઉ૦ ગુપ્ત ખાઇ **સેચનક હાથીએ વિભંગજ્ઞાને કરી જાણી.** એમ **હૈમવીર ચરિત્રમાં** કહ્યું છે ॥ ૩-૫-૮-૧૮૬ ॥૫૩૫॥

પ્ર૦ દ્રોણનું માન કેટલું?

ઉ૦ ચાર કુડવોએ એક પ્રસ્થ થાય; ચાર પ્રસ્થોએ એક આઢક થાય, ચાર આઢકોએ એક દ્રોણ થાય. આ બાબતમાં **નામમાલા ટીકામાં** " કુડવ એટલે બે પસલી " એમ વ્યાખ્યા કરી છેઃ માટે તે અનુસારે જે થાય, તે દ્રોણ માન જાણવું. પરંતુ " આટલા મણ પ્રમાણ દ્રોણ " એમ કોઈ ઠેકાણે

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્પષ્ટ થયું હોય તેમ સાંભરતું નથી. ॥ ૩-૫-૯-૧૮૭ ॥ ॥ ૫૩૬ ॥

પ્ર૦ **કલ્પસૂત્ર** વંચાતું હોય ત્યારે પડખે અસજ્ઝાય થઇ હોય, અને તે દૂર કરી શકાય તેવી ન હોય, તો વાંચવું કલ્પે ? કે નહિ ?

ઉ૦ અસજ્ઝાય છતાં પણ **અવશ્ય કરવા લાયક હોવાથી કલ્પસૂત્ર** વાચન કલ્પે છે. ॥ ૩-૫-૧૦-૧૮૮ ॥ ૫૩૭ ॥

પ્ર૦ વર્ષાકાલે લીલફુલ કેટલા દિવસે નિર્જીવ થાય ?

ઉ૦ વર્ણાદિક ફરી જાય એટલે લીલફુલ નિર્જીવ થાય. પરંતુ દિવસમાન જાણ્યું નથી. ॥ ૩-૫-૧૧-૧૮૯ ॥ ૫૩૮ ॥

પ્ર૦ કેટલાક કહે છે કે—" નવકારશીના પચ્ચક્ખાણમાં સૂર્યનો ઉદય થાય, તે વખતે ભોજન કરવું કલ્પે છે " **યોગશાસ્ત્રમાં** તો **अह्नो मुखे अवसाने च** આ શ્લોકથી બે ઘડી અંદર ભોજન કરવું કલ્પે નહિ, બે ઘડીની શરૂઆત પણ પ્રભાતે હાથની રેખા દેખાય ત્યાંથી થાય ? કે સૂર્યોદયથી થાય ?

ઉ૦ નવકારશી પચ્ચક્ખાણમાં સૂર્યોદયથી માંડી બે ઘડીની અંદર જમવું કલ્પે નહિ, કેમકે પચ્ચક્ખાણનો ભંગ થાય છે. "**उग्गए सूरे नमुक्कारसहियं पच्चक्खामि**" ઇત્યાદિસૂત્ર વ્યાખ્યાનમાં અને **યોગ શાસ્ત્રની ટીકા** વિગેરેમાં તેમજ કહ્યું છે ॥ ૩-૫-૧૨-૧૯૦ ॥ ૫૩૯ ॥

પ્ર૦ **પ્રતિક્રમણ હેતુગર્ભ ગ્રંથમાં રાઇય પ્રતિક્રમણની વિધિમાં** રાત્રિના પ્રાયશ્ચિતનો કાઉસ્સગ: તે પછી ચૈત્યવંદન: પછી સજ્ઝાય: આ પ્રકાર પછી પ્રતિક્રમણની આદિમાં ચાર ખમાસમણા કહ્યા છે, અને એમ કરાતું નથી. તેનું શું કારણ છે ?

ઉ૦ **યતિ દિનચર્યા** વિગેરેમાં સજ્ઝાય પછી ચાર **ખમાસમણ** કહ્યા

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે અને **શ્રાદ્ધ દિનકૃત્ય ટીકા** અને **વંદારુવૃત્તિ** વિગેરેમાં તો સજ્ઝાય પછી પ્રતિક્રમણ ઠાવવાનું કહ્યું છે. તેથી સજ્ઝાય પહેલાં **ખમાસમણાઃ** દેવાય. એમ જણાય છેઃ આ વિધિ **પરંપરાએ** બહુલતાએ કરાય છે. **સામાચારી વિશેષે** કરીને બંન્ને પ્રકારે પણ વિરોધ નથીજ ॥ ૩–૫–૧૩–૧૯૧ ॥૫૪૦॥

**પ્ર૦** દ્રવ્યલિંગીનું દ્રવ્ય દેરાસરમાંઃ કે પ્રતિમાઃ કે જીવદયાઃ કે જ્ઞાન-ભંડારઃમાં કયાં કયાં વપરાય?

**ઉ૦** દ્રવ્યલિંગીનું દ્રવ્યઃ દેરાસરમાં અને પ્રતિમામાં વાપરવું યોગ્ય નથી. પણ જીવદયામાં અને જ્ઞાનકોશમાં ઉપયોગી થાય. એમ જાણેલ છે. ॥ ૩–૫–૧૪–૧૯૨ ॥ ૫૪૧ ॥

**પ્ર૦** ચક્રવર્તિ અને પાંડવ વિગેરેને દેવોએ આભૂષણાદિક આપ્યું છે. તે શું પોતાના ભંડારનું હોય ? કે પોતે ઉત્પન્ન કરેલું હોય ? જો પોતાના ભંડારનું હોય તો, ખીલી વિગેરેનાં ફેરફાર દેખાય છે, તે કેવી રીતે થાય ? કેમકે શાશ્વત વસ્તુઓ ફરી જાય નહિ; જો પોતે ઉત્પન્ન કરેલું હોય, તો આ અમારી સાર વસ્તુ છે, એમ વિજ્ઞપ્તિ કરી છે, તે કેવી રીતે કહી હશે ?

**ઉ૦** ચક્રવર્તિ વિગેરેને દેવો આભૂષણાદિક આપે છે. તે **ઔદારિક પુદ્ગલોથી** બનાવીને અપાય છે. અથવા કોઇકનું પુરાતન કાલનું પણ **દ્વારિકાનગરી** પેઠે સંભવે છે. ॥ ૩–૫–૧૫–૧૯૩ ॥ ૫૪૨ ॥

**પ્ર૦** પોસાતી શ્રાવકો સાંજે કાજો લીધા પછી **ઉપધિ મુહપત્તિનો** આદેશ માંગે છે, અને પ્રભાતે તો પહેલાંજ માંગે છે. તથા **પોસહશાલા પ્રમાર્જન–વસ્તિપ્રમાર્જનનો** આદેશ પણ સાંજેજ માંગે છે, તેનું શું કારણ ?

For Private and Personal Use Only

ઉ૦ આ બાબતનું કારણ પ્રાયે કરી તેવી **સામાચારી** છે તે છે. ॥ ૩–૫–૧૬–૧૯૪ ॥ ૫૪૩ ॥

પ્ર૦ **વીશ વિહરમાન જિનેશ્વરોના** અને તેમના માતા પિતાના નામો કયા ગ્રંથમાં છે ?

ઉ૦ વીશે વિહરમાન જિનના તથા તેમના માતા પિતાના નામો છુટક પાનામાં અને સ્તોત્ર વિગેરેમાં છે, તે જાણવું ॥ ૩–૫–૧૭–૧૯૫ ॥ ૫૪૪ ॥

પ્ર૦ "દેવો ભૂમિથી ચાર અંગુલ છેટે રહે છે, તેથી સ્પર્શતા નથી." એમ કહેવાય છે, તે કયાં લખ્યું છે ?

ઉ૦ દેવો પૃથ્વીતલને કોઇ ઠેકાણે પણ ફરસતા નથી. એમ **સંગ્રહણી** વિગેરે **ટીકાનો** અભિપ્રાય છે. ॥ ૩–૫–૧૮–૧૯૬ ॥ ॥ ૫૪૫ ॥

પ્ર૦ હાલમાં **ભરતક્ષેત્રમાં** મનુષ્યો અને તિર્યંચોને જાતિસ્મરણ છે ? કે નહિ ? જો નથી તો, કયારે વિચ્છેદ ગયું ? તેમજ અવધિજ્ઞાન હાલમાં હોય ? કે નહિ ?

ઉ૦ વર્તમાન કાલમાં જાતિસ્મરણનો અને અવધિજ્ઞાનનો વિચ્છેદ શાસ્ત્રમાં કહ્યો નથી: ॥ ૩–૫–૧૯–૧૯૭ ॥ ૫૪૬ ॥

પ્ર૦ તેરમા ગુણઠાણે અને ચૌદમા ગુણઠાણે છેલ્લા બે સમય વર્જીને છ સંઘયણની સત્તા શા કારણથી રહેતી હશે ? કેમકે–મોક્ષગમન તો પ્રથમ સંઘયણથી થાય છે ?

ઉ૦ જો કે મોક્ષ પ્રાપ્તિ તો પહેલા સંઘયણથી થાય છે, તો પણ તેની પછીના સંઘયણોની માત્ર સત્તા રહે, તેમાં વાંધો શો ? ॥ ૩–૫–૨૦–૧૯૮ ॥ ૫૪૭ ॥

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ૬

# પણ્ડિતશ્રી વિદ્યાવિજય ગણિકૃત પ્રશ્નોત્તરો

પ્ર૦ ચૈત્ર અને આસો માસની અસજ્ઝાયમાં જે તપ કર્યું હોય, તે તપઃ રોહિણી વિગેરે તપોની આલોયણમાં વાળી શકાય? કે નહિ?

ઉ૦ અસજ્ઝાયમાં સાતમ આઠમ અને નોમે કરેલું તપ આલોયણમાં ગણી શકાય નહિ, પણ તે દિવસોમાં રોહિણી વિગેરે આવ્યું હોય, તો તે તપ ચાલતા સંબદ્ધ તપમાં કામ લાગે છે, પણ સર્વ ઠેકાણે કામ લાગે નહિ. ॥ ૩–૬–૧–૧૯૯॥૫૪૮॥

પ્ર૦ સૂતકવાળા ઘરે સાધુએ આહાર વ્હોરવા જવાય? કે નહિ?

ઉ૦ જે દેશમાં સૂતકવાળા ઘરે જેટલા દિવસ સુધી બ્રાહ્મણ વિગેરે ભિક્ષા માટે ન જાય, તે દેશમાં સાધુઓએ તેટલા દિવસ સુધી આહાર માટે ન જવું. એમ **વૃદ્ધ પુરુષોનો** વ્યવહાર છે ॥ ૩–૬–૨–૨૦૦ ॥ ૫૪૯ ॥

પ્ર૦ **छट्ठभत्तिए अट्ठमभत्तं वड्ढित्ता कोडुम्बिअ पुरिसे सद्दावेई**– આ સૂત્રમાં **छट्ठभत्तिए** આ શબ્દને કઇ વિભક્તિ છે?

ઉ૦ **छट्ठभत्तिए**–આ પદને પ્રથમા વિભક્તિ છે, એમ જણાય છે. ॥ ૩–૬–૩–૨૦૧ ॥ ૫૫૦ ॥

પ્ર૦ વીશસ્થાનક વિગેરે તપોમાં મુહપત્તિ વિના દેવવંદન કરવું કલ્પે? કે નહિ?

ઉ૦ મુખ્ય રીતિએ મુહપત્તિ સિવાય દેવવંદન કરવું કલ્પે નહિ. ॥ ૩–૬–૪–૨૦૨ ॥ ૫૫૧ ॥

પ્ર૦ રાય-પસેણીયમાં **झिलुगा नाम पावसमणा परिवसन्ति**– આ સૂત્રમાં **समण** શબ્દનો શો અર્થ છે?

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉ૦ **ભિલુગા પાપશ્રમણો વસે છે.** આમાં **સમણ** શબ્દનો અર્થ પાખંડી વિશેષ જણાય છે ॥ ૩-૬-૫-૨૦૩ ॥ ૫૫૨ ॥

પ્ર૦ કેટલાક શ્રાવકો પહેલાં **નવકાર સ્તોત્રની અવચૂરિમાં** રહેલી **પાંચ પદોની આનુપૂર્વી** ગણતા હતા, તેઓને કોઇક ઉપાધ્યાયો અને **પંન્યાસોએ** નિષેધ કર્યો, અને કહ્યું કે—"સર્વ ઠેકાણે આ ગણાય નહિ, પરંતુ કારણ પડે તો મંત્રાદિકની પેઠે ગણાય છે. કેમકે—ખંડિત નમસ્કાર ગણવામાં દૂષણ છે." આ બાબતમાં અમારે તો **પરમગુરુનું વચન પ્રમાણ** છે. માટે ઉત્તર આપશો.

ઉ૦ **નવકારની આનુપૂર્વી—પાંચ પદની** અથવા **નવપદની** પણ ગણાય છે. એમ—**શ્રાદ્ધવિધિ** વિગેરે ગ્રંથોમાં કહેલ છે, માટે આમાં કાંઇ વિચાર કરવો નહિ.

અને **મહાનિશીથના ત્રીજા અધ્યયનમાં—**

**से भयवं! जहुत्तविणओवहाणेणं पंचमंगल महासुअक्खंधमहिज्जित्ता णं पुव्वाणुपुव्वीए पच्छाणुपुव्वीए अणाणुपुव्वीए सरवंजण जाव परिचिअं काउणं—**

"હે ભગવન્! બતાવ્યા મુજબ વિનય અને ઉપધાને કરી તે **પંચમંગળ મહાશ્રુત સ્કન્ધ—નવકારમંત્ર** ભણીને પુર્વાનુપૂર્વીએ—પશ્ચાનુપૂર્વીએ અને અનાનુપૂર્વીએ—સ્વર અને વ્યંજન—યાવત્ પરિચિત" કરીને એમ કહ્યું છે.

**યોગશાસ્ત્રના આઠમા પ્રકાશ** વિગેરેમાં એક અક્ષરે કરીને પણ સ્મરણ કરવું." એમ બતાવ્યું છે. માટે આમાં કાંઇ પણ વિચાર કરવો નહિ. ॥ ૩-૬-૬-૨૦૪ ॥ ૫૫૩ ॥

---

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૭

# પણ્ડિતશ્રી કાન્હર્ષિ ગણિકૃત પ્રશ્નોત્તરો.

પ્ર૦ ઉપધાનમાં પ્રવેશેલા શ્રાવકઃ શ્રાવિકાઃને કલ્પસૂત્ર વાચનના પાંચ દિવસમાં નીકળવું કલ્પે ? કે નહિ ?

ઉ૦ મોટા કારણ સિવાય તે પાંચ દિવસમાં ઉપધાનમાંથી નિકળાય નહિ, જો કારણે નિકળી જવું પડે, તો આરંભનો ત્યાગ રાખે. ॥ ૩–૭–૧–૨૦૫ ॥ ૫૫૪ ॥

પ્ર૦ પારણાના દિવસે ઉપધાન વાચના કરવી કલ્પે ? કે નહિ ?

ઉ૦ પારણાને દિવસે પણ વાચના કલ્પે છે, એમ જાણેલું છે. ॥ ૩–૭–૨–૨૦૬ ॥ ૫૫૫ ॥

પ્ર૦ પારણાના દિવસ પછી અનન્તર નિકળવું કલ્પે ? કે નહિ ?

ઉ૦ નિકળવું કલ્પે નહિ; [આ ઉત્તર સાધુને આશ્રયીને સંભવે છે] ॥ ૩–૭–૩–૨૦૭ ॥ ૫૫૬ ॥

પ્ર૦ આપણો સંપૂર્ણ પ્રતિક્રમણનો વિધિ કયા મૂલસૂત્રમાં છે?

ઉ૦ **આવશ્યક ટીકા** અને **આવશ્યક ચૂર્ણિ** વિગેરેમાં કેટલોક વિધિ છે, અને કેટલોક તો **સામાચારી** વિગેરેમાં છે ॥ ૩–૭–૪–૨૦૮ ॥ ૫૫૭ ॥

પ્ર૦ સૂર્ય ગ્રહણની અસજ્ઝાય ક્યાંથી માંડી કયાં સુધી હોય? તેમજ યોગવાળા સાધુઓને કેટલા પવેણા ન સૂઝે ?

ઉ૦ જ્યાંથી સૂર્યગ્રહણ થાય, ત્યાંથી માંડી એક અહોરાત્રિ સુધી અસજ્ઝાય છે, તે મુજબ એક પવેણું અશુદ્ધ બને, એમ જણાય છે. ॥ ૩–૭–૫–૨૦૯ ॥ ૫૫૮ ॥

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્ર૦ **સત્તરભેદી પૂજામાં** દરેક પૂજાએ થાલીમાં કલશ ઉપાડાય? કે નહિ ?

ઉ૦ "થાલીમાં દરેક પૂજાએ કલશ મૂકવો" એવો નિયમ જાણ્યો નથી, પણ જે વસ્તુની પૂજા હોય, તે વસ્તુ થાલીમાં મૂકાય છે, તેવી પ્રવૃત્તિ દેખાય છે. ॥ ૩–૭–૬–૨૧૦ ॥ ૫૫૯ ॥

પ્ર૦ **વીશથાનક પૂજામાં** ચૌદમી પૂજા ભણાવી રહ્યા પછી; થાળમાં દીવો મૂકી બાકીની પૂજા–ઉભા ઉભા ભણાવવી ? કે દીવાનો અધિકાર નથી ?

ઉ૦ પંદરમી પૂજાથી થાલીમાં દીવો મૂકવોજ જોઇએ, તેવો નિયમ જાણ્યો નથી ॥ ૩–૭–૭–૨૧૧ ॥ ૫૬૦ ॥

પ્ર૦ તિર્યંચનું લીલું હાડકું પડેલ હોય, તેની અસજ્ઝાય કેટલા પહોર સુધી હોય ?

ઉ૦ તિર્યંચના લીલા હાડકાની ત્રણ પહોરની પણ ઉપર જ્યાં સુધી લીલું હોય, ત્યાં સુધી અસજ્ઝાય થાય છે, એમ જણાય છે. ॥ ૩–૭–૮–૨૧૨ ॥ ૫૬૧ ॥

## ૮

# પણ્ડિતશ્રી જનાનન્દ ગણિકૃત પ્રશ્નોત્તર.

પ્ર૦ **બ્રાહ્મીઃ સુંદરીઃ** બાળ બ્રહ્મચારિણી હતી ? કે વિવાહ કર્યો હતો ?

ઉ૦ **બ્રાહ્મી અને સુંદરીનો** વિવાહ થયો હતો. ॥ ૩–૮–૧–૨૧૩ ॥ ૫૬૨ ॥

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૯

# પણ્ડિતશ્રી કુંવરવિજય ગણિકૃત પ્રશ્નોત્તર.

પ્ર૦ મોતી સચિત્ત? કે અચિત્ત? અને પૃથ્વીકાયદલ? કે અપ્કાયદલ?

ઉ૦ મોતી અચિત્ત છે, અને પૃથ્વીકાયદલ રૂપ હોય છે ॥ ૩-૯-૧-૨૧૪ ॥ ૫૬૩ ॥

૧૦

# પણ્ડિતશ્રી ચારિત્રોદય ગણિકૃત પ્રશ્નોત્તરો.

પ્ર૦ **શામ્બ** અને **પ્રદ્યુમ્ન** સાધુ સાડાઆઠ ક્રોડ સાધુઓ સાથે **સિદ્ધાચલ** ઉપર સિદ્ધિવર્યા છે, અને તેના નામના બે શિખર **ગિરનારજી** ઉપર દેખાય છે. તો તે બંન્નેનું એકપણું થઇ જાય છે, માટે આનો નિર્ણય જણાવવા કૃપા કરશો ?

ઉ૦ સાડા આઠ કરોડ સાથે **શાંબઃ** અને **પ્રદ્યુમ્નઃ** **સિદ્ધાચલ** ઉપર મોક્ષ ગયા છે, જે **રૈવતાચલ** ઉપર તેના નામના બે શિખર દેખાય છે, તે નામો તો ત્યાં તેમણે જઇ કાઉસ્સગ્ગ ધ્યાન વિગેરે કર્યું હોય; તેથીજ પડેલા હોય ॥ ૩-૧૦-૧-૨૧૫ ॥ ૫૬૪ ॥

પ્ર૦ જિનાલયમાં **ક્ષેત્રપાલની** પ્રતિમાને માનવામાંઃ પૂજવામાંઃ અને સિંદૂર ચઢાવવામાંઃ સમકિતને દૂષણ લાગે ? કે નહિ ?

ઉ૦ ક્ષેત્રની રક્ષા કરનાર હોવાથી-**ક્ષેત્રપાલની** મૂર્તિને સિંદૂરઃ તેલઃ ચઢાવવામાં દૂષણ લાગતું નથી, પરંતુ માનતા કરવામાં સમકતને દૂષણ લાગે છે. ॥ ૩-૧૦-૨-૨૧૬ ॥ ૫૬૫ ॥

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્ર૦ **કલ્પસૂત્રમાં પંચહત્થુત્તરે હોત્થા** આ પાઠમાં **વીર ભગવાનનો** જન્મ **ઉત્તરા ફાલ્ગુનીમાં** કહ્યો, તે કેવી રીતે સંભવે ? કેમકે–જે નક્ષત્રમાં [ ગર્ભમાં ] ઉત્પન્ન થાય, તેથી તેરમા નક્ષત્રે જન્મ થાય છે

ઉ૦ જે નક્ષત્રમાં [ ગર્ભમાં ] ઉત્પન્ન થાય; તેથી તેરમા નક્ષત્રમાં જન્મ થાયઃ એવો નિયમ જાણ્યો નથી. ॥ ૩–૧૦–૩–૨૧૭ ॥ ૫૬૬ ॥

પ્ર૦ પોસહ પાર્યા પછી સ્ત્રી ભોગવે, તો પોસહને દૂષણ લાગે કે નહિ?

ઉ૦ પોસહને દૂષણ લાગતું નથી, પરંતુ પર્વતિથિની વિરાધના કરે છે. ॥ ૩–૧૦–૪–૨૧૮ ॥ ૫૬૭ ॥

પ્ર૦ જાવજીવ સુધી રાત્રિનું **ચોવિહાર પચ્ચક્ખાણ** કરનારો હોય, તેને સ્ત્રી ભોગવવામાં તેનો ભંગ થાય કે નહિ ?

ઉ૦ "સ્ત્રી ભોગવવામાં હોઠે ચુંબન કરવામાં આવે, તો ચોવિહારનો ભંગ થાય છે. અન્યથા થતો નથી." એમ **શ્રાદ્ધવિધિનું** વચન છે. ॥ ૩–૧૦–૫–૨૧૯ ॥ ૫૬૮ ॥

પ્ર૦ પોસહને ઠેકાણે દેશાવકાશિક કર્યું હોય; તો તેનો વિધિ શો ? તેમજ દેશાવકાશિકમાં પૂજાઃ સ્નાત્રઃ વિગેરે અને સામાયિકઃ કરવા કલ્પે ? કે નહિ ?

ઉ૦ **देसावगासिअं उवभोग परिभोगं पच्चक्खामि** ઇત્યાદિક **દેશાવકાસિક** ઉચ્ચરવાનો વિધિ છે, અને જે ધર્મ અનુષ્ઠાન ચિંતવેલ હોય, તે મુજબ પૂજાઃ સ્નાત્રઃ વિગેરે અને સામાયિકઃ કરાય છે, તેમાં કાંઇ એકાંત નથી. ॥ ૩–૧૦–૬–૨૨૦ ॥ ૫૬૯ ॥

પ્ર૦ જેમ આ **ભરતમાં મેરુની દિશાએ ધ્રુવનો** તારો છે, તેમ **મહાવિદેહ** અને **ઐરાવતક્ષેત્રમાં** છે ? કે નહિ ?

For Private and Personal Use Only

ઉ૦ **ભરતની** પેઠે અન્ય ક્ષેત્રમાં **ધ્રુવો** સંભવે છે, પરંતુ તેને જણાવનારા અક્ષરો જોવાનું સાંભરતું નથી. ॥ ૩–૧૦–૭ –૨૨૧ ॥ ૫૭૦ ॥

પ્ર૦ ૮૮ ગ્રહોના અને સર્વ તારાઓના મંડલો કેટલા છે?

ઉ૦ જેમ–સૂર્ય અને **ચંદ્રના** મંડલનો વિચાર શાસ્ત્રમાં જોવામાં આવે છે, તેમ-તે સિવાય બીજા ગ્રહોનો જોવામાં આવતો નથી. તેમજ તારાના મંડલો અવસ્થિતજ છે, પણ **સૂર્યઃ ચંદ્રઃની** પેઠે અનિયમિત નથી. ॥ ૩–૧૦–૮–૨૨૨ ॥ ૫૭૧ ॥

પ્ર૦ દીવાળી વિગેરે પર્વોમાં સુખડી વિગેરે બનાવવામાં મિથ્યાત્વ લાગે? કે આરંભ થાય?

ઉ૦ આરંભ લાગે છે, એમ જાણેલ છે, પણ મિથ્યાત્વ લાગે, તેમ જાણ્યું નથી. ॥ ૩–૧૦–૯–૨૨૩ ॥ ૫૭૨ ॥

પ્ર૦ **શ્રાદ્ધ વિધિમાં ચાર આહારના અધિકારમાં** કહ્યું કે–"સ્ત્રીના સંભોગમાં ચોવીહાર ભાંગતો નથી, બાલ વિગેરેના હોઠ વિગેરેના ચુંબનમાં ભાંગે છે, તે પણ દુવિહારમાં કલ્પે છે-" આમાં પ્રથમ સ્થાનમાં મુખનો સંગમ છતાં એ પદ કહ્યું નથી, તો પૃચ્છા કરતાં શ્રાવકોની પાસે મુખના સંગમાં ચોવિહાર તિવિહારનો ભંગ થાય તેમ કહેવું? કે ભંગ ન થાય તેમ કહેવું?

ઉ૦ **બાલાદીનાં** આ પદમાં **આદિ** શબ્દથી **સ્ત્રીના** પણ મુખ સંબંધમાં ચોવિહારઃ તિવિહારઃ ભાંગે છે, એમ જણાય છે ॥ ૩–૧૦–૧૦–૨૨૪ ॥ ૫૭૩ ॥

પ્ર૦ આઠમી પડિમાના તપમાં પોતે આરંભ કરે નહિ, એમ છે. તો સચિત્ત પુષ્પ વિગેરેથી પ્રભુ પૂજા કરે? કે નહિ?

ઉ૦ આઠમી પડિમામાં **સચિત્ત** ફુલો વિગેરેથી પૂજા ન કરે ॥ ૩–૧૦–૧૧–૨૨૫ ॥ ૫૭૪ ॥

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્ર૦ નહિ શુદ્ધ કરેલી **પટ્ટાવલીમાં ચિત્રાવાલ ગચ્છીય દેવભદ્ર ઉપાધ્યાય છે,** અને શોધેલીમાં **ચૈત્રગચ્છીય** એમ લખેલ છે, તેનું શું કારણ ?

ઉ૦ **મુનિસુંદર સૂરીશ્વરજીની ગુર્વાવલીમાં ચૈત્રગચ્છીયા** એમ કહેલ છે, માટે **શોધેલીમાં** તે શબ્દ જણાવ્યો, પણ કોઇ ઠેકાણે **ચિત્રાવાલગચ્છીયા** એમ પણ દેખાય છે, પરંતુ તે શબ્દ તો **ચૈત્રગચ્છનું** બીજું નામ હોય, એમ સંભવે છે. ॥ ૩–૧૦–૧૨–૨૨૬ ॥ ૫૭૫ ॥

પ્ર૦ અઠ્ઠાઇજેસુમાં **अक्खुयायार** પાઠ બોલવો કે **अक्खयायार** બોલવો ?

ઉ૦ **अक्खुयायार** એ પાઠનું આર્ષપણું હોવાથી **તાતપાદ શ્રી વિજયહીર સૂરીશ્વરજીએ** બોલવો કહ્યો છે, માટે તેજ બોલવો. ॥ ૩–૧૦–૧૩–૨૨૭ ॥ ૫૭૬ ॥

પ્ર૦ **સ્થૂલભદ્ર સ્વામિ** સાધુપણામાં વેશ્યાને ઘેર રહ્યા, તે વાત **સિદ્ધાન્તમાં** છે ? કે નથી ? જો **સિદ્ધાંતમાં** કહેલ હોય, તો તે **સિદ્ધાંતનું** નામ જણાવશો ?

ઉ૦ **નંદિસૂત્રમાં પારિણામિકી બુદ્ધિમાં સ્થૂલભદ્રઃ અને કાર્મિકીબુદ્ધિમાં તો વેશ્યાઃ અને સારથિઃ** ઉદાહરણ તરીકે કહ્યા છે. આ અર્થના પ્રતિપાદનમાં **સ્થૂલભદ્ર** સ્વામિનું સાધુપણામાં પણ વેશ્યાના ઘરમાં અવસ્થાન કહેલ છે. ॥ ૩–૧૦–૧૪–૨૨૮ ॥ ૫૭૭ ॥

પ્ર૦ **હૈમ નેમિચરિત્રમાં કૃષ્ણ જરાસંધના** યુદ્ધના અધિકારમાં **જરાને** દૂર કરનાર **શંખેશ્વર પાર્શ્વનાથનો** અધિકાર કેમ કહ્યો નથી ? અને તે અધિકાર શાસ્ત્રીય છે ? કે નહિ ?

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉ૦ તે અધિકાર **તીર્થકલ્પ** વિગેરેમાં છે, માટે શાસ્ત્રીય જ છે. ॥ ૩-૧૦-૧૫-૨૨૯ ॥ ૫૭૮ ॥

પ્ર૦ **નેમિનાથ ચરિત્રમાં** કહ્યું કે "**કૃષ્ણવાસુદેવે** સર્વ સાધુઓને દ્વાદશાવર્ત વંદન કર્યું. પણ "અઢાર હજાર સાધુને" એમ કહ્યું નથી. માટે તે ઉક્તિ લૌકિક છે? કે શાસ્ત્રીય છે? જો શાસ્ત્રની કહો તો કેવી રીતે ઘટે છે? કેમકે-**पर्यायट्ठियाणं च तइयं तु,** તે વંદન **પદસ્થોને** હોય-સર્વે તો પદસ્થો હોય નહિ, જો સર્વે પદસ્થો હોય, તો તેઓ કયા પદમાં રહેલા સમજવા?

ઉ૦ જેમ **નેમિચરિત્રમાં** કહ્યું, તેમ **આવશ્યક ટીકા** વિગેરેમાં "સર્વને" કહેલ છે. **સર્વ** શબ્દે કરી અઢાર હજારની સંખ્યા આવીજ જાય છે, માટે આમાં શંકા કરવી રહેતી નથી. વળી **सर्वेषां** પદ વિવક્ષિત **સર્વ** વાચી છે, તેથી **પદસ્થોનેજ** વંદન આપ્યાનું સંભવે છે, અને પદસ્થોમાં પણ જેઓ ગુરુઓની નજીકમાં હોય તેઓ કેવી રીતે વંદન કરાવે? આ પ્રકારના વિચારથી બધું બંધ બેસતુંજ થઇ જાય છે. ॥ ૩-૧૦-૧૬-૨૩૦ ॥ ૫૭૯ ॥

પ્ર૦ **કલ્પસૂત્રમાં નેમિનાથ ભગવાનને** ૪૦ હજાર સાધ્વીઓનો પરીવાર કહ્યો, **નેમિચરિત્રમાં** તો "**કનકવતી રોહિણી-** અને **દેવકી** વિના તમામ સ્ત્રીઓએ પણ ભગવાન પાસે દીક્ષા લીધી." **વસુદેવ હીંડમાં** પણ "૭૨ હજાર **વસુદેવની સ્ત્રીઓ** ભગવાન પાસે દીક્ષા લઇ મોક્ષમાં ગઇ. **કૃષ્ણ** વિગેરેની હજારો સ્ત્રીઓએ **શ્રીનેમિનાથભગવંત** પાસે દીક્ષા લીધી છે. આ બધી સંખ્યા ગણતાં ૪૦ હજાર સંખ્યા કેવી રીતે ઘટે? તેમજ સર્વ તીર્થંકરોની સાધુઃ સાધ્વી શ્રાવકઃ શ્રાવિકાઃની સંખ્યા **કલ્પસૂત્રમાં** કહી છે, તેમાં સંદેહ આવી પડે છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉ૦ તીર્થંકર મહારાજા પાસે જેઓ સમકિત પામી. દેશવિરતિ: સર્વ વિરતિઃ વિગેરે પામ્યા હોય, તેઓનેજ તીર્થંકરના પરિવારમાં ગણવા. બીજા ગણાતા નથી. માટે શંકાને સ્થાન રહેતું નથી ॥ ૩–૧૦–૧૭–૨૩૧ ॥ ૫૮૦ ॥

૧૧

# પણ્ડિતશ્રી કીર્તિવિજય ગણિકૃત પ્રશ્નોત્તરો.

પ્ર૦ કેટલાક જીવો ઇલિકાગતિએ ભવાન્તરમાં જાય છે, અને કેટલાક **દડાની** ગતિએ જાય છે, તેનું કારણ શું ?

ઉ૦ જેઓ દેશથી મારણાંતિક સમુદ્ઘાતમાં મરે છે; તેઓ ઉપજવાને સ્થાને ઈયળની ગતિએ પહોંચે છે. [કેમકે–તેમાંજ કેટલાક પ્રદેશો ઉત્પત્તિ સ્થાને પ્રથમ પહોંચેલા હોય છે. માટે તે દેશ સમુદ્ઘાતવાળા કહેવાય છે.] અને જ્યારે સર્વથી મારણાન્તિક સમુદ્ઘાત કરી [પાછો વળીને મરી] ઉપજવાને સ્થાને જાય છે, ત્યારે દડાની ગતિની જેમ [સર્વપ્રદેશોથી] જાય છેઃ માટે સર્વ સમુદ્ઘાતવાળા બને છે એમ **ભગવતીસૂત્ર**માં કહેલું છે. [શ૦ ૧૭–૩૬.] ॥ ૩–૧૧–૧–૨૩૨ ॥ ૫૮૧ ॥

પ્ર૦ બે સજ્ઝાય પઠાવીને ગુરુ પાસે બંન્નેય કાલનું અનુષ્ઠાન કરી, બે પાટલી કરી લઇ, વૈરાત્રિકકાલ પડિક્કમ્યો હોય, તેને સ્થંડિલ વિગેરે માટે બહાર જવું હોય, અને પહેલો પહોર પૂરો થયો હોય, તો બાકીની ક્રિયા સાંજે કરવી કલ્પે ? કે નહિ ?

ઉ૦ પ્રભાતમાં સર્વ ક્રિયા કરી લેવાની અશક્તિ હોય, તો બે સજ્ઝાય પઠાવીને બે કાલની ક્રિયા કરે, અને તે વાર પછી એક પાટલી કરીને એક સજ્ઝાય પઠવે, તે પછી બીજું કાલમાંડલુ કરીને વૈરાત્રિકકાલ પડિક્કમે, પછીથી બાકી રહેલું

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અનુષ્ઠાન સાંજે કરવું કલ્પે છે, અન્યથા નહિ. એમ **યોગવિધિમાં** કહેલ છે ॥ ૩-૧૧-૨-૨૩૩ ॥ ૫૮૨ ।

**પ્ર૦ યોગશાસ્ત્રના ત્રીજા પ્રકાશની ટીકામાં शुचिः पुष्पामिषस्तोत्रैः०** આ શ્લોકના વ્યાખ્યાનમાં પહેલાં પાણીના કોગળા વિગેરે કરી પછી પૂજા કરીને પછી પચ્ચક્ખાણ લહેવું કહેલ છે, તે શી રીતે ?

**ઉ૦ યોગશાસ્ત્રમાં** પવિત્ર થવાનો પ્રકાર-લોકમાં પ્રસિદ્ધ છે, તેનો અનુવાદ કર્યો છે. પરંતુ એ વિધેયપણે બતાવેલ નથી માટે પચ્ચક્ખાણ વાળાને પાણીના કોગળા કર્યા સિવાય દેવપૂજા કરવી કલ્પે છે. તેથી કોઇ વિરોધ ઉભો થતો નથી ॥ ૩-૧૧-૩-૨૩૪ ॥ ૫૮૩ ॥

**પ્ર૦ सामाइअपुव्व मिच्छामि ठामिकाउस्सग्गमिच्चाइं ।**
**सुत्तं भगियपलंबिअभुअकुप्पर घरिअ परिहरणाओ ॥१॥**
**બૃહત્ પ્રતિક્રમણ હેતુગર્ભની** આ ગાથાને આશ્રયીને કોઇક **મતવાદીઓ** પુછે છે, કે "તમો કેડે દોરો બાંધો છો. તે કયા શાસ્ત્રમાં કહેલ છે ?"

**ઉ૦ આવશ્યક ટીકા** અને **ધર્મરત્ન પ્રકરણ ટીકા** વિગેરેમાં "**આર્યરક્ષિત સૂરીશ્વરજીએ** પોતાના પિતાને કેડે દોરો બંધાવ્યો છે," એમ કહ્યું છે, માટે તે **આચરણાએ** હમણાં પણ બંધાય છે, એમ **વૃદ્ધવાદ** છે ॥૩-૧૧-૪-૨૩૫॥૫૮૪॥

**પ્ર૦ ઉવવાઇમાં કોણિકના** વર્ણનમાં **माउपिउ सुजाए** એ સૂત્રની **ટીકામાં કોણિકને** માતા પિતાના વિનીતપણાએ કરી સુપુત્ર કહ્યો છે, તે કેમ ઘટે ?

**ઉ૦ કોણિકઃ** માતા પિતાના સારા વિનયવાળો હતો, પણ તેણે વચમાં **શ્રેણિક મહારાજા** તરફ વિરૂપ આચરણ કરેલું, તે નિયાણાના વશથીજ કરેલું હતું. નહિંતર, તો પિતાના મરણના

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શોકથી રાજગૃહી છોડી દઇને ચંપામાં શું કરવા વસે ? માટે સુપમપણું ઘટે છે. ॥ ૩–૧૧–૫–૨૩૬ ॥ ૫૮૫ ॥

પ્ર૦ **दव्वे खीरदुमाई जिणभवणाइसु होइ खित्तंमि ।
पुण्णतिहिपभिइ काले होत्युवओगा उ भावेण ॥ १ ॥**

**આ જીત કલ્પની છેલ્લી ગાથાના ચોથા પાદનો અર્થ શો છે ?**

ઉ૦ આ ગાથાના ત્રણ પાદ બરાબર છે, પણ ચોથું પાદ '**सुहो-वओगाइ भावे उ** આવું છે: માટે તે ચોથા પાદ અનુસારે અર્થ સુગમજ છે:–" દ્રવ્યથી: ક્ષીરવૃક્ષો વિગેરે–**ક્ષેત્રથી:** જિન ભુવન વિગેરે–**કાલથી:** પૂર્ણ તિથિ વિગેરે–અને **ભાવથી:**– શુભ ઉપયોગ વિગેરે શુદ્ધિ: દીક્ષા વિગેરેમાં જોવી: ॥ ૩–૧૧ –૬–૨૩૭ ॥ ૫૮૬ ॥

પ્ર૦ આસોમાસના અસજ્ઝાયના દિવસોમાં જે સિદ્ધાન્તની પાંચ ગાથા ભણી શકતો હોય, તેને તે ગાથાઓ ભણવી કલ્પે ? કે નહિ ?

ઉ૦ અસજ્ઝાયના દિવસોમાં સિદ્ધાંતની એકાદિ ગાથા પણ ગોખવી કલ્પે નહિ ॥ ૩–૧૧–૭–૨૩૮ ॥ ૫૮૭ ॥

પ્ર૦ **આવશ્યક બૃહત્ ટીકા અને સૂયડાંગસૂત્ર ટીકામાં काले प्रसुप्तस्य जनार्दनस्य मेघान्धकारासु च शर्वरीषु । मिथ्या न भाषामि विशालनेत्रे ते प्रत्यया ये प्रथमाक्षरेषु** ॥ १ ॥ આ શ્લોકના ત્રણ પાદના પ્રથમ અક્ષરોએ કરી **कामेमि** એ ક્રિયાપદ છે, તે કેવી રીતે સિદ્ધ થાય ?

ઉ૦ તે કાવ્યમાં **कामेमि** એ ક્રિયાપદ **પ્રાકૃત ભાષાએ** સિદ્ધ થાય છે. ॥ ૩–૧૧–૮–૨૩૯ ॥ ૫૮૮ ॥



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્ર૦ **શ્રી વિજયદાન સૂરીશ્વરજીએ** બનાવેલ **સાત બોલમાં** ઉત્કટ ઉત્સૂત્ર ભાષિનું ધર્મ કૃત્ય અનુમોદવા લાયક નથી, એમ કહ્યું છે, તેમાં **ઉત્કટ ઉત્સૂત્ર ભાષિ** એ શબ્દેકરી અહીં શું કહેવાય છે ?

ઉ૦ ઉત્કટ અને અનુત્કટ શબ્દના અર્થ બાબતમાં કચપચપણું દૂર કરવા માટેજ બાર બોલમાં બીજો બોલ લખેલો છે, માટે તે મુજબ સર્વ જાણવું ॥ ૩–૧૧–૯–૨૪૦ ॥ ૫૮૯ ॥

પ્ર૦ પોસહ પાર્યો હોય, અને સામાયિક પારવા માટે મુહપત્તિ પડિલેહવાઈ રહી હોય, તે વખતે પંચેન્દ્રિયની આડ પડે, તો પોસહ પારવાની ક્રિયા ફરી કરવી ? કે નહિ

ઉ૦ પોસહ પારવાની ક્રિયા ફરી કરી પોસહ પારવો જોઈયેઃ ॥ ૩–૧૧–૧૦–૨૪૧ ॥ ૫૯૦ ॥

પ્ર૦ **जंतेहिं पीलिओ** ઈત્યાદિ ગાથાની **ઉપદેશ માલાની ટીકામાં** કહ્યું કે, "**સ્કંદકુમાર** પાંચસોના પરિવારવાળો સંસારથી નિકલ્યો." અને **ઋષિમંડલમાં**તો **एगूणे पंचसया** એટલે ૪૯૯ કહ્યા છે, તો તે કેવી રીતે છે ?

ઉ૦ **ઉપદેશમાલા ટીકામાં** દીક્ષાના અધિકારમાં પાંચસોનો પરિવાર કહેલો છે, અને **ઋષિમંડલમાં** તો મોક્ષના અધિકારમાં ૪૯૯ કહ્યા છે. માટે કાંઈ વિરોધ નથી ॥ ૩–૧૧–૧૧–૨૪૨ ॥ ૫૯૧ ॥

પ્ર૦ **જ્ઞાતા ધર્મ કથાના પ્રથમ અધ્યયનમાં શ્રેણિક રાજાની ધારણીદેવીને** એકજ પુત્ર **મેઘકુમાર** કહ્યો છે, અને **અનુત્તરોવવાઇ સૂત્રમાં** તો **જાલિકુમાર** વિગેરે સાત પુત્રો કહ્યા છે, તો તે શી રીતે ઘટે ?

ઉ૦ **શ્રેણિક રાજાની** સાત પુત્રવાળી તે **ધારણી** રાણી બીજી

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હોવી જોઈએ, અથવા તે એકજ **ધારણી દેવીને જાલિકુમાર** વિગેરે સાત પુત્રો **મેઘકુમારની** દીક્ષા થયા બાદ જન્મ્યા હોય, એમ સંભવે છે ॥ ૩-૧૧-૧૨-૨૪૩ ॥ ૫૯૨ ॥

પ્ર૦ **उम्मुक्कभूसणंगो-**

**શરીરના** ભૂષણો મૂકી દીધેલ-

ઇત્યાદિ પાઠ મુજબ પોસહમાં શ્રાવકોને આભૂષણો છોડી દેવાનું બતાવ્યું છે, હમણાં તો આભૂષણો રાખે છે. તે કેવી રીતે ઘટે ?

ઉ૦ ઉત્સર્ગ માર્ગે કરી જો સર્વથી પોષધ અંગીકાર કરે, તો આભૂષણો છોડીજ દેવા યુક્ત છે, કેમકે શોભાઃ લોભઃ વિગેરે દોષોનું કારણ બને નહિ, સામાયિકમાં તે બંન્નેનો નિષેધ છે; જો દેશથી પોસહ કરે, તો આભૂષણો પણ હોય છે. ॥ ૩-૧૧-૧૩-૨૪૪ ॥ ૫૯૩ ॥

પ્ર૦ **લંબુત્તરદોષ** શ્રાવકોને લાગે ? કે નહિ ?

ઉ૦ શ્રાવકોને કાઉસ્સગના ૧૯ દોષોમાં **લંબુત્તર** દોષનો નિષેધ કરેલો નથી. તો પણ અવિચ્છિન્ન પરંપરાથી અને ઉચિતપણાથી લંબુત્તરદોષનું નિવારવું દેખાતું નથી ॥ ૩-૧૧-૧૪-૨૪૫ ॥ ૫૯૪ ॥

પ્ર૦ પ્રતિષ્ઠાના અધિકારમાં સાધુઓએ વાસક્ષેપ નાંખવો. એવો પાઠ કયા ગ્રંથમાં છે ? જો હોય તો પ્રતિષ્ઠાની પેઠે દરરોજ વાસક્ષેપ પૂજા સાધુઓ કેમ કરતા નથી ?

ઉ૦ **પીસ્તાલીસ આગમોમાંથી આવશ્યક બૃહત્ ટીકામાં ગણધર પદની પ્રતિષ્ઠાના અધિકારમાં** સાધુઓને વાસક્ષેપ નાંખવાના અક્ષરો બતાવ્યા છે. દરેક દિવસે વાસક્ષેપની પૂજા સાધુઓને કરવાના અક્ષરો કોઇપણ ઠેકાણે બતાવ્યા **નથી.**

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માટે તેનું વિધાન ક્યાંથી હોય ?॥ ૩–૧૧–૧૫–૨૪૬॥૫૯૫॥

પ્ર૦ ક્રિયાવાદિ અને અક્રિયાવાદી મિથ્યાદૃષ્ટિઓને સકામ નિર્જરા હોય ? કે **નહિ** ? જો હોય ? તો ગ્રંથનો પાઠ બતાવવા કૃપા કરશો.

ઉ૦ તેઓને સકામ નિર્જરા પણ હોય છે, એમ લાગે છેઃ કેમકે–અકામ નિર્જરાવાળાનો ઉત્કૃષ્ટથી **વ્યંતર** દેવોમાં ઉપપાત કહેલ છે. અને **ચરકપરિવ્રાજકોનો બ્રહ્મ દેવલોક** સુધી કહેલ છે. એમ **ઉવવાઇ** સૂત્રમાં કહ્યું છે. તે અનુસારે સકામ નિર્જરા હોય. એ તત્ત્વ છે. ॥ ૩–૧૧–૧૬–૨૪૭ ॥ ૫૯૬ ॥

પ્ર૦ સામાયિકમાં રહેલ શ્રાવકને પાર્યા સિવાય લાગલાગટ કેટલા સામાયિક કરવા કલ્પે ?

ઉ૦ આટલા સામાયિક લાગલાગટ કરાય, એવા અક્ષરો શાસ્ત્રમાં જોયાનું સાંભરતું નથી. જો મન ઠેકાણે હોય તો, ઈચ્છા મુજબ સામાયિકો કરે. પણ બીજા આદિ સામાયિકમાં સજ્ઝાયના આદેશનું માંગવું સંભવતું નથીઃ એમ **વૃદ્ધોનું** કથન છે. પરંતુ એક સામાયિક પછી બીજું કરતાં શરીર ચિંતા વિગેરેનો ઉપયોગ કરીનેજ ઉચ્ચરવું. ॥ ૩–૧૧–૧૭–૨૪૮ ॥ ૫૯૭ ॥ (અત્યારે ત્રણ લાગલાગટ કરવાની પ્રથા છે.)

પ્ર૦ **तस्सणं अज्जगस्स नत्तुए होत्था इट्ठे कंते–રાયપસેણીના** આ પાઠમાં **પ્રદેશી રાજાને આર્યના પુત્રનો પુત્ર** કહેલ છે, અને **શ્રાદ્ધ વિધિ ટીકામાં** આર્યકનો પુત્ર કેમ કહેલ છે?

ઉ૦ પુત્રનો પુત્ર પણ અત્યન્તવાહલો હોવાથી લોકોએ પુત્રપણે કહેવાય. તેથી, **પ્રદેશી** રાજામાં પણ નપ્તૃ શબ્દનો પુત્રપણે વ્યવહાર કરેલો સંભવે છે. ॥ ૩–૧૧–૧૮–૨૪૯ ॥ ૫૯૮ ॥

પ્ર૦ **શલાકાપુરુષો** ગૃહસ્થપણામાં માંસ ભોજન કરે ? કે **નહિ** ?

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉ૦ તીર્થંકરોને સર્વથા માંસાહાર હોયજ નહિ, બીજાઓને પણ પ્રાયે કરી હોતો નથી. એમ જણાય છે. ॥ ૩-૧૧-૧૯-૨૫૦ ॥ ૫૯૯ ॥

પ્ર૦ "पिण मोटा अवगुण सांभलो, जिम निशिभोजन करतां टलो।

जीव हणइ जे भव छन्नवइं, तेह पाप एकसरसो सवि"

ઈત્યાદિક રાત્રિભોજનની ચોપદીમાં બહુ કહ્યું છે, તે શું માન્ય છે? કે અમાન્ય?

ઉ૦ કેવલિ ભગવતે નિષેધેલ હોવાથી, અને અનેક જીવના ઘાતનું કારણ હોવાથી, રાત્રિભોજન વર્જિતજ છેઃ પણ ચોપદીમાં કહ્યું છે, તે લૌકિક છે, તે પણ રાત્રિભોજનના અનર્થને સૂચવનાર હોવાથી, કથંચિત્ માન્યજ છે. ॥ ૩-૧૧-૨૦-૨૫૧ ॥૬૦૦॥

પ્ર૦ શ્રીવિમલનાથના પ્રપૌત્ર શ્રીધર્મઘોષ સ્થવિર પાસે દીક્ષા લઈ મહાબલકુમાર પાંચમા દેવલોકમાં જઈ, દશ સાગરોપમનું આયુષ પાળીને ચવી, અને મનુષ્ય થઇ, શ્રી વીરભગવંત પાસે દીક્ષા લઈ સિદ્ધ થયેલ છે. એમ ભગવતી શતક અગીઆરમા ૧૧ માં ઉદ્દેસામાં કહ્યું છે. જો તેમ થાય, તો કલ્પસૂત્ર વિગેરેમાં શ્રી વિમલનાથ અને વીરભગવંતનું મોટું અંતર દેખાય છે, તે કેવી રીતે ઘટે?

ઉ૦ ભગવતી ટીકામાં બીજા વ્યાખ્યાનમાં "પ્રપૌત્રના શિષ્ય સંતાનમાં દીક્ષા લીધી, એમ કહેલ છે. તેથી કલ્પસૂત્રમાં કહેલ કાળને આશ્રયી કાંઈ પણ વિરુદ્ધ થતું નથી ॥ ૩-૧૧-૨૧-૨૫૨ ॥ ૬૦૧ ॥

પ્ર૦ નન્દી ટીકામાં सित्तोगाहण० આ ગાથાના વિચારમાં बुद्धद्वारे-બુદ્ધ દ્વારમાં સર્વ થોડા સ્વયંબુદ્ધ સિદ્ધો છે, તેઓ-

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ના કરતાં પણ **પ્રત્યેકબુદ્ધસિદ્ધો** સંખ્યાતગુણા છે, તેઓથી પણ **બુદ્ધિ બોધિત** સિદ્ધો સંખ્યાતગુણા કહેલા છે. તે કેમ ઘટે?

કેમકે– **બુદ્ધિ બોધિતોને** કેવલ શ્રાવકો પાસે વ્યાખ્યાનનો નિષેધ **દશવૈકાલિક ટીકા** વિગેરેમાં કહેલ છે.

ઉ૦ **બુદ્ધિ** શબ્દે કરી **તીર્થંકરીઓ** અને સામાન્ય સાધ્વીઓ કહેવાય છે, તેમાં તીર્થંકરીના ઉપદેશમાં તો વિચાર કરવાનો નથી જ. અને સામાન્ય સાધ્વીઓને તો જોકે કેવલ શ્રાવકો પાસે ઉપદેશનો નિષેધ છે, તોપણ શ્રાવિકા મિશ્રિત શ્રાવકોને : અને કારણે–એકલા શ્રાવકોને: ઉપદેશનો સંભવ પણ છે. માટે કોઇ અઘટતી વાત નથી. ॥ ૩–૧૧–૨૨–૨૫૩ ॥ ૬૦૨ ॥

પ્ર૦ **काउण सामइयं इरिअं पडिक्कमिय गमणमालोअ ।**
**वंदित्तु सूरिमाई सज्झायावस्सयं कुणई ॥ १ ॥**

આ **શ્રાદ્ધદિનકૃત્યની** ૧૩૧મી ગાથાનો અર્થ શો છે?

ઉ૦ આ ગાથાનો અર્થ **ટીકામાં** સુપ્રસિદ્ધજ છે, પરંતુ સૂત્રના પાઠ માત્રથી સામાયિક પછી ઈરિયાપ્રતિક્રમણનો પ્રતિભાસ થાય છે, તેમાં સવિસ્તર **આવશ્યક ચૂર્ણીના** અક્ષરો અનુસરવા: જેથી સંશય દૂર થઈ જશે. કેમકે–આવા પાઠોનું મૂળ **ચૂર્ણિ** છે. એમ જણાય છે ॥ ૩–૧૧–૨૩–૨૫૪ ॥ ૬૦૩ ॥

પ્ર૦ **સૂયડાંગ સૂત્ર પ્રથમ શ્રુતસ્કંધના ચોથા અધ્યયનની ટીકામાં** નારકીઓને **छिन्नतालुशिरोमेण्ढ्रा** આવું વિશેષણ લગાડેલ છે, તો નારકીઓ તો નપુંસક છે, તેઓને પુરુષ ચિન્હ ક્યાંથી હોય ? કે જે પરમાધામિંકો છેદે ?

ઉ૦ નારકીઓ નપુંસક વેદી છે, તો પણ પુરુષ ચિન્હનું હોવું વિરુદ્ધ નથી: કેમકે–**પુષ્પમાલા ટીકા** વિગેરેમાં નપુંસકના લક્ષણોમાં કહ્યું કે–**महिला सहावो सरवण्ण भेओ मिंढं**

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**महंतं मउया य वाणी**–મહિલા સ્વભાવઃ સ્વરઃ અને વર્ણઃનો ભેદઃ મોટું પુરુષ ચિન્હઃ અને મૃદુવાણી. ઈત્યાદિક નપુંસકના લક્ષણો છે. ॥ ૩–૧૧–૨૪–૨૫૫ ॥ ૬૦૪ ॥

પ્ર૦ **હૈમપદ્મચરિત્રમાં** " **રામકેવલિના** વચનથી **ચોથીનરકમાં** રહેલા **રાવણ** અને **શંબુક** સાથે યુદ્ધ કરતો, અને પરમાધામિએ પીડેલા એવા **લક્ષ્મણને** દેખી, **સીતાઇન્દ્રઃ** ત્યાં જઇ, કાંઈક દુઃખને નિવારવા લાગ્યો." એમ કહેલ છે. તેમાં **ચોથી નરકમાં સીતાઇન્દ્રનું** જવુંઃ, અને પરમાધામિની પીડાઃ કેવી રીતે ઘટે ? કેમકે–

**सहसारंतिय देवा नारयनेहेण जंति तइयभुवं ।**
**तसु परमाहम्मिअ कयावि०**

"સહસ્રારદેવલોક સુધીના દેવો સ્નેહે કરી **ત્રીજી પૃથ્વી** સુધી નારકમાં જાય છે. ત્રણ નરક પૃથ્વીમાં પરમાધામીએ કરેલી પીડા હોય. આ પ્રકારે **પંચસંગ્રહ** અને **સંગ્રહણીના** વચનો છે.

ઉ૦ **तिसु परमाहम्मिअ कयावि० સંગ્રહણીનું** આ વચન તે પ્રાયિક છે. માટે **ચોથી નરક** પૃથ્વીમાં **રાવણ** વિગેરેને પરમાધામિની કરેલી વેદના સંભવે છે, તેથી વિરોધ નથી અને **પંચસંગ્રહનો सहसारंतिय** પાઠ બાબત જાણવું કે–અહીં **પંચસંગ્રહનું** પુસ્તક હાથમાં આવ્યું નથી, માટે ઉત્તર લખાએલ નથી. જ્યારે તે હાથ આવશે, ત્યારે જણાવીશું ॥ ૩–૧૧–૨૫–૨૫૬ ॥ ૬૦૫ ॥

પ્ર૦ દ્રવ્યલિંગિના દ્રવ્યથી બનેલ ચૈત્ય, અવિધિ ચૈત્ય છે. એમ **આગમ વચન** છે. પણ પુસ્તકાદિ ક્ષેત્રોમાં તે દ્રવ્યનું વાપરવું યુક્ત છે ? કે અયુક્ત છે ? જો યુક્ત છે, તો ચૈત્યમાં કેમ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અયુક્ત છે ? અને તેણે અર્પણ કરેલું પુસ્તક સુસાધુઓ કેમ ગ્રહણ કરે છે? તેમજ કેટલાક ચિરંતન આચાર્યોએ શિથિલ માર્ગ દૂર કરીને પોતાની પાસે રહેલ મોતીઓને પાષાણથી વાટી કેમ નાંખ્યા ? જો તે દ્રવ્ય પુસ્તકાદિમાં કલ્પતું હોત, તો શું કરવા મોતીઓને વાટી નાંખી ફેંકી દે ?

ઉ૦ ચૈત્યને આશ્રયીને વિધિઃ અવિધિઃ નો વિચાર શાસ્ત્રોમાં બતાવેલ છે, પણ પુસ્તક આશ્રીયને બતાવેલ નથી. માટે તે બંન્નેય ક્ષેત્રોનું સરખાપણું નથી. તેથીજ **પરંપરાએ** પણ તેનું પુસ્તક ગ્રહણ કરાતું આવ્યું છે. આમાં કાંઈ પણ અયુક્ત નથી. અને જે કેટલાક **ચિરંતન આચાર્યોએ** સુવિહિત માર્ગ સ્વીકારતી વખતે મોતીનો ચૂરો કરી ફેંકી દીધા છે, તે ઉગ્રવૈરાગ્ય-પણાથી ફેંકી દીધા છે, માટે કાંઈપણ ગેરવ્યાજબીપણું નથી. ॥ ૩–૧૧–૨૬–૨૫૭ ॥ ૬૦૬ ॥

પ્ર૦ **ઋષભદેવ સ્વામિ સાથે** ચાર હજાર રાજાઓએ દીક્ષા લીધી, તેઓને સામાયિકનો ઉચ્ચાર કોણે કરાવ્યો ?

ઉ૦ તે ચાર હજારે યે પ્રભુ પેઠે દીક્ષા લીધી. એમ **ઋષભદેવ ચરિત્ર** વિગેરેમાં છે. ॥ ૩–૧૧–૨૭–૨૫૮ ॥ ૬૦૭ ॥

પ્ર૦ **વંદારુવૃત્તિમાં सिद्धेभो ! पयओ०** આ છંદના વ્યાખ્યા-નમાં " ત્રિકોટિ પરિશુદ્ધપણાએ પ્રસિદ્ધ " આમાં **ત્રિકોટિ** શબ્દનો શો અર્થ ?

ઉ૦ સૂત્રઃ અર્થઃ અને તદુભયઃ રૂપ ત્રિકોટિઃ અથવા કષઃ છેદઃ અને તાપઃ લક્ષણ પરિક્ષાઃ તે **ત્રિકોટી** સંભવે છે ॥ ૩–૧૧–૨૮–૨૫૯ ॥ ૬૦૮ ॥

પ્ર૦ **વંદનક નિર્યુક્તિમાં देविंदराय** ઈત્યાદિક ગાથામાં **गिहवइ**

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**सागारि** આ બે શબ્દોનો **નાની ટીકામાં** અર્થ કર્યો નથી; તો બૃહટ્ટીકામાં અર્થ કર્યો છે ? કે નહિ ?

ઉ૦ **બૃહદ્વૃત્તિમાં** અર્થ કરેલ નથી, પણ **ભગવતીસૂત્રના સોલમા શતકના બીજા ઉદ્દેસાની ટીકામાં ગૃહપતિનો અર્થ માંડલિક રાજાઃ અને સાગારિક શબ્દનો સામાન્ય ગ્રહસ્થઃ** અર્થ કરેલો છે. ॥ ૩–૧૧–૨૯–૨૬૦ ॥ ૬૦૯ ॥

પ્ર૦ **કિરણાવલીમાં દશમા સ્વપ્નના** અધિકારમાં **विबुहेहिं अलंकित्तो** એવો પાઠ છે. **આવશ્યક ટીકામા તો** જુદો છેઃ **કિરણાવલીમાં** તે પાઠ ક્યાંથી લખ્યો હશે ? તે જણાવવા કૃપા કરશોજી.

ઉ૦ **આવશ્યક બૃહદ્વૃત્તિમાં पउमसरो विउधपंकतो** આ પ્રકારે છે, તેનો અર્થ વિબુધપંકજં એટલે ખીલેલા કમળવાળું પદ્મ સરોવર છે. તેમજ **કિરણાવલિમાં** જે પાઠ છે; તે **કલ્પચૂર્ણિથી** અથવા કોઈક **અંતર્વાચ્યથી** લખેલો હશે, એમ સંભવે છે. ॥ ૩–૧૧–૩૦–૨૬૧ ॥ ૬૧૦ ॥

## ૧૨

# પણ્ડિતશ્રી ઘનહર્ષગણિકૃત પ્રશ્નોત્તરો.

પ્ર૦ **સૌધર્મદેવની** પદવીની અપેક્ષાએ **ઇશાન** દેવની પદવી અધિક છે, તેમ **ભવનપતિઃ** જ્યોતિષઃ અને વ્યંતરોમાંઃ માંહોમાંહે કઈ પદવી ન્યૂનઃ અને કઇ અધિકઃ છે ?

ઉ૦ **વ્યન્તરઃ જ્યોતિષઃ અને ભવનપતિઓને** ઉત્તરોત્તર બહુલપણાથી મહર્દ્ધિક પણું છે. માટે પદવીની અધિકતા પણ તેમજ છે ॥ ૩–૧૨–૧–૨૬૨ ॥ ૬૧૧ ॥

પ્ર૦ **ગંગાનદીનું** પાણી **લવણ સમુદ્રમાં** પડે છે, તેમ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**માનુષોત્તર પર્વત** સન્મુખ જતી નદીઓનું જલ ક્યાં પડે છે ?

ઉ૦ **માનુષોત્તર સન્મુખ જતી** નદીઓનું પાણી **પુષ્કરવર સમુદ્રમાં** વિસામો લે છે. એમ ઠાણાંગ વિગેરેની ટીકામાં બતાવ્યું છે ॥ ૩–૧૨–૨–૨૬૩ ॥ ૬૧૨ ॥

પ્ર૦ અષ્ટોત્તરી સ્નાત્ર ભણાવતી વખતે જઘન્યથી અને ઉત્કૃષ્ટથી કેટલા શ્રાવકો પવિત્ર થઇ ઉભા રહી શકે ?

ઉ૦ જઘન્યથી આઠઃ અને ઉત્કૃષ્ટથી ઇચ્છા મુજબ ॥ ૩–૧૨–૩–૨૬૪ ॥ ૬૧૩ ॥

પ્ર૦ જિનાલય વિગેરેમાં અષ્ટોત્તરીસ્નાત્ર ભણાતું હોય, ત્યારે શ્રાવિકાઓ જોવાઃ ગાવાઃ અને દર્શનઃ માટે આવે ? કે નહિ?

ઉ૦ ગાવા વિગેરે માટે શ્રાવિકાઓ આવે છે, કેમકે–અષ્ટોત્તરી વિધિમાં તેમ લખેલ છે. ॥ ૩–૧૨–૪–૨૬૫ ॥ ૬૧૪ ॥

પ્ર૦ કોઇ શ્રાવકને બાર વ્રત સંબંધી **ચોપદી** વિગેરે જોડકળા કરીને આપી હોય, તેની અંદર પ્રથમવ્રતવિગેરે અધિકારવિશેષમાં ઉપધિ મુહપત્તિ પડિલેહ્યા બાદ સજ્ઝાય કરાતી વખતે કોઈને પણ બોલવાને કલ્પે ? કે નહિ ?

ઉ૦ પડિલેહણ–સ્વાધ્યાયઃ સમયે પાંચ ગાથા વિગેરે બોલવાને કલ્પે છે. ॥ ૩–૧૨–૫–૨૬૬ ॥ ૬૧૫ ॥

પ્ર૦ **ચંપા** વિગેરેના ફુલથી વાસિત કરેલું પાણી સકલ લીલોતરીના પચ્ચક્ખાણવાળા શ્રાવકને પીવું કલ્પે ? કે નહિ ?

ઉ૦ પચ્ચક્ખાણવાળાને તે પાણી પીવું કલ્પે છે. ॥ ૩–૧૨–૬–૨૬૭ ॥ ૬૧૬ ॥

પ્ર૦ ચૌમાસીની અટ્ઠાઈ ચૌદશ સુધી ગણવી કે પુનમ સુધી ગણવી?

ઉ૦ ચૌમાસીની અટ્ઠાઈ હમણાં ચૌદશ સુધી ગણાય છે. અને પુનમ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તો પર્વ તિથિ તરીકે આરાધવીજ જોઇએ. ॥ ૩-૧૨-૭-૨૬૮ ॥ ૬૧૭ ॥

**પ્ર૦** ચૈત્રઃ આશોઃ માસની અટ્ઠાઈમાં પુનમ ગણાય કે નહિ ?

**ઉ૦** તે બંન્નેય અટ્ઠાઈમાં પુનમ ગણાય છે. ॥ ૩-૧૨-૮-૨૬૯ ॥ ॥ ૬૧૮ ॥

**પ્ર૦** **कीडी चूडयलाओ कुंथु उद्देहि धीमिल्ला,**

**इल्ली मंकुण जुआ खुडही जूआ य गद्दहिया॥ १ ॥**

**આરાધન પતાકાની** ગાથામાં **ચુડેલીને** તે ઇંદ્રિયમાં કહી છે, અને **જીવ વિચારમાં माइवाहा** પદે કરી **ચુડેલ** અર્થ બે ઇંદ્રિયની ગાથામાં કરાય છે. માટે આ બન્નેયમાં પ્રમાણ શું ?

**ઉ૦** **ચુડેલ** વિષયમાં **મતાંતર** જાણવું. અને **મતાંતરમાં** મુંઝાવું નહિ. ॥ ૩-૧૨-૯-૨૭૦ ॥ ૬૧૯ ॥

**પ્ર૦** રોગી પુરુષને ત્રણ પ્રકારના આહારના ત્યાગ રૂપ અણસણ કરાવાય છે, તે ઉચ્ચરાવવાનો શો વિધિ છે ?

**ઉ૦** પહેલા અમુક વખત સુધી કરેલ તિવિહારઃ ચોવિહારઃ પચ્ચ-ક્ખાણવાળા પુરુષને સાગારિક અણસણ **जइ मे हुज्ज पमाओ०** આ ગાથાના ઉચ્ચારપૂર્વક કરાવાય છે. ॥ ૩-૧૨-૧૦-૨૭૧ ॥ ૬૨૦ ॥

**પ્ર૦** સૂક્ષ્મ નિગોદથી નીકળેલો જીવ ફરી તેમાં જાય ? કે નહિ ?

**ઉ૦** સૂક્ષ્મનિગોદથી નીકળેલ જીવ ફરી પણ સૂક્ષ્મ નિગોદમાં જઈ શકે છે. ॥ ૩-૧૨-૧૧-૨૭૨ ॥ ૬૨૧ ॥

**પ્ર૦** ઉપાશ્રયમાં પેસતો છુટો શ્રાવક **નિસિહીઃ** અને નીકળતો **આવસ્સહીઃ** કહે ? કે નહિ ?

**ઉ૦** **સામાયિક** વિગેરે વ્રતવિનાનો શ્રાવક પેસતાં **નિસિહી** કહે,

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પણ નીકળતાં **આવસ્સહી** કહે નહિ ॥ ૩–૧૨–૧૨–૨૭૩ ॥ ॥ ૬૨૨ ।

પ્ર૦ જિનમંદિરમાંથી નીકળતા સાધુઓ અને શ્રાવકોએ **આવસ્સહી** કહેવી ? કે નહિ ?

ઉ૦ સાધુઓએ **આવસ્સહી** કહેવી, પણ શ્રાવકોએ કહેવાય નહિ. ॥ ૩–૧૨–૧૩–૨૭૪ ॥ ૬૨૩ ॥

પ્ર૦ **અણિમા** વિગેરે આઠ મહા સિદ્ધિઓ કઈ લબ્ધિમાં સમાય છે ? અને મહાવ્રતી કે દેશવિરતિ કે મિથ્યાદૃષ્ટિઓને સંભવે ? કે નહિ ?

ઉ૦ **અણિમા** વિગેરે સિદ્ધિઓ **વૈક્રિય લબ્ધિમાં** અંતર્ગત છે, અને તે મિથ્યાત્વીઓ અને સમકિતિઓને સંભવે છે ॥ ૩–૧૨–૧૪–૨૭૫ ॥ ૬૨૪ ॥

પ્ર૦ **વીરભગવંત** દેશના આપી, **દેવછંદામાં** પધારે, ત્યારે ૧૧ ગણધરોમાં **ગૌતમગણધરજ** મોટા હોવાથી દેશના આપે ? કે પટ્ટધારી હોવાથી **સુધર્માસ્વામી** દેશના આપે ? કે કોઇ બીજા ગણધર દેવ આપે ?

ઉ૦ દીક્ષાએ મોટા હોવાથી **ગૌતમસ્વામી** હાજર હોય, તો તેજ દેશના આપે, અને હાજર ન હોય, તો હાજરમાંથી જે મોટા હોય, તે આપે છે. ॥ ૩–૧૨–૧૫–૨૭૬ ॥ ૬૨૫ ॥

પ્ર૦ **જંબૂસ્વામી** અને **પ્રભવસ્વામિએ** સાથે દીક્ષા લીધી; **જંબૂસ્વામિનું** ૮૦ વર્ષનું સર્વ આયુષ્ય છે, અને **પ્રભવસ્વામિનું** ૮૫ વર્ષનું છે. સાથે દીક્ષા વખતે ૩૦ વર્ષના **પ્રભવ સ્વામિ** હતા તો જંબૂસ્વામી વિદ્યમાન છતાંજ **પ્રભવસ્વામિનું** સ્વર્ગવાસીપણું પ્રાપ્ત થાય છે, માટે આ બાબત, **પટ્ટાવલીમાં** લખેલ હકીકત સાથે કેવી રીતે મળે ?

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉ૦ **જંબૂસ્વામિની** દીક્ષા થયા પછી કેટલાક વર્ષોએ **પ્રભવસ્વામિએ** દીક્ષા લીધી હતી, એમ સંભવે છે. તેથી કોઇ વિરોધ આવતો નથી. તે બાબત **પરિશિષ્ટ પર્વમાં** કહી છે. " **પાંચમા ગણધર** ભગવાનને પણ એ પ્રકારે વિનંતિ કરી, તેથી પરિવાર સહિત **જંબૂસ્વામિને** દીક્ષા વિધિ પૂર્વક આપી;" હવે કોઇ દિવસે પિતાને પુછીને **પ્રભવ** પણ આવ્યો. તેણે પણ **જંબૂસ્વામિના** શિષ્ય તરીકે દીક્ષા લીધીઃ ॥ ૩–૧૨–૧૬–૨૭૭ ॥ ॥ ૬૨૬ ॥

પ્ર૦ આકાશનો પ્રદેશઃ અને પુદ્ગલ પરમાણુઃ આ બેમાંથી સૂક્ષ્મ કોણ છે ?

ઉ૦ તે બંન્નેયનો વિભાગ થતો ન હોવાથી, પ્રદેશની અપેક્ષાએ બંન્ને તુલ્ય છે. પણ અવગાહનાની અપેક્ષાએ તો એક આકાશ પ્રદેશમાં અનન્તા પરમાણુ અવગાહી શકે છે. તે વિશેષ જાણવો ॥ ૩–૧૨–૧૭–૨૭૮ ॥ ૬૨૭ ॥

પ્ર૦ **પ્રવચન સારોધ્ધારની ટીકા** વિગેરેમાં ઇંદ્રિયોના વિષયનું પ્રમાણઃ આત્માંગુલે કરી કહ્યું છે, ચક્ષુના ઉત્કૃષ્ટ વિષયમાં જેણે લાખ યોજનનું શરીર બનાવેલ છે, તે **વિષ્ણુકુમારનું** દૃષ્ટાંત મૂકયું છેઃ તે આવી રીતે – " ચક્ષુ ઈંદ્રિય કાંઇક અધિક લાખ યોજન દૂરથી રૂપને દેખી શકે છે. **વિષ્ણુકુમાર** વિગેરે પોતાના પગ પાસે રહેલ ખાડાદિકમાં રહેલ ઢેફા વિગેરે જોઈ શકે છે, તેથી લાખ યોજનથી કાંઈ અધિકપણું બતાવ્યું છે. એમ **નવતત્ત્વની અવચુર્ણિમાં** છે. માટે ચક્ષુ ઈંદ્રિયના વિષયમાં **વિષ્ણુકુમારનું** દૃષ્ટાંત બતાવેલ હોવાથી, **વિષ્ણુકુમારે** વિકુર્વેલું શરીર આત્માંગુલના માપથી બનેલ હોય તેમ સંભવે છે. નહિંતર તો, દૃષ્ટાંત બંધબેસતું બને નહિ. આમ છતાં **હીરપ્ર-**

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**શ્નમાં ચોથાપ્રકાશને અંતે "વિષ્ણુકુમારે** બનાવેલ શરીર ઉત્સેધ અંગુલનાં માપથી છે" એમ કહ્યું, તે કેવી રીતે ઘટે ?

ઉ૦ **વિષ્ણુકુમારે** વિકુર્વેલ કાંઇક અધિક લાખ યોજનનું શરીર **ચમરેન્દ્ર** વિગેરેની પેઠે પ્રમાણ અંગુલથી પણ બન્યું હોય, તેમ સંભવે છે. માટે આમાં કાંઈ વાદવિવાદ નથી. અને જે **હીરપ્રશ્નમાં** તેને ઉત્સેધ અંગુલના માપવાળું કહ્યું, તેમાં કાંઈક વિધેય છે. ॥ ૩–૧૨–૧૮–૨૭૯ ॥ ૬૨૮ ॥

પ્ર૦ પ્રતિક્રમણમાં ખમાસમણ આપીને **ભગવાનહં: આચાર્યહં:** ઈત્યાદિક ચાર ખમાસમણમાં પહેલું જે **ભગવાનહં:** આ પદમાં ભગવત્ શબ્દનો અર્થ શો થાય ? કોઇક કહે છે કે–"**સુધર્મા સ્વામી** થાય" અને કોઈક–"મંડલીના સ્વામિ ગીતાર્થ મુનિવર થાય" એમ કહે છે. અને કોઈક "તીર્થંકર અર્થ થાય" એમ બોલે છે. અને **પ્રતિક્રમણ હેતુ ગર્ભ ગ્રંથના બાલબોધમાં च्यारे खमासमणे अरिहन्तादिक वांदइ** એમ લખ્યું છે, અને **લઘુપ્રતિક્રમણ ગર્ભ હેતુમાં** ભગવત્ શબ્દના ચાર અર્થ બતાવ્યા છે, માટે શો અર્થ થાય ?

ઉ૦ **પરંપરાએ** ભગવત્ શબ્દનો અર્થ ધર્માચાર્ય સંભળાય છે, અને જે **પ્રતિક્રમણ હેતુ ગર્ભના બાલબોધમાં** "ચાર ખમાસમણે અરિહંતાદિક વાંદઇ" એમ કહ્યું છે, તે **બાલબોધ: કોનો** કરેલ છે? તે જણાવવું. તે જોયા બાદ જણાશે. ॥ ૩–૧૨–૧૯–૨૮૦ ॥ ૬૨૯ ॥

પ્ર૦ દેરાસરમાં મૂલનાયકની દૃષ્ટિ દ્વારશાખાના કેટલામા ભાગે લાવવી જોઇએ? અને **વિવેક વિલાસ** વિગેરેમાં શું બતાવ્યું છે ?

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉ૦ વિવેક વિલાસમાં—

**द्वारशाखाष्टभि र्भागैरधः पश्चात् विधीयते ।**
**मुक्त्वाऽष्टमं विभागं च, यो भागः सप्तमः पुनः ॥१॥**
**तस्यापि सप्तमे भागे, गजांशस्तत्र संभवेत् ।**
**प्रासाद-प्रतिमादृष्टि र्नियोज्या तत्र शिल्पिभिः ॥२॥**

"દ્વાર શાખાના નીચેથી ઉપર સુધી આઠ ભાગ કરવા. તેમાં સઉથી ઉપરનો આઠમો ભાગ છોડી દેવો, અને વળી સાતમા ભાગના આઠ ભાગ કરવા, તેમાં નીચેથી તેનો યે સાતમો ભાગ આવે, તેમાં **ગજાંશ** સંભવે, માટે તેમાં શિલ્પિઓએ પ્રતિમાની દૃષ્ટિ રાખવી.

"દ્વાર શાખાના કરેલા આઠ ભાગોમાંથી જે સાતમો ભાગ છે, તેના આઠ ભાગ કરવા. તેમાં નીચેના છઃ અને ઉપરનો એકઃ છોડી દઇ સાતમા ભાગમાં પ્રતિમાની દૃષ્ટિ રખાય છે. તે જાણી લેવું ॥ ૩-૧૨-૨૦-૨૮૧ ॥ ૬૩૦ ॥

પ્ર૦ જિનમંદિરમાં ભમતીની દેરીઓ ૨૩ કરવી કે ૨૪ ? "મૂળ નાયક સાથે ચોવીશ થાય માટે ૨૩ જ કરવી" એમ કોઈ કહે છે. તેથી આમાં પ્રમાણ શું ?

ઉ૦ મૂળનાયકના દેરાથી જુદી ૨૪ દેરીઓ કરાય છે, એમ અહીંના સૂત્રધારો કહે છે. ॥ ૩-૧૨-૨૧-૨૮૨ ॥ ૬૩૧ ॥

પ્ર૦ ચાર નિકાયના દેવોની એક એક કોટિ એટલે ચાર ક્રોડ દેવો જઘન્યથી તીર્થંકર પ્રભુ પાસે હોય ? કે તમામના મળી એક ક્રોડ દેવો હોય ? તે જણાવવા કૃપા કરશો. કોઈ કહે છે કે— "ચાર ક્રોડના અક્ષરો **વીતરાગસ્તવ ટીકામાં** છે." તે સાચું છે ? કે નહિ ?

ઉ૦ ચારે નિકાયના મળી એક ક્રોડ દેવો હોય છે, એમ જણાય છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કેમકે **નામમાલા** વિગેરેમાં તેમ કહેલ છે. અને જેમાં "દરેક નિકાયના એક એક ક્રોડ દેવો હોય" એમ કહેલ હોય, તે **વીતરાગ સ્તવની ટીકા** કઈ? અને કોણે બનાવેલ છે? તે જણાવવું. તેથી જણાશે. ॥ ૩-૧૨-૨૨-૨૮૩ ॥ ૬૩૨ ॥

પ્ર૦ જિનેશ્વરના સમોસરણમાં સંખ્યાતા દેવો માય? કે અસંખ્યાતા માય?

ઉ૦ **યોગશાસ્ત્ર ટીકામાં** કહ્યું કે "સમોસરણમાં અસંખ્યાતા સુરનર વિગેરે માઈ જાય છે" માટે તેમાં કાંઈ અયોગ્ય નથી. અને જે **નામમાલા** વિગેરેમાં કોઈ ઠેકાણે કોટાકોટિ સંખ્યા બતાવી છે, તેમાં વિશેષની વિવક્ષા કરી નથી. એમ જણાય છે. ॥ ૩-૧૨-૨૩-૨૮૪ ॥ ૬૩૩ ॥

પ્ર૦ **સંવચ્છરી પ્રતિક્રમણમાં** "૪૦ **લોગસ્સનો** કાઉસ્સગ્ગ કરી ઉપર એક નવકારનોકાઉસ્સગ્ગ કરવો." એમ કોઈ કહે છે. અને કોઇ કહે છે કે "છેલ્લો નવકારનો કાઉસ્સગ્ગ ન કરવો." આમાં પ્રમાણ શું?

ઉ૦ સંવચ્છરી પ્રતિક્રમણમાં નવકાર સહિત ૪૦ લોગસ્સનો કાઉસ્સગ કરવાનું **પ્રતિક્રમણ હેતુ ગર્ભ ગ્રંથમા** કહ્યું છે. અને પરંપરાએ પણ તેમજ કરાય છે.॥ ૩-૧૨-૨૪-૨૮૫ ॥૬૩૪॥

પ્ર૦ ગૃહસ્થની હાજરીમાં વિચરતા સાધુઓએ રજોહરણે કરી પગ પૂંજવામાં આવે, તો **પ્રમાંર્જના અસંયમ** દોષ બતાવેલ છે, તેમાં શું હેતુ છે?

ઉ૦ અપરિણિત લોકો ઉપહાસ વિગેરે કરે, તે હેતુ જાણવો ॥ ૩-૧૨-૨૫-૨૮૬ ॥ ૬૩૫ ॥

પ્ર૦ જે અરિહંત આદિ **વિશપદનું** આરાધન કરે છે, તેમાં તે પદનું ગણણું ઉપવાસના દિવસેજ કરાય? કે ત્રણ દિવસ સુધીમાં કરાય?

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**ઉ૦** જે ચોથ ભક્તે વીસસ્થાનક તપ આરાધન કરે છે, તે જો જુદા જુદા ચોથ–ભક્તો કરતો હોય, તો ત્રણેય દિવસમાં પણ પદનું ગણણું કરી શકેઃ પણ લાગલાગટ કરે, તો સંભવ પ્રમાણે કરે. એમ જાણવું. ॥ ૩–૧૨–૨૬–૨૮૭ ॥ ૬૩૬ ॥

**પ્ર૦** આ જગતમાં કેટલાક જીવો પહેલાં અનેક પ્રકારની યોનિવાળા બની પોતે કરેલ કર્મને આધીન બનેલા હોવાથી, ત્રસ અને સ્થાવરના સચિત્તઃ અને અચિત્તઃ શરીરોમાં પૃથ્વીકાયપણા- એ ઉત્પન્ન થાય છે.

જેમ "મસ્તકમાં મણિ પેદા થાયઃ હાથીદાંતમાં મોતીએ. પેદા થાયઃ વિકલેન્દ્રિય સીપો વિગેરેમાં પણ મોતીઓ થાયઃ અને પારકર વિગેરે ભૂમિમાં લવણપણે ઉપજે છેઃ " આ પાઠ **સૂયડાંગ સૂત્રની દીપિકામાં** છે. એમ કહીને **ખરતરો** મોતીને સચિત્ત કહે છે. અને **હીરપ્રશ્નમાં** મોતી અચિત્ત કહેલ છે, તો તે કેવી રીતે છે?

**ઉ૦** **સૂયડાંગ સૂત્રની દીપિકા વિગેરેમાં** " મોતી જોકે સચિત્ત- પણે ઉપજે " એમ કહેલ છે, તોપણ **અનુયોગદ્વાર** વિગેરેમાં અચિત્ત મોતી કહ્યા છે, તેથી ઉપજવાના સ્થાને મોતી સચિત્ત હોય, અને ત્યાંથી બહાર નિકળેલા અચિત્ત હોય છે. એમ **બહુશ્રુતો** કહે છે. જેઓ સર્વદા મોતીનું સચિત્તપણું કહેતા હોય. તેઓને મોતીના ચુડલાવાળી શ્રાવિકાઓના હાથે આહારાદિકનું વહોરવું વિગેરે વર્જી દેવું પડશે. ॥ ૩–૧૨–૨૭ –૨૮૮ ॥ ૬૩૭ ॥

**પ્ર૦** **"जाय–मयसूअगाईनिच्छूढा"** ઇત્યાદિ. આમાં **સૂતક** શબ્દ દરેક સાથે જોડાય છે, તેથી **જાતસૂતક**–જન્મ પછી દશ દિવસ સુધી, અને **મૃતસૂતક**–મરણ પછી ૧૦ દિવસ સુધી હોય છે.



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેમાં જે વર્જ્ય છે, તે બે પ્રકારે છે. લાકિકઃ અને લોકાત્તરઃ તેમાં લૌકિક બે પ્રકારે છે. ઇત્વરઃ અને **યાવત્કથિક.** તેમાં **ઇત્વર** મરણ વિગેરેનું તે બતાવે છે—લોકમાં **સૂતકના** દશ દિવસ વર્જ્ય છે, તે **ઇત્વર** છે. અને **યાવત્કથિકઃ** એટલે વરુડઃ છીંપાઃ ચામડીઆઃ ડાંબઃ વિગેરે—અસ્પૃશ્ય જાતિઓના સ્પર્શ વર્જવો, આ પ્રમાણે **વ્યવહાર ટીકામાં** છે. " એમ કહીને **ખરતરો** સૂતકનું ઘર ૧૦ દિવસ સુધી વર્જે છે. અને **હીરપ્રશ્નમાં** તો કહ્યું છે કે—" દશ દિવસના પ્રતિબંધ જાણ્યો નથી. " તો આ બાબત કેમ છે ?

ઉ૦ **વ્યવહારસૂત્રની ટીકામાં** જે દશ દિવસનું વર્જન છે, તે દેશ-વિશેષને આશ્રયીને છે, તેથી જે દેશમાં **સૂતકસંબંધી** જે મર્યાદા હોય, તેટલા દિવસ વર્જવા, તેથી **પ્રશ્નોત્તર ગ્રંથ** સાથે કોઇ વિરોધ આવશે નહિ. ॥૩–૧૨–૨૮–૨૮૯॥૬૩૮॥

પ્ર૦ **પ્રવચન સારોદ્ધારના ત્રીજા શતકની ૩૩ મી ગાથાના संगरिगाइंमि अव्वडिओ** આ પદના વ્યાખ્યાનમાં **આણંદ-સૂરિજીએ** કહેલ છે કેઃ—" **સાંગરી** વિગેરે ન નાંખ્યા હોય, તેવો દહીંનો ઘોળ વિગેરે કલ્પે છે, જો સાંગરી વિગેરે નાંખ્યા હોય, તો વિદલદોષનો સંભવ હોવાથી ઘોળ વિગેરે કલ્પે નહિ." આ વચનના બળથી **ખરતરો** સાંગરિફળ. અને બાવળના પઇડાને પણ વિદલપણે માને છે. **આનંદસૂરિ** તો **વડગચ્છીય** સંભળાય છે, માટે તેનું વચન કેવી રીતે આપણને પ્રમાણ ન હોય ?

ઉ૦ **આનંદસૂરિનો** કરેલો ગ્રંથ તો હજુ સુધી જેવામાં આવ્યો નથી, તે જેવામાં આવે, તો તે સંબંધી વિચાર કરવો વ્યાજબી ગણાય. નહિંતર તો ન ગણાય ॥૩–૧૨–૨૯–૨૯૦॥૬૩૯॥

For Private and Personal Use Only

**પ્ર૦ પન્નવણાના** બીજા પદમાં બાદર અગ્નિના અધિકારમાં **वाघाय पडुच्च पञ्चसु महाविदेहेसु** આ પદના વ્યાખ્યાનમાં "વ્યાઘાત–એટલે અતિસ્નિગ્ધકાલઃ અથવા અતિ લુખો કાલઃ તે છતા અગ્નિનો વિચ્છેદ થાય છે, તેથી જ્યારે પાંચ **ભરત** અને **ઐરાવતમાં સુષમ–સુષમા** અને **સુષમ–દુષમા** વર્તે છે, ત્યારે અતિસ્નિગ્ધકાલ છે, અને **દુષમ દુષમામાં** અતિ લુખો કાલ છે, તેમાં અગ્નિનો વિચ્છેદ છે." એમ કહ્યું છે. આ કથનમાં પ્હેલા આરે અને ત્રીજા આરે બાદર અગ્નિનો નિષેધ કહ્યો, બીજા આરે નહિ. તેથી બીજા આરે અગ્નિ હોય? કે નહિ ?

વળી, **સુષમ–દુઃષમામાં** અગ્નિનો નિષેધ કહ્યો અને **अगणिस्स य उट्ठाणं** ઇત્યાદિક ફરી અગ્નિનો સંભવ કહ્યો, તે કેવી રીતે ઘટે ?

વળી, **ઉત્સર્પિણીનો** બીજો આરો કેટલોક જાય; ત્યારે બાદર અગ્નિ ઉપજશે, અને કેટલોક જાશે, ત્યારે નીતિ શરૂ થશે, તે નીતિનો પ્રવર્તક કોણ થશે ?

**ઉ૦ પન્નવણાના** પાઠ અનુસાર પહેલાંઃ બીજાઃ અને ત્રીજાઃ આરામાં કાળનું અતિસ્નિગ્ધપણું કહ્યું છે, તેથી શંકા શી રહે? અર્થાત્ નજ રહેવી જોઇએ. ત્રીજા આરામાં અતિસ્નિગ્ધપણું કહ્યું છે, છતાં "તેને છેડે અગ્નિનું ઉત્થાન થાય" ઈત્યાદિ કથન તો અલ્પની અવિવક્ષા હોવાથી દૂષણ કરનાર નથી.

"ઉત્સર્પિણીના બીજા આરાની શરૂઆતમાં પુષ્કરાવર્ત વિગેરે પાંચ મેઘો વર્ષવાથીઃ બાદર વનસ્પતિ પ્રગટ થવાથી, બીલથી બહાર નીકળેલ મનુષ્યોએ માંસાદિ વર્જનરૂપ નીતિ આદરી. અનેગામડા વિગેરેની રચનાઃ આદિ શબ્દથી અગ્નિ વિગેરેનો

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સંભવ થતાં પાકાદિક કરવાનું: બીજા આરાને છેડે જાતિસ્મરણ-વાળા પહેલા **વિમલ વાહન કુલકર**થી પ્રવર્ત્યું." એમ **હૈમ-વીર ચરિત્રમાં** કહેલ છે. ॥ ૩-૧૨-૩૦-૨૯૧ ॥ ૬૪૦ ॥

પ્ર૦ **પન્નવણાના બીજા પદમાં** બેઇંદ્રીય વિગેરે **પર્યાપ્ત અને અપર્યાપ્તાના સ્થાનના પ્રશ્નના અધિકાર**માં **उड्ढलोए तदेक्कदेसभागे** આ પદમાં–" ઉર્ધ્વલોકમાં તેના એક દેશ ભાગમાં " એટલે **મેરુપર્વત** વિગેરેની વાવડીઓમાં શંખ વિગેરે બે ઇંદ્રિયાદિ જીવો કહેલા છે, અને

**एगिंदिअ पंचेदिय उड्ढे अ अहे अ तिरिअ लोए अ।**

**विगलिंदिअ जीवा पुण, तिरिअलोए मुणेअव्वा ॥१॥**

આ ગાથામાં "તિર્યગ્લોકમાં વિકલેંદ્રિય જીવો જાણવા" એમ કહ્યું તે કેવી રીતે છે ?

ઉ૦ **એગિંદિય પંચિંદિય**૦ આ ગાથામાં જે તીર્યગ્લોકમાંજ બે ઇંદ્રિયજીવોનું પ્રતિપાદન કર્યું, તે બહુલતાને આશ્રયીને જાણવું. ॥ ૩-૧૨-૩૧-૨૯૨ ॥ ૬૪૧ ॥

પ્ર૦ **પ્રથમપદમાં આસાલિકના અધિકારમાં अंतोमुहुत्तद्धाउआ** આ પાઠ દેખાય છે, અને **ટીકામાં अद्धा** એ પદનું વ્યાખ્યાન જોવામાં આવતું નથી, તેથી **સૂત્ર**માં તે પદ અધિક છે ? કે **ટીકામાં** ન્યૂન છે ?

ઉ૦ સૂત્રમાં **अद्धा** પદ છે, **ટીકામાં** તેનું વ્યાખ્યાન કર્યું નથી, તે તો સુગમ હોવાથી કરેલ નથી. એમ જાણવું. ॥ ૩-૧૨-૩૨-૨૯૩ ॥ ૬૪૨ ॥

પ્ર૦ લીલા નાળીએરમાં અથવા સૂકા નાળીએરમાં કેટલા જીવ હોય? તેમજ તેના બીયામાં સંખ્યાતા જીવ હોય ? કે અસંખ્યાતા

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હોય ? કે અનંતા જીવો હોય ? કેમકે–કેટલાકો બીયામાં અનન્તા જીવો હોય, એમ પ્રતિપાદન કરે છે, માટે ખરું શું છે?

ઉ૦ બી સહિત નાળીએરમાં એકજ જીવ હોય છે. ॥ ૩–૧૨–૩૩ ૨૯૪ ॥ ૬૪૩॥

પ્ર૦ લીલા તથા સૂકા સીંગોડામાં કેટલા જીવો હોય?

ઉ૦ લીલા અથવા સૂકા સીંગોડામાં બે જીવ કહેલ છે. ॥ ૩–૧૨–૩૪–૨૯૫ ॥ ૬૪૪॥

પ્ર૦ આવળ વનસ્પતિમાં સંખ્યાતાજીવોઃ અસંખ્યાતા જીવોઃ ? કે અનંત જીવોઃ હોય ? અને તેનું સ્વરૂપ કયા ગ્રંથમાં કહેલું છે?

ઉ૦ આવળના મૂળ વિગેરેમાં અસંખ્યાત જીવો હોય છે. અને પાંદડા વિગેરેમાં એક એક જીવ હોય છે. એમ **પન્નવણા** સૂત્ર વિગેરેમાં કહ્યું છે. ॥ ૩–૧૨–૩૫–૨૯૬ ॥ ૬૪૫ ॥

પ્ર૦ ઉત્સેધ આંગુલથી બનેલ ત્રણ હાથથી માંડી છ હાથવાળા જીવોને તેજ ભવમાં મોક્ષ થાય ? કે નહિ ?

ઉ૦ ઉત્સેધ અંગુલથી બનેલ બે હાથથી માંડી પાંચસો ધનુષ્ય સુધી શરીર ધારણ કરવાવાળા જીવો મુક્તિમાં જઇ શકે છે. ॥ ૩–૧૨–૩૬–૨૯૭ ॥ ૬૪૬ ॥

પ્ર૦ **अद्दामलगपमाणे पुढवीकाओ हवंति जे जीवा।**
**ते पारेवयमित्ता जंबूदीवे न मायंति ॥ १ ॥**
**एगंमि उदगबिंदुंमि, जे जीवा जिणवरेहिं पन्नत्ता ।**
**ते जइ सरसवमित्ता, जंबुदीवे न मायंति॥ २ ॥**

"લીલા આંમળા પ્રમાણ પૃથ્વીકાયના કકડામાં જે જીવો હોય છે, તેને પારેવા જેવડા શરીરવાળા કલ્પ્યા હોય; અને તેનાથી જંબૂદ્વીપ ભરવામાં આવે, તો તે જીવો જંબૂદ્વીપમાં માય નહિ ॥ ૧ ॥

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એક પાણીના બિંદુમાં જેટલા જીવો જિનેશ્વરોએ કહેલ છે, તે જીવોને સરસવ જેવડા શરીરવાળા કલ્પીને તે જીવોથી **જંબૂદ્વીપ** ભરવામાં આવે, તો **જંબૂદ્વીપમાં** તે બધા માઈ શકે નહિઃ"

આ બે ગાથા **પ્રતિક્રમણ સૂત્ર ટીકા** અને **પ્રવચન સારોદ્ધાર ટીકા** વિગેરેમાં જેમ જોવામાં આવે છે, તેમ તેઉ-કાય વિગેરે એકેન્દ્રિય જીવોનું પ્રતિપાદન કરનારી ગાથાઓ પ્રાયઃ કરી ગ્રંથમાં જોવામાં આવતી નથી. તેનું શું કારણ? તેમજ "બરંટીના ચાખા [ કુરીયા ] પ્રમાણ તેઉકાયમાં જે જીવો છે, તેઓને મસ્તકની લિખ પ્રમાણ દેહવાળા કલ્પી, તેનાથી **જંબૂદ્વીપ** ભરવા માંડે, તો તેમાં સમાઈ શકે નહિઃ અને માત્ર લીંબડાનું પાન ફરકાવે તેટલાજ વાયુકાયમાં જેટલા જીવો છે, તેઓનો ખસખસ જેવડો દેહ કલ્પીને ભરવા માંડીએ તો **જંબૂદ્વીપમાં** માય નહિ." આ અર્થ પ્રમાણ છે? કે નહિ?

વળી, આ અર્થ પ્રતિપાદન કરનાર જેવી તેવી બે ગાથા છૂટા પાનામાં છે.

**बरंटीतंदुलमित्ता, तेऊजीवा जिणेहिं पन्नत्ता ।**
**मत्थयलिक्खपमाणा जंबुद्दीवे न मायंति ॥ १ ॥**
**जे लींबपत्तफरीसा, वाउजीवा जिणेहिं पन्नत्ता ।**
**ते जइ खसखसमित्ता जंबुद्दीवे न मायंति ॥ २ ॥**

વળી, જે પૃથ્વીકાય વિગેરે જીવનુ પ્રમાણ પ્રતિપાદન કર-નારી ગાથામાં પારેવા વિગેરે બતાવ્યા છે, તે જુદાજુદા તીર્થંકરના કાળમાં જુદા જુદા પ્રમાણવાળો દેહ ધારણ કરવાવાળા હોય છે, તેથી કયા કાળના પારેવા ગ્રહણ કરવા?

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉ૦ તેઉકાય વિગેરેના શરીરનું માપ પ્રતિપાદન કરનારી બે ગાથા જોકે **મોટા ગ્રંથોમાં** જોવામાં આવતી નથી, તો પણ સૂત્ર સાથે મળતીજ છે. કેમકે–તેનો અર્થ સૂત્રને અનુસરતો છે. તેમજ જીવમાન પ્રતિપાદન કરનારે પારેવા વિગેરેનું માન અવસ્થિત-કાળવાળા **મહાવિદેહ**માં જે હોય છે, તે ગ્રહણ કરવું. એમ જણાય છે. ભોળાજીવોને બોધ કરવા માટે આ ઉપદેશ છે. માટે તેમાં કાંઈ પણ દોષ નથી. ॥ ૩–૧૨–૩૭–૨૯૮।૬૪૭॥

**પ્ર૦ નામમાલામાં છઠ્ઠે આરે** મનુષ્યો ૧૬ વર્ષના આયુષ્ય વાળા અને એક હાથ ઉંચા દેહવાળા થશે." એક કહ્યું છે. અને **લઘુક્ષેત્રસમાસમાં** તો "**પાંચમા સરીખા છઠ્ઠા આ**-રામાં બે હાથ ઉંચા અને ૨૦ વરસના આઉખાવાળા મનુષ્યો થશે." એમ કહ્યું. તે શી રીતે બંધ બેસતું થાય?

ઉ૦ **નામમાલામાં** મનુષ્યનું જે માન બતાવ્યું, તે છઠ્ઠા આરાના છેલ્લા ભાગનું જાણવું. અને લઘુક્ષેત્ર **સમાસમાં** જે કહ્યું, તે **છઠ્ઠા આરાના પહેલા દિવસને** આશ્રયીને જાણવું ॥ ૩–૧૨–૩૮–૨૯૯ ॥ ૬૪૮ ॥

**પ્ર૦ લઘુક્ષેત્ર સમાસમાં** "પ્રથમના ત્રણ આરાઓમાં મનુષ્યોને અનુક્રમે ૩–૨ અને ૧ દિવસે તુવરનો કણ–બોર–અને આંબળા પ્રમાણ આહાર હોય છે." એમ કહ્યું છે. તો તે તુવરનો દાણો વિગેરે: આરે આરે જુદા જુદા માનવાળા હોય છે. તેથી કયા આરાના તે ગ્રહણ કરવા ?

ઉ૦ પહેલાં બીજાં અને ત્રીજા આરામાં જેવડા થાય તે લેવા. તે પ્રમાણે આહાર હોય એમ જાણવું. ॥ ૩–૧૨–૩૯–૩૦૦ ॥ ॥ ૬૪૯ ॥ [ આ કાળના જીવોને સમજાવવાના ઉદ્દેશથી એ માપ આપેલ હોય તો આ કાળના માપના તુવેર વિગેરે લેવા ઠીક

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લાગે છે.આ બાબત પ્રાચીન ગાથાઓમાં વિવેચન જોવામાં આવેલું છે. ]

પ્ર૦ **मज्झण्णाओ परओ जाव दिवसस्स अंतो मुहुत्तं ताव घिप्पइ०**

"મધ્યાન્હથી લઇ દિવસના છેલા અંતર્મુહૂર્ત સુધી પોસહ લેવાય, એમ **સામાચારીમાં** છે. તેથી ત્રીજા પહોરની પહેલાં અને મધ્યાન્હથી આગળ રાત્રિપોસહ લેવો કલ્પે ?કે નહિ ?

ઉ૦ મધ્યાન્હ પછી રાત્રિપોસહ લેવો કલ્પે છે, પણ હાલમાં પ્રવૃત્તિ મુજબ પડિલેહણથી પહેલાં ઉચ્ચરાવતો નથી. પરંતુ પડિલેહણ બાદ કરાવાય છે. ॥ ૩-૧૨-૪૦-૩૦૧ ॥ ૬૫૦ ॥

પ્ર૦ શનિ વિગેરે ગ્રહોની રાશિ પરાવર્તનનો આ દિવસ છે, એમ જાણીને જેઓ જિનેશ્વરની પૂજાઃ આંબિલઃ વિગેરે કરે, તેઓનું સમકિત મલીન થાય ? કે નહિ ?

ઉ૦ શનિ વિગેરે ગ્રહોની રાશિ ફરે તે દિવસે વિશેષ તપઃ પૂજાઃ વિગેરે કરે, તેઓનું સમકિત મલિન થાય તેમ જાણેલ નથી. ॥ ૩-૧૨-૪૧-૩૦૨ ॥ ૬૫૧ ॥

પ્ર૦ જે દિવસથી માંડીને **શિવપંથીઓ માઘસ્નાન** કરે, તે દિવસથી માંડી કેટલાક શ્રાવકો પણ પોતાના ઘરે ઉનું પાણી વિગેરેથી સ્નાન કરીને જિનમંદિરમાં જઇ, જિન પૂજા કરે અને તે માસના છેલ્લા દિવસે જિનેશ્વરની ભક્તિને માટે રાતિ જગો અને લાડવા વિગેરે પકવાન કરે છે, તેને **માઘસ્નાન** કહેવાય છે. "તે કરવામાં મિથ્યાત્વ લાગે," એમ કહીને કેટલાકો નિષેધ કરે છે. તે પ્રમાણ છે ? કે નહિ ?

ઉ૦ **માઘ મહિનામાં** સ્નાનઃ પૂજાઃ છેડે રાતિ જગોઃ અને લાડવાઃ વિગેરેનું કરવું ! એવું જેઓ કરે છે, તે વ્યાજબી લાગતું નથી. પ્રસંગદોષ વિગેરે થઇ જાય, માટે તે ભયથી તે અનાચીર્ણ છે. ॥ ૩-૧૨-૪૨-૩૦૩ ॥ ૬૫૨ ॥

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**પ્ર૦** મોહનીયકર્મ તોડવા ૨૮ અઠ્ઠમો નિરંતર કરવા શરૂ કર્યા, તેની વચમાં ઉચ્ચરેલ **પંચમીઃ રોહિણીઃ** વિગેરે દિવસ આવે, તો તેની તપશ્ચર્યા અઠ્ઠમોમાં સમાઈ જાય ? કે જુદો ઉપવાસ કરવો જોઇયે ?

**ઉ૦** મોહનીય કર્મના નિરંતર અઠ્ઠમો કરવા શરૂ કર્યા, અને વચગાળે **પંચમીઃ રોહિણીઃ** વિગેરેનો તપ જેટલો કરવો બાકી રહ્યો હોય; તે શક્તિ છતાં પછી કરી આપવો, અને શક્તિ ન હોય, તો તેમાં પણ આવી જાય છે. ॥ ૩–૧૨–૪૩–૩૦૪ ॥ ૬૫૩ ॥

**પ્ર૦** પદનું ગણણું અથવા એકવારનું દેવવંદન ભૂલી જવાય, તો બીજે દિવસે પારણું કરવા અગાઉ તે કરી લે, તો સુઝે ? કે નહિ ?

**ઉ૦** પ્રથમ દિવસે વિસ્મરણથી રહી ગયેલ **પદગણણું** અથવા એક વખતનું **દેવવંદન** બીજા દિવસે પારણા પહેલાં તપનો છેલ્લો દિવસ હોય વિગેરે મહાન્ કારણ સિવાય કરવું કલ્પે નહિ. પરંતુ થતું જોવામાં આવે છે. ॥ ૩–૧૨–૪૪–૩૦૫ ॥ ૬૫૪ ॥

**પ્ર૦ પાંચમી શ્રાવક પડિમામાં** કછોટો વાળવાનો નિષેધ છે, તે બાબત કોઇ કહે છે કે–"રાત્રિએ ચારે દિશાના કાઉસ્સગ્ગમાં કછોટો વાળવો નહિ. બીજા તમામ અવસરે કછોટો વાળવોજ." તો આમાં શું તત્ત્વ છે ?

**ઉ૦ પાંચમી પડિમાથી अबद्धकच्छ** "અબદ્ધકચ્છવાળો શ્રાવક રહે" આમ ગ્રંથમાં જોવામાં આવ્યું છે. "કાઉસ્સગ્ગ વખતેજ કછોટો વાળવો નહિ" એમ જે બોલે છે, તેને પૂછવું કે–એવા અક્ષરો કયા ગ્રંથમાં છે ? ॥ ૩–૧૨–૪૫–૩૦૬ ॥ ॥ ૬૫૫ ॥

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**પ્ર૦ સમવસરણ સ્તોત્રમાં** "યક્ષો ચામરો વીંઝે," એમ કહ્યું છેઃ
**करकलिअकणयदंडा सोहम्मीसाण सुरवरा ताव ।**
**ढालिंति चामराइ उभओ पासेसु उद्धूटिआ ॥**

**શીલભાવના સૂત્ર ટીકાની** આ બતાવેલ ગાથામાં તો "સૌધર્મ ઈન્દ્રઃ અને ઈશાનઈંદ્રઃ ચામરો ઢાલે છે, એમ કહ્યું. તો આ બેમાંથી પ્રમાણ શું ?

**ઉ૦ શીલભાવના ગ્રંથ** અહીં મળી શક્યો નથી. ॥ ૩–૧૨–૪૬ –૩૦૭ ॥ ૬૫૬ ॥

**પ્ર૦** તીર્થંકરદેવનું વ્યાખ્યાન શ્રાવિકાઓ ઉભી ઉભી સાંભળે, તેવો પાઠ ક્યાં છે ?

**ઉ૦ આચારાંગ ટીકામાં** "સ્ત્રીઓ ઉભા ઉભા સાંભળે," તેમ કહેલ છે. ॥ ૩–૧૨–૪૭–૩૦૮ ॥ ૬૫૭ ॥

**પ્ર૦** શ્રાવિકા પેઠે દેવીઓ પણ ઉભા વ્યાખ્યાન સાંભળે ? કે બેઠા બેઠા સાંભળે ?

**ઉ૦** "દેવીઓ ઉભા ઉભા સાંભળે." તેમ આવશ્યકસૂત્રની ટીકામાં કહેલ છે. ॥ ૩–૧૨–૪૮–૩૦૯ ॥ ૬૫૮ ॥

**પ્ર૦** પાછલી રાત્રિએ શ્રાવકોઃ સાધુપાસે જઇ પડિક્કમણું કરતા જોવામાં આવે છે, તેનો પાઠ કયા ગ્રંથમાં છે?

**ઉ૦ સામાચારી ગ્રંથમાં** જેમ પોસહ કરવા માટે પાછલી રાત્રિએ સાધુ પાસે આવવું લખેલું જોવામાં આવે છે તે મુજબ પ્રતિક્રમણ માટે આવે, તે યુક્તિવાળું જણાય છે. ॥ ૩–૧૨–૪૯–૩૧૦ ॥ ૬૫૯ ॥

**પ્ર૦** કોઇક–બે ઘડી વિગેરે બાકી રાત્રિ રહી હોય, તે વખતે પોસહ ઉચ્ચરે છે. અને કોઈક પડિલેહણ કર્યા બાદ કરે છે, તે બેમાં શાસ્ત્રોક્ત વિધિ કયો ?

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉ૦ પાછલી રાત્રે પોસહકાળમાં પોસહ ઉચ્ચરવો, તે મૂળ વિધિ છે. અને તે કાલનું ઉલ્લંઘન કરવું તે અપવાદવિધાન છે. ॥ ૩–૧૨–૫૦–૩૧૧ ॥ ૬૬૦ ॥

પ્ર૦ '**આવશ્યક–ઓઘનિર્યુકિત ૧: પિંડનિર્યુકિત ૨: ઉત્તરાધ્યયન** ૩: અને **દશ વૈકાલિક** ૪: આ ચાર મૂળ ગ્રંથોને સદા સ્મરણ કરૂં છું.' **કુલમંડનસૂરિજીએ** કરેલ **પાકૃતસિદ્ધાંતસ્તવની** આ ગાથા છે. તેમાં મૂલ ગ્રંથો ઉપર્યુક્ત બતાવ્યા. અને **હીરપ્રશ્નમાં** કાંઈક ફેરફાર દેખાય છે, તો આ બાબત કેવી રીતે છે ?

ઉ૦ **आवस्सय ओहनिज्जुत्ति १ पिंडनिज्जुत्ति २ उत्तरज्झयणे ३। दसकालिअं ४ चउरोवि मूलगंथे सरेमि सया।१।**

આ ગાથામાં **ઓઘનિર્યુકિતનો નિર્યુક્તિપણાએ આવશ્યક નિર્યુકિતમાં** સમાવેશ કરેલ હોવાથી, તેની જુદી વિવક્ષા કરી નથી. અને **પિંડનિર્યુક્તિની પિંડેષણઅધ્યયનથી** જુદી ગણતરી કરી છે. અને **હીર પ્રશ્નમાં તો ઓઘનિર્યુક્તિની** છૂટક પાનાના લખાણ મુજબ–તેનો ભિન્ન વિષય હોવાથી જુદી ગણતરી કરી છે. અને **પીંડનિર્યુક્તિની** જુદી ગણતરી કરી નથી. માટે બધું યુક્ત છે. ॥ ૩–૧૨–૫૧–૩૧૨ ॥૬૬૧॥

પ્ર૦ 'ત્રણ પ્રદક્ષિણા કરવા પૂર્વક **મહાવીરદેવ** અને **ગણધરોને** નમસ્કાર કરીને **ઇશાનદીશામાં** યોગ્યતા અનુસાર **શ્રેણિકમહારાજ** બેસે છે.' આ **શીલભાવના** સૂત્ર ગાથાના ભાવાર્થ અનુસાર જેમ **મહાવીર ભગવંતને** ત્રણ પ્રદક્ષિણા આપવી, તેમ **ગણધરોને** પણ પ્રદક્ષિણા જુદી આપવી ? કે નહિ ?

ઉ૦ તીર્થંકર ભગવાનને ત્રણ પ્રદક્ષિણા કરતાં સાથેજ ગણધરોને

For Private and Personal Use Only

પણ આવી જાય છે. એમ જણાય છે. ॥ ૩–૧૨–૫૨–૩૧૩ ॥ ૬૬૨ ॥

પ્ર૦ કેટલાક **વૃદ્ધપોસાળિઆ** એમ કહે છે કે **इरिआकुसुमिणुसग्गो॰** વિગેરે આ બે ગાથામાં બતાવેલ બે વિધિઃ માર્ગ વિગેરેના કારણે શ્રદ્ધાળુ કરે નહિ. તે યોગ્ય છે? કે અયોગ્ય છે?

ઉ૦ ગુરુવંદન ભાષ્યની આ. ૩૮મી અને ૩૯મી ગાથા પ્રમાણે માર્ગ વિગેરે કારણ છતાં પણ, તે બે વિધિઃ સાચવવી યુક્તજ છે. ॥ ૩–૧૨–૫૩–૩૧૪ ॥ ૬૬૩ ॥

પ્ર૦ પ્રતિષ્ઠામાં પ્રતિમાના નેત્ર ખોલવાના અંજનમાં મધ નંખાય? કે નહિ?

ઉ૦ હાલમાં પ્રતિમાના અંજનમાં મધુ શબ્દે કરી સાકર કહેવાય છે. માટે તેજ નંખાય છે. ॥ ૩–૧૨–૫૪–૩૧૫ ॥ ૬૬૪ ॥

## ૧૩

# પણ્ડિત શ્રી જયવન્ત ઋષિ ગણિકૃત પ્રશ્નોત્તરો.

પ્ર૦ ચોમાસામાં **વિજયાદશમી** સુધી ખાંડ વહોરવી કેમ કલ્પે નહિ?

ઉ૦ પરંપરાએ ત્યાં સુધી ખાંડ લેવાનો નિષેધ કરેલો છે. ॥ ૩–૧૩–૧–૩૧૬ ॥ ૬૬૫ ॥

પ્ર૦ પ્રતિક્રમણમાં વિજળી અને દીવા વિગેરેનો પ્રકાશઃ શરીર ઉપર પડે, તો અગ્નિકાયની વિરાધના મનાય છે, તે **તપાએ** કરેલા ગ્રંથમાં છે? કે કોઇ બીજા ગ્રથમાં છે?

ઉ૦ **આવશ્યકનિર્યુક્તિ** કાઉસ્સગ્ગ અધ્યયનમાં–**अगणीउ छिंदिज्ज व, बोहिअ खोभाय दीहडक्को वा। आगारेहिं अभग्गो उस्सग्गो एवमाईहिं** ॥ આ ગાથામાં **अग-**

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**ણિત્તિ**—એટલે જ્યારે દીવા વિગેરેનો પ્રકાશ ફરસે, ત્યારે ઓઢવાને માટે કાંબળી વિગેરે લેવી પડે, તોપણ કાઉસ્સગનો ભંગ થતો નથી. એમ બતાવેલ છે. ॥ ૩–૧૩–૨–૩૧૭ ॥ ॥ ૬૬૬ ॥

## ૧૪

# પણ્ડિત શ્રી ભક્તિસાગર ગણિકૃત પ્રશ્નોત્તરો.

**પ્ર૦** **ખરતર** ગચ્છવાળા કહે છે કે–" અમારા પોસાતીઓ રાત્રિના ચોથા પહોરમાં ઉઠીને પોસહમાં સામાયિક કરે છે, અને તેનો પાઠ **પ્રતિક્રમણ સૂત્ર ચૂર્ણિમાં છે,** તેથી તમારા આચાર્યો પોસાતીને સામાયિક કેમ કરાવતા નથી ? "

**ઉ૦** રાત્રિ પોસહમાં પાછલી રાત્રિએ સામાયિક કરવા આશ્રયીને જે **ચૂર્ણિના** અક્ષરો છે, તેવું વિશેષ **સામાચારી** તરીકે સમર્થન કરવું જોઇયે. પણ તેમાં દૂષણ આપવું જોઇએ નહિ. કેમકે–તે **ચૂર્ણિ શિષ્ટપુરુષે** બનાવેલી છે. તે અક્ષરો જોવાથી સામાયિક કરાવવાની ફરજ અમારા ઉપર આવી પડતી નથી. કેમકે–તમામ વિશેષ **સામાચારીઓ** અવશ્યે કરી બધાઓએ કરવી જ જોઇયે. તેવા શાસ્ત્રના અક્ષરો જોવામાં આવતા નથી. અને વળી **ખરતર પક્ષવાળાઓને ચૂર્ણિનું** આ એક વાક્ય પકડવું, તે વ્યાજબી ભાસતું નથી. કેમકે–**ચૂર્ણિમાં** રહેલી તમામ **સમાચારી** તેઓ કરતા નથી. અને જો તેઓ **ચૂર્ણિને** પ્રમાણજ માનતા હોય, તો તેમાં રહેલી તમામ **સમાચારી** પણ તેઓ કેમ કરતા નથી ? આ વિષયમાં બહુ કહેવા યોગ્ય છે. ॥ ૩–૧૪–૧–૩૧૮ ॥ ૬૬૭ ॥

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્ર૦ અભવ્યોને સર્વથા મોક્ષની શ્રદ્ધા નહિ હોવાથી. દેવલોક વિગેરે પરલોકની શ્રદ્ધા હોય ? કે નહિ ?

વળી જીવાદિકતત્ત્વ શ્રદ્ધાનને આશ્રયીને **અંગારમર્દક આચાર્ય** જેવા તમામ અભવ્યો હોય ? કે નહિ ?

વળી સર્વકાળમાં અધ્યવસાયનું સરખાપણું હોય ? કે ન્યૂનાધિકપણું હોય ? જો સર્વેને અધ્યવસાયનું સરખાપણું હોય તો તેઓનું અનન્તી વખત ગ્રંથિદેશમાં આવવું કહ્યું છે, તે કેમ સંભવે ? કેમકે અધ્યવસાય ફર્યા વિના ગ્રંથીદેશમાં અવાય નહિ.

વળી **પ્રતિક્રમણ સૂત્ર ટીકામાં** "અભવ્યોને ભિન્ન દશ પૂર્વો" કહ્યા છે તે કેમ સંભવે ? કેમકે–**પ્રવચન સારોદ્ધારમાં** અભવ્યને પૂર્વલબ્ધિનો નિષેધ કહ્યો છે, અને **આગમવ્યવહારિમાં** પણ તેઓની ગણના કેમ સંભવે ?

ઉ૦ તમામ અભવ્યોને મુક્તિનું શ્રદ્ધાન નથી જ–પણ દેવલોકાદિકની શ્રદ્ધા કેટલાકોને હોય છે. કેમકે–**વિશેષઆવશ્યક ટીકા** વિગેરેમાં તેવું કહ્યું છે.

તેમજ, અભવ્યોને અધ્યવસાયની વિચિત્રતા હોયજ, કેમકે–**શુક્લઃ કૃષ્ણઃ** વિગેરે લેશ્યાવાળા તેઓ **નવમાગ્રૈવયક** વિગેરે અને **સાતમી નારકી** વિગેરેમાં જાય છે. માટે અધ્યવસાયનું સરખાપણું ઘટતુ નથીઃ કાર્યના ભેદે કારણના ભેદનો સ્વીકાર **ન્યાયસિદ્ધ છે.** સર્વઅભવ્યો **અંગારમર્દક આચાર્ય** સરખાજ હોય, એમ પણ **શાસ્ત્રમાં** જોવામાં આવ્યું નથી. તેમજ અભવ્યોને પૂર્વલબ્ધિને આશ્રયીને **पर्वाणि धारयन्तीति दशचतुर्दशपूर्वविदः** આ પ્રકારનું **આવશ્યક બૃહદ્વૃત્તિનું** વચન હોવાથી, **સંપૂર્ણદશ પૂર્વધર** વિગેરેઃ પૂર્વ લબ્ધિવાળા હોય

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એમ નિશ્ચય કરી શકાય છે. પણ બીજા નહિ. માટેજ અભવ્યોને અપૂર્ણ દશપૂર્વોનું જ્ઞાન છતાં પણ અન્યશાસ્ત્રોમાં પૂર્વધરલબ્ધિનો નિષેધ કહેલો છે. તે વ્યાજબીજ છે, તેમજ તેઓના **આગમવ્યવહારિપણામાં** પણ કાંઈ વાંધો આવતો નથી. ભવ્યોજ **આગમવ્યવહારી** હોય તેવા અક્ષરો શાસ્ત્રમાં જોવામાં આવતા નથી. ॥ ૩–૧૪–૨–૩૧૯ ॥ ૬૬૮ ॥

**પ્ર૦** "મોક્ષને માટે જે ક્રિયા કરે છે, તે **ક્રિયાવાદી** કહેવાય છે." એમ **પ્રઘોષ** ચાલે છે. તે સત્ય છે? કે અસત્ય?

જો સત્ય કહેશો, તો મોક્ષને માટે જીવહિંસા કરનાર **તુરકીથી** માંડી **ફીરંગી** સુધીના મિથ્યાદૃષ્ટિઓનું **ક્રિયાવાદિપણું** થઈ જશે. તેતો કેટલાક આપના શ્રાવકોને અને **અહીંના ઢુંઢિયાને** અને **ખરતરોને** હૃદયમાં ભાસતું નથી. ઉલટા **ઢુંઢીયા** આમ કહે છે કે–"તમારા જે જે **ગીતાર્થો** અહીં આવે છે, તેઓ ક્રિયા કરનાર સર્વ મિથ્યાદૃષ્ટિઓને **ક્રિયાવાદી** કહે છે. તે ખરાબ શ્રદ્ધાન છે." અને **ઢુંઢિયાઓ** સમકિતિઃ અને સમકિતની અભિમુખઃ જેઓ હોય તેને **ક્રિયાવાદી** કહે છે. બીજાઓને કહેતા નથી. માટે કેમ છે?

**ઉ૦** "મોક્ષને માટે જે ક્રિયા કરે તે **ક્રિયાવાદી**" એમ જે **પ્રઘોષ** છે, તે સત્યજ જણાય છે. મોક્ષને માટે કોઇપણ જીવ હિંસા વિગેરે કરતો નથી. કેમકે–**તુરકીઓના** [મુસલમાનોના] મૂળ શાસ્ત્રોએ જીવને મારવાનો નિષેધ કરેલ છે. અને **યાજ્ઞિકોને** પણ સ્વર્ગાદિકને માટે જ યજ્ઞ કરવાનું બતાવ્યું છે. તેમજ "સમકિતિઓજ અને સમકિતની સન્મુખ થયેલાઓ જ **ક્રિયાવાદી** કહેવાય." તેવા અક્ષરો શાસ્ત્રમાં નથી. ઉલટું **ભગવતી ટીકામાં** આ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રકારે કહ્યું છે કે-"આ સર્વે પણ હોય છે." જોકે બીજે ઠેકાણે મિથ્યાદૃષ્ટિઓ કહ્યા છે. તો પણ અહીં સમકિતિઓ ગ્રહણ કરવા. કેમકે-સારી રીતે **અસ્તિત્વવાદિઓ** હોય, તેઓને જ અહીં ગ્રહણ કરેલા છે. **ભગવતીસૂત્ર** વિશેષ બાબત સૂચવી રહ્યું છે, માટે તેમાં **ક્રિયાવાદી** પદે કરી. સમકિતિઓ ગ્રહણ કરેલા છે. અને બીજે તો **મિથ્યાદૃષ્ટિઓ** પણ લીધા છે. માટે તે બંન્ને **ક્રિયાવાદી** છે. એ તત્ત્વ છે. ॥ ૩-૧૪-૩-૩૨૦ ॥ ૬૬૯ ॥

પ્ર૦ **પન્નવણા ત્રીજા પદની ટીકામાં** "ક્ષેત્ર અનુસારે ચિંતવતા ત્રણલોકને સ્પર્શ કરનાર પુદ્ગલો સર્વથી થોડા હોય છે." એમ કહ્યું છે, તે કયા પુદ્ગલો? અને કેવી રીતે ત્રણ લોક વ્યાપી થાય છે?

ઉ૦ સચિત્તઃ અને અચિત્તઃ એમ બે પ્રકારે મહાસ્કંધો છે, તેમાં **કેવલિસમુદ્ઘાત** વખતે સકલ લોકમાં ફેલાઈ ગયેલો અનન્તાનન્ત પુદ્ગલમય મહાસ્કંધઃ જીવાધિષ્ઠિત હોવાથી, સચિત્તઃ કહેવાય છે. અને તેથી બીજો પુદ્ગલમય છે. તે તો વિસ્રસાપરિણામથી બનેલો તે સંપૂર્ણ લોકમાં ફેલાયેલો અચિત્તમહાસ્કંધઃ કહેવાય છે. આ પ્રકારે અનેક મહાસ્કંધો સંપૂર્ણલોકમાં પસરનારા કેવળિઓએ દેખ્યા છે, તે જાણવા. જો આ વિષય જાણવાની ઘણીજ આકાંક્ષા હોય, તો **વિશેષાવશ્યક ટીકાની પીઠિકામાં દ્રવ્યવર્ગણાનો અધિકારઃ** જોવો. ॥ ૩-૧૪-૪-૩૨૧ ॥ ૬૭૦ ॥

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ૧૫

## પણ્ડિતશ્રી શુભકુશલ ગણિકૃત પ્રશ્નોત્તર.

પ્ર૦ હાલમાં તપાગચ્છના શ્રાવકો ઇરિયાવહિયા કરવા પૂર્વક **સામાયિક મુહપત્તિ** પડિલેહે છે, તે બાબત કયા શાસ્ત્રમાં કહ્યું છે ?

ઉ૦ **મહાનિશીથમાં** અને **હારિભદ્રી દશ વૈકાલિક ટીકામાં** સ્પષ્ટપણે કહ્યું છે કે–"**ચૈત્યવંદન** વિગેરે તમામ ક્રિયાઓ **ઇરિયાવહિયા** પડિક્કમીનેજ કરવી. તેમાં **સામાયિક મુહપત્તિની** ક્રિયા પણ આવીજ જાય છે. તેથી તે પણ **ઇરિયાવહિયા** કરવા પૂર્વક કરવી. તે તત્ત્વ છે. ॥ ૩–૧૫–૧–૩૨૨ ॥ ૬૭૧ ॥

## ૧૬

## પણ્ડિતશ્રીપ્રેમવિજયગણિકૃત પ્રશ્નોત્તરો.

પ્ર૦ જિનેશ્વરો ગૃહસ્થપણામાં કેવલીને અથવા સાધુને પ્રણામ કરે ? કે નહિ ?

ઉ૦ આ બાબતમાં નિષેધ જાણેલ નથી. ॥ ૩–૧૬–૧–૩૨૩ ॥ ૬૭૨ ॥

પ્ર૦ ૫૬ દિક્કુમારીઓ કુમારી કેમ કહેવાય છે ?

ઉ૦ જેમ સર્વે ભવનપતિદેવો ક્રીડાપ્રિય હોય છે, તેથી તેઓ કુમાર કહેવાય છે, તેમ દિક્કુમારીઓ પણ ભવનપતિદેવી હોવાથી કુમારી કહેવાય છે. ॥ ૩–૧૬–૨–૩૨૪ ॥ ૬૭૩ ॥

## ૧૭

## પણ્ડિતશ્રી મુનિવિમલગણિકૃત પ્રશ્નોત્તરો.

પ્ર૦ પ્રતિવાસુદેવને કેટલા ? અને કયા કયા રત્નો હોય ?

ઉ૦ પ્રતિવાસુદેવને રત્નની સંખ્યાઃ અને કયાકયા રત્નોઃ હોય, એવો



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નિયમ શાસ્ત્રમાં જોયો નથી. તેથી **ચક્ર** વિગેરે રત્નોઃ સંભવ મુજબ હશે, એમ જણાય છે. ॥ ૩-૧૭-૧-૩૨૫ ॥ ૬૭૪ ॥

**પ્ર૦ કિલ્બિષિયા** દેવો **પહેલાઃ બીજાઃ ત્રીજાઃ અને છઠ્ઠા** દેવલોકની નીચે રહે છે, એમ કહ્યું છે. તેમાં અધઃ શબ્દે કરી નીચેનો પાથડો સમજવો ? કે તેથી પણ નીચેનો ભાગ સમજવો ?

વળી બત્રીશ લાખ વિમાન વિગેરેમાં સાધારણ દેવીઓની પેઠે તેઓના પણ કેટલાક વિમાનો છે ? અને વિમાનના એકભાગમાં અથવા વિમાનની બહાર રહે છે ? તેઓનો વિમાનના મધ્યમાં વસવાટ અનુચિત છે. કેમકે તેઓ ચાંડાલ જાતિના છેઃ અને વિમાનના અપાંતરાલભાગમાં ભૂમિ નહિ હોવાથી, બહાર પણ તેઓનો વસવાટ કેમ ઘટી શકે ? માટે તેઓનું રહેઠાણ, ગ્રંથનો પાઠ બતાવવા પૂર્વક જણાવશો.

**ઉ૦ કિલ્બિષિયાનો** વસવાટ બે દેવલોકો વગેરેની નીચે કહ્યો છે; તેમાં **અધઃ** શબ્દ નીચેના સ્થાનવાચક છે. પણ પહેલા પાથડાનો વાચક નથી ઘટતો; કેમકે ત્રીજા અને છઠા દેવલોક સંબંધી **કિલ્બિષિયાઓ**ને પહેલા પાથડામાં રહેલી ત્રણઃ અને તેરઃ સાગરોપમની સ્થિતિનો અસંભવ છે, તેમજ તેઓની વિમાનની સંખ્યા શાસ્ત્રમાં જોવામાં આવતી નથી.

વળી બત્રીશ લાખ વિગેરેમાં તેઓના વિમાનની ગણતરી સંભવી શકતી નથી. કેમકે-તેઓનો વસવાટ દેવલોકની નીચે બતાવ્યો છે, તત્ત્વ તો સર્વજ્ઞ મહારાજ જાણે. ॥ ૩-૧૭-૨-૩૨૬ ॥ ૬૭૫ ॥

**પ્ર૦ जंमि उ पीलिज्जंते०** આ ગાથાનો શબ્દપ્રમાણે અર્થ કરીએ, તો **બાવળ** વિગેરેનું વિદળપણું દૂર થઇ શકતું નથીઃ ઉલટું સ્થાપન થાય છે. કેમકે સ્નેહરહિત બાવળ વિગેરે છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેથી તેઓનું વિદળપણું ન થાય. તેમ આ ગાથાનો ભાવાર્થ જણાવવા કૃપા કરશો.

ઉ૦ બેદળનો સંભવ છતાં દાળ કરવામાં આવતાં પીલ્યાં છતાં જેમાં સ્નેહ–તેલઃ ન હોય. તે ધાન્યાદિકઃ **પૂર્વાચાર્યો વિદળ કહે** છે. **દ્વિદલમાં** ઉત્પન્ન થયું હોય, છતાં પણ જો સ્નેહવાળું હોય તો તે વિદળ કહેવાતું નથીઃ આ પ્રસ્તુત ગાથાનો ભાવાર્થઃ સ્પષ્ટજ છે. તેથી બાવળ વિગેરેના મિંજમાં સ્નેહ–તેલઃ હોવાથી તેઓને વિદળતાનો અભાવ છે. ॥૩–૧૭–૩–૩૨૭॥ ૬૭૬ ॥

પ્ર૦ **ઉપાસકદશાંગમાં** અને **યોગશાસ્ત્રમાં** શ્રાવકોને **પાંચ આચારના** અતિચારો કેમ કહ્યા નહિ ?

ઉ૦ ઉપાસકદશાંગ અને **યોગશાસ્ત્રમાં સમકિતમૂલબારવ્રતો** જ કહેવાની શરુઆત કરી છે, તેથી તે વ્રતોના અતિચારો કહ્યા છે. ॥ ૩–૧૭–૪–૩૨૮ ॥ ૬૭૭ ॥

પ્ર૦ **आमगोरससम्पृक्तंद्विदलं** આ વાકયમાં **ગોરસ** શબ્દે કરી શું શું લેવું ?

ઉ૦ **ગોરસ** શબ્દે કરી દુધઃ દહીંઃ અને છાશઃ એ ત્રણેય વાના પરંપરાએ લેવાય છે. **યોગશાસ્ત્રટીકામાં ગોરસ** શબ્દની વ્યાખ્યા કરી નથી. ॥ ૩–૧૭–૫–૩૨૯ ॥ ૬૭૮ ॥

પ્ર૦ સંધાન એટલે અથાણું, **યોગશાસ્ત્રના** અભિપ્રાયે "તેમાં જીવો પડી જાય ત્યારે તેને ત્યાગ કરવું." એમ બતાવ્યું. **પ્રવચનસારોદ્ધારમાં** તો, **સંસક્ત વિશેષણ** તેને લગાડેલ નથી. તો તેમાં શો અભિપ્રાય છે ? કઈ રીતીએ કર્યું હોય તો સંધાન થાય અને કઈ રીતીએ ન થાય ?

ઉ૦ સંધાન–અથાણું નહિ વાપરવાનું કારણ તો જીવો પડી ગયા હોય તેજ છે. **પ્રવચન સારોદ્ધાર ગ્રંથમાં** સંસક્ત પદ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અર્થાપત્તિન્યાયે સમજી શકાય છેજ. અને પાણી વિગેરેથી થયેલ લીલાપણું હોય તો સંધાન થાય છે. એમ **વૃદ્ધવ્યવહાર** છે, તે જાણવો. ॥ ૩-૧૭-૬-૩૩૦ ॥ ૬૭૯ ॥

**પ્ર૦ પક્ખી પ્રતિક્રમણમાં** શ્રાવકો તપાચાર વિગેરેના અતિચારો બોલે છે, તે સાધુઓ સાંભળે છે; તો કેવળ સાધુઓ પ્રતિક્રમણ કરે, તો તે અતિચારો બોલે ? કે નહિ ? હમણાં તો કોઈ કહેતા નથી.

ઉ૦ કેવળ સાધુઓ પ્રતિક્રમણ કરતા હોય, ત્યારે તપાચાર વિગેરેનાં અતિચારોનું સ્થાન આવે, તે વખતે પોતે કહેવા. અને તેવી પ્રવૃત્તિ પણ જોવામાં આવી છે. ॥ ૩-૧૭-૭ ॥ ૩૩૧ ॥ ૬૮૦ ॥

પ્ર૦ શ્રાવકોને ચરવળો રાખવાનું **तदप्पिअकरणे** આ પદથી જણાય છે. આ સિવાય કોઈ **ચૂર્ણિ** વિગેરેમાં સ્પષ્ટ કહેલ હોય તો તે અક્ષરો જણાવવા કૃપા કરવી.

ઉ૦ **साहूणं सगासाओ रयहरणं निसिज्जं वा मग्गंति, अह घरे तो से उवग्गहिअ रयहरणं अत्थि.**

"સાધુઓ પાસે કરે તો **રજોહરણ** અથવા **દંડાસણ** માંગી લે. અને ઘરે સામાયિક કરે. તો તેનું **રજોહરણ** હોય છે." ઈત્યાદિક **આવશ્યકચૂર્ણિ** વિગેરેમાં **રજોહરણના** અક્ષરો **છે.** શ્રાવકોને **રજોહરણ,** ચરવલોજ હોય છે. ૩-૧૭-૮-૩૩૨ ॥ ૬૮૧ ॥

પ્ર૦ **જીવાભિગમ વિગેરે** સૂત્રોમાં આરતિઃ મંગળદીવાનો પાઠ હોય તો, જણાવવા કૃપા કરશો.

ઉ૦ **જીવાભિગમાદિક સૂત્રોમાં** આરતી મંગળ દીવાનો સાક્ષાત્ પાઠ જોવામાં આવતો નથી. ઘણા **પ્રકરણોમાં** તો છે. પણ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેમાં **પંચાંગી સ્વીકારનારને** કોઈ હરકત નથી, એમ તાત્પર્ય છે. ॥ ૩–૧૭–૯–૩૩૩ ॥ ૬૮૨ ॥

પ્ર૦ ખાણમાંથી નિકળેલો હીંગલોક-**जोयणसयं तु गंतु** આ વાક્યથી વહાણ મારફત સો જોજન આવ્યો હોય, તો અચિત્ત થાય છે. તો કૃત્રિમ અચિત્તપણામાં તો કાંઈપણ શંકા રહે નહિ. છતાં તેનો સચિત્ત વ્યવહાર કરવામાં આવે છે. તેનું શું કારણ ?

ઉ૦ ખાણમાંથી નિકળેલો હિંગલોક સોયોજન વિગેરે દૂરથી આવેલો હોવાથી, અને કૃત્રિમતો સ્વતઃ બનેલો હોવાથી એ બન્ને અચિત્ત જણાય છે. પણ **અનાચીર્ણ** હોવાથી ગ્રહણ કરાતો નથી. હાલમાં સંસ્કારિત કરેલો હોય તો લેવાય. એમ **સાધુવ્યવહાર** છે. ॥ ૩–૧૭–૧૦–૩૩૪ ॥ ૬૮૩ ॥

## ૧૮

# પણ્ડિતશ્રી દેવવિજય ગણિકૃત પ્રશ્નોત્તરો

પ્ર૦ **जत्थ जलं तत्थ वणं**

" જ્યાં જલ છે ત્યાં વનસ્પતિ છે. "

આ નિયમ અવધારણવાળો છે ? કે બીજા પ્રકારે પણ છે ? તે વનસ્પતિમાં પણ પ્રત્યેક હોય ? કે સાધારણ હોય ? કે ઉભય હોય ? તેમજ **जत्थजलं** વિગેરે વચનથી શ્રાવકને ઘડા અગર ગોળા વિગેરેમાંથી પાણી વાપરતાં વનસ્પતિકાયની વિરાધના લાગે ? કે નહિ ?

ઉ૦ આ નિયમ ચોક્કસ છે. એમ જણાય છે. કેમકે **દશવૈકાલિક પિંડેષણાઅધ્યયનમાં साहट्टु निक्खिवित्ताणं** ઇત્યાદિ ગાથાની **ટીકામાં** તે નિયમ અવધારણ સહિત બતાવેલ છે. તેમજ તે વનસ્પતિઃ બાદર અનંતકાય અને પ્રત્યેકરૂપ જણાય છે. ઘડા વિગેરેનું પાણી વાપરવાથી વનસ્પતિની વિરાધના

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થાય છે. પરંતુ તેના પચ્ચક્ખાણનો ભંગ થતો નથી, કેમકે પચ્ચક્ખાણ વ્યવહારિ વનસ્પતિને આશ્રયીને હોય છે. ॥ ૩–૧૮–૧–૩૩૫ ॥ ૬૮૪ ॥

પ્ર૦ **મહાનિશીથમાં નમસ્કારશ્રુતસ્કંધના** પાઠમાં ઉપધાન ન કરનારને વિરાધનાનું ફળઃ અનંત સંસારમાં રખડપટી બતાવેલ છે; તેને આશ્રયીને કોઈ પૂછે તો શું પ્રરુપણા કરવી ?

ઉ૦ ઉપધાન નહિ કરવામાંજ અનન્તસંસારિપણું **મહાનિશીથમાં** બતાવ્યું, તે **ઉત્સર્ગનયને** આશ્રયીને છે. તેથી જે જીવ **નાસ્તિક** થઈને ઉપધાન કરવામાં નિરપેક્ષ થાય, તેને તે ફલ જાણવું, બીજાને નહિ. ॥ ૩–૧૮–૨–૩૩૬ ॥ ૬૮૫ ॥

પ્ર૦ પોસાતી એકાસણું કરે તેમાં ભોજન કરે છે; તો તે ભોજન કરવાનો પાઠ કયા ગ્રંથમાં છે ?

ઉ૦ પોસાતીને ભોજન કરવાનો પાઠ **પંચાસકચૂર્ણિમાં** અને **શ્રાદ્ધપ્રતિક્રમણચૂર્ણિ** વિગેરેમાં સ્પષ્ટ છે. ॥ ૩–૧૮–૩–૩૩૭ ॥ ૬૮૬ ॥

પ્ર૦ **चाउद्दसट्ठमुद्दिट्ठपुण्णिमासिणीसु णं पडिपुण्णं पोसहं** આ **સૂયડાંગસૂત્રના** વાકયની ટીકામાં **ઉદ્દિટ્ઠ** શબ્દે કરી કલ્યાણક **તિથિઓ** કહી છે, અને **પૌર્ણમાસી** શબ્દે કરી ત્રણ **ચોમાસી ની પુનમો** કહી છેઃ અને **રાયપસેણીયટીકામાં** તો **ઉદ્દિટ્ઠ** શબ્દે કરી **અમાવાસ્યાઃ** અને **પૌર્ણમાસી** શબ્દે કરી તમામ **પુનમોઃ** કહી છે. તો આવો અર્થભેદ કેમ છે ?

ઉ૦ **સૂયડાંગટીકા** અને **રાયપસેણીટીકાનું** વ્યાખ્યાન **ચરિતાનુવાદ** બતાવવા પુરતું છે. માટે તે વસ્તુનું, સાધકઃ અગર બાધકઃ થતું નથી. પણ **ભગવતીટીકા** અને **યોગશાસ્ત્રટીકા** વિગેરેમાં તો **ચારપર્વીના** અધિકારમાં **ઉદ્દિટ્ઠ** શબ્દે કરી

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સામાન્યથી **પૂર્ણિમાઃ** અને **અમાવાસ્યાઃ** કહેલી છે. તેથી આમાં શ્રાવકોને તે બંન્નેય જાણવી. ॥ ૩-૧૮-૪-૩૩૮ ॥ ૬૮૭ ॥

પ્ર૦ સિદ્ધાંતમાં **पडिपुण्णं पोसहं पालेमाणे** આ પાઠની **ટીકામાં** "સંપૂર્ણ અહોરાત્રિઃ" એવી વ્યાખ્યા કરેલી છે. તેથી ફક્ત દવસનો જ પોસહ કરવાનો પાઠ કયાં છે?

ઉ૦ **ઉત્તરાધ્યયન સૂત્રના પાંચમા અધ્યયનમાં अगारि सामाइ अंगाइं** આ ગાથાની **ટીકા** અનુસાર **સંપૂર્ણ પોસહનું** કરવું **પ્રાયિક** જાણવું. ॥ ૩-૧૮-૫-૩૩૯ ॥ ૬૮૮ ॥

પ્ર૦ પોસાતીશ્રાવક પટ્ટમાં તથા પાટીઆમાં ચિતરેલી પ્રતિમાની વાસક્ષેપે પૂજા કરી શકે? કે નહિ?

ઉ૦ પોસાતીઃ કારણ સિવાય **પટ્ટાદિકની** પૂજા ન કરી શકે. એમ જાણવું. ॥ ૩-૧૮-૬-૩૪૦ ॥ ૬૮૯ ॥

પ્ર૦ **કર્મગ્રંથનીટીકામાં "જાતિસ્મરણ** પણ અતીત સંખ્યાતા ભવ જાણવારૂપ મતિ જ્ઞાનનોજ ભેદ છે" એમ કહ્યું. અને

**पुव्वभवा सो पिच्छइ, इक्कं दो तिन्नि जाव नवगं वा ।**
**उवरि तस्स अविसओ सहावओ जाइसरणस्स ॥**

તે જાતિ સ્મરણવાળો પૂર્વભવો એકઃ બેઃ ત્રણઃ યાવત્ઃ નવઃ ભવોને જાણે છે. તેના ઉપર જોવાનો સ્વભાવથી વિષય નથી." આ પ્રકારની આ ગાથામાં નવજ ભવો કહ્યા છે, માટે તે કેવી રીતે છે?

ઉ૦ **આચારાંગટીકા** અનુસાર **જાતિસ્મરણવાળો અતીત-સંખ્યાતા ભવોને** જાણે એમ જણાય છે. **કર્મગ્રંથની ટીકામાં પણ** તેજ અભિપ્રાય છે. **पुव्वभवा सो पिच्छइ०** આ ગાથા તો છૂટાપાનામાં છે. પણ તેવા કોઈ ગ્રંથની નથી.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેથી તે ગાથા નિર્ણયકારી હોય નહિ ॥ ૩-૧૮-૭ ॥ ૩૪૧
૬૯૦ ॥

પ્ર૦ **छम्मासाऊसेसे उप्पन्नं जेसि केवलं नांणं ।**

**ते नियमसमुग्घाया सेस समुग्घाय भयणिज्जा ॥१॥**

"છ માસનું આયુષ્ય બાકી રહે ત્યારે જેઓને કેવળજ્ઞાન ઉપજે, તેઓ સમુદ્ઘાત કરે જ છે. અને બીજાઓને ભજના હોય છે."

આમ **દિવાળીકલ્પમાં** છે.

અને

**यः षण्मासाऽधिकायुष्को लभते केवलोद्गमं**

**करोत्यसौ समुद्घातमन्ये कुर्वन्ति वा नवा ॥१॥**

"છમાસથી અધિક આયુષ્યવાળા કેવલજ્ઞાન પામે, તો સમુદ્ઘાત કરે અને બીજાઓ કરે, કે ન કરે"

આ પ્રમાણે **ગુણસ્થાનકમારોહમાં** છે.

અને

**यस्य पुनः केवलिनः कर्म भवत्यायुषोऽतिरिक्ततरम् ॥**

**स समुद्घातं भगवानुपगच्छति तत्समीकर्तुम् ॥ १ ॥**

વળી જે કેવળીને આયુષ્યથી અધિક કર્મ હોય તેને સરખું કરવા માટે તે ભગવાન્ સમુદ્ઘાતને પામે છે."

આ પ્રમાણે **પ્રશમરતિમાં** છે. આ ત્રણમાં કયા કેવલી સમુદ્ઘાત કરે જ ? અને કયા ન કરે ?

ઉ૦ **પન્નવણાટીકા પ્રવચનસારોદ્ધારટીકા** અને **પ્રશમરતિ** વિગેરેમાં સામાન્યથી સમુદ્ઘાતનું સ્વરૂપ કહ્યું છે. તેમાં કાંઈ પણ તફાવત નથી: અને **ગુણસ્થાનકમારોહમાં** તો **षण्मासाधिकायुष्क** ઈત્યાદિ તફાવત પણ દેખાય છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આમાં મતભેદ સંભવે છે. તત્ત્વતો કેવળી મહારાજા જાણે. **દીવાળીકલ્પકારનો** મતતો **ગુણસ્થાનક્રમારોહટીકાકારે** પોતે પ્રતિપાદન કરેલના સમર્થન માટે **દીવાળિ કલ્પની** ગાથા સામાન્યે કરી બતાવી છે તેથી. **ગુણસ્થાનક્રમારોહટીકાકારને** અનુસરતો જ છે. માંહોમાંહે તે બેન્નેનું મળતાપણું તો **छम्मासाऊसेसे** આ પદમાં **પ્રાકૃતશૈલીએ** ષણ્માસ આયુષશબ્દથી સપ્તમીવિભકિતનાં એકવચનનો લોપ કરવાથી **शिष्यते–विशिष्यतेऽधिक्रियते इति शेष :** આ વ્યુત્પત્તિ કરીઃ તેથી **શેષ** શબ્દ, અધિકવાચી બનાવ્યો, તેથી “ કાંઈક અધિક છમાસ આયુષ ” એવો અર્થ કરવાથી જાણવું. અથવા **છમાસ** શબ્દથી અધિકશબ્દનો લોપ થયેલો માન્યો, તેથી જાણવું ॥ ॥ ૩–૧૮–૮–૩૪૨ ॥ ૬૯૧ ॥

**પ્ર૦** નારકી કરતાં નિગોદના જીવને અધિક દુઃખ હોય ? કે નિગોદ કરતાં નારકીને અધિક દુઃખ હોય ?

**ઉ૦** નિશ્ચયથી નારકી કરતાં નિગોદના જીવને જન્મમરણ વિગેરે અને એક શરીરમાં અનંતા જીવોનું રહેવું વિગેરે રૂપ અધિક દુઃખ છે, પરંતુ તેઓ મૂર્છિત અવસ્થાદિકવાળા છે, તેથી અતિદુઃસહ નથી. વ્યવહારથી તો નિગોદ કરતાં નારકીઓને **પરમાધામિકોએ** કરેલ વેદના વિગેરે સ્વરૂપ મોટું દુઃખ છે. એમ **વૃદ્ધોનું** કથન છે ॥ ૩–૧૮–૯–૩૪૩ ॥ ૬૯૨ ॥

**પ્ર૦** લાંબા કાળના અને અલ્પકાળના નિગોદજીવોને સરખું દુઃખ હોય ? કે ન્યૂનાધિક હોય ?

**ઉ૦** તેઓને વ્યવહારથી તો સરખું દુઃખ મનાય છે. નિશ્ચયથી તો કેવળિગમ્ય છે. ॥ ૩–૧૮–૧૦–૩૪૪ ॥ ૬૯૩

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**પ્ર૦** અનાદિ નિગોદના જીવો કયા કારણોથી બહુ કર્મ બાંધીને નિગોદમાં પડયા રહે છે?

**ઉ૦** પ્રવાહની અપેક્ષાએ અનાદિકર્મના સંબંધે ત્યાં રહે છે ॥ ૩–૧૮–૧૧–૩૪૫ ॥ ૬૯૪ ॥

**પ્ર૦** ૧૨–કેટલાક નિગોદજીવો લઘુકર્મી થઈને વ્યવહાર રાશિમાં આવે છે. તેઓને લઘુકર્મીપણું થવામાં શું કારણ હોય?

**ઉ૦** તેઓને લઘુકર્મીપણામાં **તથા ભવ્યત્વનો** પરિપાક વિગેરે કારણ છે. ૩–૧૮–૧૨–૩૪૬–૬૯૫

**પ્ર૦** **શ્રીરાયપસેણીયમાં સૂર્યાભદેવના શીઘ્રગમન** નામના- વક્રિયવિમાનનું અંદરની ભૂમિકાનું જે વર્ણન તેમાં પાંચવર્ણના રત્નોનું જે વર્ણન તેમાં પાંચવર્ણવાળા **અશોક – કણવીર–બંધુજીવ** વૃક્ષો લીધેલા છે, અને **ટીકામાં** પ્રસિદ્ધ છે, એમ વ્યાખ્યા કરી છે, તે વૃક્ષો કયા? અને તેઓને શું પાંચવર્ણોવાળાં પુષ્પો હોય?

**ઉ૦** **અશોક** વિગેરે વૃક્ષો **જીવાભિગમટીકા** વિગેરેમાં પાંચ વર્ણોવાળાં બતાવ્યા છે, પણ ફુલોને પાંચવર્ણવાળા બતાવ્યા નથી, તેથી તેઓ અનુસાર ફુલો વિગેરે જાણવા ॥ ૩–૧૮–૧૩–૩૪૭ ॥ ૬૯૬ ॥

**પ્ર૦** **સજ્ઝાયસંદિસાવું, ઉપધિ સંદિસાવું,** ઇત્યાદિક આ દેશમાં સંદિસાવું શબ્દનો શા અર્થ?

**ઉ૦** **सन्देशयामि–मार्गयामि**–સંદેસાવું. એટલે–" સજ્ઝાય કરવાનો અને ઉપધિ પડિલેહણ કરવાનો આદેશ માગુ છું ॥ ॥ ૩–૧૮–૧૪–૩૪૮ ॥ ૬૯૭ ॥

**પ્ર૦** વર્તમાન ચોવીશ તીર્થંકરોના **पउमाभ वासुपुज्जा रत्त०** રાતા વગેરે રંગો શું શરીરોમાં દેખાય છે? કે ધ્યાન વિગેરે માટે તેવી કલ્પના કરેલ છે?

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉ૦ આ ગાથામાં બતાવેલ રંગો તીર્થંકરોના શરીરોમાં હોય છે, એમ જાણવું ॥ ૩–૧૮–૧૫–૩૪૯ ॥ ૬૯૮ ॥

પ્ર૦ **ભરત**ઐરવતસિવાયના તીર્થંકરોને કેવા રંગો હોય ?

ઉ૦ પાંચરંગોમાંથી કોઈપણ રંગ હોય એમ જાણવું. આમાં પણ શરીરમાં તેવો વર્ણ હોય, તે જ હેતુ છે ॥ ૩–૧૮–૧૬–૩૫૦ ॥ ૬૯૯ ॥

પ્ર૦ **શ્રીવજ્રસ્વામી પટવિદ્યા**એ કરી સંઘને સુકાળવાળા દેશમાં લઇ ગયા તે ચતુર્વિધ સંઘ જાણવો કે સાધુ–સાધ્વી સમુદાય જાણવો ? અને **પટ્ટ વિદ્યાનું** સ્વરૂપ શું ?

ઉ૦ **પરિશિષ્ટપર્વ** વિગેરેમાં કહેલ **વજ્રસ્વામીના** સંબંધ અનુસારે **ચતુર્વિધસંઘ** મનાય છે. પણ સાધુઃ સાધ્વીઃ રૂપ મનાતો નથી. અને **ચક્રવર્તિના** રત્ન પેઠે વિદ્યાએ કરી જે વિસ્તારવાળો પટ્ટ થઈ જાય, તે પટ્ટવિદ્યા જાણવી ॥ ૩–૧૮–૧૭ ૩૫૧ ॥ ૭૦૦ ॥

પ્ર૦ દેવો પોતાના મૂળ શરીરે કોઈ વખત અહીં આવે ? કે નહિ ?

ઉ૦ **સંગમ** દેવની હકીકત વિગેરે અનુસાર કોઈ વખત દેવો મૂળ શરીરે અહીં આવે છે, એમ જણાય છે ॥ ૩–૧૮–૧૮ ૩૫૨ ॥ ૭૦૧ ॥

પ્ર૦ **વંદિત્તાની संखा–कंखा** આ ગાથાની **ટીકામાં** ૭૯ મિથ્યાત્વના સ્થાનકોમાં ૬૬ મા સ્થાને **सर्वमासेषु वा तासूपवासादिनी** ' સર્વ અગીયારસોમાં ઉપવાસ કરવામાં " એમ કહ્યું, તો ઉપવાસ કરવામાં મિથ્યાત્વસ્થાન કેમ હોય ?

ઉ૦ નિયમિત તપના દિવસ ચૌદશઃ આઠમઃ જ્ઞાનપંચમીમાં ઉપવાસ ન કરે, અને સર્વ અગીઆરસે ઉપવાસ કરે તો મિથ્યાત્વ સ્થાન થાય છે. એમ જણાય છે॥ ૩–૧૮–૧૯–૩૫૩–૭૦૨ ॥

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્ર૦ અન્યગચ્છોના સમકિત દેશવિરતિ ઉચ્ચરાવવાના વિધિઃ **પત્રોમાં** સમકિતના આળાવાના છેલ્લા ભાગે **રાજાભિયોગ** વિગેરે છ આગારોની પેઠે બારવ્રતોના આળાવામાં પણ તે છ આગારો લખેલ છે, તેઓનો બારવ્રત વિગેરેમાં ઉચ્ચાર કરવો વ્યાજબી છે? કે નહિ?

ઉ૦ **આવશ્યકનિર્યુક્તિ** અને **ઉપાસકદશાંગ** વિગેરેમાં શ્રાવકો ને સમકિત ઉચ્ચરાવવામાં છ આગારો બોલવા કહ્યા છે; પણ બાર વ્રતના ઉચ્ચારમાં નથી, તેથી સમકિત ઉચ્ચરાવવામાંજ **રાજાભિયોગ** વિગેરે છ આગારોનું બોલવું યુક્તિયુક્ત ભાસે છે. ૩–૧૮–૨૦ ૩૫૪ ॥ ૭૦૩ ॥

પ્ર૦ **શ્રીવીરજિનનાશાસનમાં** કેટલા આચાર્યો નરકગામી કહ્યા છે? અને તેવા અક્ષરો કયા ગ્રંથમાં છે? તે સવિસ્તર જણાવવા કૃપા કરશોજી.

ઉ૦ **શ્રીવીરનાતીર્થમાં** આટલી સંખ્યાવાળા આચાર્યો નરકાગામી છે, એવું ગ્રંથમાં જોયાનું સાંભરતું નથી. પણ–

**तीआणागय काले कई होहिंति गोअमा सूरी**
**जेसिं नामग्गहणे नियमेण होइ पच्छित्तं ॥१॥**

" અતીત અનાગત કાલમાં હે **ગોતમ,** કેટલાક સૂરિઓ થશે કે, જેઓનું નામ લેતા પણ પ્રાયશ્ચિત્ત લેવું પડે, આમ **ગચ્છાચારપયન્નામાં** કહેલ છે. ॥૩–૧૮–૨૧–૩૫૫–૭૦૪॥

પ્ર૦ આત્માના દ્રવ્ય આત્માઃ કષાય આત્માઃ વિગેરે આઠભેદો છે, તેમાં જીવઃ અજીવનોઃ આત્મા તે દ્રવ્યાત્મા કહેવાય, આ વિવરણમાં અજીવોમાં આત્માનો અંશ કઈ યુક્તિએ માન્યો છે?

ઉ૦ **अतति सातत्येन गच्छति तान् तान् पर्यायान् इति आत्मा–**

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



"અતતિ એટલે સતતપણે તે તે પર્યાયોમે પામે, તે આત્મા કહેવાય" આવી વ્યુત્પત્તિથી અજીવ પુદ્ગલાદિકમાં પણ દ્રવ્ય આત્માનો વ્યપદેશ કર્યો છે ॥ ૩–૧૮–૨૨–૩૫૬ ॥ ૭૦૫ ॥

## ૧૯

# પણ્ડિતશ્રી વટપલ્લીય પદ્મવિજય ગણિકૃત પ્રશ્નોત્તરો.

પ્ર૦ સામાચારીમાં "ચાર પાંચ યોજન જવાને અને આવવાને કલ્પે છે, "એમ કહ્યું છે, તે જવું આવવું બે થઈને જાણવા ? કે જવાને આશ્રયીને જાણવા ?

ઉ૦ ચોમાસામાં ગ્લાનને માટે ઓષધ લાવવું વિગેરે કારણોએ સાધુ ચાર પાંચ યોજન જાય છે, અને તે કામકરી ચારપાંચ યોજન પાછા આવે છે, પરંતુ દરદીના ઓષધ વગેરે કાર્યો પૂર્ણ થયા પછી ક્ષણ માત્ર પણ ત્યાં રહે નહિ. તેમજ ભિક્ષાચર્યામાં પાંચ ગાઉ કહ્યા છે, તે તો જવું–આવવું એમ બંન્નેયથી જાણવા. ॥ ૩–૧૯–૧–૩૫૭ ॥ ૭૦૬ ॥

પ્ર૦ નિદ્રા સમયે મુખમાંથી પાનનું[૧] બીડું કાઢી નાંખવું. અને કપાળેથી તિલક[૨] ભુંસી નાંખવું. અને ડોકમાંથી ફુલમાળા[૩] કાઢી નાંખવી, અને પલ્યંકથી સ્ત્રીનો[૪] ત્યાગ કરવો, તેમ કરવાના કારણો શા છે ?

ઉ૦ તાંબુલનો ત્યાગ ન કરે, તો મુખ દુર્ગંધી થઇ જાય. ૧ તિલકનો ત્યાગ ન કરે તો આયુષની હાનિ થાય. ૨ ફુલમાળાનો ત્યાગ ન કરે તો સર્પનો ભય થાય. ૩ અને સ્ત્રીનો ત્યાગ ન કરે તો બળની હાનિ થાય. ૪ આ ચાર કારણો છે. ॥ ૩–૧૯–૨–૩૫૮ ॥ ૭૦૭ ॥

પ્ર૦ દેવ મૂળ શરીરે દેવીને ભોગવે ? કે ઉત્તર વૈક્રિય શરીરે ભોગવે ?

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉ૦ બન્ને પ્રકારે ભોગ કરે છે. એવા અક્ષરો **ભગવતીઃ પન્નવણાઃ જીવાભિગમઃ રાયપસેણીયઃ** વિગેરે ગ્રંથોમાં છે. ॥ ૩–૧૯–૩–૩૫૯ ॥ ૭૦૮ ॥

પ્ર૦ આજની બનેલી કડા વિગય વાપરે, તો તેમાં કેટલી વિગય ગણાય ?

ઉ૦ એક કડા વિગય લાગે છે. ॥ ૩–૧૯–૪–૩૬૦ ॥ ૭૦૯ ॥

પ્ર૦ દેવો મૂળ શરીરે નગ્ન રહે ? કે વસ્ત્ર ધારણ કરે ?

ઉ૦ મૂળશરીરમાં વસ્ત્ર ધારણ કરવાનો નિષેધ જાણેલ નથી. ॥ ૩–૧૯–૫–૩૬૧ ॥ ૭૧૦ ॥

પ્ર૦ દાતણ અને પ્રભાતભોજન કરીને **ક્ષામણાપ્રતિક્રમણ** વિગેરે કરવું કલ્પે ? કે નહિ ?

ઉ૦ દાતણ ભોજન કર્યા સિવાય કારણે વેલાસર **ખામણાપ્રતિક્રમણ** વિગેરે કરવું સૂઝે છે. ॥ ૩–૧૯–૬–૩૬૨ ॥ ૭૧૧ ॥

## ૨૦

# પણ્ડિતશ્રી મેઘવિજય ગણિકૃત પ્રશ્નોત્તરો.

પ્ર૦ **લૌકિકટીપણામાં** અગીઆરસ બે આવી હોય, તો **શ્રીહીરવિજયસૂરીશ્વરજીનો નિર્વાણમહિમાઃ પોસહઃ** અને **ઉપવાસ** વિગેરે કૃત્યોઃ પહેલીમાં કરવા ? કે બીજીમાં કરવા ?

ઉ૦ **પૂજ્યપાદશ્રી હીરવિજયસૂરિશ્વરજી મહારાજાનો નિર્વાણ મહિમા–પોસહ–ઉપવાસ** વિગેરે કાર્યો ઐાદયિકી એટલે ઉદયવાળી અગીઆરસમાં કરવાઃ [ આ ઉત્તરમાં પૂજ્યપાદ **સેનસૂરીશ્વરજી** મહારાજાએ લોકિકટીપણાની બીજી અગીઆરસને પરંપરા પ્રમાણે ઐાદયિકી ઠરાવી. પેહેલીનો ઉદય છતાં પણ ઉદય વિનાની જણાવી, એટલે પર્વ તિથિ નહિં જણાવી. એટલે પરંપરાથી લૌકિક ટીપણાની બે અગીઆરસમાં જે

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બીજી અગીઆરસ તે પર્વતિથી છે. અને પહેલી અગીઆરસ તે અપર્વ તિથિરૂપ બીજી દશમ પરંપરાથી ગણાય છે. ]॥ ૩–૨૦–૧–૩૬૩ ॥ ૭૧૨ ॥

પ્ર૦ **સત્તરભેદી** પૂજા વિગેરેમાં દેરાસરમાં જઈ નમસ્કારરૂપ ચૈત્યવંદન કરીને બેસાય છે, ત્યારે **ઇરિયાવહિયાપડિક્કમિને** બેસાય? કે એમને એમ બેસાય ?

ઉ૦ બે ઘડી વિગેરેની સ્થિરતા કરવાની સંભાવના હોય તો, **ઇરિયાવહિયા** પડિક્કમાય છે, અન્યથા તો જેવો અવસર હોય, તેમ કરાય ॥ ૩–૨૦–૨–૩૬૪–૭૧૩ ॥

પ્ર૦ કેવળ **સ્થાપનાચાર્ય** પાસે પ્રતિક્રમણ કરનાર શ્રાવકો **ક્ષામણાના** અવસરે કેટલીવાર ક્ષામણા કરે ?

ઉ૦ **સ્થાપનાચાર્ય** પાસે પ્રતિક્રમણ કરનાર શ્રાવકો એકવાર અભુટ્ઠિઓ ખામે છે. ॥ ૩–૨૦–૩–૩૬૫–૭૧૪ ॥

પ્ર૦ દરેક શ્રાવકોએ મુહપત્તિ રાખવાના અક્ષરો ક્યા ગ્રંથમાં છે ?

ઉ૦ **अह सम्ममवणयंगो करजुअविहिधरियपुत्तिरयहरणो ।**
**परिचिंतिअ अइयारे, जहक्कमं गुरुपुरो वियडे ॥१॥**

"હવે સમ્યક્ પ્રકારે અંગ જેણે નમાવેલું છે, એવો અને હાથમાં જેણે વિધિપૂર્વક મુહપત્તિ અને રજોહરણ ધારણ કરેલા છે, એવો શ્રાવકઃ ચિંતવીને અતિચાર અનુક્રમે ગુરુપાસે પ્રકટ કરે"

આ ગાથા **યોગશાસ્ત્રના ત્રીજાપ્રકાશની ટીકામાં શ્રાવકપ્રતિક્રમણના અધિકારમાં** છે, આ પ્રમાણથી દરેક શ્રાવકને પણ મુહપત્તિ વિગેરે ગ્રહણ કરવું જોઇયે. અને **અનુયોગદ્વાર** વિગેરેમાં પણ સ્પષ્ટજ અક્ષરો છે.॥ ૩–૨૦–૪–૩૬૬ ૭૧૫ ॥

પ્ર૦ **મતાન્તરીય** સાધુ મળે અથવા તે પ્રથમ નમસ્કાર કરે તો કેટલાક આપણા સાધુઓ **મત્થએણવંદામિ** બોલે છે, અને કેટલાક

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બોલતા નથી, તેમાં જે રીતિ હોય તે જણાવવા પ્રસાદી કરવી.

ઉ૦ આગળથીજ **મતાંતરીય** સાધુઓએ આપણને નમસ્કાર કર્યો હોય, તો અવસર મુજબ કરવું ॥ ૩-૨૦-૫-૩૬૭-૭૧૬

પ્ર૦ શ્રાવકો બારવ્રતના પોસહ શરૂ કરે, ત્યારે પ્રારંભના દિવસે આંબેલ કરાવાય ? કે એકાશન કરાવાય ? અને ભોજનમાં લીલું શાક વિગેરે કલ્પે ? કે નહિ ?

ઉ૦ શ્રાવકોને બાર વ્રતોના પોસહમાં યથાશક્તિ તપ કરવું. અને લીલું શાક વિગેરે તો કારણ વિના કલ્પે નહિ ॥ ૩-૨૦-૬-૩૬૮-૭૧૭ ॥

## ૨૧

# પણ્ડિત શ્રી શ્રુતસાગરગણિકૃત પ્રશ્નોત્તરો

પ્ર૦ મૂળાના પાંદડામાં અનન્તકાયપણું છે ? કે પ્રત્યેકપણું છે

ઉ૦ મૂળાનો કાંદોજ અનન્તકાય છે, તેના પાંદડા વિગેરે અનન્તકાય નથી. ॥ ૩-૨૧-૧-૩૬૯-૭૧૮ ॥

પ્ર૦ ઉત્સૂત્રભાષિઓ સમકિતી હોય કે ? મિથ્યાદૃષ્ટિ હોય ?

ઉ૦ ઉત્સૂત્રભાષિઓ મિથ્યાદૃષ્ટિ હોય; તેમાં કોઇ પણ વાદવિવાદ નથી.

**सूत्रोक्तस्यैकस्याप्यरोचनादक्षरस्य भवति नर मिथ्यादृष्टिः**

"સૂત્રના એક અક્ષરની પણ અરુચિ કરે, તો માણસ મિથ્યાદૃષ્ટિ બને છે.

આ પાઠ છે ॥ ૩-૨૧-૨-૩૭૦-૭૧૯ ॥

પ્ર૦ દેવગત થયેલાના વાર્ષિક દિવસે માનેલા દ્રવ્યે કરી કોઈ સંવચ્છરી વિગેરે પર્વોના પોસાતીઓને જમાડે; તેમાં સમકિતિઓ જવું ઉચિત છે ? કે નહિ ?

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉ૦ મરણ પામેલાનું વાર્ષિક કૃત્ય કાંઈ જુદું કરીનેજો જ્ઞાતીઓને જમાડે તો તેમાં જવું સમકિતિઓને ઉચિતજ છે. અન્યથા તો ઉચિત લાગતું નથી. હાલમાં મ્હોટા શહેરોમાં પ્રવૃત્તિપણ તેવીજ છે. ॥ ૩-૨૧-૩-૩૭૧-૭૨૦ ॥

પ્ર૦ સાત ક્ષેત્રમાં મૂકેલ સાધુઃ સાધ્વીઃ ક્ષેત્ર દ્રવ્યનો વ્યયઃ શ્રાવકોએ સાધુઃ સાધ્વીઃ બાબતના કયા ઠેકાણે કરવો જોઈએ ?

ઉ૦ સાત ક્ષેત્રમાં મૂકેલ સાધુઃ સાધ્વીઃ ક્ષેત્રદ્રવ્યનો ખર્ચ સાધુઃ સાધ્વીઃ ને આપદામાંથી બચાવવામાં, તથા ઔષધ કરાવવામાં, તથા માર્ગમાં સહાય કરવી વિગેરે બાબતોમાં શ્રાવકોએ કરવો જોઇએ ૩-૨૧-૪-૩૭૨-૭૨૧ ॥

પ્ર૦ જેમ "કાણાને કાણો કહેવો" એ કઠિન વચન છે, તેમ મિથ્યાદૃષ્ટિને તું " મિથ્યાદૃષ્ટિ છે " એમ કઠિન વચન ન કહેવું જોઈએ " એમ કેટલાક કહે છે. તેનું શું ?

ઉ૦ મિથ્યાદષ્ટિને મિથ્યાદષ્ટિ કહેવો કે ન કહેવો તે વાત સમય આશ્રયી જાણવી ॥ ૩-૨૧-૫-૩૭૩-૭૨૨ ॥

પ્ર૦ દેવદ્રવ્યની વૃદ્ધિ માટે શ્રાવકોએ તે દ્રવ્ય વ્યાજે રખાય કે ? નહિ ?અને રાખનારાઓને તે દૂષણરૂપ થાય ? કે ભૂષણરૂપ થાય ?

ઉ૦ શ્રાવકોએ દેવદ્રવ્ય વ્યાજે રાખવું યોગ્ય નથી. કેમકે—નિઃશૂકપણું થઇ જાય, માટે વ્યાપાર વગેરેમાં વ્યાજે રાખી વાપરવું નહિ. " જો અલ્પપણ દેવદ્રવ્યનો ભોગ થઇ જાય તો **સંકાશશ્રાવકની** પેઠે ભવિષ્યકાલમાં અંત્યત દુષ્ટવિપાક આપે છે" એમ ગ્રંથમાં જોવામા આવે છે. ॥ ૩-૨૧-૬-૩૭૪ ॥૭૨૩॥

પ્ર૦ **ઉત્સૂત્રભાષીએ** ભણાવાતા **આષ્ટોત્તરીસ્નાત્રમાં** સગા-



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વહાલાના કારણ સિવાય જવામાં સમકિતિઓને દૂષણ લાગે ? કે નહિ ?

ઉ૦ અષ્ટોત્તરીસ્નાત્ર વિગેરેમાં જવામાં સમકિતિને દૂષણ લાગવાનું જાણ્યું નથી. ॥ ૩-૨૧-૭-૩૭૫ ॥ ૭૨૪ ॥

## ૨૨

# પણ્ડિત શ્રી કનકવિજય ગણિકૃત પ્રશ્નોત્તર.

પ્ર૦ મોટી વિધિએ ઉપધાન વહેનારાએ ચોવહાર ઉપવાસ કર્યો હોય, તો સાંજે પચ્ચક્ખાણ વખતે ગુરુ સમક્ષ પચ્ચક્ખાણ કરવું જોઇએ ? કે નહિ?

ઉ૦ પ્રભાતે ચોવિહાર ઉપવાસ કર્યો હોય. તેને સાંજે સાંજની ઉપધાનની ક્રિયા વખતે ફરી પચ્ચક્ખાણ કરવું જોઈએ. ઉપધાન ન હોય, તો સાંજે તેનું સ્મરણ કરવું પડે છે. પણ ફરી પચ્ચક્ખાણ લેવું પડે, તે જાણવામાં નથી ॥ ૩-૨૨-૧-૩૭૬ ॥૭૨૫॥

## ૨૩

# શ્રી વિજયસેનસુરિના પણ્ડિતકનકવિજય ગણિકૃત પ્રશ્નોત્તરો.

પ્ર૦ છટ્ઠ વિગેરે પચ્ચક્ખાણમાં બે ભક્ત અધિક કહેવાય છે, તેનું શું કારણ ?

ઉ૦ સામાન્યથી લોકમાં સંતપુરુષને બે વખત જમવાનું પ્રસિદ્ધ છે, માટે બે ઉપવાસ કરનારને ચાર ભોજનો બંધ થયા : અને પારણે અને ઉત્તરવારણે એકાશન કર્યું હોય, તેના બે ભોજન બંધ થાયઃ એટલે છ ભોજનો છાંડયા ગણાય છે ॥૩-૨૩-૧ ૩૭૭॥૭૨૬॥

પ્ર૦ શ્રીવીરભગવંત પછી કેટલા દુષ્કાળો પડયા ? કેમકે-કેટલાક

For Private and Personal Use Only

કહે છે કે "બે દુષ્કાળ પડેલ છે, અને **પરિશિષ્ટપર્વમાં** તો ઘણા દુષ્કાળો પડયાનું બતાવેલ છે. માટે સત્ય શું છે?

ઉ૦ **શ્રીવીરભગવંત** પછીના કાળે ઘણા દુષ્કાળો પડેલ છે, પણ **બારવરસના** દુષ્કાળ સાક્ષાત્ **શાસ્ત્રમાં** ત્રણ બતાવ્યા છે. તેમાં **પરિશિષ્ટપર્વમાં** બે બતાવ્યા અને એક **નંદી ટીકામાં** બતાવેલ છે. જુઓ "બે દુષ્કાળ કહે છે," તે કયા **શાસ્ત્રમાં** બતાવેલ છે? તેનું નામ જણાવવું. પછી તે સંબંધી ઉત્તર અપાશે. ॥ ૩-૨૩-૨-૩૭૮ ॥ ૭૨૭ ॥

પ્ર૦ સાડાત્રણ ક્રોડ **કૃષ્ણવાસુદેવને** પુત્રપૌત્ર બતાવેલ છે, અને **ભરતચક્રિને** સવા ક્રોડ બતાવેલ છે. તેમાં કાળ તો પતનશીલ છે, તો કૃષ્ણને અધિકપણું કેમ ઘટે?

ઉ૦ **દ્વારકાનગરીમાં** સાડાત્રણક્રોડ કુમારો કહ્યા છે, અને તેઓ અનેક **યાદવોના** પુત્રો છે. પણ એકલા કૃષ્ણના પુત્રો નથી. અને ભરતને તો પોતાના **સવાક્રોડપુત્રો** કહ્યા છે, માટે કાંઈ પણ નહિ ઘટતી વાત નથી. ॥ ૩-૨૩-૩-૩૭૯-૭૨૮ ॥

## ૨૪

# પણ્ડિતશ્રી દયા વિજયગણિ અને ગુણવિજય ગણિકૃત પ્રશ્નોત્તરો

પ્ર૦ દર્શન અને સમકિતમાં શો તફાવત છે? જેથી બંન્નેયના અતિચારો બતાવ્યા? પરમાર્થથી તો કેટલાક માંહોમાંહે સરખા જણાય છે, તેથી તે બંન્નેયનો સ્પષ્ટ ભેદ જે હોય, તે બતાવવા કૃપા કરશો.

ઉ૦–"દર્શન અને સમકિતનો વસ્તુગતિએ અભેદ છતાં પણ

કથંચિત્ નિઃશંકિતપણાના અભાવે જ સમકિતનો અતિચાર કહેવાય છે અને શંકા વિગેરેનો સદ્ભાવઃ દર્શન અતિચાર કહેવાયઃ " આ પ્રમાણે **પ્રવચનસારોદ્ધારના છઠ્ઠાદ્વારમાં** સ્પષ્ટ હકીકત છે. ॥ ૩-૨૪-૧-૩૮૦॥ ૭૨૯ ॥

**પ્ર૦ वेसिअ राइअ पक्खियय०** આ કાઉસ્સગ **નિર્યુક્તિની** ૯૪ મી ગાથાનો અર્થઃ **હારિભદ્રીયટીકામાં** બતાવેલો છે તેમાં એક એક પ્રતિક્રમણમાં ત્રણ **ગમા** પ્રતિપાદન કરેલા છે, તો તે **ગમા** પાંચેય પ્રતિક્રમણોમાં જ્યાં જ્યાં સમાપ્ત થતા હોય, તે સ્પષ્ટ જણાવવા કૃપા કરશો.

**ઉ૦** દેવસિય વિગેરે પાંચેય પ્રતિક્રમણોમાં શરૂઆત પછી જે પ્રથમ **કરેમિભંતે** ઇત્યાદિકનું ઉચ્ચારણ થાય, તે પહેલા **ગમાનો** પ્રારંભ થયો. તે વાર પછી પ્રતિક્રમણ સૂત્રના કહેવા વખતે જ **કરેમિભંતે!** ઉચ્ચારવામાં આવે, તે બીજા **ગમાનો** પ્રારંભ થયો. તેના ઉચ્ચાર પહેલાં પહેલા ગમાની સમાપ્તિ થઈ. તેમજ ત્રીજી વખત જે કરેમિભંતે! કહેવામાં આવે, તે ત્રીજા **ગમાનો** પ્રારંભ થયો. તેની પહેલાં તો બીજા **ગમાની** સમાપ્તિ થઈ. હવે ત્રીજા **ગમાની** સમાપ્તિ. પ્રતિક્રમણ પૂરૂં થાય, ત્યારે થાય છે. એમ **આવશ્યક બૃહટ્ટીકા અનુસાર** જણાય છે. [પક્ખીમાં-૧ **પક્ખીસૂત્ર** પહેલાં. પછી-૨જો પક્ખી **વંદિત્તું** કે **પક્ખીશ્રમણ** સૂત્ર બોલતાં પહેલાં અને ૩જો પછી બાર લોગસ્સના કાઉસ્સગ્ગ પહેલાં. **કરેમિભંતેથી**-ત્રણેયગમોની શરૂઆત થાય છે.]॥ ૩-૨૪-૨-૩૮૧ ॥ ૭૩૦ ॥

**પ્ર૦ અશોચ્ચાકેવલીઓ** તીર્થમાં હોય ? કે તીર્થના વિચ્છેદમાં હોય? જો તીર્થના વિચ્છેદમાં હોય, તો **પાક્ષિકસૂત્રની ટીકામાં** તીર્થ ન પ્રવર્તતું હોય, તે વખતે અંતગડ કેવળીઓ થઇને **મહા-**

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નુભાવો મોક્ષ પામે છે, અને **ભગવતીજીમાં નવમા શતકમાં અશોચ્ચાકેવલિને** આશ્રયીને કહ્યું કે "**तप्पक्खियसावगस्स तप्पक्खियसाविआए वा**- આ સૂત્રમાં એક પ્રશ્ન અને એક ઉદાહરણ છોડી તેમના સંબંધી શ્રાવક અથવા શ્રાવિકાને વધારે ધર્મોપદેશ આપતા નથી. આ અભિપ્રાયથી તીર્થમાંજ હોય, અને બીજું **અશોચ્ચાકેવલિઓ** સિદ્ધના પંદરભેદોમાંથી કયા ભેદમાં સમાય છે? આ સવિસ્તર હકીકત જણાવવા કૃપા કરશોજી.

ઉ૦ **અશોચ્ચાકેવળિઓ ભગવતીટીકા** અનુસાર તીર્થમાંજ હોય છે, અતીર્થમાં હોતા નથી. **પક્ખીસૂત્રનીટીકામાંતો** અતીર્થસિદ્ધના અધિકારમાં કહ્યા નથી. તેમજ **તીર્થસિદ્ધ** વિગેરે ભેદોમાં **અશોચ્ચા** કેવળી સંભવપ્રમાણે સમાય છે. ॥ ૩–૨૪–૩–૩૮૨ ॥ ૭૩૧ ॥

પ્ર૦ **આચારાંગસૂત્રના લોકસાર અધ્યયનના પાંચમા ઉદ્દેસાનાપહેલાસૂત્રમાં हृदोपमेनाचार्येण भाव्यं.** આ સૂત્રની ટીકામાં ધર્મને આશ્રયીને ચોભંગી કહેલી છે. તેમાં **પ્રત્યેક** બુધ્ધો તો ઉભયનો અભાવ હોવાથી ચોથા ભંગમાં કહ્યા, તો આ પ્રકારે તમામ પ્રત્યેક બુધ્ધો ધર્મોપદેશ આપે નહિ, એમ ઠરે છે તે કેવી રીતે ઘટે : કેમકે **ઋષિમંડલસૂત્રમાં**

**पत्तेअबुद्धसाहू, नमिमो जे भासिउं सिवं पत्ता**
**पणयालीसं इसिभासियाइं अज्झयणपवराइं**

"અમે પ્રત્યેક બુદ્ધસાધુઓને નમસ્કાર કરીએ છીએ. કે જેઓ ૪૫ **ઋષિભાષિત અધ્યયનોનું** પ્રવચન કરીને મોક્ષમાં પહોંચેલા છે."

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ ગાથામાં પ્રત્યેક બુધ્ધોને અધ્યયનોનું પ્રવચન કરવાનું જણાવ્યું છે. માટે આમાં તત્ત્વ શું છે ?

ઉ૦ **આચારાંગટીકાઅનુસાર પ્રત્યેકબુદ્ધો** ઉપદેશ આપતા નથી. એમ નિર્ણય છે. અને **ઋષિમંડલમાં** તો તેઓને અધ્યયનરચવારૂપ ધર્મોપદેશ બતાવેલ છે. માટે કાંઇપણ અઘટિત નથી. ॥૩–૨૪–૪–૩૮૩ ॥ ૭૩૨ ॥

પ્ર૦ ક્રિયાની અંદર મંડલીમાં સ્વપક્ષી અથવા પરપક્ષી શ્રાવકોએ કરેલી સજ્ઝાય આપણા શ્રાવકોને કલ્પે ? કે નહિ ?

ઉ૦ ગ્રહસ્થે રચેલી સજ્ઝાય સાધુઓને અને શ્રાવકોને ક્રિયાની અંદર કામ લાગી શકે નહિ. ॥ ૩–૨૪–૫–૩૮૪ ॥ ૭૩૩ ॥

પ્ર૦ પરપક્ષી વેષધારીએ કરેલા આધુનિક સ્તુતિ સ્તોત્રો સજ્ઝાય વિગેરે સ્વપક્ષી સાધુઓને ક્રિયાની અંદર મંડલીમાં કહેવાય, તો કલ્પે ? કે નહિ ?

ઉ૦ આધુનિક પરપક્ષીએ કરેલા સ્તુતિઃ સ્તોત્રઃ સજ્ઝાયઃ વિગેરે ક્રિયામાં કહેવા કલ્પે નહિ. ॥ ૩–૨૪–૬–૩૮૫ ॥ ૭૩૪ ॥

પ્ર૦ સાધુઓને અને શ્રાવકોને કાલવેળાએ અને અસજ્ઝાયના દિવસોમાં **ચઉસરણ પયન્નો** ગણવો કલ્પે ? કે નહિ ?

ઉ૦ કાલવેળાએ અને અસજ્ઝાયના દિવસોમાં પણ **ચઉસરણ પયન્નો** ગણવો કલ્પે છે. ॥ ૩–૨૪–૭–૩૮૬ ॥ ૭૩૫ ॥

પ્ર૦ અવધિજ્ઞાનીઓ અને મનઃપર્યવજ્ઞાનીઓ કેટલા ભવો કરે ?

ઉ૦ **ભગવતીસૂત્ર આઠમા શતકના બીજા ઉદ્દેસામાં** કહ્યું છે, કે–

**आभिणिबोहियनाणिस्सणं भंते! अंतरं कालओ केवच्चिरं होइ ?**

**गोयमा जहन्नेणं अंतोमुहुत्तं, उक्कोसेणं अणंत कालं जाव–अवड्ढपोग्गलपरिअट्टं च देसूणं ।**

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**सुअनाणी ओहिनाणी मणपज्जवनाणीणं अेवं चेव, केवलनाणिस्स नत्थि अंतरं-**

" હે ભગવાન્ આભિનિબોધિક જ્ઞાનીને કાલથી કેટલું અંતર હોય ?

હે **ગોતમ !** જઘન્યથી અંતર્મુહુર્તઃ અને ઉત્કૃષ્ટથી અનંતો કાલઃ યાવત્-દેશે ઉણ્ અર્ધપુદ્ગલપરાવર્તનકાલ અવધિજ્ઞાનીને હોય છે. આ પ્રમાણે શ્રુતજ્ઞાની અને મનઃપર્યવ-જ્ઞાનીનું જાણવું અને કેવલજ્ઞાનીને આંતરું નથી. "

આ પાઠથી અવધિજ્ઞાનીઓ અને મનઃપર્યવજ્ઞાનીઓ અનન્તા ભવ કરે, તેમ જણાય છે ॥ ૩-૨૪-૮-૩૮૭ ॥ ૭૩૬ ॥

## ૨૫

# પણ્ડિતશ્રી ગુણવિજય ગણિકૃત પ્રશ્નોત્તરો.

પ્ર૦ અભવ્ય-**પાદપોપગમન** નામનું અણસણ કરે ? કે નહિ ?

ઉ૦ જેમ અભવ્ય દ્રવ્યક્રિયાથી **નવમાગ્રૈવેયકના** આયુષબંધને યોગ્ય ઉત્તમ સામાચારીવાળું ચારિત્ર પાળે છે. તેમ **પાદપોપગમ** અણસણને પણ કરે છે, માટે તેનો તેને અસંભવ નથી. ॥ ૩-૨૫-૧-૩૮૮ ॥ ૭૩૭ ॥

પ્ર૦ તીર્થંકર મહારાજાઓ વાર્ષિક દાનવખતે ઉત્તમ પ્રકારની દાન લેવા આવવાની ઉદ્‌ઘોષણા કરાવે ત્યારે તે દાનઃ શ્રાવક અને સ્ત્રી ગ્રહણ કરે છે ? કે નહિ ?

ઉ૦ તીર્થંકરના દાન અવસરે **જ્ઞાતાધર્મ કથા** વિગેરેમાં સનાથઃ અનાથઃ મુસાફરઃ કારપટિકઃ વિગેરે યાચકોનો દાનગ્રહણનો

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અધિકાર જોવામાં આવેલ છે. પણ વ્યવહારીઓનો દેખાતો નથી. તેથી કોઈ શ્રાવકપણ યાચક થઈને ગ્રહણ કરતો હોય, તો ભલે ગ્રહણ કરે. પણ સ્ત્રીનો તો પ્રાયઃ ત્યાં અધિકાર દેખાતો નથી. ॥ ૩-૨૫-૨-૩૮૯ ॥ ૭૩૮ ॥

પ્ર૦ ૧ બલદેવ ૨ કર્ણ ૩ દ્વૈપાયન અને ૪ શંખ આવતી ચોવીશીમાં તીર્થંકરો થશે, તેઓ ૧ **નવમાબલદેવ**, ૨ **કુંતિનોપુત્ર** ૩ **દ્વારકાને બાળનાર** અને ૪ **વીરભગવાનનો** પ્રથમશ્રાવક આ ચાર થશે ? કે કોઇ બીજા થશે ?

ઉ૦ " **વીરભગવાનના પ્રથમ શંખ શ્રાવક** સિવાય બીજા **શંખનો** જીવ તીર્થંકર થશે" એમ **ઠાણાંગ ટીકામાં** બતાવેલ છે, અને **દ્વૈપાયન દ્વારકા** બાળનાર કે કોઈ બીજો છે ? તે નિર્ણય કેવલિ-ગમ્ય છે, અને કૃષ્ણનો બંધુ **બલદેવ આવશ્યક નિર્યુક્તિ** વિગેરેમાં " આવતી ચોવીશીમાં કૃષ્ણના તીર્થમાં સિદ્ધિપદ પામશે " એમ બતાવેલ છે, તેથી **બલદેવ**: કોઈ બીજો જાણવો. અને **કર્ણને** ઠેકાણે શાસ્ત્રમાં **કૃષ્ણનામ** લખેલ છે. તે પણ કોઇ બીજો જાણવો. આ કારણથી અન્યશાસ્ત્રો સાથે વિસંવાદ આવવાનો વિચાર કરી **પ્રવચન સારોદ્ધાર ટીકાકારે** બે ત્રણ જ ભાવી તીર્થંકર જીવોનું સ્પષ્ટપણે વિવરણ કર્યું છે, બીજાઓનું કર્યું નથી. ॥ ૩-૨૫-૩-૩૯૦ ॥ ૭૩૯ ॥

## ૨૬

# પણ્ડિત શ્રીચંદ્રવિજય ગણિકૃત પ્રશ્નોત્તરો.

પ્ર૦ તીર્થંકર કેવળિનો અને સામાન્ય કેવળિનો વીર્યાન્તરાય કર્મનો ક્ષય સરખોજ થયો હોય છે. તો સામર્થ્યમાં ન્યૂન-અધિકપણું કેમ દેખાય છે ?

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**ઉ૦** તીર્થંકર કેવળિને અને સામાન્ય કેવળિઓને વીર્યાન્તરાય કર્મના ક્ષયથી આત્મ વીર્ય સરખું છતાં પણ નામકર્મના ભેદથી રૂપઃ શરીરઃ લક્ષણઃ અને બાહ્ય સામગ્રીઃ નો ભેદ હોય છે, તેથી બળમાં ભેદ છે. આ જ કારણથી સામાન્ય કેવળિઓના શરીરથી તીર્થંકરદેવનું શરીર અનન્તબળવાળું હોય છે. આમાં જુના તોલાનો દૃષ્ટાંત વિચારવો ॥ ૩-૨૬-૧-૩૯૧ ॥૭૪૦॥

**પ્ર૦ જ્ઞાતાસૂત્રપ્રથમઅધ્યયનમાં "મેઘકુમારની** માતાને અકાળે મેઘનો ડોળો ઉત્પન્ન થયો" એમ કહ્યું છે, તે કેવી રીતે ઘટે? કેમકે-તે વખતે વર્ષાકાળ છે, માટે અકાળ કેમ કહ્યો ?

ઉ૦ **મેઘકુમારની** માતાને **જ્ઞાતાસૂત્રમાં** બતાવેલ પાંચવર્ણ વિગેરે વાળા મેઘનો ડોળો ઉત્પન્ન થયેલો છે, જે દેવોથી સાધ્ય છે, માટે વર્ષાકાળ છતાં પણ આવા સ્વરૂપવાળાં વરસાદનો તો અકાળ છે. ॥ ૩-૨૬-૨-૩૯૨ ॥ ૭૪૧ ॥

**પ્ર૦** કોઈક શ્રાવકે "સોયોજન ઉપર જવું નહીં" એવું પચ્ચક્ખાણ કર્યું હોય, અને તેને ધર્મને માટે અધિક જવું હોય, તો કલ્પે ? કે નહિ ? જો જાય તો કઇ વિધિએ જાય ?

ઉ૦ પચ્ચક્ખાણ કરતી વખતે વિવેક કરવો જોઈયે. પરંતુ મુખ્ય વૃત્તિએ તેમાં સંસારના આરંભનું પચ્ચક્ખાણ હોય છે, ધર્મકૃત્યનું હોતું નથી. પણ જો સામાન્યથી પચ્ચક્ખાણ લીધું હોય તો, ધર્મને માટે જવું પડે, તો નિયમિતક્ષેત્ર ઉપર જયણાએ જાય. અને ત્યાં ગયા પછી કોઇપણ સાંસારિક કાર્ય કરવું નહિ. ॥ ૩-૨૬-૩-૩૯૩ ॥ ૭૪૨ ॥

**પ્ર૦** પોસાતી શ્રાવકો કેટલી ભૂમિ સુધી જઈ શકે ?

**ઉ૦** પોસાતી શ્રાવકોઃ **ઇર્યાસમિતિ** વિગેરેએ કરી ધર્મને માટે

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઇચ્છામુજબ સુધી જઈ શકે છે, આમાં ભૂમિના પ્રમાણનો નિયમ નથી. ॥ ૩–૨૬–૪–૩૯૪ ॥ ૭૪૩ ॥

## ૨૭

# પણ્ડિતશ્રી અમરચન્દ્ર ગણિકૃત પ્રશ્નોત્તરો.

પ્ર૦ જિનપ્રતિમાજીને ચંદનની પેઠે કસ્તુરીનો લેપ કરાય? કે નહિ?

ઉ૦ પ્રતિમાજીને કસ્તુરીનો લેપન કરવાના અક્ષરો ગ્રંથમાં નથી. પણ ઉલટા સામાન્યથી કસ્તુરીનો લેપ કરવાના અક્ષરો **શ્રાદ્ધ વિધિ** વિગેરેમાં છે. અને પૂજામાં ચંદન વિગેરેના ઘોળમાં હાલમાં પણ કસ્તુરી વપરાતી જોવામાં આવે છે. ॥ ૩–૨૭–૧ –૩૯૫ ॥ ૭૪૪ ॥

પ્ર૦ સાંજના પ્રતિક્રમણની પેઠે સવારના પ્રતિક્રમણમાં શ્રાવકોને સાધુએ આદેશ અપાતો નથી, તેનું શું કારણ?

ઉ૦ "પ્રભાતનું પ્રતિક્રમણ ઉંચા સાદે ન કરવું" એવી **આગમની** મર્યાદા છે; જો આદેશ આપવામાં આવે, તો સૂત્ર સંભળાવવા માટે શ્રાવક ઉંચા સાદે ભણાવે, તો સૂત્ર મર્યાદાનો ભંગ થઇ જાય, માટે પ્રભાતે આદેશ અપાતો નથી. ॥ ૩–૨૭–૨–૩૯૬ ॥ ૭૪૫ ॥

પ્ર૦ શ્રાવકોને ગોત્રદેવીની પૂજામાં મિથ્યાત્વ લાગે? કે નહિ?

ઉ૦ જેનું તેવા પ્રકારનું ધૈર્ય હોય, તેણે ગોત્રદેવીની પૂજાઃ મહારાજા **કુમારપાલની** પેઠે કરવીજ નહિ. અને ધૈર્ય ન હોય તો કદાચિત્ તેની પૂજામાં પણ ઉચ્ચરેલ સમક્તિનો ભંગ થતો નથી. કેમકે–દેવાભિયોગરૂપ–છીંડીઃ ઉચ્ચરતી વખતે મોકળી રાખવામાં આવી હોય છે. ॥ ૩–૨૭–૩–૩૯૭ ॥ ૭૪૬ ॥

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**પ્ર૦ આંચલીકોએ** પ્રતિષ્ઠિત. કરેલા પ્રતિમાજી પૂજાય ? કે નહિ ?

ઉ૦ આંચલિકોએ પ્રતિષ્ઠિત કરેલી પ્રતિમાજી પણ **બારબોલના પટ્ટને** અનુસાર ગુરુવચનથી પૂજ્યજ છે. અને 'સર્વની અનુજ્ઞા અને સર્વનો નિષેધ પ્રવચનમાં નથી.' આ વચન આ બાબતમાં લક્ષ્યમાં રાખવું. ॥ ૩-૨૭-૪-૩૯૮ ॥ ૭૪૭ ॥

પ્ર૦ ચારેય લોકપાળ દેવો કેટલી નિકાયમાં છે ?

ઉ૦ **વૈમાનિકઃ** અને **ભવનપતિઃ** એ બે નિકાયમાં ચારેય લોકપાળ દેવોનો સદ્ભાવ **સંગ્રહણીટીકા** વિગેરેમાં કહેલ છે. ॥ ૩-૨૭-૫-૩૯૯ ॥ ૭૪૮ ॥

પ્ર૦ **શ્રુતદેવી** અને **ક્ષેત્રદેવીના** કાઉસ્સગ્ગો કરવાનું કયા ગ્રંથમાં બતાવેલ છે ?

ઉ૦ **આવશ્યકચૂર્ણિઃ** અને **પંચવસ્તુટીકાઃ** વિગેરે **આગમ** અને **પ્રકરણોમાં** કહેલા છે. ॥ ૩-૨૭-૬-૪૦૦ ॥ ૭૪૯ ॥

પ્ર૦ શ્રાવકોને પૂજા વખતે આઠપડો મુખકોશ બાંધવો કહ્યો છે, તે કઈ રીતિએ બંધાય ? જો પૂજા કરનારને ધોતીયું અને ખેસ હોય, તો ખેસનો મુખકોશ બાંધી શકાતો નથી, જો ત્રીજું વસ્ત્ર હોય, તો તેનાથી મુખ કોશ કરવો બની શકે. માટે ત્રીજા વસ્ત્રનો બંધાય ? કે ઉત્તરાસણનોજ બંધાય ?

ઉ૦ પૂજા વખતે મુખકોશનો બંધ ઉત્તરાસણે કરી શ્રાવકોએ કરવો, પણ ત્રીજા વસ્ત્રે કરીને નહિ. કેમકે-**શ્રાદ્ધવિધિમાં** પૂજાવખતે શ્રાવકોને બેજ વસ્ત્ર-ધોતીયુંઃ ઉત્તરાસણઃ રાખવાના કહ્યા છે, અને શ્રાવિકાને કંચુકા સહિત ત્રણ કહ્યા છે. અધિક કહ્યા નથી, માટે ઉત્તરાસણ પણ પૂજાને યોગ્ય થાય તેવું રાખવું, તેથી કાંઇ, અશક્યતા રહેશે નહિ. ॥ ૩-૨૭-૭-૪૦૧ ॥ ૭૫૦ ॥

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ૨૮

# પણ્ડિતશ્રી સત્ય સૌભાગ્યગણિકૃત પ્રશ્નોત્તરો

પ્ર૦ ઉત્કૃષ્ટ ચૈત્યવંદનમાં સ્તુતિઓ: અક્ષરોએ કરી મોટી કહેવાય, પણ ન્હાની ન કહેવાય. આરૂઢિ સત્ય છે? કે અસત્ય છે?

ઉ૦ ઉત્કૃષ્ટ ચૈત્યવંદનમાં અક્ષરોએ મોટીજ સ્તુતિઓ કહેવી, એ પરંપરા છે. તેથી રૂઢિ સત્યજ જણાય છે. અને પરંપરાનું મૂળ તો **नमोऽस्तु वर्धमानाय** ના અધિકારમાં

**ताओ अ थुईओ एगसिलोगादिवड्ढंतिआओ पयअक्खरादीहिं वा सरेण वा वड्ढंतेण तिन्नि भणिउणं**

"અને તે સ્તુતિઓ એક શ્લોક વિગેરેથી વધતી, અથવા પદ: અક્ષરોએ કરી વધતી, અથવા વધતા એવા સ્વરે કરી ત્રણ સ્તુતિઓ કહીને" આવો **આવશ્યકચૂર્ણિનો** પાઠ જોવાથી સંભવે છે. ॥ ૩–૨૮–૧–૪૦૨ ॥ ૭૫૧ ॥

પ્ર૦ પક્ખીમાં **ભુવનદેવીના** સ્મરણના કાઉસ્સગ પછી **ज्ञानादि गुणयुतानां** સ્તુતિઃ શ્રાવિકાઓ પણ બોલે? કે નહિ?

ઉ૦ પક્ખી પ્રતિક્રમણમાં **જ્ઞાનાદિ૦** સ્તુતિઃ શ્રાવિકાઓએ અને સાધ્વીઓએ પણ કહેવાય છે. ॥ ૩–૨૮–૨–૪૦૩ ॥૭૫૨॥

## ૨૯

# પણ્ડિત શ્રી જીવવિજય ગણિકૃત પ્રશ્નોત્તરો

પ્ર૦ **પાલણપુરનાં** મંદિરમાં દરરોજ ૫૦૦ **વીસલપ્રિયનાણાનો** ભોગ કહેલો છે, તો તે નાણું કયા નામવાળું કહેવાય છે?

ઉ૦ **વીસલદેવ રાજાએ** પાડેલું નાણું, તે **વીસલપ્રીય** નામનું

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તે કાલનું કોઇ નાણું વિશેષ સંભવે છે. તે હાલમાં પ્રસિદ્ધ નથી. પરંતુ "છત્રીશમુડા દ્રમ્મોએ કરી **વીસલપ્રીય** નાણું ૬૨ લાખ વીસ હજાર અને આઠસો થાય" એ પ્રમાણ કહેલ છે. ॥ ૩-૨૯-૧-૪૦૪ ॥ ૭૫૩ ॥

**પ્ર૦** શ્રાવિકા દેરાસરજીમાં અને ઘર દેરાસરમાં પ્રતિમાની પખાળ કરે? કે નહિ? તથા યૌવન અવસ્થામાં દેવપૂજા કરે? કે નહિ?

**ઉ૦** શ્રાવિકાઃ નગરદેરાસર અગર ઘરદેરાસરમાં પખાળ કરી શકે છે, તેમજ યુવાન અવસ્થામાં પૂજા પણ કરી શકે છે, જેમ **જ્ઞાતા ધર્મકથામાં દ્રૌપદીએ** પખાળપૂર્વક પૂજા કરી હતીઃ તે જાણવું. ॥ ૩-૨૯-૨-૪૦૫ ॥ ૭૫૪ ॥

## ૩૦

# પણ્ડિતશ્રી જસસાગર કૃત પ્રશ્નોત્તરો

**પ્ર૦** શ્રી તીર્થંકરના સમવસરણમાં બળી લાવે છે, તે રાંધેલો હોય, કે રાંધ્યા વિનાનો હોય? ગચ્છમાં તો રાંધ્યા વિનાનો બલિ" એમ કહેવાય છે, અને **મલયગિરિ આવશ્યક ટીકામાં** તો રાંધેલો બલિ બતાવે છે?

**ઉ૦** શ્રી તીર્થંકરદેવના સમવસરણમાં બલિ રાંધેલો હોય; એમ જણાય છે. ॥ ૨-૩૦-૧-૪૦૬ ॥ ૭૫૫ ॥

**પ્ર૦** શ્રાવકોને **ચઉસરણપયન્નો** કેમ ભણાવાય છે? કેમકે સાધુઓને તો **યોગ** સિવાય ભણાવતો નથી, અને શ્રાવકોને તો યોગ વિના પણ ભણાવાય છે, તેમાં શું-શાસ્ત્ર બલવાન્ છે? કે **ગચ્છસામાચારી** બલવાન્ છે?

**ઉ૦** **ચઉસરણ વિગેરે ચારપયન્ના આવશ્યકસૂત્ર** પેઠે બહુ ઉપયોગી હોવાથી, ઉપધાન યોગવહન કર્યા સિવાય પણ પરં-

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પરાએ ભણાવાતા હોય, એમ જણાય છે, માટે આમાં **પરંપરા** જ પ્રમાણ છે. ॥ ૩–૩૦–૨–૪૦૭ ॥ ૭૫૬ ॥

**પ્ર૦** મૂર્તકર્મોનો અમૂર્ત જીવ સાથે **વન્હિઅયઃ પીંડન્યાયે કરી** સંબંધ કેવી રીતે ઘટે ?

**ઉ૦** અરૂપીઓ સાથે રૂપી પદાર્થનો સંબંધ સંભવે છે જ. જેમ– આકાશ સાથે પરમાણુઓનો, અથવા પક્ષીઓનો સંબંધ છે. અને **અગ્નિ લોઢાના ન્યાયે** તો જુદીજ જાતની વ્યવસ્થા સૂચવવામાં આવી છે. પણ બે રૂપી પદાર્થોમાં જે એક પ્રકારનો સંબંધ થાય છે, તેવા સંબંધની સૂચના નથી. માટે કાંઈપણ અણઘટતું નથી. ॥ ૩--૩૦–૩–૪૦૮ ॥ ૭૫૭ ॥

**પ્ર૦** માછલાંઃ અને કાચબા, વિગેરે જલચર જીવોનું, અને બળદઃ પાડાઃ વિગેરે થલચર જીવોનું, પોપટઃ મેનાઃ વિગેરે ખેચર તિર્યંચ જીવોનું, આયુષ્યઃ તથા ગર્ભસ્થિતિઃ કેટલી હોય?

**ઉ૦** જલચરઃ થલચરઃ અને ખેચરોનું આયુષ્ય પ્રમાણ **गब्भमणुअ-जलचरोभय** ઈત્યાદિક **સંગ્રહણી** ગાથામાંથી જાણવું અને **मणुआ समगयाई** ઇત્યાદિક **વીરંજયક્ષેત્રસમાસની** ગાથામાંથી જાણવું.

તેઓની ગર્ભસ્થિતિ જઘન્યથીઃ અંતર્મુહૂર્ત, અને ઉત્કૃષ્ટથી. આઠ વર્ષો, **ભગવતી** વિગેરે સૂત્રોમાં બતાવી છે. ॥ ૩–૩૦–૪–૪૦૯ ॥ ૭૫૮ ॥

**પ્ર૦** ચૌદ નિયમોમાં પ્રભાતે પચ્ચક્ખાણ સમયે બે ત્રણ સચિત્તો છૂટા રાખ્યા હોય, તે દિવસે પૂરા થઇ ગયા, હવે રાત્રિમાં સચિત્તનું કાર્ય પડયું હોય તો, બીજા સચિત્તો વાપરવા કલ્પે ? કે નહિ ?

**ઉ૦** રાત્રિ દિવસના પચ્ચક્ખાણ વખતે જેટલા સચિત્તો છૂટા

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રાખ્યા હોય, તેટલા જો દિવસમાં પૂરા થઈ ગયા હોય, તો રાત્રિએ અધિક કલ્પે નહિ, અને જો સાંજ સુધીજ તેટલા છૂટા રાખ્યા હોય, તો રાત્રિએ અધિકપણ કલ્પે છે. ॥ ૩–૩૦–૫–૪૧૦ ॥ ૭૫૯ ॥

પ્ર૦ **બંધુજીવક** શબ્દનો શો શો અર્થ સમજવો ? **बिहुरिओ०** એ વૃક્ષનું ફુલ છે, કે કાંઇ બીજું છે ?

ઉ૦ **બંધુજીવક** શબ્દે કરી શાસ્ત્રમાં બંધુજીવક પુષ્પ કહેલ છે. અને લોકમાં તો **બપોરિઓ** વૃક્ષ કહેવાય છે. ॥ ૩–૩૦–૬ –૪૧૧ ॥ ૭૬૦ ॥

પ્ર૦ **ચંદ્રરુદ્રાચાર્યઃ** શિષ્યને ખભે બેસી ચાલેલ હતા, આ સત્ય છે ? કે અસત્ય છે ?

ઉ૦ **ઉત્તરાધ્યયનટીકા** વિગેરે બહુ ગ્રંથો અનુસાર "**ચંદ્રરુદ્રાચાર્યે** શિષ્યને કહ્યું " તું આગળ ચાલ " તેથી શિષ્ય ચાલ્યો, અને પોતે પાછળ ચાલ્યા." અને કોઇ ગ્રંથમાં કહ્યું છે કે– " શિષ્યના ખભે હાથ રાખીને ચાલ્યા. " ॥ ૩–૩૦–૭–૪૧૨ ॥ ૭૬૧ ॥

પ્ર૦ બોરડી અને બાવળમાં અસંખ્યાતા જીવો હોય ? કે એક જીવ હોય ?

ઉ૦ **પન્નવણાના પહેલા પદના ગુચ્છાધિકારમાં** "આવલ અને બોરડીના. મૂળ–કંદ–થડ–છાલ–શાખા અને પ્રવાલમાં દરેકમાં અસંખ્ય જીવો કહ્યા છે, તે અનુસાર બોરડી અને બાવલમાં પણ છ એય સ્થાનકોમાં અસંખ્ય જીવો સંભવે છે, પણ ન્યૂન–અધિક જીવો સંભવતા નથી. ॥ ૩–૩૦–૮–૪૧૩ ॥ ૭૬૨ ॥

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્ર૦ **एगभवग्गहणेणं सयसहस्सपुहुत्ताइं** એ વાક્યમાં પૃથક્ત્વ શબ્દે કરી કેટલી સંખ્યા લેવી ?

ઉ૦ અહીં પૃથક્ત્વ શબ્દ બહુત્વનો વાચક છે. જો એમ ન માનીએ, તો **ટીકામાં** એક સંયોગમાં પણ લાખ પૃથક્ત્વની ઉત્પત્તિ અને નિપજવું માછલાઓનું કહ્યું છે, અને મનુષ્યની ઉત્પત્તિ કહી છે, તો આખા ભવની તો શી વાત કરવી ? તેથી **दिवसमुहुत्तपुहत्ता,**

આપદમાં બહુત્વવાચી છે, તેમ અહીં પણ બહુત્વ અર્થ-વાળોજ લેવો. એમ જાણવું ॥ ૩-૩૦-૯-૪૧૪ ॥ ૭૬૩ ॥

## ૩૧

## પણ્ડિત હર્ષચન્દ્ર ગણિકૃત પ્રશ્નોત્તરો.

પ્ર૦ જિનેશ્વરની માતા જિનેન્દ્રને જન્મ આપ્યા બાદ બીજા છોકરને પ્રસવે કે નહિ ?

ઉ૦ આમાં એકાંત જાણ્યો નથી કેમકે **નેમનાથ** વિગેરેના નાના ભાઇઓ **રથનેમિ** વિગેરે પ્રસિદ્ધ છે. ॥ ૩૧-૧-૪૧૫ ॥ ૭૬૪ ॥

પ્ર૦ કોઈ માણસે પોતાનું ઘર પણ જિનાલયને અર્પણ કરેલ હોય તેમાં કોઇ પણ શ્રાવક ભાડુ આપીને રહી શકે ? કે નહિ ?

ઉ૦ જોકે ભાડુ આપીને તે ઘરમાં રહેવામાં દોષ લાગતો નથી, તો પણ તેવા પ્રકારના કારણ વિના ભાડુ આપીને પણ તેમાં રહેવું વ્યાજબી ભાસતું નથી. કેમકે—દેવદ્રવ્યના ભોગ વિગેરેમાં નિઃશૂકતાનો પ્રસંગ થઈ જાય ॥ ૩-૩૧-૨-૪૧૬ ॥ ૭૬૫ ॥

પ્ર૦ કોઈ શ્રાવક ચાર ઉપધાન કરીને માળાપહેરે, તે વખતે સમુદ્દેશઃ અનુજ્ઞાઃ કરાય છે તેમાં બાકીના બે ઉપધાનના નામ લેવાય ? કે નહિ ?

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉ૦ "છયેય ઉપધાનના નામો માળા વખતે થતી સમુદ્દેશ અનુજ્ઞાઃની ક્રિયામાં લેવાય છે. બાકી રહેલ બે ઉપધાનનો ઉદ્દેશઃ આગળ કાળમાં કરવામાં આવે, તેમાં દોષ નથી" એમ **વૃદ્ધસંપ્રદાય** છે. ॥ ૩-૩૧-૩-૪૧૭ ॥ ૭૬૬ ॥

પ્ર૦ ચક્રીનો **સુષેણસેનાપતિ તિમિસ્રા** ગુફાના બારણા ઉઘાડતી વખતે કેટલી ભૂમિ પાછો હઠીને ખોલે ?

ઉ૦ સેનાની બારણાની પૂજા કરીને પ્રહાર દેવા માટે સાત આઠ પગલા પાછો હઠે છે, પણ "કપાટ ખોલવાના સમયે સેનાની **રત્નઅશ્વ** બાર યોજન પાછો હઠે છે" આવો જ **પ્રઘોષ** ચાલે છે, તે **અનાગમિક** છે. કેમકે **આવશ્યક ટીપ્પનમાં** સેનાની સાત આઠ પગલા પાછો હઠે એમ કહેલ છે ॥ ૩-૩૧ -૪-૪૧૮ ॥ ૭૬૭ ॥

પ્ર૦ તમામ ચક્રવર્તિઓને પોતાના રત્નો તુલ્ય પ્રમાણવાળા હોય કે નહિ ?

ઉ૦ કેટલાકના મતે સર્વચક્રવર્તિઓને કેટલાક **કાકિણી** વિગેરે રત્નો પ્રમાણઅંગુલથી બનેલ માપવાળા હોય—અને કેટલાક રત્નો તો તત્કાલીન પુરુષ વિગેરેના પ્રમાણને ઉચિત માનવાળા હોય છે, અને બીજા કેટલાકના મતે તો તમામ રત્નો પણ તે તે કાલને ઉચિત પ્રમાણવાળા હોય છે. એમ બે બાબતો છે ॥ ॥ ૩-૩૧-૫-૪૧૯ ॥ ૭૬૮ ॥

પ્ર૦ ખરતરઃ અંચળઃ વિગેરેને પ્રતિક્રમણ કરવાની પ્રેરણા કરાય છે, અને ત્રણ વખત સામાયિક દંડક ઉચ્ચરાવાય છે, તે વ્યાજબી છે ? કે નહિ ?

ઉ૦ તેઓને ઉદીરણા કરવી વ્યાજબી નથી. પણ જો પોતાની મેળે પ્રતિક્રમણ કરે, અને પોસહ વિગેરે દંડક ત્રણવાર ઉચ્ચરે, તો



For Private and Personal Use Only

દ્રવ્યઃ ક્ષેત્રઃકાલઃ ભાવઃ અનુસાર અનુકુલ વિગેરે ગુણોનો સંભવ દેખાતો હોય તો ઉચ્ચરાવાય છે, કેમકે **શાસ્ત્રમાં** "સર્વની અનુજ્ઞા અને સર્વનો નિષેધ પ્રવચનમાં નથી" એમ કહેલ છે ॥ ॥ ૩–૩૧–૬–૪૨૦ ॥ ૭૬૯ ॥

પ્ર૦ **ખરતરો** મંડલીમાં બેસી પ્રતિક્રમણ કરે છે, તેણે કહેલું **વંદિત્તુ** સૂત્ર આપણા શ્રાવકોને અને તેણે કહેલ સ્તવન વિગેરે સાધુઓને કલ્પે? કે નહિ? તેમજ ઉપવાસ વિગેરેમાં જેઓ **કસેલિ**-યાનું પાણી વાવરે છે, તેઓને ઉપવાસ વિગેરેનું પચ્ચક્ખાણ અપાય? કે નહિ?

ઉ૦ દ્રવ્યઃ ક્ષેત્રઃ કાળઃ અને ભાવઃ અનુસાર ઉચિત હોય, તે કરવું ॥ ॥ ૩–૩૧–૭–૪૨૧ ॥ ૭૭૦ ॥

પ્ર૦ ફાસુ એટલે નિર્જીવ પાણીનો સંખારો કાચા પાણીમાં નંખાય? કે જુદો રખાય?

ઉ૦ ફાસુ પાણીનો સંખારો એકાંતે કરી સચિત્ત પાણીમાં ન નંખાય, તેવા અક્ષરો **શાસ્ત્રમાં** જોવામાં આવ્યા નથી. તેથી જેમ જયણા થાય, તેમ કરવું જોઈયે. પણ જેમ તેમ સંખારો નાંખી દેવાય નહિ ॥ ૩–૩૧–૮–૪૨૨ ॥ ૭૭૧ ॥

પ્ર૦ સાધુ નદી ઉતરીને **સંવચ્છરી** ક્ષામણા કરવા જાય? કે નહિ?

ઉ૦ નદી ઉતરીને સાધુઓને ક્ષામણા કરવા જવાની પ્રવૃત્તિ જાણી નથી ॥ ૩–૩૧–૯–૪૨૩ ॥ ૭૭૨ ॥

પ્ર૦ **રાયપસેણીયમાં** દેવલોકના સ્વરૂપમાં વનખંડ–વૃક્ષ–ફલ–અને ફુલો વિગેરે કહ્યા છે, તે બધા પૃથ્વીપરિણામરૂપ છે? કે ખુદ વન-સ્પતિ સ્વરૂપ છે? તેમજ પુષ્કરણી વિગેરે વાવડીમાં માછલાં કહ્યા છે, તે જીવપરિણામરૂપ છે? કે આકારમાત્ર છે?

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉ૦ "દેવલોકોમાં વનખંડ વૃક્ષ વિગેરે છે" એમ કહ્યું છે, તે વનસ્પતિરૂપ છે અથવા પૃથ્વી પરિણામરૂપ છે. જો કે ત્યાં રત્નરૂપ પૃથ્વી છે તોપણ એવી કોમળ છે કે વનસ્પતિને ઉગવામાં કોઈ બાધા આવતી નથી. તેમજ વાવડીઓમાં જે માછલાં વિગેરે બતાવ્યા છે, તે આકારમાત્ર સંભવે છે, કેમકે દેવલોકોની વાવડીમાં માછલા વિગેરે જલચર જીવોના નિષેધ સૂચવનારી ગાથાઓ જોવામાં આવે છે ॥ ૩-૩૧-૧૦-૪૨૪ ॥ ૭૭૩ ॥

પ્ર૦ ઉપધાન તપ પૂરું થઈ ગયું હોય તો, શેષ રહેલા પવેણામાં દિનવૃદ્ધિ થાય કે નહિ ?

ઉ૦ ઉપધાનના બાકી રહેલ પવેણાઓમાં દિવસ વધવાના પ્રસંગો આવે, તો દિવસવૃદ્ધિ થાય છે ॥ ૩-૩૧-૧૧-૪૨૫ ॥ ૭૭૪ ॥

પ્ર૦ આખો દિવસ દેશાવકાશિક કરાય, છે તેને ઉચ્ચરવાનોઃ અને પારવાનોઃ વિધિ જણાવવો, તેમજ તેમાં સામાયિક લેવુંઃ અને પારવું સૂઝે ? કે નહિ ? તથા દેશાવકાશિક સાથે સામાયિક ઉચ્ચરાય ? કે નહિ ?

ઉ૦ દેસાવકાશિકનો વિધિ.

**देसावगासिअं उवभोगपरिभोगं पच्चक्खामि** ઈત્યાદિક જોવામાં આવે છે, પરંતુ પારવાનો વિધિ જાણ્યો નથી. તેમજ તેમાં સામાયિક લેવુંઃ પારવુંઃ સૂઝે છે, અને તેની સાથે સામાયિક લેવું પણ સૂઝે છે ॥ ૩-૩૧-૧૨-૪૨૬ ॥ ૭૭૫ ॥

પ્ર૦ ઉપધાનમાં પાળી પલટાય કે નહિ ?

ઉ૦ ઉપધાનમાં ઉપવાસ વિગેરે તપ કરાવવાનો વારો હોય, છતાં તેવા પ્રકારના કારણથી નિવિ કરાવી શકાય છે, એટલે પાળી પલટી શકાય છે ॥ ૩-૩૧-૧૩-૪૨૭ ॥ ૭૭૬ ॥

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ૩૨

# પણ્ડિત શ્રી ધર્મવિજય ગણિકૃત પ્રશ્નોત્તરો

પ્ર૦ આરાધના પ્રકરણ રાણકપુરની પ્રતિષ્ઠા કરાવનાર શ્રી સોમસુંદર સૂરીશ્વરે રચેલ છે ? કે શ્રી સોમપ્રભ સૂરીશ્વરે બનાવેલ છે ?

ઉ૦ આરાધનાસૂત્ર ૪૭મી પાટે થએલ શ્રીસોમપ્રભસૂરીશ્વરે બનાવેલ છે ॥ ૩–૩૨–૧–૪૨૮ ॥ ૭૭૭ ॥

પ્ર૦ જિનેશ્વરદેવને નમસ્કાર કર્યા પહેલાં ઘંટ વગાડાય? કે પછી ?

ઉ૦ "અન્યદ્રવ્યોથી પૂજા કર્યા પછી તુરત નાદપૂજારૂપ ઘંટ વગાડાય" છે એમ પૂજા કરનાર વૃદ્ધ શ્રાવકોની પરંપરા ચાલી આવી છે. તેથી પૂજામાં ફુલ વિગેરે દ્રવ્ય પૂજા કરી રહ્યા પછી તુરત ઘંટ વગાડાય છે. અને ફક્ત ચૈત્યવંદન કરવા શ્રાવક આવ્યા હોય તો સાથીઆ વિગેરે દ્રવ્ય પૂજા કરી તુરત ઘંટ વગાડાય છે. એમ જણાય છે. બીજી રીતે ઘંટ વગાડવાનું થાય છે, તે તો હર્ષાવેશને સૂચવનાર લોકપ્રવાહમાં પડી જાય છે, પણ પરંપરાને અનુસરતુ નથી ॥ ૩–૩૨–૨–૪૨૯ ॥ ૭૭૮ ॥

# ૩૩

# પણ્ડિત શ્રી વિદ્યાવિજય ગણિકૃત પ્રશ્નોત્તરો

પ્ર૦ ઉઘાડે મુખે બોલવામાં ઇરિયાવહિયા કરવા પડે છે, તો વાંદણા દેતાં જે બોલાય છે, તેમાં કેમ ઇરિયાવહિયા કરાતા નથી ?

ઉ૦ વાંદણા આપતી વખતે વિધિ સાચવવા માટે ઉઘાડે મુખે બોલ્યા છતાં પણ પ્રમાદનો અભાવ હોવાથી ઇરિયાવહિયા

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરાતા નથી, તે સમજી લેવું ॥ ૩–૩૩–૧–૪૩૦ ॥ ૭૭૯ ॥

પ્ર૦ ઉપાશ્રયમાં **સંવચ્છરી** વિગેરે પ્રતિક્રમણ વખતે જે કેશરઃ તેલઃ વિગેરે આપવાનું કબૂલ કરવામાં આવે છે, તે દેવદ્રવ્યમાં લઈ જવાય ? કે સાધારણ દ્રવ્યમાં લઈ જવાય ?

ઉ૦ પ્રતિજ્ઞા મુજબ દેવદ્રવ્યમાં અથવા સાધારણ દ્રવ્યમાં લઈ જવાય છે. તે જાણવું ॥ ૩–૩૩–૨–૪૩૧ ॥ ૭૮૦ ॥

પ્ર૦ પોસહમાં શ્રાવકને યાચક વિગેરેને દાન આપવું કલ્પે ? કે નહિ ?

ઉ૦ મુખ્ય રીતિએ પોસહમાં યાચક વિગેરેને દાન આપવું કલ્પે નહિ. પણ કોઇ કારણ વિશેષ હોય, તે વખતે "તેવા પ્રકારની જિનશાસનની ઉન્નતિ થશે, તેમ જાણીને કદાચિત્ આપે તો, નિષેધ જાણ્યો નથી ॥ ૩–૩૩–૩–૪૩૨ ॥ ૭૮૧ ॥

પ્ર૦ ચોમાસું પૂરુ થાય પછી તુરત બે માસ સુધી કપડા વિગેરે વહોરવા કલ્પે નહિ, તેવા અક્ષરો કયા ગ્રંથમાં છે ?

ઉ૦ "વર્ષાકાલમાં જે ક્ષેત્રમાં ચોમાસુ રહ્યા, તે પૂર્ણ થવા છતાં પણ, તે ક્ષેત્રમાં અને બીજા પણ સંવિગ્ન ક્ષેત્રમાં પાંચ ગાઉ સુધીની ભૂમિમાં કારણ સિવાય બે માસ સુધી વસ્ત્ર વિગેરે વહોરવું કલ્પે નહિ" આ હકીકત વિસ્તારથી **નિશીથ સૂત્રના દશમા ઉદ્દેશાની ચૂર્ણિમાં છે** તેમાંથી નિર્ણય કરવો. અને આ પાઠ મુજબ સાધુઓને ચોમાસા પછી પણ બે માસ સુધી વસ્ત્ર વિગેરે વહોરવા કલ્પે નહિ ॥ ૩–૩૩–૪–૪૩૩ ॥ ૭૮૨ ॥

પ્ર૦ સાધુ વસ્ત્રને થીગડું દીએ ? કે નહિ ?

ઉ૦ 'જે સાધુ વસ્ત્રને એક થીગડું દે અને દેતાની અનુમોદના કરે તેને દોષો થાય' અને 'જે સાધુ **કારણે** ત્રણ થીગડા ઉપર ચોથું થીગડું દે તેને પાયશ્ચિત્ત આવે' આ પ્રમાણે લખાણ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**નિશીથ સૂત્રના પહેલા ઉદ્દેશામાં છે.** તો આ પાઠ મુજબ સાધુને વસ્ત્રે થીગડું દેવું કલ્પે નહિ ॥ ૩–૩૩–૪–૪૩૪ ॥ ૭૮૩ ॥

પ્ર૦ પ્રતિક્રમણ મુહપત્તિ પડિલેહતા હોય તે વખતે પંચેન્દ્રિય જીવની છીંક થઈ હોય તો, મુહપત્તિ ફરી પડિલેહવી ? કે નહિ ?

ઉ૦ પંચેન્દ્રિયની છીંક થાય તો પણ મુહપત્તિ ફરી પડિલેહવી પડતી નથી, આ બાબત વિશેષ અક્ષરો જોવામાં આવ્યા નથી. તેથી એમ જણાય છે ॥ ૩–૩૩–૫–૪૩૫ ॥ ૭૮૪ ॥

## ૩૪

## પણ્ડિત શ્રી ધીરકુશલ ગણિકૃત પ્રશ્નોત્તરો

પ્ર૦ બારમે દેવલોકે **સીતાનો** જીવ **સીતેન્દ્ર** થયો, તે નામ સત્ય છે ? કે નહિ ?

ઉ૦ **અચ્યુતેંદ્રિ** નામજ સત્ય છે ॥ ૩–૩૪–૧–૪૩૬ ॥ ૭૮૫ ॥

પ્ર૦ આરતી ઉતારવી: નૈવદ્ય વિગેરેનું મૂકવું: આ વિધિ કયા પુરાતન ગ્રંથમાં છે ?

ઉ૦ **પ્રવચનસારોદ્ધારની ટીકા** અને **શ્રાદ્ધવિધિ** વિગેરે ગ્રંથોમાં પૂજા અવસરે આરતી ઉતારવી: અને નૈવેદ્ય વિગેરે મૂકવું: વિગેરે વિધિ બતાવેલ છે ॥ ૩–૩૪–૨–૪૩૭ ॥ ૭૮૬ ॥

પ્ર૦ સમવસરણમાં રહેલ તીર્થંકર મહારાજાને સાધુઓ અને શ્રાવકો કઇ રીતે વાંદે છે ?

ઉ૦ "સમવસરણમાં રહેલ તીર્થંકર દેવને વાંદી સાધુઓ અને શ્રાવકો યોગ્ય સ્થાને બેસે છે" એમ **આવશ્યકહારિભદ્રી ટીકામાં** લખેલ છે, પરંતુ વંદનની રીતિ કોઈ ઠેકાણે પણ લખેલ નથી. સંભવે છે કે–હાલ વંદનની રીતિ છે, તેજ હોવી જોઈએ ॥ ૩–૩૪–૩–૪૩૮ ॥ ૭૮૭ ॥

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**પ્ર૦ દીગંબર વિગેરેના મંદિરમાં આપણા આચાર્યોએ પ્રતિષ્ઠિત કરેલી પ્રતિમા છે, તે વંદાય ? કે નહિ ?**

ઉ૦ તે પ્રતિમા એકાંતમાં કોઈ ન હોય, તે વખતે વંદાય છે. પણ સમુદાયમાં વંદન કરનારે દ્રવ્યઃ ક્ષેત્રઃ કાલાદિઃનો વિચાર કરીને દિગંબર વિગેરેના મતને પુષ્ટિ ન થાય, તેમ કરવું ॥ ૩-૩૪-૪-૪૩૯ ॥ ૭૮૮ ॥

પ્ર૦ **અઠાવીસું** અને **પાંતરીસું** મૂલવિધિએ વહન કરતાં કેટલા દિવસ લાગે ? તેમજ તે બે ઉપધાનથી કેટલા દિવસ ઓછા હોય, ને નીકળી શકાય ?

ઉ૦ મૂળવિધિએ-તે બે ઉપધાન કરવામાં દિવસોનું ન્યૂનપણું કે અધિકપણું જાણ્યું નથી. તેમ જ તે બે ઉપધાનમાંથી મહાન્ કારણ આવી પડયું હોય, તો તપ પુરો થઈ ગયા પછી નીકળી જતા જોવામાં આવે છે, પરંતુ દિવસની સંખ્યા જાણવામાં નથી ॥ ૩-૩૪-૫-૪૪૦ ॥ ૭૮૯ ॥

પ્ર૦ તીર્થમાં જે નાળિયેર વિગેરે દ્રવ્ય માન્યું હોય, તેજ મૂકાય કે ? બીજું પણ મૂકાય ?

ઉ૦ **શંખેશ્વર** વિગેરે તીર્થમાં મૂળ વિધિએ જે દ્રવ્યજ માન્યું હોય, તે જ મૂકાય છે, કારણે તો જેમ દેવું ન રહે, તેમ કરવું ॥ ૩-૩૪-૬-૪૪૧ ॥૭૯૦॥

પ્ર૦ " **जीवंत-सामिपडिमाइ सासणं विअरिऊण भत्तीए.**" આ આર્યાગાથામાં શાસન શબ્દે કરી ગામ જાણવું ? કે કોઇ બીજો પદાર્થ જાણવો ? તેમજ આ બાબત કયા મૂળ ગ્રંથમાં છે ? તે રૂડી રીતે પ્રસાદી કરશો ?

ઉ૦ **અનેકાર્થસૂત્ર ટીકામાં શાસન** શબ્દના પાંચ અર્થો બતાવ્યા છે, તેમાં એક અર્થઃ રાજાએ આપવા યોગ્ય ભૂમિ. એવો કર્યો છે. ગામ છે તે રાજાએ આપવા લાયક ભૂમિનો એક ભાગ છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેથી **શાસન** શબ્દે કરી અહીં ગામ અર્થ કહેવાય છે. તેને મળતો અર્થ **દાનકુલ** શબ્દાર્થમાં બતાવેલ છે, તેમજ આ સવિસ્તર અર્થ **હારિભદ્રી આવશ્યક ટીકા** વિગેરેમાં કહ્યો છે ॥ ૩-૩૪-૭-૪૪૨ ॥ ૭૯૧ ॥

## ૩૫

# પણ્ડિત શ્રી સોમવિમલગણિકૃત પ્રશ્નોત્તરો

પ્ર૦ તીર્થંકરના જન્મ પછી દેવો કેટલા પ્રમાણવાળી રત્નાદિકની વૃષ્ટિ કરે છે?

ઉ૦ **उसभेणं अरहा कोसलिए जाए जाव चिट्ठइ, ततो वेसमणो सक्कवयणेणं बत्तीसं हिरण्णकोडीओ बत्तीसं सुवण्णकोडीओ बत्तीसं नंदासणाइं बत्तीसं भद्दासणाइं भगवतो तित्थकरस्स जम्मण-भवणंमि साहरइ.**

"**ઋષભદેવ** અરિહંત **કૌશલિક** જન્મ્યા યાવત્ રહે છે, તે વાર પછી **વૈશ્રમણ** દેવ શક્રનાહુકમથી બત્રીશ ક્રોડ હિરણ્ય બત્રીશ ક્રોડ સુવર્ણ બત્રીશ નંદાસણ અને બત્રીશ ભદ્રાસનો તીર્થંકર ભગવાનના જન્મભવનમાં મુકે છે."

આ પાઠ **આવશ્યક બૃહદ્વૃત્તિમાં** છે.

"કુંડલ અને વસ્ત્રયુગલ ઓશીકે મૂકીને ઇંદ્રાએ **શ્રીદામ** અને **રત્નદામે** કરી વ્યાપ્ત એવો સોનાનો દડો ચંદરવામાં બનાવ્યો, અને બત્રીશક્રોડ રત્નઃ સુવર્ણઃ અને રૂપાનીઃ વૃષ્ટિ કરીને આભિયોગ દેવો પાસે બાઢ ઉદ્ઘોષણા કરાવી," આ પ્રમાણે **કલ્પકિરણાવલીમાં** છે. તેથી સમજાય છે કે "દેવે બત્રીશક્રોડ પ્રમાણ વૃષ્ટિ કરી હતી" ॥ ૩-૩૫-૧-૪૪૩ ॥ ॥ ૭૯૨ ॥

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ૩૬

# ગણિ શ્રી હેમસાગરકૃત પ્રશ્નોત્તરો

પ્ર૦ **સંગમ** ગોવાળીઆએ જ્યારે સાધૂને ખીર વહોરાવી ત્યારે તેને સમકિત હતું કે નહિ? અને સમકિત વિના તેવા પ્રકારના બહોળા સુખની પ્રાપ્ત કેવી રીતે થઈ?

ઉ૦ તેને તેવા પ્રકારની સુખની પ્રાપ્તિ તો ભદ્રિકપરિણામ વિશેષના માહાત્મ્યથી થઈ છે, એમ જાણવું ॥ ૩-૩૬-૧-૪૪૪॥૭૯૩॥

પ્ર૦ **दक्खिन्न दयालुत्तं वियभासित्ताइ विविहगुणनिवहं ।**
**सिवमग्गकारणं जं, तमहं अणुमोअए सव्वं ॥१॥**
**सेसाणं जीवाणं० ॥२॥ एमाइ अण्णंपि० ॥३॥**

આ **આરાધનપતાકા**ની ત્રણ ગાથા અનુસાર મિથ્યા-દૃષ્ટિઓનું દાક્ષિણ્ય અને દયાળુપણું વગેરે પ્રશંસવા લાયક છે? કે નહિ?

ઉ૦ આ **આરાધનાપતાકાની** ત્રણ ગાથામાં સાધુઃ દેશવિરતિઃ અને સમકિતીઃ જે જિનશાસન સંબંધિઓ છે તેના સિવાય બીજાઓના દાક્ષિણ્યઃ દયાળુપણું વિગેરે ગુણોની પ્રશંસા કરેલી છે. તેમાં કાંઈ અયુક્ત જણાતું નથી. કેમકે આ ગુણો જિનેશ્વરોએ દરેકને મેળવવાનાજ કહેલા છે. ॥ ૩-૩૬-૨ ૪૪૫ ॥ ૭૯૪ ॥

પ્ર૦ સાધુઓને ભાવપૂજા કરવી કહી છે, પણ પ્રતિષ્ઠામાં અંજન શલાકા કરવામાં દ્રવ્યપૂજા થાય છે, તેનું કેમ?

ઉ૦ સાધુઓને બાહુલ્યતાથી ભાવપૂજા બતાવી છે. અને શ્રાવકોને દ્રવ્યપૂજા કહી છે. પરંતુ આમાં એકાન્તપણું જાણ્યું નથી. કેમકે-**ઠાણાંગસૂત્ર**માં **पुए नामेगे पूजावेइ** આમાં ચૌભંગી

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે. આનો અર્થ કરતાં સાધુઓને એકાંત દ્રવ્યપૂજાનો નિષેધ જાણ્યો નથી. કેમકે—અંગરાગે કરી યતિપતિઓની પૂજા કરાય છે, તે પણ દ્રવ્ય પૂજા કહેવાય છે. [ત્યાગી સાધુપણાને લીધે દ્રવ્યપૂજાના ઉપકરણો તેમની પાસે ન હોય, અને મહાવ્રતનો આચાર પાળવાનો હોવાથી, દ્રવ્યપૂજા ન કરી શકે, પરંતુ તેટલાથી કારણ વિશેષે દ્રવ્યપૂજાનો નિષેધ થતો નથી. આ તાત્પર્ય હશે ?] ॥ ૩–૩૬–૩ ૪૪૬ ॥ ૭૯૫ ॥

પ્ર૦ **એકવિંશતિસ્થાનકમાં નેમિનાથ ભગવાનને** અગીઆર ગણધરો કહ્યા છે, અને **કલ્પસૂત્રમાં** ૧૮ કહ્યા, તે કેવી રીતે ?

ઉ૦ ૧૧ ગણધરો **એકવિંશઠાણ:** તેમજ **સપ્તતિશતઠાણઃ પ્રવચનસારોદ્ધારઃ આવશ્યક** વિગેરે ગ્રંથોમાં કહેલા છે. **કલ્પસૂત્રમાં** ૧૮ કહ્યા છે. આ પ્રમાણે ભેદ પડે છે, તે મતાંતર જાણવું. ॥ ૩–૩૬–૪–૪૪૭ ॥ ૭૯૬ ॥

પ્ર૦ નવેય વાસુદેવોનું શરીરબળ સરખું હોય ? કે ન્યૂન અધિક હોય ?

ઉ૦ અવસર્પિણી કાળના પ્રભાવે તેઓનું શરીરબળ ન્યૂનાધિક પણ હોય છે, કેમકે પહેલા વાસુદેવે કોટીશીલા છત્ર સુધી ઉંચી ઉપાડી અને નવમા વાસુદેવે ભૂમિથી ફક્ત ચાર આંગુલ સુધી ઉપાડી છે. ॥ ૩–૩૬–૫ ૪૪૮ ॥ ૭૯૭ ॥

પ્ર૦ કાર્તિક અમાવાસ્યાની રાત્રિમાં **श्रीमहावीर-सर्वज्ञाय नमः** આ પદ ગણાય છે. તે શા માટે છે ? અને કયા દિવસે જ્ઞાન થયું ?

ઉ૦ **મહાવીરભગવંતે** સર્વજ્ઞપણાએ દેશના આપી છે, માટે **श्री महावीर-सर्वज्ञाय नमः** ગણાય છે. અને મધ્ય રાત્રે ( રાત્રિ પછી ) મુક્તિ ગયા છે, તેથી **श्री महावीरपारगताय नमः**

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ ગણાય છે. ॥ ૩–૩૬–૬ ૪૪૯ ॥ ૭૯૮ ॥

પ્ર૦ નિર્વાણ વખતે ભગવાને ૧૬ પહોર દેશના આપી, તે કયા દિવસથી માંડી કયા દિવસમાં પુરી થઇ ?

ઉ૦ ચૌદશના દિવસથી માંડી અમાવાસ્યાની પાછલી રાત્રિની બે ઘડી બાકી રહી ત્યારે પૂર્ણ થઈ સંભવે છે. કેમકે–"અમાવાસ્યામાં ૨૯ મુહુર્તોએ નિર્વાણ થયું" એમ કહેલ છે, તેથી ૧૬ પહોર તો તેના પહેલાં થઇ જવા જોઈએ. ॥ ૩–૩૬–૭ ૪૫૦ ॥ ૭૯૯ ॥

# ૩૭

# શ્રી રત્નવર્ધન ગણિકૃત પ્રશ્નોત્તરો.

પ્ર૦ શ્રાવકને નીવીના પચ્ચક્ખાણમાં સાધુની પેઠે નિવિયાતું કલ્પે ? કે નહિ ?

ઉ૦ સાધુઓને અને શ્રાવકોને મુખ્ય રીતીએ નિવિયાતું કલ્પે નહિ. કારણ હોય તો કલ્પે છે. આવા અક્ષરો શાસ્ત્રમાં છે, અને શ્રાવક કોઈક વખત નીવીનું પચ્ચક્ખ્ખાણ કરે છે, તેથી તેને કલ્પે નહિ. સતત તપમાં તો કારણપણું હોવાથી કલ્પે છે, એકાંત નિષેધ જાણેલ નથી. સાધુઓને તો પર્વતિથિ વિગેરેમાં વારંવાર પચ્ચક્ખાણ કરાતું હોવાથી કલ્પે છે. ॥ ૩–૩૭–૧ ૪૫૧ ॥ ૮૦૦ ॥

પ્ર૦ "કાલેપોસહ કરીશું" એવી ઇચ્છાવાળાને અને "ઉપવાસ કરીશું" એવી ઇચ્છાવાળાને રાત્રિએ સુખડી ખાવી કલ્પે ? કે નહિ ?

ઉ૦ પોસહ અને ઉપવાસની ઇચ્છાવાળાને રાત્રિએ સુખડી ખાવી કલ્પે નહિ, જેને સર્વથા તેના વિના ચાલતું ન હોય, તે રાત્રિના પહેલા બે પહોર સુધી કદાચિત્ સુખડી ખાઇ જાય, તો આગળ કરવાના પોસહનો અને ઉપવાસનો ભંગ થતો નથી. જો પાછલા

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બે પહોરમાં ખાય તો પોસહ ઉપવાસનો ભંગ થાય છે. ॥ ૩–૩૭–૨ ૪૫૨ ॥ ૮૦૧ ॥

પ્ર૦ પુસ્તકઃ ઉપકરણઃ વિગેરે પરિગ્રહમાં ગણાય ? કે નહિ ?

ઉ૦ જો મુર્છા રાખે તો પરિગ્રહ જ ગણાય. ન રાખે તો ન ગણાય. એ તત્ત્વ છે. ॥ ૩–૩૭–૩ ૪૫૩ ॥ ૮૦૨ ॥

પ્ર૦ સ્થાપના કેટલો કાળ રહે ?

ઉ૦ શાસ્ત્રમાં સ્થાપના બે પ્રકારે કહી છે. ૧ ઇત્વર. ૨ યાવત્કથિક. તેમાં જ્યાં સુધી ઉપયોગ હોય ત્યાં સુધી રખાય, તે ઇત્વર ગણાય. અને જ્યાં સુધી તેનો નાશ ન થાય ત્યાં સુધી રહે, તે યાવત્કથિક કહેવાય છે. ॥ ૩–૩૭–૪ ૪૫૪ ॥ ૮૦૩ ॥

પ્ર૦ જેણે દીક્ષા લેવા માટે લીલોતરીનો ત્યાગ કર્યો હોય, તેને દીક્ષા લીધા પછી કલ્પે ? કે નહિ ?

ઉ૦ જો પચ્ચક્ખાણ લેતી વખતે "દીક્ષા લીધા બાદ કલ્પે" એમ રાખ્યું હોય, તો લીલોતરી કલ્પે છે. નહિંતર તો કલ્પે નહિ ॥ ૩––૩૭ ૫–॥ ૪૫૫ ॥ ૮૦૪ ॥

પ્ર૦ બહુ દુધમાં અથવા દહીમાં થોડા ચોખા નાંખે તે દુધ અથવા દહીં નિવિયાતું થાય ? કે નહિ ?

ઉ૦ **दक्खबहुले अप्पतंदुले દ્રાક્ષઘણી** અને **અલ્પચોખા** આ **ભાષ્યની** ગાથા મુજબ અલ્પ ચોખા નાંખ્યા હોય તો પણ તે દુધ અથવા દહીં નિવિયાતું થાય છે. એમ જણાય છે. ॥ ૩–૩૭–૬ ૪૫૬ ॥ ૮૦૫ ॥

## ૩૮

# શ્રી પ્રેમવિજય ગણિકૃત પ્રશ્નોત્તરો

પ્ર૦ નિરંતર ઘણા જીવો મુક્તિમાં જાય છે, પરંતુ મુક્તિમાં સંક-

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ડાશ થતી નથી, અને સંસારે ખાલી થતો નથી. તેનો દૃષ્ટાંત શો છે?

ઉ૦ જેમ ભૂમિની માટી વરસાદના પાણીથી ઘસડાતી સમુદ્રમાં નિરંતર જાય છે, તો પણ, સમુદ્ર પૂરાઈ જતો નથી અને ભૂમિમાં ખાડો પડતો નથી. તેવી રીતે મુક્તિમાં આ દૃષ્ટાંત જાણવો. ॥ ૩-૩૮-૧ ૪૫૭ ॥ ૮૦૬ ॥

પ્ર૦ કંડરીક એકહજાર વર્ષ સુધી ચારિત્રપાળીને ભગ્ન પરિણામથી ચારિત્ર છોડી એક દિવસ વિષયસુખ ભોગવી નરકે ગયો, તેને ચારિત્ર પાળ્યાનું ફળ આગળ ઉદય આવશે ? કે નહિ?

ઉ૦ તેના ફળ વિપાકમાં નિયમ નથી. અને આની વિશેષ હકીકત જોવામાં આવી નથી. ॥ ૩-૩૮-૨ ૪૫૮ ॥ ૮૦૭ ॥

પ્ર૦ ચક્ષુ વિનાનો **બ્રહ્મદત્તચક્રી** રાત્રિએ એક લાખ બાણું હજાર રૂપો વિકુર્વે છે, તે રૂપો ચક્ષુ વિનાના હોય? કે સ્વાભાવિક હોય?

ઉ૦ જેરૂપો વિકુર્વે છે, તે પ્રાયેકરી ચક્ષુ વિનાના હોય છે. ॥ ૩-૩૮--૩ ૪૫૯ ॥ ૮૦૮ ॥

પ્ર૦ નવમા વાસુદેવ **દ્વારકામાં** થાય ? કે અન્ય કોઇ નગરમાં થાય?

ઉ૦ અવસર્પિણીમાં નવમો વાસુદેવ **દ્વારકાનગરીમાં** થાય છે, એમ શાસ્ત્ર અનુસાર જણાય છે. અને **વૃદ્ધપુરુષોનું** કથન પણ તેમજ ચાલ્યું આવે છે. ॥ ૩-૩૮-૪ ૪૬૦ ॥ ૮૦૯ ॥

પ્ર૦ શ્રાવક અભિમાનથી કે બીજાએ ભણાવેલ પૂજાની સ્પર્ધા થકી **સત્તરભેદી પૂજા** ભણાવે, તેને શું ફળ થાય?

ઉ૦ મુખ્યવૃત્તિએ તો અભિમાન વિગેરે દોષો દૂર કરીને કેવળ "વીતરાગની ભક્તિ થાય" તે બુદ્ધિથી પૂજા ભણાવવી જોઇએ. છતાં કોઇ અભિમાન વિગેરેથી પૂજા ભણાવે તો તેને તેવું ફળ થાય છે. ॥ ૩-૩૮-૫ ૪૬૧ ॥ ૮૧૦ ॥

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્ર૦ કોઇ સતીને સંકડામણમાં આવી જવાથી શીલનું ખંડન થઈ જાય, તો તેનું સતીપણું જાય કે ? રહે ?

ઉ૦ બલાત્કારે શીલખંડન કરવામાં સતીને દ્રવ્યથી સતીપણું જાય છે, પણ ભાવથી સતીપણું જતું નથી. એમ કેટલાક માને છે. ત્યારે બીજામહાપુરુષો તો કહે છે કે-દ્રવ્યથી સતીપણાનું ઉલ્લંઘન થયું છે, છતાં પણ દ્રવ્યથી પણ સતીપણું જતું નથી. એમ **દશવૈકાલિકટીકા** તથા **ચૂર્ણિમાં** બતાવેલ મૈથુનની ચૌભંગી અનુસાર જણાય છે. ॥ ૩-૩૮-૬ ૪૬૨ ॥ ૮૧૧ ॥

પ્ર૦ **કમલપ્રભ આચાર્યે** તીર્થંકર નામ કર્મ બાંધ્યું હતું, છતાં કયા દોષથી વિફળ બનાવ્યું. ?

ઉ૦ અકસ્માત્ સ્ત્રીનો સંઘટ્ટો થઈ ગયો, તે વખતે લિંગીઓએ પ્રશ્ન કર્યો, તેના ઉત્તરમાં ચોથા અવ્રતના પ્રશસ્તપણાનું નિરુપણ થઈ ગયું, તેથી તે પ્રમાદે કરી તીર્થંકર નામ કર્મ વિફળ કરી નાંખ્યું, એમ **પ્રસિદ્ધિ** છે. ॥ ૩-૩૮-૭ ૪૬૩ ॥ ૮૧૨ ॥

પ્ર૦ **નવકારમંત્રઃ અનેશત્રુંજયનું** નામઃ આબે ગણવામાં આવે તો તે બંન્નેયમાં અધિક લાભ શેમાં છે ?

ઉ૦ જે ગણવામાં ચિત્તનો ઉલ્લાસ અધિક થાય, તેને તે ગણવામાં અધિક લાભ થાય છે. પરંતુ તે બંન્નેયના મહિમાનો પાર નથી. ॥ ૩-૩૮-૮ ૪૬૪ ॥ ૮૧૩ ॥

પ્ર૦ **ભગવાન મહાવીર પ્રભુએ** કાનમાંથી ખીલા ખેંચી કાઢયા, તે વખતે મોટી ચીસ કેમ પાડી? કેમકે-પ્રભુ તો અનન્તબળી છે ?

ઉ૦ અનન્તબળવાળાપણું ભગવાનને ક્ષાયિક વીર્યને આશ્રયીનેજ હોય છે, એમ **अपरिमियबला जिणवरिंदा.** આ પાઠના વ્યાખ્યાનમાં બતાવેલ છે. તેથી પ્રબળ પીડાએ કરી ભગવાને છદ્મસ્થપણામાં

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચીસ પાડી દીધી. તેમાં કાંઈપણ અયુક્તપણું નથી. ॥ ૩-૩૮ -૯-૪૬૫ ॥ ૮૧૪ ॥

# ૩૯

# પણ્ડિતશ્રી નાકર્ષિગણિ શિષ્ય હર્ષવિજય ગણિકૃત પ્રશ્નોત્તરો

પ્ર૦ છ માસ ઉપર દેવશય્યા ખાલી રહેતી નથી, તો **અવન્તીસુકુમારઃ નલિનીગુલ્મ** વિમાનમાં બત્રીશ વર્ષોએ કેવી રીતે ઉપજી શકયા ?

ઉ૦ **અવન્તીસુકુમારને** ઉપજવામાં વિમાન તો તેજ કહ્યું છે, પણ શય્યા પ્રથમ હતી તેજ કહી નથી, તેથી કાંઇપણ વિરોધ આવતો નથી. ॥ ૩-૩૯-૧-૪૬૬ ॥ ૮૧૫ ॥

પ્ર૦ એક કુલના વિદ્યમાન કેટલા પુરુષોએ કરી કુલકોટી કહેવાય ? અને તેમાં ઉત્તમ મધ્યમ અને જઘન્ય ભેદવાળા કેટલા પુરુષ હોય ?

ઉ૦ એક કુલના ૧૦૮ પુરુષો વિદ્યમાન હોય, તે કુલકોટી કહેવાય. એમ પ્રસિદ્ધિ છે. તેમાં ઉત્તમ મધ્યમ અને જઘન્ય ભેદો જાણ્યા નથી. તેમજ તેના વ્યક્ત અક્ષરો શાસ્ત્રમાં જોયા નથી. ॥ ૩-૩૯-૨-૪૬૭ ॥ ૮૧૬ ॥

પ્ર૦ ગાય વિગેરે જીવને છોડાવવાને માટે દ્રવ્યલિંગિનું દ્રવ્ય કામ આવી શકે ? કે નહિ ?

ઉ૦ જ્ઞાન વિગેરે સંબંધી તે દ્રવ્ય ન હોય, તો કામ આવી શકે છે. નિષેધ જાણવામાં નથી. ॥ ૩-૩૯-૩-૪૬૮ ॥ ૮૧૭ ॥

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્ર૦ **વિશાલા** નગરીમાં **શ્રીમુનિસુવ્રતસ્વામિના** સ્તૂપને પડાવનાર જે **કુલવાલક** મુનિઃ તે ભવ્ય છે ? કે અભવ્ય ?

ઉ૦ આ ચોવીશીમાં ૭ અભવ્યો કહ્યા છે, તેથી **કુલવાલક** ભવ્ય સંભવે છે. પરંતુ વ્યવહારથી ભારે કર્મી લાગે છે. નિશ્ચયથી તો કેવળી ભગવંત જાણે. ॥ ૩–૩૯–૪–૪૬૯ ॥ ૮૧૮ ॥

પ્ર૦ યવન માછીમાર વિગેર શ્રાવકો બન્યા હોય, તેઓને તીર્થંકરની પ્રતિમા પૂજવામાં લાભ થાય ? કે નહિ ?

ઉ૦ જો શરીર અને વસ્ત્ર વિગેરેનું પવિત્રપણું હોય તો, પ્રતિમા પૂજનમાં નિષેધ જાણેલો નથી પરંતુ તેઓને પૂજન કરવામાં લાભજ થાય. એમ જાણેલ છે. ॥ ૩–૩૯–૫–૪૭૦ ॥ ૮૧૯ ॥

પ્ર૦ શિષ્ય બરાબર ચારિત્ર પાળે નહિ, તો તેનું દૂષણ ગુરુને લાગે ? કે નહિ ?

ઉ૦ જો ગુરુ મોહથી શિષ્યને નિવારે નહિ, તો ગુરુને તે પાપ લાગે છે, અને જો પાપથી રોકવા મહેનત કરતા હોય તો ગુરુને પાપ લાગતું નથી. ॥ ૩–૩૯–૬–૪૭૧ ॥ ૮૨૦ ॥

પ્ર૦ સર્વસંસારીજીવો મરણ પામી પરલોકમાં જતાં **સિદ્ધશિલાને** ફરસે ? કે નહિ ?

ઉ૦ પરલોકજતાં સર્વજીવો **સિદ્ધશિલા** ફરસે, તેવું જાણ્યું નથી. કેમકે–**શાસ્ત્રમાં** બે પ્રકારની પરલોક સંબંધી ગતિ કહી છે. એક ઋજુ, અને બીજી વક્ર. તેમાં ઋજુ એટલે સરલગતિ અને વક્ર એટલે વાંકીગતિ કહી છે. ॥ ૩–૩૯–૭–૪૭૨ ॥ ૮૨૧ ॥

પ્ર૦ **ચક્રીને તિમિસ્રા** ગુફાનું બારણું ઉઘાડતાં અગ્નિ જ્વાળા નીકળે કે નહિ ? જો ન નીકળે તો **કોણિકને** કેમ નીકળી હતી ?

ઉ૦ **જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ** વિગેરે શાસ્ત્રમાં કહ્યું છે કે–' ચક્રવર્તિનો

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સેનાપતિ પુરુષ બારણા ઉઘાડે છે, જ્વાલા નીકળતી નથી." અને "કોણિક તો બારણું ઉઘાડી શકયો નથી, તો અગ્નિ-જ્વાલા ક્યાંથી નીકળે ? તે કોણિકને તો તિમિસ્રાગુફાના અધિષ્ઠાયક દેવે દંડરત્નેકરી હણી નાંખ્યો. સૈન્ય પાછું વળી ગયું. એવા અક્ષરે આવશ્યક બાવીસ હજારીમાં છે. અને બારહજારી ટીકામાં તો જ્વાલા નિકળવાનું પણ કહેલ છે. પરંતુ તે બાર હજારી કુમતિની બનાવેલી છે તેથી, પ્રમાણ ગણી શકાય નહિ. આવશ્યકટીપ્પનમાં તો બતાવ્યું કે "અગ્નિ-જ્વાલાનું નીકળવું, ઘોડાનું પાછા પગલે વળવું. એમ વાત કોણિકની ચાલી રહી છે, તે સિદ્ધાંત વિરૂદ્ધ જાણવી ॥ ૩–૩૯–૮–૪૭૩ ॥ ૮૨૨ ॥

૪૦

# શ્રી માણિક્યવિજય ગણિકૃત પ્રશ્નોત્તરો.

પ્ર૦ શ્રાવક પોતાના હાથે ફુલ ચુંટીને પૂજા કરે, એમ કયા ગ્રંથમાં લખ્યું છે?

ઉ૦ શાંતિનાથ ચરિત્રમાં મંગળકલશ વાડીથી પોતે ફુલો ગ્રહણ કરીને પૂજા કરે છે. એવા અક્ષરો જોવામાં આવે છે ॥ ૩–૪૦–૧–૪૭૪ ॥ ૮૨૩ ॥

પ્ર૦ અંબડ શ્રાવકને કોઇએ આપ્યું ન હોય, તેવા પાણીનું પચ્ચ-ક્ખાણ છે, પણ કોઇએ આપેલ પાણી પીવે, તે ગળીને પીવે ? કે એમને એમ પીવે?

ઉ૦ ઉવવાઇ ઉપાંગ અનુસાર અંબડ પાણી ગળીને પીતો હતો. ॥ ૩–૪૦–૨–૪૭૫ ॥ ૮૨૪ ॥



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ૪૧

# શ્રી સૌભાગ્યહર્ષ ગણિકૃત પ્રશ્નોત્તરો.

પ્ર૦ શ્રાવકોને આંબિલમાં અને નિવિમાં ઉન્હુપાણી અને પ્રાસુપાણી કલ્પે ? કે નહિ ?

ઉ૦ શ્રાવકોને તે બન્નેય પાણી પણ કલ્પે છે. ॥ ૩–૪૧–૧–૪૭૬ ॥ ૮૨૫ ॥

પ્ર૦ **રોહિણીતપનો ઉપવાસ** અને **પંચમી વિગેરેનો** ઉપવાસ મળતી તિથિમાં કરાય ? કે નહિ ?

ઉ૦ કારણ છતાં મળતી તિથિમાં કરાય છે, અને કરાવાય છે. કારણ વિના તો ઉદય પ્રાપ્ત તિથિમાં જ થાય એમ જાણવું ॥ ૩–૪૧ ૨–૪૭૭ ॥ ૮૨૬ ॥

## ૪૨

# શ્રીદ્દામર્ષિ ગણિકૃત પ્રશ્નોત્તરો.

પ્ર૦ **પદ્મચરિત્રમાં** "**રામ** એકાકીજ સિદ્ધ થયા." એમ કહ્યું. અને **શત્રુંજય માહાત્મ્ય** વિગેરેમાં તો " ત્રણ ક્રોડ સાધુઓ સાથે મુક્તિ ગયા." એમ કહ્યું છે. તો તે બંન્નેય ભિન્ન જાણવા ? કે એક જાણવા ?

ઉ૦ બંન્નેય ઠેકાણે કહેલ **રામ** તો એકજ છે, પરંતુ **પદ્મચરિત્રમાં** પ્રધાનપણાથી રામનુંજ કથન છે. અને **શત્રુંજય માહાત્મ્યમાંતો** પરિવાર સહિત **રામનું** કથન છે. માટે આમાં ગ્રંથકારનો અભિપ્રાય તેજ પ્રમાણ છે. ॥ ૩–૪૨–૧–૪૭૮ ॥ ૮૨૭ ॥

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**પ્ર૦ શાલિભદ્રને** માટે **ગોભદ્રદેવ** અલંકાર વિગેરે વસ્તુ લાવતા. તે વસ્તુ વૈક્રિય હતી ? કે ઔદારિક હતી ?

ઉ૦ અલંકાર વિગેરે વસ્તુઓ ઔદારિક હતી. એમ જણાય છે. ॥ ૩-૪૨-૨-૪૭૯ ॥ ૮૨૮ ॥

પ્ર૦ વૈક્રિય કલ્પવૃક્ષના ફુલ માળા વિગેરે નિર્માલ્યઃ અને ગંધઃ વિના ના થાય ? કે નહિ ?

ઉ૦ વૈક્રિય કલ્પવૃક્ષના પુષ્પ વિગેરે વિશરારૂતા પામે એટલે વીંખાઇ જાય. પણ ગંધ વિનાના થાય નહિ ॥૩-૪૨-૩-૪૮૦॥૮૨૯॥

પ્ર૦ સાધ્વીને વાંદવામાં શ્રાવકો '**अणुजाणह भगवति पसाओगरो.**' આવા શબ્દો બોલે ? કે બીજા બોલે ?

ઉ૦ શ્રાવકો સાધ્વીને નમસ્કાર કરવામાં તેવા શબ્દો બોલે છે ॥ ૩-૪૨-૪-૪૮૧ ॥ ૮૩૦ ॥

પ્ર૦ કેટલા પરમાણુઓએ ત્રસરેણુ થાય ?

ઉ૦ **અનંતસુક્ષ્મ** પરમાણુઓએ **એક વ્યવહાર પરમાણુ** થાય છે, અને **આઠ વ્યવહાર પરમાણુઓએ** એક ઉત્શ્લક્ષ્ણ શ્લક્ષ્ણિકા થાય છે, અને તે **આઠે કરી** એક શ્લક્ષ્ણશ્લક્ષ્ણિકા થાય છે, તે આઠે કરી એક ઉર્ધ્વરેણુ થાય છે, અને તે આઠે કરી **એક ત્રસરેણુ** થાય છે. આ બધાનો ભાવાર્થ એ આવ્યો કે ૪૦૯૬ **વ્યવહાર પરમાણુઓએ એક ત્રસરેણુ** થાય. ॥ ૩-૪૨-૫-૪૮૨ ॥ ૮૩૧ ॥

પ્ર૦ સૂક્ષ્મ પૃથ્વીકાય વિગેરે પાંચ સ્થાવર જીવો છે, તેમાં કયો જીવ અગ્નિઃ થાંભલોઃ વિગેરે ભેદીને ગમન કરી શકે છે ?

ઉ૦ અગ્નિ અને થાંભલા વિગેરે વસ્તુને કોઇ માણસ ચલાવે એટલે હેરફેર કરે, તે વખતે તે પાંચે ય સૂક્ષ્મ જીવો અગ્નિઃ થાંભલાઃ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિગેરેના જે સૂક્ષ્મ છિદ્રો છે, તેનાથી હતા ત્યાંના ત્યાંજ રહે છે પણ અગ્નિ અને થાંભલા વિગેરેથી તેઓને ચળાવાતા નથી, કેમકે થાવર જીવો છે, અને અગ્નિ અને થાંભલા વિગેરેમાં પોતાનો પ્રવેશ સંભવતો નથી ॥ ૩–૪૨–૬–૪૮૩ ॥ ૮૩૨ ॥

પ્ર૦ **તામલિતાપસ** સમકિત કયાં પામ્યો ?

ઉ૦ **ભગવતીસૂત્ર** મુજબ તો "ઇશાનઇન્દ્ર થઈને પછી સમકિત પામ્યો." અને પ્રઘોષ તો સંભલાય છે કે "**તામલિભવના** છેડે સમકિત પામ્યો." ॥ ૩–૪૨–૭–૪૮૪ ॥ ૮૩૩ ॥

પ્ર૦ શ્રેણિક મહારાજાના પુત્ર નંદિષેણ દેવલોકમાં ગયા ? કે મોક્ષે ગયા ?

ઉ૦ **વીરચરિત્ર** વિગેરે આશ્રયીને "દેવલોક ગયા" એમ જણાય છે, અને **મહાનિશીથમાંતો** તે "ચરમ શરીરી" કહ્યા છે. ॥ ૩–૪૨–૮–૪૮૫ ॥ ૮૩૪ ॥

## ૪૩

# પણ્ડિત શ્રી જ્ઞાનસાગર ગણિકૃત પ્રશ્નોત્તરો

પ્ર૦ શ્રાવક એક ગામથી બીજા ગામમાં આવી પોસહ લઇને ફરીતે ગામમાં જવાય ? કે નહિ ?

ઉ૦ જો પોસહવિધિ સાચવીને જાય તો નિષેધ કરેલો જાણ્યો નથી. ॥ ૩–૪૩–૧–૪૮૬ ॥ ૮૩૫ ॥

પ્ર૦ **संथारा उट्टणकिय** નો શો અર્થ થાય ? તથા **पसारणकिय** આપદનો પણ શો અર્થ થાય ? તે સ્પષ્ટ સમજાવશો.

ઉ૦ **संथारा उट्टणकिय** એટલે સંથારામાં અવિધિએ કરી **उट्टण** એટલે ઉદ્વર્તન–પડખું બદલવું. **किय** એટલે કર્યું, અને

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**पसारणकिय** એટલે અવિધિએ કરી હાથ વિગેરે પસાર્યા હોય, આ અર્થ જાણવો. ॥ ૩-૪૩-૨-૪૮૭ ॥ ૮૩૬ ॥

પ્ર૦ કટાસણા ઉપર બેઠા બેઠા પ્રતિક્રમણ કરવું સુઝે ? કે નહિ ?

ઉ૦ આસન ઉપર બેઠા બેઠા પ્રતિક્રમણ કરવું સુઝે નહિ, પણ વંદિત્તુસૂત્ર વિગેરે કહેવાના અવસરે બેસી શકાય છે. ॥ ૩-૪૩-૩-૪૮૮ ॥ ૮૩૭ ॥

## ૪૪

# શ્રી ભાણુવિજય ગણિ તથા સૂરિશિષ્ય શ્રી જીવવિજયગણિકૃત પ્રશ્નોત્તરો.

પ્ર૦ સાધુઓને રોગ થયો હોય, તે વખતે કોઇ આહારપાણી લાવીદેનાર ન હોય, તો સાધ્વી આહાર લાવી આપે ? કે શ્રાવક વિગેરે લાવી આપે ?

ઉ૦ તેવા કારણમાં સાધ્વીએ લાવેલો આહાર સાધુઓ **અર્ણિકાપુત્ર આચાર્યની** પેઠે ગ્રહણ કરે છે, પણ શ્રાવક આદિએ લાવી આપેલ આહાર તો ગ્રહણ કરતાજ નથી. ॥ ૩-૪૪-૧-૪૮૯ ॥ ૮૩૮ ॥

પ્ર૦ કોઇને જ્ઞાતિએ બહાર કરેલ હોય, તેના ઘરે આહાર વિગેરે કારણ સિવાય લેવા કલ્પે ? કે નહિ ?

ઉ૦ **લોકવિરુદ્ધ** મહા અપવાદથી જો જ્ઞાતિએ બહાર મૂક્યો હોય, તો તેને ઘેર કારણ સિવાય આહાર વિગેરે વહોરવું કલ્પે નહિ. ॥ ૩-૪૪-૨-૪૯૦ ॥ ૮૩૯ ॥

પ્ર૦ **શ્રી ચંદ્રપ્રભ ચરિત્રમાં** " **અજાપુત્રે** અગ્નિની ખાઇમાં ઝંપાપાત કર્યો," એમ કહ્યું, તે શું ? તેમજ **દુર્જયરાજા** ત્યાં

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગયો. તે ભવન કહેવાય ? કે પાતાલ ગૃહ કહેવાય ? ત્યાંથી હાથી અપહરણ કરીને ગયો, ત્યાં નારકીઓ દેખાડી, પછી દેવોએ બહાર મૂકયો, અને **સર્વાંગસુંદરી** પાસે ગયો, તે સ્થાન ભવનપતિનિકાયમાં છે ? કે વ્યન્તરનિકાયમાં છે ? તેમજ દુર્જય રાજા કયા ભવનમાં છે ? અને સર્વાંગસુન્દરી તેનાથી નીચે કયાં છે ? તેમજ **અષ્ટાપદ ગયો,** ત્યાં ઇંદ્રે વસ્ત્રો અર્પણ કર્યા, તે વૈક્રિય છે ? કે ઔદારિક છે ?

ઉ૦ **અજાપુત્રે** અગ્નિની ખાઈમાં પડતું મેલ્યું અને ફળ દેવતાઈ પ્રભાવે કરી પ્રાપ્ત કર્યું, તેમજ **દુર્જય રાજાનું** વસવાટનું સ્થાન ભૂમિના વિવરમાં મનુષ્યની રાજધાનીમાં છે, તેમજ **સર્વાંગસુંદરી** વ્યન્તરી છે, તેનું રહેઠાણ વ્યન્તરનિકાયમાં છે. હાથી અપહરણ કરીને લઇ ગયો, વિગેરે તે વ્યન્તરીનું કરેલું જાણવું. તેમજ **અષ્ટાપદ** ઉપર વસ્ત્રો અર્પણ કર્યા, તે ઔદારિક જાણવા ॥ ૩–૪૪–૩–૪૯૧ ॥ ૮૪૦ ॥

પ્ર૦ શ્રાવકો દેવદ્રવ્ય વ્યાજે ગ્રહણ કરે ? કે નહિ ?

ઉ૦ મહાન કારણ સિવાય દેવદ્રવ્ય–વ્યાજે લે નહિ ॥ ૩–૪૪–૪–૪૯૨ ॥ ૮૪૧ ॥

પ્ર૦ દેરાસરના નોકર પાસે પોતાનું કાર્ય કરાવાય ? કે નહિ ?

ઉ૦ દેરાસર સાચવનારે દેરાસરના નોકર પાસે પોતાનું કાર્ય કરાવાય નહિ ॥ ૩–૪૪–૫–૪૯૩ ॥ ૮૪૨ ॥

પ્ર૦ જ્ઞાનદ્રવ્ય અને જીવદયા દ્રવ્ય–દેરાસરના કાર્યમાં વપરાય? કે નહિ?

ઉ૦ જ્ઞાનદ્રવ્ય–દેરાસરના કાર્યમાં કામ લાગે, તેવા અક્ષરો **ઉપદેશચિંતામણિમાં** છે, અને જીવદયા દ્રવ્ય તો મહાન્ કારણ સિવાય દેરાસરમાં વાપરી શકાય નહિ ॥ ૩–૪૪–૬–૪૯૪ ॥ ૮૪૩ ॥

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**પ્ર૦** એક પહોર દિવસ ચઢયા પછી પોસહ લઈ શકાય ? કે નહિ ?

**ઉ૦** "પહોર દિવસ ચઢી ગયા પછી પોસહ લેવા સુઝે નહિ," એમ પરંપરા છે ॥ ૩–૪૪–૭–૪૯૫ ॥ ૮૪૪ ॥

## ૪૫

# શ્રી સૂરવિમલ ગણિકૃત પ્રશ્નોત્તરો

**પ્ર૦** જિનકલ્પીઓને શું પ્રાયશ્ચિત્ત આવે ?

**ઉ૦** **पंचेव संजया खलु नायसुअेण कहिया जिनवरेणं ।**
**तेसिं पायच्छित्तं, अहक्कमं कित्तइस्सामि ॥ १ ॥**

જ્ઞાતપુત્ર વર્ધમાન સ્વામિએ પાંચજ સંયતો કહેલા છે, તેઓનું પ્રાયશ્ચિત્ત અનુક્રમે દેખાડીશું.

**सामाइयसंजयाणं पच्छित्ता छेदमूलरहिअट्ठ ।**
**थेराण जिणाणं पुण तवमंतं छव्विहं होइ ॥ २ ॥**

સ્થવિરકલ્પમાં સામાયિક સંયતોને છેદ અને મૂલ રહિત આઠ પ્રાયશ્ચિત્ત હોય છે, અને જિનકલ્પમાં સામાયિક સંયતોને તપ સુધીનું છ પ્રકારનું પ્રાયશ્ચિત્ત હોય છે।

**छेओवट्ठावणिअे पायच्छित्ता हवंति सव्वेवि ।**
**थेराण जिणाणं पुण मूलंतं अट्ठहा होइ ॥ ३ ॥**

સ્થવિરકલ્પમાં છેદોપસ્થાપન ચારિત્રિને દશે પ્રાયશ્ચિત્તો હોય છે, અને જિનકલ્પમાં છેદોપસ્થાપનીયને મૂલ પ્રાયશ્ચિત્ત સુધીના આઠ પ્રાયશ્ચિત્ત હોય છે.

**परिहारविशुद्धिअे मूलंता अट्ठ होंति पच्छित्ता ।**
**थेराण जिणाणं पुण छव्विह छेयादिवज्जंवा ॥४॥**

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પરિહાર વિશુદ્ધિમાં વર્તનાર સ્થવિરોને મૂલ સુધી આઠ પ્રાયશ્ચિત્તો હોય છે, અને જિનકલ્પીઓને છેદાદિ વર્જીને ઃ પ્રાયશ્ચિત્ત હોય છે.

**आलोयणा विवेगो य तइयं तु न विज्जइ।**
**सुहुमे अ संपराये अहक्खाए तहेव अ ॥ ५ ॥**

સૂક્ષ્મસંપરાય અને યથાખ્યાત સંયમીઓને આલોયણ અને વિવેક એ બે પ્રાયશ્ચિત્ત હોય છે ત્રીજું હોતું નથી. તેથી પ્રસ્તુત બાબતમાં શું ઠર્યું ? તે કહે છે ?

**बउस-पडिसेवया खलु इत्तरि छेया य संजया दोण्णि।**
**जा तित्थणुसज्जन्ती अत्थि हु तेणंतं पच्छित्तं ॥६॥**

**નિર્ગ્રન્થની** વિચારણામાં બકુશ અને પ્રતિસેવના કુશીલ એ બે નિગ્રંથો, અને સંયતની વિચારણામાં ઇત્વરસામાયિક વાળાઃ અને **છેદોપસ્થાપન** એટલે વડી દીક્ષાવાળાઃ એ બે સંયમો જ્યાં સુધી તીર્થ છે, ત્યાં સુધી પ્રવર્તશે, તેથી જણાય છે કે-હમણા પણ પ્રાયશ્ચિત્ત પ્રાપ્ત થાય છે, આ પાઠ **વ્યવહાર ટીકામાં** છે, તેથી તે મુજબ જણાય છે કે-**જિનકલ્પીઓને** મૂલ સુધીના આઠ પ્રાયશ્ચિત્તો હોય છે ॥ ૩-૪૫-૧-૪૯૬ ॥ ૮૪૫ ॥

પ્ર૦ યુગલીયાના ક્ષેત્રમાં કલ્પવૃક્ષો છે, તે વનસ્પતિ છે ? કે પૃથ્વી પરિણામ રૂપ છે ?

ઉ૦ તે વનસ્પતિ રૂપ છે. ॥ ૩-૪૫-૨-૪૯૭ ॥ ૮૪૬ ॥

**सकल-सूरि-पुरन्दर-परमगुरु गच्छाधिराज-भट्टारक-श्री-विजय-सेन सूरिश्वरजीए प्रसादि करेल अने श्री विजयहीरसूरि-श्वर शिष्य पं० शुभविजयगणिवरे संग्रह करेल सेन-प्रश्नमां त्रीजो उल्लास पूर्ण थयो.**

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# चतुर्थोल्लासः

नत्वा श्री-वर्द्धमानाय वर्द्धमान-शुभ-श्रिये ।
प्रारभ्यते मया तुर्योल्लासः श्रावकपृच्छकः ॥१॥

શુભ લક્ષ્મીને વધારનાર **શ્રી વર્ધમાન સ્વામિને** નમસ્કાર કરી, શ્રાવકના પ્રશ્નોવાળો ચોથો ઉલ્લાસ હું શરૂ કરું છું.

## ૧

## શ્રી જેસલમેર સંઘના પ્રશ્નોત્તરો

પ્ર૦ जा दुप्पसहो सूरी होहिंति जुगप्पहाण आयरिया ।
अज्ज सुहुम्मप्पभिई चउरहिया दुन्नि अ सहस्सा ॥

"આર્ય **સુધર્મા સ્વામિથી** માંડી દુઃપસહસૂરિ સુધી ૨૦૦૪ યુગપ્રધાન આચાર્યો થશે." ઈત્યાદિક ગાથાઓથી યુગપ્રધાન આચાર્ય ઉપાધ્યાય અને સાધુ વિગેરેની સંખ્યા **દીવાળી કલ્પમાં** બતાવી છે, તે તેજ પ્રમાણે ચોક્કસ કરેલી છે? કે બીજા પ્રકારે છે? તેમજ **દીવાળી કલ્પના** કર્તા સુવિહિત? કે નહિ?

ઉ૦ યુગપ્રધાન વિગેરેની જે સંખ્યા કહી છે, તે પણ આપણે માન્ય છે, કેમકે—બીજા ઘણા **દીવાળી કલ્પોમાં**, અને **ભટ્ટારક શ્રી ધર્મઘોષ સૂરીશ્વરે** રચેલ **દૂસમગંડિકા** વિગેરે ગ્રંથોમાં ઉપર્યુક્ત સંખ્યાજ જોવામાં આવે છે. તેમજ **દીવાળી કલ્પના** કર્તા આપણે માન્ય છે ॥ ૪-૧-૧ ॥ ૮૪૭ ॥

For Private and Personal Use Only

પ્ર૦ **गीयत्थो य विहारो बीओ गीअत्थमीसिओ भणिओ।**
**एत्तो तइअविहारो नाणुन्नाओ जिण-वरेहिं ॥ १ ॥**

આ ગાથાથી જે અગીતાર્થ ગીતાર્થ સાથે વિહાર કરે, તે ગીતાર્થ નિશ્રિત કહેવાય ? કે ગીતાર્થની નિશ્રાએ અગીતાર્થ એકલો વિહાર કરે, તે ગીતાર્થ નિશ્રિત કહેવાય ? તે સ્પષ્ટ જણાવવા કૃપા કરશો.

ઉ૦ ગીતાર્થની સાથે અગીતાર્થ સાધુ વિહાર કરે, તે ગીતાર્થ નિશ્રિત વિહાર કહેલ છે, અને જે ગીતાર્થની નિશ્રાએ અગીતાર્થપણું છતાં આજ્ઞાથી જુદો વિહાર કરે, તે પણ ગીતાર્થ નિશ્રિત વિહાર કહેવાય છે. કેમકે—આ ગાથાના બે પાઠ છે. એકઃ-**बीओ गीअत्थमीसिओ भणिओ.** અને બીજોઃ-**बीओ गीअत्थनीसिओ भणिओ**—છે. તે બંન્નેય પાઠોનું વ્યાખ્યાન **પ્રવચન સારોદ્ધારમાં** કરેલ છે, તે જાણવું. ॥૪–૧–૨॥૮૪૮॥

પ્ર૦ **સત્યકી વિદ્યાધરે** ભગવાન **શ્રી વર્ધમાન સ્વામિજી** પાસે કહ્યું કે—"જેટલું મિથ્યાત્વ વર્તી રહ્યું છે, તે બધું સમુદ્રમાં ડુબાવી દઉં." આ વાર્તા **પ્રઘોષે** ચાલી રહેલ છે ? કે કોઇ **ગ્રંથમાં** તેવા અક્ષરો છે ?

ઉ૦ **પ્રઘોષથી** આ વાર્તા સંભળાય છે, પણ ગ્રંથમાં અક્ષરો જોયા નથી ॥ ૪–૧–૩ ॥ ૮૪૯ ॥

પ્ર૦ કોઈ શ્રાવક એકાસણા બેસણા વિના ફાસુપાણી પીવે છે, અને **પાણસ્સના** આગારો ઉચ્ચરે છે, તેને રાત્રિમાં દુવિહારઃ તેવિહારઃ કરવો કલ્પે ? કે ચોવિહારઃ કરવો જોઇએ ?

ઉ૦ રાત્રિએ ચોવીહાર પચ્ચક્ખાણ તેને કરવું જોઇએ તેવી **પરંપરા** છે ॥ ૪–૧–૪ ॥ ૮૫૦ ॥

For Private and Personal Use Only

પ્ર૦ સમુદ્રમાં રહેલ મચ્છ **જાતિસ્મરણ** જ્ઞાન પામીને સમકિતઃ અને દેશવિરતિઃ પામે છે, તે પામીને તુરત અણસણ કરે? કે સમકિતઃ દેશવિરતિઃ ને આરાધે ?

ઉ૦ કોઇક મચ્છ તે કાલમાં અણસણ કરે છે, અને કોઈકિ કાલાન્તરે અણસણ કરે છે, એમ જણાય છે. નિશ્ચયથી-તો અક્ષરો જોયા નથી ॥ ૪–૧–૫ ॥ ૮૫૧ ॥

પ્ર૦ કોઈકિ મહાનુભાવ ઉપશમ **શ્રેણિ** એક વખત કરે, તે નિશ્ચયે કરી તેજ ભવમાં ઉપશમ શ્રેણી બીજી વખત કરે ? કે નહિ ?

ઉ૦ તેજ ભવમાં બીજી વખત કરેજ, એવો નિયમ જાણ્યો નથી, પણ એક ભવમાં **ઉપશમ** શ્રેણી ઉત્કૃષ્ટથી કરે, તો બે વખત કરે છે, એમ જાણેલ છે ॥ ૪–૧–૬ ॥ ૮૫૨ ॥

પ્ર૦ સમકિત પામીને જે અર્ધપુદ્‌ગલ પરાવર્ત સ્થિતિવાળો જીવ સંસારમાં રહે, તે અર્ધપુદ્‌ગલ પરાવર્ત કાળ અડધા લોકના આકાશ પ્રદેશને અનુક્રમે જન્મ મરણ કરી ફરસે ત્યારે થાય ? કે બીજી રીતે થાય ?

ઉ૦ સૂક્ષ્મક્ષેત્ર પુદ્‌ગલ પરાવર્ત કરનારને જેટલો કાલ થાય, તે પુદ્‌ગલ પરાવર્ત લેવો, તેના અડધા ભાગે જેટલો કાલ થાય તેટલા કાલ સુધી વધારેમાં વધારે જીવ સમકિત પામ્યા પછી સંસારમાં રહે છે, આવો ભાવ જાણવામાં છે, પરંતુ અડધા લોકાકાશના પ્રદેશોને અનુક્રમે મરણ કરીને ફરસે, ત્યારે થાય એવો ભાવ જાણેલ નથી ॥ ૪–૧–૭ ॥ ૮૫૩ ॥

પ્ર૦ **શ્રી ધર્મઘોષસૂરિકૃત દુઃખમા સંઘસ્તોત્રઃ દીવાળીકલ્પ ગુર્વાવલીપર્યાયઃ** અને **કાલ સપ્તતિઃ** વિગેરે ગ્રંથોમાં યુગપ્રધાનોની સંખ્યા ૨૦૦૪ કહી છે, તેમજ યુગપ્રધાન સમાન

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આચાર્ય: ઉત્તમ ગુણધારક આચાર્ય: અને મધ્યમ ગુણધારક આચાર્ય: ઉપાધ્યાય: સાધુ: સાધ્વી: શ્રાવક અને શ્રાવિકા:ઓની પણ સંખ્યા કહી છે, તે સંખ્યા આપણે જાણીએ છીએ, તે ભૂમિ માત્રમાં સંભવે ? કે સંપૂર્ણ **ભરતક્ષેત્રમાં** સંભવે ? તેમજ **સુધર્મા સ્વામિથી** માંડી છેલ્લા દુઃપસહસૂરિ સુધી યુગપ્રધાનોની સંખ્યા તે **પટ્ટપરંપરાએ** થશે ? કે બીજા પ્રકારે થશે ?

ઉ૦ યુગપ્રધાન વિગેરેની સંખ્યા કહી છે, તે સકલ **ભરતક્ષેત્રમાં** થશે, એમ **શાસ્ત્ર અનુસાર** જણાય છે, તેમજ **પટ્ટ પરંપરાએ** યુગપ્રધાનોની સંખ્યા થાય, તેવા અક્ષરો જોવામાં આવેલ નથી. ॥ ૪–૧–૮ ॥ ૮૫૪ ॥

પ્ર૦ **પંડિતવાનર્ષિ ગણિકૃત પ્રકરણમાં खीणे खायगसम्मं खायगचरणं च वा कहियं ।** આ ગાથામાં "ક્ષાયિક સમકિત અને ક્ષાયિક ચારિત્ર બારમા ગુણઠાણાથી લઈ ચૌદમા ગુણઠાણા સુધી હોય છે," એમ કહ્યું, અને **પંચનિર્ગ્રંથી** અને **કર્મગ્રંથમાં** "ક્ષાયિક સમકિત અને ક્ષાયિક ચારિત્ર ૧૧ મા ગુણઠાણાથી ચૌદમા ગુણઠાણા સુધી હોય" એમ બતાવેલ છે, તે કેવી રીતે ઘટે ? કેમકે–ક્ષપક શ્રેણિવાળો જીવ દશમાથી બારમે ગુણઠાણે જાય છે, ત્યારે ૧૧ મા ગુણઠાણામાં ક્ષાયિક સમકિત અને ક્ષાયિક ચારિત્રનો અસંભવ છે.

ઉ૦ **પંચનિર્ગ્રંથી** અને **કર્મગ્રંથમાં** અગીઆરમે ગુણઠાણે ક્ષાયિક સમકિત કહેલ છે, પરંતુ ક્ષાયિક ચારિત્ર કહ્યું નથી, તેમજ ક્ષાયિક સમકિતનો ધણી ઉપશમ શ્રેણી ઉપર ચઢે, ત્યારે ૧૧ મા ગુણઠાણે ક્ષાયિક સમકિત છે, અને ક્ષાયિક ચારિત્ર તો અગીઆરમાં ગુણઠાણે છેજ નહિ. તે જાણવું ॥ ૪–૧–૯ ॥ ૮૫૫ ॥

For Private and Personal Use Only

પ્ર૦ તેરમા ગુણઠાણે સાતાવેદનીય કર્મની સ્થિતિ કોઇ ઠેકાણે બે સમયની કહી છે, તે કેમ ઘટે? કેમકે-ભગવતી વિગેરે ગ્રંથોમાં ત્રણ સમયની સ્થિતિ કહી છે.

ઉ૦ "સાતા વેદનીયકર્મ તેરમા ગુણઠાણે પહેલાં સમયે બંધાય અને બીજા સમયે વેદાય અને ત્રીજા સમયે ખરી જાય, એમ ભગવતીઃ ઠાણાંગઃસૂત્ર વિગેરેમાં કહ્યું છે, પણ નિર્જીર્ણ સમયે અવસ્થાનનો અભાવ હોવાથી બે સમયની સ્થિતિ ઘટે છે. એમ જાણવું. ॥ ૪-૧-૧૦ ॥ ૮૫૬ ॥

પ્ર૦ શક્રઇંદ્રનો પૂર્વ સંગતિક કોણિક રાજા છે, અને ચમરેન્દ્રને પ્રવ્રજ્યા સંગતિક છે, એમ કહેલ છે, તે કેવી રીતે મળતું આવે?'

ઉ૦ "કોણિક રાજાનો જીવ સૌધર્મ ઇંદ્રનો કાર્તિકશેઠના ભવમાં ગૃહસ્થપણામાં મિત્ર હતો, તેથી પૂર્વ સંગતિક એટલે પૂર્વનો મિત્ર કહેલ છે, અને ચમરેન્દ્રનો પૂરણતાપસના ભવમાં કોણિકનો જીવ તાપસપણે મિત્ર હતો, તેથી પ્રવ્રજ્યાસંગતિક એટલે તાપસદીક્ષામાં મિત્ર કહેલ છે," એમ ભગવતીસૂત્રના સાતમા શતકના નવમા ઉદ્દેશાની ટીકામાં છે તે જાણવું. ॥ ૪-૧-૧૧ ॥ ૮૫૭ ॥

પ્ર૦ આસાલિઓ જીવ ચક્રવર્તિ સૈન્યના પડાવની ભૂમિ નીચે ઉપજે છે, તે બેઇંદ્રિય હોય? કે પંચેન્દ્રિય હોય? જો સંમૂર્છિમ પંચેન્દ્રિય માનીએ, તો તેનું દેહમાન વિચારતાં ઘટતું નથી. કેમકે-ઉરપરિસર્પનું દેહમાન ઉત્સેધ આંગુલથી બનેલ ૨ યોજનથી ૯ યોજનનું કહેલ છે. માટે મળતું આવતું નથી.

ઉ૦ જીવસમાસ પ્રકરણ ટીકામાં આસાલિયો બેઇંદ્રિય કહેલ છે, અને જીવાભિગમ અને પન્નવણા સૂત્રની ટીકામાં તો

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**સંમૂર્છિમ પંચેન્દ્રિય** કહેલ છે. આ બાબતનો નિર્ણય કેવળી મહારાજા જાણે, પણ શરીર માનની બાબતમાં તો **सरीर-मुस्सेहमंगुलेण तहा**–"ઉત્સેધ" અંગુલથી શરીરમાપ જાણવું. આ નિયમ પ્રાયિક હોવાથી **આસાલીઆનું** શરીરમાન–પ્રમાણ અંગુલથી સંભવે છે, કેમકે–મહા વિદેહમાં ચક્રીના સૈન્યનો પડાવ બાર યોજનનો પ્રમાણ અંગુલથી કહેલ છે. ॥ ૪–૧–૧૨ ॥ ૮૫૮ ॥

પ્ર૦ **સ્વયંભૂરમણ સમુદ્રની** ઉપર જે જ્યોતિષ્ક દેવો છે, તેઓની રાજધાની અને ઉત્પાત સ્થાન કયે ઠેકાણે છે ?

ઉ૦ "**સ્વયંભૂરમણ સમુદ્ર** ઉપર રહેલ જ્યોતિષીદેવોની રાજધાની **સ્વયંભૂરમણ સમુદ્રમાં** છે" એમ **જીવાભિગમસૂત્રમાં** કહેલ છે, અને "ઉત્પાતસ્થાન પોતાના વિમાનમાં છે" એમ **પન્નવણા વિગેરેમાં** છે ॥ ૪–૧–૧૩ ॥ ૮૫૯ ॥

પ્ર૦ **મહાવિદેહમાં** જે દેશવિરતિ શ્રાવકો છે, તે ઉભયકાલ પ્રતિક્રમણ કરે ? કે સાધુ પેઠે કારણ ઉપજે તો કરે ?

ઉ૦ **देसिअ राइअ पक्खिअ**–આ ગાથા: અને **तं दुण्हमुभयकालं०** **આ સપ્તતિ સ્થાનકના** પાઠઃથી જે સાધુઓને **મહાવિદેહમાં** પડિક્કમણ બતાવ્યા છે, તો શ્રાવકને તો જરૂરજ કરવા જોઈયે. કેમકે–શ્રાવકોને તો ગૃહસ્થાવાસમાં કારણો સદા ચાલુ હોય છે, તેથી તે પાપ આલોચવા જરૂર કરવા પડે. ॥ ૪–૧–૧૪ ॥ ૮૬૦ ॥

પ્ર૦ ગાયના આંચલ આકારે આઠ જીવપ્રદેશો બતાવ્યા છે, તેઓને કર્મવર્ગણા લાગે ? કે નહિ ?

ઉ૦ જીવોના મધ્ય આઠ પ્રદેશોને કર્મવર્ગણા ચોંટતી નથી, એમ **જ્ઞાનદીપિકામાં**—

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**स्पृश्यन्ते कर्मगा तेऽपि, प्रदेशा आत्मनो यदि ।**
**तदा जीवो जगत्यस्मिन्नजीवत्वमवाप्नुयात् ॥**

"જો આત્માના તે પ્રદેશોને પણ કર્મ ફરસે તો જીવ આ જગતમાં અજીવપણાને પામી જાત"–એમ કહેલ છે. ॥ ૪–૧–૧૫ ॥ ૮૬૧ ॥

પ્ર૦ સમયે સમયે અનન્તી હાનિ કહેવાય છે, તે શું વસ્તુને આશ્રયી છે ?

ઉ૦ અવસર્પિણી કાલમાં વર્ણ: રસઃ ગંધઃ ફરસઃ વિગેરે પર્યાયોની અનન્તી હાનિ થાય છે, એમ જંબુદ્વીપ **પન્નત્તિની ટીકામાં** છે. ॥ ૪–૧–૧૬ ॥ ૮૬૨ ॥

પ્ર૦ **આદિનાથ ભગવાનના** વારામાં જે લોગસ્સ કહેવાતો હતો, તે **લોગસ્સજ મહાવીર ભગવાનના** વારામાં કહેવાય છે ? કે બીજો કહેવાય છે ?

ઉ૦ પ્રથમ તીર્થંકરના વારામાં જે **લોગસ્સ** કહેવાતો હતો તેજ અર્થથી **મહાવીર તીર્થમાં** પણ કહેવાય છે, પરંતુ સૂત્રપાઠ સરખો હોય, તે નિયમ નથી, એમ **પરંપરાની** સમજણ છે, અને યુક્તિ પણ તેમજ દેખાય છે. ॥ ૪–૧–૧૭ ॥ ૮૬૩ ॥

પ્ર૦ જે કોઈ રાત્રિભોજનના પચ્ચક્ખાણવાળા દિવસની બે ઘડી બાકી રહી હોય, તે પછીથી ભોજન કરે, તો રાત્રિભોજન પચ્ચક્ખાણનો તેને ભંગ થાય ? કે નહિ ?

ઉ૦ શેષ બે ઘડી પછી ભોજન કરનારાઓને રાત્રિભોજનનો અતિચાર લાગે છે, પણ ભંગ તો થતો નથી. ॥ ૪–૧–૧૮ ॥ ૮૬૪ ॥

પ્ર૦ **કસેલિયાનું** પાણી તિવિહાર પચ્ચક્ખાણવાળાને પીવું કલ્પે કે નહિ ?

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉ૦ તિવિહાર પચ્ચક્ખાણવાળાઓને તે પાણી કલ્પે છે, પણ આપણી આચરણા નથી. ॥ ૪–૧–૧૯ ॥ ૮૬૫ ॥

પ્ર૦ પક્વાન્ન લેવાનો કાળ કયા ગ્રંથમાં કહ્યો છે?

ઉ૦ પક્વાન્ન લેવાનો કાળ—**શ્રાદ્ધવિધિ** ગ્રંથમાં કહેલ છે ॥ ૪–૧–૨૦ ॥ ૮૬૬ ॥

પ્ર૦ "**સ્થૂલભદ્રમુનિવરનું** નામ ચોરાશી ચોવીશી સુધી રહેશે" તે કયા ગ્રંથમાં કહ્યું છે?

ઉ૦ "ચોરાશી ચોવીશીઓ સુધી નામ રહેશે" તે વાત તેમના ચરિત્ર વિગેરે ગ્રંથોમાં છે ॥ ૪–૧–૨૧ ॥ ૮૬૭ ॥

પ્ર૦ **नवरस विगइओ अभिक्खणं २ न आहारेइ—આ કલ્પસૂત્રના** અક્ષરો મુજબ નવરસ વિગઇઓ બલ વધારવા માટે હંમેશાં નિષેધ કરેલી છે, પરંતુ તે લેવાની આચરણા છે? કે નહિ?

ઉ૦ જે અભક્ષ્ય વિગયો છે, તેના નામો આ સૂત્રમાં પાઠના સંબંધથી બતાવ્યા છે, તેઓની આચરણા છેજ નહિ, એમ જાણી લેવું. ॥ ૪–૧–૨૨ ॥ ૮૬૮ ॥

પ્ર૦ **શ્રી કલ્પસૂત્રને શ્રી મહાવીર ભગવંત** પછી ૯૮૦ વરસે દેવર્ધિગણિ ક્ષમાશ્રમણે લીપિ પણે પુસ્તકારૂઢ કર્યું, તેથી પહેલાં બીજું કાંઈ પણ પુસ્તક હતું? કે નહિ?

ઉ૦ સર્વ પણ સિદ્ધાન્ત દેવર્ધિગણિ **ક્ષમાશ્રમણ મહારાજાએ** ૯૮૦ વર્ષે પુસ્તકારૂઢ કર્યાં, તે પહેલાં ઘણા અન્ય પુસ્તકો હતા ॥ ૪–૧–૨૩ ॥ ૮૬૯॥

પ્ર૦ **સુલસાએ** બત્રીશ પુત્રોને એક સાથે જન્મ આપ્યો, તે સાચું છે? કે નહિ?

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉ૦ "બત્રીશ પુત્રોને એકી સાથે જન્મ આપ્યો" તે વાત સાચી છે, તેવા અક્ષરો પણ **વીરચરિત્ર** વિગેરેમાં છે. ॥ ૪–૧–૨૪ ॥ ૮૭૦ ॥

પ્ર૦ જેને કડાવિગઈનું પચ્ચક્ખાણ હોય; તેઓને ડોળીઆ તેલમાં તળેલ પકવાન્ન વિગેરે કલ્પે ? કે નહિ ?

ઉ૦ ડોળીઉ તેલ વિગય નથી, તેથી તેમાં તળાએલી વસ્તુ પણ વિગઈ થતી નથી. ॥ ૪–૧–૨૫ ॥ ૮૭૧ ॥

પ્ર૦ શ્રાવિકા દેરાસરમાં ચૈત્યવંદન કરીને ઉભા ઉભાજ એક **નવકારનો** કાઉસ્સગ્ગ કરીને એક સ્તુતિ બોલે છે, તે વિધિ કયાં છે ?

ઉ૦ આ વિધિ **ભાષ્યની અવચૂરિમાં ચૈત્યવંદનના અધિકારમાં** કહેલ છે, પરંતુ આ વિધિ કરવાની પ્રવૃત્તિ હમણાં શ્રાવિકાઓમાં દેખાય છે. ॥ ૪–૧–૨૬ ॥ ૮૭૨ ॥

પ્ર૦ **जं छम्मासिअ-वरसिअ-तवेण तिव्वेण छिज्जए पावं ।**
**नवकार अणणुपुव्वीगुणणे य तयं खणद्धेणं ॥१॥**

"તીવ્ર છમાસિ તપ તથા વાર્ષિક તપે કરી જે પાપ ક્ષય પામે, તે પાપ–**નવકાર અનાનુપૂર્વીએ** ગણવાથી અડધા ક્ષણમાં ચાલ્યું જાય છે" આ ગાથા કયા ગ્રંથમાં છે ?

ઉ૦ આ ગાથા **શ્રી જિનકીર્તિસૂરિએ** રચેલ **અનાનુપૂર્વી** ગણવાનું સ્વરૂપ જણાવનાર **નમસ્કાર સ્તવમાં છે.** ॥ ૪–૧–૨૭ ॥ ૮૭૩ ॥

પ્ર૦ તીર્થંકરો કેવલિ સમુદ્દ્ઘાત કરે ? કે નહિ ?

ઉ૦ **ગુણસ્થાન ક્રમારોહ** ગ્રંથ અનુસાર તીર્થંકર ભગવંતો કેવલિ સમુદ્દ્ઘાત કરે છે, તેઓને અવશ્ય છ માસથી અધિક આયુષ્ય હોય ત્યારે કેવલજ્ઞાન ઉપજે છે. અને **પન્નવણા** વિગેરે ગ્રંથો મુજબ–" જે કેવલિને આયુષ્ય કરતાં વેદનીયાદિ કર્મો અધિક હોય, તે કરે છે; બીજા કરતા નથી "॥ ૪–૧–૨૮ ॥ ૮૭૪ ॥



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્ર૦ જેમ ચૌદ પૂર્વધરો અથવા દશ અને નવ પૂર્વધરોના લખાણ ગ્રંથોમાં જોવામાં આવે છે, તેમ બે પૂર્વધરઃ અથવા ત્રણઃ ચારઃ પાંચઃ પૂર્વધરો હોય ? કે નહિ ?

ઉ૦ **જીતકલ્પસૂત્ર ટીકા** વિગેરેમાં "**આચારપ્રકલ્પથી માંડી આઠ પૂર્વધરો શ્રુતવ્યવહારી** કહેલ છે," તેથી એકઃ બેઃ વિગેરે પૂર્વોને ધારણ કરનારા પણ હોય છે, એમ જણાય છે. ॥ ૪–૧–૨૯ ॥ ૮૭૫ ॥

પ્ર૦ કોઇક કહે છે, કે-"શ્રાવકને ગ્રહણશિક્ષા કહી છે, તેમાં ઉત્કૃષ્ટથી **છ જીવનિકાયસૂત્રઃ** અને અર્થઃ તથા **પીંડેષણા અધ્યયન** નો અર્થઃ સાંભળી શકે. હમણાં તો **અંગઃ ઉપાંગઃ** વિગેરે સૂત્રોના અર્થો સંભળાવાય છે, તે કયે ઠેકાણે કહ્યું છે ?

ઉ૦ વ્યાખ્યાન વિગેરેમાં મુખ્ય વૃત્તિએ સાધુઓને ઉદ્દેશીને સંભળાવાતા **અંગઃઉપાંગઃ** સૂત્રાર્થો સાધુઓની પાછળ બેઠેલા શ્રાવકો વિગેરે પણ સાંભળે છે, તેથી કાંઈ શંકા કરવી નહિ. અને જે કેવળ શ્રાવકોને સિદ્ધાંતોનું શ્રવણ કરાવાય છે, તેતો કારણિક જાણવું. ॥ ૪–૧–૩૦ ॥ ૮૭૬ ॥

પ્ર૦ **ઋષભદેવ ભગવાન** સાથે દશ હજાર મુનિવરોએ અણસણ કર્યું હતું, તે કેટલા કાલે સિદ્ધ થયા ?

ઉ૦ ભગવાન સાથે અણસણ કરેલા દશહજાર મુનિવરો "**અભિજીત નક્ષત્રમાં** સિદ્ધિપદ વર્યા હતા" એવા અક્ષરો **વસુદેવહીંડી** વિગેરેમાં છે ॥ ૪–૧–૩૧ ॥ ૮૭૭ ॥

પ્ર૦ **जो देइ कणय-कोडी अहवा कारेइ कणय-जिण-भवनं ।**
**तस्स न तत्तिअ पुण्णं जत्तिअ बंभव्वए धरिए ॥१॥**

"બ્રહ્મચર્ય વ્રત ધારણ કરવાથી જેટલું પુણ્ય થાય, તેટલું પુણ્ય કોઈ ક્રોડ સોનૈયાનું દાન કરે અથવા સોનાનું જિનમંદિર

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરાવે તો પણ તેને થાય નહિ," આમાં બતાવેલ બ્રહ્મચર્ય દિવસ સંબંધી જાણવું ? કે જાવજીવ સુધીનું જાણવું ?

ઉ૦ મુખ્ય વૃત્તિએ જાવજીવ સુધીનું જાણવું ? અને અધ્યવસાય વિશેષે કરી દિવસ વિગેરે સંબંધી પણ જાણવું. ॥ ૪-૧-૩૨ ॥ ૮૭૮ ॥

પ્ર૦ જેણે **નવકારશીનું** પ્રત્યાખ્યાન કાલવેલાએ કર્યું નહોય, તેને પછી **પોરસી** વિગેરે પચ્ચક્ખાણ કરવા હોય તો સૂઝે ? કે નહિ ?

ઉ૦ "**નવકારશોના** પચ્ચક્ખાણ સિવાય **પોરસી** વિગેરે પચ્ચક્ખાણો કરવા કલ્પે નહિ," એમ **શ્રાદ્ધવિધિ** વિગેરે ગ્રંથોમાં કહેલ છે, તે જાણવું ॥ ૪-૧-૩૩ ॥ ૮૭૯ ॥

પ્ર પક્ખીઃ ચોમાસીઃ વિગેરેના તપો કેટલા કાળ સુધીમાં કરી શકાય?

ઉ૦ શક્તિ મુજબ તે તપો જલદીજ પૂરા થાય, તેમ કરવું જોઇએ. કાલ નિયમ ગ્રંથમાં જાણ્યો નથી. (પરંપરાએ કયાં સુધીમાં કરી લેવાય? તે વાત પ્રશ્ન ૩૭૪ માં બતાવી છે.) ॥ ૪-૧-૩૪ ॥ ૮૮૦ ॥

પ્ર૦ **જેસલમેરમાં** અને **મેદિનીદ્રંગમાં** ઉપાશ્રયની અંદર **શ્રી હીરવિજયસૂરિજીની પ્રતિમાના** મસ્તક ઉપર **વીરભગવાનની મૂર્તિ** છે, તેથી કેટલાક તે ઉપાશ્રયને **ચૈત્ય** કહે છે, તેનો ઉત્તર શો અપાય ?

ઉ૦ જેમ શ્રાવકોને ઘરે જિનપ્રતિમા હોય છે, છતાં તે ચૈત્ય કહેવાતા નથી, તેમ આ ઉપાશ્રયનું પણ સમજવું. ॥ ૪-૧-૩૫ ॥ ૮૮૧ ॥

પ્ર૦ **પક્ખી** વખતે છટ્ઠ કરીને **વીરભગવાનના** છટ્ઠના તપમાં ગણી લેવામાં આવે, અને પક્ખીનો તપ સ્વાધ્યાય વિગેરે કરવાથી પૂરો કરે, તો તે છટ્ઠ **વીરછટ્ઠ તપમાં** ગણાય ? કે નહિ ?

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉ૦ અલ્પ શક્તિવાળા જો તેવી રીતે છઠ્ઠ કરી **વીરછઠ્ઠ તપમાં** ગણી લે, તો ગણી શકે છે, પણ પક્ખીનું તપ ઉપવાસ વિગેરેથી જલ્દી પૂરું કરવું જોઇએ. ॥ ૪-૧-૩૬ ॥ ૮૮૨ ॥

**પ્ર૦ વીરછઠ્ઠ તપને** પારણે બેસણું કરવું જોઇયે ? કે યથાશક્તિ પચ્ચક્ખાણ કરવું ?

ઉ૦ જેવી શક્તિ હોય, તેવું પચ્ચક્ખાણ કરાય છે.॥૪-૧-૩૭॥૮૮૩॥

**પ્ર૦ અંતરદ્વીપોની વેદિકામાં** બારણા છે ? કે નહિ ?

ઉ૦ **જગતીને** બારણા છે, એમ કહ્યું છે. **અંતરદ્વીપમાં** તો **જગતીને** સ્થાને **વેદિકા** છે, માટે વેદિકામાં પણ બારણા સંભવે છે ॥ ૪-૧-૩૮ ॥ ૮૮૪ ॥

પ્ર૦ ચાર પ્રકારના મિથ્યાત્વમાં **લોકોત્તર મિથ્યાત્વ** ભારે છે ? કે **લૌકિક મિથ્યાત્વ** ભારે છે ?

પહેલાં તો " લોકોત્તર કરતાં લૌકિક મિથ્યાત્વ મહાન્ છે," એમ સાંભળ્યું હતું,હાલમાં "**લૌકિક કરતાં લોકોત્તર મિથ્યાત્વ** મહાન્ છે," એમ સંભલાય છે, તેથી સ્પષ્ટ જણાવવા કૃપા કરશો ?

ઉ૦ **પ્રતિક્રમણસૂત્ર ટીકા** વિગેરે ગ્રંથોમાં-" **લૌકિક મિથ્યાત્વ** બે પ્રકારે હોય. એક લૌકિક દેવ સંબંધીઃ

અને બીજું લૌકિક ગુરુ સંબંધીઃ

તેમજ લોકોત્તર પણ બે પ્રકારે હોય છ-એક લોકોત્તર દેવ સંબંધીઃ

અને બીજું લોકોત્તર ગુરુ સંબંધીઃ " આ ચાર મિથ્યાત્વમાં આ મહોટું અને આ ન્હાનું એવા અક્ષરો ગ્રંથમાં જોયા નથી, તેથી દ્રવ્યઃ ક્ષેત્રઃ કાલઃ અને ભાવઃ મુજબ ન્હાનું મોટું કહી શકાય. ॥ ૪-૧-૩૯ ॥ ૮૮૫ ॥

પ્ર૦ સાધ્વી કેવળજ્ઞાન ઉપજ્યા પછી છદ્મસ્થ સાધુઓને વાંદે ? કે નહિ ?

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉ૦ કેવળ જ્ઞાનવાળા સાધ્વીજી છદ્મસ્થ સાધુઓને વંદન કરે નહિ. કેમકે "કેવળજ્ઞાન ઉપજ્યું છે," તેવું પ્રસિદ્ધ થયું હોય, તો પણ કેવળજ્ઞાની છદ્મસ્થોને વાંદે, તેવું શાસ્ત્રમાં જોવામાં આવ્યું નથી.

તેમજ કેવળજ્ઞાની સાધ્વીઓને છદ્મસ્થ સાધુ વાંદે, તે પણ સંભવતું નથી, કેમકે-પુરુષ સ્ત્રીને વંદન કરે, તો લૌકિક માર્ગમાં અનુચિત દેખાય, પણ પરમાર્થથી તો કેવળજ્ઞાની-સર્વને વાંદવા યોગ્યજ છે. ॥ ૪-૧-૪૦ ॥ ૮૮૬ ॥

પ્ર૦ પ્રતિષ્ઠિત જિન પ્રતિમાના નામ અને લંછનો વેચવાવાળાએ ભુંસી નાંખ્યા હોય, તેવી પ્રતિમાઓ શ્રાવકોએ દ્રવ્ય વ્યય કરી વેચાતી લીધી હોય; પછીથી નામના અવસરે "આ પ્રતિમા અમુક જિનેશ્વરની છે, એમ કેમ કહી શકાય? માટે લંછન વિગેરે ફેર કરાવવાનો વિધિ હોય, તો જણાવવા કૃપા કરશો?

ઉ૦ પ્રતિષ્ઠિત જિન પ્રતિમાનું નામ, લંછન વિગેરે પ્રાયઃ ફરી કરી શકાય નહિ, પણ-ફેર પ્રતિષ્ઠા કરાવનારને અજ્ઞાત વિગેરે કારણો હોવાથી નામઃ લંછનઃ વિગેરે ખાસ જરૂરી કાર્ય હોય તો, તે ફેર કરી પ્રતિષ્ઠિત વાસક્ષેપ વિગેરેથી શુદ્ધિ કરાવી લેવી જોઇએ, એમ જણાય છે. ॥ ૪-૧-૪૧ ॥ ૮૮૭ ॥

પ્ર૦ પડિમાતપ કરનાર શ્રાવક અથવા શ્રાવિકા ચોથી પડિમાથી ચાર પર્વી પોસહ કરે છે, તે વખતે પક્ખી અને પુનમનો છઠ્ઠ કરવો પડે છે, તેમાં પક્ખીને દિવસે પોસહ અને ઉપવાસ કરીને પૂર્ણિમામાં પોસહ કરી એકાસણું કરે, તો સુઝે? કે નહિ?

ઉ૦ પ્રતિમાધર શ્રાવક અથવા શ્રાવિકા ચોથી પડિમાથી માંડી ચાર પર્વી પોસહ કરે, તેમાં મુખ્ય રીતિએ ચઉદશ પુનમના

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પોસહ સહિત ચોવીહાર છઠ્ઠ કરવો જોઇએ, પણ કદાચ **સર્વથા** શક્તિ ન હોય, તો "પુનમને દિવસે આયંબિલ અથવા નિવિ કરાય." એવા અક્ષરો **સામાચારી ગ્રંથમાં** છે, પરંતુ એકાસણુ કરવાનું શાસ્ત્રમાં દેખ્યું નથી. ॥ ૪-૧-૪૨ ॥ ૮૮૮ ॥

પ્ર૦ કાંજી વડાઃ વિગેરે શાક તથા દહીં વિગેરે ગોરસઃ એક રાત્રિ ઓળંગી બીજી રાત્રિમાં અભક્ષ્ય થાય ? કે સોળ પહોર પછી અભક્ષ્ય થાય ?

ઉ૦ **યોગશાસ્ત્ર ટીકા** વિગેરે ગ્રંથોમાં **दध्यहर्द्वितयातीतं**-આ વચનથી "**બે દિવસ પછી દહીં**" વિગેરે ગોરસ કલ્પે નહિ." એવા અક્ષરો છે, તેનો અર્થ તો **પરંપરાએ** આ પ્રકારે કહેવાય છે-"બે રાત્રિ ઓળંગી ગયા પછી તો કલ્પે નહિ." પણ "સોળ પહોર પછી ન કલ્પે," એવા અક્ષરો શાસ્ત્રમાં જોયા નથી. કાંજીવડા વિગેરે શાકોનું પણ રાઈ વિગેરે ઉત્કટ દ્રવ્યથી મિશ્રિતપણું હોવાથી **વૃદ્ધ પરંપરાએ** એટલુંજ કાલમાન કહેવાય છે, પણ અતિ પ્રસંગ થઈ જાય, તેથી અધિક કાલમાન કહેવાતું નથી. આ બાબતમાં બીજા પ્રકારના અક્ષરો જાણ્યા નથી. ॥ ૪-૧-૪૩ ॥ ૮૮૯ ॥

પ્ર૦ માંસમાં નિગોદજીવો ઉપજવાનું કહેલુ છે. તથા—

**आमासु अ पक्कासु अ विपच्चमाणासु मंस-पेसीसु ।**
**उप्पज्जंति अणंता तव्वण्णा तत्थ जंतुणो ॥ १ ॥**

આ ગાથાના વ્યાખ્યાનમાં-**યોગશાસ્ત્રના ત્રીજા પ્રકાશમાં** કહ્યું છે કે-"નિગોદ શબ્દે કરી શરીર કહેવાય છે, તેથી માંસમાં શરીરવાળા અનન્તા જીવો ઉપજે છે." તો તે શરીરો કયા ? માંસજ શરીરપણાએ પરિણમે તે કહેવાય ? કે તદ્રૂપ અસં-

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ખ્યાતા શરીર ઉપજે, તે કહેવાય ? અને તે અનન્તા જીવોને આબાધા થાય ? કે નહિ ?

ઉ૦ માંસમાં રસથી અનેક બે ઇંદ્રિય જીવોની ઉત્પત્તિ સંભવે છે, તેમજ **आमासु अ पक्कासु अ०** આ ગાથામાં નિગોદ જીવોની ઉત્પત્તિ બતાવી છે. તેમાં **નિગોદ** શબ્દનો અર્થ **સૂક્ષ્મ જીવો** એ **પરંપરા** પ્રમાણે પ્રચલિત છે, પરંતુ "સાધારણ વનસ્પતિ પેઠે અનન્ત જીવોના આશ્રયભૂત એક શરીર તે નિગોદ" એવો અર્થ પ્રચલિત નથી. કેમકે–**પ્રતિક્રમણસૂત્ર ટીકામાં** માંસની અંદર તેવાજ વર્ણવાળા અનેક જીવો ઉપજવાનું કહ્યું છે, પરંતુ અનંતા કે અસંખ્યાતા કહ્યા નથી, તેથી જ્યાં અનન્તા કે અસંખ્યાતા કહ્યા હોય, ત્યાં અનન્ત અને અસંખ્યાત શબ્દનો અર્થ બહુ અર્થ જાણવો, એવી **પરંપરા** છે. અને તે શરીરો માંસપુદ્ગલપણે અને અન્ય પુદ્ગલપણે મિશ્રિત ઉત્પન્ન થતાં સંભવે છે. જેમ છાશ ચોખાનું ઓસામણ વિગેરેમાં બે ઇંદ્રિય જીવો ઉપજવાનું કહ્યું છે; તેની પેઠે માંસના જીવોને પણ પીડા ઉપજે છે, એમ સંભવે છે, પરંતુ એકશરીરમાં રહેલા અનન્ત જીવોની પેઠે ન ઉપજે, તેવું જાણ્યું નથી. ॥ ૪--૧–૪૪ ॥ ૮૯૦ ॥

પ્ર૦ શુદ્ધ સમકિતધારી શ્રાવક મરણ પામી તુરત **મહાવિદેહક્ષેત્રમાં** મનુષ્યપણે ઉપજે ? કે નહિ ?

ઉ૦ મરણ સુધી અતિચાર વિનાની સમકિતની આરાધના હોય, તો **વૈમાનિકદેવોમાંજ** શ્રાવક જાય છે. એમ જાણવું, નિરતિચાર આરાધના નહોય, તો યથા સંભવ બીજેપણ ઉપજે છે, તેથી શ્રાવક **મહાવિદેહોમાં** પણ મનુષ્યપણે ઉપજે છે.॥ ૪--૧–૪૫ ॥ ૮૯૧ ॥

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્ર૦ તપસ્યાથી નિકાચિતકર્મનો ક્ષય થાય ? કે નહિ ?

ઉ૦ નિકાચિતકર્મોનો પણ તપસ્યાથી ક્ષય થાય છે, એમ **ઉત્તરાધ્યયનસૂત્રટીકા** વિગેરેમાં કહ્યું છે. ॥ ૪-૧-૪૬ ॥૮૯૨॥

પ્ર૦ **વીરભગવંતે** કયા ભવમાં તીર્થંકર નામકર્મ બાંધ્યું ?

ઉ૦ પચીસમા **નંદનઋષિના** ભવમાં લાખવર્ષનું ચારિત્ર પાળી અને **વીશસ્થાનક** તપની આરાધના કરી, તીર્થંકર નામગોત્રકર્મ નિકાચિત કર્યું. ॥ ૪-૧-૪૭ ॥ ૮૯૩ ॥

પ્ર૦ શ્રાવક અથવા શ્રાવિકા ચોથી પોસહ પડિમા વહે, તેને **સામાચારીગ્રંથ** મુજબ ચોવીહાર પોસહ કરવો કહેલો છે, તથા **સમવાયાંગટીકા** અનુસાર, તિવિહાર સંભવે છે. તેથી તિવિહાર પોસહ કરીને ચોથી પડિમા વહન કરે ? કે નહિ ?

ઉ૦ **પ્રવચનસારોદ્ધાર** વિગેરે ગ્રંથોમાં શ્રાવકને ચોથી પડિમામાં ચારપર્વીના દિવસે સંપૂર્ણ ચાર પ્રકારનો પોસહ કરવો કહેલ છે, આ પાઠ મુજબ આઠ પહોરનો પોસહ અને ચોવીહાર ઉપવાસ કરવો જોઈએ. પરંતુ **સમાચારી** અનુસાર આટલું વિશેષ જણાય છે કે, પક્ખી વખતે છટ્ઠ કરવાની જેની શકિત ન હોય, તેણે પૂનમમાં અને અમાસમાં તિવિહાર ઉપવાસ કરવો, તેવી શક્તિ પણ ન હોય તેણે જો આયંબિલ કરવાની પણ શક્તિ ન હોય, તો નીવીપણ કરવી. તેમાં પહેલો ઉપવાસ, તો શાસ્ત્રમુજબ ચોવિહારો જ કરવો. એમ જણાય છે. અને **સમવાયાંગવૃત્તિ અનુસાર** તિવિહાર ઉપવાસ કરવો, તે સ્પષ્ટપણે જણાતું નથી. ॥ ૪-૧-૪૮ ॥ ૮૯૪ ॥

પ્ર૦ કયા શાસ્ત્રમાં "શ્રાવકને સામાયિક કરતાં **ઇરિયાવહિયા** પડિક્કમીને મુહપત્તિનું પડિલેહણ કરવું" એમ કહ્યું છે ? તે જણાવવા કૃપા કરશો.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉ० **इरियावहिआए अप्पडिक्कंताए न किंचि कप्पइ; चेइअवंदणसज्झायावस्सयाई काउं—**

ઇરિયાવહિયા પડિક્કમ્યા સિવાય ચૈત્યવંદનઃ સ્વાધ્યાયઃ અને આવશ્યકઃ વિગેરે કાંઈ પણ કરવું કલ્પે નહિ.” આવો **મહાનિશીથસૂત્રનો** પાઠ છે. તેથી **ઇરિયાવહિયા** પડિક્કમીને મુહપત્તિ પડિલેહી સામાયિક ઉચ્ચરાય છે. તેમજ **આવશ્યકચૂર્ણિમાં** ઢઢ્ઢર શ્રાવક પ્રભાતકાલમાં ઘરથી નીકળી શરીર ચિંતા કરીને ઉપાશ્રયમાં ગયો, કે **ઇરિયાવહિયા** પડિક્કમે છે.” એમ બતાવ્યું છે. તે સામાયિકઃ પ્રતિક્રમણઃ કરવાની વેળા છે. માટે **ઇરિયાવહીયા** કરી સામાયિક લેવા મુહપત્તિ પડિલેહવાય છે. તે જાણવું ॥ ૪-૧-૪૯ ॥ ૮૯૫ ॥

પ્ર० **નવકારના**પદોની ઓળીમાં કેટલા ઉપવાસ કરાય? અને તેમાં **નવકારના**પદોનું ગુણણું કેવી રીતે ગણાય?

ઉ० **નવકારના** નવપદો છે, તેમાં પ્રથમથી સાતપદોમાં દરેક પદના જેટલા અક્ષરો છે, તેટલા ઉપવાસ લાગલાગટ કરાય છે, અને આઠમાઃ નવમાઃ પદના ૧૭ અક્ષરો છે, તેમાં જો શકિત હોય તો, ૧૭ ઉપવાસ લાગલાગટ કરવા. શકિત ન હોય તો પહેલાં આઠઃ અને પછી નવઃ ઉપવાસ કરવા. તથા ગુણણામાં હાલની પ્રવૃતિ પ્રમાણે જોતાં-એક સરખાપણું જોવામાં આવતું નથી. કેમકે-કોઇ ગુણણું ગણે છે, અને કોઈક ગણતું યે નથી. જે ગણે છે, તે પહેલા સાતપદની ઓળીમાં જે પદનો તપ કરે છે, તે પદનું ગુણણું ગણે છે. અને આઠમા અને નવમાપદનું તપ એકી સાથે કરે, તો તે બંન્નેય પદોનું પણ ગુણણું સાથે ગણે છે. જો જુદો તપ કરે, તો બંન્નેય પદોનું ગુણણું જુદું જુદું ગણે છે. દરેક પદે એક લાખ ગુણણું ગણવું જોઇએ. અને

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આઠમાઃ અને નવમાઃ પદમાં સાથે તપ કરેલ હોય. તો ગુણણું બે લાખ ગણવું અને જુદો તપ કર્યો હોય, તો દરેક પદે લાખ લાખ ગણવું. તેમજ કોઈક-જ્યારે આ તપ કરે છે, તે વખતે તે પદનું ગુણણું બે હજાર ગણે છે, તેથી જેવી જેની શક્તિ હોય, તે તેટલું ગુણણું ગણે છે. ॥ ૪-૧-૫૦ ॥ ૮૯૬ ॥

પ્ર૦ સાધુ મધ્યાન્હ કાલનો કાજો ઉદ્ધરીને પરઠવે ? કે નહિ ?

ઉ૦ ચામાસામાં મધ્યાન્હનો કાજો લઇ પરઠવે છે, એવી **પરંપરા પૂજ્યપાદ શ્રી વિજયહીરસૂરીશ્વર મહારાજા** પાસે ચાલતી જોઇ છે ૪-૧-૫૧ ॥ ૮૯૭ ॥

પ્ર૦ **લવણસમુદ્રમાં જગતી** પાસે માખીની પાંખ પ્રમાણે જલ કહેલ છે, ત્યાં સર્વકાલમાં તેટલુંજ પાણી રહે ? કે ભરતીમાં ન્યૂનાધિક થાય ?

ઉ૦ માંખીની પાંખ પ્રમાણ જલ જ્યાં બતાવ્યું છે, ત્યાં તેટલું રહે છે. પણ ભરતીના સમયમાં ન્યૂનાધિક થાય, તેમ જાણ્યું નથી. ॥ ૪-૧-૫૨ ॥ ૮૯૮ ॥

પ્ર૦ ચોમાસામાં પ્રતિક્રમણ વિગેરેમાં વિજળીની ઉજઈ પડે, તો અતિચાર લાગે ? કે નહિ ?

ઉ૦ **પૂજ્યપાદશ્રી વિજયદાનસૂરીશ્વરજી** તથા પૂ૦ **શ્રી વિજયહીરસૂરીશ્વરજી** પાસે શેષકાલમાં અને ચોમાસામાં પ્રતિક્રમણ યોગનું અનુષ્ઠાન વિગેરે ક્રિયામાં વિજળીની ઉજઈ પડે, તો અતિચાર લાગે છે, ક્રિયા અતિચારવાળી બને છે, કાલગ્રહણ ભાંગે છે. એમ સાંભળેલ છે. ॥ ૪-૧-૫૩ ॥ ૮૯૯ ॥

પ્ર૦ આશો માસના અસજ્ઝાયમાં ત્રણ દિવસ **ઉપદેશમાલા** વિગેરે ગ્રંથો ગણી શકાતા નથી, તેમ ત્રણ ચોમાસીના અસજ્ઝાયમાં તે ન ગણી શકાય ? કે ગણી શકાય ?

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉ૦ જેમ આસો માસના અસજ્ઝાયમાં ત્રણ દિવસ ઉપધાનમાં કામ આવતા નથી, તેમ ત્રણ ચોમાસીમાં તેમ નથી. ચોમાસીની અસજ્ઝાયમાં **ઉપદેશમાલા** વિગેરે ગ્રંથો ગણી શકાય છે. ॥ ૪-૧-૫૪ ॥૯૦૦ ॥

પ્ર૦ પદસ્થ મુનિરાજ ન હોય, તો **સ્થાપનાચાર્ય** પાસે પ્રતિક્રમણ કરાય છે, તેમાં **ક્ષામણા** કેવી રીતે કરવા ?

ઉ૦ સ્થાપનાચાર્ય પાસે કરવામાં આવતાં પ્રતિક્રમણમાં પ્રથમ સ્થાપનાચાર્યને **અબ્ભુટ્ઠિઓ** ખામવો. પછી મ્હોટા સાધુ હોય તેઓને અનુક્રમે-બેઃ ચારઃ અને છઃ ને **અબ્ભુટ્ઠિઓ** ખામવો. અને જો સાધુ ન હોય, તો શ્રાવકે ફક્ત સ્થાપનાચાર્યને જ **અબ્ભુટ્ઠિઓ** ખામવો ॥ ૪-૧-૫૫ ॥ ૯૦૧ ॥

પ્ર૦ **યુગલિયાક્ષેત્ર**ના તિર્યંચો કલ્પવૃક્ષનો આહાર કરે ? કે બીજો કરે ?

ઉ૦ ગાય વિગેરે કલ્પવૃક્ષનો આહાર કરે છે, તેમ બીજો ધાન્ય ઘાસ વિગેરેનો પણ આહાર કરે છે. એમ સંભવે છે. ૪-૧-૫૬ ॥ ૯૦૨ ॥

## ૨

# મુલતાનના શ્રીસંઘના પ્રશ્નોત્તરો.

પ્ર૦ પક્ખી પ્રતિક્રમણમાં-**પરંપરાએ** બધા અવશ્યે કરી **શાંતિ** કહે છે. વળી કેટલાક તો અન્ય દિવસમાં પણ કહે છે, તો તે કેવી રીતે છે ?

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉ૦ પક્ખી પ્રતિક્રમણમાં **પરંપરાએ** અવશ્ય **શાંતિ** કહેવાય છે. બીજા દિવસમાં કહેવા આશ્રયીને નિયમ જાણ્યો નથી. ॥૪-૨-૧-૫૭ ॥ ૯૦૩ ॥

પ્ર૦ કોઈક પારણેઃ અતરવારણેઃ એકાસણું કર્યા સિવાય **सूरे उग्गए अभत्तट्ठं** સૂરેઉગે અભત્તટ્ઠનું પચ્ચખાણ કરે છે, ત્યારે રીતિતો "પારણા અતરવારણામાં એકાસણું કરી ચોથભક્ત પચ્ચક્ખાણ કરવું જોઇએ" તેવી દેખાય છે, પણ છઠ ભક્તમાં તેવી રીત દેખાતી નથી. તેથી પારણા અત્તરવારણામાં એકાસણું કર્યા શિવાય પણ છઠભત્ત કરે છે, તેમાં શું કારણ છે ?

ઉ૦ જ્યારે એકાસણું કરી ઉપવાસ કરે, ત્યારે ચોથભક્તનું પચ્ચક્ખાણ લે છે, તેવી **અવિચ્છિન્ન પરંપરા** દેખાય છે. છઠ વિગેરે પચ્ચક્ખાણમાં તો પારણેઃ અત્તરવારણેઃ એકાશન કરે કે ન કરે તોપણ છઠ ભક્ત–અઠમભક્ત–પચ્ચખાણ કરે છે, તેવી પણ **અવિચ્છિન્ન પરંપરા** દેખાય છે, તેમજ પારણેઃ અતરવારણેઃ એકાસણું કર્યા સિવાય પણ **चउत्थभत्तं छट्ठभत्तं अट्ठमभत्तं** કહેવાય છે, તેવા અક્ષરો **કલ્પસૂત્રસામાચારીમાં** છે. તે જાણવું. ॥ ૪-૨-૨-૫૮ ॥ ૯૦૪ ॥

પ્ર૦ **ખરતરો** પૂછે કે "તમો ઢાંકેલા સ્થાપનાચાર્ય પાસે ક્રિયા કરો છો તે કેવી રીતે સુઝે ?"

ઉ૦ **નવકારવાળી** વિગેરે ઈત્વર સ્થાપનામાં દૃષ્ટિ રાખવી જોઇએ, તેથી તેને નહિં ઢાંકવી, તે વ્યાજબી છે. પણ અક્ષપ્રમુખ યાવત્કથિક સ્થાપનામાં દૃષ્ટિ પણ રાખવાનો નિયમ જાણ્યો નથી. તેથી આચ્છાદિત કર્યા હોય, તોપણ ક્રિયા કરવી સૂઝે છે. ॥ ૪-૨-૩-૫૯ ॥ ૯૦૫ ॥

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ૐ

# શ્રી દેવગિરિ સંઘના પ્રશ્નોત્તરો.

પ્ર૦ જે શ્રાવકો દિવસનો પોસહ કરીને પછી સાંજે ભાવવૃદ્ધિ થવાથી રાત્રિપોસહ લે, તો-પોસહઃ સામાયિકઃ ઉચ્ચર્યાબાદ **સજ્ઝાય કરું ? બહુવેલ કરસ્યું, ઉપધિ પડિલેહું ?** આ પ્રકારે આદેશો માંગે ? કે **સજ્ઝાય કરું ?** આ એક આદેશે ચાલી શકે ?

ઉ૦ **સજ્ઝાય કરું ?** આ આદેશ માંગવાથી ચાલી શકે છે, **બહુવેલનો આદેશ માંગવાનો** નિયમ તો જાણ્યો નથી, કેમકે તે પ્રભાતે માગી લીધેલ છે. એમ જાણવું ॥ ૪–૩–૧–૬૦ ॥ ૯૦૬ ॥

પ્ર૦ શેષકાલમાં સાધુઓ, શ્રાવક શ્રાવિકાઓના સાંભળતાં **કલ્પસૂત્ર** ભણે-ભણાવે ? કે એકાંતમાં ભણે ભણાવે ?

ઉ૦ સાધુઓ પોતાની ઇચ્છાએ **કલ્પસૂત્ર**ને ભણે ભણાવે છે, આ અવસરે કોઇક શ્રાવક વિગેરે વંદન કરવા આવે, " તે વખતે ધીમે ધીમે ભણે ભણાવે, " તેવા અક્ષરો જોવામાં આવ્યા નથી, પરંતુ શ્રાવક વિગેરેને ઉદ્દેશી પઠન પાઠન **પજુસણ** સિવાય કલ્પે નહિ, તેમ જાણવામાં છે. ॥ ૪–૩–૨–૬૧॥૯૦૭॥

પ્ર૦ કેટલાક કહે છે કે "**શ્રી મહાવીરપ્રભુના શિષ્ય સુધર્માગણધર મહારાજાથી માંડી પરંપરામાં** કલિકાલમાં યુગપ્રધાન સમાન **શ્રી હીરસૂરીશ્વરજી મહારાજ ૬૩ મી** પાટે છે. " અને કેટલાક કહે છે ,'કે ૬૧ મી પાટે છે." અને **ઉપાધ્યાય ધર્મસાગરગણિકૃત પટ્ટાવલીમાં** તો "૫૮ મી પાટે" લખેલ છે. આ ત્રણ કથનમાં કયું કથન પ્રમાણ છે ?

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉ૦ **શ્રી સુધર્માસ્વામીથી માંડી પરંપરાએ શ્રી હીરસૂરીશ્વરજી મહારાજા** અઠ્ઠાવનમી પાટે છે, એમ જાણવું ॥ ૪-૩-૩-૬૨ ॥ ૯૦૮ ॥

પ્ર૦ બાવીશ તીર્થંકરોના વારામાં **कारणजाए पडिक्कमणं** કારણ છતાં પાંચ પ્રતિક્રમણમાંથી કયું પ્રતિક્રમણ હોય ?

ઉ૦ **कारणजाए** આ વચન **પક્ખી વિગેરેને** આશ્રયીને જાણવું. પણ ઉભયકાલ પ્રતિક્રમણ તો સર્વને હોય છે, એમ જાણવું (આ પ્રશ્ન શ્રાવક માટેનો લાગે છે, તેથી "શ્રાવકને ઉભયકાલ પ્રતિક્રમણ છે." એમ આગળ પ્રશ્ન ૮૬૦ માં કહી ગયા છે.) ॥ ૪-૩-૪-૬૩ ॥ ૯૦૯ ॥

પ્ર૦ ઉપધાનના એકાસણમાં અને છુટા પોસહના એકાસણમાં લીલું શાક વાપરવું કલ્પે ? કે નહિ ?

ઉ૦ બંન્ને પ્રકારના એકાસણામાં લીલા શાક વાપરવાની પ્રવૃત્તિ હાલ નથી. ॥ ૪-૩-૫-૬૪ ॥ ૯૧૦ ॥

પ્ર૦ શ્રાવકોએ પોસહ પારવામાં અને સામાયિક પારવામાં કઈ અને કેટલી ગાથા કહેવાય છે ?

ઉ૦ પોસહ પારવામાં **सागरचंदोकामो०** ૧ અને **धन्नासलाहणिज्जा०** ૨ આ બે ગાથા કહેવી, અને સામાયિક પારતાં તો **सामाइयवयजुत्तो०** ૧ **छउमत्थो मूढमणो०** ૨ **सामाइयपोसहसंठिअस्स०** ૩ આ ત્રણ ગાથા કહેવી. એમ શાસ્ત્રમાં સામાયિક પારવાના અધિકારમાં કહેલ છે. પરંતુ હમણાં **सामाइयवयजुत्तो०** ૧ **सामाइअम्मि उ कए०** ૨ આ બે ગાથા કહેવાતી જોવામાં આવે છે. ॥૪-૩-૬-૬૫ ॥ ૯૧૧ ॥

પ્ર૦ દાનઃ શીલઃ તપઃ અને ભાવઃમાં બારવ્રતો આવે ? કે નહિ ?

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉ૦ સર્વવ્રતો જીવદયા માટે છે, **પ્રાણાતિપાત** વિરમણ વ્રત તો અભયદાનરૂપ છે. તેથી બારે વ્રતો દાનધર્મમાં આવી જાય છે. તેમજ સર્વવ્રતો **પચ્ચક્ખાણરૂપ** છે. અને પચ્ચક્ખાણ તે તપ છે, તેથી તપ ધર્મમાં પણ આવે છે. પહેલું વ્રત દાનમાં ચોથું વ્રત શીલમાં: આ પ્રકારે બારવ્રતો દાનાદિક ચારેય પ્રકારમાં સમાઇ જાય છે. ॥૪–૩–૭–૬૬ ॥ ૬૧૨ ॥

પ્ર૦ અનાદિકાલથી જીવ સંસારમાં રહેલ છે, તેથી તેને અન્યજીવો સાથે લેણું અને દેણું થાય છે, તે આપ્યા સિવાય છુટાય? કે નહિ?

ઉ૦ આમાં એકાન્તપણું નથી. જો તપ અને સ્વાધ્યાય વિગેરેથી કર્મની નિર્જરા થઈ ગઈ હોય, તો તે ચૂકાવ્યા વિના છૂટી શકે છે, એટલે મોક્ષમાં પહોંચી શકે છે. અને કર્મ-નિર્જરા ન કરી હોય, તો તે લેણુ દેણું આપવું પડે છે, પછી છુટી શકે છે. ॥ ૪–૩–૮–૬૭ ॥ ૬૧૩ ॥

પ્ર૦ ચક્રવર્તી કેટલા કાળે મોક્ષમાં જાય?

ઉ૦ જઘન્યથી તે ભવમાં જ મુક્ત થાય. અને ઉત્કૃષ્ટથી તો કિંચિત્ ન્યૂન અર્ધપુદ્ગલ પરાવર્ત કાલે પણ મોક્ષમાં જાય છે. ॥ ૪–૩–૯–૬૮ ॥ ૬૧૪ ॥

પ્ર૦ મેથી આયંબિલમાં કલ્પે? કે નહિ?

ઉ૦ નિષેધ નથી, એટલે ન કલ્પે, તેમ જાણ્યું નથી. કેમકે–મેથી વિદલ છે, વિદલતો કલ્પે છે. ॥ ૪–૩–૧૦–૬૯ ॥ ૬૧૫ ॥

પ્ર૦ વાર્ષિક તપ કેટલા કાળે પૂર્ણ થાય?

ઉ૦ આ આલોયણા તપ ૧૮૦ ઉપવાસનો, એક વરસમાં પૂર્ણ થાય છે, અને તે તપ ઉપવાસ આયંબિલ અને એકાસણાંની

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રીતે કરાય છે. પણ એકાન્તર ઉપવાસ કરવા ન જોઈયે. વળી તિથિની હાનિ–વૃદ્ધિમાં ઉપવાસ તથા એકાસણું કરવું, પણ આયંબિલ આવે નહિ, તેથી પર્વ દિવસમાં ઉપવાસ જ આવે. તેથી ૧૨૦ ઉપવાસ થાય છે. તેમજ ૧૨૦ આયંબિલ થાય, તેના ૬૦ ઉપવાસ થાય છે. આ રીતે ૧૮૦ ઉપવાસોએ વાર્ષિક તપ પૂરણ થાય છે. એકાસણા તો અધિક છે તેથી બેસણા કરે, તોપણ તપ પૂર્ણ થાય છે. ॥ ૪–૩–૧૧–૭૦ ॥ ૬૧૬ ॥

પ્ર૦ પડિમા તપ વહન કરનાર શ્રાવક યાત્રાદિ કરવા વહાણમાં બેસીને જઈ શકે ? કે નહિ ?

ઉ૦ વાહણમાં બેસીને પડિમા ધારીને યાત્રાદિક માટે જવાય નહિ, પણ ઘોડા વિગેરે ઉપર બેસીને તો જઈ શકાય છે. ॥ ૪–૩–૧૨–૭૧ ॥ ૬૧૭ ॥

પ્ર૦ આઠમી વિગેરે પડિમા વહન કરતા હોય, તેમાં આરંભ કરાય ? કે નહિ ?

ઉ૦ આઠમી પડિમામાં આઠ માસ સુધી કાયાએ આરંભ કરાય નહિ, આ પ્રમાણે નવમી પડિમામાં નવ માસ સુધી ન કરાય, અને દશમી પડિમામાં દશ માસ સુધી પોતાના માટે બનાવેલ આહારપાણી વિગેરે વસ્તુ કલ્પે નહિ. પરને માટે બનાવેલ હોય, તે કલ્પે છે. ॥ ૪–૩–૧૩–૭૨ ॥ ૬૧૮ ॥

## ૪

# શ્રી વસોસંઘના પ્રશ્નોત્તરો.

પ્ર૦ શ્રાવકો પક્ખીના દિવસમાં અતિચાર કહે છે. તેમાં છઠ્ઠું દિગ્વ્રત અને દશમું દેશાવકાસિકવ્રત કહ્યું, તે બીજાઓ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્વીકારતા નથી. "બે વ્રતો કેમ કહ્યા ! એક કહેવું જોઈએ." ત્યારે આપણા શ્રાવકોએ ઉત્તર આપ્યો કે:—"ભાઈઓ ! છઠ્ઠું વ્રત જાવજીવનું હોયછે, અને દશમું વ્રત દિવસ સંબંધી હોય છે." આ પ્રમાણેનો ઉત્તર પણ માનતા નથી. માટે તેમાં શી યુક્તિ છે ?

૭૦ આવશ્યકસૂત્રમાં શ્રાવકવ્રતના અધિકારમાં દેશાવકાશિક નો આલાવો છે, તે આ પ્રમાણે—

**दिसिव्वयगहिअस्स दिसापरिमाणस्स पइदिणं परिमाणकरणं देसावगासिअं, देसावगासिअस्स समणोवासएणं इमे पंच अइआरा जाणियव्वा, न समायरियव्वा. तं जहा—आणवणप्पओगे १ पेसवण-प्पओगे २ सद्दाणुवाए ३ रूवाणुवाए ४ बहिआ-पुग्गल-क्खेवे.**

દિગ્વ્રતમાં ગ્રહણ કરેલા દિશાપરિમાણનું દરેક દિવસે પરિમાણ કરવું, તે દેશાવગાશિક વ્રત છે. દેશાવગાશિકવ્રતના શ્રાવકે આ પાંચ અતિચાર જાણવા. પણ આચરવા નહિ. તે આ પ્રમાણેઃ—૧ આનયનપ્રયોગ. ૨ પેસવણપ્રયોગ. ૩ શબ્દાનુપાત. ૪ રૂપાનુપાત. ૫ બાહરપુદ્ગલ પ્રક્ષેપ છે–"

આ આલાવા મુજબ છઠ્ઠા દિગ્વ્રતનું સંક્ષેપરૂપ દેશાવગાશિક સ્પષ્ટપણે જણાય છે.

તેમજ યોગશાસ્ત્ર વિગેરે અનેક ગ્રંથોમાં છઠ્ઠાવ્રતના સંક્ષેપ રૂપ દેશાવગાશિક કહેલ છે. તેમજ ઉવાસગદશાંગમાં આણંદ શ્રાવકના વ્રતોચ્ચારના અધિકારમાં સામાયિક વિગેરે ચારવ્રતના આલાવાનો વિસ્તાર કર્યો નથી. તેથી કેટલાકો અંગીકાર કરતા નથી. તે તેઓનું અજ્ઞાન જ છે. કેમકે વ્રતોચ્ચારમાં આવા પ્રકારે પાઠ છે—



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**अहण्णं भंते ! देवाणुप्पिआणं अंतिए पंचाणुव्वइअं सत्त सिक्खावइअं दुवालसविहं सावय-धम्मं पडिवज्जिस्सामि ?**

**अहा सुहं देवाणुप्पिआ ! मा पडिबंधं करेहि.**

" હે ભગવાન્! હું આપની પાસે પાંચ અણુવ્રતો અને સાત શિક્ષાવ્રતો રૂપ બાર પ્રકારનો શ્રાવક ધર્મ અંગીકાર કરૂં ? "

" ઉત્તર આપ્યો કે–" યથાસુખે દેવાણુપ્રિય ! તું પ્રતિબંધ ન કર; "

હવે વ્રત ઉચ્ચર્યા પછી આ પ્રકારે પાઠ છે–

**तएणं आणंदे गाहा-वई समणस्स भगवओ महावीरस्स अंतिए पंचाणुव्वइअं सत्त-सिक्खा-वइअं दुवालसविहं सावय-धम्मं पडिवज्जइ, पडिवज्जित्ता समणं भगवं महावीरं वंदइ नमंसइ।**

"તે વાર પછી આણંદ ગાથાપતિ શ્રમણ ભગવાન્ મહાવીર પ્રભુ પાસે પાંચ અણુવ્રતઃ સાતશિક્ષાવ્રતઃ રૂપ બાર પ્રકારે શ્રાવક ધર્મ અંગીકાર કરે છે. અંગીકાર કરીને શ્રમણ ભગવાન્ મહાવીરને વાંદે છે, નમસ્કાર કરે છે. "

આ બે આલાવામાં બારવ્રત ઉચ્ચર્યા તેનો સ્વીકાર, જો દેશાવકાશિક વ્રત ન હોય, તો કેવી રીતે ઘટે ? અને જો તે વ્રત ન હોય, તો તેના પાંચ અતિચાર કેમ બતાવ્યા ?

તેથી આણંદ શ્રાવકે પાછળના ચારવ્રતો વિસ્તારથી ઉચ્ચર્યા નથી, જે દરેક દિવસે વારંવાર ઉચ્ચરાય છે, પણ સંક્ષેપથી તે ઉચ્ચરેલા જ છે. એમ જાણવું ॥ ૪–૪–૧–૭૩ ॥ ૬૧૯ ॥

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્ર૦ **जइ मे हुज्ज पमाओ०** આ ગાથા શ્રાવકે સૂતી વખતે ઉચ્ચરી હોય, પછી નિદ્રા ઉડી જતાં સાંસારિક કાર્ય કર્યું, અને સૂઈ જાય, તે વખતે ફરીથી ગાથા ઉચ્ચરવી જોઇએ ? કે નહિ ?

ઉ૦ શ્રાવક સુતી વખતે એવું પચ્ચક્ખાણ કરીને સુવે, કે " જો રાત્રિમાં મરણ થાય, તો આહાર વિગેરે તમામ વસ્તુ વોસિરાવું છું " પછી કોઇ કદાચિત્ નિદ્રા ઉડી જવાથી સાંસારિક કાર્ય કરી લે, તો પચ્ચક્ખાણનો ભંગ થતો નથી. ॥ ૪-૪-૨-૭૪ ॥ ૬૨૦ ॥

પ્ર૦ કાચા-કાકડીઃ કેરીઃ વિગેરે લીલા ફળોમાંથી બીજ કાઢી નાંખવામાં આવ્યા હોય, તો તે બે ઘડી પછી અચિત્ત થાય ? કે નહિ ? તેમજ તિવિહાર અને દુવિહાર એકાસણામાં તે ફળો કલ્પે ? કે નહિ ?

ઉ૦ કાચા લીલા ફળોમાંથી બીજ કાઢી નાંખ્યા છતાં પણ બે ઘડી પછી અચિત્ત થતા નથી, કેમકે-તેમાં **કટાહનો** જીવ પ્રથમ માફક રહે છે, તેમજ તે ફળો તિવિહાર એકાસણામાં કલ્પે નહિ, અને દુવિહાર એકાસણામાં પણ સચિત્તના ત્યાગીને કલ્પે નહિ. પાકા ફળો બીજરહિત કર્યા હોય, તો બે ઘડી પછી અચિત્ત થાય છે, તે તિવિહાર એકાસણામાં કલ્પે છે. ॥ ૪-૪-૩-૭૫ ॥ ૬૨૧ ॥

પ્ર૦ ત્રણકાળવેળાએ પૂજા કરવામાં આવે, તે ત્રિકાળ પૂજા કહેવાય ? કે આગળપાછળના વખતમાં ત્રણ વખત કરી હોય, તોપણ તે ત્રિકાળ પૂજા કહેવાય ?

ઉ૦ ત્રણ કાળ વેળાએ પૂજા કરાય, તે ત્રિકાળપૂજા કહેવાય છે, અને કારણ હોય, તો આગળપાછળના વખતમાં પણ ત્રણ વખત કરી હોય, તેપણ ત્રિકાળપૂજા કહેવાય છે. ॥૪-૪-૪-૭૬ ॥૬૨૨॥

પ્ર૦ દેરાસરમાં રાત્રિએ ગીતઃ ગાનાદિઃ કરવામાં આવે તો-દેવદ્રવ્યની ઉપજ થાય છે, નહિંતર તો થતી નથી. તો તે કરવું ? કે નહિ ?

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉ૦ શાસ્ત્ર વિધિ મુજબ તો મૂળવિધિએ ગીતઃ ગાનઃ વિગેરે રાત્રિએ કરવું સુઝતું નથી, પરંતુ દેવદ્રવ્યની ઉપજના કારણે રાત્રિમાં પણ ગીતઃ ગાનાદિઃ ભાવના કરવામાં લાભ જણાય છે. ॥ ૪–૪–૫-૭૭ ॥ ૯૨૩ ॥—

## ૫

# ફતેહપુરના શ્રીસંઘના પ્રશ્નોત્તરો.

પ્ર૦ જન્મ સૂતકમાં અને મરણ સૂતકમાં પ્રભુપ્રતિમાની પૂજા થાય? કે નહિ?

ઉ૦ જન્મ મરણ સૂતકમાં પણ સ્નાન કર્યા પછી પ્રતિમાની પૂજાનો નિષેધ જાણ્યો નથી, એટલે પૂજા ન થાય, તેમ જાણ્યું નથી. ॥ ૪–૫–૧-૭૮ ॥ ૯૨૪ ॥

પ્ર૦ દેવપૂજા અવસરે તિલક એટલે ચાંદલો કરાય? કે નહિ?

ઉ૦ આપણા ગચ્છમાં દેવપૂજા વખતે ચાંદલો કરવાનો નિષેધ જાણ્યો નથી. ॥ ૪–૫–૨-૭૯ ॥ ૯૨૫ ॥

પ્ર૦ શ્રાવકે કરેલા સ્તુતિસ્તોત્રો મંડલીમાં કહેવા કલ્પે? કે નહિ?

ઉ૦ કલ્પે છે. (આ પ્રશ્ન આચાર્ય ભગવંતોએ જે શ્રાવકોની સ્તુતિ સ્તોત્રની રચના પ્રમાણકરી ક્રિયામાં બોલવાની છુટ આપી હોય; તેવા સ્તુતિસ્તોત્રો મંડલીમાં કહી શકાય છે. એ બાબત સૂચવતો લાગે છે.) ॥ ૪–૫–૩-૮૦ ॥ ૯૨૬ ॥

પ્ર૦ દુવિહારમાં લિંબુના પટવિનાનો ખારો અજમો અને મધુર અજમો વાપરવો કલ્પે? કે નહિ?

ઉ૦ દુવિહારમાં લિંબુના પટવિનાનો ખારો અથવા મધુર અજમો વાપરવો કલ્પે છે. ॥ ૪–૫–૪-૮૧ ॥ ૯૨૭ ॥

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ૬

# રાજાપુરના શ્રીસંઘનો પ્રશ્નોત્તર.

પ્ર૦ ચૈત્રમાસ વિગેરેની છ અઠ્ઠાઇઓ દશેય ક્ષેત્રોમાં શાશ્વત હોય ? કે નહિ ? અને તેમાં દેવો મહોચ્છવ કરે ? કે નહિ ?

ઉ૦ ચૈત્રમાસ વિગેરેની છ અઠ્ઠાઇઓ **શ્રાદ્ધવિધિ** વિગેરે ગ્રંથો અનુસાર દશેય ક્ષેત્રોમાં શાશ્વતી જણાય છે. તેમાં **નદીશ્વરદ્વીપ** વિગેરેમાં જઈ વૈમાનિક વિગેરે દેવો તીર્થયાત્રાદિક મહોચ્છવ કરતાં સંભવે છે. ॥ ૪-૬-૧-૮૨ ॥ ૯૨૮ ॥

## ૭

# આગરાના શ્રીસંઘના પ્રશ્નોત્તરો

પ્ર૦ ખસખસના ડોડામાં ઘણા દાણાઓ છે, તેથી તે બહુબીજમાં ગણાય ? કે નહિ ?

ઉ૦ ખસખસનો ડોડો બહુ બીજ કહેવાય છે, કેમકે-એક ડોડામાં બહુકણો હોય છે. ॥ ૪-૭-૧-૮૩ ॥ ૯૨૯ ॥

પ્ર૦ **નવકારશીનું પચ્ચક્ખાણ** કર્યું, કોઈ કામ આવી પડવાથી અવસરે પાળી શકાયું નહિ, પછી ઠેઠ સાંજે પાર્યું, પરંતુ તેટલા કાળ સુધી ઉપયોગવાળો તે શ્રાવક રહ્યો છે, તેને **નવકારશી પચ્ચક્ખાણના** ફળ કરતાં અધિક ફળ મળે ? કે નહિ ?

ઉ૦ નવકારશી પચ્ચક્ખાણનું જઘન્યકાળમાન બે ઘડીનું કહેલ છે, તે પચ્ચક્ખાણ લેતાં વખતે **મુઠ્ઠસી** પચ્ચક્ખાણ પણ સાથે લીધેલું હોય છે, કે " જ્યારે મુઠ્ઠિવાળી નવકાર ગણું

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત્યારે પચ્ચક્ખાણ પૂર્ણ થાય " તેથી બે ઘડી પછી જેટલા કાળ સુધી ઉપયોગવાળો રહે છે, અને નવકારગણી પારે નહિ, ત્યાંસુધીની વેળા પચ્ચક્ખાણમાં ગણાય છે. તેથી જઘન્ય બે ઘડીએ **નવકારશીમુટ્ઠસી** પચ્ચક્ખાણ પારવાવાળા કરતાં, આ શ્રાવકને અધિકપુણ્ય થાય, એમ **શાસ્ત્ર** મુજબ જણાય છે. ॥ ૪-૭-૨-૮૪ ॥ ૬૩૦ ॥

## ૮

# ઉજ્જયિનીના શ્રીસંઘના પ્રશ્નોત્તરો.

પ્ર૦ કોઈ પોસાતી શ્રાવક ગુરુ પાસે **અર્થપોરસીના** ચૈત્યવંદનમાં **ઉવસ્સગ્ગહરં સ્તોત્ર** કહી શકે ? કે નહિ ?

ઉ૦ પોસાતી શ્રાવક અર્થપોરસીના ચૈત્યવંદનમાં **ઉવસ્સગ્ગહરં સ્તોત્રને** કહી શકે છે, નિષેધ જાણ્યો નથી. અને **વૃદ્ધ પરંપરાએ** પ્રવૃત્તિપણ દેખાય છે. ॥ ૪-૮-૧-૮૫ ॥ ૬૩૧ ॥

પ્ર૦ શુદ્ધ કાળવેળામાં **નવકારશી** પચ્ચક્ખાણ કર્યું હોય, ત્યાંથી બે ઘડી ગણાય ? કે સૂર્યોદયથી બે ઘડી ગણાય ? તે સ્પષ્ટ પ્રતિપાદન કરશો.

ઉ૦ શુદ્ધ કાળવેળામાં નવકારશીનું પચ્ચક્ખાણ કર્યું હોય, ત્યાંથી માંડી બે ઘડી ગણાય છે. [સવારે દશ પડિલેહણા પૂર્ણ કરતાં સૂર્યોદય થવો જોઇએ, તેવી રીતે પહેલાં પ્રતિક્રમણની શરૂઆત કરી હોય, તેમાં છઠ્ઠું આવશ્યક પચ્ચક્ખાણ છે, તે વખતે પચ્ચક્ખાણ લેવાય, તે શુદ્ધકાળ વેળા કહેવાય, એમ જણાય છે, પણ **પંચાશક** વિગેરે ગ્રંથોમાં **उग्गे सुरे नमुक्कारसि-**

For Private and Personal Use Only

આ પાઠના વ્યાખ્યાન અનુસાર સૂર્યોદયથી બે ઘડીએ નવકારશી પચ્ચક્ખાણ થાય છે ] ॥ ૪-૮-૨-૮૬ ॥ ૬૩૨ ॥

પ્ર૦ વૈતાઢ્ય પર્વત સમીપે ૭૨ બીલો કહ્યા છે, તે કયાં છે?

ઉ૦ વૈતાઢ્યની નિશ્રાએ ગંગાઃ સિંધુઃના ૭૨ બીલો છે, તે દક્ષિણ અર્ધ ભરતમાં અને ઉત્તર અર્ધભરતમાં તેઓના બન્નેય કિનારે નવઃ નવઃ બીલો છે. ॥ ૪-૮-૩-૮૭ ॥ ૬૩૩ ॥

## ૯

## કાકનગરના શ્રીસંઘના પ્રશ્નોત્તરો.

પ્ર૦ સિંધવઃ હરડેઃ દ્રાક્ષઃ અને પીપરઃ વિગેરે લાભપુર[ લાહોર ]થી આવેલ હોય, તે સચિત્ત છે? કે અચિત્ત છે?

ઉ૦ સો યોજન ઉપરથી આવેલા સિંધવ વિગેરે ફાસુ થઇ જાય છે, બીજા ફાસુ થતા નથી. ॥ ૪-૯-૧-૮૮ ॥ ૬૩૪ ॥

પ્ર૦ પારણે અને અતરવારણે એકાસણું કરીને છટ્ઠ કરે, તો તેને બે ચોથભક્ત કર્યા ગણાય ? કે નહિ ?

ઉ૦ તેને બે ચોથભક્ત ગણતા નથી. ॥ ૪-૯-૨-૮૯ ॥ ૬૩૫ ॥

પ્ર૦ આઠમી પડિમાનું વહન કરી રહેલ હોય, તે શ્રાવક બીજાને ભોજન પીરસી શકે ? કે નહિ ?

ઉ૦ છ કાય જીવની વિરાધના ન થાય, તેમ જો આઠમી પ્રતિમાવાળો બીજાને ભોજન પીરસે, તો નિષેધ જાણ્યો નથી. ॥ ૪-૯-૩-૯૦ ॥ ૬૩૬ ॥

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ૧૦

# વટપલ્લીના શ્રી સંઘના પ્રશ્નોત્તરો.

પ્ર૦ ૧૦૦ દોકડાનાં માળી પાસેથી પુષ્પો લઇ પ્રભુપ્રતિમાને ચડાવ્યા, માળીને સો દોકડાના મૂલ્યમાં અનાજ વસ્ત્રો વિગેરે આપ્યું, તે આપવામાં દશ દોકડાનો નફો કર્યો, તે દશ દોકડા દેવદ્રવ્ય ગણાય ? કે માળીનું દ્રવ્ય ગણાય ?

ઉ૦ સો દોકડાના પુષ્પો લઇ ચઢાવ્યા; તેના બદલે ધાન્ય, વસ્ત્ર વિગેરે માળીને આપ્યું, તેમાં કરકસરે કરી જેટલા દોકડા નફો થાય, તે દેવદ્રવ્ય ગણાય છે. પણ માળીનું દ્રવ્ય ગણાતું નથી. કેમકે–લોકમાં સો દોકડાના ફુલો ચઢાવ્યાનો જશવાદ ગવાય છે, તેથી ન્યૂન ચઢાવવામાં દોષ લાગે છે, તેથી જે નફો મલ્યો હોય, તે દેવદ્રવ્યમાં નાંખી દે, તો દોષ લાગતો નથી. ॥૪–૧૦–૧–૯૧ ॥ ૯૩૭ ॥

પ્ર૦ પ્રથમ બંધાવેલું જિનમંદિર કદાચિત્ કાંઈક પડી ગયું હોય, તેટલું દ્રવ્ય લિંગિના દ્રવ્યથી નવું બનાવ્યું હોય, તો તે મંદિરમાં રહેલી જિનપ્રતિમાને વંદન કરાય ? કે નહિ ?

ઉ૦ તેમાં રહેલી જિનપ્રતિમાને વંદન કરાય છે, એમ જણાય છે. ॥ ૪–૧૦–૨–૯૨ ॥ ૯૩૮ ॥

પ્ર૦ લીલી વનસ્પતિના પચ્ચક્ખાણવાળાને તે દિવસનો બનેલો કેરીપાક વિગેરે કલ્પે ? કે નહિ ?

ઉ૦ પરંપરાએ તે દિવસનો બનેલ કેરીપાક વિગેરે કલ્પે છે, તેવી પ્રવૃત્તિ દેખાય છે. ॥ ૪–૧૦–૩–૯૩ ॥ ૯૩૯ ॥

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્ર૦ આજનું દુધ, છાશ સાથે મેળવી દીધું હોય, તે કઈ વિગઈમાં ગણાય ?

ઉ૦ આજનું છાશ સાથે મેળવેલ દુધ દહીં વિગઈમાં ગણાય છે. ॥ ૪-૧૦-૪-૯૪ ॥ ૯૪૦ ॥

## ૧૧

# પાટણના શ્રીસંઘના પ્રશ્નોત્તરો.

પ્ર૦ ચક્રવર્તિના નવ નિધાનો તેની પાછળ પાછળ ફર્યા કરે છે, તે ભૂમિની ઉપર ચાલે છે ? કે ભૂમિની અંદર ફર્યા કરે છે ?

ઉ૦ **જંબૂદ્વીપ પન્નતિ અને આવશ્યક ચૂર્ણિ વિગેરેમાં—**

**नव महानिहिओ चत्तारि सेणाओ न प विसंति—**

"નવ મહાનિધિઓ અને ચાર સેનાઓ પેસતા નથી." આવા પ્રકારના અક્ષરો છે, તે મુજબ નવ નિધાનો ભૂમિ ઉપર ચાલે છે, અને **પ્રવચન સારોદ્ધારની ટીકા** વિગેરે મુજબ તો "ચક્રવર્તિની સાથે ભૂમિની અંદર થઈ તેને નગરે પહોંચે છે." એમ બે મત છે. તત્ત્વ તો **કેવળી મહારાજા** જાણે ॥ ૪-૧૧-૧-૯૫ ॥ ૯૪૧ ॥

પ્ર૦ ચક્રવર્તિના સૈન્યનો પડાવ બાર યોજનનો હોય છે, ચક્રવર્તિ તો દરેક દિવસે એક યોજન ભૂમિ ચાલે છે, તો બાર યોજનના છેલ્લે ભાગે જે સૈનિક ઉતર્યો હોય; તે પણ બીજે દિવસે એક યોજન ચાલે, તો બાર યોજનમાં તેને કેટલા દિવસ થાય ?

ઉ૦ **જંબૂદ્વીપ પન્નત્તિમાં** "યોજન યોજન વિસામો કરીને

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચક્રવર્તિ ભૂમિ કાપે છે, તેમજ તેનું સૈન્ય બાર યોજનમાં ઉતરે છે," એમ અનેક ગ્રંથોમાંયે કહ્યું છે, તેથી પૂર્વાપર વિચાર કરીને જે યોજનનું આંતરું ચાલવામાં બતાવ્યું છે, તે સૈન્યના અગ્ર ભાગની અપેક્ષાએ સંભવે છે. તેમજ ચક્રવર્તિ સૈન્યની આદિમાં કે મધ્યમાં કે અંતમાં ઉતરે, તેવા અક્ષરો શાસ્ત્રમાં જોવામાં આવ્યા નથી, પણ હાલના રાજાઓ મધ્યમાં ઉતરતા દેખાય છે, તેથી તે કાળે જે ઉચિત હશે, તે મુજબ ઉતરતા હશે, તો પણ ચક્રવર્તિના સૈન્યને છેડે ઉતરેલા પણ સૈનિકો દેવતાઈ પ્રભાવે કરી સુખેથી માર્ગ ઓળંગતા હશે, તેમાં કાંઈ પણ શંકા કરવા જેવી નથી. કેમકે દેવતાઈ શક્તિ અચિંત્ય છે. ॥ ૪-૧૧ -૨-૯૬ ॥ ૯૪૨ ॥

પ્ર૦ શરીરથી ઉખેડેલા મેલમાં અને જે પાણીએ ન્હાયા હોઇએ, તેમાં: અને પરસેવાથી ભીંજાયેલ વસ્ત્રો સંકોચી એક પીંડ બનાવી દીધા હોય, તેમાં: સંમૂર્છિમ પંચેન્દ્રિય જીવો ઉપજે ? કે નહિ ?

ઉ૦ **પન્નવણા સૂત્રમાં सव्वेसु चेव असुइट्ठाणेसु वा संमुच्छिम मणुस्सा संमुच्छंति–**

અથવા "સર્વ અશુચિ સ્થાનમાં સંમુર્છિમ મનુષ્યો ઉપજે છે."

**આ ચૌદ સ્થાનકના આલાવાની ટીકામાં** કહ્યું કે– "આ ચૌદ સિવાય મનુષ્યના સંગથી બીજા અશુચિસ્થાન બન્યા હોય, તેમાંયે સંમૂર્છિમ મનુષ્યો ઉપજતા બતાવ્યા છે." માટે–આ પ્રમાણે તમારા લખેલા સ્થાને પણ સંમૂર્છિમ મનુષ્યો ઉપજે, એમ સંભવે છે. ॥ ૪-૧૧-૩-૯૭ ॥ ૯૪૩ ॥

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ૧૨

# અમદાવાદના શ્રી સંઘના પ્રશ્નોત્તરો.

પ્ર૦ पण-सय-सत्त-तीसा चउतीस सहस्स लक्ख इग-वीसा ॥
पुक्खर-दीवड्ढनरा, पुव्वेणऽवरेण पिच्छंति ॥ १ ॥

**પુષ્કરાર્ધદ્વીપમાં** રહેલા મનુષ્યો પૂર્વ અને પશ્ચિમ તરફ ૨૧ લાખ ૩૪ હજાર પાંચસો સાડત્રીશ યોજન છેટેથી સૂર્યને દેખે છે ''–આ ગાથાનો ભાવાર્થ કેમ સંગત થઇ શકે? કેમકે–ચક્ષુ ઇન્દ્રિયનો તેટલો વિષય નથી.

ઉ૦ એકલાખ યોજન અધિક સુધી ચક્ષુ ઇન્દ્રિયનો વિષય કહેલ છે તે અપ્રકાશ્ય વસ્તુને આશ્રયીને છે, એટલે જે વસ્તુ પોતે પ્રકાશ કરી શકતી નથી, તેને આશ્રયીને છે, પણ જે વસ્તુ પોતે પ્રકાશક છે, તેને આશ્રયીને તો ચક્ષુ ઇંદ્રિયનો વિષય અધિક પણ સંભવે છે,'' એ પ્રમાણે **પન્નવણા ટીકા** વિગેરેમાં સ્પષ્ટ કરેલ છે, તેથી આમાં કાંઈ પણ અસંગતિ નથી. ॥ ૪–૧૨–૧–૯૮ ॥ ૯૪૪ ॥

પ્ર૦ પહેલે દિવસે ચોવીહાર ઉપવાસ કર્યો હોય, અને બીજે દિવસે તેવિહાર ઉપવાસ કર્યો હોય, આ પ્રકારે બનેલ છટ્ઠ **વીર ભગવાનના** છટ્ઠ તપમાં ગણી શકાય ? કે નહિ ?

ઉ૦ જુદા જુદા બે ઉપવાસે કરી બનેલ છટ્ઠ **વીર** છટ્ઠ તપમાં ગણી શકાય નહિ. કેમકે **૨૨૯** છટ્ઠોમાં પચ્ચક્ખાણ લેતી વખતે છટ્ઠનું પચ્ચક્ખાણ એકી સાથે લે તો ગણાય છે. પણ **આલોયણમાં** તે છટ્ઠ વાળવો હોય, તો કામ લાગે છે. ॥ ૪–૧૨–૨–૯૯ ॥ ૯૪૫ ॥

પ્ર૦ **ભગવતી સૂત્રના અગીઆરમા ઉદ્દેશામાં કમલનો** વિચાર છે, તેમાંથી સમયે સમયે એક જીવ નીકળે, તો જીવોને નીક-

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ળવામાં અનન્તોકાલ થઇ જાય, તો તે નીકળનારા જીવો કમલના ગણવા ? કે કમલની નિશ્રાએ રહેલ જીવો નીકળનારા ગણવા?

ઉ૦ **उग्गममाणो अणंतओ भणिओ**–"ઉગતી વનસ્પતિ અનન્તકાય કહેલ છે"–આ વચનથી તે કમલના જીવો સંભવે છે. ॥ ૪-૧૨-૩-૧૦૦ ॥ ૯૪૬ ॥

પ્ર૦ પોસહઃ સામાયિકઃમાં **ચર્ચાવાદની હુંડીઓ** [એટલે **સવાસો–દોઢસો** વિગેરે જેવી **સ્તવનઢાળો**] વંચાય ? કે નહિ ?

ઉ૦ તે મનમાં વંચાય, પણ બાઢ સ્વરે કરી ન વંચાયઃ કેમકે–તેમાં **સિદ્ધાંતના આલાવા** આવે છે ॥૪-૧૨-૪-૧૦૧॥૯૪૭॥

પ્ર૦ **યોગવહન** કર્યા સિવાય સાધુ **સિદ્ધાંત** ભણે, અને ઉપધાન વહન કર્યા સિવાય **શ્રાવક નવકાર** ગણે, તો અનન્ત સંસારી કહેવાય ? કે નહિ ?

ઉ૦ અશ્રદ્ધાએ જે યોગ અને ઉપધાન કરે નહિ, તે સાધુ અને શ્રાવક–**સૂત્ર** ભણે અને **નવકાર** વિગેરે સૂત્રો ગણે, તો અનન્ત સંસારીપણું થાય, એમ કહેવાય છે. ॥૪-૧૨-૫-૧૦૨॥૯૪૮॥

## ૧૩

# શ્રીસ્તંભતીર્થના શ્રી સંઘના પ્રશ્નોત્તરો.

પ્ર૦ **શ્રીહીરવિજય સૂરીશ્વરે** પ્રસાદી કરેલ **બાર બોલપટમાં** અનુમોદના બોલ છે, તેમાં 'દાનરુચિપણું, સ્વભાવિં વિનીતપણું; અલ્પકષાયિપણું; પરોપકારીપણું; ભવ્યપણું:' ઈત્યાદિક જે જે માર્ગાનુસારિસાધારણ ગુણો મિથ્યાત્વીના હોય, કે પરપક્ષીઓના હોય, તે અનુમોદન કરવા યોગ્ય લખ્યા છે, તેને આશ્રયીને કેટલાક નવીન પુરુષો વિપરીત અર્થ કરતાં

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સંભળાય છે. તેઓ કહે છે કે—" જેઓને અસદ્ આગ્રહ નથી, તેઓનાજ આ ગુણો અનુમોદવા લાયક છે, પરંતુ જેને કોઈ પણ વચનનો અસદ્ આગ્રહ છે, તેના આ ગુણો અનુમોદવા લાયક નથી." માટે આ બાબતનો રૂડો નિર્ણય આપવા કૃપા કરશો.

ઉ० " બીજાઓને અસદ્ આગ્રહ ન હોય, તો તેના માર્ગાનુસારિ સાધારણ ગુણો અનુમોદવા લાયક છે, બીજાના નહિ. " એમ જેઓ બોલે છે, તે અસત્યજ છે. કેમકે—જેઓને મિથ્યાત્વ હોય, તેઓને કોઈક અસદ્ આગ્રહ અવશ્ય હોય જ, નહિંતરતો સમકિત કહેવાય, **શાસ્ત્રમાં** મિથ્યાત્વરૂપ અસદ્ગ્રહ છતાં પણ માર્ગાનુસારી ગુણો અનુમોદવાલાયક કહ્યા છે. જેથી **આરાધના પતાકામાં** કહેલ છે, કે—

**जिणजम्माइऊसवकरणं तह महरिसीण पारणओ।**
**जिणसासणंमि भत्ती पमुहं देवाण अणुमन्ने ॥३०८॥**
**तिरिआण देसविरइं पज्जंताराहणं च अनुमोअे**
**सम्मदंसण लंभं अणुमन्ने नारयाणंपि ॥३०९॥**
**सेसाणं जीवाणं, दाणरुइत्तं सहावविणियत्तं ।**
**तह पयणुकसायत्तं परोवगारित्त-भव्वत्तं ॥ ३१० ॥**
**दक्खिन्न दयालुत्तं पिअभासित्ताइ-विविहगुणनिवहं**
**सिवमग्ग-कारणं जं तं सव्वं अणुमयं मज्झ ॥३११॥**
**इअ परकय-सुकयाणं बहुणमणुमोअणा कया एवं ।**
**अह नियसुचरिय-नियरं सरेमि संवेग-रंगेणं॥३१२॥**
**अहवा सव्वंचिअ वीअराय-वयणाणुसारि जं सुकडं।**
**कालत्तअेवि तिविहं अणुमोएमो तयं सव्वं ॥१॥**

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**અર્થ**–જીનેશ્વરોના જન્માદિ ઉત્સવો કરવા, તથા મહાઋષિઓના પારણામાં દિવ્ય પ્રકટાવવા, અને જિનશાસનની ભકિત કરવી વિગેરે દેવાના જે કાર્યો છે, તેની હું અનુમોદના કરું છું. ॥૩૦૮॥

તિર્યંચોની દેશવિરતિઃ તથા છેલ્લી આરાધનાને અનુમોદું છું. નારકોઓને પણ સમકિતનો લાભ થાય, તેની અનુમોદના કરું છું. ॥ ૩૦૯ ॥

અને બાકીના જીવોનું દાનરુચિપણુંઃ સ્વાભાવિક વિનીતપણુંઃ કષાયનું પાતળાપણુંઃ પરોપકારીપણુંઃ ભવ્યપણુંઃ દાક્ષિણ્યપણુંઃ દયાલુપણુંઃ પ્રીયભાષિપણુંઃ વિગેરે વિવિધ ગુણોનો સમૂહ કે જે મોક્ષમાર્ગનું કારણ છે–તે સર્વને મારી અનુમોદના છે. ॥ ૩૧૦–૩૧૧ ॥

આ પ્રકારે પરજીવોએ કરેલ ઘણા સુકૃતોની અનુમોદના કરી, હવે મારા સુકૃતના સમુહનું સંવેગરંગમાં આવીને સ્મરણ કરું છું. ॥ ૩૧૨ ॥

અને **ચઉસરણમાં પણ** કહેલ છે કે–"અથવા વીતરાગવચનને અનુસરતું જે સર્વ સુકૃત છે, તે ત્રિકાલના ભેદે ત્રણ પ્રકારે છે, તે સર્વની અનુમોદના કરીએ છીએ. ॥૧॥

આ પાઠોથી સ્પષ્ટ થાય છે કે પરના માર્ગાનુસારિ ગુણો પણ અનુમોદનીય છે, છતાં જેઓ કહે છે કે–" મિથ્યાત્વીનો અને પર પક્ષીઓનો દયાપ્રમુખ ગુણ અનુમોદનીય નથી". તેઓની મતિ સિધી કેમ કહેવાય? ॥ ૪–૧૩–૧–૧૦૩ ॥ ૯૪૯ ॥

પ્ર૦ **શ્રી હીરવિજય સૂરીશ્વરે** પ્રકટ કરેલ **બાર બોલના** પટ્ટમાં અવંદનીક ત્રણ ચૈત્ય સિવાય બીજા ચૈત્યો વાંદવાઃ પૂજવાઃ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



યોગ્ય કહેલા છે, કેટલાક આ બાબતમાં નિષેધ કરતાં હોય, તેવું સંભળાય છે, તો તે કેવી રીતે છે ?

ઉ૦ કેવળ શ્રાવક પ્રતિષ્ઠિત ચૈત્ય ૧: દ્રવ્યલિંગના દ્રવ્યથી બનેલ ચૈત્ય ૨: **દિગંબર મંદિર** ૩: આ ત્રણ સિવાય બીજા સર્વ દેરાસરો વાંદવા: પુજવા: લાયક જાણવા. હવે ઉપર ત્રણ ચૈત્યનો નિષેધ કર્યો છે, " તે ચૈત્યો પણ સાધુ ભગવંતના વાસક્ષેપથી વંદન: પૂજન: કરવા લાયક બને છે." એમ નહિં માનીએ, તો **પરપક્ષીએ** કરેલા ગ્રંથો પણ અમાન્ય ઠરશે, તેમજ **ભવ્ય: પાસત્થાદિકે** દીક્ષિત કરેલા સાધુઓ: અને કેવલિઓ: અવંદનીક ઠરી જશે. તેમ થવાથી બંધ બેસતાપણું રહેશે નહિ, કેમકે– પરપક્ષીઓએ કરેલા **સ્તોત્ર** વિગેરે ગ્રંથો આપણા **પૂજ્ય પૂર્વાચાર્યોએ** અંગીકાર કર્યા છે. અને **પાસત્થાદિકે** દીક્ષિત સાધુઓ **શાસ્ત્રમાં** વંદનીકપણે કહેલા છે. માટે આ બાબત પોતાની મેળે વિચારી લેવી. ॥૪–૧૩–૨–૧૦૪॥૬૫૦॥

પ્ર૦ **ચરક: પરિવ્રાજક: તામલી તાપસ:** વિગેરે મિથ્યાદૃષ્ટિઓ તપશ્ચર્યા વિગેરે અજ્ઞાન કષ્ટ કરી રહ્યા હોય, તેઓને સકામ-નિર્જરા હોય ? કે અકામનિર્જરા હોય ? કેટલાક કહે છે કે– "તેઓને અકામ નિર્જરા જ હોય" માટે આ બાબત પાઠ પૂર્વક ખુલાસો કરવા કૃપા કરશો.

ઉ૦ જે–**ચરક: પરિવ્રાજક: મિથ્યાદૃષ્ટિઓ:**–" અમારે કર્મનો ક્ષય થાઓ." એ બુદ્ધિથી તપશ્ચર્યા વિગેરે અજ્ઞાન કષ્ટ કરે છે, તેઓને **તત્ત્વાર્થ ભાષ્ય ટીકા: સમયસાર ટીકા: અને યોગ-શાસ્ત્ર ટીકા:** વિગેરે ગ્રંથો અનુસાર સકામ નિર્જરા સંભવે છે, કેમકે–**યોગશાસ્ત્ર ચોથા પ્રકાશની ટીકામાં**

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સકામ નિર્જરાનો હેતુ—બાહ્યઃ અભ્યંતરઃ બે પ્રકારનું તપ કહ્યો છે, તેમાં છ પ્રકારનું બાહ્ય તપ છે. બાહ્ય દ્રવ્યની અપેક્ષા હોવાથીઃ પરને પ્રત્યક્ષ હોવાથીઃ અને કુતીર્થીઓ અને ગ્રહસ્થોએ કરાતું હોવાથીઃ બાહ્ય તપ કહેવાય છે, તેમજ "લોકમાં પસિદ્ધ હોવાથીઃ કુતિર્થીઓએ પોતાની ઇચ્છાએ સેવાતું હોવાથી, બાહ્ય તપ કહેવાય," એમ **ઉત્તરાધ્યયનના ૩૦મા અધ્યયનની ચોદ હજારી ટીકામાં કહેલ છે**—આ પ્રમાણે છ પ્રકારે બાહ્ય તપનું આચરણ કુતિર્થીઓને છે, તેમ કહ્યું, પરંતુ તેઓની નિર્જરા સમકિતિની સકામ નિર્જરાની અપેક્ષાએ થોડી હોય છે, તે વાત **ભગવતીના આઠમા શતકના દશમા ઉદ્દેશામાં देसाराहए** આ સૂત્રમાં કહી છે કે—" બાલઃ તપસ્વીઃ મોક્ષ-માર્ગનો થોડો અંશ આરાધે છે, કેમકે-તે રૂડા બોધ વિનાનો છે, પણ ક્રિયા કરવામાં તત્પર છે, તે ક્રિયાએ થોડા કર્મોના અંશોની નિર્જરા થતી હોવાથી મોક્ષની પ્રાપ્તિ થતી નથી, અને ભાવની ઉત્કટતાથી **વલ્કલચીરિ** વિગેરેની પેઠે થાય પણ છેઃ કહ્યું છે કે—

**आसंबरो अ सेअंबरो अ बुद्धो य अहव अन्नो वा।**
**समभावभाविअप्पा लहेइ मुक्खं न संदेहो ॥ १ ॥**

દિગંબરઃ કે **શ્વેતાંબરઃ બુદ્ધઃ** કે કોઈ અન્યઃ રાગદ્વેષનો ત્યાગ કરી સમભાવથી વાસિત થયેલ હોય, તો મોક્ષ પામે છે, તેમાં સંદેહ નથી."

હવે જો "તેઓને અકામ નિર્જરા હોય" એમ માનવામાં આવે, તો **ભગવતીસૂત્ર પ્રથમ શતકના પહેલા ઉદ્દેશામાં અને ઉવવાઇ સૂત્રમાં કહ્યું છે કે—**

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



"હે ભગવન્!—અસંયતઃ અવિરતિઃ પાપકર્મઃ હણ્યું નથી જેણે તેવો જીવ–અહીંથી ચ્યવીને પરલોકમાં દેવ થાય? કે નહિ?" ભગવાન ઉત્તર આપે છે કે–"હે **ગૌતમ!** કોઈક દેવ થાય, અને કોઇક ન થાય."

ફરીથી **ગૌતમ** સ્વામિ પૂછે છે, કે–"હે ભગવાન્! તેનું શું કારણ? કોઈક દેવ થાય, અને કોઈક નહિ."
ભગવાને કહ્યું કે–

"હે **ગૌતમ**! જે આ જીવો ઈચ્છા વિનાની–તૃષાએ કરી, ભુખે કરી, બ્રહ્મચર્ય સેવવાએ કરી, અને ઈચ્છા વિના–ટાઢ, તડકો, ડાંશ, મચ્છર, અસ્નાન, પરસેવો, મેલ, કાદવ, દાહ વિગેરેએ કરી અલ્પકાળ અથવા બહુકાળ પોતાના આત્માને કષ્ટ સહન કરાવે છે, અને સહન કરાવીને મરણ સમયે મરણ પામીને કોઈ પણ વાણવ્યંતરોમાં દેવ પણે ઉપજે છે, અને જે તેવો નથી, તે ઉપજતો નથી." એમ જે બતાવ્યું છે, તે કેવી રીતે ઘટે? કેમકે–**સંગ્રહણી વિગેરેમાં चरग-परिव्वाय बंभलोगो जा.** "ચરકઃ પરિવ્રાજકઃ બ્રહ્મ દેવલોક સુધી ઉપજે છે." આ વચનથી પાંચમા દેવલોક સુધી તેઓનું ઉપજવું કહેલ છે, માટે વિરોધ આવી પડે છે, તેમજ–**હારિભદ્રી ટીકામાં** પણ **अणुकंपऽकामनिज्जर बालतवे०** આ ગાથામાં–અકામ નિર્જરા અને બાલતપ બે ભેદો જુદા ગણાવ્યા, તે ફોટકજ થઇ જાયઃ કેમકે–એક ભેદ અકામ નિર્જરાનો કહે એટલે બાલ તપ તેમાં આવી જાત, તેમાં સમાઈ જાત, પણ બે ભેદ જુદા ગણાવ્યા છેઃ તેમજ

**चउहिं ठाणेहिं जीवा देवाउत्ताए कम्मं पकरेंति, तंजहा-**



For Private and Personal Use Only

**सरागसंजमेणं १ संजमासंजमेणं २ बालतवोकम्मेणं ३ अकामनिज्जराए ४**–આ **સૂત્રની ટીકાનો** લેશ ભાગ અહીં-આપીએ છીએ–" જીવો ચાર સ્થાને કરી દેવના આયુષ્યનો બંધ કરે છે. તેમાં પહેલું–સરાગ સંયમ, એટલે કષાય સહિત ચારિત્ર: કેમકે–વીતરાગને તો આયુષ્યનો બંધ હોતો નથી: બીજું **સંયમાઽસંયમ** એટલે દેશસંજમ: ત્રીજું બાળતપ: એટલે મિથ્યાદૃષ્ટિની તપશ્ચર્યા: ચોથું અકામ નિર્જરા: એટલે પોતાની ઈચ્છા વિના જે ભૂખ તરસ વિગેરે કષ્ટોનું સહન કરવું પડે તે: આ ચાર કારણોથી જીવો દેવ ગતિનું આયુષ્ય બાંધે છે," એમ **ઠાણાંગ સૂત્રના ચોથા ઠાણમાં** કહેલ છે.

તેમજ–**अकामनिर्जरारूपात्पुण्याज्जन्तोः प्रजायते०** આ શ્લોકમાં " પુણ્ય થકી " એમ જે કહેલ છે, તે પુણ્ય–પુણ્યપ્રકૃતિ રૂપ નથી, પણ પુણ્યનો અર્થ લાઘવતા છે, તેથી થાવરપણું વિગેરે પમાય છે, પણ " **તામલી તાપસ** વિગેરેને તો ઇંદ્રપણા વિગેરેની પ્રાપ્તિ થઇ" એમ **શાસ્ત્રમાં** કહ્યું છે. તેથી તે પ્રાપ્તિ તો સકામ નિર્જરાથી થાય છે. કેમકે–**તત્ત્વાર્થ ભાષ્યના નવમા અધ્યાયની ટીકામાં કહ્યું** કે–" સકામ નિર્જરાથી દેવોમાં ઇંદ્ર: સામાનિક દેવ: વિગેરે સ્થાનો પામે છે." માટે **ચરક: પરિવ્રાજક: તામલી તાપસ:** વિગેરેને સકામ નિર્જરા હતી, એમ સિદ્ધ થાય છે.

**શંકા** કરે છે કે–**सकामा यमिनां**–આ પદમાં "સાધુઓનેજ સકામ નિર્જરા હોય." એમ માની લઈએ, તો શ્રાવકો અને સમકિતિ વિગેરેની શી ગતિ થાય ?

**ઉત્તર**આપે છે કે–**यमिनां** આ પદ સામાન્યથી કહેલ છે,

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેથી શ્રાવક વિગેરે પણ તેમાં આવી જાય છે. તેઓને પણ તરતમપણાએ બાર દેવલોક વિગેરે આપનારી સકામનિર્જરા હોય છે, એમ જણાય છે.

**શ્રાવકાદિ** આ પદમાં **આદિ** શબ્દ હોવાથી બાલ તપસ્વીઓને પણ કેવી રીતે હોય? સાંભળો—સન્માર્ગ આપવામાં અથવા સકલ કર્મનો ક્ષય કરવામાં જે અસમર્થ છે, તે બાલ કહેવાય, તે પ્રકારનું જે તપ, તે બાલતપ કહેવાય,તે અગ્નિમાં પ્રવેશ કરવો: ખાડામાં પડતું મેલવું: કે પર્વત ઉપરથી પડવું: વિગેરે કાયક્લેશ રૂપ છે, અને કાયક્લેશ તે **कायकिलेसो संलीणया य** આ **આગમ** વચનથી બાહ્ય તપ છે, અને તે સકામ નિર્જરાનો હેતુ છે. ॥ ૪–૧૩–૩–૧૦૫ ॥ ૯૫૧ ॥

પ્ર૦ સમકિતદૃષ્ટિઓ: મિથ્યાદૃષ્ટિઓ: અને પરપક્ષીઓને **તપાગચ્છના આચાર્ય મહારાજાઓ** વિગેરે પચ્ચખાણ કરાવે છે, તે માર્ગાનુસારિ ગણાય ? કે નહિ ?

ઉ૦ તે તમામ પચ્ચક્ખાણ માર્ગાનુસારિ છે, એમ જાણવામાં છે. પરંતુ પચ્ચક્ખાણ કરનાર જો પચ્ચક્ખાણની વિધિ જાણતો ન હોય, તો તેને વિધિ બતાવીને કરાવવું જોઇએ. આટલું વિશેષ જાણવું ॥ ૪–૧૩–૪–૧૦૬ ॥ ૯૫૨ ॥

## ૬૪

# સુરતબંદરના શ્રીસંઘના પ્રશ્નોત્તરો

પ્ર૦ ચૌદ નિયમનું સ્મરણ કરતી વખતે સચિત્ત: અને વિગય: દ્રવ્ય સંખ્યામાં ગણી શકાય ? કે નહિ ?

ઉ૦ ચૌદ નિયમનું સ્મરણ કરતી વખતે વિચારણામાં જો કે—**શાસ્ત્ર-**

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**મુજબ** સચિત્તઃ અને વિકૃતિઃ દ્રવ્યમાં ગણાય નહિં, એમ જણાય છે. તોપણ **આધુનિક** પ્રવૃત્તિથી દ્રવ્યમાં ગણાય છે. એમ જોવામાં આવે છે. અને આમ કરવામાં વિશેષે સંવરપણ થાય છે. ॥ ૪-૧૪-૧-૧૦૭ ॥ ૯૫૩ ॥

**પ્ર૦** ગુરુઓનો **મૂલસ્તૂપ** એટલે જ્યાં અગ્નિદાહ કર્યો હોય, તે ઉપર બનાવેલી દેરી જેમ માન્ય છે, તે પ્રમાણે બીજે ઠેકાણે બનાવેલી હોય, તો તે પણ માનવા લાયક ખરી ? કે નહિં ?

**ઉ૦** જેમ મૂલદેરી માન્ય છે, તેમ બીજે ઠેકાણે રહેલી પણ માન્ય છે. તેમાં કાંઈ પણ શંકા કરવી નહિ. ॥ ૪-૧૪-૨-૧૦૮ ॥ ૯૫૪ ॥

**પ્ર૦** દેવઃ ગુરુઃ અને ધર્મઃને માનવા રૂપ સમકિત વ્યાવહારિક સમકિત કહેવાય ? કે નિશ્ચય સમકિત કહેવાય ?

**ઉ૦** **जीवाइ-नव-पयत्थे जो जाणइ तस्स होइ सम्मत्तं।**
**भावेण सद्दहंतो अयाणमाणेऽवि सम्मत्तं ॥१॥**

" જે જીવાદિક નવ પદાર્થોને જાણે છે, તેને સમકિત પ્રાપ્ત થાય છે. અને નહિં જાણનારો ભાવે કરી સદ્દહતો હોય, તો તેને પણ સમકિત પ્રાપ્ત થાય છે. " આ પ્રમાણે **નવતત્ત્વ-ગ્રંથમાં છે.**

**शम-संवेग-निर्वेदा-ऽनुकम्पा-ऽऽस्तिक्य-लक्षणैः ।**
**लक्षणैः पंचभिः सम्यक् सम्यक्त्वमिदमुच्यते ॥**

" શમઃ સંવેદઃ નિર્વેદઃ અનુકંપાઃ અને આસ્તિકતાઃ રૂપ પાંચ લક્ષણોએ કરી જે ઓળખાય છે, તે સમ્યક્-ઉત્તમ સમકિત કહેવાય છે." આ પ્રકારે **યોગશાસ્ત્રના બીજા પ્રકાશમાં છે.**

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**दर्शन-मोहनीय-कर्मोपशमादि-समुत्थोऽर्हदुक्त-तत्त्व श्रद्धान-रूपः शुभ आत्म-परिणामः सम्यक्त्वम्–**

"દર્શનમોહનીય કર્મના ઉપશમ વિગેરેથી ઉપજેલ જે અરિહંત મહારાજાએ કહેલ નવતત્ત્વના શ્રદ્ધાન સ્વરૂપ આત્મ-પરિણામઃ તે સમકિત કહેવાય છે." એમ **વંદારુવૃત્તિ ગ્રંથમાં કહ્યું છે.**

આ ગ્રંથો પ્રમાણે જીવાદિકનું શ્રદ્ધાન–ઉપશમાદિકથી ઉત્પન્ન થયેલ શ્રદ્ધાસ્વરૂપ આત્મપરિણામ તે નિશ્ચય સમકિત છે. અને

**या देवे देवता-बुद्धिर्गुरौ च गुरुता-मतिः ।**
**धर्मे च धर्मधीः शुद्धा, सम्यक्त्वमिदमुच्यते ॥१॥**
**जिनो देवः कृपा धर्मो गुरवो यत्र साधवः–**

" દેવમાં દેવપણાની બુદ્ધિઃ અને ગુરુમાં ગુરુબુદ્ધિઃ અને ધર્મમાં ધર્મબુદ્ધિઃ શુદ્ધ હોય, એ સમ્યકત્વ કહેવાય છે. જેમાં જિનેશ્વર દેવ છે, જીવ ઉપર દયાઃ ધર્મ છે, અને ગુરુ નિર્ગ્રન્થ સાધુઓ છે."

આ પ્રમાણે દેવઃ ગુરુઃ ધર્મઃનું માનવું થાય, તે વ્યવહાર સમકિત છેઃ કેમકે–કહેલ છે કે–

**निच्छयओ सम्मत्तं, नाणाइमयं सुहं च परिणामं ।**
**इयरं पुण तुह समए भणिअं सम्मत्तहेउत्ति ॥१॥**

" જ્ઞાનાદિમય શુભ પરિણામઃ નિશ્ચયથી સમકિત છે; અને બીજા વિધાનો આપના શાસનમાં સમકિતના કારણ કહેલ છે."
॥ ૪–૧૪–૩–૧૦૯ ॥ ૬૫૫ ॥

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ૧૫

# દીવબંદરના શ્રીસંઘના પ્રશ્નોત્તરો

પ્ર૦ **ગૌતમપડઘાતપમાં** પાત્રામાં પહેલું નાણું મૂકાય છે, તે નાણું જ્ઞાનના કામમાં આવે ? કે બીજા કામમાં પણ વપરાય ? અને તે તપ કયા ગ્રંથમાં કહેલ છે ?

ઉ૦ **ગોતમપડઘો તપઃ આચારદીનકર** ગ્રંથમાં કહેલ છે. પરંતુ તેમાં નાણું મુકવાનું કહેલ નથી. જો કોઈ ઠેકાણે પણ પ્રસિદ્ધિથી નાણું મૂકાય, તો તે જ્ઞાનદ્રવ્ય થતું નથી. પરંતુ તે દ્રવ્ય સાધુઓને ભણાવવામાં અથવા **વૈદ્યવિગેરેના** કામમાં વપરાય છે. ૪-૧૫-૧-૧૧૦ ॥ ૯૫૬ ॥

પ્ર૦ **કાલિકાચાર્ય** મહારાજાએ **પક્ખીના** દિવસમાં **ચૌમાસી** પ્રતિક્રમણ આચર્યું, તેમાં પ્રતિક્રમણો ઘટે છે, તેનું કેમ ?

ઉ૦ પ્રતિક્રમણો ઓછા થાય, કે વધતા થાય, તેમાં કાંઇ વિશેષતા નથી. કેમકે-**પૂર્વાચાર્યોની આચારણા** જ અહિં પ્રમાણભૂત છે. **કલ્પસૂત્રનું** શ્રાવકોને સંભળાવવાનું જેમ **પૂર્વાચાર્યોની** આચરણાથીજ થાય છે, તેમ અહિં પણ સમજવું. ॥૪-૧૫-૨-૧૧૧ ॥ ૯૫૭ ॥

પ્ર૦ **जइआ होहि पुच्छा जिणाण मग्गंमि उत्तरं तइया ।**
**इक्कस्स निगोयस्स अ अणंत,भागो अ सिद्धि-गओ॥१॥**
**उत्तम-नर-पंचुत्तर-तायतीसा य पुव्व-धर इंदा ।**
**केवलि-गण-हर-दिक्खिय सासण-सुर-देवया भव्वा॥२॥**

આ બે ગાથાઓ કયા મૂલ ગ્રંથમાં છે ?

ઉ૦ તે બે ગાથા છુટા પાનાઓમાં જોવામાં આવે છે. ॥ ૪-૧૫-૩-૧૧૨ ॥ ૯૫૮ ॥

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્ર૦ પોસહમાં અને સામાયિકમાં સો હાથથી બહાર જવાનું થાય, તો ઇરિયાવહિયા પડિક્કમી ને ગમણાગમણે આલોવાય? કે નહિ?

ઉ૦ "પોસહમાં સો હાથથી બહાર જવાયું હોય તો ઇરિયાવહિયા પડિક્કમી ગમણાગમણે આલોવવા પડે છે." એમ **સામાચારીમાં** કહેલ છે. પણ સામાયિકમાં તો સો હાથથી બહાર જવાનું કહેલ નથી. ॥ ૪-૧૫-૪-૧૧૩ ॥ ૯૫૯ ॥

પ્ર૦ **जं जं चयइ सचित्तं, सम्मं भावेण सुद्धहियएणं।**
**नहु तेसु तेसु जोगिसु पावइ दुक्खाइं तिक्खाइं ॥१॥**

"શુદ્ધ હૃદયથી સારા ભાવે કરી જે જે સચિત્ત વસ્તુ ખાવાનો ત્યાગ કરે છે, તે જીવોને તે તે યોનિઓમાં જઇ તીવ્ર દુઃખો વેઠવા પડતા નથી." આ ગાથા કયા ગ્રંથમાં છે ?

ઉ૦ આ ગાથા છુટા પાનામાં જોવામાં આવે છે. ॥ ૪-૧૫-૫-૧૧૪ ॥ ૯૬૦ ॥

પ્ર૦ શ્રાવકોને પોસહમાં **ત્રિકાલ દેવવંદન** કરવું પડે છે, તે કયા ગ્રંથમાં કહ્યું છે ?

ઉ૦ ભવ્યપુરુષ જિનેશ્વરોનું ચૈત્યવંદન ત્રણ સંધ્યાએ કરે છે. એમ **પ્રવચન-સારોદ્ધારની ટીકામાં** કહેલ છે. તેમજ—

**अज्जप्पभिई जावज्जीवं ति-कालिअं अणुदिणं अणुत्तावलेगग्ग-चित्तेणं चिइए वंदेयव्वा—**

"આજથી માંડી દરેક દિવસે ત્રણેય કાલમાં જાવજીવ સુધી ઉતાવળ વિના એકાગ્ર મનવાળા થઈને ચૈત્યો વાંદવા."— આમ **મહાનિશીથના ત્રીજા અધ્યયનમાં** ત્રિકાળ ચૈત્યવંદન કરવાનો તે જઘન્યથી શ્રાવકનો આચાર કહેલ છે. અને તે

**नवकारेण जहन्ना चिइवंदण मज्झ दंड-थुईजुअला।**
**पणदंडथुइचउक्कग थयपणिहाणेहिं उक्कोसा ॥ १ ॥**

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



"નમસ્કારે કરી જઘન્ય ચૈત્યવંદન થાયઃ અને દંડક અને સ્તુતિયુગલે મધ્યમ થાયઃ અને પાંચ **નમુત્થુણ**ઃ સ્તુતિચારઃ સ્તવઃ અને પ્રણિધાનેઃ કરી ઉત્કૃષ્ટ થાય છે.–" **ભાષ્યની આ** ગાથામાં છેલ્લે વર્ણવેલું ઉત્કૃષ્ટ ચૈત્યવંદન છે, તે ગ્રહણ કરવું. તે **ઇરિયાવહિયા** કરવા પૂર્વક કરાય છે. પણ જઘન્યઃ મધ્યમઃ માટે તે પ્રમાણે નથી.

આ પ્રકારે દરરોજ ત્રિકાલ ચત્યવંદન કરવાનો શ્રાવકનો જઘન્ય આચાર છે. અને તે આચાર પોસાતીઓએ અવશ્ય કરવોજ જોઈયે. નહિંતર, શ્રાવકોને પોસહ વિગેરે કરવાથી ઉત્કૃષ્ટ આચારનું આરાધન કયાંથી થાય? કેમકે-કોઈપણ ઠેકાણે રોજ કરવામાં આવતો અવિરોધિ જઘન્ય આચાર છોડીને ઉત્કૃષ્ટ આચારની આરાધના થાય, તેવું જોયું પણ નથી; અને સાંભળ્યું પણ નથી. જો જઘન્ય આચાર પાળવામાં ન આવે, તો ઉત્કૃષ્ટ આચારની પ્રાપ્તિ થવી દુર્લભ થાય છે.

આ કારણથી જ શ્રાવકના અણુવ્રતાદિક વિશિષ્ટ આચારોની આરાધના કરવાની ઈચ્છાવાળો શ્રાવક, **ભગવંતે કહેલ** તત્ત્વાદિકની શ્રદ્ધા વિગેરે જઘન્ય આચારોનું ઉલ્લંઘન કર્યા સિવાય જ અણુવ્રત વિગેરે વિશિષ્ટ આચારનો આરાધક થઈ શકે છે. નહિંતર તો, આરાધક થઈ શકતો નથી.

તેથી **પ્રવચન સારોદ્ધારની ટીકા**ઃ અને **મહાનિશીથ** વિગેરે ગ્રંથોઃ અને **પરંપરાઃ મુજબ** પોસાતીઓને ત્રિકાલ ચત્યવંદન કરવાનું યુક્તિયુક્ત છે. નહિંતર તો ઉત્કૃષ્ટ આચારની આરાધના ઘટી શકે નહિ. એ જાણવું. ॥૪–૧૫–૬–૧૧૫॥ ૯૬૧॥

**પ્ર૦** પહેલાં સાધુઓ યોગકરીને બારે **અંગો** ભણતા હતા? કે એમને એમ ભણતા હતા?

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉ૦ પહેલાં યોગો વહન કરીને બાર અંગો સાધુઓ ભણતા હતા. કદાચિત્ "કોઈ યોગવહન કર્યા સિવાય પણ દ્વાદશાંગી ભણ્યા" એવું શાસ્ત્રમાં જોવામાં આવે છે, પરંતુ તે ચર્ચાનો વિષય નથી. કેમકે–તે આગમ વ્યવહારી હતા–આગમ વ્યવહારી જે પ્રકારે લાભ જાણે, તે પ્રમાણે કરે છે. ॥ ૪–૧૫–૭–૧૧૬ ॥ ૯૬૨ ॥

પ્ર૦ ગણિવિજ્જા પયન્નામાં નવ ક્ષેત્રો કહેલ છે, તે શી રીતે છે?

ઉ૦ સાતક્ષેત્રો તો–પ્રતિમાઃ ચૈત્યઃ જ્ઞાનઃ અને સાધુઃ સાધ્વીઃ શ્રાવકઃ શ્રાવિકાઃ આ પ્રસિદ્ધ છે. અને પ્રતિષ્ઠાઃ અને તીર્થયાત્રાઃ આ બે ક્ષેત્રો તેમાં ઉમેરવાથી નવ ક્ષેત્રો થાય છે. ॥ ૪–૧૫–૮–૧૧૭ ॥ ૯૬૩ ॥

પ્ર૦ વ્યવહાર રાશિમાં આવેલો જીવ ફરીથી સૂક્ષ્મનિગોદમાં જાય? કે નહિ?

ઉ૦ સૂક્ષ્મનિગોદમાં તે ફરીથી જઇ શકે છે, પરંતુ તે જીવ વ્યવહારી જ ગણાય છે. ॥ ૪–૧૫–૯–૧૧૮ ॥ ૯૬૪ ॥

પ્ર૦ પોસાતી શ્રાવક સાધુઓને આહાર પાણી વિગેરે આપી શકે? કે નહિ?

ઉ૦ ઘરના મનુષ્યોને પૂછીને પોસહમાં રહેલ શ્રાવક સાધુઓને આહારાદિ આપી શકે છે, એવા અક્ષરો છે. ॥ ૪–૧૫–૧૦–૧૧૯ ॥ ૯૬૫ ॥

## ૧૬

# નવીનનગરના શ્રી સંઘના પ્રશ્નોત્તરો.

પ્ર૦ જે જીવ અંતર્મુહૂર્ત કાલપણ સમ્યક્ત્વને સ્પર્શે છે, તે અર્ધ-પુદ્ગલ પરાવર્તનની સ્થિતિવાળો કહેવાય છે, અને ક્રિયાવાદી

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એક પુદ્ગલ પરાવર્ત સ્થિતિવાળો નિશ્ચયે **શુક્લ પાક્ષિક સંભળાય છે**, તે કેવી રીતે છે?

ઉ૦ "સમકિતીઃ અને મિથ્યાદૃષ્ટિઃ એ બંન્નેય ક્રિયાવાદીઃ ભવ્ય અને શુક્લ પાક્ષિક જાણવા, તે નક્કી એક પુદ્ગલ પરાવર્તમાં સિદ્ધિપદને પામે છે." આ પ્રકારના અક્ષરો **દશાશ્રુત સ્કંધની ચૂર્ણિમાં** છે.

પણ સમકિતિ અને મિથ્યાદૃષ્ટિનું [ માં અનુગત થઈ શકે તેવું ક્રિયાવાદિત્વ રૂપ ] એક સામાન્ય લક્ષણ જાણવું. કેમકે-**મલધારી હેમચંદ્રસૂરિકૃત પુષ્પમાલાની ટીકામાં અંતો મુહુત્તમિત્તંપિ૦** આ ગાથાના વ્યાખ્યાન મુજબ "પુદ્ગલ પરાવર્ત સંસાર બાકી રહે, ત્યારે શુક્લ પાક્ષિક કહેવાય." એમ જણાય છે. વિશેષ સ્વરૂપ તેમના ગ્રંથોથી જાણી લેવું.

**શ્રાવક પ્રજ્ઞપ્તિ સૂત્ર ટીકામાં** "સમકિતિ અને મિથ્યાદૃષ્ટિને દેશોઉણ અર્ધપુદ્ગલ પરાવર્ત સંસાર બાકી રહે, ત્યારે **શુક્લ પાક્ષિક** કહેવાય છે, અને જેને તેના કરતા અધિક સંસાર હોય, તે **કૃષ્ણ પાક્ષિક** કહેવાય છે." એમ કહેલ છે. પરંતુ તે **મતાન્તર** સંભવે છે. ॥ ૪-૧૬-૧-૧૨૦ ॥૯૬૬॥

પ્ર૦ ૩૬૩ પાખંડીઓમાં ૧૮૦ ભેદો ક્રિયાવાદીના છે, તે સમકિતિઓ હોય? કે મિથ્યાદૃષ્ટિઓ હોય?

ઉ૦ ૧૮૦ ભેદવાળા ક્રિયાવાદિઓ મિથ્યાદૃષ્ટિઓ હોય, એમ જાણવું. ॥ ૪-૧૬-૨-૧૨૧ ॥ ૯૬૭ ॥

પ્ર૦ કેવળ દૂધની રાંધેલી ક્ષીર બીજે દિવસે સાધુઓને વહોરવી કલ્પે? કે નહિ?

ઉ૦ કેવળ દુધથી બનાવેલી ક્ષીર અને બીજી પણ ક્ષીર વાસી થયેલ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હોય, તે સાધુઓને પરંપરા પ્રમાણથી લેવી કલ્પે નહિ, અને કરંબો તો નવી છાશ વિગેરેના સંસ્કારને લાયક હોવાથી કલ્પે છે. ॥ ૪-૧૬-૩-૧૨૨ ॥ ૯૬૮ ॥

## ૧૭

## સીસાંગના શ્રી સંઘનો પ્રશ્નોત્તર.

પ્ર૦ મીઠું ભક્ષ્ય ? કે અભક્ષ્ય છે ?

ઉ૦ ૨૨ અભક્ષ્યના નામોમાં સાક્ષાત્ મીઠાનું નામ દેખાતું નથી, તેથી સર્વથા "અભક્ષ્ય છે" એમ કહી શકાય નહિ પરંતુ "જેઓ વિવેકી છે, તેઓ ભોજન અવસરે ફાસુ મીઠું એટલે બલમન વાપરે છે, પણ સચિત્ત મીઠું વાપરતા નથી." આવા અક્ષરો શાસ્ત્રમાં છે. ॥ ૪-૧૭-૧-૧૨૩ ॥ ૯૬૯ ॥

## ૧૮

## મહેમદાવાદના શ્રી સંઘના પ્રશ્નોત્તરો.

પ્ર૦ કેરીના ગોઠલાના રસ મિશ્રિત છાશઃ અને સાકર ખાંડ વિગેરે મીઠા રસ મિશ્રિત છાશઃ અથવા ઉન્હુ અને થંડું પાણીઃ અથવા વરસાદનું અને કુવાનું પાણીઃ એક દ્રવ્ય ગણાય ? કે જુદા જુદા દ્રવ્ય ગણાય ?

ઉ૦ ખાટી, મધુરી છાશ વિગેરે એક દ્રવ્ય ગણાય છે. ॥ ૪-૧૮-૧-૧૨૪ ॥ ૯૭૦ ॥

પ્ર૦ પ્રભાતે ઉપવાસ કરી સાંજે રાત્રિપોસહ કરે, તથા આયંબિલ કરી રાત્રિ દિવસનો પોસહ કરે, તે ઉપધાનની આલોયણમાં ગણી શકાય ? કે નહિ ?

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉ૦ ઉપવાસ કરીને પ્રભાતે જ જેણે દિવસ રાત્રિનો સંપૂર્ણ પોસહ કર્યો હોય, તે ઉપધાનની આલોયણમાં ગણી શકાય છે. બીજો પોસહ ગણી શકાતો નથી. ॥ ૪-૧૮-૨-૧૨૫ ॥ ૯૭૧ ॥

પ્ર૦ ઉપધાનની વાચના સવારે લેવાની ભૂલી ગયા હોય, તો સાંજે ક્રિયા કર્યા પછી લેવાય ? કે બીજે દિવસે લેવાય ? જો બીજે દિવસે લેવાય, તો તે દિવસ કઇ વાચનામાં ગણાય ?

ઉ૦ પ્રભાતે વાચના લેવાનું ભૂલી ગયા હોય, તો સાંજે ક્રિયા કરી રહ્યા પછી લેવાય, અને સાંજે પણ ભૂલી ગયા હોય તો બીજે દિવસે પવેણાની ક્રિયા કર્યા પહેલાં લઇ શકાય છે, અને તે દિવસ આવતી-આગલી વાચનામાં ગણાય છે. ॥ ૪-૧૮-૩ -૧૨૬ ॥ ૯૭૨ ॥

પ્ર૦ સર્વ તીર્થંકરોની માતાઓ **કલ્પસૂત્રમાં** કહેલા ક્રમ પ્રમાણે ચૌદ સ્વપ્ના જુવે ? કે અનાનુપૂર્વીએ એટલે બીનક્રમે પણ દેખે ?

ઉ૦ પ્રાયે કરી જિનેશ્વરની માતાઓ **કલ્પસૂત્ર** કથિત ક્રમ પ્રમાણે દેખે છે, અને કેટલાક તીર્થંકરની માતાઓ એક સ્વપ્નને બીન ક્રમે પણ દેખે છે. જેમ **ઋષભદેવની માતાએ** પહેલો બળદ દેખ્યો, અને **વીર ભગવાનની** માતાએ પ્રથમ સીંહ દેખ્યો હતો, એમ જાણવું. ॥ ૪-૧૮-૪-૧૨૭ ॥ ૯૭૩ ॥

# ૧૯

# સાચોરના શ્રી સંઘના પ્રશ્નોત્તરો.

પ્ર૦ આલોયણમાં આવેલ સ્વાધ્યાય, ઇરિયાવહિયા પડિક્કમીને કરવો સુઝે ? કે નહિ ?

ઉ૦ "આલોયણનો સ્વાધ્યાય **ઇરિયાવહિયા** કરીને કરવો સુઝે છે" એમ **શાસ્ત્રમાં** અક્ષરો છે. કદાચિત્ **ઇરિયાવહિયા** ભૂલી

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જવાબ તો પણ વિધિ પૂર્વક કરવાનો ઉદ્યમ કરવો. ॥ ૪-૧૯-૧-૧૨૮ ॥ ૯૭૪ ॥

પ્ર૦ બાર વ્રતધારી શ્રાવક ચૌદ નિયમો દરરોજ યાદ કરીને લે? કે નહીં? અને સંક્ષેપે? કે નહિ?

ઉ૦ બાર વ્રતધારી ચૌદ નિયમો દરરોજ સંભારે, અને સંક્ષેપે. જો સ્મરણ ન રહેતું હોય, તો પણ સ્મરણ રહે, તેમ ઉદ્યમ કરવો જોઇયે. ॥ ૪-૧૯-૨-૧૨૯ ૯૭૫ ॥

પ્ર૦ આચાર્ય ઉપાધ્યાય અને પંન્યાસોના પગલા દેરાસરમાં પધરાવેલા હોય છે, તેની જિનપૂજા માટેના ચંદન, કેસર અને ફુલો વિગેરેથી પૂજા કરી શકાય? કે નહિ?

ઉ૦ મુખ્ય વિધિએ ઉપાધ્યાય અને પંન્યાસોના પગલા કરવાની રીત પરંપરાએ જાણેલ નથી, પણ સ્વર્ગવાસી થયેલ આચાર્યના પગલા કરવાની રીત છે. તેથી જિનપૂજા માટે લાવેલ ચંદન વિગેરેથી તેમના પગલાની પૂજા થાય નહિ. કેમકે-તે દેવદ્રવ્ય છે. અને જો ચંદન વિગેરે સાધારણ દ્રવ્યનું હોય, તો તેનાથી પ્રભુ પ્રતિમાની પૂજા કર્યા પછી પગલાની પૂજા કરવી જોઇએ. પરંતુ પહેલા પગલાની અને પછી પ્રભુ પ્રતિમાની, તે દ્રવ્યથી પૂજા કરવામાં આવે, તો પ્રભુની આશાતના થાય છે. માટે તેમ ન કરવું. ॥ ૪-૧૯-૩-૧૩૦ ॥ ૯૭૬ ॥

પ્ર૦ વસ્તુપાલઃ તેજપાલઃ પહેલાં દશા સાંભળ્યા હતા, પણ જુના પ્રબંધને આશ્રયીને પં. પદ્મસાગર ગણિએ વીસા કહેલા છે, તે કેવી રીતે છે?

ઉ૦ તેના પિતા આસરાજે સંઘવી આભુની વિધવા પુત્રી કુમારદેવી સાથે "તેણીની કુક્ષિમાં પુત્રરત્નની ઉત્પત્તિ થશે" એમ હેમપ્રભસૂરીશ્વરના વચનથી-જાણી, સંબંધ કર્યો, પછીથી

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચાર પુત્રો અને સાત પુત્રીઓ થઈ, એમ **વસ્તુપાલઃ તેજપાલઃ પ્રબંધ ગ્રંથમાં** લખ્યું છે, તેમજ **પરંપરાએ** પણ આ પ્રમાણેજ કહેવાય છે.

તેમજ **પં. પદ્મસાગર ગણિએ** બનાવેલ **પ્રબંધમાં** પણ **આસરાજને વીસા પોરવાડ** કહેલ નથી, પરંતુ સામાન્યથી **પોરવાડ** કહેલ છે, વળી પહેલાં તે **વીસા પોરવાડ** હતો, તેથી **વીસા પોરવાડ** કહેવાય તે પણ યુક્ત છે. ॥ ૪-૧૯-૪-૧૩૧ ॥ ૬૭૭ ॥

**પ્ર૦** આઠમી અને નવમી શ્રાવક પડિમામાં આરંભનો ત્યાગ અને દશમી પડિમામાં સાવદ્ય આહારનું વર્જન કરાય ? કે નહિ ?

**ઉ૦** આઠમી પડિમામાં આઠ માસ સુધી પોતાના શરીરથી આરંભનો ત્યાગ કરવામાં આવે છે, અને નવમી પડિમામાં નવ માસ સુધી પરની પાસે પણ આરંભ કરાવાતો નથી, અને દશમી પડિમામાં તો પોતાના માટે બનેલ આહાર પાણી વિગેરેનો પણ ત્યાગ કરવામાં આવે છે, પરને માટે બનેલ આહારપાણી વિગેરે ગ્રહણ કરાય છે. ॥ ૪-૧૯-૫-૧૩૨ ॥ ૬૭૮ ।

**પ્ર૦ પ્રમત્ત** ગુણઠાણે રહેલ સાધુઓને **मज्जं विसयकसाया०** આ ગાથામાં બતાવેલ પાંચ પ્રકારનો પ્રમાદ કેવી રીતે સંભવે ?

**ઉ૦ પ્રમત્ત** ગુણઠાણે રહેલ સાધુઓને પાંચ પ્રકારનો પ્રમાદઃ મદિરા સદા અભક્ષ્ય હોવાથી કલ્પે નહિ, તેથી સંભવ મુજબ હોય છે. ॥ ૪-૧૯-૬-૧૩૩ ॥ ૬૭૯ ॥

**પ્ર૦ अवंगुअ-दुवारे**—આ પદનો અર્થ જણાવવા કૃપા કરશોજી.

**ઉ૦ अवंगुअ दुवारे** “ કમાડો વિગેરેથી બારણા બંધ કર્યા વિનાના શ્રાવકો હોય છે. ”

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કેમકે–સમકિતની પ્રાપ્તિ થઈ હોવાથી કોઈપણ પાખંડીથી બીતા નથી. અને સારો માર્ગ પકડેલ હોવાથી સદા ઉઘાડે માથે રહે છે, એ ભાવ છે. એમ **વૃદ્ધ પુરુષોએ** આ પદની વ્યાખ્યા કરી છે. અને બીજાઓ તો કહે છે કે "જેઓએ ઉદારતાથી ભિક્ષુકને પેસવાને માટે બારણાં બંધ કર્યા નથી" આવો અર્થ **ભગવતી સૂત્ર પાંચમા ઉદ્દેશાની ટીકામાં** કહેલ છે. ॥ ૪ ૧૯–૭–૧૩૪ ॥ ૯૮૦ ॥

પ્ર૦ કોઈક **પરપક્ષી** પ્રાર્થના કરે, કે "**ઉપદેશમાલા ગ્રંથની** ગાથામાં જોઇ આપો તો" તો તેને માટે **ઉપદેશમાલાની** ગાથા જોવામાં દૂષણ લાગે ? કે નહિ ?

ઉ૦ જો તે **પરપક્ષી** સરલ સ્વભાવે પ્રાર્થના કરે, તો તેને માટે ઉપદેશ **માલાની ગાથા** જોવામાં સર્વથા દૂષણ લાગે, તેમ જાણવામાં નથી. ॥ ૪–૧૯–૮–૧૩૫ ॥ ૯૮૧ ॥

પ્ર૦ પરપક્ષીઓને પ્રતિમાઃ સ્થાપનાચાર્યઃ વિગેરે પ્રતિષ્ઠા કરીને આપી શકાય ? કે નહિ ?

ઉ૦ જો તેનાથી તેની આશાતના ન થાય, તો **પ્રતિષ્ઠા** કરીને અર્પણ કરવામાં કોઈપણ હરકત નથી. ॥ ૪–૧૯–૯–૧૩૬ ॥ ૯૮૨ ॥

પ્ર૦ શ્રાવકે અણસણ કર્યું હોય, તેને તિવિહારનું પચ્ચક્ખાણ કરાવીને રાત્રિમાં ઉન્હું પાણી પાવાથી અણસણને દૂષણ લાગે? કે નહિ ?

ઉ૦ તેવા કારણે અણસણ દૂષિત થાય નહીં. ॥ ૪–૧૯–૧૦–૧૩૭ ॥ ૯૮૩ ॥

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ૨૦

# ભિન્નમાલના શ્રીસંઘના પ્રશ્નોત્તરો

પ્ર૦ ખીલેલું પુષ્પઃ અને તેના નાળમાંઃ તથા દાંડામાંઃ જીવો સંખ્યાત હોય ? કે અસંખ્ય હોય ?

ઉ૦ "કેટલાક ફુલોમાં સંખ્યાત જીવો હોય, અને કેટલાકમાં અસંખ્ય હોય, અને કેટલાકમાં અનન્ત પણ જીવો હોય" એમ **પન્નવણા સૂત્ર વિગેરેમાં** કહેલ છે. પણ **જાઇના** પુષ્પોમાં તો સંખ્યાત જ કહ્યા છે. ॥ ૪-૨૦-૧-૧૩૮ ॥ ૬૮૪ ॥

પ્ર૦ સામાયિકઃ પોસહઃ વિગેરેમાં ઉપવાસ કર્યો હોય, તો સાંજની પડિલેહણમાં મુહપત્તિ પડિલેહી પચ્ચક્ખાણ કરાવાય છે, અને એકાસણું વિગેરે કર્યું હોય, તો વાંદણા દેવડાવીને પચ્ચક્ખાણ કરાવાય છે. તેનું શું કારણ ?

ઉ૦ **સામાચારી વિગેરે** ગ્રંથોમાં "ભોજન કર્યું હોય, તો વાંદણા દેવડાવી પચ્ચક્ખાણ કરાવવું" એવા અક્ષરો છે. અને ઉપવાસમાં વાંદણાનો અધિકાર નથી, પણ મુહપત્તિ તો પડિલેહવી જોઇએ. કેમકે "તે વિના પચ્ચક્ખાણ શુદ્ધ થતું નથી." એમ **સામાચારી** છે. તેમજ ઉપધાનમાં પણ તે પ્રમાણે જ કરાવાય છે. ॥ ૪-૨૦-૨-૧૩૯ ॥ ૬૮૫ ॥

પ્ર૦ પ્રતિક્રમણમાં દેવવાંદીને ભગવાનહં વિગેરે ચાર ખમાસણા દેવાય છે, તે **ક્રિયા સંબદ્ધ** છે ? કે નહિ ? તેમજ પાટના આચાર્યનું જુદું ખમાસણું દેવું ? કે નહિ ?

ઉ૦ તે ચારે ખમાસમણા **ક્રિયા સંબદ્ધ** છે. તેમાં સર્વે તીર્થંકરો પણ વંદાઈ જાય છે, પણ જેઓ વિશેષથી ગુરુને તથા **પટ્ટાચાર્યને** વાંદે છે, તે ઉચિત સાચવવા માટે છે. ॥ ૪-૨૦-૩-૧૪૦ ॥ ૬૮૬ ॥

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્ર૦ પહેલે દિવસે ચોવિહાર ઉપવાસ કરી બીજા દિવસે ભાવના થતાં પહેલા દિવસનો ઉપવાસ ભેળવી, છઠ્ઠ અઠ્ઠમ વિગેરે પચ્ચક્ખાણ કરી શકે? કે નહિ ?

ઉ૦ પહેલે દિવસે એક ઉપવાસ કર્યો હોય તેમ બીજે દિવસે એક ઉપવાસનું પચ્ચક્ખાણ લઈ શકે, પણ છઠ્ઠનું પચ્ચક્ખાણ લઈ શકે નહિ, જો બીજે દિવસે છઠ્ઠ વિગેરે પચ્ચક્ખાણ લે, તો આગળ તરત ત્રીજે ઉપવાસ વિગેરે કરવાં પડે, આવી **સામાચારી** છે. ॥ ૪--૨૦--૪--૧૪૧ ॥ ૯૮૭ ॥

## ૨૧

# બિભીતકના શ્રીસંઘના પ્રશ્નોત્તરો.

પ્ર૦ કેવળી **સમુદ્ઘાત** કર્યા પછી કેટલા વખત સુધી સંસારમાં રહે?

ઉ૦ "**સમુદ્ઘાત** કર્યા પછી કેવલી અંતર્મુહૂર્ત સંસારમાં રહે છે, અને પીઠઃ ફલકઃ વિગેરેને પાછા આપી **શૈલેશીકરણની** શરૂઆત કરે છે." આવા અક્ષરો **વિશેષાવશ્યક સૂત્રમાં** છે. વળી તેમાં "છ માસ રહે," તેમ કોઇક કહેતા હોય, તેને દૂષિત ઠરાવ્યું છે. તેથી અંતર્મુહૂર્ત આયુષ્ય બાકી રહે, તે વખતેજ કેવળી **સમુદ્ઘાત** કરવાની શરૂઆત કરે છે. બીજા નહિ, એમ જાણવું. ॥ ૪--૨૧--૧--૧૪૨ ॥ ૯૮૮ ॥

પ્ર૦ ભવનપતિ દેવોના ભવનો ક્યાં છે ?

ઉ૦ **રત્નપ્રભાના** ઉપર નીચેના એક એક હજાર યોજન છોડીને વચગાળામાં સર્વ ઠેકાણે ભવનો છે, એમ જણાય છે. કેમકે– **અનુયોગ દ્વાર સૂત્રની ટીકામાં** "નરકાવાસની બાજુમાં ભવનપતિના ભવનો" કહેલા છે, તે જાણવું. ॥ ૪--૨૧--૨--૧૪૩ ॥ ૯૮૯ ॥



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૨૨

# જાલોરના શ્રી સંઘના પ્રશ્નોત્તરો.

પ્ર૦ તિવિહાર ઉપવાસનું પચ્ચક્ખાણઃ અને બીજા પચ્ચક્ખાણઃ કેવી રીતે પારી શકાય? તે જણાવવા મહેર કરશો?

ઉ૦ उपवास कीधुं तिविहार,

नमुक्कारसीः पोरसीः पारमुईंद्रिक कीधुं पाणहारः

पच्चक्खाण फासिअं, पालिअं, सोहिअं, तिरिअं, किट्टिअं आराहिअं.

जं च नाराहिअं.

तस्स मिच्छा मि दुक्कडं.

આ પ્રકારે ઉપવાસ પારવાની રીત વૃદ્ધ પરંપરાએ જાણવી. હમણા કેટલાક શ્રાવકો—

उपवास कीधुं तेविहार!—

नमुक्कारसिः परिमुईंद्रिकः कीधो चउविहार.

पच्चक्खाण फासिअं १ पालिअं २ सोहिअं ३ तीरिअं ४ किट्टिअं ५ आराहिअं ६

जं च नाराहिअं

तस्स मिच्छामि दुक्कडं

આ પ્રકારે પણ પાળે છે. તેમજ

नमुक्कारसिः पोरसिः पुरिमुईंद्रिकः कीधुं चउव्विहार

एकासणंः बिआसणंः कीधुं तिविहार,

चउव्विहार पच्चक्खाण फासिअं १ पालिअं २

વિગેરે પાઠે કરી બીજા પચ્ચક્ખાણ પારવાની રીત પરંપરાએ ચાલી આવે છે, તે જાણવી. ॥ ૪-૨૨-૧-.૧૪૪॥૯૯૦॥

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્ર૦ શ્રાવકો પોસહમાં સાંજના પડિલેહણનો કાજો ક્યારે લે?

ઉ૦ શ્રાવકો પોસહમાં સાંજની પડિલેહણાના બે આદેશો માંગીને આસન અને ચરવળો, પડિલેહીને, અને જો એકાસણું હોય, તો ધોતીયું પણ બદલીને પડિલેહણા પડિલેહાવો આ આદેશ માંગે છે, તે પછી કાજો લે છે. એમ **શ્રાદ્ધવિધિ વિગેરે** ગ્રંથોમાં કહેલ છે. પછી ઉપધિ પડિલેહીને કાજો કાઢીને પરઠવે છે, એવી પરંપરા છે. ॥ ૪--૨૨--૨--૧૪૫ ॥ ૯૯૧ ॥

પ્ર૦ **શ્રાદ્ધવિધિ** ગ્રંથ મુજબ જલમાર્ગથી સોયોજનથી અને થલમાર્ગથી સાઠ યોજનથી આવેલ હરડે વિગેરે વસ્તુઓ ફાસુ થાય છે, તેવી રીતે **અમદાવાદમાં** થયેલ સચિત્તવસ્તુઓ નાલીયેર વિગેરે **ઉગ્રસેન** ( મથુરા ) નગર વિગેરે ઠેકાણે ગઈ હોય, તે પ્રાસુ થાય ? કે નહિ ?

ઉ૦ **શ્રાદ્ધવિધિ** ગ્રંથ મુજબ જલમાર્ગથી ૧૦૦ યોજન અને થલમાર્ગે ૬૦ યોજનથી આવેલી સર્વ વસ્તુઓ ફાસુ થઈ જાય છે, પરંતુ જે **આચીર્ણ** હોય, તે ગ્રહણ કરાય છે, પણ બીજી નહિ, તેમજ મીઠું અગ્નિએ પકવેલું હોય, તેજ **આચીર્ણ** છે. તેમજ **અમદાવાદથી ઉગ્રસેન નગર વિગેરેમાં** ગયેલી વસ્તુઓ ફાસુ થઈ શકે છે, પરંતુ **અનાચીર્ણ** છે. ॥ ૪–૨૨–૩–૧૪૬ ॥ ૯૯૨ ॥

## ૨૩

## પાલીના શ્રી સંઘના પ્રશ્નોત્તરો.

પ્ર૦ પડિમાધર શ્રાવકે આણેલો આહાર સાધુઓ ગ્રહણ કરી શકે ? કે નહિ ?

ઉ૦ પડિમાધર શ્રાવક પોતાને માટે લાવેલો આહાર જો સાધુઓને વહોરાવે, તો લેવો કલ્પે છે. ॥ ૪–૨૩–૧–૧૪૭ ॥ ૯૯૩ ॥

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્ર૦ શ્રાવકો **નવકારમંત્ર અનાનુપૂર્વિએ** ગણી શકે ? કે નહિ ?

ઉ૦ શ્રાવકોને **આનુપૂર્વી** અને **અનાનુપૂર્વીએ નવકાર ગણુ-વાનો** અધિકાર **શાસ્ત્ર** અનુસાર જણાય છે. ॥ ૪–૨૩–૨–૧૪૮ ॥ ૯૯૪ ॥

## ૨૪

# માલપુરના શ્રી સંઘના પ્રશ્નોત્તરો.

પ્ર૦ પુંજણીએ કરી વાયરો નાંખવા**માં** લાભ છે ? કે અલાભ ?

ઉ૦ મુખ્ય વૃત્તિએ પુંજણીએ કરી વાયરો નાંખવો જાણ્યો નથી, પરંતુ ગુર્વાદિકને, માંખીયો ઉડાડવા વાયરો નાંખવામાં લાભ છે, પણ ટોટો નથી. કેમકે ગુરુ ઉપર બેસતી માખીઓ ઉડાડ-વામાં ગુરુભક્તિજ છે. ॥ ૪–૨૪–૧–૧૪૯ ॥ ૯૯૫ ॥

પ્ર૦ "રાત્રિમાં તમામ અન્ન, પાણીમાં તદ્રૂપ સૂક્ષ્મ જીવો ઉપજે છે, અને પ્રભાતે નાશ પામે છે," તે વાત સત્ય છે ? કે અસત્ય ?

ઉ૦ "સમગ્ર અન્નપાણીમાં રાત્રિએ સૂક્ષ્મ જીવો ઉપજે, અને સવારે નાશ પામી જાય." આ વાત **શાસ્ત્રમાં** કોઈ પણ ઠેકાણે લખેલી જાણવા નથી. ॥ ૪–૨૪–૨–૧૫૦ ॥ ૯૯૬ ॥

## ૨૫

# ઉણીયારના શ્રી સંઘના પ્રશ્નોત્તરો.

પ્ર૦ **વડાકલ્પને** દિવસે પોસહ કરવામાં લાભ છે ? કે પૂજા કરવામાં ?

ઉ૦ **મુખ્ય વૃત્તિએ** પોસહ કરવામાં મહાન્ લાભ છે. પરંતુ કારણ વિશેષ હોય, તો જેવો અવસર હોય તે પ્રમાણે કરવામાં લાભજ છે. કેમકે **જૈનશાસનમાં એકાન્તવાદ** નથી. ॥ ૪–૨૫–૧–૧૫૧ ॥ ૯૯૭ ॥

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**પ્ર૦ સંવચ્છરીના** દિવસે સોપારી સહિત નાણાની પ્રભાવના અપાય ? કે નહિ ?

**ઉ૦ સંવચ્છરી** દીને સોપારી સહિત કે રહિત પ્રભાવના આપી શકાય છે, પછી તો જે ગામમાં જે રીત હોય, તે મુજબ વર્તવું. ॥ ૪-૨૫-૨-૧૫૨ ॥ ૯૯૮ ॥

## ૨૬

# મેદિનીદ્રંગના શ્રી સંઘના પ્રશ્નોત્તરો.

**પ્ર૦ પક્ખીમાં ૧૨ લોગસ્સઃ ચોમાસીમાં ૨૦** અને **સંવચ્છરી પ્રતિક્રમણમાં ૪૦ લોગસ્સનો** કાઉસ્સગ્ગ કરાય છે, તેનું શું કારણ ?

**ઉ૦ પક્ખી** વિગેરેમાં જે કાઉસ્સગ્ગ કરાય છે, તે પ્રતિક્રમણ કરનારાઓને જે અતિચારની શુદ્ધિ થઇ ન હોય, તે અતિચારની શુદ્ધિ માટે કરાય છે, અને દરરોજના પ્રતિક્રમણમાં કાઉસ્સગ્ગની સંખ્યાના નિયમમાં તો આજ્ઞા **પ્રમાણ** છે. ॥ ૪-૨૬-૧-૧૫૩ ॥ ૯૯૯ ॥

**પ્ર૦ વીરભગવાન સહિત** જે **હીરસૂરીશ્વર મહારાજની** પ્રતિમા પાસે દેવવંદન કરાય, તે વાસક્ષેપ કરીને કરાય ? કે એમને એમ કરાય ?

ઉ૦ ગુરુપ્રતિમા પાસે દેવવાંદવા કલ્પે નહિ, અને જો **તીર્થંકરની પ્રતિમા પટ્ટ વિગેરેમાં** આલેખેલી હોય, તો **વાસક્ષેપ** નાંખીનેજ તેની પાસે દેવવાંદવા સૂઝે છે.॥૪-૨૬-૨-૧૫૪॥૧૦૦૦॥

પ્ર૦ ત્રણે ચોમાસીની અટ્ઠાઇઓ કયાંથી બેસે છે ?

ઉ૦ સાતમથી બેસે છે, પરંતુ પુનમનો દિવસ તો પર્વતિથિ હોવાથી પળાય છે. ॥ ૪-૨૬-૩-૧૫૫ ॥ ૧૦૦૧ ॥

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્ર૦૦ વીસ સ્થાનક તપ, અષ્ટકર્મ સૂડણતપ, અને આયંબિલ વર્ધમાન તપમાં અસજ્ઝાયના ત્રણ દિવસ ગણાય ? કે નહિ ?

ઉ૦ **વીસસ્થાનક તપઃ અને કર્મસૂડણ** તપમાંઃ **અસજ્ઝાયના** ત્રણ દિવસ એટલે ચૈત્ર આસો માસ સંબંધી ૭-૮-૯ ગણતરીમાં આવે નહિ. **આયંબિલ વર્ધમાન તપમાં** તે ત્રણ દિવસ ગણતરીમાં આવે છે, એમ **પરંપરા** છે. ॥ ૪-૨૬-૪-૧૫૬ ॥ ૧૦૦૨ ॥

પ્ર૦ **આણંદવિમલ સૂરીશ્વર મહારાજાએ** કરેલ આઠ કર્મનો તપ જો ઉપવાસથી કરવાની શક્તિ ન હોય, તો આયંબિલે થઈ શકે ? કે નહિ ?

ઉ૦ જો સર્વથા ઉપવાસની શક્તિ ન હોય, તો આયંબિલે પણ થઈ શકે છે. ॥ ૪-૨૬-૫-૧૫૭ ॥ ૧૦૦૩ ॥

પ્ર૦ બેઆસણુ કરનારને ઉલટી થઈ હોય, તો બીજી વખત જમવું કલ્પે ? કે નહિ ?

ઉ૦ બેસણું કરવા બેસવાનાજ આસને ઉલટી થઈ હોય, અને મુખશુદ્ધિ કરી હોય, તો બીજી વખત જમવું કલ્પે છે, અન્યથા કલ્પતું નથી. ॥ ૪-૨૬-૬-૧૫૮ ॥ ૧૦૦૪ ॥

પ્ર૦ **શ્રી હીરવિજયસૂરીશ્વર મહારાજાએ** પ્રસાદિત કરેલ **બાર બોલના પટ્ટમાં** ક્યા **બાર બોલો** છે તે સ્પષ્ટ જણાવવા કૃપા કરશો ?

ઉ૦ સંવત ૧૬૪૬ વરસે પોશ વદી ૧૩ શુક્રવારે **શ્રી પાટણનગરમાં** સમસ્ત સાધુ સાધ્વી શ્રાવક શ્રાવિકા યોગ્ય **શ્રી વિજયહીરસૂરિજીએ લખાય છે—**

" **શ્રી વિજયદાનસૂરિ પ્રસાદીકૃત સાત બોલના અર્થ** આશ્રી વિસંવાદ ટાલવાનિ કાજિં તે સાત બોલનું અર્થ વિવ-

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રીનિં લિખીઈ છીઈ, તથા બીજાપણિ કેટલાએક બોલ લિખિઈ છઈ, યથા—

**પરપક્ષીનિં** કુણિં કિસ્યું કઠિન વચન ન કહિવું ॥ ૧ ॥

તથા "**પરપક્ષીકૃત** ધર્મકાર્ય સર્વ્વથા અનુમોદ યોગ્ય નહી" ઈમ કુણિં ન કહવું, જે માટિં દાનરુચિપણું: દાખિણાલુપણું: દયાલુપણું: પ્રિયભાષીપણું: ઈત્યાદિક જે જે માર્ગાનુસારી ધર્મ-કાર્ય તે જિનશાસન થકી અનેરા સમસ્ત જીવ સમ્બન્ધિઆ શાસ્ત્રનિ અનુસારિં અનુમોદવા યોગ્ય જણાઈ છઇ, તો જૈન **પરપક્ષી** સમ્બન્ધી માર્ગ્ગાનુસારી ધર્મકર્ત્તવ્ય અનુમોદવા યોગ્ય હુઇ, એ વાતનું સ્યું કહિવું ? ૨.

તથા, **ગચ્છનાયકનિં** પૂછ્યા વિના કિસી શાસ્ત્ર સમ્બન્ધિની નવી પ્રરુપણા કુણિં ન કરવી ॥ ૩ ॥

તથા **દિગમ્બર** સમ્બધિઆ ચૈત્ય ૧ કેવલ શ્રાદ્ધ પ્રતિષ્ઠિત ચૈત્ય ૨ દ્રવ્ય લિઙ્ગીનિં દ્રવ્યઈં નિષ્પન્ન ચૈત્ય ૩ એત્રિણિયં ચૈત્ય વિના બીજાં સઘલાંઈ ચૈત્ય વાંદવા પૂજવા યોગ્ય જાણવા. એ વાતની શંકા ન કરવી ॥ ૪ ॥

તથા **સ્વપક્ષીના** ઘરનીં વિષઇં પૂર્વોક્ત ત્રિણની અવન્દનીક પ્રતિમા હુઈ તે સાધુનિં વાસક્ષેપિ વાંદવા પૂજવા યોગ્ય થાઈ ॥૫॥

તથા સાધુની પ્રતિષ્ઠા શાસ્ત્રિં છઈ. ॥ ૬ ॥

તથા સાધર્મિક વાત્સલ્ય કરતાં સ્વજનાદિક સમ્બન્ધ ભણી કદાચિત્ **પરપક્ષીનિં** જિમવા તેડઈ તુ તે માટિ સાહમિવત્સલ ફોક ન થાઇં ॥ ૭ ॥

તથા **શાસ્ત્રોક્ત દેશવિસંવાદીનિન્હવસાતઃ સર્વ વિસં-વાદીનિન્હવ એકઃ** એ ટાલી બીજા કુણનિ નિન્હવ ન કહિવું.૮

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તથા **પરપક્ષી** સંઘાતિં ચર્ચાનિ ઉદીરણા કુણિં ન કરવી, **પરપક્ષી** કોઈ ઉદીરણા કરઈ તુ **શાસ્ત્રનઈ** અનુસારિ ઉત્તર દેવો, પણિ ક્લેશ વાધઇ તિમ ન કરવું. ॥૯॥

તથા–**શ્રી વિજયદાનસૂરિં** બહુ જન સમક્ષિં જલશરણ કીધુ જે **ઉત્સૂત્રકન્દકુદ્દાલ ગ્રન્થઃ** તે તથા તે માંહિલુ અસંમત અર્થઃ બીજા કોઈ **શાસ્ત્રમાંહિ** આણ્યુ હુઈ તુ, તે અર્થઃ તિહાં અપ્રમાણ જાણવું. ॥ ૧૦ ॥

તથા **સ્વપક્ષીય** સાર્થનિ અયોગિં **પરપક્ષીય** સાથિં યાત્રા કર્યા, માટિં યાત્રા ફોક ન થાઇ. ॥ ૧૧ ॥

તથા–**પૂર્વાચાર્યનિં** વારઈ જે **પરપક્ષી** કૃત **સ્તુતિસ્તોત્રાદિક** કહવાતાં, તે કહતાં કુણિ ના ન કહિવી. ॥ ૧૨ ॥

એ બોલથી કોઈ અન્યથા પ્રરુપઈ તેહનઈં **ગુરુનો** તથા **સંઘનો** ઠબકો સહી ॥

**अत्र मतानि—**

**શ્રી વિજયસેનસૂરિમતં—**
**ઉપાધ્યાય વિમલહર્ષગણિમતં–૧**
**ઉપાધ્યાય ધર્મસાગરગણિમતં—**
**ઉપાધ્યાય શ્રી શાન્તિચન્દ્રગણિમતં—**
**ઉપાધ્યાય શ્રી કલ્યાણવિજય ગણિમતં—**
**ઉપાધ્યાય શ્રી સોમવિજયગણિમતં—**
**પંન્યાસ સહજસાગર ગણિમતં—**
**પંડિત કાન્હર્ષિગણિમતં—૭"**

આ **દ્વાદશજલ્પ પટ્ટકમાં** આવા પ્રકારે બાર બોલો છે ॥ ૪–૨૬–૭–૧૫૯ ॥ ૧૦૦૫ ॥

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**પ્ર૦ રાક્ષસદ્વીપ–જંબુદ્વીપમાં છે ? કે લવણ સમુદ્રમાં છે ? અને** તે પ્રમાણ અંગુલના માપવાળો છે ? કે ઉત્સેધ અંગુલના માપવાળો છે ?

ઉ૦ "દેવો દુઃખે કરી જીતી શકે એવો **રાક્ષસદ્વીપ** તમામ દીશામાં સાતસો યોજન વિસ્તારવાળો અને સર્વ દ્વીપોમાં શીરોમણિ છે, તે **લવણ સમુદ્ર**માં છે. પૃથ્વીના નાભિના ભાગમાં જેમ **સુમેરુ** પર્વત છે, તેમ તે દ્વીપની વચ્ચોવચ્ચ **ત્રિકૂટ** નામનો પર્વત છે. જેમાં ઘણીઋદ્ધિ છે, તે નવ યોજન ઉંચો, પચાસ યોજન વિસ્તારવાળો છે, તે પર્વતની ઉપર હમણાંજ મેં સોનાનો ગઢ–ઘરો અને તોરણોવાળી **લંકા** નામની નગરી કરાવી છે, તે નગરીથી છ યોજન ભૂમિ ઓલંઘીને પ્રાચીનકાલની અને શુદ્ધ સ્ફટિકના કિલ્લાવાળી અને અનેક પ્રકારના રત્નમય ઘરોવાળી સવાસો યોજન પ્રમાણની મારી **પાતાલલંકા** નામની શ્રેષ્ઠ નગરી છે. જે અતિ દુર્ગમ છે. આ બે નગરીઓ ગ્રહણ કરીને હે! પુત્ર! તું તેનો રાજા થા. તીર્થંકર દેવનું તું દર્શન કરી આવ્યો, તેનું ફલ આજ જ તને પ્રાપ્ત થાઓ." આ પ્રકારે **રાક્ષસપતિએ** કહીને **નવ માણેકોએ** બનાવેલો **મહોટો હાર** તેને આપ્યો, અને **રાક્ષસ વિદ્યા** આપી, ભગવાનને નમસ્કાર કરી તે વખતેજ **ઘનવાહન રાક્ષસદ્વીપમાં** આવીને લંકા અને પાતાલલંકાનો રાજા થયો. **રાક્ષસદ્વીપના** રાજ્યથી અને **રાક્ષસી વિદ્યાથી** ત્યારથી તેનો વંશ પણ **રાક્ષસવંશ** કહેવાયો." આમ **અજીતનાથ ચરિત્રમાં** છે, તે મુજબ **રાક્ષસદ્વીપ લવણ સમુદ્રમાં** છે, અને તે પ્રમાણ અંગુલના માપવાળો છે, એમ જાણવું. ॥ ૪–૨૬–૮–૧૬૦ ॥ ૧૦૦૬ ॥

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ૨૭

# ડુંગરપુરના શ્રી સંઘના પ્રશ્નોત્તરો.

પ્ર૦ સાંજે પ્રતિક્રમણમાં સામાયિક ઉચ્ચરીને તુરત ત્રણ **નવકાર** ગણી વંદન પચ્ચક્ખાણની મુહપત્તિ પડિલેહવામાં આવે છે, તે **ખમાસમણું** દઇને પડિલેહાય? કે ખમાસમણ વિના પડિલેહાય? તેમજ શો આદેશ માંગીને પડિલેહવી?

ઉ૦ સામાયિક ઉચ્ચરીને **બેસણે સંદિસાવુ** વિગેરે ચાર **ખમાસમણા** આપીને ત્રણ **નવકાર** ગણીને **ખમાસમણ** આપવું, અને **ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ મુહપત્તિ પડિલેહું?** આવો આદેશ માંગી મુહપત્તિ પડિલેહવી, પછી બે **વાંદણા** દેવા, અને પચ્ચક્ખાણ કરવું. ॥ ૪-૨૭-૧-૧૬૧ ॥ ૧૦૦૭॥

પ્ર૦ **શાંબ** અને **પ્રદ્યુમ્નની** સાથે આઠ ક્રોડ મુનિઓ સિદ્ધિપદને પામ્યા એમ **શત્રુંજય સ્તોત્રમાં** કહ્યું છે, અને કેટલાક તો "સાડાત્રણ ક્રોડ સિદ્ધિવર્યા" એમ કહે છે, માટે આ બાબત નિર્ણય કરવા પ્રસાદ કરશો?

ઉ૦ **શત્રુંજય મહાત્મ્ય** અનુસાર "**શાંબ પ્રદ્યુમ્ન સાથે** સાડાત્રણ ક્રોડ સિદ્ધિપદ પામ્યા" એમ જણાય છે. ॥ ૪-૨૭-૨-૧૬૨ ॥ ૧૦૦૮ ॥

પ્ર૦ **સ્નાત્રની વિધિમાં** "પંચવર્ણના ૮૦૬૪ કલશોએ પ્રભુનો અભિષેક કરે." એમ કહેલ છે, અને **અંતર્વાચ્યમાં** ૧ ક્રોડ અને ૬૦ લાખ કલશો કહેલ છે, તે શી રીતે મળતું આવે?

ઉ૦ **અંતર્વાચ્યમાં** એક ક્રોડ સાઠ લાખ કલશા કહ્યા છે, તે સંખ્યા સ્થાયી રાખવાની સંભવે છે, તેઓમાંથી પાણી ભરીને

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્નાત્ર કરવાને માટે તો, કહેલા આઠ હજાર ચોસઠ કલશો છે, એમ સંભવે છે, તેથી બંન્ને લખાણ પણ બંધ બેસતા છે. ॥ ૪–૨૭–૩–૧૬૩ ॥ ૧૦૦૯ ॥

પ્ર૦ **વાસુદેવની** માતા સાત અને **બલદેવની** માતા ચાર સ્વપ્ના જુએ છે, તેઓના નામ કયા કયા છે ?

ઉ૦ સિંહ–૧ સૂર્ય–૨ કુંભ–૩ સમુદ્ર–૪ લક્ષ્મી–૫ રત્નરાશિ–૬ અગ્નિ–૭ આ સાત–**વાસુદેવની** માતા દેખે છે, અને હાથી–૧ પદ્મ સરોવર–૨ ચન્દ્ર–૩ વૃષભ–૪ આ ચાર સ્વપ્નો **બલદેવની** માતા દેખે છે, તે **પરંપરાએ** જાણવા. ॥ ૪–૨૭–૪–૧૬૪ ॥ ૧૦૧૦ ॥

## ૨૮

# ઉદેપુરના શ્રી સંઘના પ્રશ્નોત્તરો.

પ્ર૦ **ચૌદ પૂર્વધરો** જઘન્યથી **લાંતક દેવલોક** સુધી જાય છે, **કાર્તિક શેઠનો** જીવ તો ચૌદપૂર્વી હતો, છતાં **સૌધર્મ દેવલોકમાં** ગયો તેનું શું કારણ ?

ઉ૦ **કાર્તિક શેઠના** જીવને પહેલા દેવલોકે જવામાં પૂર્વોનું વિસ્મરણ થયું હતું, તે હેતુ સંભવે છે. ॥ ૪–૨૮–૧–૧૬૫ ॥ ૧૦૧૧ ॥

પ્ર૦ કોઇકે પ્રભાતે **નવકારશી પચ્ચક્ખાણ** લીધું હોય; અને બપોરની પડિલેહણ વખતે તિવિહાર પચ્ચક્ખાણ લે, તો તે સાંજે કયું પચ્ચક્ખાણ લે ?

ઉ૦ **એકાશન** વિગેરે પચ્ચક્ખાણવાળો અને પડિલેહણ વખતે તિવિહાર પચ્ચક્ખાણ કરવાવાળો સાંજે **પાણહાર** પચ્ચક્ખાણ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરે, પણ જેણે પડિલેહણ વખતે **તિવિહાર** કર્યો નથી, તે તો સાંજે **ચોવિહાર પચ્ચક્ખાણ** કરે, એમ **પરંપરા છે.** ॥ ૪-૨૮-૨-૧૬૬ ॥ ૧૦૧૨ ॥

**પ્ર૦** ત્રિકાલપૂજા કરવામાં પ્રભાતે સર્વ સ્નાન કરીને માળા વિગેરે નિર્માલ્ય વસ્તુ દૂર કરી વાસપૂજા થાય ? કે બીજી રીતે થાય ?

**ઉ૦** પ્રભાતે પુષ્પમાળા વિગેરે નિર્માલ્ય વસ્તુ દૂર કર્યા વિના શ્રાવકો વાસપૂજા કરતા દેખાય છે, અને સર્વ શરીરે ન્હાવામાં એકાન્તપણું નથી. હાથ, પગ ધોઇને શુદ્ધિપૂર્વક વાસપૂજા કરવી સુઝે છે. ॥ ૪-૨૮-૩-૧૬૭ ॥ ૧૦૧૩ ॥

**પ્ર૦** શ્રાવકો દાતણ કરીને દેવપૂજા કરે ? કે એમને એમ કરે ?

**ઉ૦** **शुचिः पुष्पामिषस्तोत्रैः–આ યોગશાસ્ત્ર વિગેરેના** વચનથી **મુખ્ય વૃત્તિએ** દાંતણ કરીને દેવપૂજા કરે, પણ પોસહ, ઉપવાસ વિગેરે તપ કરવાની ઇચ્છાવાળા તો દાતણ કર્યા સિવાય પણ દેવપૂજા કરે. કેમકે–પચ્ચક્ખાણનું બહુ ફલ છે, એમ જણાય છે. ॥ ૪-૨૮-૪-૧૬૮ ॥ ૧૦૧૪ ॥

**પ્ર૦** **विहारो जिनसद्मनि**–વિહાર શબ્દ જિનમંદીર વાચી છે, આ વચનથી **શ્રી હીરગુરુ મહારાજાનું પ્રતિમામંદિરનું** નામ **હીરવિહાર** કેમ આપ્યું ?

**ઉ૦** **વિહાર** એટલે બૌદ્ધ વિગેરેનો આશ્રય, એમ **પ્રશ્નવ્યાકરણના** પહેલા **આશ્રવદ્વારની ટીકામાં** કહ્યું છે, અને **विहारा विचित्र क्रीडा**–વિહાર એટલે વિચિત્રક્રીડા. આ પ્રકારે **પ્રશ્નવ્યાકરણના ચોથા આશ્રવદ્વારની ટીકામાં** કહેલ છે, તેથી આ મુજબ **શ્રી હીરગુરુ પ્રતિમાપ્રાસાદનું નામ શ્રી હીરવિહાર** આપેલ છે. ॥ ૪-૨૮-૫-૧૬૯ ॥ ૧૦૧૫ ॥

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**પ્ર૦ सुहिएसु अ दुहिएसु अ, जा मे अस्संजएसु अणुकंपा।**
**रागेण व दोसेण व तं निंदे तं च गरिहामि ॥ १ ॥**
આ ગાથાની વ્યાખ્યા બતાવવા કૃપા કરશો.

**ઉ૦** આ ગાથામાં સાધુ એ વિશેષ્ય પદ કહેલ નથી, છતાં અતિથિ સંવિભાગનો અધિકાર હોવાથી અધ્યાહાર કરી લેવું, તેથી "સાધુઓ વિષે" એવો અર્થ થશે.

કેવા સાધુઓ વિષે ? તો કહે છે, કે–**सुहितेषु**–એટલે સારી પ્રકારે હીતકારી એવા જ્ઞાનદર્શન ચારિત્રવાળાઓમાં—

તેમજ **दुःखितेषु**–એટલે રોગે કરી અથવા તપસ્યાએ કરી ગ્લાન થએલા અથવા ઉપધિરહિત થયેલા, તેવા વિષે—

તેમજ **अस्वयतेषु**–એટલે સ્વછંદે કરી ઉદ્યમી નહિં, પણ ગુરુઆજ્ઞાએ કરી વિચરનારા છે, તેઓમાં–જેમેં અનુકંપા કરી હોય, એટલે અન્ન, પાન, વસ્ત્ર વિગેરેનું દાન આપવાથી ભક્તિ કરી હોય,–અહીં અનુકંપા શબ્દે કરી ભક્તિ લેવી: કેમકે—

**आयरि–अणुकंपाए गच्छो अणुकंपिओ महाभागो॰**
આ વચનથી અનુકંપાનો અર્થ: ભક્તિ થાય છે—

કેવી રીતે ભક્તિ કરી હોય ? કે **रागेण**–એટલે " આ મારા સગાવહાલા છે, કે મિત્ર છે," વિગેરે પ્રકારના પ્રેમથી કરી હોય, પણ " મહા ગુણવાળા છે," તે બુદ્ધિથી નહિ.

તેમજ **दोषेण**–એટલે સાધુનિન્દાએ જેમ–" આ સાધુઓ ધનધાન્ય વિનાના છે, જ્ઞાતિજનના ત્યાગવાળા છે. ક્ષુધાપીડિત છે, સર્વથા બીજી કોઈ ગતિ વિનાના છે " માટે પોષવા જોઈએ." આ પ્રકારે નિન્દા પૂર્વક અનુકંપા, તે પણ નિન્દાજ છે. કેમકે– અશુભદીર્ઘ આયુષ્યનું કારણ બને છે, એમ **આગમમાં** છે–

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**तहारूवं समणं वा माहणं वा संजयविरय-पडिहय पच्चक्खाय पावकम्मं हीलित्ता निंदित्ता खिंसित्ता गरिहित्ता अवमन्नित्ता अमणुन्नेणं अपीइकारगेणं असण-पाण-खाइम-साइमेणं पडिलाभित्ता असुहदीहाउअत्ताए कम्मं पगरेइ**–" તેવા પ્રકારના શ્રમણ અથવા માહણ જેણે પાપકર્મનું પચ્ચક્ખાણ કરેલ છે, તેથી સંયત, વિરત એવા સાધુને હીલના કરીને, નિંદા કરીને, ખીંસા કરીને, ગર્હા કરીને અને અપમાન કરીને, અમનોજ્ઞ, અપ્રીતિકારી, અશન, પાન, ખાદિમ, અને સ્વાદિમે કરી પડિલાભીને જીવ અશુભ દીર્ઘાયુષ્યનું કર્મ બાંધે છે."

તેથી નિન્દા પૂર્વક અનુકંપા તે નિન્દા છે,–તેણે કરી ભક્તિ કરી હોય.

અથવા–સુખી અથવા દુઃખી પાસથ્થાદિકની ભક્તિ કરી હોય; કેવી રીતે કે–" આ પાસત્થા–કાચું પાણી પીએ છે, સચિત્ત પુષ્પફલ ખાય છે, અણેસણી આહાર લે છે, આ જે દોષો તેનામાં છે, તે દેખવાથી ઇર્ષ્યાએ કરી:—"

અથવા **અસંયત** એટલે છ જીવનિકાયના વધ કરનાર **કુલિંગિઓમાં** દ્વેષે કરી–જે મેં દાન દીધું હોય; તેને નિંદુ છું, ગર્હું છે–તેમાં રાગ, એટલે–એક દેશ કે ગામ કે ગોત્રમાં ઉપજ્યા હોય તે વિગેરેથી પ્રીતિ, તથા દ્વેષ, એટલે–**જિનપ્રવચનનું** શત્રુપણું દેખવાથી ઉપજેલી જે અપ્રીતિ.

શંકા કરે છે, કે–**પ્રવચન પ્રત્યનીક** વિગેરેને દાન આપવાનું ક્યાંથી હોય ? જે તે સંબંધી દોષ અહીં લીધો ?

ઉત્તર આપે છે, કે–તેના ભક્ત રાજા વિગેરેના ભયથી તેવાઓને આપવું પડયું હોય, તેના દાનની નિંદા અને ગર્હણા

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરે છે, પણ ઉચિતતા મુજબ દીન વિગેરેને આપવામાં આવે, તે પણ અનુકંપાદાન કહેવાય છે.

**कृपणेऽनाथदरिद्रे व्यसनप्राप्ते च रोगशोकहते ।**
**यद्दीयते कृपार्थं, अनुकम्पा तद्भवेद्दानम् ॥ १ ॥**

" કૃપણઃ અનાથઃ દરિદ્રઃ આપત્તિને પામેલઃ રોગ શોકથી પીડિતઃને કરુણાએ કરી અપાય, તે અનુકંપાદાન છે."

સમર્થ શરીરવાળો પણ દરિદ્રી હોય, અને પ્રાર્થના કરી રહ્યો હોય, તેને પણ અપાતું દાન અનુકંપાદાન ગણાય છે. તે અનુકંપાદાન નિન્દા, ગર્હાને લાયક નથી. કેમકે–તીર્થંકર દેવોએ પણ વાર્ષિક દાન વખતે તે દેખાડેલ છે, અને તે વાત કહી છે કે—

" મોક્ષફળ આપનાર દાનમાં પાત્ર અપાત્રની વિચારણા કરાય છે, પણ દયાદાન તો સર્વજ્ઞોએ કોઈ ઠેકાણે પણ નિષેધ્યું નથી." તેમજ–જે પ્રથમ ઉપકાર કરી ગયો હોય; તેને અપાય, તે દાન ન કહેવાય, પણ પ્રથમ આપી ગએલ હોય તે પ્રાયઃ પાછું અપાય છે. અને દીનને જે અપાય, તે તો યાચના કરી રહેલ છે, તેનું મૂલ્યજ અપાય છે. સ્ત્રીને અપાય, તે તો રાગનું ભાજન છે, તેથી અપાય છે, એમ કેમ ન કહેવાય? અર્થાત્ કહેવાય. અને પાત્રમાં જે ફલવિસ્તાર પ્રિય છે તેથી અપાય તે શું વૃદ્ધિની ઇચ્છાવાળું નથી? અર્થાત્ છે, પરંતુ દાન તો તે છે કે જે નિસ્પૃહપણાથી ક્ષીણજનને પામીને અપાય છે, આ પ્રમાણે ગાથાનો અર્થ જાણવો. ॥ ૪–૨૮–૬–૧૭૦ ॥ ૧૦૧૬ ॥

**પ્ર૦ વિનિતા નગરીથી અષ્ટાપદ કેટલા યોજન છે?**

**ઉ૦ વિનિતા નગરીથી બાર યોજન અષ્ટાપદ છે, એમ પ્રઘોષ સાંભળ્યો છે. ॥ ૪–૨૮–૭–૧૭૧ ॥ ૧૦૧૭ ॥**

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ગ્રન્થકારની પ્રશસ્તિ.

પૂજ્યપાદ **શ્રી આણંદ વિમલસૂરીશ્વરજીની** પાટ **ચન્દ્રગચ્છ રૂપી આકાશમાં** સૂર્ય સમાન **શ્રીમાન્ વિજયદાન સૂરીશ્વરજી મહારાજા** વિજયવંત થયા.

તેઓની પાટ રૂપી પૂર્વાચળમાં ઉગતા સૂર્ય સમાન પ્રગટ તેજસ્વી અને રાજાઓને પ્રતિબોધ કરવામાં નિપુણ શ્રીમાન્ **શ્રી હીરવિજય સૂરીશ્વરજી** મહારાજા જયવંતા વર્ત્યા.

જે મહા પુરુષના વાણી વિલાસથી **બાર** સુબાઓમાં **રાજર્ષિ સમાન બબ્બરના વંશમાં** જન્મેલ **અકબ્બર** બાદશાહઃ જીવોને અભયદાન આપનાર થયો, અને અદ્વિતીય કૃપા રૂપી સુધાના સમુદ્ર જેવા તે **સૂરીશ્વરજીની** વાણીથી બાદશાહે પ્રગટ કરેલી જીવદયાની તે જાહેરાત સાંભળી **બ્રહ્માઃ શંકરઃ વિષ્ણુઃ કાર્તિકેયઃ યમ** અને **ઈંદ્રઃ** આદિ દેવો, **હંસઃ બલદઃ ગરુડઃ મોરઃ પાડોઃ** અને **હાથીઃ** વિગેરે—પોતાના વાહનની રક્ષા થવાથી બહુજ પ્રીતિ પામ્યા. તે વખતે પૂછવા લાગ્યા, કે—

તું કોણ છે?

કહે છે, કે—"હું પાપ છું."

ફરીથી પૂછે છે, કે—"તું દુબળું કેમ થઇ ગયું છે?"

ઉત્તર આપે છે, કે—"મારે મારી માતા સાથે વિયોગ થયો છે."

ફરીથી પૂછે છે, કે—"કોણ તારી માતા છે? અને વિયોગ કેમ થયો?

ઉત્તર આપે છે, કે—"**મારી** નામની મ્હારી માતા છે અને તેને **શ્રી હીરસૂરિજીના વચનથી અકબ્બર બાદશાહે યમરાજાને** ઘેર મોકલી દીધી છે."

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ફરી પૂછે છે, કે–" હવે તું ક્યાં રહીશ ? "

ઉત્તર આપે છે, કે–"**જ્યાં હીરવિજયસૂરિજીનું** વચન માન્ય નહિ થાય, ત્યાં રહીશ. જે મહાપુરુષે **બાદશાહને**–માંસભોજન છોડનારઃ **નિર્વારિસનું** દ્રવ્ય લેવાનું બંધ કરનારઃ મનુષ્યના દુઃખ હરનાર અને કરોને માફ કરનારઃ બનાવ્યો, તે દિવ્ય પુરુષ **શ્રી હીરસૂરીશ્વરજીને** મારો નમસ્કાર થાઓ.

આવા પરોપકારિ **સૂરીશ્વરજીને અકબ્બર બાદશાહે** સભા ભરીને પરમ પ્રીતિથી જે **જગદ્‌ગુરુનું** બિરુદ અર્પણ કર્યું, તે સૂર્યમંડલ પેઠે સર્વ પૃથ્વીમંડલમાં પણ ફેલાઈ ગયું. **શ્રી પદ્મસુંદર પંડિતનો બાદશાહ પાસે જે પુસ્તકભંડાર** હતો, તે નિઃસ્પૃહી શિરોમણિ **સૂરીશ્વરજીને** અર્પણ કર્યો.

**શત્રુંજય, ગિરનાર વિગેરે** તીર્થોનો કર લેવાતો હતો, તે **સૂરિજીએ બાદશાહ** પાસે માફ કરાવ્યો. અને સમુદ્ર સુધીનું આખું જગત્ પણ કર વિનાનું કરી દેવરાવ્યું.

સદા મલિન કરનાર આ કલિકાલમાં પણ જે **સૂરીશ્વરજીને** ડાઘ પણ ન લાગ્યો, પણ ઉલટું આ કલિકાલને પોતાના યશ રૂપી સુધાએ કરી ધવલ બનાવ્યો."

**બાદશાહ શાહુકારોનો** નાયક હોવાથી શત્રુઓનો નાશ કરનાર હતો અને **સૂરીશ્વરજી** સદા સજ્જન પુરુષો ઉપર ઉપકાર કરવાથી સાધુ જનના નેતા હતા. આમ એક **પરાપકર્તા** અને બીજા **પરોપકર્તા** હતા, તેથી બે દીશા અવળી હતી, છતાં તે બે એક થઈ, એ આ વખતની દુનિયામાં આશ્ચર્યનો વિષય બન્યો છે.

**ગ્રંથકાર** કહે છે કે—

" અહો **શ્રીહીરસૂરીશ્વરજીનું** મહાત્મ્ય આથી અધિક શુ વર્ણન કરી શકાય ? પણ ટુંકામાં મુક્તજીવોને [મોતીઓને] પણ



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તે શોભાકારક હતા. જેઓ **સકલસૂરિ વર્ગમાં** વિશિષ્ટ ચારિત્ર ગુણોએ કરી શિરોમણિ હતા. તેઓના ચરણકિંકર **શુભવિજયે** આ **પ્રશ્નોત્તર ગ્રંથનો** સંગ્રહ કરેલ છે.

**શ્રી સિદ્ધાંત-પ્રકરણ-ટીકા-ભાષ્ય** વિગેરે અનુસાર કાંઇક અને કેટલુંક **પરંપરાએ કરી,** અને કેટલુંક **સંભાવનાએ કરી, પૂજ્યપાદ શ્રીવિજયસેનસૂરીશ્વરજીએ પ્રશ્નોના** ઉત્તરો આપ્યા છે, તે આ ગ્રંથમાં ગુંથ્યા છે.

તેમાં સિદ્ધાંત વિરુદ્ધઃ મતિભ્રાંતિએ કરીઃ જે કાંઈ રચાઈ ગયું હોય, તે કૃપામાં તત્પર કવિ પુરુષોએ પોતાની બુદ્ધિથી શોધી લેવું.

જ્યાં સુધી આ પૃથ્વી તળમાં **જૈનશાસન** રૂપી મેરુ જયવંત છે, ત્યાં સુધી આ ગ્રંથ ટકો અને વિદ્વાન્ પુરુષોને વાંચવા કામ લાગો.

આ ગ્રંથ ભટ્ટારક **શ્રી હીરવિજયસૂરીશ્વરના શિષ્ય તર્કભાષા વાર્તિક ૧ કાવ્ય કલ્પલતા મકરન્દ ૨-સ્વાદ્વાદ ભાષાસૂત્ર ૩-તેની ટીકા ૪-કાવ્ય કલ્પલતાદિક૫. ગ્રંથો બનાવનાર પં૦ શુભવિજયગણિએ સંગ્રહિત કરેલો છે.**

**इति भूरिसूरिकोटीरहीर-सकलमहीमण्डलाखण्डलपातसाह-श्री अकब्बरप्रतिबोधविधानधीर - तत्प्रदत्तजगद्गुरुबिरुदधरण-धीर-सत्त्ववान् प्रतिवर्षं षण्मासावधिसमस्तजन्तुजाताभयदान-प्रदानदानशौण्डीर-श्रीशत्रुञ्जयोज्जयन्तकादिकतीर्थकरमुक्तियु-क्तिप्रवीर-(श्रेष्ठ इत्यनेकार्थनाममालायां) जीजीआरव्यादण्डादि-विषमभूमिभञ्जनसीर-कलिकालत्रिकालवित्समानामानमहिम-तपा-गच्छाधिराज-भट्टारकपुरन्दर-भट्टारकश्री ५ श्री हीरविजय-सूरीश्वरपट्टालङ्कारहार-भट्टारकश्री विजयसेनसूरीशप्रसादी-कृत-प्रश्नोत्तर-संग्रहे तत्पट्टपूर्वशिखरिशिखरसहस्रकिरणायमान-आचार्यश्रीविजयदेवसूरीणामनुशिष्ट्या भट्टारकश्रीहीर-**

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



विजयसूरीन्द्रशिष्य–तर्कभाषावार्त्तिक १–काव्यकल्पलता–मकरन्द–२ स्याद्वादभाषासूत्र ३–तद्वृत्ति ४–काव्यकल्पलतावृत्त्यादि ५ ग्रन्थनिष्पादकपण्डितशुभविजयगणिसङ्गृहीते प्रश्नोत्तर-रत्नाकरापरनाम्नि श्रावककृतप्रश्नाख्यश्चतुर्थोल्लासः सम्पूर्णः ॥

આ સેનપ્રશ્ન ગ્રન્થનો ગુજરાતી ભાષાપર્યાયઃ અનુયોગાચાર્ય પં. શ્રી મણિવિજયજી ગણિવરના શિષ્યાગ્રણી આચાર્યશ્રી વિજયકુમુદસૂરિએ મહેસાણા નગરે વિક્રમ સંવત્ ૧૯૯૫ના મહા શુદ ૫ મેં સંપૂર્ણ કર્યો.

## ॥ समाप्तोऽयं सेनप्रश्न–सार–संग्रहो ग्रन्थः ॥

For Private and Personal Use Only

# પરિશિષ્ટ ૧ લું–

## પ્રશ્નોના મુખ્ય પ્રકારો અને તેના અનુક્રમ આંક

અઠ્ઠાઇ સંબંધિ

૯૨૮-૧૦૦૧

અણસણ ,,

૧૨૦-૬૨૦-૭૩૭

અણાહારી ,,

૨૦૧

અન્ય દર્શની ,,

૭૯૪-૯૪૯

અભવ્ય ,,

૩૩૪-૩૩૫-૬૬૮

અસજ્ઝાય ,,

૧૨-૧૬૨-૫૩૭-૭૩૫-૯૦૦-

આગમના પાઠ ,,

૨૦-૩૩-૪૪-૫૬-૭૨-૭૯-૧૦૫-૧૦૬-૧૧૮-૧૨૫-૧૪૮-૧૪૯
૧૫૫-૧૫૭-૧૫૮-૧૬૩-૧૬૬-૧૭૧-૧૭૨-૧૮૬-૧૮૯-૨૬૩-૩૫૦—
૩૫૬-૩૭૮-૩૮૦-૩૮૧-૪૦૧-૪૦૬-૪૩૧-૪૩૩-૪૬૭-૪૬૮-૪૯૩—
૫૧૯-૫૩૪-૫૪૪-૫૫૨-૫૭૮-૫૮૬-૫૮૯-૬૦૮-૬૦૯-૬૧૦-૬૪૨—
૬૬૦-૬૭૭-૬૮૧-૬૮૭-૬૯૭-૭૦૪-૭૬૦-૭૬૩-૭૯૦-૮૩૬-૮૪૮—
૮૬૩-૮૭૩-૯૦૭-૯૫૮-૯૮૦-૯૮૧-૧૦૧૬

આડપડવા ,,

૩૬૬-૫૯૦

આલોયણ તપ ,,

૨૫૮-૩૯૨-૩૯૩-૪૭૭-૪૮૬-૪૫૬-૫૪૮-૮૮૦

આશ્ચર્ય ,,

૨૩૦

ઇતિહાસના પ્રશ્નો ,,

૨-૭-૬૧-૯૯-૧૦૦-૧૦૧-૧૧૪-૧૩૫-૧૪૯-૨૯૬-૩૬૭-૩૯૬
૪૦૧-૪૦૮-૪૧૯-૪૨૬-૪૩૬-૪૩૯-૪૫૪-૫૦૫-૫૨૨-૫૮૫-૫૯૨—
૫૯૮-૫૯૯-૭૨૭-૭૪૧-૭૫૩-૭૭૫-૮૨૨-૮૪૦-૮૫૭-૮૬૩-૮૬૭—
૮૬૯-૯૦૮-૯૦૯-૯૩૩-૯૫૭-૯૭૭-૧૦૧૭

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉજાગ્રંઇ લાગે તે „
૩૯૪-૬૬૬-૮૯૯
ઉપશમ શ્રેણી „
૮૫૨
ઉપધાન „ ૨૮-૩૪-૮૧-૮૨-૧૯૪-૨૯૭-૩૧૪-૩૧૫-૩૧૯-૩૨૧-૩૭૭
૪૧૭-૪૪૭-૪૫૮-૪૫૯-૪૮૨-૫૧૨-૫૨૭-૫૫૪-૫૫૫-૫૫૬-
૬૮૫-૭૨૫-૭૬૬-૭૭૪-૭૭૬-૭૮૯-૯૪૮-૯૭૨
ઉજમણા „
૧
ખરતરાદિ „
૭૬૯-૭૭૦
ગણધરાદિ દેશના „
૪-૨૯-૨૨૫-૩૩૭-૭૩૨
ગણિત „
૨-૧૪૩-૨૦૦-૨૦૮-૨૧૮-૨૪૯-૨૫૧-૩૧૩-૩૭૫-૫૩૬
ગુણઠાણા „
૪૫૧-૫૪૭-૮૫૫-૯૭૯
ગુરૂદેરી „
૧૭૯-૧૮૦-૩૫૬-૮૮૧-૯૫૪-૯૭૬-૧૦૧૫
ગોચરી „
૧૭૦-૩૪૦-૩૪૧-૪૭૨-૯૬૮
ચક્રવર્તિ „
૮૪-૧૧૭-૧૪૭-૨૨૪-૩૪૭-૪૦૮-૪૧૪-૪૧૫-૭૨૮-૭૬૭-
૭૬૮-૮૦૮-૯૧૪-૯૪૧-૯૪૨
ચારિત્ર „
૧૧૩-૨૨૭
ચૌદ નિયમ „
૩૩૮-૩૩૯-૪૧૦-૯૫૩-૯૭૦-૯૭૫
ચૌદ સ્વપ્ન „
૧૦૮-૪૦૫-૪૨૯-૪૫૨-૪૫૫-૫૦૯-૯૭૩-૧૦૧૦
જિનેશ્વર-જિનપ્રતિમાદિ „
૨-૩૨-૪૮-૫૦-૫૩-૫૪-૮૫-૧૦૭-૧૧૨-૧૨૭-૧૩૪-૧૩૭-
૧૫૦-૧૫૧-૧૫૬-૧૬૦-૧૯૫-૨૦૦-૨૨૭-૨૫૦-૨૬૭-૨૬૯-૨૯૩-
૨૯૯-૩૦૧-૩૧૬-૩૫૯-૩૬૧-૩૭૬-૩૮૨-૪૧૩-૪૩૨-૫૦૨

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૫૨૦–૫૨૯–૫૪૪–૫૯૫–૬૦૨–૬૩૦–૬૩૧–૬૬૪–૬૭૨–૬૯૧– ૬૯૮–
૬૯૯–૭૩૧–૭૩૯–૭૪૦–૭૮૭–૭૮૮–૭૯૯–૮૭૭–૮૯૩–૯૩૮–૯૫૦–
૧૦૦૯

જિનકલ્પી ,,
૪૨–૨૨૬–૪૧૧–૫૧૧

જ્યોતિષ: તિથિ: વર્ષ: આદિ ,,
૬૪–૧૦૨–૨૬૦–૨૬૮–૩૫૭–૪૧૭–૪૬૬–૪૯૪–૪૯૯–૫૨૮–૫૩૨
૫૩૩–૫૬૬–૫૭૦–૫૭૧–૬૧૭–૬૧૮–૭૧૨.

જ્ઞાન ,,
૧૨૮–૧૨૯–૧૪૨–૧૪૪–૨૦૭–૨૯૪–૩૨૫–૫૩૫–૫૪૬–૬૯૦—
૭૩૬–૮૭૬.

તપસ્યા ,,
૪૭૬–૬૩૬–૬૫૩–૭૦૨–૭૨૬–૮૨૬–૮૮૨–૮૯૨–૮૯૬–૯૦૪—
૯૧૫–૯૧૬–૯૩૫–૯૪૫–૯૮૭–૧૦૦૨–૧૦૦૩–૧૦૦૪.

તિર્યંચ્ ,,
૧૮૩–૧૯૮–૨૧૯–૨૮૧–૨૮૬–૩૯૧–૫૩૫–૭૫૮–૮૫૧–૯૦૨.

ત્રિફલાપાણી ,,
૩૯૫

તીર્થ ,,
૨૬–૫૬૪–૭૮૯–૮૧૩

દાન ,,
૩૩૪–૪૧૬.

દીક્ષા ,,
૨૧૦–૨૪૧–૩૨૩–૫૦૧–૮૦૪.

દેવદેવી દેવલોક ,,
૫–૧૯–૩૧–૩૫–૩૭–૩૯–૪૧–૪૩–૪૪–૫૫–૬૩–૯૨–૧૦૪–૧૧૫
૧૨૧–૧૮૨–૧૮૮–૧૯૧–૨૦૭–૨૦૯–૨૨૧–૨૨૯–૨૩૩–૨૩૫–૨૩૬—
૨૪૦–૨૪૮–૨૫૩–૨૮૦–૨૮૨–૨૮૩–૨૯૫––૩૧૩–૩૨૭–૩૪૪–૩૪૫–
૩૪૭–૩૪૮–૩૮૬–૪૨૩–૪૩૫–૪૭૯–૪૮૩–૪૮૭–૪૯૫–૪૯૬– ૪૩૭––
૪૫૯–૫૧૦–૫૪૫–૬૧૧–૬૩૨–૬૭૩–૬૭૫–૬૯૬–૭૦૧–૭૦૮– ૭૧૦—
૭૪૮–૭૪૯–૭૭૩–૭૮૫–૭૯૨–૮૧૫–૮૫૯–૯૮૯–૧૦૧૧.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




**દેવદ્રવ્યાદિ** „

૧૬૮–૨૨૦–૨૯૨–૩૩૩–૫૧૭–૭૨૧–૭૨૩–૭૬૫–૭૮૦–૮૪૧—૮૪૩–૯૫૬–

**દેવવંદન વિધિ** „

૪૫–૭૮–૧૬૫–૫૫૧–૪૬૯–૬૨૬–૬૪૦–૬૪૧–૬૪૯–૬૫૪–૭૫૧–૭૯૯–૯૬૧–૧૦૦૦–

**દ્રવ્યાનુયોગ** „

૧૦–૧૭–૨૨–૨૪–૨૭–૫૦–૫૯–૬૬–૬૭–૬૮–૭૦–૭૪–૭૭–૮૮–૯૮–૧૧૦–૧૧૧–૧૧૬–૧૧૭–૧૧૯–૧૩૬–૧૪૧–૧૪૩–૧૫૨—૧૭૬—૧૭૭–૧૯૭–૧૯૯–૧૯૮–૨૨૩–૨૩૨–૨૩૪–૨૩૮–૨૪૩–૨૬૪–૨૬૫—૨૮૭–૨૮૮–૨૯૧–૩૦૭–૩૦૮–૩૧૭–૩૪૬–૩૫૪–૩૫૫–૩૮૮–૩૯૯—૪૦૫–૪૧૮–૪૪૪–૪૫૦–૪૬૨–૪૭૧–૪૮૪–૪૮૫–૪૮૮–૪૮૯–૪૯૨—૪૯૮–૫૦૩–૫૦૮–૫૧૪–૫૨૨–૫૨૪–૫૩૮–૫૪૨–૫૫૩–૫૮૧–૬૧૨—૬૨૧–૬૨૮–૬૨૭–૬૪૧–૬૪૩–૬૪૪–૬૪૫–૬૪૬–૬૪૭–૬૬૯–૬૭૦—૬૮૪–૭૦૫–૭૦૭–૭૧૮–૭૨૯–૭૫૭–૭૬૨–૮૦૬–૮૦૭–૮૧૪–૮૧૬—૮૨૧–૮૨૮–૮૨૯–૮૩૧–૮૩૨–૮૫૩–૮૫૬–૮૫૮–૮૬૧–૮૬૨–૮૮૪—૮૯૮–૯૧૩–૯૪૩–૯૪૪–૯૪૬–૯૬૬–૯૮૪–૯૯૬–૧૦૦૬—

**નારકી** „

૧૧૯–૩૬૦–૬૮૪–૬૦૫–૬૯૨

**નિગોદ** „

૪૦–૪૬–૫૮–૬૯૨–૬૯૩–૬૯૪–૬૯૫–૮૯૦–૯૬૪

**પડિલેહણ** „

૮૦–૮૨–૨૫૨–૩૧૮–૫૪૩

**પરંપર સંઘટ્ટા** „

૩૦૬

**પકવાન્નનોકાળ** „

૮૬૬

**પરીષહ** „

૪૩૪

**પાસત્થા** „

૩૫૧–૩૬૬–૫૪૧–૬૦૬–૭૧૯–૭૨૪–૮૧૭–૮૧૮


For Private and Personal Use Only

પૂજા ,,
૧૯૦-૨૪૭-૨૫૫-૨૬૧-૩૪૯-૩૮૭-૫૩૧-૫૬૫-૫૬૯--૫૬૦—
૫૮૩-૫૬૫-૬૧૩-૬૧૪-૬૮૨-૭૧૩-૭૪૪-૭૪૭-૭૫૦-૭૭૬--૭૮૬—
૮૧૦-૮૧૯-૮૨૩-૯૨૨-૯૨૩-૯૨૫-૯૩૭-૧૦૧૩-૧૦૧૪—

પચ્ચક્ખાણ ,,
૭૬-૧૨૪-૧૩૦-૧૮૫-૧૮૭-૧૯૩-૨૧૭-૨૨૨-૨૨૮-—૨૪૪—
૨૪૫-૨૪૬-૩૦૦-૩૦૩-૩૧૧-૩૨૦-૩૫૨-૩૮૮-૪૨૮-૫૩૯-૫૬૮—
૫૭૩-૮૭૯-૮૮૩-૯૩૦-૯૩૨-૯૫૨--૯૯૦-૧૦૧૨—

પોસહ ,,
૨૫-૭૩-૧૬૪-૨૦૬-૩૨૯-૩૯૮-૪૭૩-૫૧૮-૫૯૩-૬૫૦-૬૬૦-
-૬૬૭-૬૮૬-૬૮૮-૬૮૯-૭૧૭-૭૪૩-૭૮૧-૮૩૫-૮૪૪--૯૦૬-૯૩૧-
૯૪૭-૯૬૫-૯૭૧-૯૯૧-૯૯૭—

પ્રતિક્રમણ ,,
૩-૬-૮-૯-૨૧-૯૬-૧૩૩-૨૫૭-૩૪૨-૪૦૦-૪૪૭-૪૭૪-
૭૪૫-૫૪૦-૫૫૭-૫૭૬-૬૩૪-૬૫૯-૬૬૨-૭૧૧--૭૧૪-૭૩૦-૭૩૩-
૭૩૪ ૭૪૫-૮૩૭-૯૦૩-૯૦૯-૯૨૬-૯૫૭-૯૮૬-૯૯૯-૧૦૦૭

પ્રાયશ્ચિત્ત ,,
૪૭-૨૪૨-૨૫૯-૮૪૫

પૂર્વધર ,,
૮૭૫

પૂર્વ ,,
૪૦૯

બાર બોલ ,,
૨૭૦-૧૦૦૫

મતાન્તર ,,
૮૯-૯૦-૯૧-૧૫૩-૬૧૯-૭૯૬—

મિથ્યાત્વ ,,
૮૮૫

યુગલિક ,,
૩૦૪-૩૬૨-૩૭૯

યુગપ્રધાન ,,
૮૪૭-૮૫૪

યોગ અનુષ્ઠાન ,, ૩૮-૭૧-૨૭૧-૨૯૮-૩૭૨-૩૭૩-૩૮૫-૪૪૦-
૪૪૩-૪૭૦-૫૧૬-૫૮૨
૨૩૯-૯૬૨

રાત્રિભોજન „

૩૬-૬૯-૮૬-૨૨૯-૪૨૦-૮૬૪-૯૯૬

લબ્ધિ „

૧૪૫-૩૮૯-૬૨૪

લેશ્યા „

૧૯૬-૪૨૨

વચન શુદ્ધિ „

૭૨૨

વાસુદેવાદિ „

૨૯૦-૪૬૫-૫૭૯-૬૭૪-૭૯૭-૮૦૯

વિદ્યાધર „

૮૪૯

વિગઈ „

૮૬૮-૮૭૧-૯૪૦

વ્યાકરણ „

૯૩-૨૭૨-૨૭૩-૨૭૪-૨૭૫-૨૭૬-૨૭૭-૨૭૮—૨૮૪-૨૮૫—
-૨૮૯-૫૫૦-૫૮૮-

શય્યાતર „

૧૬૯-૨૧૩-૨૧૪-૨૧૫-૪૦૨-

શ્રાવક વ્રત „

૧૦૩-૧૬૧-૩૬૩-૪૨૪-૪૨૭-૪૪૨-૪૪૫-૫૬૯-૬૧૫-૬૧૬—
૭૦૩-૭૪૩-૭૫૬-૭૫૯-૭૭૪-૮૦૧-૮૧૧-૮૬૦-૮૭૮-૯૧૦-૯૧૨—
૯૧૯-૯૨૦-૯૪૮-૯૮૨-૯૮૩-૯૮૫—

શ્રાવક પડિમા „

૧૭૩-૫૧૩-૬૫૫-૮૮૮-૮૯૪-૯૧૭-૯૧૮-૯૩૬-૯૭૮-૯૯૩—

શ્રાવિકા „

૧૩૫-૩૨૨-૩૨૯-૩૩૦-૩૬૭-૪૧૨-૫૬૨-૬૧૪-૭૫૨-૭૫૪—
૭૬૪-૮૭૦-૮૭૨-

શ્રાવક આચાર „

૧૬-૨૫-૪૭-૬૨-૯૫-૧૮૧-૩૬૮-૩૮૪-૪૦૩-૪૫૭-૪૬૪—
૫૦૪-૫૧૫-૫૨૬-૫૩૦-૫૬૭-૫૭૨-૫૯૪-૬૨૨-૬૨૩-૬૫૧-૬૫૨—
૬૮૧-૭૧૫-૭૩૮-૭૪૨-૭૪૬-૮૦૦-૮૦૩-૮૨૪-૮૨૫-૮૩૦-૮૪૨—
૮૫૦-૮૬૫-૮૭૬-૮૯૧-૯૨૭-૯૬૦-૯૯૮-

સચિત્ત-અચિત્ત-ભક્ષ્યાભક્ષ્ય ,,

૧૧-૫૨-૫૭-૬૦-૮૭-૯૪-૯૭-૧૨૩-૧૩૧-૧૩૮-૧૭૭-૧૮૪-
૨૦૨-૨૦૩-૨૦૪-૨૦૫-૨૧૬-૨૩૧-૩૦૫-૩૧૨-૩૨૬-૩૨૮-૩૩૨—
૩૭૦-૪૧૨-૪૪૧-૪૪૬-૪૫૩-૫૨૧-૫૬૩-૫૯૯-૬૩૭-૬૬૫-૫૭૬—
૬૭૯-૬૮૩-૭૧૮-૮૮૯-૯૨૧-૯૨૯-૯૩૪-૯૬૯-૯૯૨—

સમવસરણ ,,

૩૦-૪૯૧-૪૯૭-૬૩૩-૬૫૬-૬૫૭-૬૫૮-૬૬૧-૭૫૫-

સકામ અકામ નિર્જરા ,,

૯૫૧-

સંઘ ,,

૬૧-૭૦૦-

સમુદ્ઘાત ,,

૮૭૪-૯૮૮-

સમકિત ,,

૪૮૦-૪૮૧-૭૨૦-૭૯૩-૮૩૩

સાધુ સાધ્વી ,,

૧૩-૧૪-૧૫-૧૮-૫૧-૫૮-૬૫-૧૦૯-૧૨૨-૧૨૫-૧૨૮-૧૩૦-
૧૩૯-૧૫૯-૧૭૪-૧૭૫-૧૭૮-૧૯૨-૨૧૧-૨૧૨-૩૦૨-૩૫૩-૩૬૯—
૩૮૩-૩૮૯-૩૯૦-૪૦૪-૪૩૦-૪૩૮-૪૭૨-૪૭૮-૪૯૦-૫૦૦-૫૦૬—
૫૨૫-૫૭૫-૫૭૭-૫૮૪-૫૯૦-૬૦૧-૬૩૫-૬૮૦-૭૦૬-૭૧૬-૭૬૧—
૭૭૨-૭૮૨-૭૮૩-૭૯૫-૮૦૨-૮૧૨-૮૨૦-૮૨૭-૮૩૪-૮૩૮-૮૩૯—
૮૪૮-૮૭૫-૮૭૭-૮૮૧-૮૮૬-૮૯૭-૯૦૧-૯૭૪-૯૮૨-૯૯૫-૧૦૦૮-

સામાયિક ,,

૭૫-૧૪૦-૧૬૭-૩૧૦-૩૩૧-૩૬૪-૩૬૫-૪૬૧-૪૬૩-૫૯૭—
૬૦૩-૬૦૭-૬૭૧-૮૯૫-૯૧૧-

સૂતક ,,

૨૫૪-૫૪૯-૬૩૮-૯૨૪-


For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પરિશિષ્ટ ૨ જું

## સાક્ષીભૂત ગ્રંથોના નામો

૧ શ્રી અજિતનાથ ચરિત્રમ્
૨ અનુયોગ દ્વાર ચૂર્ણિ
૩ અનુયોગ દ્વાર ટીકા
૪ અનેકાર્થ સૂત્ર વૃત્તિ
૫ અન્તર્વાચ્ય
૬ આચાર દીનકર
૭ આચાર પ્રકલ્પ
૮ આચાર પ્રદીપ
૯ આચારાંગ ટીકા
૧૦ અચારાંગ નિર્યુક્તિ
૧૧ આરાધના પતાકા
૧૨ આરાધના સૂત્ર
૧૩ આવશ્યક ચૂર્ણિ
૧૪ આવશ્યક ટીપ્પણુ
૧૫ આવશ્યક નિર્યુક્તિ
૧૬ ,, બાર હજારી
૧૭ ,, બૃહદ્ વૃત્તિ
૧૮ ,, મલયગિરિ ટીકા
૧૯ ,, વીર ચરિત્રાદિ
૨૦ ,, વૃત્તિ
૨૧ ,, હારીભદ્રી
૨૨ ઉત્તમ ચરિત્ર
૨૩ ઉત્તરાધ્યયન વૃત્તિ
૨૪ ,, ૧૪ હજારી ટીકા
૨૫ ઉપદેશ તરંગિણી
૨૬ ,, પદ
૨૭ ,, માલાટીકા
૨૮ ,, રત્નાકર
૨૯ ,, રસાલ
૩૦ ,, સપ્તતિકા
૩૧ ઉપાસક દશાંગ
૩૨ ઉમાસ્વાતિ વાચક પ્રઘોષ
૩૩ ઉવવાઈ સૂત્ર
૩૪ ઋષભદેવ ચરિત્ર હૈમ
૩૫ ઋષભદેવ ચરિત્ર (વર્ધમાન સૂરિકૃત)
૩૬ ઋષિદત્તા કથાદિ
૩૭ ઋષિમંડલ વૃત્તિ
૩૮ ઓઘ નિર્યુક્તિ
૩૯ કથાનક કોશ (જીનેશ્વરસૂરિ)
૪૦ કથાવળી પ્રથમખંડ
૪૧ કર્મગ્રંથ વૃત્તિ
૪૨ કલ્પ કિરણાવલી ટીકા
૪૩ કલ્પ ચૂર્ણિ
૪૪ કલ્પ વૃત્તિ
૪૫ કલ્પ સ્થવિરાવળી
૪૬ કલ્પ સૂત્ર
૪૭ કલ્પ સૂત્ર અવચૂરિ
૪૮ કલ્યાણક સ્તોત્ર ટીકા
૪૯ કાળ સપ્તતિ ટીકા
૫૦ કાલિકાચાર્ય કથા (સંસ્કૃત)
૫૧ ગચ્છાચાર પયન્નો
૫૨ ગુણસ્થાનક ક્રમારોહ
૫૩ ગુર્વાવલી (મુનિસુંદરસૂરિ કૃત)
૫૪ ચઉસરણ પયન્નો
૫૫ ચન્દ્ર પ્રભ ચરિત્ર
૫૬ ચન્દ્ર પન્નત્તિ ટીકા
૫૭ ચોથો કર્મગ્રંથ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૫૮ છુટા પાના
૫૯ જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ
૬૦ જંબૂદ્વીપ સમાસ
૬૧ જંબૂદ્વીપ સંગ્રહણી
૬૨ જ્યોતિષ કરંડક
૬૩ જીત કલ્પ ટીકા
૬૪ જીત વ્યવહાર
૬૫ જીર્ણ ચરિત્રાદિ
૬૬ જીવ સમાસ વૃત્તિ
૬૭ જીવાભિગમ વૃત્તિ
૬૮ જ્ઞાતાધર્મ કથા
૬૯ ઠાણાંગ સૂત્ર
૭૦ તત્ત્વાર્થ ભાષ્ય વૃત્તિ
૭૧ તત્ત્વાર્થ સૂત્ર
૭૨ તીર્થ કલ્પ
૭૩ દશવૈકાલિક ચૂર્ણિ
૭૪ દશ વૈકાલિક ટીકા
૭૫ દશવૈકાલિક બૃહદ્‌વૃત્તિ
૭૬ દશાશ્રુત સ્કંધ
૭૭ દ્વાદશ જલ્પ
૭૮ દ્વા સપ્તતિ
૭૯ દિનકૃત્ય વૃત્તિ
૮૦ દિન ચર્યા (દેવસૂરિકૃત)
૮૧ દીપાલિકા કલ્પ (ધર્મઘોષ સૂરિ કૃત)
૮૨ દીવાલિ કલ્પ
૮૩ દીવાલિ કલ્પ (જીનપતિ સૂરિ કૃત
૮૪ દીવાલિ કલ્પ (પ્રાકૃત)
૮૫ દુઃષમાકાળ સંઘ સ્તોત્ર
૮૬ દૂષમગંડિકા (ભટ્ટારક ધર્મઘોષ સૂરિ કૃત)
૮૭ દેવેન્દ્ર નરકેન્દ્ર સૂત્ર વૃત્તિ
૮૮ દોઘટ્ટી ટીકા
૮૯ ધર્મ રત્ન પ્રકરણ વૃત્તિ (દેવેન્દ્ર સૂરિ કૃત)
૯૦ નન્દિ અધ્યયન ટીકા
૯૧ નન્દિ સૂત્ર
૯૨ નન્દિ સૂત્ર ટીકા
૯૩ નવ તત્ત્વ પ્રકરણ
૯૪ નવ તત્ત્વ મહાચૂર્ણિ
૯૫ નમસ્કાર સ્તવ (જીન કીર્તિ સૂરિ કૃત)
૯૬ નામમાળા
૯૭ નિશીથ ચૂર્ણિ
૯૮ નિશીથ ભાષ્ય
૯૯ નિશીથ સૂત્ર
૧૦૦ નેમિ ચરિત્રાદિ હૈમીય
૧૦૧ પક્ખી સૂત્ર બૃહદ્ વૃત્તિ
૧૦૨ પંચ નિર્ગ્રંથી
૧૦૩ પંચ નિર્ગ્રંથી અવચૂરિ
૧૦૪ પંચ વસ્તુ ટીકા
૧૦૫ પંચ સંગ્રહ
૧૦૬ પંચ સૂત્રી બૃહદ્ વૃત્તિ
૧૦૭ પંચાશક ટીકા
૧૦૮ પંચાશક ચૂર્ણિ
૧૦૯ પટ્ટાવલી (ધર્મસાગરી)
૧૧૦ પદ્મ ચરિત્ર
૧૧૧ પદ્મ ચરિત્ર હૈમીય
૧૧૨ પદ્માનંદ કાવ્ય
૧૧૩ પરિશિષ્ટ પર્વ
૧૧૪ પ્રતિક્રમણ ગર્ભ હેતુ
૧૧૫ પ્રતિક્રમણ ગર્ભ હેતુ (બાળબોધ)
૧૧૬ પ્રત્યાખ્યાન પયન્નો

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૧૧૭ પ્રવચન સારોદ્ધાર વૃત્તિ
૧૧૮ પ્રશમરતિ
૧૧૯ પ્રશ્નોત્તર ગ્રન્થ
૧૨૦ પ્રશ્નોત્તર સમુચ્ચય
૧૨૧ પ્રજ્ઞાપના વૃત્તિ
૧૨૨ પાંડવ ચરિત્ર
૧૨૩ પારાશર સ્મૃતિ આદિ
૧૨૪ પાર્શ્વનાથ ચરિત્રાદિ
૧૨૫ પાક્ષિક સૂત્ર ટીકા
૧૨૬ પિંડ વિશુદ્ધિ
૧૨૭ પિંડ નિર્યુક્તિ
૧૨૮ પિંડ વિશુદ્ધિ
૧૨૯ પુષ્પમાળા વૃત્તિ
૧૩૦ પૃથ્વી ચન્દ્ર ચરિત્ર
૧૩૧ પૌષધ વિધિ પ્રકરણ
૧૩૨ બૃહત્કલ્પ ભાષ્ય
૧૩૩ બૃહત્કલ્પ વૃત્તિ
૧૩૪ બૃહત્ક્ષેત્ર સમાસ ટીકા
૧૩૫ ભગવતી ટીકા
૧૩૬ ભરહેસર બાહુબલી ટીકા
૧૩૭ ભવ ભાવના વૃત્તિ
૧૩૮ ભાષ્ય ગાથા અવચૂર્ણિ
૧૩૯ ભોજ ચરિત્ર
૧૪૦ મંડલ પ્રકરણ
૧૪૧ મરણ સમાધિ પયન્નો
૧૪૨ મહા નિશીથ
૧૪૩ મહા પચ્ચક્ખાણ પયન્નો
૧૪૪ મહાભાષ્ય
૧૪૫ યતિ દિન ચર્યા
૧૪૬ યોગ વિધિ
૧૪૭ યોગશાસ્ત્ર વૃત્તિ
૧૪૮ રાયપસેણીય ટીકા
૧૪૯ લઘુ ક્ષેત્ર સમાસ વૃત્તિ
૧૫૦ લબ્ધિ સ્તોત્ર
૧૫૧ લિંગાનુશાસન વિવરણ
૧૫૨ વંદન નિર્યુક્તિ
૧૫૩ વંદારુ વૃત્તિ
૧૫૪ વસુદેવ હિણ્ડિ
૧૫૫ વ્યવહાર વૃત્તિ
૧૫૬ વ્યવહાર સૂત્ર ટીકા
૧૫૭ વાસુપૂજ્ય ચરિત્ર
૧૫૮ વિચાર સપ્તતિકા ટીકા
૧૫૯ વિચારામૃત સંગ્રહ
૧૬૦ વિજયચન્દ્ર કેવલિ ચરિત્ર
૧૬૧ વીતરાગ સ્તવ ટીકા
૧૬૨ વિપાક ટીકા
૧૬૩ વિરંજય ક્ષેત્ર સમાસ ટીકા
૧૬૪ વિવેક વિલાસ
૧૬૫ વિશેષાવશ્યક ટીકા
૧૬૬ વિહરમાન જિન એકવિંશતિ સ્થાનક
૧૬૭ વીર ચરિત્ર હૈમ
૧૬૮ વૃદ્ધ શત્રુંજય મહાત્મ્ય
૧૬૯ વેશ્મ રત્ન શાંતિનાથ ચરિત્ર
૧૭૦ શાકટાયન મત
૧૭૧ શાન્તિનાથ ચરિત્ર
૧૭૨ શાન્તિનાથ ચરિત્ર (અજીતસિંહ કૃત)
૧૭૩ શ્રાદ્ધ દિન કૃત્ય
૧૭૪ શ્રાદ્ધ પ્રતિક્રમણ સૂત્ર ચૂર્ણિ
૧૭૫ શ્રાદ્ધ પ્રતિક્રમણ સૂત્ર વૃત્તિ
૧૭૬ શ્રાદ્ધ વિધિ ટીકા
૧૭૭ શ્રાદ્ધ વિધિ વિનિશ્ચય
૧૭૮ શીલ ભાવના સૂત્ર ટીકા

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૧૭૯ સંગ્રહણી
૧૮૦ સંગ્રહણી (જીનભદ્રગણિ ક્ષમાશ્રમણ)
૧૮૧ સંઘાચાર વૃત્તિ
૧૮૨ સંદેહ દોલાવલી
૧૮૩ સપ્તતિ શત સ્થાન
૧૮૪ સમય સાર સૂત્ર વૃત્તિ
૧૮૫ સમ્યક્ત્વ રહસ્ય ટીકા
૧૮૬ સમવસરણ અવચૂરિ
૧૮૭ સમવસરણ સ્તોત્ર
૧૮૮ સમવાયાંગ સૂત્ર
૧૮૯ સ્તોત્ર
૧૯૦ સામાચારી
૧૯૧ સામાચારી અવચૂર્ણિં (ભાવદેવસૂરિ કૃત)
૧૯૨ સિદ્ધ પંચાશિકાદિ
૧૯૩ સિદ્ધાન્ત વિષમ પદ પર્યાય
૧૯૪ સુપાર્શ્વનાથ ચરિત્ર
૧૯૫ સૂયગડાંગ દીપિકા
૧૯૬ સૂયગડાંગ સૂત્ર
૧૯૭ હીર પ્રશ્ન
૧૯૮ હૈમ વ્યાકરણ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શુદ્ધિપત્ર

| અશુદ્ધ | શુદ્ધ | પૃષ્ઠ | લીટી |
|---|---|---|---|
| ન | ન્ | ૧૧ | ૭ |
| ર | ર | ૧૫ | ૧૧ |
| એમ લખેલ છે | શ્રાવક પડિમા રૂપ ધર્મ વિચ્છેદ પામશે એમ લખેલ છે. | ૨૩ | ૮ |
| વ | વ | ૨૭ | ૧૦ |
| ધવી | ધ્વી | ૨૯ | ૯ |
| દ્વા | દ્વી | ૩૦ | ૭ |
| દ્ધિ | દ્ધિ | ૩૦ | ૧૧ |
| વૃત્ત | વૃત્તિ | ૩૪ | ૨૩ |
| લે | લેહ | ૩૭ | ૮ |
| રે: | રછે | ૪૨ | ૧૫ |
| ચર્ણિ | ચૂર્ણિ | ૪૨ | ૨૧ |
| ચ | ચૂ | ૪૩ | ૧૦ |
| तिथिः पूर्वा | पूर्वा तिथिः | ૪૩ | ૧૮ |
| ચ્છિ | ચ્છિ | ૪૭ | ૧૭ |
| વૃત્ત | વૃત્તિ | ૪૮ | ૫ |
| આધ | અધિ | ૪૯ | ૧૨ |
| ટીકામાં | ટીકા વિગેરેમાં | ૫૧ | ૯ |
| વૈશા | વૈકા | ૫૯ | ૫ |
| દ્ | દ્ધિ | ૫૯ | ૧૮ |
| જી | જિ | ૬૭ | ૧૨ |
| વણુ | વણા | ૭૩ | ૩ |
| કસ | ક્કસ | ૭૮ | ૧૨ |
| હુ | હૂ | ૮૧ | ૧૯ |
| ત-ા | તપ | ૮૮ | ૧૨ |
| ચ્યખા | ચ્ચક્ખા | ૮૮ | ૧૫ |
| भा | भौ | ૯૯ | ૨૨ |
| હુ | હૂ | ૧૦૭ | ૨૩ |
| હુ | હૂ | ૧૦૮ | ૨ |
| હુ | હૂ | ૧૦૮ | ૫ |
| થવી | થ્વી | ૧૧૨ | ૧૯ |
| પ્ત | પ્તિ | ૧૧૫ | ૧૭ |
| ધક | ધિક | ૧૧૫ | ૨૦ |
| ધ | ધ | ૧૧૯ | ૧૨ |
| કા | ક | ૧૨૨ | ૧૧ |
| છે ? | છે | ૧૨૩ | ૧૨ |
| નહિ ? | નહિ | ૧૨૫ | ૧૫ |
| થવી | થ્વી | ૧૨૯ | ૧ |
| છટા | છૂટા | ૧૩૩ | ૧૨ |
| દ | દિ | ૧૩૫ | ૧૧ |

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



| અશુદ્ધ | શુદ્ધ | પૃષ્ઠ | લીટી |
|---|---|---|---|
| વહી | વહિયા | ૧૪૧ | ૧૩ |
| ણીમાં | ણીયમાં | ૧૫૦ | ૫-૮ |
| ઙ્કુ | ઙ્કુ | ૧૫૩ | ૫ |
| કુ | કૂ | ૧૬૦ | ૫ |
| ચ્યખ્ખા | ચ્યકૂખા | ૧૬૦ | ૫ |
| ખ્ય | ખ્યા | ૧૭૮ | ૧૫ |
| થા | સ્થા | ૧૮૧ | ૧૮ |
| અથ | અર્થ | ૧૮૪ | ૨૧ |
| કાલ | કાલિ | ૧૮૮ | ૧૦ |
| દેવે | દેવો | ૧૯૧ | ૨૫ |
| મુખે | મુખો | ૧૯૩ | ૩ |
| હુંત | હૂર્ત | ૨૦૫ | ૧૬ |
| ણીમાં | ણીયમાં | ૨૦૮ | ૧૯ |
| ધ | ધિ | ૨૨૧ | ૨૨-૨૩ |
| રિ | રી | ૨૩૨ | ૨૨ |
| સા | શા | ૨૩૩ | ૪ |
| તા | તો | ૨૩૩ | ૧૧ |
| ધ | ધ | ૨૩૩ | ૧૬ |
| તીએ | તીઓ | ૨૪૧ | ૯ |
| ર | રિ | ૨૫૫ | ૪ |
| વર્ણન | વર્ણન છે | ૨૬૬ | ૧૧ |
| શા | શો | ૨૬૬ | ૧૯ |
| રકા | રક | ૨૬૮ | ૧૪ |
| આ | અ | ૨૭૩ | ૨૩ |
| સા | શા | ૨૭૭ | ૧૪ |
| ધ | ધિ | ૨૭૯ | ૯ |
| ધ | ધિ | ૨૮૦ | ૩ |
| ચ | ચૈ | ૨૮૪ | ૪ |
| ૪ | ૫ | ૨૯૪ | ૨ |
| ૫ | ૬ | ૨૯૪ | ૭ |
| નક્ષ | નક્ષત્ર | ૩૨૨ | ૨૦ |
| ચા | ચો | ૩૩૦ | ૭-૧૬ |
| દિ | દ્રિ | ૩૩૧ | ૧૦ |
| નિ | મિ | ૩૫૪ | ૨૧ |
| ગા | ગૌ | ૩૫૮ | ૫ |
| ત | તા | ૩૫૮ | ૧૨ |
| ચ | ચૈ | ૩૬૦ | ૭-૨૨ |
| જાણવા. | જાણવામાં | ૩૭૨ | ૧૫ |

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



Serving JinShasan
081373
gyanmandir@kobatirth.org

For Private and Personal Use Only